॥ श्रीः ॥

महाकवि-बाणभट्ट-विरचितम्

हर्षचरितम्

(प्रथम-द्वितीयावुच्छ्वासौ)

(મૂળગ્રન્થ, ગુજરાતી અનુવાદ, વિવરણ અને રૂપસિદ્ધિના પ્રદર્શન સાથે)

: સમ્પાદક :

વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

॥ श्रीः ॥

महाकवि-बाणभट्ट-विरचितं

हर्षचरितम्

(प्रथम-द्वितीयावुच्छ्वासौ)

(પ્રસ્તાવના, મૂળ ગ્રન્થ, ગુજરાતી ભાષાન્તર અને અભ્યાસનોંધ સાથે)

: સમ્પાદક :

વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, ભાષાસાહિત્યભવન,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૩૮૦૦૦૯.

૨૦૦૧

સરસ્વતી પુસ્તક ભંડાર અમદાવાદ-૧.

THE HARṢACARITAM (Ucchvāsa 1 & 2)
of
BĀṆABHAṬṬA
Text, Translation in Gujarati and Critical Notes with Introduction,
by

PROF. V. M. BHATT
Head, Dept., of Sanskrit, School of Languages,
Gujarat University, Ahmedabad-380 009.

પ્રકાશક :
શ્રી અશ્વિનભાઈ બી. શાહ
સરસ્વતી પુસ્તક ભંડાર,
૧૧૨, હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૫૩૫૬૬૯૨

© સમ્પાદક

અદ્યતન આવૃત્તિ - ૨૦૦૧

કિંમત રૂા.- ૧૨૫/-

મુદ્રક :
શ્રી રામાનંદ ઓફસેટ
કલોલીયાવાડી, કાંકરિયા રોડ,
આર્યસમાજ મન્દિર પાસે, અમદાવાદ-૩૮૦૦૨૨.

સરસ્વતી પુસ્તક ભંડારના આદ્ય સંસ્થાપક

પંડિત શ્રી ભુરાલાલ શાહને

સાદર

સમર્પિત

જેમણે ગુજરાતમાં સંસ્કૃતભાષા-સાહિત્યના

પ્રચાર–પ્રસારની નોંધપાત્ર

સેવાઓ કરી છે.

અનુક્રમણિકા

- નિવેદન
- પ્રસ્તાવના ૯ થી ૮૪
  - ૧.૦ સમ્રાટ હર્ષવર્ધન ૯
  - ૨.૦ બાણભટ્ટ : કવિ પરિચય ૧૬
  - ૩.૦ ગદ્યકાવ્યનો ઉદ્‌ભવ, વિકાસ અને પ્રકાર ૩૦
  - ૪.૦ હર્ષચરિતનો પરિચય ૪૦
  - ૫.૦ આલંકારિકોની દૃષ્ટિએ ગદ્યકવિ બાણ ૫૧
  - ૬.૦ આધુનિક વિવેચકોની દૃષ્ટિએ ગદ્યકવિ બાણ ૫૫
  - ૭.૦ હર્ષચરિત (૧.૨)ની સમીક્ષા ૬૧
  - ૮.૦ બાણભટ્ટની કાવ્યકૃતિની સંરચના ૬૮
  - (હર્ષવર્ધનના હસ્તાક્ષરો : પૃ. ૧૫)
- હર્ષચરિત (૧-૨) મૂળ ગ્રન્થ અને ભાષાન્તર ૮૬ થી ૨૫૧
  - (૧) પ્રથમ ઉચ્છ્‌વાસ ૮૬
  - (૨) દ્વિતીય ઉચ્છ્‌વાસ ૧૬૬
- હર્ષચરિત (૧-૨) અભ્યાસનોંધ ૨૫૨ થી ૩૮૯
  - (૧) પ્રથમ ઉચ્છ્‌વાસ ૨૫૨
  - (૨) દ્વિતીય ઉચ્છ્‌વાસ ૩૩૩
  - (હર્ષવર્ધનના સ્કન્ધાવારનો નકશો : પૃ. ૧૧૫)
- ગ્રન્થસૂચિ ૩૯૦
- પરિશિષ્ટ-૧ કથા અને આખ્યાયિકાનાં લક્ષણો ૩૯૧
  - પરિશિષ્ટ-૨ હર્ષચરિતના ટીકાકારો ૩૯૫
  - (હર્ષવર્ધનના રાજ્યનો નકશો છેલ્લા પૃષ્ઠ ઉપર)

નિવેદન

મહાકવિ શ્રી બાણભટ્ટકૃત 'આખ્યાયિકા' પ્રકારના ગદ્યકાવ્ય ''હર્ષચરિત''ના પહેલા બે ઉચ્છ્વાસોનું ગુજરાતી ભાષાન્તર અને વિસ્તૃત વિવેચનાત્મક અભ્યાસનોંધ સાથેનું આ સમ્પાદન રજૂ કરતાં હર્ષની લાગણી અનુભવું છું.

પ્રસ્તુત ભાષાન્તર બાબતે બે શબ્દો કહેવાનું મન થાય છે : સંસ્કૃત ભાષા પ્રશ્લિષ્ટ (poly-synthetic) પ્રકારની ભાષા છે. બીજી તરફથી, શ્રી બાણભટ્ટ જેવા ગદ્યસમ્રાટ્ની કલમે મહદંશે સમાસપ્રચુર ગદ્યમાં મન્દાકિનીના ઉછળતા કૂદતા જલપ્રવાહની જેમ વર્ણ્યવિષય એકધારો વહી આવે છે. હવે આવી કૃતિનો પ્રશ્લિષ્ટ નહિ તેવી લગભગ અયોગાત્મક પ્રકારની ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાનો હોય તો તે ખંડાન્વય પદ્ધતિવાળો હોવો જ ઇષ્ટ છે. બાણભટ્ટ પોતે બહુવ્રીહિ સમાસ અને વર્તમાનકૃદન્તાદિની મદદથી અખંડાન્વિત પદાવલીવાળા સુદીર્ઘ વાક્યોમાં વર્ણન રજૂ કરે છે. એક ઉદાહરણ લઈએ તો - 'હર્ષચરિત'ના આરંભે દેવી સરસ્વતીનું વર્ણન આવે છે. તેમાં સાદું વાક્ય આ પ્રમાણે છે.: देवी सरस्वती श्रुत्वा जहास । ''(....આવી....આવી) દેવી સરસ્વતી (દુર્વાસના વિસ્વરને) સાંભળીને હસી પડી.'' આના ભાષાન્તર માટે જો દંડાન્વય=અખંડાન્વય પદ્ધતિનું અનુસરણ કરવું હોય તો- ''ભગવતી કુમારી....ઉંમરમાં રહેલી, ગ્રહણ કરેલી ચામરોને હલાવતી ભુજલતાઓવાળી (બહુવ્રીહિ), પિતામહ (બ્રહ્મા)ને પવન ઢોળતી (વર્તમાનકૃદન્ત),....બે પાદપલ્લવોથી શોભતી....જેવા હારને ધારણ કરતી....અંશુકથી ઢંકાયેલા શરીરવાળી....દાંતના તેજ કિરણોના પ્રકાશને ફેલાવતી (એવી) દેવી સરસ્વતી (દુર્વાસાના વિસ્વરને) સાંભળીને હસી પડી.''.....એવી રીતે પહેલાં વિશેષણ રૂપ પદો મૂકતાં મૂકતાં છેલ્લે વિશેષ્ય (=ઉદ્દેશ) પદ મૂકીને ક્રિયાપદથી વાક્યનો સંહાર કરવાનો રહે છે. પરંતુ ઉદ્દેશ્ય રૂપ વિશેષ્યને જાણ્યા વિના, કેવળ વિશેષણોની હારમાળા સાંભળતા સાંભળતા (પ્રશ્લિષ્ટ નહિ એવી ગુજરાતી ભાષાને સાંભળવા/વાંચવા ટેવાયેલો) વાચક કંટાળી જાય તો નવાઈ નહીં. આથી પહેલાં ઉદ્દેશ્ય-વિશેષ્ય-પદ અને તરત મુખ્ય ક્રિયાપદવાળું વાક્ય દર્શાવીને; પછીથી પ્રત્યેક વિશેષણને એક પૂર્ણ વાક્યરૂપે રજૂ કરવાનું ઠીક જણાયું છે. ખંડાન્વય પદ્ધતિનું આ ભાષાન્તર ગુજરાતી વાચકને કદાચ વધુ અનુકૂળ રહેશે એવો એક નમ્ર અભિપ્રાય છે. વાચકોને એક અનુરોધ એ પણ છે કે આ પુસ્તકની અભ્યાસનોંધ પણ અવશ્ય વાંચવી.

પ્રસ્તુત ભાષાન્તર અને અભ્યાસનોંધ તૈયાર કરતી વખતે શ્રીશંકર-કવિવિરચિત સંકેત' ટીકા સતત આંખ સામે રાખેલ છે. ભારતની પ્રાચીન સંસ્કૃતિના મર્મજ્ઞ શ્રી

વાસુદેવશરણ અગ્રવાલના हर्षचरित-एक सांस्कृतिक अध्ययन ગ્રન્થમાંથી ઘણી ઉપયોગી માહિતી મળી રહી છે. તથા પ્રોફે. પી. વી. કાણેની અંગ્રેજી ટીકાનો પણ વિનિયોગ કર્યો છે. (પં. શ્રીજીવાનન્દ વિદ્યાસાગર ભટ્ટાચાર્યની ટીકા મને બહુ મોડી પ્રાપ્ત થઈ. તેથી 'હર્ષચરિત'ના કેટલાક દુર્બોધ વાક્યોને સમજવા સમજાવવામાં તેનો ઉપયોગ થઈ શક્યો નહીં તેનો રંજ રહી ગયો છે.) આ ઉપરાંત બીજા અનેક ગ્રન્થકારોએ પ્રકટ કરેલો બાણ વિષયક અભ્યાસ મેં ઉપયોગમાં લીધો છે : તે સૌનો હું ઋણી છું.

આ આવૃત્તિના સંપાદન-અનુવાદકાર્ય દરમ્યાન આદરણીય પ્રોફે. ટી. એસ. નાન્દી, ડૉ. બી. ડી. પંડ્યા, અને પ્રોફે. સુરેશભાઈ દવે તથા પ્રકાશક શ્રી અશ્વિનભાઈ શાહે સતત ઉત્સાહવૃદ્ધિ કરીને શુભેચ્છાઓ વ્યક્ત કરી છે. તે સૌનો હું આભારી છું. પ્રોફે. નાન્દી સાહેબ સાથે કે ડૉ. બી. ડી. પંડ્યા સાહેબ સાથે ક્યારેક અલંકાર વિષયક કે સમાસવિગ્રહાદિ વિષે ચર્ચાઓ કરીને હું લાભાન્વિત પણ થયો છું. તેની અહીં સાભાર નોંધ લઉં છું. મારા સઘળા વિદ્યાકીય કાર્યોમાં ગુરુવર્ય પ્રોફે. પી. સી. દવે સાહેબના આશીર્વાદ રહેલા જ હોય. આજે આ પુસ્તક પ્રકાશિત થતાં તેમને પણ હું વંદન કરું છું.

પુસ્તકનું મુદ્રણકાર્ય નિષ્ઠાથી અને ઝડપથી પાર પાડનાર શ્રી સરયૂદાસજી શ્રી રામાનન્દ ઑફસેટ પ્રત્યે પણ આભારની લાગણી વ્યક્ત કરું છું.

સહૃદય વાચકોના સૂચનો-અભિપ્રાયો સહર્ષ સ્વીકારીશ

– વસન્તકુમાર મ. ભટ્ટ

અદ્યતન આવૃત્તિ

શ્રી બાણભટ્ટ-કૃત "હર્ષચરિત" (૧-૨)ની ગુજરાતી ભાષાન્તર અને વિસ્તૃત વિવેચનાત્મક અભ્યાસનોંધ સાથેની પ્રથમ આવૃત્તિ ૧૯૮૭માં પ્રકાશિત થઈ હતી. વિદ્વાન્ અભ્યાસીઓ અને વિદ્યાર્થી-સમૂહને તે પ્રયાસ સંતર્પક અને ઉપયોગી નીવડ્યો છે એ જાણી આનંદ થયો છે. બાણભટ્ટના ગદ્યકાવ્યનો ગુજરાતીમાં યથાવત્ अनु-वाद કરવાનો બદલે, ખંડાન્વય પદ્ધતિથી ભાષાન્તર કરવાનો જે અભિનવ અભિગમ અપનાવ્યો છે, તથા બાણની કાવ્યકૃતિની સં-રચના સમજવાનો જે પ્રયાસ કર્યો છે તે આગામી વર્ષોમાં પણ વધુ ઉપયોગી બની રહેશે એવી આશાથી આ દ્વિતીય આવૃત્તિ પ્રકટ કરું છું.

ગુણવત્તાના આગ્રહી એવા સંસ્કૃતાનુરાગી અધ્યાપકો જાણે છે કે અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વ્યાકરણિક દૃષ્ટિએ વિસ્તૃત અને વિવેચનાત્મક અભ્યાસનોંધ વિના બાણભટ્ટની 'કાદમ્બરી' કે 'હર્ષચરિત'નો સાચો પરિચય પામી જ ના શકે. આથી પ્રથમાવૃત્તિની અભ્યાસનોંધને કાપકૂપ કર્યા વિના યથાવત્ રાખી છે.

અધ્યાપક-મિત્રો અને પ્રિય વિદ્યાર્થીસમૂહ પ્રથમાવૃત્તિની જેમ જ આ દ્વિતીયાવૃત્તિને આવકારશે એવી અભ્યર્થના.

૧૪. જાન્યુ, ૨૦૦૧ — **વસન્તકુમાર મ. ભટ્ટ**

મકરસંક્રાન્તિ

॥ શ્રીઃ ॥

મહાકવિ બાણભટ્ટ વિરચિત હર્ષચરિત (૧-૨)ની

પ્રસ્તાવના

1.0 સમ્રાટ્ હર્ષવર્ધન (606 A.D. to 648 A.D.)

1.1 ભારતીય ઈતિહાસમાં ગુપ્તયુગ[1] પૂરો થયા પછી એક નોંધપાત્ર રાજા તરીકે હર્ષવર્ધનનો ઉલ્લેખ આવે છે. પૂર્વ પંજાબમાં આવેલા સ્થાણ્વીશ્વર (હરિયાણામાં હાલના થાનેસર)માં હર્ષના પૂર્વજોએ રાજ્યશાસન જમાવ્યું હતું. અલબત્ત, આ રાજ્યની સ્થાપનાની વિગતો ચર્ચાસ્પદ રહી છે. તથાપિ હર્ષના શાસનકાળ દરમ્યાન ચીની પ્રવાસી હ્યુ-એન-ત્સંગે (ઇ.સ. ૬૨૯ થી ૬૪૪) ભારતની મુલાકાત લીધી હતી અને હર્ષકાલિક ભારતની વિગતે નોંધ લખી છે.[2] બીજી બાજુ હર્ષના દરબારમાં રાજ્યાશ્રય પામનાર સંસ્કૃત કવિ બાણભટ્ટે (600-650 A.D.) હર્ષના જીવનચરિતને વિષે 'હર્ષચરિત' નામની આખ્યાયિકા લખી છે. આ બન્ને લેખકોએ આપેલી રાજા હર્ષ અને હર્ષકાલિક ભારત વિષયક વિગતો ઘણે ભાગે પરસ્પરનું સમર્થન કરે છે.

1.2 બાણભટ્ટે 'હર્ષચરિત'માં સમ્રાટ્ હર્ષવર્ધનના એક દૂરના પૂર્વજ 'પુષ્પભૂતિ' રાજાનો ઉલ્લેખ કર્યો છે. આ પુષ્પભૂતિથી શરૂ થયેલા વંશમાં કાલક્રમે (હર્ષના પિતા >) રાજા પ્રભાકરવર્ધનનો જન્મ થયો હતો (એમ બાણભટ્ટ કહે છે.) આ પુષ્પભૂતિ અને પ્રભાકરવર્ધનની વચ્ચે બીજા કેટલા અને કયા કયા રાજાઓ થઈ ગયા તેની વિગતો બાણભટ્ટે આપી નથી પરંતુ ઇ.સ. ૬૩૧માં લખાયેલા મધુવન તામ્ર અભિલેખમાંથી નીચે મુજબની[3] હર્ષની ચાર પેઢીઓની વંશાવળી મળી આવી છે :

---

૧. ચંદ્રગુપ્ત (પહેલો) ઇ.સ. ૩૧૯થી સ્કંદગુપ્ત ઇ.સ. ૪૬૭ સુધીનો સમય.

૨. જેનો Buddhist Records of the Western World તથા On Yuan chwang's Travels in India ના નામથી અંગ્રેજી અનુવાદ કરવામાં આવ્યો છે.

૩. ओम । स्वस्ति महानौहस्त्यश्वजयस्कन्धावारात् कपित्थिकायाः **महाराजश्रीनरवर्धनस्तस्य** पुत्रस्तत्पादानुध्यातः श्रीवज्रिणीदेव्यामुत्पन्नः परमादित्यभक्तो महाराजश्री राज्यवर्धनः .....श्रीयशोमत्यामुत्पन्नः परमसौगतः सुगत इव परहितैकरतः परमभट्टारकमहाराजाधिराजश्रीराज्यवर्धनः.....तस्यानुजस्तत्पादानुध्यातः परममाहेश्वरो महेश्वर इव सर्वसत्त्वानुकम्पी परमभट्टारकमहाराजाधिराजश्रीहर्षः.....।

- The text of the Madhuban copper plate.

(પુષ્યભૂતિ)

↓

"મહારાજ" નરવર્ધન ——— વજ્રિણીદેવી

↓

"રાજ્યવર્ધન" (૧લો) ——— અપ્સરોદેવી

↓

"આદિત્યવર્ધન" ——— મહાસેન ગુપ્તાદેવી

} 500 AD to 580 AD

↓

પરમભટ્ટારક મહારાજાધિરાજ } પ્રભાકર વર્ધન ——— યશોમતી દેવી (પત્ની) (580 to 605 AD)

રાજ્યવર્ધન (બીજો)	હર્ષવર્ધન	રાજ્યશ્રી (પુત્રી)
જ્યેષ્ઠ પુત્ર	(હર્ષચરિતનો નાયક)	
(605 A.D.)	મધ્યમપુત્ર.	
	(606 to 648)	

નરવર્ધન, રાજ્યવર્ધન (પહેલો) અને આદિત્યવર્ધન-એ ત્રણ રાજાઓને માટે માત્ર 'મહારાજ' શબ્દ વપરાયો છે. આથી અનુમાન કરવામાં આવે છે કે આ ત્રણેય સામંત રાજાઓ હશે; અને ઇ.સ. ૫૦૦ થી ૫૮૦ સુધીના સમયગાળામાં તેમણે હૂણો, ગુપ્તશાસકો કે મૌખરીઓનું આધિપત્ય સ્વીકાર્યું હશે. પરંતુ હર્ષના પિતાને માટે 'પરમ ભટ્ટારક મહારાજાધિરાજ' ઉપનામ વપરાયું છે. આથી સૂચવાય છે કે તેમણે પોતાના રાજ્યની સીમાઓ વિસ્તારી હશે, અને તેઓ સામન્ત રાજા મટીને ચક્રવર્તી સમ્રાટ્ બન્યા હશે. (જુઓ : A History of Guptas, by Dandekar R. N. p. 208).

1.3 પરમ ભટ્ટારક મહારાજાધિરાજ પ્રભાકરવર્ધનને 'યશોમતી દેવી' નામની રાણીથી બે પુત્ર અને એક પુત્રી થયા હતા. જ્યેષ્ઠપુત્રનું નામ 'રાજ્યવર્ધન (બીજો)', મધ્યમપુત્રનું નામ 'હર્ષવર્ધન' અને પુત્રીનું નામ 'રાજશ્રી' હતું. બાણભટ્ટ કહે છે કે આ પ્રભાકરવર્ધન હૂણ લોકો માટે, સિન્ધુના રાજા, ગુર્જર રાજા, ગાંધાર સ્વામી અને લાટદેશ માટે વિનાશક હતો; તથા માલવોની ભાગ્યદેવી માટે પરશુ સમાન હતો.[૪] પ્રભાકરવર્ધને એક સૈન્ય લઈને પોતાના મોટા પુત્ર રાજ્યવર્ધનને હુણોની સામે લડવા ઉત્તરાપથમાં મોકલ્યો હતો. તે વખતે રાજ્યવર્ધનને થોડેક સુધી વળાવવા હર્ષવર્ધન પણ ગયો હતો. પાછા ફરતાં હર્ષવર્ધન કોઈક વન જોવાના-

૪. हुणहरिणकेसरी, सिन्धुराजज्वरो गुर्जरप्रजागरो गान्धाराधिपगन्धद्विपकूटपाकलो लाटपाटवपाटच्चरो मालवलक्ष्मी लतापरशु.... ॥

મૃગયાદિના લોભથી રસ્તામાં રોકાઈ ગયો; અને બીજી તરફ રાજમહેલમાં પ્રભાકરવર્ધનને એકાએક ગંભીર બિમારી લાગુ પડી. આથી બન્ને ભાઈઓને પાછા બોલાવી લેવા માણસો દોડાવવામાં આવ્યા. પહેલાં હર્ષવર્ધન પાછો ફરી ગયો અને ત્યારપછી જયેષ્ઠપુત્ર રાજ્યવર્ધન પાછો ફર્યો. પરંતુ રાજ્યવર્ધન થોડો મોડો પડ્યો; તે પાછો આવે તે પહેલાં તો પ્રભાકરવર્ધનનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. તથા રાણી યશોમતી પણ સતી થઈ ગઈ હતી. રાજ્યવર્ધને પાછા ફરીને જાણ્યું કે તેના માતા-પિતા બન્ને અવસાન પામ્યા છે, ત્યારે તે ઊંડા શોકમાં ડૂબી ગયો (પ્રભાકરવર્ધનના મૃત્યુ સમયે રાજ્યવર્ધનની ઉંમર ૧૮ વર્ષની, હર્ષવર્ધનની ઉંમર ૧૬ વર્ષની અને રાજશ્રીની ઉંમર ૧૪ વર્ષની હતી.) તેણે હર્ષવર્ધનને રાજગાદી ઉપર બેસાડવાનો વિચાર કર્યો. પણ હર્ષવર્ધને ગાદી સ્વીકારી નહીં. આથી ઇ.સ. ૬૦૫માં રાજ્યવર્ધન ગાદીએ બેઠો. ત્યાં જ એને સમાચાર મળ્યા કે - તેની બહેન રાજશ્રીનો પતિ ગૃહવર્મા (જે કનોજનો રાજા હતો) માલવરાજ દેવગુપ્તના હાથે મરણ પામ્યો છે; અને તેણે રાજ્યશ્રીને કેદ પકડી લીધી છે. આ સાંભળીને રાજ્યવર્ધન તત્કાળ, (હર્ષવર્ધનને રાજ્યગાદી સંભાળવાનું કહીને) દેવગુપ્ત તરફ આક્રમણ કરવા નીકળી પડ્યો. રાજ્યવર્ધને આ માલવરાજને સહેલાઈથી હરાવ્યો. પરંતુ માલવરાજ દેવગુપ્તનો જે મિત્ર ગૌડનરેશ શશાંક હતો; તેણે રાજ્યવર્ધનને પોતાની છાવણીમાં બોલાવીને, દગો કરીને મારી નાખ્યો.

આથી, રાજ્યવર્ધનના મૃત્યુ પછી, અનિચ્છાએ હર્ષવર્ધનને રાજગાદી સ્વીકારવી જ પડી. આમ ઇ.સ. ૬૦૬માં તે સ્થાણ્વીશ્વરનો સમ્રાટ્ બન્યો. હવે ગાદીએ આવ્યા પછી, તેના માથા ઉપર બે જવાબદારીઓ હતી. ૧. પોતાના ભાઈ રાજ્યવર્ધનનું દગાથી ખૂન કરનાર શશાંક ઉપર બદલો લેવો અને ૨. કેદ પકડાયેલી પોતાની બહેન રાજ્યશ્રીને માલવપ્રદેશમાંથી મુક્ત કરાવવી. તેણે સેના લઈને પ્રયાણ કર્યું. (બાણભટ્ટ કહે છે કે હર્ષવર્ધને "પોતે જ્યાં સુધી દિગ્વિજય કર્યો નથી, ત્યાં સુધી અસિધારાવ્રત-બ્રહ્મચર્ય-નું પાલન કરશે" એવી પ્રતિજ્ઞા લીધી હતી. (જુઓ : ગૃહીતબ્રહ્મચર્યમાલિઙ્ગિતં રાજલક્ષ્મ્યા० । 2.6) ત્યાં રસ્તામાં જ તેને જાણવા મળ્યું કે રાજ્યશ્રી કેદમાંથી છટકીને વિન્ધ્યાચળના પર્વતોમાં સંતાઈ ગઈ છે. હર્ષવર્ધને વિન્ધ્યના પર્વતોમાં રહેતા આચાર્ય દિવાકરમિત્ર અને તેમના શિષ્યોની મદદથી રાજ્યશ્રીને શોધી કાઢી. આ સમયે રાજ્યશ્રી ચિતા ખડકીને અગ્નિ-પ્રવેશ કરવા તૈયાર થઈ હતી. પણ હર્ષવર્ધને અણીના સમયે ત્યાં પહોંચી જઈને એને બચાવી લીધી. બાણભટ્ટના હર્ષચરિતનો આઠમો ઉચ્છ્વાસ અહીં સુધીની વાત કરીને અટકે છે. બાણભટ્ટે કે હ્યુ-એન-ત્સંગે હર્ષવર્ધન અને શશાંક વચ્ચેના યુદ્ધની (કે યુદ્ધના પરિણામની) કોઈ વિગતો આપી નથી. રાજ્યવર્ધનને દગા-ફટકાથી મારી નાખનાર

ગૌડનરેશ (શશાંક)ને માટે બાણભટ્ટે "ગૌડોમાં અધમ" અને "અધમ ગૌડ સર્પ" જેવા શબ્દો વાપર્યા છે. 'હર્ષચરિત'ના ત્રીજા ઉચ્છ્વાસમાં પુષ્પભૂતિના વંશમાં જન્મેલા પ્રભાકરવર્ધનના રાજ્યશાસનથી વાત આરંભાઈ છે; ત્યાર પછી પ્રભાકરવર્ધનનું મૃત્યુ, રાજ્યવર્ધનનો રાજ્યાભિષેક, ગૃહવર્માનું મૃત્યુ, રાજ્યશ્રી કેદ પકડાઈ, રાજ્યવર્ધનનું ખૂન, હર્ષવર્ધનનું પ્રયાણ અને વિન્ધ્યાટવીમાં હર્ષવર્ધનનું રાજશ્રી સાથે મિલન થયું-ત્યાં સુધીની કથા આઠમા ઉચ્છ્વાસમાં આવીને અટકે છે.

1.4 'હર્ષચરિત' પ્રમાણે પ્રભાકરવર્ધન સૂર્યનો ઉપાસક હતો. જ્યારે રાજ્યવર્ધન બૌદ્ધ ધર્મનો ઉપાસક હતો (તથા એને મારી નાખનાર શશાંક શૈવમાર્ગી હતો). તેણે પોતાના માતાપિતાના મૃત્યુના સમાચાર સાંભળ્યા પછી રાજ્યગાદી ત્યજવાનો વિચાર કરેલો. એ જ પ્રમાણે, હર્ષવર્ધને પણ પોતાની બહેન રાજ્યશ્રીને આશ્વાસન આપતાં કહ્યું હતું કે શશાંક ઉપર તે વેર લઈ લે, ત્યાર પછી તે પણ બૌદ્ધ ભિક્ષુક બની જશે. છતાંય હર્ષવર્ધન શિવ અને સૂર્યની [જુઓ : कर्णान्मित्रप्रियम्० 2.6 પૃ. 236] પણ પૂજા કરતો હતો. અલબત્ત, તે પોતાના જીવનના ઉત્તરાર્દ્ધમાં મહાયાન બૌદ્ધ સમ્પ્રદાયમાં જોડાયો હતો. આ ઉપરાંત, હ્યુ-એન-ત્સંગે હર્ષવર્ધને બોલાવેલી બે ધર્મસભાઓનો ઉલ્લેખ કર્યો છે.

(क) કનોજની સભા : ઈ.સ. ૬૪૩માં હ્યુ-એન-ત્સંગની અધ્યક્ષતામાં કનોજમાં એક બૌદ્ધ ધર્મસભા બોલાવવામાં આવી હતી, જેમાં મહાયાન અને હિનયાન બૌદ્ધ ભિક્ષુઓ ઉપરાંત વિદ્વાન્ બ્રાહ્મણો અને નાલંદાના પ્રાધ્યાપકોને ભેગા કરવામાં આવ્યા હતા. ગંગા નદીના પટમાં ઊભા કરેલા મંડપમાં ૧૦૦ ફુટ ઊંચા સ્તંભ ઉપર બુદ્ધની પૂરા કદની સોનાની પ્રતિમા મૂકવામાં આવી હતી. બીજી એક નાની 3 ફુટની બુદ્ધની પ્રતિમાનો રોજ વરઘોડો કાઢવામાં આવતો હતો. તેમાં હર્ષવર્ધન પોતે ઈન્દ્રના વેશમાં સજ્જ થઈને બુદ્ધની પ્રતિમા ઉપર છત્ર ધરતો હતો. અનુગામી ૨૦ બીજા સામન્ત રાજાઓ ઉપરાંત, કામરૂપ (=આસામ)નો રાજા ભાસ્કરવર્મા પણ બુદ્ધની પ્રતિમાને ચામર ઢોળતો હતો. આ સમારંભ ૨૩ દિવસ ચાલ્યો હતો. તેમાં રાજા હર્ષે રત્ન, મોતી, સુવર્ણ, રેશમી વસ્ત્રાદિનું દાન કર્યું હતું.

(ख) પ્રયાગની સભા : આ જ (૬૪૩ ઈ.સ.) વર્ષમાં હર્ષવર્ધને પ્રયાગમાં એક મોક્ષપરિષદ્ પણ બોલાવી હતી. હર્ષના પૂર્વજોએ શરૂ કરેલી પરંપરા અનુસાર છેલ્લા 30 વર્ષથી, દર પાંચ વર્ષે તે આ પરિષદ્ બોલાવતો હતો. હ્યુ-એન-ત્સંગ જણાવે છે કે ઈ.સ. ૬૪૩માં ભરાયેલી આ પરિષદ્ તે પ્રકારની છઠ્ઠી પરિષદ્ હતી. ગંગા-યમુનાના સંગમ ઉપર (પ્રયાગમાં) પાંચ લાખ લોકોની ઉપસ્થિતિવાળી આ પરિષદ્ હતી; જેના ભોજન નિવાસાદિની વ્યવસ્થા હર્ષ તરફથી કરવામાં આવતી હતી. તદુપરાંત, જુદા જુદા દિવસોએ બુદ્ધની, સૂર્યની, મહાદેવજીની મૂર્તિને મંડપમાં

સ્થાપીને, તેણે (હર્ષે) અપૂર્વ દાન કર્યું હતું. રાજ્યના રક્ષણ માટે જરૂરી એવા સૈન્ય અને યુદ્ધની સામગ્રી સિવાયનું; જે કાંઈ છેલ્લા પાંચ વર્ષમાં તેણે રાજ્યની તિજોરીમાં ભેગું કર્યું. હતું, તે સર્વસ્વનું તેમાં 'મહાદાન' કરવામાં આવ્યું હતું. (બાણભટ્ટે બીજા ઉચ્છ્વાસમાં जीवितावधिगृहीतसर्वस्व महादानदीक्षाचीरेणेव० 12.6 (પૃ. 226) આ 'મહાદાન' શબ્દનો પ્રયોગ કર્યો છે.)

આમ હર્ષવર્ધનને બૌદ્ધ ધર્મ તરફ પક્ષપાત હોવા છતાંય, તેનામાં સર્વધર્મસમભાવ પણ હતો. આથી રાઉલીસને તેને માટે હિન્દુ અકબર શબ્દનો પ્રયોગ કર્યો છે :

He was the Akbar of the 'Hindu period' of Indian History: and under his wise toleration the adherents of the contending religions, Brahmanism and Buddhism, seemed to forget their rivalries in a common feeling of loyalty....

-E. B. Cowell & F.W. Thomas, Preface-viii

1.5 હ્યુ-એન-ત્સંગના જણાવ્યા મુજબ સમ્રાટ્ હર્ષના રાજ્યની સરહદો આ પ્રમાણે હતી : સૌરાષ્ટ્ર, કાન્યકુબ્જ, ગૌડ, મિથિલા અને ઓરિસ્સાના પાંચ પ્રદેશો ઉપર તેણે પોતાના રાજ્યશાસનની આણ પ્રવર્તાવી હતી. બીજી તરફ, દક્ષિણ ભારતના શિલાલેખો પણ જણાવે છે કે હર્ષે સમગ્ર ઉત્તરાપથ (सकलोत्तरपथनाथ) ઉપર રાજ્ય ફેલાવ્યું હતું. (હર્ષવર્ધનના રાજ્યનો નકશો પુસ્તકના અંતે જુવો.) બાણભટ્ટના કહેવા મુજબ-સમ્રાટ્ હર્ષવર્ધનના અતિવિશાળ સામ્રાજ્યની રાજધાની 'સ્થાણ્વીશ્વર' (થાનેસર) પૂર્વ પંજાબમાં આવેલી હતી. જ્યારે હ્યુ-એન-ત્સંગ જણાવે છે કે હર્ષના રાજ્યની રાજધાની કાન્યકુબ્જ હતી. આ સન્દર્ભમાં પ્રોફે. પી. વી. કાણે લખે છે કે - The explanation porbably lies in this fact that when Hiuen Tsang visited Harsha (643 A.D.), Kanyakubja was one of the capitals of Harsha's vast empire. When Rajyasri's husband गृहवर्मन् was killed and she became a Buddhist nun, Harsha might have taken over the kingdom of Kanoj and made the latter his capital as being more in the centre of his dominions than Thanesar.—(Kane; Introduction p. xxxviii). પ્રોફે. આર. સી. મજુમદાર મુજબ હર્ષના રાજ્યમાં શરૂઆતમાં તો સ્થાણ્વીશ્વર (થાનેસર) અને કનોજના રાજ્યનો સમાવેશ થતો હતો. એટલે કે પૂર્વપંજાબ અને ઉત્તરપ્રદેશનો તેમાં સમાવેશ થતો હતો. પાછળથી તેણે મગધને પણ જીત્યું હતું. અલબત્ત ઈતિહાસના કેટલાક અભ્યાસીઓને આમાં અતિશયોક્તિ પણ જણાઈ છે. આ જ પ્રમાણે, હ્યુ-એન-ત્સંગે હર્ષની સેનાનું વિગતે વર્ણન કર્યું છે. હર્ષની સેનામાં પાંચ હજાર હાથી, બે હજાર ઘોડેસ્વારો અને પચાસ હજાર પદાતિ સૈનિકો હતા. [બાણે હર્ષને માટે भीमादनेकनागायुतबलम् (2.6. p. 236) "(દશ હજાર હાથીઓના સમૂહના બળવાળા) ભીમ કરતાંય અધિક એવા અનન્ય હાથીઓના સમૂહથી ભરેલા (બલ=) સૈન્યવાળા તેઓ (હર્ષ) હતા." — એવા વિશેષણનો પ્રયોગ કર્યો છે.] હર્ષની આવી વિશાળ સેના હોવા છતાંય તે નર્મદા

નદીને ઓળંગીને ચાલૂક્યવંશી રાજા પુલકેશી બીજા (606-642 A.D.)ને જીતી નહોતો શક્યો (એમ એહોળેના શિલાલેખમાં નોંધાયું છે.)

*

(હ્યુ–એન–ત્સંગ એમ પણ લખે છે કે–''સમ્રાટ્ હર્ષવર્ધન વહીવટમાં ન્યાયી હતો અને રાજ્ય પ્રત્યેની ફરજો અદા કરવામાં સંનિષ્ઠ હતો. સદ્‌કાર્યો કરવામાં તો તે ઊંઘ અને ભોજનને પણ ભૂલી જતો હતો. દિવસના તેણે ત્રણ ભાગ પાડીને, એક ભાગમાં રાજ્યનો કાર્યભાર સંભાળીને, બાકીના બે ભાગમાં તે ધાર્મિક કાર્યો કરતો હતો. કામ કરતી વખતે તે થાક નહોતો અનુભવતો અને તેને દિવસનો સમય ઓછો પડતો હતો !''

*

1.6 આ સમ્રાટ્ હર્ષવર્ધન સંગીતકલા, શાસ્ત્રચર્ચા અને સાહિત્યનો પણ શોખીન હતો. તેના રાજ્યાશ્રયમાં કવિ બાણભટ્ટ ઉપરાંત મયૂર અને જયસેન પણ હતા. ઈત્સિંગના મતે હર્ષવર્ધનની પ્રેરણાથી બુદ્ધના પૂર્વાવતારો વિષે પાંચસો જેટલાં કાવ્યો લખવામાં આવ્યાં હતાં; જેમને 'જાતકમાલા' તરીકે ઓળખવામાં આવે છે. વળી, તે હર્ષ પોતે પણ કવિ–સર્જક–તરીકેની પ્રતિભા ધરાવતો હતો. પરિણામે તેણે (૧) રત્નાવલી અને (૨) પ્રિયદર્શિકા જેવી બે નાટિકાઓ રચી હતી; અને (૩) નાગાનંદ જેવું નાટક લખ્યું હતું. અલબત્ત, આચાર્ય મમ્મટ જેવાના મતે રાજા હર્ષે કોઈક 'ધાવક' કવિએ લખેલાં આ રત્નાવલી વગેરે રૂપકો ધન આપીને ખરીદી લીધાં હતાં, અને પોતાના નામે પ્રકાશિત કર્યાં હતાં, (તો વળી, કોઈક એમ એણ પણ કહે છે કદાચ બાણભટ્ટે આ કૃતિઓ લખી આપી હશે).[૬] પરંતુ વિદ્વાનોએ ઘણો ઊહાપોહ કરીને ઉપર્યુક્ત ત્રણેય રૂપકોનો કર્તા સમ્રાટ્ હર્ષવર્ધન જ છે એમ સ્વીકાર્યું છે. બીજું બાણને પોતાની કૃતિઓ ધન લઈને કોઈકને વેચવી પડે, એવો તે દરિદ્ર નહોતો. ('હર્ષચરિત'માં તેમણે જણાવ્યું છે કે તેમની પાસે પિતૃ-પિતામહોએ ઉપાર્જિત કરેલો વૈભવ હતો, છતાંય દેશાટન કરવા નીકળી પડ્યા હતા.) વળી, પૂર્વોક્ત પાઠાન્તર મુજબ હર્ષ પાસેથી બાણાદિને ધન મળ્યું હતું.'' એવું જો મમ્મટે કહ્યું હોય તેનો અર્થ માત્ર એટલો જ કે હર્ષ પાસેથી બાણ જેવા કવિઓને રાજ્યાશ્રય મળી રહ્યો હતો. અસ્તુ. [અહીં એ મુદ્દો પણ નોંધપાત્ર છે કે ઈતિહાસમાં આપણા કવિ અને સમ્રાટ્ હર્ષવર્ધન (A.D. 606-648) ઉપરાંત બીજા પાંચ 'હર્ષ' નામના કવિ/લેખકો થઈ ગયાનો નિર્દેશ છે, જેમકે, (૧) 'નૈષધીયચરિત' મહાકાવ્ય અને 'ખંડનખંડખાદ્ય' જેવો અતિવિદ્વત્તાપૂર્ણ વેદાન્તનો ગ્રન્થ લખનાર શ્રીહર્ષ, (૨) ઉજ્જયિનીનો વિક્રમાદિત્ય હર્ષ (જેની સભામાં માતૃગુપ્ત રહેતો હતો), (૩)ધારાનગરી

---

૫. (वादयतामुपवीणयतामिव स्वरव्याकरणविवेक विशारदम् श्रवणावतंसमधुकरकुलानां कलक्वणितमाकर्णयन्तम् । (2.6 पृ. 230 ઉપર) આનો પરોક્ષ નિર્દેશ છે તથા प्रज्ञायाः शास्त्राणि....न पर्याप्तो विषयः । (2.7) માં તેમનાં શાસ્ત્રપ્રીતિ દર્શાવાઈ છે.)

૬. श्री हर्षादेर्धावकादीनाम् इव धनम् । બીજી કેટલીક હસ્તપ્રતોમાં बाणादीनामिव એવો પાઠ પણ મળે છે.

ના રાજા ભોજનો પિતામહ હર્ષ (૪) કાશ્મીરનો શાસક હર્ષ (ઇ. સ. ૧૦૮૯ થી ૧૧૦૧); તથા (૫) 'કાવ્યપ્રદીપ'નો લેખક હર્ષ.]

स्वहस्तो मम महाराजाधिराजश्रीहर्षस्य

Autograph of Harsha from Banskhera Plats. (628-29 A.D.)

ઇતિહાસકારો કહે છે કે આ સમ્રાટ્ હર્ષવર્ધનનું બીજું નામ "શીલાદિત્ય" પણ હતું. બીજી તરફ ઇત્સિંગે (I-tsing- ભારતનો પ્રવાસ કરનાર બીજો એક ચીની યાત્રાળુ) પોતાના Records of Buddhistic Religion (published in Chinese about 691 A.D.) માં નોંધ્યું છે કે 'રાજા શીલાદિત્યે બોધિસત્ત્વ જીમૂતવાહનની કથાને સાહિત્યિક સ્વરૂપ આપ્યું છે.' (જે હર્ષના નામે મળતું 'નાગાનન્દ' નાટક છે. હ્યુ–એન–ત્સંગે પણ નોંધ્યું છે કે – હર્ષવર્ધનનું એક ઉપનામ 'શીલાદિત્ય' હતું. બીજી તરફ પુરાતત્ત્વના સંશોધકોને મળેલા કેટલાક સિક્કાઓ ઉપર "પૃથ્વીનો વિજેતા અને સ્વામી શ્રી શીલાદિત્ય સ્વર્ગનો વિજય કરે છે." એવું લખાણ વાંચવા મળે છે. ડૉ. હોર્નલે એક સોનાનો સિક્કો શોધી કાઢ્યો છે; તેની ઉપર 'હર્ષદેવ' લખ્યું છે તથા એક ઘોડેસ્વારનું ચિત્ર ઉપસાવવામાં આવ્યું છે. કવિ બાણભટ્ટે પણ સમ્રાટ્ હર્ષવર્ધનને માટે 'હર્ષદેવ' શબ્દનો પ્રયાગે કર્યો છે. (જેમકે, एष खलु देवस्य चतुः समुद्राधिपतेः....सर्वचक्रवर्तिनां धौरेयस्य महाराजाधिराजपरमेश्वर **श्रीहर्षदेवस्य** भ्रात्रा.....प्रहितो द्वारमध्यास्ते ॥ (૨.૩ પૃ. 180)

1.7. વાંસખેડામાંથી મળેલા એક દાનપત્ર ઉપર સમ્રાટ્ હર્ષવર્ધનના હસ્તાક્ષરો પણ પ્રાપ્ત થયા છે. તેમાં લખ્યું છે કે –

उत्कीर्णमीश्वरेणदमिति संवत २०२ कार्ति वदि ?
"स्वहस्तो मम महाराजाधिराजश्रीहर्षस्य ॥"

ઇ.સ. ૬૨૮માં લખાયેલા વાંસખેડાના આ દાનપત્રમાં, હર્ષના પોતાના જ હસ્તાક્ષરોની પ્રતિકૃતિ ઉત્કીર્ણ કરવામાં આવી છે. આવી કલાત્મક સહી કરનાર તે સમ્રાટ્ કલારસિક હશે એમાં શંકા નથી. આ કલાત્મક હસ્તાક્ષરોનો ઇશારો બાણભટ્ટે દર્પશાતના વર્ણનમાં કર્યો છે :- अहर्निशं विभ्रमकृतहस्तस्थितिभिः अर्धखण्डितपुण्डेक्षुकाण्डकण्डूयनलिखितैरलिकुलवाचालितैर्दानपट्टकैर्विलभमानामिव सर्वकाननानि करिपतीनाम् । (2.5 પૃ. 210). તથા જુઓ : 2.5 ઉપરની અભ્યાસનોંધ.

2.0 બાણભટ્ટ કવિ પરિચય (600-650 A.D.)

2.1 સંસ્કૃત સાહિત્યના અણમોલ રત્ન સમાં કાવ્યસર્જનો કરનાર કાલિદાસાદિ કવિઓએ પોતાનાં નામ સિવાય (ક્યારેક તો નામ પણ નહીં !) ભાગ્યેજ તેમના જીવનવિષયક બીજી કોઈ માહિતી આપી હોય છે. પરિણામે સાહિત્યરસિક જનસમૂહ આવા કવિઓના જીવનપ્રસંગોને આલેખતી અનેક પ્રકારની કલ્પનાપૂર્ણ દન્તકથાઓ ઊભી કરે છે. (આવી દન્તકથાઓમાં કદાચિત્ જ ઐતિહાસિક તથ્ય હોઈ શકે.) પરંતુ સદ્ભાગ્યે બિલ્હણે પોતાના 'વિક્રમાંકદેવચરિત'માં, કવિ મંખે 'શ્રીકંઠચરિત'માં, અને બાણભટ્ટે 'હર્ષચરિત' (અને 'કાદમ્બરી')માં પોતાના જીવન અંગેની ઘણી બધી માહિતીઓ આપી છે. પોતાના જીવન વિષે અનેક પ્રકારની માહિતી આપનારા કવિઓમાં બાણભટ્ટ અગ્રેસર છે. તેમણે તો પોતાની દ્વિવિધ વંશાવળી, ગામ, ઘર, વિશાળ મિત્રમંડળી, પોતાને રાજ્યાશ્રય આપનાર સમ્રાટ્ હર્ષવર્ધન, તત્કાલિક ધાર્મિક સમ્પ્રદાયો, સમાજ, સંસ્કૃતિ, માન્યતાઓ ઈત્યાદિ ઈત્યાદિ વિગતો તો આપી જ છે; પરંતુ સાથે સાથે પોતાના પુરોગામી કવિઓનો એક સહૃદય વિવેચકની દૃષ્ટિથી નામોલ્લેખ પણ કર્યો છે. પરિણામે આપણા ઘણા કવિઓના સમયની ઉત્તરસીમા નક્કી કરવાનું પ્રબળ પ્રમાણ મળી રહ્યું છે. (જેમકે, બાણભટ્ટે જે કવિઓનો નામોલ્લેખ કર્યો છે, તે સૌ બાણની પૂર્વે થઈ ગયા એટલું તો સુસ્પષ્ટ થઈ જ જાય છે.)

2.2 બાણભટ્ટે 'હર્ષચરિત' આખ્યાયિકાના પહેલા અઢી ઉચ્છ્વાસ, પોતાની આત્મકથા (auto-biography) રૂપે લખ્યા છે. તેમાં તેમણે "પોતે વિદ્યાવંશમાં 'સારસ્વત' છે; અને પિતૃવંશમાં વાત્સ્યાયન છે" એમ ભારે રોચક કાવ્યાત્મક શૈલીમાં જણાવ્યું છે. બાણની આ દ્વિવિધ વંશાવળી પૃ. ૧૭ ઉપર રજૂ કરી છે.

આ ઉપરાંત, બાણના સગામાં શૂદ્રમાતાથી જન્મેલા (=પારશવ) બે બન્ધુઓ ૧. ચન્દ્રસેન અને ૨. માતૃષેણ પણ હતા. તથા (ચિત્રભાનુની બહેનનું નામ 'માલતી' હતું) જે બાણની ફોઈ હતી.

અહીં એક નોંધપાત્ર મુદ્દો એ છે કે–નીચે જે વંશવૃક્ષ બતાવ્યું છે તે 'હર્ષચરિત'ના પ્રથમ ઉચ્છ્વાસને આધારે રજૂ કર્યું છે, પરંતુ 'કાદમ્બરી'ના પ્રાસ્તાવિક શ્લોકોમાં એમ જણાવ્યું છે કે વાત્સ્યાયન ગોત્રમાં 'કુબેર' નામનો બ્રાહ્મણ જન્મ્યો. (આ કુબેર બ્રાહ્મણનું ઘણા ગુપ્ત રાજાઓએ અથવા વૈશ્યજનોએ સન્માન કર્યું હતું.) આ કુબેરનો પુત્ર તે 'અર્થપતિ' હતો; કે જે અર્થપતિનો પુત્ર 'ચિત્રભાનુ' હતો. આ 'ચિત્રભાનુ' તે બાણભટ્ટના પિતા હતા.[૧૮] આ વંશાવળીમાં બાણના પ્રપિતામહ 'પાશુપત'નો ઉલ્લેખ જોવા મળતો નથી. (તે કંઈક વિચિત્ર જણાય છે. આનો ભારે કચવાટ સાથે, એવો ખુલાસો આપવામાં આવે છે કે જે હસ્તપ્રતોને આધારે 'કાદમ્બરી'ની મુદ્રિત આવૃત્તિઓ પ્રકાશિત કરવામાં આવી હશે, તે હસ્તપ્રતોમાંથી 'પાશુપત'ના નામોલ્લેખવાળો શ્લોક લુપ્ત થયો હશે !) (જુઓ : કાણે; 'હર્ષચરિત'ની Introduction : p. X)



૭. श्रूयताम् अयं खलु भूषणं भार्गववंशस्य.....च्यवनस्य. ...दधीचो नाम तनयः । I.10. पृ. 130)

८. ......भार्गववंशसंभूतस्य भ्रातुर्ब्राह्मणस्य जायामक्षमालाभिधानां..... । यस्मिन्नेवावसरे सरस्वती असूत तनयं, तस्मिन्नेवाक्षमालाऽपि सुतं प्रसुतवती। I.13 पृ. 152

९. विकाशिनि वात्स्यायनकुले, क्रमेण कुबेर नाम.....द्विजो जन्म लेभे। तस्याभवन्नच्युत ईशानो हरः पाशुपतश्चेति चत्वारो....तनयाः। तत्र पाशुपतस्य एक एवाभवद्.....अर्थपतिरिति नाम्ना....सूनुः। सोऽजनयद् भृगुं हंसं शुचिं कविं महीदत्तं धर्मं जातवेदसं चित्रभानुं त्र्यक्षमहिदत्तं विश्वरूपं चेति एकादश...... पुत्रान् ॥ अलभत च चित्रभानुस्तेषां मध्ये राजदेव्यभिधानायां ब्राह्मण्यां बाणमात्मजम्॥ (I.15. pp. 158. 160).

१०. बभूव वात्स्यायनवंशसंभवो द्विजो जगद्गीत गुणोऽग्रणीः सताम् ।
अनेकगुप्तार्चितपादपङ्कजः कुबेरनामांश इव स्वयंभुवः ॥ १० ॥
अभूत् सुपर्णो विनतोदरादिव द्विजन्मनामर्थपतिः पतिस्ततः ॥ १३-ब ॥ स चित्रभानुं तनयं.....
अवाप..... ॥ १६ ॥

यशोंऽशुशुक्लीकृतसप्तविष्टपात्ततः सुतो बाण इति व्यजायत॥ १९ ॥
(द्विजेन तेन.....निबद्धेयमतिद्वया कथा॥ २० ॥)

2.0 બાણભટ્ટ કવિ પરિચય (600-650 A.D.)

2.1 સંસ્કૃત સાહિત્યના અણમોલ રત્ન સમાં કાવ્યસર્જનો કરનાર કાલિદાસાદિ કવિઓએ પોતાનાં નામ સિવાય (ક્યારેક તો નામ પણ નહીં !) ભાગ્યેજ તેમના જીવનવિષયક બીજી કોઈ માહિતી આપી હોય છે. પરિણામે સાહિત્યરસિક જનસમૂહ આવા કવિઓના જીનવપ્રસંગોને આલેખતી અનેક પ્રકારની કલ્પનાપૂર્ણ દન્તકથાઓ ઊભી કરે છે. (આવી દન્તકથાઓમાં કદાચિત્ જ ઐતિહાસિક તથ્ય હોઈ શકે.) પરંતુ સદ્ભાગ્યે બિલ્હણે પોતાના 'વિક્રમાંકદેવચરિત'માં, કવિ મંખે 'શ્રીકંઠચરિત'માં, અને બાણભટ્ટે 'હર્ષચરિત' (અને 'કાદમ્બરી')માં પોતાના જીવન અંગેની ઘણી બધી માહિતીઓ આપી છે. પોતાના જીવન વિષે અનેક પ્રકારની માહિતી આપનારા કવિઓમાં બાણભટ્ટ અગ્રેસર છે. તેમણે તો પોતાની દ્વિવિધ વંશાવળી, ગામ, ઘર, વિશાળ મિત્રમંડળી, પોતાને રાજ્યાશ્રય આપનાર સમ્રાટ્ હર્ષવર્ધન, તત્કાલિક ધાર્મિક સમ્પ્રદાયો, સમાજ, સંસ્કૃતિ, માન્યતાઓ ઈત્યાદિ ઈત્યાદિ વિગતો તો આપી જ છે; પરંતુ સાથે સાથે પોતાના પુરોગામી કવિઓનો એક સહૃદય વિવેચકની દૃષ્ટિથી નામોલ્લેખ પણ કર્યો છે. પરિણામે આપણા ઘણા કવિઓના સમયની ઉત્તરસીમા નક્કી કરવાનું પ્રબળ પ્રમાણ મળી રહ્યું છે. (જેમકે, બાણભટ્ટે જે કવિઓનો નામોલ્લેખ કર્યો છે, તે સૌ બાણની પૂર્વે થઈ ગયા એટલું તો સુસ્પષ્ટ થઈ જ જાય છે.)

2.2 બાણભટ્ટે 'હર્ષચરિત' આખ્યાયિકાના પહેલા અઢી ઉચ્છ્વાસ, પોતાની આત્મકથા (auto-biography) રૂપે લખ્યા છે. તેમાં તેમણે "પોતે વિદ્યાવંશમાં 'સારસ્વત' છે; અને પિતૃવંશમાં વાત્સ્યાયન છે" એમ ભારે રોચક કાવ્યાત્મક શૈલીમાં જણાવ્યું છે. બાણની આ દ્વિવિધ વંશાવળી પૃ. ૧૭ ઉપર રજૂ કરી છે.

આ ઉપરાંત, બાણના સગામાં શૂદ્રમાતાથી જન્મેલા (=પારશવ) બે બન્ધુઓ ૧. ચન્દ્રસેન અને ૨. માતૃષેણ પણ હતા. તથા (ચિત્રભાનુની બહેનનું નામ 'માલતી' હતું) જે બાણની ફોઈ હતી.

અહીં એક નોંધપાત્ર મુદ્દો એ છે કે–નીચે જે વંશવૃક્ષ બતાવ્યું છે તે 'હર્ષચરિત'ના પ્રથમ ઉચ્છ્વાસને આધારે રજૂ કર્યું છે, પરંતુ 'કાદમ્બરી'ના પ્રાસ્તાવિક શ્લોકોમાં એમ જણાવ્યું છે કે વાત્સ્યાયન ગોત્રમાં 'કુબેર' નામનો બ્રાહ્મણ જન્મ્યો. (આ કુબેર બ્રાહ્મણનું ઘણા ગુપ્ત રાજાઓએ અથવા વૈશ્યજનોએ સન્માન કર્યું હતું.) આ કુબેરનો પુત્ર તે 'અર્થપતિ' હતો; કે જે અર્થપતિનો પુત્ર 'ચિત્રભાનુ' હતો. આ 'ચિત્રભાનુ' તે બાણભટ્ટના પિતા હતા.[૧૮] આ વંશાવળીમાં બાણના પ્રપિતામહ 'પાશુપત'નો ઉલ્લેખ જોવા મળતો નથી. (તે કંઈક વિચિત્ર જણાય છે. આનો ભારે કચવાટ સાથે, એવો ખુલાસો આપવામાં આવે છે કે જે હસ્તપ્રતોને આધારે 'કાદમ્બરી'ની મુદ્રિત આવૃત્તિઓ પ્રકાશિત કરવામાં આવી હશે, તે હસ્તપ્રતોમાંથી 'પાશુપત'ના નામોલ્લેખવાળો શ્લોક લુપ્ત થયો હશે !) (જુઓ : કાણે; 'હર્ષચરિત'ની Introduction : p. X)

*



૭. श्रूयताम्। अयं खलु भूषणं भार्गववंशस्य.....च्यवनस्य. ..दधीचो नाम तनयः । 1.10. पृ. 130)

૮. ......भार्गववंशसंभूतस्य भ्रातुर्ब्राह्मणस्य जायामक्षमालाभिधानां..... । यस्मिन्नेवावसरे सरस्वती असूत तनयं, तस्मिन्नेवाक्षमालाऽपि सुतं प्रसुतवती। 1.13 पृ. 152

૯. विकाशिनि वात्स्यायनकुले, क्रमेण कुबेर नाम.....द्विजो जन्म लेभे। तस्याभवन्नच्युत ईशानो हरः पाशुपतश्चेति चत्वारो....तनयाः। तत्र पाशुपतस्य एक एवाभवद्.....अर्थपतिरिति नाम्ना....सूनुः। सोऽजनयद् भृगुं हंसं शुचिं कविं महीदत्तं धर्मं जातवेदसं चित्रभानुं त्र्यक्षमहिदत्तं विश्वरूपं चेति एकादश...... पुत्रान् ॥ अलभत च चित्रभानुस्तेषां मध्ये राजदेव्यभिधानायां ब्राह्मण्यां बाणमात्मजम्॥ (1.15. pp. 158. 160).

૧૦. बभूव वात्स्यायनवंशसंभवो द्विजो जगद्गीत गुणोऽग्रणीः सताम् ।
अनेकगुप्तार्चितपादपङ्कजः कुबेरनामांश इव स्वयंभुवः ॥ १० ॥
अभूत् सुपर्णो विनतोदरादिव द्विजन्मनामर्थपतिः पतिस्ततः ॥ १३-ब ॥ स चित्रभानुं तनयं.....
अवाप..... ॥ १८ ॥
यशांऽशुशुक्लीकृतसप्तविष्टपात्ततः सुतो बाण इति व्यजायत ॥ १९ ॥
(द्विजेन तेन.....निबद्धेयमतिद्वया कथा ॥ २० ॥)

બાણભટ્ટના ઉત્તરજીવન વિષે કશી માહિતી મળતી નથી. તેમના હાથે 'કાદમ્બરી' કથા અધુરી રહી છે. 'કાદમ્બરી'નો ઉત્તરભાગ પૂરો કરતાં, એમનો પુત્ર લખે છે કે – याते दिवं पितरि तद्वचसैव सार्धं विच्छेदमाप भुवि यस्तु कथाप्रबन्धः। दुःखं सतां तदसमाप्तिकृतं विलोक्य प्रारब्ध एष मया, न कवित्वदर्पात्॥ (कादम्बरी, उत्तरार्द्ध श्लोक-४)

''પિતાજી (બાણભટ્ટ) સ્વર્ગે સીધાવ્યા ત્યારે તેમનાં વચનોની સાથે જ (કાદમ્બરી) કથા પ્રબન્ધ પણ વિચ્છિન્ન થયો. કવિ હોવાના અહંકારથી નહીં, પણ તે અસમાપ્ત રહેતાં સજ્જનોને જે દુઃખ થયું. એ જોઈને મેં એને (કાદમ્બરીને) પૂર્ણ કરવાનું શરૂ કર્યું છે.''[૧૧] Dr. Buhlerના મતે બાણભટ્ટના પુત્રનું નામ ભૂષણભટ્ટ હોવાનું સૂચવાયું છે. (જુઓ : Peterson's Introduction to Kadambari, p. 40). જ્યારે 'કાદમ્બરી'ની કેટલીક હસ્તપ્રતોમાં તેનું નામ 'પુલિન્દ' કે 'પુલિન' હોવાનું પણ નોંધાયું છે. બીજી તરફ, ધનપાલે પણ તેમના 'તિલકમંજરી' ગ્રન્થના પ્રાસ્તાવિક શ્લોકમાં બાણની પ્રશંસા કરતાં, બાણના પુત્રનું નામ 'પુલિન્દ' બતાવ્યું છે.[૧૨]

*

૧૧. [બાણભટ્ટના પુત્રે પોતાનું નામ આપ્યું નથી. તે વિષે એક સુન્દર નોંધ કરતાં શ્રી છગનલાલ હ. પંડ્યાએ લખ્યું છે કે–''બીજા કોઈ કવિ કરતાં બાણભટ્ટનો પુત્ર જ આ ગ્રન્થ સંપૂર્ણ કરવાને સર્વ પ્રકારે અધિક યોગ્ય હતો એ તો નિઃસંશય જ છે; કેમકે બાલપણથી જ તે પિતાની પાસે ઉછરેલો, તેના હાથ નીચે કેળવાયલો, તેના ગ્રન્થનો સતત મનનપૂર્વક અભ્યાસ કરનારો, અને વળી, તેના જેવી તો નહિ પણ તે જાતિની થોડીક કલ્પનાશક્તિ ઈશ્વરકૃપાથી પામેલો. એટલે તે જેટલું સ્વબુદ્ધિથી વા સહવાસ-પરિચયથી પિતાનું અનુકરણ કરી શકે તેટલું બીજા કોઈથી થવું અશક્ય જ. અને એ કેવો વિનીત, નમ્ર તથા કવિત્વ-વિષયે નિરભિમાની છે એ એના મધુર પ્રસ્તાવિક શ્લોક ઉપરથી કે માત્ર આટલા ઉપરથી જ સિદ્ધ થઈ શકશે કે શેષ-પૂર્ણ કરતાં એણે પોતાનું નામ પણ તે સાથે જોડવું ઉચિત ધાર્યું નથી ! પિતાના નામથી જ ગ્રન્થ પ્રસિદ્ધ રહેશે અને હું બાણભટ્ટનો તનય उत्कृष्टभूमिविततानि च यान्ति पुष्टिं तान्येव तस्य **तनयेन** तु संहतानि॥ (उत्तरार्द्ध. શ્લોક ૮) કહેવાઈશ એ કંઈ ઓછું માન નથી એમ એની ધારણા હોય એવું ભાસે છે. ખરે ! એવા પુત્ર-તેમાં વિશેષે કરીને પિતાને સમાન કવિત્વ તથા બુદ્ધિ-ગુણવાળા-મળવા એ કેવળ દુર્લભ ઈશ્વરપ્રસાદ છે. અને અખિલ જગત્માં વિરલ કવિઓને જ એ સુખામૃતની પ્રાપ્તિ થઈ હશે.- કાદમ્બરીનું સટીક ગુજરાતી ભાષાંતર, આવૃત્તિ ત્રીજી, ૧૮૯૪ ઈ.સ.; મુંબઈ, પ્રસ્તાવના, પૃ. ૧૪.]

૧૨. केवलोऽपि स्फुरन्बाणः करोति विमदान्कवीन्। किं पुनः क्लृप्तसन्धान-पुलिन्ध्र (न्द ?) कृतसन्निधिः ॥ (२६).

*

બાણભટ્ટે 'હર્ષચરિત'માં પોતાની જે વંશાવળી રજૂ કરી છે, તે દ્વિવિધ–વિદ્યાવંશને અને પિતૃવંશને રજૂ કરતી--વંશાવળી છે એ મુદ્દા તરફ વિદ્વાનોનું કદાચિત્ ધ્યાન ગયું લાગતું નથી. संख्या वंश्येन। પા. સૂ. ૨-૧-૧૯ સૂત્ર ઉપરની ''કાશિકાવૃત્તિ'' (600-700 A.D.) માં વંશની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે–विद्यया जन्मना वा प्राणिनाम् एकलक्षणसंतानो वंश इत्यभिधीयते।

આમ વંશપ્રવર્તન બે પ્રકારે થતું હોય છે : (બ્રાહ્મણોનો) વિદ્યાવારસો શિષ્યગામી હોય છે અને ધન સમ્પતિ રૂપ વારસો પુત્રગામી થનારો હોય છે. આ દૃષ્ટિએ, આપણા કવિ શ્રી બાણભટ્ટે પણ 'હર્ષચરિત'ના આરંભે–સરસ્વતીને શાપ મળવો, તેનું પૃથિવી ઉપર અવતરણ થવું; અને ભાર્ગવગોત્રોત્પન્ન ચ્યવનઋષિના પુત્ર દધીચ જોડે સમાગમ થતાં 'સારસ્વત પુત્ર'નો જન્મ થવો, તેને સરસ્વતીની કૃપાથી સકલ કલાઓ, વેદ-વેદાંગાદિનું જ્ઞાન સહજ આવિર્ભાવ પામવું, તે સારસ્વતે પોતાનો જેની સાથે ઉછેર થયો તે વત્સને એ બધું જ જ્ઞાન ઉપદેશ્યું; अथ सारस्वतः......तस्मिन् सवयसि भ्रातरि प्रेयसि प्राणसमे सुहृदि वत्से वाङ्मयं समस्तमेव संचारयामास। અને એ વત્સમાંથી વાત્સ્યાયન વંશનું પ્રવર્તન થવું; જેમાં કાલક્રમે બાણભટ્ટ ઉત્પન્ન થયા. ઈત્યાદિ જે વિગતો આપી છે તે માત્ર પોતાની આખ્યાયિકાની ''પૌરાણિક ઢબે'' શરૂઆત કરવાના આશયથી આપી હોય એમ જણાતું નથી, પરંતુ, સંભવતઃ કવિ બાણભટ્ટ એમ સૂચવવા માગે છે કે પોતે વિદ્યાવંશમાં 'સારસ્વત' છે; અને પિતૃવંશ પરંપરાની દૃષ્ટિએ 'વાત્સ્યાયન' છે ! આની ગૌરવપૂર્ણ અને ભવ્ય રજૂઆત કોઈ પણ 'આખ્યાયિકા' પ્રકારની કૃતિમાં થાય એ સપ્રયોજન સહેતુક જ હોય એમ માનવું રહ્યું. (જુઓ : અભ્યાસનોંધ પૃ. ૭૫ અને ૭૬) તથા–

2.3 જ્યારે સંસ્કૃતના બીજા કવિઓએ લગભગ પોતાના નામ સિવાય બીજું કંઈ જણાવ્યું નથી; ત્યારે બાણભટ્ટે, ઉપર જોયું તેમ, દ્વિવિધ વંશાવળી આપી છે. તે જોઈને આપણને વિશેષ આનંદ થયો છે. પરંતુ બાણભટ્ટે જે વિગતો આપી છે, તેનો સૂક્ષ્મેક્ષિકાથી હજુ વધુ અભ્યાસ કરવાની જરૂર છે. જેમકે, બાણે પોતાના પૂર્વજ 'કુબેર'નો જે ઉલ્લેખ કર્યો છે, તેને માટે ''અનેક ગુપ્તોથી અર્ચાયેલા પાદપંકજવાળા'' એવું વિશેષણ વાપર્યું છે.[13] અહીં 'ગુપ્તો = વૈશ્યો (થી અર્ચાયેલા)[14] એવો અર્થ કરીશું તો, એક મોટા ઐતિહાસિક તથ્ય વિશે આંખ બંધ કરી દેવાનો પ્રસંગ ઊભો થાય છે. પરંતુ અહીં એવું જણાય છે કે ગુપ્તયુગના છેલ્લા તબક્કાના રાજાઓએ

૧૩. बभूव वात्स्यायनवंशसंभवो द्विजो जगद्गीतगुणोऽग्रणीः सताम् ।
अनेकगुप्तार्चितपादपङ्कजः कुबेरनामांश इव स्वयंभुवः॥ कादम्बरी, શ્લોક–૧૦. પ્રાસ્તાવિક

૧૪. ટીકાકાર ભાનુચન્દ્ર તથા શ્રી છગનલાલ હ. પંડ્યાએ (કાદમ્બરીના ગુજરાતી અનુવાદમાં) આવો (ગુપ્તો=વૈશ્યો) અર્થ લીધો છે.

'કુબેર' ને સન્માન્યા હશે. (ઉત્તરકાલીન ગુપ્તોમાંના માધવગુપ્ત તો હર્ષવર્ધનના દરબારમાં હતા એમ બાણે હર્ષ સાથેની પ્રથમ મુલાકાતને વર્ણવતાં નોંધ્યું જ છે.[૧૫] આમ अनेकगुप्तार्चितपादपङ्कजः નો અર્થ "ગુપ્તયુગ (૩૧૯ થી ૪૬૭ ઇ.સ.) ના છેલ્લા રાજાઓ" એવો કરીએ તો–આ કુબેરનો જીવનકાળ તે ઇ.સ. ૪૬૭ના સ્કન્દગુપ્તના સમયની આગળપાછળનો સમય આવીને ઊભો રહે. ત્યારથી માંડીને ૧૦૦-૧૫૦ વર્ષના ગાળામાં કુબેરથી પાંચમી પેઢીએ બાણનો જન્મ થાય તે ઉચિત જણાય છે. ગુપ્તયુગ પૂરો થયા પછી, સ્થાણ્વીશ્વરમાં એકાએક પુષ્પભૂતિથી હર્ષવર્ધનના પૂર્વજોનું રાજ્યશાસન ઉદય પામ્યું છે. [500 A.D. મહારાજ નરવર્ધનથી શરૂ કરીને 648 A.D. મહારાજાધિરાજ હર્ષવર્ધન]. આમ બાણભટ્ટના પૂર્વજોને ગુપ્તરાજાઓ જોડે જ સંબંધ હતો. તેથી બાણને જ્યારે હર્ષવર્ધનને પ્રથમવાર મળવાનું થાય છે ત્યારે તે જે દ્વિધા અનુભવે છે એમાં એક વાક્ય આ પ્રમાણે છે : अतिगम्भीरं महद्राजकुलम् । न च मे तत्र **पूर्वजपुरुषप्रवर्तिता** प्रीतिः, न कुलक्रमागता गतिः, नोपकारस्मरणानुरोधः....। (2.3 પૃ. 188) ટૂંકમાં, બાણના પૂર્વજોને નરવર્ધનાદિ રાજાઓ જોડે સંબંધ હોય એમ જણાતું નથી.

બીજી તરફ, બાણના પૂર્વજો ધર્મનિષ્ઠ, વિદ્યાસમ્પન્ન, ધનવાન્ તથા અધ્યયન-અધ્યાપનમાં સુવિખ્યાત હશે એમ 'કાદમ્બરી' અને 'હર્ષચરિત'ના અમુક અમુક વાક્યો ઉપરથી જણાય છે. જેમકે, "જેમના (જે કુબેરના) **શ્રુતિ**-વેદાધ્યયન-થી શમી ગયેલા પાપવાળા, **પુરોડાશ**થી પવિત્ર તથા અધરોષ્ઠવાળા, **સોમરસ**થી (થોડા) કડુચા બનેલા ઉદરવાળા અને સમસ્ત **શાસ્ત્રો** તથા **સ્મૃતિ**વાક્યોથી મનોહર બનેલા મુખમાં હરહંમેશ સરસ્વતી નિવાસ કરતી હતી (૧૧)". "જે (કુબેર)ના ઘરમાં, પાંજરામાં રહેલા સમગ્ર વાઙ્મયને ભણી ચૂકેલા મેના સહિતના પોપટો દ્વારા (શિષ્ય) બટુઓ યજુસ્ અને સામન્‌નો પાઠ કરતાં પદે પદે શંકા અનુભવતાં ત્રાસ પામી રહ્યા. (અમારી ભૂલ થશે તો પોપટો ટોકશે, અથવા ગુરુ પાસે પોપટો પકડાવી દેશે એવી ભીતિ સેવતા હતા !) (૧૨)."[૧૬]

હવે જુઓ; 'હર્ષચરિત'ના દ્વિતીય ઉચ્છ્વાસમાં આવતું 'બ્રાહ્મણાધિવાસ'નું ચિત્ર : शुकसरिकारब्धाध्ययनदीयमानोपाध्यायविश्रान्तिसुखानि-પોપટ અને મેનાએ શરૂ કરેલા અધ્યાપનથી, ત્યાં (બ્રાહ્મણોના ઘરોમાં) ઉપાધ્યાયોને વિશ્રામનું (રીસેસનું) સુખ આપવામાં આવતું હતું ! (2.1, પૃ. 168).

૧૫. જુઓ : કાણે : Notes, p. 300.

૧૬. उवास यस्य श्रुतिशान्तकल्मषे सदा पुरोडाशपवित्रिताधरे ।
सरस्वती सोमकषायितोदरे समस्तशास्त्रस्मृतिबन्धुरे मुखे ॥ ११ ॥
जगुर्गृहेऽभ्यस्तसमस्तवाङ्मयैः ससारिकैः पञ्जरवर्तिभिः शुकैः ।
निगृह्यमाणा बटवः पदे पदे यजूंषि सामानि च यस्य शङ्किताः ॥ १२ ॥
- कादम्बरी (પ્રાસ્તાવિક શ્લોકો).

કુબેરર્થ (પાશુપાત, અને પાશુપતથી) જન્મેલા અર્થપતિ (બાણના પિતામહ દાદા)ને ઘરે પણ આવી જ અધ્યયન-અધ્યાપનની મોટી પરંપરા ચાલતી હતી. રોજ રોજ નવા નવા શિષ્યસમૂહો તે અર્થપતિના ઘરે પણ ઊભરાતા હતા; અને સવારથી જ તેઓ વેદાદિ શાસ્ત્રોનું શ્રવણ કરવામાં લાગી જતા હતા. (કાદમ્બરી, પ્રાસ્તાવિક શ્લોક-૧૪). આ અર્થપતિને 'શ્રુતિ-શાસ્ત્રશાલી એવા અગિયાર સુતોત્તમોની પ્રાપ્તિ થઈ. તેમાંના એક તે બાણના પિતા ચિત્રભાનુ. તેમણે યજ્ઞ-યાગાદિ કરીને પોતાનો યશ શુક્લતર બનાવ્યો હતો.– આમ બાણના સૌ પૂર્વજો ધર્મિષ્ઠ, શાસ્ત્રપારંગત, અધ્યયન–અધ્યાપનમાં તત્પર રહેતા હતા. આવા સારસ્વત કુટુમ્બમાં બાણભટ્ટ જન્મ્યા હતા. બીજી તરફ બાણભટ્ટે 'હર્ષચરિત'માં પણ નોંધ્યું છે કે તેઓ કુતૂહલવૃત્તિથી પ્રેરાઈને, પોતે દેશાટન કરવા નીકળી પડે છે ત્યારેય તેમના પોતાના ઘરમાં – ''सति चाविच्छिन्ने विद्याप्रसङ्गे (1.15 પૃ.162) (જીવનભર) ન તૂટે, ન ખૂટે તેવો અવિરછિન્ન પરંપરાથી ઉભરી આવેલો વિદ્યોપાર્જનનો અવકાશ (હોવા છતાંય'') હતો. આમ વત્સથી આરંભીને છેક બાણ સુધીની સંતાન-પરંપરા ઉપર સરસ્વતીના પુત્ર-સારસ્વત-ની એકધારી કૃપા, એકધારો વિદ્યાવારસો ઉતરી આવ્યો હતો એમ સ્પષ્ટ જોઈ શકાય છે.

2.4 બાણે પોતાના પૂર્વજોની ઉપર્યુક્ત હકીકતો નોંધ્યા પછી, પોતાની થોડીક કૌટુમ્બિક અને વ્યક્તિગત વાતો પણ કરી છે. આ વાતો સદીઓ વીત્યા પછીય રસપ્રદ જણાય છે. બાણ કહે છે કે – अलभत च चित्रभानुस्तेषां मध्ये राजदेव्यभिधानायां ब्राह्मण्यां बाणमात्मजम् । स बाल एव बलवतो विधेर्वशाद् उपसंपन्नया व्ययुज्यत जनन्या । जातस्नेहस्तु नितरां पितैवास्य मातृताम् अकरोत्।.....कृतो—पनयनादिक्रियाकलापस्य समावृत्तस्य चास्य चतुर्दशवर्षदेशीयस्य पितापि श्रुतिस्मृतिविहितं कृत्वा द्विजजनोचितं निखिलं पुण्यजातं कालेनादशमीस्थ एवास्तमगमत्॥ (1.15) અર્થાત્ ''(અર્થપતિના અગિયાર પુત્રોમાંથી) **ચિત્રભાનુને રાજદેવી** નામની બ્રાહ્મણીને વિષે **બાણ** નામનો આત્મજ (પુત્ર) પ્રાપ્ત થયો. બળવાન વિધિવશાત્ તે (બાણ) બાળક જ હતો ને તેની માતા મરી જતાં, તે માતાથી વિયુક્ત થયો. તે બાણની ઉપર ખૂબ પ્રેમ ઊભરાઈ આવતાં પિતાએ જ આ બાણનું માતૃત્વ કર્યું. [કવિ બાણભટ્ટે જન્મતાંની સાથે જ માતા ગુમાવી હતી અને પોતાનો ઉછેર પિતાના હાથે થયો હતો એ મુદ્દાને કાદમ્બરી કથામાં પણ શુકોત્પત્તિ વર્ણનના વ્યાજે રજૂ કર્યો છે, એમ સહૃદય વાચકોનું માનવું છે. તે વર્ણન આ પ્રમાણે છે :]''

एकस्मिंश्च जीर्णकोटरे जायया सह निवसतः पश्चिमे वयसि वर्तमानस्य कथमपि पितुरहमेको विधिवशात्सूनुरभवम् । अतिप्रबलया चाभिभूता ममैव जायमानस्य प्रसववेदनया जननी मे परलोकमगमत्। अभिमतजायाविनाशशोकदुःखितोऽपि खलु

तातः सुतस्नेहादभ्यन्तरे निरुध्य पटुप्रसरमपि शोकमेकाकी मत्संवर्धनपर एवाभवत् । (कादम्बरी, पूर्वभागः, पृ. ५४)]

.....ઉપનયન સંસ્કાર વગેરે ક્રિયાસમૂહો કરાવેલા, તથા સમાવૃત્ત (=સ્નાતક, વેદવેદાંગપાઠક, અથવા-શ્રી વાસુદેવશરણ અગ્રવાલના મતે : વિવાહિત) બનાવેલા અને લગભગ ચૌદ વર્ષની ઉંમરના આ (બાણ)ના પિતા પણ, બ્રાહ્મણ વ્યક્તિને ઉચિત એવા બધાં જ પુણ્યજનક શ્રુતિ-સ્મૃતિમાં બતાવેલાં કર્મો કરીને, કાળે કરીને (સો વર્ષના) પૂર્ણ આયુષ્યવાળા નહોતા થયાને જ અવસાન પામ્યા.'' આને આધારે જણાય છે કે બાણે ખૂબ નાની ઉંમરે જ માતા (રાજદેવી) ગુમાવી હતી; તથા બાણને ચૌદ વર્ષ પણ પૂરા નહોતા થયાને જ પિતા પણ સ્વર્ગે સીધાવ્યા હતા. આમ બાણે કિશોરાવસ્થાએ પહોંચતા સુધીમાં તો વડીલોનું છત્ર-માતાપિતાનું વાત્સલ્ય-ગુમાવ્યું હતું. અલબત્ત, બાણના પિતાની એક સૌથી નાની બહેન-અર્થાત્ બાણની ફોઈ-નામે 'માલતી', બાણ ઘણી મોટી ઉંમરનો થયો ત્યાં સુધી જીવતી હતી. બાણ જ્યારે હર્ષને મળવા જાય છે ત્યારે આ માલતી ફોઈએ જ બાણના પ્રાસ્થાનિક મંગલ કર્મો કર્યાં હતાં. એમ બાણે પોતે જ નોંધ્યું છે - જુઓ 2.3 P 190-192. અહીં ત્રીજો નોંધપાત્ર મુદ્દો એ છે કે બાણના પિતા મૃત્યુ પામ્યા એ પહેલાં જ (લગભગ ચૌદ વર્ષની ઉંમરે) બાણના 'સમાવર્તન' સંસ્કાર પણ કરી નાખવામાં આવ્યા હતા. પ્રાચીન સમયમાં કોઈ પણ વ્યક્તિ સ્નાતક બને, તે પછી તેના સમાવર્તન સંસ્કાર કરવામાં આવતા હતા. આના ઉપરથી શ્રી વાસુદેવશરણ અગ્રવાલ એવું અનુમાન તારવે છે કે બાણના પિતા મરી ગયા તે પૂર્વે બાણને વિવાહિત કરી દેવામાં આવ્યા હતા. (જુઓ અભ્યાસનોંધ પૃ.- ?). પરંતુ આપણે નોંધવું જોઈએ કે બાણે પોતાની ધર્મપત્નીનું ક્યાંય નામ આપ્યું નથી ! (એ જ પ્રમાણે, બાણે પોતાના પુત્રનું નામ-કે બાણના પુત્રે પોતે પોતાનું નામ ('કાદમ્બરી'ના ઉત્તરાર્દ્ધમાં) આપ્યું નથી. જો કે વિદ્વાનોએ આ નામ 'ભૂષણભટ્ટ કે 'પુલિન્દ/પુલિન' હોવાના સગડ મેળવ્યા છે (જે આપણે અગાઉ જોઈ ગયા છીએ).

વળી, 'કાદમ્બરી'માં આવતા એક વર્ણન ઉપરથી વિદ્વાનોએ એવું અનુમાન તારવ્યું છે કે બાણને મોટી ઉંમર સુધી પુત્રપ્રાપ્તિનું સુખ નહોતું મળ્યું. જેમકે, રાજા તારાપીડને મોટી ઉંમર સુધી પુત્ર નહોતો થયો. આથી ખિન્ન થયેલી વિલાસવતી રાણીને તે આશ્વાસન આપતાં જે શબ્દો કહે છે, તે આ પ્રમાણે છે : देवि किमत्र क्रियतां दैवायत्ते वस्तुनि। अलमतिमात्रं रुदितेन। न वयमनुग्राह्याः प्रायो देवतानाम् ॥ (कादम्बरी, पूर्वभागः, पृ. १३९) પ્રોફે. આર. ડી. કરમારકર લખે છે કે – It appears that Bana was not blessed with a son for a long time-if we read some auto-biographical hints in the famous passage from the Kadambari where King Tarapida consoles Queen Vilasavati who

was childless, and advises her to perform certain religious rites to appease the Gods.

— Bana, Karmarkar R.D. p. 5

2.5 બાણભટ્ટે આ પ્રમાણે પોતાના પૂર્વજોની અને કૌટુમ્બિક વિગતો આપ્યા પછી કેટલીક વ્યક્તિગત માહિતી આપી છે તે બહુ રસપ્રદ છે : ચૌદેક વર્ષની ઉંમરે જ પિતાને ગુમાવ્યા પછી, બાણ શરૂઆતમાં તો શોકગ્રસ્ત થઈ ગયા. અને થોડા દિવસો તો તે ઘરમાં જ બેસી રહ્યા. "પછી જ્યારે શોક ઓછો થતો ગયો, અને ધીરે ધીરે આઝાદી અવિનયનું કારણ બનતાં, બાલભાવની અતિશય કુતૂહલવૃત્તિથી યૌવનનો આરંભ ધૈર્યનો વિરોધી બનતાં, શૈશવને ઉચિત એવાં અનેક તોફાનો કરતાં કરતાં તે બાણ (ભ્રમણશીલ/ગમનશીલ) રખડુ સ્વભાવનો બની ગયો !"[૧૭] (શ્રી વાસુદેવશરણ અગ્રવાલના શબ્દમાં 'આવારા બની ગયો'.)

બસ, પછી તો બાણને સરખી ઉંમરના સમાન મિત્રો અને સહાયો-સાથીદારો મળી રહ્યા. બાણે આ મિત્રમંડળીની વિગતે લાંબી (૪૪ જેટલા વ્યક્તિઓની નામ સાથેની) યાદી આપી છે : જેમાં કવિઓ અને વિદ્વાન મિત્રો ઉપરાંત, કલાકારમિત્રો, સંગીતજ્ઞો અને નૃત્યકારો, સાધુ-સંન્યાસી મિત્રો, વૈદ્યો અને મન્ત્રસાધકમિત્રો, જુગારીઓ, જાદુગરો, ધૂર્તોથી માંડીને તામ્બુલ આપનારો ચંડક, સૈરન્ધ્રી કુરંગિકા અને સંવાહિકા કેરલિકા જેવી સ્ત્રીમિત્રો સહિત સ્નેહી વ્યક્તિઓ અને પારશવ બન્ધુયુગલનો પણ સમાવેશ થતો હતો (જુઓ અભ્યાસનોંધ પૃ. 336) ગામમાં ને ગામમાં આવા બહોળા મિત્રસમૂહમાં રમમાણ બનેલા બાણ છેવટે દેશાટન કરવા ઘર છોડીને ચાલ્યા જાય છે :[૧૮] પરિણામ બહુ સ્પષ્ટ હતું (બાણના પોતાના જ શબ્દો જોઈએ તો-) સ્વચ્છંદી એવો તે નવા યૌવન અને સ્વેચ્છચારી મનને કારણે ગ્રહ (ભૂતાદિ)થી જકડાયો હોય તેમ, વડીલોને માટે હાંસીનું પાત્ર બન્યો." (1.15 પૃ.162)

બાણભટ્ટને સમાજના વિવિધ સ્તરના અનેકાનેક મિત્રો સાથીદારો થવા; કે દેશાટન કરવા માટે તેમનું ઘર છોડીને ચાલ્યા જવું - આ ઘટનામાં તેમના માતા-પિતાનું નાની ઉંમરે અવસાન થવું એ તો એક માત્ર બાહ્ય નિમિત્ત ઉપાધિ જણાય

---

૧૭. चापलानि आचरन् इत्वरः बभूव । (पृ. 160)

૧૮. પ્રોફે. કરમારકર લખે છે કે - He had a large number of friends and associates accompanying him on his tour, who were well-versed in different lores and arts. (p. 3) પરંતુ આ નોંધ ચિન્ત્ય છે. કારણ કે - હર્ષચરિત (1.15. p. 164)ને આધારે તો એવું જણાય છે કે બાણ જ્યારે દેશાટન કરવા નીકળ્યા ત્યારે આ મિત્રમંડળીને તેમણે ગામમાંને ગામમાં છોડી હતી; અને પોતે એકલા જ નીકળી પડ્યા હતા.

છે. પણ ખરું તો એ છે કે – વિધાતાએ બાણને એક સારસ્વત કુટુમ્બમાં જન્મ આપવા ઉપરાંત તેમનામાં જન્મજાત એકજાતની ભારે કુતૂહલ વૃત્તિ મૂકી હતી. એ કુતૂહલવૃત્તિને કારણે જ બાણે પૂર્વોક્ત વૈવિધ્યવાળી મિત્રમંડળી ઊભી કરી હશે અને દેશાટન માટે નીકળી પડવાનું નક્કી કર્યું હશે. બાણભટ્ટના પોતાના શબ્દો જ જોઈએ: देशान्तरावलोकन-कौतुकाक्षिप्तहृदय: (बाण:) सत्स्वपि पितृपितामहोपात्तेषु ब्राह्मणजनो-चितेषु विभवेषु सति चाविच्छिन्ने विद्याप्रसङ्गे, गृहात् निगरात् ॥ (1.15, p. 162) "પિતૃ-પિતામહ (દાદા)ઓએ કમાયેલું (ધન) અને બ્રાહ્મણ વ્યક્તિ પાસે હોય એટલો વૈભવ હોવા છતાંય, તથા (જીવનભર) ન તૂટે, ન ખૂટે એવો વિદ્યોપાર્જનનો અવકાશ હોવા છતાંય, **દેશ-દેશાન્તર જોવાના કૌતુકથી ઘેરાઈ ગયેલા હૃદયવાળો** તે બાણ ઘરમાંથી ચાલ્યો ગયો !" આ કુતૂહલવૃત્તિએ તેમને आबाल्यात् બાળપણથી આરંભીને જ – જકડી લીધા હતા, તે છેક મોટી ઉંમરે પણ તેમની આ કુતૂહલવૃત્તિ શમી નહોતી. સમ્રાટ્ હર્ષવર્ધનની સાથે તેમનો પ્રથમ સાક્ષાત્કારનો પ્રસંગ ગોઠવાયો હોય છે, ત્યારે પણ ઇભધિષ્ણ્યાગાર પાસે બાણના પગ અટકી જાય છે !– "દર્પશાત" હાથીને જોવાનું કૌતુક તે રોકી શકતા નથી : अतिपरवानस्मि कुतूहलेन। (2.5) "કુતૂહલથી હું (ખરેખર) ખૂબ પરવશ છું. જો આમ (કોઈ) વાંધો ના હોય તો, પહેલાં આ ગજપતિને જ જોઈ લઉં !" (p. 207) આમ સાહિત્યનો આસ્વાદ લેતાં પહેલાં, કે શાસ્ત્રોમાં પાંડિત્ય મેળવવા કરતાં, કે સમ્રાટ્ હર્ષને રૂબરૂ મળતાં પહેલાં તેમને જનજીવન જાણી કે જગદ્દર્શન કરીને પહેલાં "અનુભવી" થવું અનિવાર્ય જણાયું લાગે છે. જાણે કે, ગુજરાતીમાં જે કહેવત છે કે "જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ, અને જ્યાં ન પહોંચે કવિ, ત્યાં પહોંચે અનુભવી" – તેનો સાક્ષાત્કાર આપણા કવિ શ્રીબાણભટ્ટને થઈ ગયો છે."[૧૯]

'કાવ્યપ્રકાશ'ના પ્રથમ ઉલ્લાસમાં આચાર્ય મમ્મટે કાવ્યોત્પત્તિનો હેતુ વર્ણવતાં લખ્યું છે કે -

शक्तिर्निपुणता लोकशास्त्रकाव्याद्यवेक्षणात् ।
काव्यज्ञशिक्षयाभ्यास इति हेतुस्तदुद्भवे ॥ (१-३३)

(वृत्ति:) – (१) शक्ति: कवित्वबीजरूप: संस्कारविशेष:, यां विना काव्यं न प्रसरेत्, प्रसृतं वा उपहसनीयं स्यात् ॥ (२) लोकस्य स्थावरजङ्गमात्मक-लोकवृत्तस्य;

---

૧૯. પ્રોફે. કરમારકર લખે છે કે – After his father's death, Bana on the completion of the routine studies, went on a long tour to different regions, to give a finishing touch to his education, when he met different Pandits and had a good opportunity to observe the customs and manners of the people at first hand. (p. 3)

शास्त्राणां छन्दो-व्याकरणाभिधानकोश-कला-चतुर्वर्ग गज-तुरग-खड्गादि-लक्षणग्रन्थानाम् काव्यानां च महाकविनिबन्धानाम् आदिग्रहणादितिहासादीनां च विमर्शनाद् व्युत्पत्तिः । (३) काव्यं कर्तुं विचारयितुं च ये जानन्ति तदुपदेशेन करणे योजने च पौनःपुन्येन प्रवृत्तिरिति त्रयः समुदिताः न तु व्यस्ताः, तस्य काव्यस्योद्भवे निर्माणे समुल्लासे च हेतुः, न हेतवः ॥

અહીં, કાવ્યની ઉત્પત્તિમાં હેતુ વર્ણવ્યો છે તેમાં મમ્મટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે કવિવ્યક્તિમાં 'શક્તિ' (=પ્રતિભા) હોવા ઉપરાંત તેણે (કવિએ) **સ્થાવર-જંગમાત્મક લોકનું અને વિવિધ શાસ્ત્રોનું પર્યાલોચન-અવલોકન કર્યું હોવું જોઈએ**[૨૦] તથા સિદ્ધ કવિઓ પાસેથી કાવ્યનિર્માણ-બાહ્ય શિલ્પ-ની ગુંથણી/ગોઠવણી વગેરે કેમ કરવી ? તે પણ શીખવું જોઈએ). આમ ઉત્તમ/સફળ કવિ બનવા માટે જે આવશ્યક ગણાયું છે, તેની પરિપૂર્તિ કરવાના આશયથી જાણે બાણભટ્ટે આ દેશાટન આરંભ્યું હતું – અથવા બીજા શબ્દોમાં કહીએ તો આ દેશાટનની પ્રવૃત્તિએ તેમના કવિકર્મને ઉપકૃત કર્યું છે એમ 'હર્ષચરિત' કે 'કાદમ્બરી'ને વાંચતાં ક્ષણાર્દ્ધમાં જ પ્રતીત થાય છે એ નિર્વિવાદ છે.

2.6 બાણભટ્ટે જે દેશાટન કર્યું હતું, તેનો ભૌગોલિક નકશો-અથવા તેમણે જે સ્થળોની મુલાકાત લીધી હોય કે લીધી હોવાની સંભાવના હોય તેની વિગતો તારવવાનો પ્રયત્ન પણ કરવા જેવો છે.[૨૧] હર્ષચરિતમાં આપણને જણાવવામાં આવ્યું છે કે શોણનદીના કિનારે સરસ્વતી અને સાવિત્રીએ અવતરણ કર્યું હતું. ત્યાં દધીચના સમાગમથી સરસ્વતીએ 'સારસ્વત' નામના પુત્રને જન્મ આપ્યો હતો. આ સારસ્વતે પોતાના ભાઈ વત્સને માટે ત્યાં (બ્રાહ્મણાધિવાસમાં) એક 'પ્રીતિકૂટ' નામનું નિવાસસ્થાન બંધાવડાવ્યું હતું. (આ 'પ્રીતિકૂટ' એ બાણના ઘરનું નામ જણાય છે અથવા 'પ્રીતિકૂટ' એ જો ગામનું નામ હશે એમ માનીએ તો તે પ્રીતિકૂટમાં આવેલા બ્રાહ્મણાધિવાસમાં ક્યાંક બાણનું પૂર્વજો પાસેથી પ્રાપ્ત થયેલું ઘર હશે એમ કલ્પી શકાય) – સારસ્વતે બંધાવડાવેલું 'પ્રીતિકૂટ' ઘર વાત્સ્યાયન વંશોદ્ભૂત બાણને વારસામાં મળ્યું હશે. અહીંથી, બાણે પોતાના પ્રવાસની શરૂઆત કરી ત્યાર પછી તે વિન્ધ્યાટવીમાં ફર્યા હશે; ત્યાંથી કોશલ થઈને, અશ્મક અને કલિંગના પ્રદેશોમાં .

૨૦. બાણે પોતાના પ્રવાસ દરમ્યાન જે ચાર પ્રકારના સામાજિક સ્તરોનો અનુભવ લીધો હતો તેનું વર્ણન જુઓ. પૃ. 162માં (તથા જુઓ : અભ્યાસનોંધ : પૃ. 339—340).

૨૧. આવો એક પ્રયત્ન ડૉ. એસ. વી. સોહની મહાશયે બીજા એક સન્દર્ભમાં કર્યો છે: Bana's Account of Rajyasri's Rescue by Harsa in the Vindhyatavi: by S. V. Sohoni, Annals of BORI. Poona, 1986, pp. 195-217.

તેઓ ગયા હશે. તે દરમ્યાન તેમણે વિવિધ રાજકુલોના વ્યવહારો જોયા હશે;[22] (પણ તેમણે કોઈ રાજ્યાશ્રય લીધો નહિ હોય) હાલના આન્ધ્રપ્રદેશમાં આવેલા 'શ્રીપર્વત'ની પણ તેમણે મુલાકાત લીધી જણાય છે.[23] વળી 'કાદમ્બરી'માં પણ શ્રીપર્વતની હજારો આશ્ચર્યકારક વાતો જાણનાર જરદ્દ્રવિડનો બાણ ઉલ્લેખ કરે છે.[24] વળી, અહીં આસપાસમાં મૌખરી રાજાઓનું શાસન પ્રવર્તતું હતું. 'કાદમ્બરી'ના પ્રાસ્તાવિક શ્લોકોમાં બાણ કહે છે કે –

નમામિ ભત્સો (અથવા ભર્ત્સો) શ્ચરણામ્બુજદ્વયં સશેખરૈર્મૌખરિભિઃ કૃતાર્ચનમ્ 14-b મુકુટવાળા મૌખરિરાજાઓએ જેનું અર્ચન કર્યું છે તેવા ભત્સુ (અથવા ભર્ત્સુ) ગુરુના બે ચરણકમળમાં હું (બાણ) નમસ્કાર કરું છું." આમાંથી બે સૂચનો નીકળે છે : ૧. બાણના ગુરુનું નામ ભત્સુ (કે ભર્ત્સુ) હતું અને ૨. તેમનું મૌખરિ રાજાઓએ સન્માન કર્યું હતું. આથી આપણે એમ અનુમાન તારવી શકીએ કે બાણે પોતાના ગુરુના આશ્રમપ્રદેશમાં નિવાસ કર્યો હશે તે દરમ્યાન તેમણે મૌખરિ રાજાઓનું રાજભવન વગેરે પણ જોયા હશે; (રાજ્યવર્ધન અને હર્ષવર્ધનની બહેન રાજ્યશ્રીનાં લગ્ન પણ આ મૌખરિવંશના રાજા ગૃહવર્મા જોડે કરવામાં આવ્યા હતા.) બીજી તરફ, 'હર્ષચરિત'ના આઠમા ઉચ્છ્વાસમાં દિવાકરમિત્રના આશ્રમનું - વિદ્યાશ્રમનું - વિગતપૂર્ણ વર્ણન છે. આ વિદ્યાશ્રમ વિન્ધ્યાટવીમાં આવેલો હતો. આ વિગતોની ઝીણવટ એવું સૂચવે છે કે બાણે આ વિદ્યાશ્રમની પણ મુલાકાત લીધી હશે, (અને નાલન્દા જેવા વિશ્વવિખ્યાત વિશ્વવિદ્યાલયની - કે જ્યાં હ્યુ-એન-ત્સંગે પણ અભ્યાસ કર્યો હતો;-તેની પણ મુલાકાત લીધી હશે.) (બાણભટ્ટે પૂર્વોક્ત દેશાટનમાં કેટલાં વર્ષો ગાળ્યા હશે તે પણ ગવેષણીય છે.)

દેશાટન કર્યા પછી, અનુભવસંપન્ન થયેલા બાણભટ્ટ કહે છે કે પુનરપિ તામેવ ચૈપશ્ચિતીમાત્મવંશોચિતાં પ્રકૃતિમભજત્ । (પૃ. 162) તે બાણ ફરીથી પણ પોતાના વંશને ઉચિત એવી વિદ્વત્તાપૂર્ણ પ્રકૃતિને પામ્યા." ત્યાર પછી તે પોતાની જન્મભૂમિ (=પ્રીતિકૂટ) જ્યાં હતી ત્યાં બ્રાહ્મણાધિવાસમાં પાછા ફર્યા. (સંભવતઃ આ જ બ્રાહ્મણાધિવાસમાં રહીને, બાણે 'હર્ષચરિત' અને 'કાદમ્બરી'ની રચના કરી હશે.)

બાણ બ્રાહ્મણાધિવાસમાં પાછા ફર્યા. ત્યાં તેમને જૂના મિત્રો, સ્નેહીઓ, સગાંઓ મળતાં તેમને 'મોક્ષસુખ'નો અનુભવ થાય છે. (અહીં સુધીની કથા 'હર્ષચરિત'ના પ્રથમ ઉચ્છ્વાસમાં રજૂ થઈ છે).

૨૨. અથ શનૈઃ શનૈરત્યુદારવ્યવહૃતિમનોહૃન્તિ બૃહન્તિ રાજકુલાનિ વીક્ષમાણઃ૦ ।

૨૩. જયતિ જ્વલત્પ્રતાપજ્વલનપ્રાકારકૃતજગદ્રક્ષઃ । સકલપ્રણયિમનોરથસિદ્ધિશ્રીપર્વતો હર્ષઃ ॥ – હર્ષચરિતમ્, પ્રાસ્તાવિક શ્લોક-૨૧.

૨૪. શ્રીપર્વતાશ્ચર્યવાર્તાસહસ્રાભિજ્ઞેન જરદ્દ્રવિડધાર્મિકેન૦ ।

2.7 ('હર્ષચરિત'ના બીજા ઉચ્છ્વાસમાં જોવા મળે છે કે-) બ્રાહ્મણાધિવાસમાં બાણ થોડોક સમય રહે છે. વર્ષોથી ચાલી આવતી પરંપરા અનુસાર ત્યાંના બ્રાહ્મણો વેદાધ્યયનાદિમાં રત હોય છે. આ સમયે ગ્રીષ્મઋતુનો સમયગાળો આવે છે. તેમાં એક દિવસ હર્ષના (કોઈક પિતરાઈ) ભાઈ કૃષ્ણે સંદેશવાહક મેખલક જોડે સંદેશો મોકલ્યો કે –"બાણે હર્ષને મળવા માટે વિના વિલંબે આવવું. જો કે કેટલાક લોકોએ રાજાને કાનભંભેરણી કરીને બાણ વિષે જાતજાતનું કહ્યું છે. પણ પોતે (કૃષ્ણ) બાણને બરાબર ઓળખતો હોઈને રાજાને કહ્યું છે કે દરેકની બાલ્યાવસ્થા ચાપલથી ભરેલી હોય છે અને રાજાએ પણ "બરાબર છે; (એમ હોઈ શકે)" એવું કહ્યું છે." બાણે રાતભર વિચાર કર્યો અને અંતે 'જવું જ' એવો સંકલ્પ કર્યો. સવારે વહેલા ઊઠી બાણે ઈશ્વરસ્મરણ, પૂજન, અર્ચન, જપ, મન્ત્રોચ્ચારાદિ ધાર્મિક વિધિઓ કર્યા; અને તેમની ફોઈ માલતીએ પણ પ્રાસ્થાનિક માંગલિક વિધિ કર્યો. વળી, શુભ મુહૂર્ત, શુકનાદિ જોયાં; અને પહેલાં જમણો પગ ઉપાડીને 'પ્રીતિકૂટ'ની બહાર પગ મૂક્યો!

રાજા હર્ષવર્ધનને મળવા નીકળેલા બાણ, પહેલે દિવસે ચંડિકાયતન-કાનનને ઓળંગીને મલ્લકૂટ ગામમાં પહોંચે છે. ત્યાં ભાઈ અને મિત્ર એવા જગત્પતિએ તેમનું સમ્માન કર્યું. બીજે દિવસે ગંગા નદી ઓળંગીને યષ્ટિગૃહ નામના વનના ગ્રામમાં રાત વિતાવે છે. અને ત્રીજે દિવસે મણિપુર (કે મણિતાર) ગામની નજીકમાં અજિરવતી (હાલની'રાપ્તી') નદીને કિનારે પડેલી હર્ષની છાવણી પાસે પહોંચે છે. (જ્યાં અનેક સામન્ત રાજાઓ હર્ષના દર્શનની રાહ જોતા રોકાઈ રહ્યા હોય છે.) ત્યાં કૃષ્ણનો સંદેશવાહક મેખલક રાજભવનની અંદર જઈને 'પારિયાત્ર' નામના દૌવારિકને બહાર બોલાવી લાવે છે અને બાણનો પરિચય કરાવે છે. તે બાણને રાજભવનની અંદર પધારવા-હર્ષને મળવા આવવા આવકારે છે.

બાણ સ્કન્ધાવારની અંદર પ્રવેશ્યા પછી હર્ષની અશ્વશાળા અને ઈભધિષ્ણ્યાગારને જુવે છે. બાણથી પૂછ્યા વગર ના રહેવાયું! તેમણે દૌવારિકને પૂછ્યું કે 'દેવ અહીં શું કરે છે?' તેણે કહ્યું કે અહીં તો રાજાનો (વ્યક્તિગત) ગજરાજ 'દર્પશાત' બાંધવામાં આવ્યો છે. બાણભટ્ટે પોતાના દેશાટન દરમ્યાન આ દર્પશાત વિશે પણ સાંભળ્યું હશે એટલે કહે છે-भद्र । श्रूयते दर्पशातः । જો કોઈ વાંધો ના હોય તો પહેલાં આ ગજરાજને જ જોઈ લઉં (કારણ કે હું કુતૂહલથી અતિશય પરવશ છું!) આમ પહેલાં દર્પશાતને જોઈને, પછી બાણ રાજા હર્ષને જુવે છે. બાણ હર્ષની સમ્મુખ જઈને ઊભા રહે છે. જમણો હાથ ઊંચો કરીને 'સ્વસ્તિ' શબ્દનો ઉચ્ચાર કરે છે. ત્યારે હર્ષ પોતાની પાછળ બેઠેલા પ્રિય માલવરાજ પુત્રને કહે છે કે–"महानयं भुजंगः । (p. 244) આ ભારે લંપટ જંગલી છે." રાજદરબારમાં સન્નાટો છવાઈ ગયો. રાજાએ બાણને ભારે આંચકો આપે એવું વાક્ય કહી દીધું. પરંતુ ખરેખર જે મહાપુરુષ હોય છે, સત્ત્વશીલ હોય છે; તેમને જો આવો ક્ષોભ આપવામાં

આવે તો તેમનો મહિમા વધુ તેજસ્વી બનીને બહાર નીકળતો હોય છે (જેમકે, કાલિદાસે જ કહ્યું છે કે-प्रायः स्वं महिमानं क्षोभात् प्रतिपद्यते हि जनः । શાકુ૦ ૬-૩૧) એ ન્યાયે બાણનું આન્તરિક તેજ-સત્ત્વ-ઝળહળી ઊઠે છે. તેમણે પહેલાં તો સ્વસ્થતાપૂર્વક રાજાને ટકોર કરી કે મહાપુરુષોએ યથાર્થ-દર્શી થવું જોઈએ. તમે (नेय इव) જાણે પારકાથી દોરવાઈ ગયા હો-કોઈએ ચઢાવ્યા હોય તેમ કેમ બોલો છો? હું સોમપાયી વાત્સ્યાયનોના વંશમાં જન્મેલો બ્રાહ્મણ છું. ઉપનયનાદિ સંસ્કારોથી સંસ્કૃત થયેલો, વેદાદિ-શાસ્ત્રોનું અધ્યયન કરી ચૂકેલો 'ગૃહસ્થ' છું (दारपरिग्रहाद् अभ्यागारिकोस्मि।) તમને કઈ મારી ભુજં-ગતા (બાહુઓમાં રહેલી સ્ત્રી) ભુજંગ-તા (લંપટપણું કે જંગલીપણું) દેખાય છે/લાગે છે ??? (-આમ તેમણે હર્ષને સામો પ્રશ્ન પૂછી કાઢ્યો.) [અથવા આ શબ્દને અર્થાત कामे भुजंग-ता (न मयि)। "કામદેવમાં લંપટપણું છે, (મારામાં નહીં)" એવી ત્રીજી રીતે પણ સમજી શકાય.] આગળ બોલતાં બાણે જણાવ્યું કે સમય જતાં ખૂદ સ્વામી (હર્ષ) જ મને ઓળખશે. ભૂપતિએ પણ કહ્યું : एवम् अस्माभिः श्रुतम्। "અમે પણ આમ સાંભળ્યું હતું." આમ બાણ હર્ષની પરીક્ષામાંથી પસાર થઈ જાય છે અને બાણને સ્નેહાદરપૂર્વકનો રાજ્યાશ્રય મળે છે. (અહીં બીજા ઉચ્છ્વાસની કથા વિરમે છે.)

બાણભટ્ટ (પ્રથમ) ગ્રીષ્મઋતુમાં હર્ષને મળવા ગયેલા તે છેક શરદઋતુ સુધી રોકાય છે. ત્યાર પછી પોતાના બાંધવોને મળવાની ઇચ્છા થતાં બ્રાહ્મણાધિવાસમાં પાછા ફરે છે. સૌની ખબરઅંતર પૂછે છે. બપોરે ભોજન કરીને તેઓ બેઠા હોય છે ત્યાં સૌ ભાઈઓ ભેગા મળે છે. તેમાં બાણના બે જૂના વંશીવાદક મિત્રો મધુકર અને પારાવત પણ હાજર હોય છે. તથા બાણનો સદૃષ્ટિ નામનો કથાવાચક પવમાન પ્રોક્તપુરાણ - 'વાયુપુરાણ' વાંચી સંભળાવવું શરૂ કરે છે. આ સમયે સૂચીબાણ નામના બન્દીએ બે શ્લોકોનું ગાન કર્યું તેમાં જણાવ્યું કે વાયુ-પુરાણ હર્ષના ચરિતથી અભિન્ન પ્રતીત થાય છે.[૨૫] આથી બાણભટ્ટના પિતરાઈ ભાઈઓ હર્ષનું ચરિત સાંભળવા ઉત્સુક થાય છે. તેમાંના એકે—નાના ભાઈ શ્યામલે—બાણને વિનંતી કરી કે તમે હર્ષનું ચરિત વિગતે કહો. પહેલાં તો બાણે નમ્રતાપૂર્વક હર્ષનું ચરિત વર્ણવાની અશક્તિ જાહેર કરી, અને કહ્યું કે-'હર્ષનું સમગ્ર ચરિત તો સર્વજ્ઞ વ્યક્તિ પણ ન કહી શકે, પણ એમના જીવનનો એકદેશ[૨૬] સાંભળવો હોય તો અમે (બાણ) તૈયાર છીએ. આ મારી જીભ જે થોડાઘણા અક્ષરો શીખી છે એનો બીજો ઉપયોગ પણ શો છે? વળી આપ જેવા શ્રોતાઓ છે. તો લો આ"હર્ષચરિત વર્ણવવામાં આવે છે." અને તેમણે બીજે દિવસે તેના વર્ણનની શરૂઆત કરી. બાણના જીવન વિષે

૨૫ हर्षचरितादभिन्नं प्रतिभाति हि मे पुराणमिदम्॥ (तृतीय उच्छ्वासः)

૨૬ વિદ્વાનો એમ માને છે કે 'હર્ષચરિત' અપૂર્ણ રહ્યું છે. પરંતુ શું બાણે જ હર્ષના ચરિતનો 'એકદેશ' વર્ણવવા જ આઠ ઉચ્છ્વાસવાળું 'હર્ષચરિત' રચ્યું હશે? એટલે કે બાણે જ હર્ષચરિતનો વ્યાપ આઠ ઉચ્છ્વાસ પૂરતો કલ્પ્યો હશે? કદાચ બાણભટ્ટની દૃષ્ટિએ આઠ ઉચ્છ્વાસવાળું 'હર્ષચરિત' અપૂર્ણ નહિ હોય.

આથી વિશેષ વિગતો 'હર્ષચરિત'માંથી પ્રાપ્ત થતી નથી. (આમ 'હર્ષચરિત'ના અઢી ઉચ્છ્વાસ સુધી બાણની આત્મકથા(auto-biography) કહેવાઈ છે. ત્યાર પછી હર્ષવર્ધનનું જીવનચરિત (biography) રજૂ થયું છે.)

2.8 સંસ્કૃત સાહિત્યના કેટલાક ગ્રન્થોમાં એવા નિર્દેશો છે કે બાણભટ્ટના સમયમાં જ 'સૂર્યશતક'ના કવિ મયૂર થઈ ગયા હતા. 'શાર્ઙ્ગધરપદ્ધતિ'માં જણાવ્યું છે કે (अहो प्रभावो वाग्देव्या यन्मातङ्गदिवाकरः। श्रीहर्षस्याभवत्सभ्यः समोबाणमयूरयोः॥ તદનુસાર સમ્રાટ્ હર્ષવર્ધનના દરબારમાં બાણ ઉપરાંત માતંગદિવાકર અને મયૂર કવિ પણ હતા. માતંગદિવાકર વિષે કશું સ્પષ્ટ જાણી શકાયું નથી. પણ મયૂર કવિ વિષે, ઉપર કહ્યું તેમ, એટલી વિગત સ્પષ્ટ છે કે મયૂરે 'સૂર્યશતક'ની રચના કરી છે. બાણ અને મયૂર આ બે સમકાલિક કવિઓ વિષે એક દન્તકથા પણ મળે છે. પરંતુ 'હર્ષચરિત' કે 'કાદમ્બરી'થી મનોવિનોદન કરવાનું છોડીને (કે અટકાવીને) એવી મિથ્યા દન્તકથાઓ સાંભળવા આપણે રોકાઈશું નહીં.

*

બાણના પુરોગામી કવિઓમાંથી બાણને જે નોંધપાત્ર જણાય છે, તેની વિગતો તો 'હર્ષચરિત'ના પ્રાસ્તાવિક શ્લોકોમાંથી મળી જ રહેવાની છે. આથી તેની અહીં પુનરુક્તિ કરીશું નહીં. પરંતુ અહીં જે ધ્યાનપાત્ર છે તે એ છે કે બાણભટ્ટે આ પુરોગામી કવિઓનો ઉલ્લેખ એક વિવેચક તરીકેના દૃષ્ટિકોણથી કર્યો છે. આથી કવિ બાણનો મહિમા ગાતી વખતે, વિવેચક બાણને પણ પ્રશંસાપુષ્પોની અંજલિ અર્પવી જોઈએ! इति दिक्।

2.9 બાણભટ્ટના સમય અને જીવનનું વિગતે વર્ણન જોયા પછી, તેમની કૃતિઓ વિષે પણ જિજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે. તેમની કૃતિઓ નીચે પ્રમાણે છેઃ

(૧) **'હર્ષચરિત'** 'આખ્યાયિકા' પ્રકારનું ગદ્યકાવ્ય છે. એકથી આઠ ઉચ્છ્વાસ સુધી લખાયેલી આ આખ્યાયિકા અપૂર્ણ રહી હોય એમ વિદ્વાનોને જણાયું છે. (પરંતુ જુઓ પૂર્વોક્ત પાદટીપ ૨૬) તેના પહેલા અઢી ઉચ્છ્વાસમાં બાણભટ્ટનું આત્મવૃત્તાન્ત રજૂ થયું છે અને ત્યાર પછી (ઈ.સ. ૬૦૬-૬૪૮ સમયગાળાના) સમ્રાટ્ હર્ષવર્ધનનું જીવનચરિત આલેખવામાં આવ્યું છે.

(૨) **કાદમ્બરી**–(પૂર્વભાગ) : 'કથા' પ્રકારનું ગદ્યકાવ્ય (Prose Romance) છે. તેમાં ચન્દ્રાપીડ અને કાદમ્બરીના પ્રેમની જન્માન્તર સુધી વિસ્તરેલી કથાને નિરૂપવામાં આવી છે. અલબત્ત, કવિની આ કથા પણ અપૂર્ણ રહેવા પામી છે; અને તેમના પુત્રરત્ને-ભૂષણભટ્ટ-પુલિન ભટ્ટે-તેનો ઉત્તરભાગ રચ્યો છે. શ્રી ર. છો. પરીખ કહે છે કે-''બાણભટ્ટની કાદમ્બરી કથા સંસ્કૃત વાઙ્મયની લક્ષ્મી છે, અને ભારતીય સંસ્કૃતિની 'ચિત્રશાલા'* છે; સંસ્કૃત સાહિત્યનું મોહક રત્ન છે, અને જગત્સાહિત્યનું અનુપેક્ષ્ય કુતૂહલ છેઃ[૨૭]

---

૨૭ જુઓઃ કાદમ્બરીનું વસ્તુગુંફન (પૃ. ૩૨૯ થી ૩૪૨) લેખ. 'આકાશભાષિત': ર. છો. પરીખઃ આર. આર. શેઠની કું: મુંબઇ ૧૯૬૪.

* જુઓ : 'પ્રાચીન સાહિત્ય'માં રવીન્દ્રનાથ ટાગોરનો લેખ. (પૃ.)

(૩) **ચણ્ડીશતક** : તેમાં મહિષાસુરનું મર્દન કરનારી દેવી ચણ્ડીની સ્તુતિ કરતા સો શ્લોકોના સમૂહ છે. (દંતકથા અનુસાર કવિ મયૂરની સ્પર્ધામાં બાણે આ શતકની રચના કરેલી.)

(૪) **પાર્વતીપરિણયઃ** શિવ અને પાર્વતીના લગ્નની કથાને વર્ણવતું આ પાંચ અંકનું નાટક છે. તેની પ્રસ્તાવનામાં જ, આ નાટકના કર્તા તરીકે બાણના નામનો ઉલ્લેખ છે. આથી વિદ્વાનોએ સ્વીકાર્યું છે કે આ નાટકના કર્તા કોઈક 'બાણ' છે. પરંતુ સંસ્કૃત સાહિત્યમાં બીજા બાણ નામના કવિઓ પણ થઈ ગયા છે. આથી શ્રી આર. વી. કૃષ્ણમાચારિયર એવું માને છે કે આ નાટકનો કર્તા કોઈ વામન ભટ્ટ ઊર્ફે અભિનવ ભટ્ટબાણ (૧૫મી સદી) હશે. પરંતુ પ્રોફે. આર. ડી. કરમારકર જણાવે છે કે છઠ્ઠી સદીના બાણભટ્ટે આ નાટકની રચના કરી નથી એમ કહેવા માટેનો સમાધાનકારી તર્ક (કે અનુમાન) હજી હાથ લાગ્યો નથી.

(૫) **મુકુટ તાડિતક** : ભીમ અને દુર્યોધનની સ્પર્ધાને રજૂ કરતું નાટક છે. ત્રિવિક્રમભટ્ટકૃત નલચમ્પૂના ટીકાકાર આ નાટકના કર્તા તરીકે બાણનો ઉલ્લેખ કરે છે.

(૬) **સર્વચરિત** : આ કૃતિ વિષે કશી માહિતી ઉપલબ્ધ નથી.

(૭) **પદ્યાત્મક કાદમ્બરી** : ક્ષેમેન્દ્ર કવિ આ કૃતિથી પરિચિત હોય એવું જણાય છે.

3.0 ગદ્યકાવ્યનો ઉદ્ભવ, વિકાસ અને પ્રકારો

3.1 સંસ્કૃત શ્રવ્યકાવ્ય સાહિત્યને મુખ્યત્વે ત્રણ પ્રકારમાં વહેંચવામાં આવ્યું છે :

- કાવ્ય
  - શ્રવ્યકાવ્ય
    - ૧. પદ્યકાવ્ય
      - (૧) મહાકાવ્ય
      - (૨) ખંડકાવ્ય
      - (૩) મુક્તક
    - ૨. ગદ્યકાવ્ય (મુખ્યત્વે)
      - (૧) કથા: અને
      - (૨) આખ્યાયિકા
    - 3. મિશ્રકાવ્ય
      - ચમ્પૂકાવ્ય
  - દૃશ્ય-શ્રવ્ય કાવ્ય
    - ૧૦ પ્રકારનાં રૂપકો (નાટક, પ્રકરણ વગેરે)
    - ૧૮ પ્રકારનાં નાટિકાદિ ઉપરૂપકો

'અગ્નિપુરાણ'માં ગદ્યકાવ્યના પાંચ પ્રકારો વર્ણવ્યા છે. જેમ કે, આખ્યાયિકા, કથા, ખંડકથા, પરિકથા અને કથાનિકા. બીજી તરફ, આનંદવર્ધને પણ આવા જ પાંચ પ્રકારનાં ગદ્યકાવ્યો કહ્યાં છેઃ અલબત્ત, તેમાં 'કથાનિકા'ને બદલે 'સકલકથા' એવો ભેદ કહ્યો છે. (ધ્વન્યાલોક : 3-૮). આમ, સંસ્કૃત ભાષામાં ગદ્યકાવ્યો અનેક પ્રકારે વિકસ્યાં હશે. પરંતુ આ ગદ્યકાવ્યોના ઉદ્ભવ અને વિકાસનો પ્રશ્ન ચર્ચાસ્પદ

છે. કારણ કે 'રામાયણ' અને 'મહાભારત' જેવા ઇતિહાસ ગ્રંથોમાંથી; અને અશ્વઘોષ તથા ભાસાદિની કૃતિઓમાંથી કાલિદાસાદિનાં પદ્યકાવ્યો (અને રૂપક કાવ્યો)નો વિકાસ થયો હશે એમ સરળતાથી જોઈ શકાય છે. જ્યારે દણ્ડિન્, સુબન્ધુ અને બાણભટ્ટ જેવા સમર્થ ગદ્યસર્જકોની કૃતિઓના કોઈ પુરોગામી ગદ્યકાવ્યો ઉપલબ્ધ થતાં જ નથી. આ ત્રણેય સમર્થ ગદ્યસ્વામીઓની અનેકવિધ સિદ્ધિઓ જોતાં એટલું તો માનવું જ રહ્યું કે આ દણ્ડિન્ વગેરેની પૂર્વે પણ બીજા અજ્ઞાત કવિઓએ ગદ્યકાવ્યો જરૂર રચ્યાં જ હશે. જેમકે, ઇ.સ. ૧૫૦ માં મહાભાષ્યકાર પતંજલિએ આખ્યાયિકાઓના નિર્દેશ તરીકે 'વાસવદત્તા', 'સુમનોત્તરા' અને 'ભૈમરથી' નામની આખ્યાયિકાઓ ઉલ્લેખી પણ છે. પરંતુ કમનસીબે આવી કોઈ કૃતિ આજે ઉપલબ્ધ થતી નથી. આથી ગદ્યકાવ્યોના ઉદ્‌ભવ-વિકાસનો પ્રશ્ન ચર્ચાસ્પદ બન્યો છે.

3.2.1. જો કે ગદ્યનું ખેડાણ તો છેક વેદકાળથી થતું રહ્યું છે. ઓલ્ડનબર્ગના મતે તો ઋગ્વેદમાં પણ અમુક અંશે ગદ્ય વપરાયું હતું. પરંતુ સહેલાઈથી કંઠસ્થ થઈ શકતો પદ્યભાગ જ સચવાઈ રહ્યો છે. આજે ઉપલબ્ધ ગદ્યનો પ્રાચીનતમ નમુનો કૃષ્ણયજુર્વેદમાં જોવા મળે છે. કૃષ્ણયજુર્વેદની ત્રણ-તૈત્તિરીય, મૈત્રાયણી અને કાઠક-શાખાઓમાં ગદ્ય વપરાયું છે. અથર્વવેદનો અમુક ભાગ ગદ્યમાં રચાયો છે. ત્યાર પછી બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો અને ઉપનિષદોમાં પણ સીધું સાદું, બોલચાલની ભાષાનું; અને ક્યારેક અંશતઃ આલંકારિક-કાવ્યતત્ત્વથી ભરેલું આહ્‌લાદક ગદ્ય પણ પ્રાપ્ત થાય છે. કેટલાક નમુના જોઈશું : (૧) તાણ્ડ્ય-મહાબ્રાહ્મણમાં 'આંગિરસ શિશુની આખ્યાયિકા' આ પ્રમાણે મળે છે : शिशुर्वा आङ्गिरसो मन्त्रकृतां मन्त्रकृदासीत्। स पितृन् पुत्रका इत्यामन्त्रयत । तं पितरोऽब्रुवन्-अधर्मं करोषि यो नः पितृन् सतः पुत्रका इत्यामन्त्रयस इति । सोऽब्रवीदहं वाव पिताऽस्मि यो मन्त्रकृदस्मीति। ते देवेष्वपृच्छन्त। ते देवा अब्रुवन्-एष वाव पिता यो मन्त्रकृदिति । तद्वै स उदजयत्। उज्जयति शैशवेन तुष्टुवानः ॥ २४ ॥ "શિશુ આંગિરસ મન્ત્રકર્તાઓમાં મન્ત્રકર્તા હતો. તેણે પિતાઓને પુત્રો કહીને બોલાવ્યા. તેના પિતાએ કહ્યું-"તું અધર્મ કરે છે, જે અમે પિતાઓ છીએ તેને તું પુત્રો કહી સંબોધે છે." તેણે કહ્યું "હું જ પિતા છું, જે મન્ત્રકર્તા છું." તેઓએ દેવતાઓમાં પૂછ્યું. તે દેવોએ પણ કહ્યું "તે જ પિતા છે જે મન્ત્રકર્તા છે. તેથી તે ઉત્કર્ષ સાથે જીત્યો. શૈશવ સામથી સ્તુતિ કરનાર ઉત્કર્ષ સાથે જીતે છે.*"

'ઐતરેયબ્રાહ્મણ'નો એક ગદ્યાંશ જોઈએ : चरैवेति चरैवेति वै मा ब्राह्मणोऽवोचत्। इति ह षष्ठं संवत्सरमरण्ये चचार। सोऽजीगर्तं सौयवसिमृषिमशनया परीतमरण्य उपेयाय । तस्य ह त्रयः पुत्रा आसुः-शुनःपुच्छ शुनःशेपः शुनोलांगूल इति। तं होवाच। ऋषेऽहं ते शतं ददामि। अहमेषामेकेनात्मनं निष्क्रीणा इति। स ज्येष्ठं पुत्रं निगृह्णान

उवाच। न न्विममिति। नो एवेममिति कनिष्ठं माता। तौ ह मध्यमे संपादयांचक्रतुः शुनःशेपे। तस्य ह शतं दत्त्वा स तमादाय सोऽरण्याद् ग्राममेयाय । स पितरमेत्योवाच। तत हन्ताहमनेनात्मानं निष्क्रीणा इति। स वरुणम् राजानमुपससारानेन त्वा यजा इति। तथेति। भूयान्वै ब्राह्मणः क्षत्रियादिति वरुण उवाच॥ (૭-૩૩-૪-૧૫) "ફર જ" "ફર જ" એમ મને બ્રાહ્મણે કહ્યું છે (એમ વિચારી) છઠ્ઠું વર્ષ તે અરણ્યમાં ફર્યો. તે ભૂખથી ઘેરાયેલો સુયવસનાં પુત્ર અજીગર્ત ઋષિ પાસે અરણ્યમાં આવ્યો. તેને ત્રણ પુત્રો હતા, શુનઃપુચ્છ, શુનઃશેપ, શુનોલાંગૂલ. તેણે તેને કહ્યું "હે ઋષિ ! હું તને સો (ગાયો) આપું હું આમાંના એક વડે મારી જાતને છોડાવા ઇચ્છું છું. તેણે (ઋષિએ) મોટા પુત્રને પકડીને કહ્યું "આને નહિ." "આને નહિ." એમ નાનાને માતાએ. તેઓએ મધ્યમ શુનઃશેપ વિષે કબુલાત કરી. તેને સો આપી તે તેને લઈ અરણ્યમાંથી ગામમાં આવ્યો. તેણે પિતાની પાસે આવી કહ્યું. "બાપુ ! મેં આના વડે મારી જાતને છુટી કરી છે." તે વરુણ રાજા પાસે ગયો, (અને કહ્યું) "આના વડે હું તને બલિ આપુ છું." 'સારું, ક્ષત્રિય કરતાં બ્રાહ્મણ વધારે સારો' એમ વરુણે કહ્યું. (વૈદિક પાઠાવલી; ગુજરાત પુરાતત્ત્વમંદિર, અમદાવાદ, ૧૯૨૭ અનુવાદક : શ્રી ર. છો. પરીખ).

આમ વાતચીત દરમ્યાનનું સાદું સુબોધ ગદ્ય વૈદિક ગ્રંથોમાં મળે છે. પરંતુ બ્રાહ્મણ ગ્રંથોનું આવું ગદ્ય અતિશય પ્રસ્તારવાળું હતું. આથી ગદ્ય સાહિત્યમાં સૂત્રશૈલીનો અવતાર થયો. જ્યોતિષ, વ્યાકરણ, દર્શન શાસ્ત્રોનાં ગ્રન્થો ગદ્યમાં પણ સૂત્રશૈલીમાં રચાવા લાગ્યાં. કાલાન્તરે આવાં સૂત્રોનો અર્થ દુર્બોધ થતાં વિપુલ **ભાષ્યસાહિત્ય** રચાવા લાગ્યું. આવાં ભાષ્યોમાં જે ગદ્ય વપરાયું છે તે વિશદ, પ્રવાહી, પ્રસન્નગમ્ભીર અને ઓજસ્વી ગદ્ય છે. આના ઉત્તમ નમુના શબરસ્વામી અને પંતજલિએ પૂરા પાડ્યા છે. દા.ત.

कथं पुनर्ज्ञायते सिद्धः शब्दोऽर्थः संबन्धश्चेति। लोकतः। यल्लोकेऽर्थमर्थमुपादाय शब्दान्प्रयुञ्जते नैषां निर्वृत्तौ यत्नं कुर्वन्ति। ये पुनः कार्या भावा निर्वृत्तौ तावत्तेषां यत्नः क्रियते। तद्यथा घटेन कार्यं करिष्यन्कुम्भकारकुलं गत्वाह कुरु घटं कार्यमनेन करिष्यामीति। न तद्वच्छब्दान्प्रयोक्ष्यमाणो वैयाकरणकुलं गत्वाह 'कुरु शब्दान्प्रयोक्ष्ये' इति ॥ (पस्पशाह्निकम्, व्याकरणमहाभाष्यम् ॥)

(પૂર્વપક્ષી) કેવી રીતે જણાય છે કે શબ્દ, અર્થ અને (તેમનો) સંબંધ સિદ્ધ (=નિત્ય) છે ?" (ઉત્તરઃ) જેમકે લોકમાં જુદા જુદા અર્થોને (ધ્યાનમાં) લઈને શબ્દોને-બધા-વાપરે છે; પણ તેમને તૈયાર કરવા માટે કોઈ પ્રયત્ન કરતું નથી. જે કાર્ય (=ઉત્પાદ્ય) પદાર્થો હોય છે. તેમને જ તૈયાર કરવા માટે લોકો પ્રયત્ન કરે છે. જેમકે, ઘડાથી કામ કરનારો (કામ કરવા ચાહતો) માણસ કુંભારના ઘરે જઈને કહે છે કે ઘડો બનાવી આપો: કેમકે મારે એનાથી-ઘડાથી-(પાણી લાવવાનું) કામ કરવું

છે' તેવી રીતે શબ્દોને વાપરનારો (વક્તા) વૈયાકરણને ઘરે જઈને કહેતો નથી કે (થોડાક) શબ્દો ઘડી આપો-બનાવી આપો-; મારે તેનો (સભામાં કે લોકમાં) પ્રયોગ કરવો છે. (આથી સાબિત થાય છે કે શબ્દો, અર્થો અને તેમના સંબંધો સિદ્ધ=નિત્ય છે)."

આ પ્રસન્નગમ્ભીર (=બોલવા–સાંભળવામાં પ્રસન્ન, પણ અર્થબોધની કક્ષાએ ગંભીર) ગદ્યનો નમુનો ઈ.સ. ૧૫૦ના 'વ્યાકરણ-મહાભાષ્ય'માંથી પ્રાપ્ત થાય છે. (આવું જ સુન્દર ગદ્ય શંકરાચાર્યે ૮મી સદીમાં પ્રયોજ્યું છે.)

3.2.2. બીજી તરફ, પ્રાચીન શિલાલેખોમાં પણ ગદ્ય વપરાયું છે. જેમાં ઈ.સ. ૧૫૦-૨ની સાલમાં ગિરનાર ઉપર કોતરાયેલા મહાક્ષત્રપ રુદ્રદામાનો શિલાલેખ અત્રે નોંધપાત્ર છે. કારણ કે વીરચરિત મહાકાવ્યોની શૈલીમાંથી પ્રશિષ્ટ ગદ્યશૈલીનું સ્વરૂપ કેવું વિકસ્યું હતું ? એનું તે જ્વલંત દૃષ્ટાન્ત પૂરું પાડે છે. ડૉ. અમૃત ઉપાધ્યાય કહે છે તેમ તે સંસ્કૃત 'ગદ્યકાવ્ય'નો પહેલવહેલો નમૂનો છે. આ શિલાલેખમાં 'સુદર્શન' સરોવરનો જીર્ણોદ્ધાર કરાવવામાં આવેલો તેની નોંધ છે. 'આ તળાવ હાલ સારી દિશામાં છે.' મહાક્ષત્રપ રુદ્રદામાના શાસનકાળમાં એ ધ્વસ્ત થયું હતું. ચન્દ્રગુપ્ત મૌર્યના સમયમાં આ તળાવ બાંધવામાં આવ્યું હતું અને મૌર્ય અશોકના સમયમાં એ બાંધકામ મજબૂત કરવામાં આવ્યું હતું. હવે એને ફરી બાંધીને વધારે સુંદર-સુદર્શનતર કરવામાં આવ્યું છે.'

तदिदं (तडाकं)....सुष्टवृष्टिना पर्जन्येन एकार्णवभूतायामिव पृथिव्यां कृतायां गिरेरूर्जयतः सुवर्णसिकता-पलाशिनीप्रभृतीनां नदीनाम् अतिमात्रोद्वृत्तैर्वेगैः सेतुम्.... क्रियमाणानुरूपप्रतीकारमपि, गिरिशिखरतरुतटाट्टालकोपतलाद्वारशरणोच्छ्रयविध्वंसिना युगनिधनसदृशपरमघोरवेगेन वायुना प्रमथितसलिल....क्षिप्ताश्मवृक्षगुल्मलताप्रतानम् आ नदीतलादित्युद्घाटितमासीत्। चत्वारि हस्ताशतानि विंशत्युत्तराणि आयतेन एतावन्त्येन विस्तीर्णेन पञ्चसप्ततिं हस्तानवगाढेन भेदेन निस्सृतसर्वतोयं मरुधन्वकल्पमतिभृशं दुदर्शनमासीत् ॥

"આ (સરોવર), જોરદાર વરસાદથી જ્યારે આખી પૃથ્વી એક સમુદ્ર બની ગઈ હતી, જ્યારે સુવર્ણસિકતા, પલાશિની વગેરે ઊર્જયત્ પર્વતમાંથી નીકળતી નદીઓનાં અતિશય ઉછળતાં, વેગવાન પૂર (ધસતાં હતાં), (ત્યારે) બંધની પાળ, અનુરૂપ પ્રતિકારના પ્રયત્ન છતાં, યુગનો અંત લાવી શકે તેવા મહાન તોફાની વેગવાળા અને જે પર્વતોનાં શિખરો, વૃક્ષો, કિનારાઓ અટારીઓ, ઉપલા મજલાઓ, દ્વારો, રહેઠાણો અને ઊંચા સ્થળોને ઉખેડી નાખતો હતો તેવા (વાવાઝોડાના), પવનથી જે (સરોવર)નાં પાણી ખળભળી ઊઠ્યાં હતાં તે (પાણી) (ચોતરફ) ફરી વળ્યાં. ને (આ સરોવર) જેમાં પથ્થરો, વૃક્ષો, છોડવાઓ અને લતાઓનાં ગૂંચળા ફંગોળાયાં હતાં તેથી, નદીની સપાટી સુધી ભરાઈ ગયેલું તેથી (સરોવર) ફાટ્યું. અને ચારસો વીસ હાથ લાંબા અને એટલા જ પહોળા તેમ જ પંચોતેર હાથ ઊંડા ગાબડાથી જેનું બધું જ પાણી નીકળી જવાથી રેતીના રણ જેવું લાગતું (સરોવર) 'દુર્દર્શન' બન્યું હતું. (અનુવાદક : ડૉ. અમૃત ઉપાધ્યાય).

આ શિલાલેખમાં જે ગદ્ય છે તેમાં રહેલું 'સમાસભૂયસ્ત્વ', ક્રિયાપદો (તિઙન્ત પદો)નો સ્વલ્પ વિનિયોગ અને (पर्जन्येन एकार्णवभूतायाम् इव पृथिव्यां कृतायाम्०। 'વરસાદથી પૃથિવી જાણે સમુદ્રમાં ફેરવાઈ ગઈ હોય તેમ' –ઉત્પ્રેક્ષા) અલંકારનો પ્રયોગ નોંધપાત્ર છે.

ડૉ. અમૃત ઉપાધ્યાય, આ શિલાલેખના ગદ્યનો અભ્યાસ કરીને યોગ્ય જ નિર્ણય તારવે છે-"આ ચિત્રની વર્ણનશૈલી જોઈને કોણ કહી શકે કે ઇસવીસનની શરૂઆતનાં શતકોમાં સંસ્કૃત સાહિત્યનું સર્જન થંભી ગયું હતું ? એક પરદેશી કુળનો ક્ષત્રપ રાજા સંસ્કૃતમાં શિલાલેખ કોતરાવે-સમ્રાટ્ અશોકના પ્રખ્યાત શિલાલેખોની બાજુમાં જ-તે હકીકત સંસ્કૃત સાહિત્યના તે વખતના અવિરત વિકાસની જ દ્યોતક છે કે બીજું કંઈ ? સંસ્કૃત સાહિત્યનો 'સુવર્ણયુગ' કેવળ ગુપ્તયુગ પૂરતો મર્યાદિત હતો એમ કહેવામાં પણ શું ઔચિત્ય છે ? આ લેખ અત્યંત સ્પષ્ટ રીતે બતાવી આપે છે કે ઇસવીસનના આરંભકાળમાં ઘણું **વિશિષ્ટ ગદ્ય અને પદ્ય સાહિત્ય સંસ્કૃતમાં રચાતું હતું.** એટલું જ નહિ, એથીય ઘણાં શતકો પહેલાં સર્જનાત્મક લલિત વાઙ્મયનું ખેડાણ ચાલું જ હતું. બીજા શબ્દોમાં પ્રશિષ્ટ સંસ્કૃત શૈલીનો ઇતિહાસ ઇસવીસન કરતાંય જૂનો છે એની નિઃશંક પ્રતીતિ આ લેખ આપે છે. વળી, મહાક્ષત્રપ રુદ્રદામા પોતે પણ "स्फुटलघु-मधुर-चित्र-कान्तशब्दसमयोदारालङ्कृतगद्यपद्य" માં કાવ્યનિર્માણ કરવાનું કૌશલ ધરાવતો હતો એવો શિલાલેખમાં મળતો ઉલ્લેખ શું સૂચવે છે ? સ્પષ્ટ, સરળ, મધુર, સુન્દર અને આકર્ષક શબ્દોમાં કવિસમયોથી વિશિષ્ટ અને અલંકૃત **ગદ્ય** કે **પદ્ય**માં કાવ્યનું સર્જન કરવું એટલે જ પ્રશિષ્ટ કાવ્યશૈલીના એક પ્રકાર જેવી શૈલીમાં સર્જન કરવું. ભલે રાજા એવું સર્જન કરવા કુશળ ન હોય એમ માનીએ તો પણ **ગદ્યપદ્યના પ્રકારની શૈલીમાં થતા સર્જનના પ્રચાર અંગે તો** આપણે લવલેશ શંકા કરી ન શકીએ એટલો બધો સ્પષ્ટ આ ઉલ્લેખ છે." (પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ; ડૉ. અમૃત ઉપાધ્યાય, પૃ. ૨૨૬).

આમ ઇસવીસન પૂર્વેથી (=છેક વેદકાળથી) ગદ્યનો ઉદ્ભવ તો થઈ ચૂક્યો છે. અને નિરુક્તકાર યાસ્ક (ઇ.સ. પૂ. ૬૦૦ લગભગ) ગદ્યની 'અમિતાક્ષર ગ્રંથ' અર્થાત્ જે પાદબદ્ધ કે છન્દોબદ્ધ ન હોય એવી વ્યાખ્યા પણ આપે છે; વળી, વેદ બ્રાહ્મણ, આરણ્યક ગ્રંથો ઉપરાંત સૂત્ર-ભાષ્યશૈલીમાં શાસ્ત્રીય-દાર્શનિક ગ્રંથોનું સર્જન પણ થયું છે. તો બીજી તરફ, ગદ્યના લૌકિક પ્રયોગ બાબતે (આપણે ઉપર જોયું તેમ) શિલાલેખમાં વપરાયેલું ગદ્ય-'ગદ્યકાવ્ય' કોટિનું ગદ્ય-પણ નોંધપાત્ર છે. લગભગ તે જ સમયનો મહાભાષ્યકાર પતંજલિ (ઇ.સ. ૧૫૦)નો "વાસવદત્તા, ભૈમરથી કે સુમનોત્તરા" જેવી આખ્યાયિકા-કૃતિઓનો ઉલ્લેખ પણ સ્પષ્ટપણે સૂચવે છે કે સંસ્કૃત ભાષામાં પ્રચલિત થયેલા ગદ્યે પ્રાચીનતર સમય (ઇસવીસનના આરંભકાળ)થી જ સાહિત્યિક ગદ્યનું સ્વરૂપ સિદ્ધ કરી લીધું હશે.

૩.૩. હાલ મળતી સાહિત્યિક ગદ્યકૃતિઓ મુખ્યત્વે બે ભાગમાં વહેંચી શકાય. લોકકથાઓ અને પ્રણયકથા (Prose-romance) આમાંથી જે શુકસપ્તતિ, સિંહાસનદ્વાત્રિંશત્પુતલિકા, વેતાલપંચવિંશતિકા, અને નીતિવાદી ઉપદેશાત્મક કથાઓ રજૂ કરતી પંચતન્ત્રાદિની લોકકથાઓ છે તેમાં સ્વાભાવિક અને સુબોધ ગદ્યશૈલી પ્રયોજાઈ છે. જ્યારે દશકુમારચરિત, વાસવદત્તા, કાદમ્બરી જેવી પ્રણયકથાઓમાં અલંકૃત ગદ્યશૈલી વપરાઈ છે.

અત્રે એ વિચારણીય છે કે અલંકૃત ગદ્યશૈલીમાં રચાયેલી પ્રણયકથાઓ (Prose romance) નો ઉદ્ભવ ક્યાંથી થયો હશે ? અને એનું ઘડતર કે પોષણ કરનારા પરિબળો કયાં હશે ? આ પ્રશ્ન એટલા માટે ચર્ચાસ્પદ છે કે દણ્ડિન, સુબન્ધુ અને બાણના રચેલાં દશકુમારચરિતાદિ ગદ્યકાવ્યો સંસ્કૃત પ્રણયકથાનાં આદ્ય સર્જનો નથી. આ દશકુમારચરિતાદિની પુરોગામી હોય એવી અનેક કૃતિઓ આજે કાલગ્રસ્ત થઈ ગઈ છે. જેમાંની કેટલીક કૃતિઓના સદ્ભાગ્યે (માત્ર) નામ મળી આવે છે. જેમકે, ભોજના 'શૃંગારપ્રકાશ'માં વરરુચિની 'ચારુમતી' કૃતિનો ઉલ્લેખ છે. રામિલ અને સોમિલની 'શૂદ્રકકથા' પણ સંભળાય છે. ખૂદ બાણ ભટ્ટાર હરિચન્દ્રની ગદ્યકાવ્યકૃતિનો ઉલ્લેખ કરે છે : भट्टारहरिचन्द्रस्य गद्यबन्धो नृपायते ॥ (હર્ષચરિત ૧-૧૨). પણ આવી કોઈ જ કૃતિ આજે ઉપલબ્ધ નથી. અત્યારે Prose-ramance તરીકે-કે કથા-આખ્યાયિકા પ્રકારની કૃતિ તરીકે-કેવળ ચાર કાવ્યો જ મળે છે : (૧) દણ્ડિનૂનું દશકુમારચરિત, (૨) સુબન્ધુની વાસવદત્તા; અને (૩) બાણભટ્ટની કાદમ્બરી તથા (૪) હર્ષચરિત. આ ગદ્યકાવ્યોની ઉત્પત્તિ અને વિકાસ/ઘડતરના પરિબળ અંગે વિવિધ મતો પ્રવર્તે છે. જેમકે,

(क) વેબર અને પિટર્સન જેવા પાશ્ચાત્ય વિદ્વાનો માને છે કે ગ્રીક દેશની પ્રણયકથાઓમાંથી પ્રેરણા મેળવીને સંસ્કૃત પ્રણયકથાઓ રચવામાં આવી છે. પરંતુ ગ્રીક પ્રણયકથાઓમાં પ્રાધાન્યેન કથારસ ઉપર જ ભાર મૂકવામાં આવે છે, જ્યારે સંસ્કૃત પ્રણયકથામાં કથાને નહીંવત્ સ્થાન છે. કથારસને પશ્ચાદ્ભૂમાં રાખીને, અલંકૃત વર્ણનોની હારમાળા રજૂ કરવા જ લગભગ પ્રયત્નો થયા છે. આથી આ મત સ્વીકારી શકાય એમ નથી. પ્રોફે. એ. બી. કીથ તો સ્પષ્ટપણે કહે જ છે કે ગ્રીક પ્રણયકથામાં અને સંસ્કૃત પ્રણયકથામાં સમાન્તરો છે; પણ વૈષમ્ય પણ ઘણું બધું છે તે મહત્ત્વનું છે. આથી બન્ને દેશોમાં તે સ્વરૂપ સ્વતંત્રપણે વિકસ્યું હશે એમ માનવું જોઈએ.[૨૮]

---

૨૮. ... but it is important to recognize that there are parallels between the romance in Greece and India, *but also substantial divergence*, which shows adequately the essential independence of these products of two different civilisations and literatures, that of India and that of Greece. - A. B. Keith

(ख) ભારતીય વિદ્વાનોનું માનવું છે કે-સંસ્કૃત ગદ્યકાવ્ય-પ્રણયકથાનું વૈચિત્ર્યપૂર્ણ કથાવસ્તુ (જેમકે, અતિપ્રાકૃત તત્ત્વો, શાપ, સ્વપ્નમાં નાયક-નાયિકાનું દર્શન, બોલતાં પક્ષીઓ, ઉડતા પલંગ કે ઘોડાઓ, મન્ત્રતન્ત્ર ઈત્યાદિ ભરેલી અદ્ભૂતકથાઓ, પરીકથાઓ, જાદુઈકથાઓ વગેરે) બૃહત્કથા, પંચતન્ત્રાદિ લોકકથાઓમાંથી લેવાયું હશે; તથા શ્લિષ્ટ, સમાસપ્રચૂર, અલંકૃત શૈલી અને વર્ણનપ્રાચુર્ય પ્રશિષ્ટ મહાકાવ્યોમાંથી સ્વીકારાયું હશે. પ્રોફે. સુશીલકુમાર દે અલંકૃત મહાકાવ્યોને જ ગદ્યકાવ્યના પૂર્વજ તરીકે ઓળખાવે છે : "The prose romance can not be directly traced back to the popular tale represented by Guhya's work, its immediate ancestor is the ornate kavya itself, whose graces were transferred from verse to prose for the purpose of rehandling and elaborating the popular tale."

પદ્ય મહાકાવ્યોને ગદ્યકાવ્યના પૂર્વજ (ancestor) કહેવા એના કરતાં; ગદ્યકાવ્યોને મહાકાવ્યનાં 'વારસદાર' કહેવા વધુ સમુચિત જણાય છે.

ડૉ. અમૃત ઉપાધ્યાય જણાવે છે કે-"આમ સંસ્કૃત ગદ્યકાવ્ય બે મૂળમાંથી પોષણ લઈને જન્મે છે ને વિકસે છે. એક તરફથી એ લોકકથાનો કથાભંડાર મોકળાશથી લૂંટે છે ને બીજી તરફથી કથા આલેખવાની પદ્ધતિ તથા લલિત સાહિત્ય-સ્વરૂપ પ્રશિષ્ટ કાવ્ય પાસેથી લે છે. અલબત્ત, લોકકથાના વસ્તુને સંસ્કૃત ગદ્યકવિ ઘાટ આપે છે, એમાંનાં અતિપ્રાકૃત તત્ત્વોને તેમ જ એના કેન્દ્રમાં રહેલા તત્ત્વને પોતાની કાવ્યવિભાવનાને અનુકૂળ પરિવર્તનથી પરિષ્કૃત કરે છે, કૃતિમાં કથા કહેવાની વિશિષ્ટ યોજના બનાવે છે ને કથા રજૂ કરવામાં ભારતીય કથનકલાની આવડતોનું સુન્દર પ્રદર્શન કરે છે. ટૂંકમાં, ગદ્યકાવ્ય પદ્યરૂપ સિવાયની બધી જ બાબતોમાં-કળા સ્વરૂપમાં, કલ્પનોત્પ્લવનમાં, રચનાચાતુર્યમાં ને વર્ણનનૈપુણ્યમાં સંસ્કૃત કાવ્યનું જ પ્રતિરૂપ બની રહે છે. બલકે, લાંબા સમાસોની ભરમારથી, સાતત્યભરી જટિલ શ્લેષપરંપરાથી, અનુપ્રાસથી અને ઝડઝમકથી ને પાંડિત્યપૂર્ણ સંદર્ભ પ્રપંચથી સંસ્કૃત ગદ્યકાવ્ય સંસ્કૃત પદ્યકાવ્ય કરતાં વધારે શ્રમસિદ્ધ અને ભારઝલ્લું લાગે છે." (પૃ. ૨૫૮).[૨૯]

---

૨૯. આ પરિસ્થિતિની વિશેષમાં સમીક્ષા કરતાં ડૉ. ઉપાધ્યાયે એમ પણ લખ્યું છે કે- "વસ્તુતઃ 'દશકુમારચરિત'નો અપવાદ કરતાં બાકીની ગદ્યકાવ્ય કૃતિઓમાં વિષયભૂત સાદી કથા તો ક્યાંય બાજુ પર રહી જાય છે ને કવિ પોતાની વિદ્વત્તાના અને કલ્પનાના પૂરા બળ સાથે કૃતિને શણગારવા મંડી પડે છે. જેથી છેવટે કથામાં વર્ણનો અને અલંકારોના ખડકલા રચાય છે. આમ ગદ્યમાં રચાયેલું હોવા છતાં સંસ્કૃત ગદ્યકાવ્ય શણગારેલી કાવ્યરીતિનો, એની બધી મર્યાદાઓ સાથે, પૂર્ણતયા સ્વીકાર કરે છે.

3.4 ગદ્યકાવ્યના પ્રકારો : શ્રવ્યકાવ્યના એક પેટા ભેદ તરીકે ગદ્યકાવ્યનો અગાઉ Ref. (3.1) નિર્દેશ કર્યો છે. આ ગદ્યકાવ્યના મુખ્યત્વે બે પ્રકારો (૧) કથા અને (૨) આખ્યાયિકા સુપ્રચલિત છે. આલંકારિકોએ આ બન્નેનાં લક્ષણોની વિગતે ચર્ચા કરી છે. (જિજ્ઞાસુએ પરિશિષ્ટ-૧ જોવું.)

ભામહાદિ આલંકારિકોએ 'કથા' અને 'આખ્યાયિકા'નાં જે લક્ષણો તારવ્યાં છે તે નીચે મુજબ છે :-

૧. કથા :

(૧) 'કથા'માં વિષયવસ્તુ કવિકલ્પિત હોય છે.

(૨) નાયક સિવાય બીજી કોઈ વ્યક્તિના મુખેથી કથાની રજૂઆત થાય છે.

(૩) 'કથા'માં જો કોઈ વિભાજન કર્યું હોય તો તેને 'લંભક' કે 'લંબક' એવું નામ આપવામાં આવે છે.

(૪) કથામાં વચ્ચે વચ્ચે આર્યા છન્દનો પ્રયોગ હોઈ શકે.

(૫) 'કથા'ની રજૂઆત સંસ્કૃત ભાષા ઉપરાંત અપભ્રંશ ભાષામાં પણ થઈ શકે.

(૬) આરંભે મંગલશ્લોક અને દુર્જનનિંદાદિ પણ મૂકવામાં આવે છે.

(૭) રસને બાધક ન બને એમ 'ગાઢબંધતા' આવકાર્ય છે.

૨. આખ્યાયિકા :

(૧) 'આખ્યાયિકા'માં સત્યઘટના કે ઐતિહાસિક ઘટનાનું આલેખન કરવામાં આવે છે.

(૨) નાયક પોતે જ કથાની રજૂઆત કરે છે.

(૩) 'આખ્યાયિકા'નું જુદાજુદા પ્રકરણોમાં વિભાજન કરવામાં આવ્યું હોય છે; અને તેને 'ઉચ્છ્વાસ' કે 'આશ્વાસ' એવું નામ આપવામાં આવે છે.

(૪) અ. વક્ત્ર અને અપરવક્ત્ર છન્દમાં લખાયેલા શ્લોકો વચ્ચે વચ્ચે ગુંથવામાં આવ્યા હોય છે.

બ. આવા શ્લોકો ભવિષ્યમાં બનનારી ઘટનાઓનું સૂચન કરે છે.

એટલું જ નહિ, એ રીતિને ઑર આકર્ષક, ઑર ભભકભરી અને ઑર અચંબો પમાડનારી બનાવીને છોડે છે. આથી 'ગદ્યકાવ્ય'નું સર્જન 'પદ્યકાવ્ય'ના સર્જન કરતાં બહુ કઠિન બની ગયું. સારા સારા કવિઓ પણ ગદ્યસર્જનનો પડકાર ઝીલવા અસમર્થ બને એવું જટિલ અને કૃત્રિમ એનું સ્વરૂપ બની ગયું. તેથી જ કદાચ 'गद्यं कवीनां निकषं वदन्ति'-ગદ્ય એ તો કવિઓની કસોટી કહેવાય છે, એવી સાહિત્યિક કહેવત ઉત્પન્ન થઈ હશે. આમેય સંસ્કૃતમાં ગદ્યની પરંપરા છેકથી પાતળી છે ને જે થોડુંઘણું કસાયેલું ગદ્ય છે તે શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક ગ્રંથોમાં ભાષ્ય કે ટીકારૂપે છે. તેમાં વળી ગદ્ય સાહિત્યની કૃતિઓ (પદ્ય) કાવ્યને રવાડે ચઢી-ના, કાવ્ય જોડે સરસાઈની રમતમાં પડી-તેથી સાદા, પ્રાંજલ ગદ્યની આ ભાષામાં હંમેશાં ઊણપ રહી છે. " (પૃ. ૨૫૮).

(૫) 'આખ્યાયિકા'માં કન્યાહરણ, સંગ્રામ, વિયોગ, વિપત્તિ વગેરે પ્રસંગોની ગુંથણી કરવામાં આવે છે.

(૬) 'આખ્યાયિકા'ને માટે કેવળ સંસ્કૃત ભાષા જ વાપરી શકાય છે.

(૭) કવિ-વંશનું વર્ણન કરવામાં આવ્યું હોય છે.

(૮) ટૂંકા અને મધ્યમ કદના સમાસ હોય છે. કરુણ કે વિપ્રલંભ શૃંગારમાં ખૂબ લાંબા સમાસ ત્યાજ્ય છે.

*

ભામહાદિ આલંકારિકોએ આપેલાં પૂર્વોક્ત લક્ષણોનો અભ્યાસ કર્યા પછી, આચાર્ય દણ્ડિન્‌ને એવું લાગ્યું છે કે 'કથા' અને 'આખ્યાયિકા'ના આ 'ભેદક' લક્ષણો ગણી શકાય એમ નથી. આવા ભેદો તો માત્ર ઔપચારિક અને બાહ્યશિલ્પને જ રજૂ કરે છે. 'કથા' કે 'આખ્યાયિકા'ની રચના કરતી વખતે આ લક્ષણોનું પરિપાલન અનિવાર્ય જણાતું નથી. કેમકે નાયક પોતે વાર્તા કહે કે બીજો કોઈ એમાં શો ફરક પડવાનો છે ? વાર્તાનું વિભાજન 'ઉચ્છ્‌વાસ'ના નામે થાય કે 'લંબક'ના નામે-એમાં શું તફાવત પડી જવાનો છે ? વક્ત્રાપરવક્ત્ર છન્દ વાપરો કે આર્યા છન્દ વાપરો એનાથી 'કથા' કે 'આખ્યાયિકા'નું કોઈ ચોક્કસ સ્વરૂપ બંધાતું નથી. ભાષા સંસ્કૃત વાપરો કે અપભ્રંશ-તે તો માત્ર એક માધ્યમ છે. વળી, કન્યાહરણાદિ પ્રસંગો તે કથા અને આખ્યાયિકા બન્નેમાં ગુંથી શકાય. (આવાં વર્ણનો તો મહાકાવ્યોમાં પણ જોવા મળે છે. એનાથી પણ કોઈ તાત્ત્વિક ભેદ સિદ્ધ કરી શકાતો નથી. (જુઓ: પરિશિષ્ટ-૧માં દણ્ડિન્‌ની 'કાવ્યાદર્શ'ની કારિકાઓ ૧-૨૩ થી ૩૦) છેલ્લે દણ્ડિન્‌નો એ નિષ્કર્ષ છે કે ''કથા અને આખ્યાયિકા એ ('ગદ્યકાવ્ય'ની) એક જ જાતિ છે; પણ તે (એક જ જાતિ)ને બે સંજ્ઞાઓ આપવામાં આવી છે.[૩૦]

આચાર્ય દણ્ડિન્ 'કથા' અને 'આખ્યાયિકા'ના ભેદોનો માત્ર સૈદ્ધાન્તિક અસ્વીકાર કરીને અટક્યા નથી; તેમણે दशकुमारचरितम् નામના એક ગદ્યકાવ્યનું એવું સર્જન કર્યું કે જેમાં 'કથા' અને 'આખ્યાયિકા' બન્નેનાં લક્ષણો સમ્મિલિત કરી દીધાં છે ! આમ તેમણે 'કથા' અને 'આખ્યાયિકા'ના ભેદક લક્ષણોનો વિરોધ ભારે અભિનિવેશપૂર્વક કર્યો છે. પરંતુ અહીં એ પણ નોંધપાત્ર છે કે દણ્ડિન્‌ની વાત તેના કોઈ અનુગામી આલંકારિકે સાંભળી નથી. રુદ્રટ અને વિશ્વનાથે તો ભામહના વિચારોને જ, કેટલીક વિગતો ઉમેરીને આગળ ચલાવ્યા છે. (પરિશિષ્ટમાં આમનાં લક્ષણો જોવાથી આ મુદ્દો સ્પષ્ટ થશે.)

'કથા'અને 'આખ્યાયિકા'નાં ભેદક લક્ષણોને રજૂ કરતાં ભામહાદિ આલંકારિકો વિષે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વિચારતાં એમ જણાય છે કે ભામહે કોઈ પ્રાચીન પરંપરાગત ગદ્યકાવ્યનાં સ્વરૂપો વર્ણવ્યાં છે, પરંતુ પાછળના કવિઓ આ લક્ષણોને

---

૩૦. तत्कथाख्यायिकेत्येका जातिः संज्ञाद्वयाङ्किता । (१-२७).

વળગી રહ્યા નથી. દા.ત. 'કથા'નાં લક્ષણો જ કાદમ્બરીને લાગુ પડતાં નથી.[૩૧] દણ્ડિને, કે જે બાણના પ્રશંસક (જણાય) છે, તેમણે 'કથા' અને 'આખ્યાયિકા'ના આવા ભેદોને નકારી કાઢ્યા છે; અને એ રીતે (કથા વગેરેના) સ્વીકૃત લક્ષણોનું પરિપાલન નહીં કરનાર બાણની જાણે વકીલાત કરી છે. આથી જ્યારે રુદ્રટ 'કથા' અને 'આખ્યાયિકા'નાં ભેદકલક્ષણોની ચર્ચા કરવા બેસે છે ત્યારે તેઓ ગદ્યકાવ્યની ઉપલબ્ધ કૃતિઓની પરિસ્થિતિ જોઈને; તેમણે આખ્યાયિકાનાં લક્ષણો એવી રીતે બાંધ્યા કે જે 'હર્ષચરિત'ને લાગુ પડે; અને 'કથા'નાં લક્ષણો એવાં આપ્યાં કે જે 'કાદમ્બરી'ને બંધબેસતા થાય ! આ પછીના આલંકારિકોએ આ ચર્ચાનો વિસ્તાર કર્યો નથી; છતાંય વિશ્વનાથ જેવા આલંકારિકો પરંપરાગત રૂઢ/જૂના વિચારોને ભૂલ્યા પણ નથી; એ પણ કહેવું જાઈએ.

'કથા' અને 'આખ્યાયિકા'નાં લક્ષણો જે ઉપર આપ્યાં છે; તેમાંથી પહેલા ભેદને બાદ કરતાં બીજાં લક્ષણો આ દ્વિવિધ ગદ્યકાવ્યનાં બાહ્ય સ્વરૂપને જ વર્ણવે છે.[૩૨] જ્યારે માત્ર પહેલું લક્ષણ જ એવું છે કે જેમાં આ બે ગદ્યકાવ્યોમાં રહેલો તાત્ત્વિક ભેદ નોંધાયો છે. જો કે આ તાત્ત્વિક ભેદ કોઈ આલંકારિકના હાથે નોંધાયો જણાતો નથી. અમરકોશકારે કદાચ પહેલવહેલા આ તાત્ત્વિક ભેદ ઉપસાવ્યો છે : **आख्यायिका उपलब्धार्था;** અને **प्रबन्धकल्पना कथा ॥** (આંમાંથી જ સંભવતઃ સૂચન લઈને પાછળથી 'અલંકારસંગ્રહ'માં નોધાંયુ કે – **गद्यं तु गदितं द्वेधा, कथा चाख्यायिकेति च । कथा कल्पितवृत्तान्ता सत्यार्थाख्यायिका मता ॥**) આમ, આખ્યાયિકા સત્ય હકીકત ઉપર નિર્ભર હોય છે, પણ કથા (કવિ) કલ્પિતવૃત્તાન્ત લઈને ચાલે છે.

---

૩૧. Peterson says : This is a description wholly inapplicable to Kadambari. but it is an exact description of Yasastilakacampu. I conclude that the definition of Katha was drawn up at a time when the literary pantheon of India opened its doors to adherents of all creeds and that Kadambari was dragged into the explanation by later fanatics who abhorred the Jain and his works and would find no better illustration among the books left to them of a definition which they were too conservative to abandon.

૩૨. "સંસ્કૃત આલંકારિકોએ જે રીતે કાવ્યનું વર્ગીકરણ વિચાર્યું છે તેમાં આનંદવર્ધનના પૂર્વાચાર્યો અને આનંદવર્ધન તથા તેના અનુગામી આચાર્યોનાં દૃષ્ટિબિન્દુઓમાં પાયાનો તફાવત જોવા મળે છે. ભામહાદિ પૂર્વાચાર્યોએ જે ભેદોપભેદ વિચાર્યા છે તે કેવળ **બાહ્ય સ્વરૂપલક્ષી** છે, વસ્તુલક્ષી નહીં. જો કે, તે કાવ્યપ્રકારમાં ક્યારેક વસ્તુ અંગેની પણ ચર્ચા જોવા મળે છે. પણ આનંદવર્ધને કાવ્યમાં રહેલા પ્રતીયમાન તત્ત્વના અનુસન્ધાનમાં જે ધ્વનિ આદિ ત્રિવિધ વર્ગીકરણ આપ્યું છે તેવું ભામદાહિમાં જોવા મળતું નથી."–ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ, (દ્વિતીયાવૃત્તિ) લે. પ્રાફે. તપસ્વી નાન્દી, યુનિ. ગ્રન્થનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૪ પૃ. ૨૧૭.

સત્ય હકીકત ઉપર જેનું નિર્માણ થયું હોય તેવી આખ્યાયિકા કૃતિનું ઉત્કૃષ્ટ (અને એકમાત્ર) ઉદાહરણ તે હર્ષચરિત છે; અને કવિકલ્પિત કથાવસ્તુને રજૂ કરતી કથાકૃતિનું પરમોત્કૃષ્ટ ઉદાહરણ તે કાદમ્બરી છે. આમ ગદ્યકાવ્યના બે મુખ્ય ભેદો– કથા અને આખ્યાયિકા–ના નમૂના (અને ઉત્તમ કોટિના નમૂના) પૂરા પાડવાનો અમર યશ મહાકવિ બાણભટ્ટના ફાળે જાય છે; તે અંગે ઉલ્લેખનીય છે.

4.0 'હર્ષચરિત'નો પરિચય

4.1 ભૂમિકા: બાણભટ્ટે સમ્રાટ્ હર્ષવર્ધનના (ઇ.સ. ૬૦૬ થી ૬૪૮) જીવનચરિતને ઉદ્દેશીને લખેલું 'આખ્યાયિકા' પ્રકારનું ગદ્યકાવ્ય તે 'હર્ષચરિત' છે. તેમાં કુલ આઠ ઉચ્છ્વાસ આવેલા છે. અગાઉ નિર્દેશ કર્યો છે તેમ, 'હર્ષચરિત'ના પહેલા અઢી ઉચ્છ્વાસમાં કવિ બાણભટ્ટે પોતાનો આત્માવૃતાન્ત (auto-biography) લખ્યો છે. ['આખ્યાયિકા'નાં પૂર્વોક્ત લક્ષણો અનુસાર આ આત્મકથાનક અંશમાં (ઉપ)નાયકે-બાણે-પોતે જ પોતાની આત્મકથા કહી છે. પરંતુ તેમાં બાણે પોતાનો 'ઉત્તમ પુરુષ' first person તરીકે ઉલ્લેખ કર્યો નથી. પણ 'પ્રથમ પુરુષ' third person તરીકે ઉલ્લેખ કર્યો છે. જેમ કે. अलभत च चित्रभानुस्तेषां मध्ये राजदेव्यभिधानायां ब्राह्मण्यां बाणमात्मजम् । सः (=वाणः) एव बलवतो विधेर्वशादुपसंपन्नया व्ययुज्यत जनन्या । ....गृहात् निरगात् । (1.15) વગેરે] અને ત્યાર પછીનો એટલે કે તૃતીય ઉચ્છ્વાસના ઉત્તરાર્દ્ધથી આરંભીને આઠમા ઉચ્છ્વાસના અન્ત સુધી બાણે સમ્રાટ્ હર્ષવર્ધનના જીવનચરિતને (biography) આલેખતી (ઐતિહાસિક ઘટનામૂલક) કથા રજૂ કરી છે.

અલબત્ત, અહીં એ સ્પષ્ટ કરવું જોઈએ કે હર્ષવર્ધનના જીવનચરિતને આલેખતી આ આખ્યાયિકા સર્વાંશે 'ઐતિહાસિક' નથી, તેમનાં ઘણાં વર્ણનો કવિકલ્પનાથી, ઉપમા, ઉત્પ્રેક્ષાદિ અલંકારથી અલંકૃત થઈને રજૂ થયાં છે. શ્રી વાસુદેવશરણ અગ્રવાલ કહે છે કે "હર્ષચરિતને વિશુદ્ધ ઐતિહાસિક ગ્રન્થ કહી શકાશે નહીં. તેમાં કાવ્યની શૈલીમાં બાણે હર્ષનું જીવન, તેમનું વ્યક્તિત્વ, સમકાલીન કેટલીક ઘટનાઓ અને સંબંધિત પાત્ર ઇત્યાદિ વાતોનું કાવ્યમયી શૈલીમાં વર્ણન કર્યું છે." (પૃ.૯). છતાંય એ પણ કહેવું જોઈએ કે હર્ષચરિત'માં (क) કવિવંશ પરિચય, બાણનું આત્મવૃત્તાન્ત અને (ख) હર્ષવર્ધનનું જીવનચરિત હોવા ઉપરાંત (ग) (બાણ કે) હર્ષવર્ધનકાલિક ભારતનું સાંસ્કૃતિક ચિત્ર પણ વિગતે પ્રાપ્ત થાય છે. આ ત્રિવિધ દૃષ્ટિકોણ ઉપરાંત (घ) સાહિત્યિક દૃષ્ટિએ જોઈએ તો હર્ષચરિતનું એક 'ગદ્યકાવ્ય' તરીકે પણ ઉલ્લેખનીય મહત્ત્વ છે.

4.2 'હર્ષચરિત'ના આઠેય ઉચ્છ્વાસમાં જોવા મળતી કથાનો સાર અને વિવિધ વર્ણનોની વિગતો આ પ્રમાણે છે:- **પ્રથમ ઉચ્છ્વાસમાં** કવિ બાણભટ્ટે આરંભે જે ૨૧ પ્રાસ્તાવિક શ્લોકો મૂક્યા છે તેમાં શિવ-પાર્વતીને વંદન કર્યાં છે, અને ત્યાર પછી સર્વજ્ઞ કવિવેધા વ્યાસને પણ પ્રણામ કર્યા છે. ત્યારબાદ કુકવિ અને કાવ્યચોરની નિન્દા કરી છે. ભારતવર્ષના જુદા જુદા પ્રાન્તોમાં ચાલતી સાહિત્યિક

પ્રવૃત્તિઓ-રીતિઓનો ઉલ્લેખ પણ છે, અને પોતાના પુરોગામી કવિઓ, તેમની વિશેષતાઓ, સિદ્ધિઓ વગેરેનું એક સહૃદય વિવેચક તરીકેનું મૂલ્યાંકન અને પ્રશસ્તિ રજૂ કરી છે. આખ્યાયિકો પ્રકારના ગદ્યકાવ્યનો આદર્શ શો હોઈ શકે તે પણ કહ્યું છે. ત્યાર પછી છેલ્લે, જે પ્રસ્તુત છે– હર્ષવર્ધનનું ચરિત–તેની પ્રસ્તાવના કરતાં 'શ્રીપર્વત સમા હર્ષ જય પામે છે' એમ કહીને આખ્યાયિકાના પ્રથમ ઉચ્છ્વાસનો આરંભ કરે છે.

*

કવિ બાણભટ્ટે આખ્યાયિકાના આરંભે 'વંશ-વર્ણન' કરવાના આશયથી, બ્રહ્મલોકથી વાત શરૂ કરે છે. બ્રહ્માની હાજરીમાં શાસ્ત્રગોષ્ઠિ કરતાં કરતાં સુલભકોપ દુર્વાસા મન્દપાલ નામના મુનિ જોડે કલહ કરી બેસે છે, અને તેઓ ક્રોધાન્ધ થઈ જતાં સામમન્ત્રનો વિસ્વરે પાઠ કરી બેઠા. આથી બ્રહ્માની બાજુમાં બિરાજમાન સરસ્વતી (મશ્કરીમાં) હસી પડી. પરિણામ સ્પષ્ટ હતું. દુર્વાસાએ સરસ્વતીનો વિદ્યામદ ઊતારવા માટે શાપ આપ્યો કે 'તું જા પૃથ્વી ઉપર.' શાપ પામેલી સરસ્વતીની સાથે, તેની સખી સાવિત્રી પણ પૃથિવી લોક ઉપર ઊતરી આવે છે. (બ્રહ્માની કૃપાથી તે શાપ સરસ્વતીના પુત્રનું મુખદર્શન કરવા સુધીની અવધિવાળો જ હતો.) ત્યાં ચ્યવનના પુત્ર દધીચ જોડે તે સમાગમમાં આવે છે. સરસ્વતી અને દધીચથી 'સારસ્વત' નામના પુત્રનો જન્મ થાય છે. સરસ્વતી સ્વર્ગમાં પાછી ફરે છે. દધીચે પણ પુત્ર સારસ્વતને પોતાના એક પિતરાઈ બ્રાહ્મણ ભાઈની પત્ની અક્ષમાલાને સોંપી દીધો, અને પોતે તપ કરવા વનમાં જતો રહ્યો. આ સમયે અક્ષમાલાએ પણ પોતે એક 'વત્સ' નામના પુત્રને જન્મ આપ્યો હતો. આ વત્સની સાથે સાથે સારસ્વતનું સંવર્ધન થયું. સરસ્વતી દેવીની કૃપાથી સારસ્વતને વેદ-વેદાંગ સહિત સર્વશાસ્ત્ર-કલા વગેરેનું જ્ઞાન સહજ-પ્રાદુર્ભૂત થયું હતું. તે સઘળું જ્ઞાન તેણે સહોદર સમા ભ્રાતા વત્સમાં સંક્રાન્ત કર્યુ. આ વત્સથી જે વાત્સ્યાયન વંશનો આરંભ થયો. તેમાં કાલક્રમે કુબેરથી પાશુપત, પાશુપતથી અર્થપતિ, અર્થપતિથી ચિત્રભાનુ અને ચિત્રભાનુથી બાણનો જન્મ થયો. આમ કવિ બાણભટ્ટ પિતૃવંશ પરંપરાની દૃષ્ટિએ 'વાત્સ્યાયન' છે અને વિદ્યાવંશની દૃષ્ટિએ 'સારસ્વત' છે એમ જણાવીને પ્રથમ ઉચ્છ્વાસમાં પોતાના દ્વિવિધ વંશનું વર્ણન કર્યુ છે.

તદુપરાંત, બાણભટ્ટે પોતે બાલ્યાવસ્થામાં જ માતાનું સુખ ગુમાવ્યું, ત્યાર પછી લગભગ ૧૪ વર્ષની ઉંમરે પિતાનું છત્ર ગુમાવ્યું એનું કરુણ કથન છે. બીજી તરફથી, બાણમાં જન્મજાત ભારે-અદમ્ય-કુતૂહલવૃતિ પણ પરમાત્માએ મૂકી હોય છે. આથી બાણ સ્વૈરવિહારી બને છે અને સમાજના વિવિધ સ્તરના માણસો, વિદ્વાનો, કલાકારો, ધૂતારાઓ પ્રકારના ૪૪ જેટલા મિત્રોનું સાહચર્ય માણે છે. આ બધી વિગતો બહુ રસપ્રદ છે. કુતૂહલવૃત્તિથી પરવશ એવા બાણ છેવટે "પોતાના ઘરમાં આજીવન ન ખૂટે, ન તૂટે એવો વિદ્યોપાર્જનનો અવકાશ હોવા છતાંય, અને બ્રાહ્મણજનને ઉચિત એવો પિતૃપિતામહે એકઠો કરેલો વિભવ હોવા છતાંય–દેશ–

દેશાન્તર જોવાના કુતૂહલવૃત્તિથી આક્ષિપ્ત થયેલા હૃદયવાળા'' થઈને ઘર છોડીને દેશાટન કરવા ચાલ્યા જાય છે ! વર્ષો પછી અનુપમ, અમૂલ્ય, અનુભવથી સમ્પન્ન થઈને બાણ પોતાના 'બ્રાહ્મણાધિવાસ' ગ્રામમાંના 'પ્રીતિકૂટ' નામના નિવાસસ્થાને પાછા ફરે છે. ત્યાં જૂના મિત્રો, સ્નેહીઓ, સગાઓ અને બાંધવોને મળીને, તેમના થકી આદરસત્કાર પામીને તે જાણે મોક્ષસુખનો અનુભવ કરે છે. અહીં પ્રથમ ઉચ્છ્વાસ પૂરો થાય છે.

આ ઉચ્છ્વાસમાં સરસ્વતી, સાવિત્રી, પ્રદોષસમય, મન્દાકિની નદી, દધીચ યુવાન અને દધીચની સખી માલતીનું કાવ્યમય શૈલીમાં વર્ણન છે. આ બધાં વર્ણનો ઉપરાંત બાણના ૪૪ મિત્રોની નામનિર્દેશવાળી વિગતપૂર્ણ રસપ્રદ યાદી પણ છે. આ ઉચ્છ્વાસનું 'વાત્સ્યાયનવંશવર્ણન' એવું શીર્ષક આપવામાં આવ્યું છે.

*

બીજા ઉચ્છ્વાસમાં–બાણની સમ્રાટ્ હર્ષવર્ધન સાથેની સાહિત્ય જગત્માં સુપ્રસિદ્ધ એવી પ્રથમ મુલાકાત વર્ણવાઈ છે. દેશાટનથી પાછા ફરેલા બાણભટ્ટ પોતાના નિવાસસ્થાનમાં સુખેથી રહેતા હોય છે. તે સમયે બ્રાહ્મણાધિવાસના બ્રાહ્મણના ઘરો-ભવનો-માં વેદ શાસ્ત્રાદિનું અધ્યયન– અધ્યાપન પૂર જોશમાં ચાલતું હોય છે. યજ્ઞયાગાદિ ધાર્મિક ક્રિયાકાંડ પણ પ્રવર્તમાન હોય છે. એવામાં ગ્રીષ્મઋતુનો સમય આવ્યો. ત્યારે હર્ષના (કોઈક) ભાઈ કૃષ્ણે 'મેખલક' નામના સંદેશવાહક જોડે બાણને એક લેખ મોકલાવ્યો; અને સંદેશમાં જણાવ્યું કે વિલંબ કર્યા વિના રાજા હર્ષને મળવા આવવું. બાણ જવા વિષે થોડો વિચાર કરીને, બીજા દિવસે ધાર્મિક વિધિઓ કરીને, શુભશુકન જોઈને મેખલક જોડે ચાલી નીકળે છે. ત્રીજે દિવસે અજિરવતી નદીના કિનારે મણિતાર (કે મણિપુર) નામના ગામની નજીક રાજા હર્ષની છાવણી પાસે પહોંચી જાય છે. બાણભટ્ટ બહુ રસથી સ્કન્ધાવારની આસપાસ, બહાર રોકાયેલા ખંડીયા–સામન્ત–રાજાઓ, અશ્વશાળા, ઊંટોના સમૂહ અને રાજાનો વ્યક્તિગત ગજરાજ 'દર્પશાત' જુવે છે. ત્યાર પછી, બાણ ત્રણ કક્ષ્યો ઓળંગીને, લગભગ બપોરના સમયે ભુક્તાસ્થાન મંડપમાં બિરાજેલા હર્ષનો સાક્ષાત્કાર કરે છે. હર્ષની સમ્મુખ ઊભા રહીને 'સ્વસ્તિ' શબ્દનો ઉચ્ચાર કરે છે. પણ હર્ષે પોતાની પાછળ બેઠેલા માલવરાજપુત્રને કહ્યું કે महानयं भुजङ्गः । 'આ ભારે લંપટ/જંગલી છે.' રાજાએ બાણને ક્ષુભિત કરવા–એની પરીક્ષા લેવા–આવું બોલી તો કાઢ્યું પણ બાણનું આંતર તેજ-સત્ત્વ અસાધારણ હતું તે જાગી ઊઠ્યું. બાણભટ્ટે બહુ આત્મગૌરવપૂર્વક પોતે સોમપાયી વાત્સ્યાયન વંશમાં જન્મેલા વેદશાસ્ત્રાદિ ભણેલા બ્રાહ્મણ ગૃહસ્થ હોવાનો ઉલ્લેખ કરીને, રાજાને પ્રતિપ્રશ્ન કર્યો: का मे भुजङ्ग-ता/का मे भुजं गता । 'મારામાં કયું લંપટપણું કે જંગલીપણું છે ?' 'મારા બાહુઓમાં કોણ (સ્ત્રી) રહેલી છે ?' બાણે આવો જે શ્લિષ્ટ પ્રશ્ન કર્યો, અથવા તો તેમાં જ હર્ષને બાણનો પરિચય મળી ગયો. [कामे भुजंग-ता। કામદેવમાં ભુજંગ-તા છે; 'અર્થાત્ મારામાં નહીં' -એવો ત્રીજો અર્થ પણ લઈ શકાય.] પછી તો થોડાક જ સમયમાં બાણ હર્ષના આદર-સત્કાર અને સ્નેહનું પાત્ર બની જાય છે. અહીં 'રાજદર્શન' નામનો બીજો ઉચ્છ્વાસ પૂરો થાય છે.

આ બીજા ઉચ્છ્વાસમાં બ્રાહ્મણોના ભવનોનું, નિદાઘકાલ (ગ્રીષ્મઋતુ)નું–ઉનાળાની–લૂનું, દાવાગ્નિનું–રૌદ્ર–ભયાનક રસથી ભરેલું વર્ણન છે. ત્યાર પછી હર્ષના સ્કન્ધાવારમાં રહેલી અશ્વશાળા, ઊંટો, રાજાનો દર્પશાત હાથી અને સમ્રાટ્ હર્ષવર્ધનનું ભવ્યાતિભવ્ય વર્ણન મૂક્યું છે. (ત્યાર પછી હર્ષ સાથેની થયેલી બાણની પ્રથમ વાતચીત નિરૂપાઈ છે.) છેલ્લે નગરના પરિસરમાં ઊતરેલી સન્ધ્યાનું-સન્ધ્યાના પ્રભાવનું બહુ રોચક વર્ણન મૂક્યું છે.

*

'રાજવંશ વર્ણન' માનના **ત્રીજા ઉચ્છ્વાસ**માં-બાણ ગ્રીષ્મઋતુમાં હર્ષને મળવા ગયા પછી, છેક શરદઋતુમાં પોતાના મૂળ બ્રાહ્મણાધિવાસમાં પાછા ફરે છે એની આરંભે નોંધ છે.

બાણને મળીને તેના સગાં-સ્નેહીઓને અતિ આંનદ થાય છે. બાણ સૌના ખબરઅતંર પૂછે છે. વેદાભ્યાસ અને યજ્ઞાદિ ક્રિયાઓ અવિચ્છિન્ન છે કે નહિ ? ઇત્યાદિ પ્રશ્નો પૂછે છે. બપોરે ભોજન કર્યા પછી સૌ જ્ઞાતિજનો બાણને વીંટળાઈને બેસે છે, એટલામાં પુસ્તકવાચક સુદૃષ્ટિ આવી ચઢે છે અને નજીકની એક આસન્દી ઉપર બેસે છે. તેણે પવમાન-પ્રોક્ત (વાયુ) પુરાણનો પાઠ કર્યો, તે સમયે બન્દીજન-સૂચીબાણે એક આર્યાયુગલને ગાયું. તેમાં "હર્ષ(ના) ચરિતથી આ (વાયુ)પુરાણ અભિન્ન છે" એમ કહ્યું. આથી બાણના (કાકાના છોકરા)ચાર ભાઈઓ ૧. ગણપતિ, ૨. અધિપતિ, ૩. તારાપતિ, અને ૪. શ્યામલ પરસ્પરના મુખ જોવા લાગ્યા; તેમને હર્ષનું ચરિત સાંભળવાની ઉત્સુકતા થઈ. બીજા ભાઈઓના ઇશારાથી સૌથી નાના ભાઈ શ્યામલે બાણને વિનંતિ કરી કે-अतोऽस्य सुगृहीतनाम्नः पुण्यराशे पूर्वपुरुषवंशानुक्रमेणादितः प्रभृति चरितम् इच्छामः श्रोतुम् । "સુગૃહીત નામવાળા, પુણ્યના રાશિ સમા આ (હર્ષ)નું પૂર્વપુરુષોના વંશાનુક્રમે, શરૂથી માંડીને (જીવન)ચરિત સાંભળવા અમે ઇચ્છીએ છીએ" બાણે શરૂમાં તો આ વાત હસી કાઢી. કેમકે બાણના મતે હર્ષનું ચરિત વર્ણવવું સર્વજ્ઞને માટે પણ અશક્ય હતું; વાચસ્પતિને પણ અગોચર હતું. તથાપિ તેમના જીવનના એકદેશ વિષે જો તમને (ભાઈઓને) કુતૂહલ હોય તો અમે (બાણ) કહેવા તૈયાર છીએ. બીજે દિવસે બાણે હર્ષ(નું) ચરિત વર્ણવવાનું શરૂ કર્યું – શ્રીકંઠ જનપદની રાજધાની સ્થાણ્વીશ્વરમાં, હર્ષના એક પૂર્વજ પુષ્પભૂતિનું રાજ્યશાસન પ્રવર્તતું હતું ત્યાંથી વાતની શરૂઆત થાય છે. પુષ્પભૂતિનો એક સહાયક ભૈરવાચાર્ય તાન્ત્રિક હોય છે; તેનું ઝીણવટભર્યું વર્ણન આપ્યું છે. છેલ્લે પુષ્પભૂતિ શ્રીકંઠ નાગનું દર્શન કરે છે અને લક્ષ્મી પાસેથી વંશની પ્રતિષ્ઠાનું વરદાન મેળવે છે :- यस्मिन्नुत्पत्स्यते सर्वद्वीपानां भोक्ता हरिश्चन्द्र इव हर्षनामा चक्रवर्ती त्रिभुवनविजिगीषुर्द्वितीयो मांधातेव यस्यायं करः स्वयमेव कमलम् अपहाय ग्रहीष्यति चामरम् । "જે (વંશ)માં હરિશ્ચન્દ્ર સમાન, સમસ્ત દ્વીપોનો ઉપભોગ કરનાર 'હર્ષ' નામનો ચક્રવર્તી રાજા ઉત્પન્ન થશે કે જે ત્રણેય ભુવનને જીતવાની ઇચ્છાવાળો બીજા

માંધાતાનો જેવો હશે અને મારો=લક્ષ્મીનો આ હાથ જાતે જ; કમળને છોડીને, તે (હર્ષ)નું ચામર ગ્રહણ કરશે.'' (તૃતીયોચ્છ્વાસ). આ ઉચ્છ્વાસમાં જે વર્ણનો છે તે આ પ્રમાણે છે : શરૂઆતમાં શરદ્ઋતુનું વર્ણન, ત્યાર પછી શ્રીકંઠ જનપદ, સ્થાણ્વીશ્વર, ભૈરવાચાર્યનો શિષ્ય મસ્કરી, ભૈરવાચાર્ય, અટ્ટહાસક નામક મહાકૃપાણ; ટીટિભ, પાતાલસ્વામી અને કર્ણતાલ નામક ભૈરવાચાર્યના ત્રણ શિષ્યો, શ્રીકંઠ નામનો નાગ અને છેલ્લે શ્રીદેવીનું વર્ણન છે.

*

ચોથા ઉચ્છ્વાસમાં – આરંભે પુષ્પભૂતિથી પ્રવર્તેલા રાજવંશનું કથન છે. તેમાં કાલક્રમે પ્રભાકરવર્ધન નામના રાજાનો ઉદય થાય છે. (પુષ્પભૂતિથી પ્રવર્તેલા રાજવંશમાં જે નરવર્ધનાદિ રાજાઓ જન્મ્યા હતા, તે કેવળ 'મહારાજ' ઉપમાન ધરાવતા હતા. પરંતુ તે આ પ્રભાકરવર્ધન 'મહારાજાધિરાજ'ની પદવીને ધારણ કરતો હતો.) બાણભટ્ટે પ્રભાકરવર્ધનને માટે આ પ્રમાણે શબ્દો વાપર્યા છે : तेषु चैवमुत्पद्यमानेषु क्रमेणोदपादि हूणहरिणकेसरी सिन्धुराजज्वरो गूर्जरप्रजागरो गान्धाराधिगन्धद्विपकूटपाकलो लालपाटव-पाटच्चरो मालवलक्ष्मीलतापरशुः प्रतापशीलः इति प्रथितापरनामा प्रभाकरवर्धनो नाम राजाधिराजः ॥ આ પ્રભાકરવર્ધનને રાણી યશોમતીથી ક્રમશઃ ત્રણ સંતાન થાય છે. ૧. રાજ્યવર્ધન; ૨. હર્ષવર્ધન અને ૩. પુત્રી રાજ્યશ્રી. કવિએ હર્ષવર્ધન અને રાજ્યશ્રીના જન્મોત્સવનું વિસ્તારથી વર્ણન કર્યું છે. યશોવતીનો ભાઈ પોતાના પુત્ર ભંડિને રાજ્યવર્ધન અને હર્ષવર્ધનના સાથીદાર તરીકે પ્રભાકરવર્ધન પાસે મૂકી જાય છે. ત્યાં વળી, માલવરાજના બે પુત્રો કુમારગુપ્ત અને માધવગુપ્ત રાજ્યવર્ધન અને હર્ષવર્ધનના પાર્શ્વવર્તી તરીકે આવી મળે છે. બીજી તરફ, મૌખરિ રાજા ગૃહવર્માની સાથે રાજ્યશ્રીના ધામધૂમથી લગ્ન થાય છે. અહીં મહારાણી યશોવતી, તેની સગર્ભાવસ્થા, પુત્રોનો જન્મોત્સવ, રાજ્યશ્રીનો વિવાહોત્સવ અને ગૃહવર્માનું વરરાજા તરીકે સુન્દર વર્ણન પ્રાપ્ત થાય છે. આ ઉચ્છ્વાસને 'ચક્રવર્તિજન્મ વર્ણન' એવું નામ આપવામાં આવ્યું છે.

*

પાંચમા ઉચ્છ્વાસમાં – આરંભે જ જણાવવામાં આવે છે કે રાજાધિરાજ પ્રભાકરવર્ધને પોતાના જ્યેષ્ઠ પુત્ર રાજ્યવર્ધનને બોલાવીને હૂણોને હણવા માટે ઉત્તરાપથમાં મોકલ્યો : अथ कदाचिद्राजा राज्यवर्धनं कवचहरमाहूय हूणान् हन्तुं, हरिणानिव हरिर्हरिणेश-किशोरकम् अपरिणितबलानुयातं चिरन्तनैरमात्यैरनुरक्तैश्च महासामन्तैः कृत्वा साभिसरम् उत्तरापथं प्राहिणोत् ॥ નાનો ભાઈ હર્ષવર્ધન પણ થોડે સુધી રાજ્યવર્ધનને અનુસર્યો-વળાવવા ગયો: प्रयान्तं च तं देवो हर्षः कतिचित् प्रयाणकानि तुरङ्गैरनुवव्राज ॥ અને રસ્તામાં જ શિકાર કરવા રોકાઈ ગયો. ત્યાં અકસ્માત્ પિતા પ્રભાકરવર્ધન બિમાર પડી ગયાના સમાચાર મળતાં તે ઝડપથી પાછો ફરે છે. રાજમહેલમાં પાછો ફરીને જુવે છે તો ચારે તરફ શોક છવાઈ ગયો

હોય છે. પ્રભાકરવર્ધનની બિમારી અસાધ્ય જણાતાં રાણી યશોમતી સતી થઈ જાય છે અને ત્યાર પછી પ્રભાકરવર્ધનનું પણ મૃત્યુ થઈ જાય છે. અન્ત્યેષ્ટિ સંસ્કાર કર્યા પછી, છેલ્લે, શોકગ્રસ્ત થયેલા હર્ષનું વર્ણન આવે છે : देवमपि हर्षं तदवस्थं पितृशोकविह्वलीकृतम्, श्रियं शाप इति, महीं महापातकमिति..... च मन्यमानं; सर्वासु क्रियासु विमुखम्.... ब्रह्मवादिनः शोकापनयननिपुणाश्च पौराणिकाः पर्यवारयन् । (અભિનવગુપ્ત જણાવે છે તેમ 'કરુણના વર્ણનમાં સામાસિક વાક્યરચના ન કરવી'– એનું પરિપાલન આવાં વાક્યોમાં જોઈ શકાય છે.) આ ઉચ્છ્વાસમાં સંદેશહર કુરંગક, શોકગ્રસ્ત સ્કંધાવાર, શોકથી અભિભૂત થયેલું રાજકુળ, મરણાસન્ન પ્રભાકરવર્ધન, સતીવેશમાં સજ્જ રાણી યશોવતી અને તેના વિલાપનું વર્ણન જોવા મળે છે. આ ઉચ્છ્વાસને 'મહારાજમરણ વર્ણન' એવું શીર્ષક આપવામાં આવ્યું છે.

*

છઠ્ઠા ઉચ્છ્વાસમાં–હૂણોની સાથે લઢવા ગયેલો રાજ્યવર્ધન પણ રાજકુળમાં પાછો ફરે છે; અને જુવે છે કે પિતા પ્રભાકરવર્ધન અને માતા યશોમતીનું મૃત્યુ થયું છે. આથી તે હર્ષવર્ધનને ગાદી સોંપીને વિરક્ત થવા ચાહે છે. પણ હર્ષવર્ધન રાજ્યગ્રહણ કરવાની અનિચ્છા દર્શાવીને; મોટાભાઈને ધૈર્ય રાખવા વિનવે છે. એ જ સમયે સમાચાર મળે છે કે પ્રભાકરવર્ધનનું મૃત્યુ સાંભળીને તેમના બનેવી મૌખરિ રાજા ગ્રહવર્માનું માલવરાજે ખૂન કરી નાખ્યું છે; અને બહેન રાજ્યશ્રીને તેણે કેદ પકડી છે. (यतो यस्मिन्नहन्यवनिपतिरूपरत इत्यभूद्वार्ता तस्मिन्नेव देवो ग्रहवर्मा दुरात्मना मालवराजेन जीवलोकमात्मानः सुकृतेन सह त्याजितः । भर्तृदारिकाऽपि राज्यश्रीः कालायस-निगड-युगलचुम्बितचरणा चौराङ्गना इव संयता कान्यकुब्जे कारायां निक्षिप्ता ॥) આ સાંભળીને રાજ્યવર્ધન માલવરાજ ઉપર વેર વાળવા અને બહેન રાજ્યશ્રીને છોડાવવા માટે સેનાને લઈને સત્વરે પ્રયાણ કરે છે. જતાં જતાં નાના ભાઈ હર્ષવર્ધનને ગાદી સંભાળવાનું કામ સોંપે છે. થોડાક સમયમાં જ સમાચાર મળે છે કે માલવરાજને હણી કાઢીને રાજ્યવર્ધને વિજય તો મેળવી લીધો હતો; પણ પાછા ફરતી વખતે ગૌડનરેશે-શશાંકે-દગાફટકાથી રાજ્યવર્ધનને પોતાની છાવણીમાં બોલાવીને મારી નાંખ્યો. આ સાંભળીને હર્ષ ક્ષુભિત થાય છે. અને ગૌડનરેશ પર વિજય મેળવવાની પ્રતિજ્ઞા કરે છે. ત્યારે હર્ષની ગજસેનાનો અધ્યક્ષ સ્કન્દગુપ્ત પણ હર્ષને બદલો લેવા પ્રોત્સાહિત કરે છે. અહીં રાજ્યવર્ધનનો શોક, સેનાપતિનો સિંહનાદ, ગજસાધનાધિકૃત સ્કન્દગુપ્ત અને ૨૮ પૂર્વરાજાઓએ કરેલા પ્રમાદજન્ય દોષોનું વિગતપૂર્ણ વર્ણન કરવામાં આવ્યું છે. આ ઉચ્છ્વાસને 'રાજપ્રતિજ્ઞાવર્ણન' નામ આપવામાં આવ્યું છે.

*

'છત્રલબ્ધિ' નામના **સાતમા ઉચ્છ્વાસ**માં–હર્ષ સૈન્ય લઈને દિગ્વિજય કરવા માટે; અને બહેન રાજ્યશ્રીને મુક્ત કરાવવા માટે પ્રયાસ કરે છે. બાણે હર્ષની સેનાનું બહુ ચિત્તાકર્ષક વર્ણન રજૂ કર્યું છે. (ततो रटत्पटहे, नन्दन्नमान्दीके, गुञ्जद्गुञ्जे, कूजत्काहले, शब्दायमानशंखे.....। સૈન્યપ્રયાણના સમયે નગારા વાગવા

માંડ્યા, નાન્દીનો અવાજ થવા લાગ્યો, ગુંજા ગુંજવા લાગી, કાહલ વાગવા માંડ્યા, શંખધ્વનિ થવા લાગ્યો.... વગેરે). તે સમયે પ્રાગ્જ્યોતિષેશ્વર ભાસ્કરવર્માનો દૂત 'હંસવેગ' અનેક ભેટસોગાદપૂર્વક મૈત્રીસંદેશ લઈને આવે છે. હર્ષ પહેલાં તો સેનાની સાથે વિન્ધ્યાટવીમાં પ્રવેશ કરે છે; અને માલવરાજને હરાવે છે. ભંડિ માલવરાજની સેના અને તિજોરી ઉપર કબજો જમાવી લે છે. આ ઉચ્છ્વાસમાં સૈન્ય પ્રયાણની તૈયારીઓ, અનુયાયી રાજસમૂહ, પ્રયાણાભિમુખ હર્ષ, કટકદળનું પ્રયાણ, ભાસ્કરવર્માની પ્રાભૃત (=ભેટ) સામગ્રી, સાંધ્યવેળા, વન-ગ્રામ અને ઘરોનું વર્ણન રજૂ કરવામાં આવ્યું છે.

*

હર્ષચરિતના આઠમા અને છેલ્લા 'વિન્ધ્યાદ્રિ-નિવેશન' નામના ઉચ્છ્વાસમાં-હર્ષને સમાચાર મળે છે કે વિન્ધ્યાટવીના એક શબર યુવકની મદદથી, પોતાની બહેન રાજ્યશ્રી માલવરાજના કારાગૃહમાંથી છટકીને વિન્ધ્યાટવીમાં ક્યાંક સંતાઈ ગઈ છે. આથી હર્ષ પોતાની બહેનને શોધી કાઢવાના પ્રયત્નો શરૂ કરે છે. એક 'નિર્ઘાત' નામના શબર યુવકની મદદથી, હર્ષ બૌદ્ધ ભિક્ષુક દિવાકરમિત્રના આશ્રમે પહોંચે છે. હર્ષ દિવાકરમિત્રને વિનંતી કરે છે કે તેઓ રાજ્યશ્રીને શોધવામાં કોઈક રીતે મદદ કરે. દિવાકરમિત્ર જણાવે છે કે એમને આ વિષે કોઈ માહિતી નથી. એટલામાં તો એક ભિક્ષુક દોડતો આવીને સમાચાર આપે છે કે વિન્ધ્યાટવીમાં એક સ્ત્રી વિપન્નાવસ્થામાં રડતી રડતી અગ્નિમાં સળગી જવા તૈયાર થઈ છે. હર્ષ એ ભિક્ષુકને લઈને ત્યાં દોડી જાય છે અને એ સ્ત્રી પોતાની જ બહેન રાજ્યશ્રી છે એમ ઓળખીને તેને બચાવી લે છે. હર્ષ રાજ્યશ્રીને મનાવીને દિવાકરમિત્રના આશ્રમમાં લઈ આવે છે. દિવાકરમિત્ર પણ સાંત્વન આપીને ઉપદેશ આપે છે. હર્ષ પ્રતિજ્ઞા કરે છે કે દિગ્વિજય કર્યા પછી, રાજ્યશ્રીની સાથે પોતે પણ ભગવાં વસ્ત્ર પહેરી લેશે. (અહીં સુધી આવીને હર્ષચરિતની કથા અટકે છે.) આ ઉચ્છ્વાસમાં આવતું વિન્ધ્યાટવીના શબર યુવકનું વર્ણન, વિન્ધ્યાટવીની વનરાજિ, દિવાકરમિત્રનો આશ્રમ, તેમાં થતું વિવિધ શાસ્ત્રોનું ચિંતન, રાજ્યશ્રીનો વિલાપ, દિવાકરમિત્રનો ઉપદેશ અને છેલ્લે સન્ધ્યા આદિનું વર્ણન નોંધપાત્ર છેઃ

'હર્ષચરિત'નું અંતિમ વાક્ય આ પ્રમાણે છે : समवसिते च संध्यासमये समनन्तरम् **अपरिमितयशः पानतृषिताय** मुक्ताशैलशिलाचषक इव निजकुलकीर्त्या, **कृतयुगकरणोद्यताय....... सकलद्वीपजिगीषाचलिताय,** श्वेतद्वीपदूत इव च आयत्या, श्वेतभानुः उपानीयत निशया **नरेन्द्राय** इति भद्रम् ओम् ॥ ''સંધ્યાસમય પૂરો થયો ત્યારે અપરિમિત યશનું પાન કરવા માટે તરસ્યા એવા..... સતયુગનું અવતરણ કરવા માટે ઉદ્યત થયેલા અને સકળ દ્વીપને જીતી લેવાની ઇચ્છાથી (વિજયાર્થે) પ્રવૃત્ત થયેલા નરેન્દ્ર (હર્ષવર્ધન)ને માટે વિસ્તૃત એવી રાત્રિ જાણે કે શ્વેતદ્વીપના દૂત સમા શ્વેતભાનુ-ચન્દ્રમા-ને ઉપહાર (ભેટ) તરીકે લઈ આવી !''

અહીં **ચન્દ્રોદયની નોંધ** સાથે કવિ બાણભટ્ટે 'હર્ષચરિત'ને પૂરું કર્યું છે. ટીકાકાર શંકર કહે છે કે—आयत्याऽऽगामिशुभदैवेन इति। આમ ચન્દ્રોદયથી 'નાયક-હર્ષવર્ધનનો ભવિષ્યમાં ઉદય થવાનો છે' એમ સૂચવીને કૃતિનો રમણીયતાથી ઉપસંહાર કર્યો છે.

આમ 'હર્ષચરિત'માં આરંભે ૧. બાણના દ્વિવિધ વંશનું તથા બાણના વ્યક્તિગત જીવનની ઘટનાઓનું (=બાણના આત્મવૃત્તાન્તનું) વર્ણન છે. ત્યાર પછી ૨. હર્ષવર્ધનના જીવનની કેટલીક મહત્ત્વની ઘટનાઓને આધારે હર્ષચરિત વર્ણવાયું છે. તેમાં ૩. તત્કાલિક ભારતવર્ષનું સાંસ્કૃતિક ચિત્ર પણ બાણની કલમે આલેખાયું છે. આમ 'આખ્યાયિકા' પ્રકારના ગદ્યકાવ્યના સર્વોત્તમ ઉદાહરણ તરીકે 'હર્ષચરિત'ની વિખ્યાતિએ બાણભટ્ટને સાહિત્યજગત્‌માં અવિસ્મરણીય સ્થાન અપાવ્યું છે.

4.3. આખ્યાયિકા તરીકે હર્ષચરિતનું પરીક્ષણ કરતાં જણાય છે કે અગાઉ (3.4માં) 'આખ્યાયિકા'નાં જે લક્ષણો દર્શાવ્યાં છે તેમાંથી મોટા ભાગનાં લક્ષણો 'હર્ષચરિત'માં પ્રાપ્ત થાય છે.

જેમકે, ૧. આખ્યાયિકામાં 'ખ્યાતવૃત્ત', સત્યઘટના અર્થાત્ ઐતિહાસિક ઘટનાઓનું વર્ણન હોવું જોઈએ – તદનુસાર 'હર્ષચરિત'માં પ્રારંભે (ઉપનાયક) બાણના જીવનની આત્મકથા રજૂ કરવામાં આવી છે; અને ત્યાર પછી, તેમાં ઈતિહાસપ્રસિદ્ધ એવા ભારતના છેલ્લા મહાન્ સમ્રાટ્ હર્ષવર્ધન (૬૦૬-૬૪૮ A.D.)ના જીવનની કેટલીક ઘટનાઓ આલેખાઈ છે. અહીં સન્ધ્યાસમયનું વર્ણન કે શરદૃઋતુ આદિના વર્ણનમાં કવિએ પોતાની કલ્પનાનો કદાચ ઉપયોગ કર્યો હશે, પણ ઘટનાના આલેખનમાં કવિકલ્પનાનો વિનિયોગ કર્યો નથી. ('કથા' પ્રકારના ગદ્યકાવ્યમાં કવિકલ્પિત કથાવસ્તુ હોય છે. પરંતુ અહીં તેવું નથી.) કારણ કે ચીની પ્રવાસી હ્યુ-એન-ત્સંગે જે કંઈ હર્ષવર્ધનના સમયનું વર્ણન કર્યું છે; તેની ઘણી વિગતો સાથે બાણના વર્ણનની સંગતિ થતી જોવા મળે છે. આમ 'आख्यायिका उपलब्धार्था ।' હોવી જોઈએ' એવું **પ્રધાન લક્ષણ** 'હર્ષચરિત'ને પૂરેપૂરું લાગુ પડે છે.

હવે આખ્યાયિકાની ગુંથણી બાબત વિચારીએ તો તેનું બાહ્ય શિલ્પ નીચે મુજબ હોવું જોઈએ : ૨. (કથા પ્રકારના ગદ્યકાવ્યમાં નાયક સિવાયની બીજી કોઈ વ્યક્તિના મુખેથી કથા કહેવાવી જોઈએ.) પરંતુ 'આખ્યાયિકા' પ્રકારના ગદ્યકાવ્યમાં નાયક પોતે જ કથા (વાર્તા)ની રજૂઆત કરતો હોય છે. તદનુસાર જોઈએ તો – 'હર્ષચરિત'ના પહેલા અઢી ઉચ્છ્વાસમાં ઉપનાયક બાણભટ્ટ પોતે જ પોતાના પૂર્વજોની-પોતાના વિદ્યાવંશ અને પિતૃવંશપરંપરાની વિગતો કહે છે; ત્યારપછી પોતાના વ્યક્તિગત જીવનની વિગતો (જેવી કે, પોતાના માતાપિતાનું અવસાન, વિવિધ મિત્રોનું સાહચર્ય, દેશાંટનપ્રવૃત્તિ, રાજા હર્ષ સાથેની મુલાકાત વગેરે) જાતે

જ કહી સંભળાવે છે. અલબત્ત, કવિએ પોતે પોતાની વાત કહેવા માટે ક્રિયાપદમાં ઉત્તમ પુરુષ (First person) નો પ્રયોગ કર્યો નથી; પણ પોતાના માટે 'પ્રથમ પુરુષ' (Third person)નો – "તે બાણ" એમ પ્રયોગ કર્યો છે. પરંતુ ત્યાર પછીની–હર્ષવર્ધનના જીવનની ઘટનાઓનું આલેખન **નાયક** હર્ષવર્ધનના[૩૩] મુખેથી થયું નથી. પણ ઉપનાયક બાણે જ નાયક હર્ષની કથા કહી સંભળાવી છે. આમ 'આખ્યાયિકા'માં નાયક પોતે જ પોતાની કથાની રજૂઆત કરે–એ લક્ષણનું પરિપાલન અંશતઃ જ થયેલું જોવા મળે છે.

૩. 'આખ્યાયિકા'નું જુદા જુદા ઉચ્છ્‌વાસોમાં વિભાજન કરવામાં આવ્યું હોય છે.' તદનુસાર અહીં બાણભટ્ટે પોતાના હર્ષચરિતને આઠ ઉચ્છ્‌વાસમાં વિભક્ત કર્યું છે. (અને તે દરેક ઉચ્છ્‌વાસને "વાત્સ્યાયનવંશવર્ણન", "રાજદર્શન" ઇત્યાદિ શીર્ષકો પણ આપ્યાં છે).

૪. 'આખ્યાયિકા'માં વચ્ચે વચ્ચે 'વક્ત્ર' અને 'અપરવક્ત્ર' છન્દમાં લખાયેલા શ્લોકો પણ ગુંથવામાં આવ્યા હોય છે. (અપરવક્ત્ર છન્દના બંધારણ માટે જુઓઃ અભ્યાસનોંધ પૃ. 292) તદનુસાર 'હર્ષચરિત'માં પણ આવા શ્લોકો વપરાયેલા જોવા મળે છે. દા.ત. પ્રથમ ઉચ્છ્‌વાસમાં સરસ્વતીને શાપ મળ્યા પછી હંસકુલપાલક અપરવક્ત્રમાં એક શ્લોક બોલે છે : पितामहविमानहंसकुलपालः पर्यटन् **अपरवक्त्रम्** उच्चैः अगायत् ।

तरलयसि दृशं....यास्यसि पङ्कजालयम् ॥ એ જ પ્રમાણે બીજા ઉચ્છ્‌વાસના આરંભે પણ ભાવિ-અર્થનું (=બીજા ઉચ્છ્‌વાસમાં આવનારી કથાનું સૂચન કરનારા) બે શ્લોકો આવેલા છે. તથા (2.7 ગદ્યખંડમાં પણ) બાણ હર્ષની સામે જમણો હાથ ઊંચો કરીને 'સ્વસ્તિ' શબ્દોચ્ચાર કરે છે તે જ સમયે-अथोत्तरे नातिदूरे राजधिष्ण्यस्य गजपरिचारको मधुरम् **अपरवक्त्रम्** उच्चैः अगायत् । (એક અપરવક્ત્ર ગવાય છે :) करिकलभ विमुञ्च लोलतां....क्षमते न तेऽङ्कुशः । આ જ પ્રમાણે, ત્રીજા, ચોથા ઇત્યાદિ ઉચ્છ્‌વાસમાં પણ વચ્ચે વચ્ચે કે આરંભે શ્લોકગુંથણી કરવામાં આવી હોય છે. આ શ્લોકોમાં પ્રયોજાયેલા છંદ ક્યારેક 'વક્ત્ર' કે 'અપરવક્ત્ર' હોય છે. વળી, તેમાં શ્લિષ્ટ રચના દ્વારા સમાસોક્તિ, અન્યોક્તિ કે વ્યાજોક્તિ જેવા અલંકારોનો વિનિયોગ કરીને ઉપર કહ્યું તેમ 'ભાવિ અર્થ'નું સૂચન પણ કરવામાં આવ્યું છે.

૫. "આખ્યાયિકામાં કન્યાહરણ, સંગ્રામ, વિયોગ, વિપત્તિ વગેરે પ્રસંગોનું વર્ણન કરવું જોઈએ". એ લક્ષણને આધારે 'હર્ષચરિત'નાં વર્ણનો તપાસીશું તો જણાશે કે – તેમાં 'કન્યાહરણ' નહિ; પણ રાજ્યશ્રીને કેદ પકડી તેનો ઉલ્લેખ છે તથા તે કેદમાંથી છટકીને વિન્ધ્યાટવીમાં સંતાઈ હોવાનું કથન છે. ('કન્યાહરણ' શબ્દ

૩૩. हर्षः कथानायकः । ટીકાકાર શંકર (હર્ષચરિત પ્રાસ્તાવિક શ્લોક-૨૧ ઉપર)

દ્વારા જો 'આખ્યાયિકામાં કન્યાપ્રાપ્તિ રૂપ લક્ષ્ય હોય છે' એમ જો કહેવાયું/સૂચવાયું હોય તો તે અહીં નથી.) હુણોને હરાવવા માટે પ્રભાકરવર્ધન પોતાના પુત્ર રાજ્યવર્ધનને મોકલે છે, એનું અહીં કથન છે. એ દૃષ્ટિએ તેમાં સંગ્રામની વાત છે એમ કહી શકાય. વળી, દધીચના પ્રથમદર્શન પછી સરસ્વતી વિરહની સ્થિતિ અનુભવે છે તેમાં વિપ્રલંભ શૃંગારનું વર્ણન છે એમ કહી શકાય. તથા પ્રભાકરવર્ધન અને રાણી યશોમતીના મરણનું વર્ણન ઉપરાંત-ગૃહવર્મા (બનેવી)નું ખૂન, રાજ્યવર્ધનનું શશાંકના હાથે ખૂન, રાજ્યશ્રીની ચિતામાં પ્રવેશવાની તૈયારી વગેરેનું વર્ણન પણ કવિ બાણે મૂક્યું છે. એનાથી 'વિપત્તિની કથા' પણ અહીં ગુંથાઈ છે, એમ કહી શકાય.

૬. આ 'હર્ષચરિત' આખ્યાયિકા સમગ્રતયા સંસ્કૃત ભાષામાં જ નિરૂપાઈ છે. વળી, ૭. અહીં 'કવિવંશવર્ણન'ની આવશ્યકતા પરિપૂર્ણ કરવા માટે બાણે આરંભે જ પોતાના દ્વિવિધવંશને વિસ્તારથી વર્ણવ્યા છે.

૮. અભિનવગુપ્ત જણાવે છે તદનુસાર આ આખ્યાયિકામાં જ્યાં સરસ્વતીના વિરહવર્ણનમાં વિપ્રલંભશૃંગારનું વર્ણન છે; કે જ્યાં પ્રભાકરવર્ધનના મરણનું વર્ણન કરતાં કરુણ રસ નિરૂપાયો છે ત્યાં લગભગ સમાસ વગરના અથવા ટૂંકા સમાસવાળાં નાનાં નાનાં વાક્યોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

*

'હર્ષચરિત'માં આખ્યાયિકાનાં લક્ષણોની પરીક્ષા કરતી વખતે ખાસ નોંધપાત્ર બે વિગતો છે : (૧) 'આખ્યાયિકા'ના ઉદાહરણ તરીકે આપણને પહેલવહેલી કૃતિ તરીકે 'हर्षचरितम्' જ પ્રાપ્ત થાય છે. આથી રુદ્રટ કે વિશ્વનાથે (કે જેઓ બાણભટ્ટના સમય પછી થયા છે, તેમણે) જ્યારે 'આખ્યાયિકા'નાં લક્ષણો આપ્યાં છે ત્યારે તેમની નજર સમક્ષ આ જ એક કૃતિ હતી. (૨) ભામહે (કે જેઓ બાણભટ્ટના સમય પહેલાં થઈ ગયા છે, તેમણે) જે 'આખ્યાયિકા'નાં લક્ષણો આપ્યાં છે; (क) તેમાંના કેટલાક 'હર્ષચરિત'ને લાગુ પડતાં નથી. (ख) તથા ભામહની સામે કઈ આખ્યાયિકા પ્રકારની કૃતિઓ હતી તે આપણે જાણતા નથી.

*

4.4 'હર્ષચરિત' કૃતિનું સર્જન કરતી વખતે કવિ બાણભટ્ટ પોતે જ તેને એક 'આખ્યાયિકા' પ્રકારના ગદ્યકાવ્યને તરીકે રજૂ કરે છે.[૩૪] 'હર્ષચરિત'ના પ્રાસ્તાવિક શ્લોકોમાંથી 'આખ્યાયિકા' વિષેના બાણભટ્ટના પોતાના કેટલાક વિચારો આ પ્રમાણે પ્રાપ્ત થાય છે :

૩૪. એ જ પ્રમાણે, કવિ બાણભટ્ટે પોતે જ 'કાદમ્બરી'ને કથા પ્રકારના ગદ્યકાવ્ય તરીકે ઓળખાવી છે :

स्फुरत्कलालापविलासकोमला करोति रागं हृदि कौतुकाधिकम् ।
रसेन शय्यां स्वयमभ्युपागता **कथा** जनस्याभिनवा वधूरिव ॥ ८॥
हरन्ति क नोज्ज्वलदीपकोपमैर्नवैः पदार्थैरुपपादिताः **कथा** ।
निरन्तरश्लेषघनाः सुजातयो महास्रजश्चम्पककुड्मलैरिव ॥ ९ ॥

- કાદમ્બરી પૂર્વભાગ, પ્રાસ્તાવિક શ્લોકો

उच्छ्वासान्तेऽप्यखिन्नास्ते येषां वक्त्रे सरस्वती ।

कथमाख्यायिकाकारा न ते वन्द्याः कवीश्वराः ॥ १० ॥

"જેમ (ઉચ્છ્વાસ=) યુગના અન્તે પણ નહીં થાકનારા અને જે (બ્રહ્માદિ)ના (વક્ત્ર=) મુખમાં સરસ્વતીદેવીનો નિવાસ છે, તથા જેમનો આકાર (સ્વરૂપ=) આખ્યાયિકા (=આખ્યાનો)થી સમજાય છે તેવા કવીશ્વરો (બ્રહ્માદિ દેવો) જેમ વંદનીય હોય છે; તેમ ઉચ્છ્વાસને અન્તે પણ જે થાકતા નથી તથા જેમની સરસ્વતી=વાણી વક્ત્ર છન્દમાં પ્રવૃત્ત થતી હોય છે તેવા આખ્યાયિકાઓના રચયિતા મોટા કવિઓ પણ કેમ વંદનીય ના હોય ?" આ શ્લોકમાં બાણ-૧. જે આખ્યાયિકાનું સર્જન કરનારા કવિઓ છે તેમને 'વંદનીય કવીશ્વર' ગણે છે; ૨. આખ્યાયિકામાં 'ઉચ્છ્વાસ' નામના વિભાગો હોય છે; અને ૩. તેમાં 'વક્ત્ર' છન્દમાં લખાયેલા શ્લોકો પણ મૂકવામાં આવ્યા હોય છે. [ટીકાકાર શંકર આ શ્લોક ઉપર 'ઉચ્છ્વાસ' શબ્દને સમજાવતાં લખે છે કે – उच्छ्वास इवोच्छ्वासो विश्रान्तिस्थानं, सर्गादिवत् कथासन्धिः । 'ઉચ્છ્વાસ' નામનો વિભાગ તે (પ્રાણીઓના) ઉચ્છ્વાસ જેવો હોય છે, એટલે કે તે 'વિશ્રામ લેવાનું સ્થળ' એવો અર્થ સૂચવે છે. જેવી રીતે (મહાકાવ્યમાં) 'સર્ગ' નામથી કાવ્યના વિભાગો પાડવામાં આવે છે, તેવી રીતે 'આખ્યાયિકા'માં 'કથાસન્ધિ' (=કથાન્તર)ને સૂચવવા ઉચ્છ્વાસો પાડવામાં આવે છે. 'વક્ત્ર છન્દ' બાબતે ટીકાકાર શંકર લખે છે કે नान्यन्ते ह्यम्बुधेर्वक्त्रम् इति वक्त्रलक्षणम् । वक्त्रे सरस्वती । वृत्तविशेषयोगिनीत्यर्थः । एतस्मिन् आख्यायिकाकृद्भिः भाविवस्तुसंसूचनाय वाग् विरच्यते ॥]

'હર્ષચરિત'ના બીજા બે પ્રાસ્તાવિક શ્લોકો આ પ્રમાણે છે :

तथापि नृपतेर्भक्त्या भीतो निर्वहणाकुलः ।

करोम्याख्यायिकाम्भोधौ जिह्वाप्लवनचापलम् ॥ १९ ॥

सुखप्रबोधललिता सुवर्णघटनोज्ज्वलैः ।

शब्दैराख्यायिका भाति शय्येव प्रतिपादकैः ॥ २० ॥

"તો પણ, રાજા (શ્રીહર્ષ) પ્રત્યેની ભક્તિથી (પ્રેરાઈને) આખ્યાયિકા રૂપી સમુદ્રને ઓળંગવામાં આકુળ અને ભયભીત થયેલો (હું બાણ) જીભ રૂપી નાવડીથી ચાપલ (સાહસ) કરી રહ્યો છું. (૧૯) "સુખ સાથે જેમાંથી જાગી શકાય એવી લલિત, અને સોનાથી બનાવેલા ઉજ્વળ પાયાઓવાળી શય્યાની જેમ; સરળતાથી સમજાઈ જાય એવી લલિત, અને સુન્દર અક્ષરોની ગુંથણીથી તથા (અર્થનું) પ્રતિપાદન કરનારા શબ્દોથી (રચેલી) આખ્યાયિકા શોભે છે (૨૦)."

આ શ્લોકો દ્વારા કવિ બાણભટ્ટ 'આખ્યાયિકા' પ્રકારના ગદ્યકાવ્યનો મહિમા ગાતા કહે છે કે તે સમુદ્રવત્ વિશાળ અને ગહન/અગાધ છે. તથા જેવી રીતે સોનાથી બનાવેલા ઉજ્વળ પાયાઓવાળી શય્યા, તેમાંથી સુખ સાથે જાગી શકાય એવી

લલિત હોય છે; તેવી રીતે **આખ્યાયિકા** પણ સુન્દર અક્ષરોની ગુંથણીને કારણે ઉજ્વળ બનેલી, (ઉદાત્ત) અર્થનું પ્રતિપાદન કરનારા શબ્દોથી રચેલી તથા સરળતાથી સમજાઈ જાય એવી લલિત હોય છે. આમાં આખ્યાયિકાની ઉત્તમતા સાધી આપનારા ત્રણ ગુણોને બાણે ઉલ્લેખ્યા છે : सु-वर्णघटनोज्ज्वलैः (उदात्तार्थस्य च) प्रतिपादकैः (शब्दैः ग्रथिता), અને सुखप्रबोधललिता (या भवति) ॥

ટીકાકાર શંકરે પણ 'આખ્યાયિકા'ના સ્વરૂપ બાબતે એક નોંધ પ્રથમ ઉચ્છ્વાસના અંતે મૂકી છે : आख्यायिकासु कविभिर्निजवंशवर्णनं कानने तथा वंशः ख्यापितः स्याद् इति ॥ ''જંગલમાં જેમ વંશ (વાંસ) હોય તો તે જંગલ વિખ્યાત થાય, તેમ 'આખ્યાયિકા'ઓમાં પણ કવિઓએ પોતાના વંશનું વર્ણન કરવું જોઈએ.'' એ ન્યાયે, આપણે જાણીએ છીએ તેમ 'હર્ષચરિત'માં બાણે પોતાના વંશનું વર્ણન કર્યું જ છે. અહીં કોઈને પ્રશ્ન થાય કે બાણે પોતાના વંશનું વર્ણન કર્યું તે તો 'આખ્યાયિકા' પ્રકારને અનુરૂપ કે આવશ્યક હતું. પરંતુ પોતાના ધૂર્ત, જુગારી વગેરે ૪૪ મિત્રોનું વર્ણન કરવાની (એટલે કે પોતાનું વિટપણું,ભુજંગતા છતી થાય એવું બધું કહેવાની) શી જરૂર હતી ? તો એનો પણ સુન્દર જવાબ ટીકાકાર શંકરે આપ્યો છે : आत्मनश्च विटवर्णनम् । सकलकलाकौशलं ममास्तीति हर्षस्य चरिते च वर्णयितव्ये नाप्रस्तुतं चैतदिति शिवम् ॥ (પ્રથમ ઉચ્છ્વાસને અન્તે 'સંકેત'). અર્થાત્ કવિ બાણે પોતાનું વિટપણું વર્ણવીને, 'પોતાનામાં સકલ કલાઓનું કૌશલ રહેલું છે' એમ જણાવીને; જ્યારે હર્ષનું ચરિત વર્ણવવાનો પ્રસંગ ઉભો થયો છે ત્યારે તે (વિવિધ શાસ્ત્રો, કલા આદિની જાણકારીનું પ્રદર્શન) અપ્રસ્તુત નથી એમ જાહેર કર્યું છે.

5.0 આલંકારિકોની દૃષ્ટિએ-ગદ્યકવિ બાણ :

5.1 સંસ્કૃત ગદ્યનો ઉદ્ભવ અને વિકાસ ચર્ચતાં, અગાઉ જણાવ્યું છે તેમ, આરણ્યકો અને બ્રાહ્મણગ્રન્થોની રચના પછી સૂત્રશૈલીમાં લખાયેલા ગ્રન્થોનું પ્રદાન પણ નોંધપાત્ર છે. કારણ કે આ સૂત્રશૈલીમાં જે ગદ્ય પ્રયોજાયું છે તે (ગદ્ય)માં, સૂત્રોને લાઘવયુક્ત અને અર્થઘન બનાવવા માટે સામાસિક શબ્દોનો વ્યાપક પ્રયોગ કરવામાં આવ્યો છે. આવા સમાસપ્રચુર સૂત્રગ્રન્થોમાં પાછળના અલંકૃત અને સમાસપ્રચુર ગદ્યકાવ્યનાં મૂળ પડેલાં છે એમ જોઈ શકાય : The origin of *artificiality* which characterises later Prose Kavyas may be traced here in the Sutra period. The long compound-words, which became a chief charecteristic of classical prose, are first introduced here. — BANA BHATTA - A Literary study by Sharma Neeta; (p. 5).

પાછળથી આવા દૃઢબન્ધવાળા-સમાસપ્રચુર-શબ્દપ્રયોગને 'ગદ્ય'નું આવશ્યક અંગ ગણવામાં આવ્યું છે. જેમકે, ओजस्समासभूयत्वम् एतद् गद्यस्य जीवितम् । ''ઓજસ્ ગુણ અને સમાસબાહુલ્ય એ તો 'ગદ્ય'નું જીવિત છે.'' (કાવ્યદર્શન ૧૮૦).

*

કૃષ્ણ યજુર્વેદથી આરંભીને આરણ્યક, બ્રાહ્મણ ગ્રન્થો ઉપરાંત સૂત્રશૈલીના ગ્રન્થોમાં ગદ્યનો પ્રયોગ થયો છે. તથા अधिकृत्य कृते ग्रन्थे । પા. સૂ. ૪-૩-૮૭ સૂત્ર ઉપર કાત્યાયને (લગભગ ઇ. સ. પૂર્વે ૨૦૦) लुबाख्यायिकाभ्यो बहुलम् । વાર્તિકને રજૂ કર્યું છે. તેમાં 'આખ્યાયિકા' શબ્દનો પ્રયોગ નોંધપાત્ર છે. આની ઉપર મહાભાષ્ય લખતાં પતંજલિ (ઇ. સ. ૧૫૦)એ જણાવ્યું છે કે-अधिकृत्य कृते ग्रन्थे इत्यत्र लुबाख्यायिकाभ्यो बहुलं लुब् वक्तव्यः । वासवदत्ता सुमनोत्तरा, न च भवति भैमरथी ॥ અહીં પતંજલિએ 'આખ્યાયિકા' (પ્રકારના ગદ્યકાવ્ય)ના નમુના તરીકે ત્રણ કૃતિઓ-વાસવદત્તા,[૩૫] સુમનોત્તરા અને ભૈમરથી—નો નામોલ્લેખ કર્યો છે. પરંતુ કમનસીબે આ ત્રણમાંથી એક પણ 'આખ્યાયિકા' આજે ઉપલબ્ધ થતી નથી. ઈ. સ. ની પહેલી સદીથી આરંભી ૫ મી સદી સુધીના સમયગાળામાં રચાયેલી કોઈ (ગદ્ય) કાવ્યકૃતિ આપણને પ્રાપ્ત થતી નથી. પરંતુ એનો અર્થ એવો પણ નથી કે આ સમયગાળામાં કોઈ સાહિત્યિક પ્રવૃત્તિ જ નહીં થઈ હોય.[૩૬] રુદ્રદામાનો શિલાલેખ કે સમુદ્રગુપ્તની હરિષેણે લખેલી 'પ્રશસ્તિ'ને આધારે Buhler લખે છે કે -In the second century of our era, there existed a गद्यकाव्यम् which resembled the classical examples of the same, not only in respect of the fundamental principles, but in many details also.... A very large number of प्रशस्तिs go to prove that in the fourth, fifth and sixth centuries, the *kavya* literature was in its full bloom and that the *kavya* did not at all differ from those handed down to us.

ઈ.સ. ૭મી સદીમાં ઉદય પામેલા ગદ્યસમ્રાટ્ મહાકવિ બાણભટ્ટ પણ પોતાના પુરોગામી આખ્યાયિકાકારો-કવીશ્વરો-ને ઉલ્લેખે છે.[૩૭] પરંતુ કમનસીબે એવી કોઈ કૃતિ આપણા સુધી પહોંચી નથી. બાણભટ્ટે તો પોતાના જીવનની યુવાવસ્થામાં દેશાટન કરીને ભારતવર્ષના વિવિધ પ્રદેશોમાં ચાલતી સાહિત્યિક પ્રવૃત્તિઓ પણ પ્રત્યક્ષ જોઈ-જાણી છે. તેમણે 'હર્ષચરિત'ના આરંભે જ લખ્યું છે :

श्लेषप्रायमुदीच्येषु प्रतीच्येष्वर्थमात्रकम् ।
उत्प्रेक्षा दाक्षिणात्येषु, गौडेष्वक्षरडम्बरम् ॥ ७ ॥

---

૩૫. સુબન્ધુની 'વાસવદત્તા કથા' કરતાં જુદી, એવી આ 'વાસવદત્તા' આખ્યાયિકા પ્રકારની કૃતિ છે.

૩૬. "ત્યારપછી વચમાં એક લાંબા આંતરામાંથી પસાર થઈને કાવ્યસાહિત્યની બાબતમાં આપણે એકાએક કાલિદાસ પાસે આવી પહોંચીએ છીએ. તે પહેલાં ભારતવર્ષે મનોરંજન માટે શા ઉપાયો ગ્રહણ કર્યા હતા તે નિશ્ચિતરૂપે અમે કહી શકતા નથી. ઉત્સવ સમયે જે માટીનાં કોડિયાં વડે સુંદર દીપમાળા રચાય છે, તે કોડિયાં બીજે દિવસે કોઈ જાળવી રાખતું નથી. ભારતવર્ષમાં આનંદઉત્સવ માટે જરૂર આવા જાતજાતના માટીના દીવા, જાતજાતનું ક્ષણિક સાહિત્ય, રાતે પોતાનું કાર્ય પૂરું કરીને પરોઢિયે વિસ્મૃતિલોકમાં સિધાવ્યું હશે. પરંતુ પ્રથમ ધાતુનો દીવો દેખાય છે કાલિદાસનો. (ઈ. સ. ૫૦૦) તે જ વડીલોપાર્જિત પ્રદીપ હજી પણ આપણા ઘરમાં રહી ગયો છે."—રવીન્દ્રનાથ ઠાકુરકૃત પ્રાચીન સાહિત્ય (પૃ. ૫૫)

૩૭. જુઓ: 'હર્ષચરિત'ના પ્રાસ્તાવિક શ્લોકો, ૧૦, ૧૮, ૧૯ અને ૨૦.

5.2 આવી જ રીતે, આલંકારિકોએ પણ દેશના વિવિધ પ્રદેશોમાં રચાતી સાહિત્યિક કૃતિઓ અને તેમાં પ્રયોજાતી શૈલીઓનો (=તેમાં પ્રયોજાયેલી પદોની વિશિષ્ટ રચનાઓ)[૩૮] અભ્યાસ કરીને જે તે પ્રદેશનાં નામ ઉપરથી 'વૈદર્ભી', પાંચાલી, અને 'ગૌડી', (અને પાછળથી ઉમેરાયેલી માગધી, લાટીયા અને અવન્તિકા) એવા ભેદો પણ વર્ણવ્યા છે. પ્રાચીન સમયથી એવું મનાતું આવ્યું છે કે આ છ પ્રકારની શૈલીઓમાંથી બાણભટ્ટે પોતાનાં ગદ્યકાવ્યોમાં મહદંશે પાંચાલી શૈલી/રીતિનો વિનિયોગ કર્યો છે :

शब्दार्थयोः समो गुम्फः पाञ्चाली रीतिरिष्यते ।
शिलाभट्टारिकावाचि बाणोक्तिषु च सा यदि ॥

અર્થાત્ 'શબ્દ અને અર્થનું જેમાં સમાન ગુંફન થયું હોય તે 'પાંચાલી રીતિ' છે. આવી રીતિ શિલાભટ્ટારિકા અને બાણની ઉક્તિઓમાં જોવા મળે છે.'- શાર્ઙ્ગધરપદ્ધતિ. "પદોની વિશિષ્ટ રચનાને 'રીતિ' કહેવાય" એવા વામનના વિધાનને ધ્યાનમાં રાખીને જોઈએ તો પાંચાલી-રીતિમાં, ઉપર કહ્યું તેમ શબ્દાર્થનું સમાન ગુંફન અપેક્ષિત છે; (કેવળ પાંચાલ દેશમાં લખાઈ હોય એટલા માત્રથી તે 'પાંચાલી' કહેવાતી નથી).

5.3 પરંતુ બાણના ગદ્યકાવ્યોમાં પ્રયોજાયેલી આ પાંચાલી રીતિનું ગ્રથન શેની શેની ઉપર આધારિત છે ? એ વિષે આલંકારિકોનો જે મત છે તે તપાસીશું:- માધુર્ય, સુકુમારતા, ઓજસ્, કાન્તિ આદિ દશેય ગુણોવાળી જે રીતિ હોય તે વૈદર્ભી ગણાઈ છે. ઓજસ્ અને કાન્તિમતી જે રીતિ હોય તે ગૌડી છે તથા माधुर्यसौकुमापपन्ना पाञ्चाली ।-માધુર્ય અને સુકુમારતાથી યુક્ત જે શૈલી હોય તે પાંચાલી રીતિ ગણાય છે. રુદ્રટ નામના આલંકારિકે આ શૈલીભેદ વિચારમાં 'રસ'નો દૃષ્ટિકોણ દાખલ કર્યો; અને કહ્યું કે વૈદર્ભી અને પાંચાલી રીતિ પ્રેયસ્, કરુણરસ, ભયાનક અને અદ્ભુતનું આલેખન કરવા પ્રયોજાય છે.[૩૯] પરંતુ ચોક્કસ પ્રકારની રસાભિવ્યક્તિ માટે પ્રયોજાતી ભાષામાં 'વિશિષ્ટ પ્રકારના શબ્દોની સંઘટના' પણ જરૂરી હોય છે- આ મુદ્દાને ધ્યાનમાં રાખીને રુદ્રટે એમ પણ કહ્યું કે–

पञ्चाली लाटीया गौडी चेति नामतोऽभिहिताः ।
लघुमध्यायतविरचनसमासभेदाद् इमाः तत्र॥
द्वित्रिपदा पाञ्चाली, लाटीया पञ्च सप्त वा यावत् ।
शब्दाः समासवन्तः भवति यथाशक्ति गौडीया ॥ (રુદ્રટ-૨/૪,૫).

અર્થાત્ ૧. પાંચાલી રીતિમાં લઘુ (નાના) બે કે ત્રણ પદવાળા સમાસો પ્રયોજવા જોઈએ; ૨. લાટીયારીતિમાં મધ્યમ કદના પાંચ કે સાત પદોના સમાસ પ્રયોજવા જોઈએ તથા ૩. ગૌડીરીતિમાં લાંબા-કવિની જેટલી શક્તિ હોય તેટલા- વિસ્તૃત સમાસ પ્રયોજવા જોઈએ.

*

---

૩૮. विशिष्टपदरचना रीतिः ।-વામન.

૩૯. वैदर्भीपाञ्चाल्यौ प्रेयसि करुणे भयानकाद्भुतयोः ।
भाटीयागौडीये रौद्रे कुर्याद्यथोचितम् ॥ (રુદ્રટ ૧૫-૨૦)

5.4 હવે 'પાંચાલી રીતિ'નું સૈદ્ધાન્તિક સ્વરૂપ જોયા પછી, બીજા એક દૃષ્ટિકોણથી ગદ્યકાવ્યોમાં પ્રયોજાતાં ગદ્યના પ્રકારો પણ સમજી લેવા જોઈએઃ સાહિત્યદર્પણકાર વિશ્વનાથે 'વૃતગન્ધોજ્ઝિત ગદ્ય'ને ચાર પ્રકારનું કહ્યું છે. ૧. આવિદ્ધ પ્રકારના ગદ્યમાં સમાસ વપરાતા નથી. ૨. વૃત્તગંધિ પ્રકારના ગદ્યમાં ક્યાંક ક્યાંક અમુક છન્દોના પાદ કે ચરણોના પ્રયંાગ થતો હોય છે. ૩. ત્રીજા પ્રકારનું ગદ્ય તે ઉત્કલિકા પ્રકારનું ગદ્ય છે; જેમાં દીર્ઘસમાસોની ગુંથણી કરવામાં આવી હોય છે. અને ૪. 'ચૂર્ણક' નામના ગદ્યમાં અલ્પસમાસ પ્રયોજાય છે. (સાહિત્યદર્પણ : ૬-૩૩૦ થી ૩૩૩).

चूर्णकमल्पसमासं दीर्घसमासमुत्कलिकाप्रायम् ।
समासरहितमाविद्धं वृत्तभागान्वितं वृत्तगन्धि ॥

બાણભટ્ટની કૃતિઓમાં, ઉપર્યુક્ત ચાર પ્રકારના ગદ્યોમાંથી 'વૃત્તગન્ધિ' સિવાયના બાકીના ત્રણેય પ્રકારનું ગદ્ય પ્રયોજાયેલું જોવા મળે છે.

*

5.5 અત્યાર સુધીની ચર્ચામાં ગદ્યની વિવિધ શૈલીઓ અને પ્રકારો જોયા. તેમાં એમ પણ કહ્યું કે બાણભટ્ટે મહદંશે 'પાંચાલી રીતિ' અને 'વૃત્તગન્ધિ' સિવાયના બાકીના ત્રણેય પ્રકારના ગદ્યનો વિનિયોગ કર્યો છે. તથાપિ ગદ્યકવિ બાણને વિષે આટલું જ કહેવું પર્યાપ્ત નથી. કારણ કે અલંકારશાસ્ત્રીઓએ રીતિવિચારને આગળ વધારીને, કાવ્યમાં સધાતી વિવિધ ચમત્કૃતિઓને—વક્રોક્તિઓને—વિવિધ 'માર્ગો'ના નામે પણ ઓળખાવી છે. જેમકે, કુન્તકે સુકુમાર માર્ગ, વિચિત્રમાર્ગ અને મધ્યમમાર્ગ (વાળી વક્રોક્તિને કાવ્યનું જીવિત) કહેલ છે. આ દૃષ્ટિએ 'રાઘવપાણ્ડવીયમ્'માં જણાવ્યું છે કે—

सुबन्धुबाणभट्टश्च कविराज इति त्रयः ।
वक्रोक्तिमार्गनिपुणाश्चतुर्थो विद्यते न वा ॥ (૧-૪૧)

"સુબન્ધુ, બાણભટ્ટ અને કવિરાજ—એ ત્રણ કવિઓ જ વક્રોક્તિમાર્ગના નિપુણ કવિઓ છે. આ માર્ગ ઉપર ચાલનારો ચોથો કવિ કદાચ છે કે નથી." આમ બાણને 'વિચિત્રમાર્ગ'ના (ગદ્ય) કવિ તરીકે પણ ઓળખવામાં આવ્યા છે. આ સંદર્ભમાં પ્રોફે. શ્રી તપસ્વી નાન્દી લખે છે કે—

'વિચિત્ર માર્ગ'નું રહસ્ય અલંકરણ છે. વૈચિત્ર્યને જ અલંકાર કહે છે. અલંકાર જેનો પ્રાણ છે તે થયો વિચિત્રમાર્ગ. એક અલંકારના પ્રભાવમાંથી મન બહાર આવ્યું ન આવ્યું ને બીજો આવી મળે છે, જાણે અલંકારોની થપ્પીઓ ઉપર થપ્પીઓ રચાઈ જાય છે. આ એ માર્ગ છે જેમાં કવિની પ્રતિભાના પ્રથમ વિલાસને સમયે જ શબ્દ અને અર્થમાં કોઈ અપૂર્વ વક્રતા જાણે સ્ફુરિત થતી જણાય છે, તથા જ્યાં કવિ એક જ અલંકારથી સંતુષ્ટ ન થતાં હારમાં જેમ એકથી વધારે રત્નો લગાડાય તેમ અલંકારો સજાવે છે.[૪૦] રત્નોના કિરણોની શોભાની વિશેષતાથી ચમકતાં આભૂષણોથી

૪૦. આ શબ્દો બાણભટ્ટના બન્ને કાવ્યોને અક્ષરશઃ લાગુ પાડી શકાય એમ છે.-સંપાદક

જેમ કાન્તાનું શરીર ભૂષિત થાય, તેમ આ માર્ગ અનેક અલંકારોથી વિભૂષિત થાય છે. આ અલંકારોની શોભાથી અંદર છુપાયેલો અલંકાર્ય રસાદિ પોતાના સ્વરૂપે પ્રકાશે છે. પુરાણા કવિઓએ વર્ણવેલું વસ્તુ પણ આ માર્ગમાં કેવળ ઉક્તિવૈચિત્ર્યને બળે ચરમ સીમાએ પહોંચે છે. વળી, અહીં કવિની પ્રતિભાના પ્રયોગના પ્રભાવથી સૌંદર્યહીન વસ્તુ પણ કવિની પોતાની રુચિ પ્રમાણે કોઈ અનેરી શોભાયુક્ત હોય તેવી બની જાય છે. અહીં વાચ્યવાચકવૃત્તિથી ભિન્ન એવી વાક્યની પ્રતીયમાનતા નિરૂપિત કરાય છે. વિચિત્રમાર્ગમાં કોઈ કમનીય વૈચિત્ર્યથી પરિપોષિત અને સરસ અભિપ્રાયવાળા પદાર્થોના સ્વભાવ નિરૂપિત થાય છે તથા તે માર્ગમાં વક્રોક્તિનું વૈચિત્ર્ય જ જીવનભૂત હોય છે. તલવારની ધાર ઉપર જેમ સુભટોના મનોરથ પ્રવાસ કરે છે. તેમ આ માર્ગ કે જે અત્યંત દુઃસંચર છે તેના ઉપર વિદગ્ધકવિઓએ પ્રયાણ કર્યું છે. **બાણ,** સુબન્ધુ, ભવભૂતિ અને રાજશેખર **જેવા આ માર્ગના પ્રવાસીઓ ગણી શકાય.'** [૪૧]

6.0 આધુનિક વિવેચકોની દૃષ્ટિએ ગદ્યકવિ બાણભટ્ટ

6.1 અગાઉ જણાવ્યું છે તેમ સંસ્કૃત સાહિત્યમાં 'કાવ્ય' બે પ્રકારનું છે : શ્રવ્યકાવ્ય અને દૃશ્યકાવ્ય (audible and visible). આમાંથી જે શ્રવ્યકાવ્યો છે તેમાંના કેટલાક પદ્યમાં રચાયાં છે; તો બીજા કેટલાંક ગદ્યમાં લખાયા છે. આમાંથી જે પદ્યમાં રચાયેલા શ્રવ્યકાવ્યો છે તે (क) મહાકાવ્ય (ख) ખંડ (લઘુ) કાવ્ય, અને (ग) મુક્તક (સુભાષિત) પ્રકાર તરીકે ઓળખાય છે. પરંતુ જે ગદ્યમાં લખાયેલા કાવ્યો-ગદ્યકાવ્યો-છે તેને સામાન્ય રીતે (क) 'કથા' અને (ख) 'આખ્યાયિકા' એવા બે મુખ્યભેદોમાં વહેંચી શકાય છે. 'ગદ્ય'ની वृत्तगन्धोज्झितं गद्यम् ''જે વૃત્ત=છંદમાં લખાયેલું નથી તે ગદ્ય''-એવી વ્યાખ્યા આપવામાં આવી છે. (નિરુક્તકાર યાસ્કે નિપાતાર્થોની ચર્ચા કરતાં ગદ્યમાં લખાયેલા અને પદ્યમાં લખાયેલા ગ્રન્થોને માટે અનુક્રમે 'અમિતાક્ષર' અને 'મિતાક્ષર' ગ્રન્થ એવા શબ્દો વાપર્યા છે.-निरुक्त अध्याय-१) આવા ગદ્યમાં લખાયેલા ગદ્યકાવ્યને સામાન્ય રીતે Prose Romances કહેવામાં આવે છે.[૪૨] સુબન્ધુ, બાણ અને દંડી–એ ત્રણ કવિઓની અનુક્રમે વાસવદત્તા, કાદમ્બરી અને દશકુમારચરિત જેવી કૃતિઓની કીર્તિ દશે દિશાઓમાં સુવ્યાપ્ત છે. (પીટરસન કહે છે કે – ''Of the Romance particularly the Erotic Romance (શૃંગારપ્રધાન પ્રણયકથા) of the Milesian School one finds likeness in the Indian novels written in the 7th century A.D. by Bana and Subandhu'') પરંતુ સંસ્કૃત સાહિત્યની સમૃદ્ધિ જોતાં ગદ્યકાવ્યનાં જે બે પ્રકાર 'કથા અને આખ્યાયિકા' છે, તેમાંથી કેવળ 'કથા' પ્રકારના ગદ્યકાવ્યને માટે જ Prose Romance (શૃંગારપ્રધાન) પ્રણયકથા-શબ્દ

---

૪૧. ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ: (દ્વિતીયાવૃત્તિ) જુઓ: પૃ. ૪૮૩.

૪૨. ગદ્યકાવ્ય-Prose romance-માં પ્રાણીકથા, પશુકથા કે નીતિ વિષયક ઉપદેશ આપતા પંચતન્ત્ર, હિતોપદેશાદિનો સમાવેશ થતો નથી.

વાપરવો ઉચિત જણાય છે. 'હર્ષચરિત' જેવા ઇતિહાસમૂલક 'આખ્યાયિકા' પ્રકારના ગદ્યકાવ્યને તો સંસ્કૃત ગદ્યકાવ્યની આગવી વિશેષતા ગણવી જોઈએ; અને આખ્યાયિકા પ્રકારના ગદ્યકાવ્યનો સર્વોત્તમ નમૂનો પૂરો પાડનાર કવિ બાણભટ્ટની તે વિશેષ સિદ્ધિ ગણવી જોઈએ.

6.2 પરંતુ આધુનિક વિદ્વાનોને કાદમ્બરી અને 'હર્ષચરિત'ના અભ્યાસ પછી; અનેક દૃષ્ટિએ બાણની અસાધારણ પ્રતિભાનો, સિદ્ધિનો, અદ્વિતીયતાનો સ્વીકાર કર્યા પછીય-બાણની કૃતિઓમાં કેટલીક મર્યાદાઓ રહેલી જણાય છે. જેમકે, ૧. બાણે કથારસને સ્થગિત કરી દઈને ઘણે સ્થળે વર્ણનોનો અતિરેક કર્યો છે. તથા ૨. વર્ણનોમાં પ્રયોજેલું 'ઉત્કલિકા' પ્રકારનું ગદ્ય-કે જેમાં દીર્ઘતર-દીર્ઘતમ સમાસોનો રાશિ ખડક્યો હોય છે; તથા વિશેષણો (ક્યારેક શ્લિષ્ટોપમાવાળાં વિશેષણો) અને શ્લેષની પરંપરામાં દુર્ગમ વિશેષ્યને સાંભળવાની ધીરજ ખૂટી જાય એટલી હદનો વર્ણનનો પ્રસ્તાર દોષાવહ બનતો જણાય છે. વેબર જેવા વિદ્વાનો (કે જેમને માટે પ્રશ્લિષ્ટભાષા પરદેશી છે, તેઓ) બાણભટ્ટને વાંચીને હતાશ થયા જણાય છે. તેમના મતે બાણનું ગદ્ય એ એક દુર્ગમ ભારતીય જંગલ છે. તેમાં આગળ વધવું અશક્ય બની જાય છે અને પ્રવાસી વાચકે પોતે પોતાનો રસ્તો કરી લેવાનો હોય છે. આ જંગલમાં અજાણ્યા,અઘરા (દીર્ઘ સામાસિક) શબ્દો રૂપી હિંસ્ર પ્રાણીઓ વાચકને ડરાવી મૂકે છે.[૪૩] પ્રોફે. આર. ડી. કરમારકર જેવાઓને પણ આ ટીકા અંશતઃ સાચી લાગી છે.[૪૪] ઉદાહરણ તરીકે કહીએ તો, 'હર્ષચરિત'ના પહેલા બે ઉચ્છ્વાસોમાં સરસ્વતીનું વર્ણન, પ્રદોષસમય અને મન્દાકિનીનું વર્ણન; ત્યાર પછી દધીચની અંગત સખી માલતીનું વર્ણન કથાને સ્થગિત કરતાં હોય એવું કોઈને લાગી શકે. એ જ રીતે બીજાં ઉચ્છ્વાસમાં ગ્રીષ્મઋતુના ઉન્મત્ત માતરિશ્વા કે દારુણ દાવાગ્નિઓનું વર્ણન, તથા હર્ષના સ્કન્ધાવારની આગળ ઊભેલા સામન્તો, ક્રમેલકો (ઊંટો), અશ્વો આદિનાં વર્ણનો ઉત્કલિકા ગદ્યમાં રચાયા હોઈ, કોઈકને અર્થબોધની દૃષ્ટિએ દુર્બોધ જણાય છે.

---

૪૩. ......in short, Bāṇa's prose is an Indian wood, where all progress is rendered impossible by the undergrowth until the traveller cuts out a path for himself and where, even then he has to reckon with malicious wild beasts in the shape of unknown words that affright him. (Peterson's Introduction to कादम्बरी B. S. S. pp. 38).

૪૪. ....you are in a position to pass through the wood, not certainly without scratches here and there, but without any serious damage to speak of.—Bana, by Karmarkar R. D. (pp. 69-70)

પરંતુ ભારતની અદ્વિતીય અસ્મિતાને આત્મસાત્ કરનાર શ્રી રવીન્દ્રનાથ ઠાકુરે મહાકવિ બાણભટ્ટના કાવ્યનો સમુચિત સૌન્દર્યબોધ કરાવતાં લખ્યું છે કે–

''પ્રાચીન ભારતવર્ષની અનેક બાબતોમાં બીજા કરતાં વિશેષતા હતી એમાં સંદેહ નથી. બીજા દેશોમાં સંસ્કૃતિની ઉત્પત્તિ નગરોમાં થઈ ત્યારે આપણા દેશમાં અરણ્યમાં થઈ છે. ... આવાં અનેક દૃષ્ટાંતોથી બતાવી શકાય કે સાધારણ માનવ-પ્રકૃતિથી ભારતવર્ષની પ્રકૃતિ અનેક બાબતોથી જુદી છે. એ જુદાપણાનું બીજું એક લક્ષણ એ જણાય છે કે પૃથ્વી ઉપરની લગભગ તમામ જાતિઓને વાર્તા સાંભળવી ગમે છે, પરંતુ માત્ર પ્રાચીન ભારતવર્ષમાં જ વાર્તા સાંભળવાની ઉત્સુકતા હતી નહીં... વર્ણનને લીધે, તત્ત્વની આલોચનાને લીધે કે અવાન્તર પ્રસંગોને લીધે તેનો વાર્તાપ્રવાહ પદેપદે સ્ખલિત થાય છે, છતાં પ્રશાન્ત ભારતવર્ષની ધીરજ ખૂટી જતી જણાતી નથી.''

*

(....કાલિદાસના કુમારસંભવમાં કથા નથી. જે કાંઈ છે તે સૂત્રરૂપે, અતિ સૂક્ષ્મ અને પ્રચ્છન્ન છે. વળી તેય અધૂરી છે. દેવતાઓનો દૈત્યોથી કોઈ રીતે બચાવ થયો કે ન થયો તે સંબંધે કવિની જરા પણ ઉત્સુકતા દેખાતી નથી. કવિની ખબર લેનાર પણ કોઈ નથી. વળી વિક્રમાદિત્યના સમયમાં શક, હૂણરૂપી શત્રુઓ સાથે ભારતવર્ષને એક જાતનું તુમુલ યુદ્ધ ચાલી રહ્યું હતું, અને સ્વયં વિક્રમાદિત્ય તેનો નાયક હતો. એટલે દેવદૈત્યનું યુદ્ધ અને સ્વર્ગના પુનરુદ્ધારનો પ્રસંગ તે સમયના શ્રોતાગણને વિશેષ ઔત્સુક્ય–જનક થાય એમ આશા રાખી શકાય. પરંતુ તે ક્યાં છે ? રાજસભાનું શ્રોતામંડળ દેવતાઓ ઉપર પડેલી વિપત્તિના સંબંધમાં ઉદાસીન છે. મદનભસ્મ, રતિવિલાપ, ઉમાની તપસ્યા–એ કશામાંથી ઉતાવળે નીકળવાની કોઈની ઇચ્છા જણાતી નથી. સઘળા જાણે કહે છે, 'કથા રહેવા દો, અહીં આ વર્ણન જ ચાલવા દો.' રઘુવંશ પણ અદ્‌ભુત વર્ણનોને માટે યોજેલું એક નિમિત્તમાત્ર છે.)

*

આ ઉપરાંત સંસ્કૃત ભાષાનું સ્વરવૈચિત્ર્ય, ધ્વનિગાંભીર્ય અને સ્વાભાવિક આકર્ષણ એવું છે કે નિપુણતાથી તેનો પ્રયોગ કરી શકાય તો તેમાંથી વિવિધ વાદ્યોના જેવું વૃંદસંગીત (કૉન્સર્ટ) ગાજી ઊઠે છે; તેની અંતર્નિહિત રાગિણીમાં, એવી એક અનિર્વચનીયતા છે કે કવિપંડિતો પોતાના વાઙ્મયનૈપુણ્ય દ્વારા પંડિત શ્રોતાગણને મુગ્ધ કરી નાખવાનું પ્રલોભન ખાળી શકતા નહોતા; તેથી જ્યાં ભાષાને સંક્ષિપ્ત કરી વિષયને જલ્દી આગળ કરવો જરૂરનો હોય ત્યાં પણ ભાષાનું પ્રલોભન ખાળવું મુશ્કેલ થઈ પડે છે; અને ભાષા વિષયને પ્રકાશિત ન કરતાં પદેપદે તેને ઢાંકીને ઊભી રહે છે. વિષયના કરતાં ભાષા જ સરસાઈ મેળવવાનો પ્રયત્ન કરે છે અને તેમાં સફળ પણ થાય છે. મોરનાં પીછાંનાં બનાવેલા પંખા ઘણા સુન્દર હોય છે. છતાં તેનાથી પવન બરાબર આવતો નથી. પરંતુ પવન નાખવાનું નિમિત્તમાત્ર

લઈને રાજસભામાં કેવળ શોભા માટે તે રાખવામાં આવે છે. રાજસભામાં સંસ્કૃત કાવ્યો પણ વસ્તુસંકલના માટે એટલી બધી દરકાર નથી રાખતાં, તેનાં વાગ્વિસ્તાર, ઉપમાકૌશલ્ય, વર્ણનચાતુર્ય રાજસભાને ડગલે ને પગલે આશ્ચર્યમાં લીન કરી દે છે.

*

.....બાણભટ્ટ જો કે સ્પષ્ટ રીતે વાર્તા કહેવા બેઠા છે, તોપણ ભાષાના વિપુલ ગૌરવને ઓછું કરી કોઈ પણ જગાએ વાર્તાને દોડાવતા નથી. સંસ્કૃત ભાષાને અનુચરથી વીંટળાયેલા સમ્રાટ્‌ની માફક આગળ કરી દઈને વાર્તા તો તેની પાછળ છુપાતી, છત્રનું વહન કરતી માત્ર ચાલે છે. ભાષાની રાજમર્યાદાની વૃદ્ધિ અર્થે વાર્તાની થોડીક જરૂર છે એટલા જ માટે તે છે, પરંતુ તે તરફ કોઈની પણ નિઘા નથી.

*

પરંતુ એક સમયનો મધુલોભી જો અન્ય સમયમાંથી મધુસંગ્રહ કરવા ઇચ્છે, તો પોતાના કાળને આંગણે બેસી રહ્યે તેને તે મળશે નહીં; અન્ય કાળમાં જ તેણે પ્રવેશ કરવો જોઈએ. કાદમ્બરીનો જે ઉપભોગ કરવા ઇચ્છે તેણે ભૂલી જવું જોઈશે કે ઓફિસનો વખત થઈ ગયો છે. તેણે એવું ધારી લેવું જોઈશે કે પોતે વાગ્રસવિલાસી મોટા રાજેશ્વર છે, રાજસભામાં વિરાજેલા છે, અને समानवयो-विद्यालंकारैः अखिलकलाकलापालोचनकठोरमतिभिः अतिप्रगल्भैः अग्राम्यपरिहास-कुशलैः काव्यनाटकाख्यानायिकालेख्यव्याख्यानादिक्रियानिपुणैः विनयव्यवहारिभिरात्मनः प्रतिबिम्बैरिव राजपुत्रैः सह रममाणः..... । (છે.) આ પ્રમાણે રસચર્ચામાં રસિકોથી વીંટળાયેલા રહેવાથી દુનિયાના દરરોજના સુખ-દુઃખથી ભરેલા ઝગડાવાળા, પરસેવાથી ટપકતા, ધમાલિયા વ્યવહારથી તેઓ અલગ પડી જતા. દારૂડિયો જેમ આહાર ભૂલી મદ્યપાન કરતો રહે છે, તેમ તેઓ પણ જીવનના કઠણ અંશોનો ત્યાગ કરી ભાવ-ના તરલ રસના પાનમાં મત્ત બની રહે છે. તે વખતે સત્યની વાસ્તવિકતા કે પ્રમાણ ઉપર દૃષ્ટિ રહેતી નહીં. કેવળ હુકમ ચાલ્યા કરે, 'રેડો, હજુ રેડો.'

.....એક કલ્પના કરો : ગાયક ગાય છે : ''ચ-લ-ત-રા-આ-આ-આ-આ,'' ફરી વળી ''ચ-લ-ત-રા-આ-આ-આ-આ-''એમ દીર્ઘ તાન ચાલે છે. શ્રોતાઓ આ તાનની રમતથી ઉન્મત્ત થઈ જાય છે. હવે ગાનનું વસ્તુ છે, 'ચલત રાજકુમારી' પરંતુ તાનના ઉપદ્રવમાં જ વેળા વહી જાય છે અને રાજકુમારી તો ચાલતી જ નથી. સમજદાર શ્રોતાને પૂછીશું તો તે કહેશે કે રાજકુમારીને ન ચાલવું હોય તો ભલે ન ચાલે, પરંતુ તાન ચાલવા દો. અવશ્ય, રાજકુમારી ક્યાં જાય છે એ વાત જાણવા માટે તે ખાસ અધીરા છે તેમને તો આ તાન દુઃસહ થઈ પડે છે. પરંતુ પ્રસ્તુત ક્ષેત્રમાં જો રસનો ઉપભોગ કરવા ઇચ્છતા હો તો રાજકુમારીના ગમ્યસ્થાનનો નિર્ણય કરવા માટે અધીરા ન બનતાં તાન જ સુણ્યા કરો. કારણ, જે જગ્યાએ આવી પડ્યા છો ત્યાં હકીકત માટે અધીરા થવામાં લાભ નથી; એ તો રસના મતવાલા બનવાનું સ્થાન છે. એટલે સ્નિગ્ધ મેઘની ગર્જનાથી શરૂ થતું શૂદ્રક રાજાનું વર્ણન સાંભળવું

પડશે. (आसीदशेषनरपतिशिरः समभ्यर्चितशासनः पाकशासन इवापरः.....) તે વર્ણનમાં આપણે શૂદ્રકના ચારિત્રના ચિત્રની આશા રાખવી નહીં. કારણ ચારિત્રના ચિત્રમાં તો તેની અમુક રેખા આંકવી પડે, એટલે તેની મર્યાદા હોય. અહીં મર્યાદા નથી. ભાષા, તરંગોથી ગર્જતા સમુદ્રની ભરતીની માફક ઊછળી રહી છે. તેને અટકાવનારું નથી.....

સહુ જાણે છે કે ભાવ વાસ્તવ માફક કૃપણ નથી. વાસ્તવ દૃષ્ટિએ જે બાળક અંધ હોય તે ભાવની દૃષ્ટિએ પદ્મલોચન થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. સંસ્કૃત ભાષા તે ભાવની રાજોચિત અજસ્રતાને ઉપયોગી ભાષા છે. તે સ્વાભાવિક રીતે જ ગૌરવવાળી છે. કાદમ્બરીમાં પૂર્ણ વર્ષા કાળની નદીનો માફક વિવર્ત, તરંગ, ગર્જન, પ્રકાશની છટા એ બધાંને લીધે તે અદ્ભૂત દીપી ઊઠી છે.

પરંતુ 'કાદમ્બરી'ની ખૂબી એ છે કે ભાષા અને ભાવનો વિશાળ વિસ્તાર સાચવી રાખીને પણ તેમાં કેટલાંક ચિત્રો ઠીક આલેખાઈ ઊઠ્યાં છે. સઘળું ડૂબી જઈને એકાકાર થઈ જતું નથી. કાદમ્બરીનું પહેલું આરંભનું ચિત્ર જ તેનું પ્રમાણ છે :

હજી ભગવાન્ મરીચિમાલી બહુ ઊંચે ચઢ્યા નથી. નવા કમળના સંપુટને ફોડીને તેમાંથી નીકળતી કુંળી પાંદડીઓની સહેજ ખીલેલી લાલ કાંતિ જેવી દેખાય તેવો જ સૂર્યનો વર્ણ દેખાય છે.

આમ વર્ણન શરૂ થાય છે. આ વર્ણનનો બીજો કોઈ ઉદ્દેશ નથી. કેવળ શ્રોતાઓના નયનમાં એક કોમળ રંગ આંજી દેવો અને તેમના સર્વાંગે એક સ્નિગ્ધસુગંધ ફેલાવી દેવી. एकदा तु नातिदूरोदिते नवनलिनदलसम्पुटभिदि किंचिदुन्मुक्तपाटलिम्नि भगवति मरीचिमालिनि — શબ્દનો શો મોહ ! અનુવાદ કરીએ તો માત્ર એટલું જ વ્યક્ત થાય કે બાળસૂર્યનો રંગ જરા લાલ હતો; પરંતુ ભાષાની ઈન્દ્રજાળથી, કેવળ આ વિશેષ્ય વિશેષણના વિન્યાસથી એક સુરમ્ય, સુગન્ધ, સુવર્ણ, સુશીતળ પ્રભાતકાળ એકદમ હૃદયને આવરી લઈ પકડી લે છે. પ્રભાતનું વર્ણન જોયું. હવે કથામાંથી તપોવનમાં સંધ્યાસમયનું તેવું વર્ણન લઈએ : दिनावसाने लोहिततारका तपोवनधेनुरिव कपिला परिवर्तमाना संध्या—દિવસને અંતે રાતી કીકીઓવાળી તપોવનધેનુ જેમ આશ્રમમાં પાછા ફરે, તેમ જ ભૂરા રંગની સંધ્યા પણ તપોવનમાં ઊતરી. ભૂરી ગાયોની સાથે સંધ્યાના રંગની સરખામણી કરવાથી સંધ્યાના સમસ્ત શાંતિ, શ્રાન્તિ અને ધૂસર કાન્તિ કવિ એક મુહૂર્તમાં મનની અંદર આબેહૂબ ખડી કરે છે. પ્રભાતના વર્ણનમાં જેમ કેવળ તુલનાની યુક્તિથી નવી પાંદડીઓના જરા ઊઘડેલા સંપુટની સુકોમળ કાન્તિ પ્રકટ કરી માયાવી ચિત્રકાર સમસ્ત પ્રભાતને સૌકુમાર્ય અને સુસ્નિગ્ધતાથી પરિપૂર્ણ કરી દે છે, તેમ જ રંગની ઉપમાંની યુક્તિથી તપોવનની ગૌશાળામાં પાછી ફરતી રાતી કીકીઓવાળી ભૂરી (નીલવર્ણી) ગાયોની વાત કરી સંધ્યામાં જે કાંઈ ભાવ હોય છે તે તમામ પૂરેપૂરો દર્શાવાયો છે.

રંગના સૌન્દર્યનો વિકાસ દેખાડવાની આવી શક્તિ બીજો કોઈ સંસ્કૃત કવિ બતાવી શકતો નથી. 'સંસ્કૃત કવિઓ લાલ રંગ કહી અટક્યા છે. પરંતુ કાદમ્બરીકારના લાલ રંગ એટલા પ્રકારના છે કે તેની હદ નથી. કોઈ લાલરંગ લાખ જેવો, કોઈ લાલ રંગ પારેવાંના પગનાં તળિયાં જેવો, કોઈ લાલ રંગ સિંહના લોહિયાળ નખ જેવા एकदा तु प्रभातसंध्यारागलोहिते गगनतले कमलिनीमधुररक्तपक्षसंपूटे वृद्धहंस इव..... पद्मरागशलाकासम्मार्जनीभिरिव समुत्सार्यमाणे गगनकुट्टिमकुसरप्रकरे तारागणे।

"એક દિવસ આકાશ જ્યારે પ્રભાત-સંધ્યાના રંગથી લાલ હતું. ચન્દ્ર પદ્મમધુ વડે લાલ થયેલી પાંખોવાળા વૃદ્ધહંસની માફક સ્વર્ગગંગાના તીર ઉપરથી પશ્ચિમ સમુદ્રના તટ પર ઊતરતો હતો, દિગન્તમાં વૃદ્ધ રંકુમૃગના જેવી પાંડુતા ધીમેધીમે પથરાતી જતી હતી, ગજરુધિરથી છંટાયેલી સિંહની યાળ જેવાં લાલ, અને જરા તપાવેલી લાખના તંતુ જેવા રાતા રંગનાં સૂર્યનાં લાંબાં કિરણો જાણે માણેકની સળીઓની સાવરણી વતી આકાશના આંગણામાંથી તારારૂપી પુષ્પને વાળી નાખતાં હોય એમ દેખાતાં હતાં."

રંગની ખૂબી દેખાડવામાં કવિને કેટલો આનંદ પડે છે ! જાણે થાક જ લાગતો નથી, તૃપ્તિ જ થતી નથી ! એ રંગ તે માત્ર ચિત્રપટ ઉપરનો જ રંગ નથી, તેમાં કવિત્વનો રંગ છે, ભાવનો રંગ છે. અર્થાત્ **કઈ વસ્તુનો કેવો રંગ છે તેનું જ માત્ર વર્ણન નથી, તેની અંદર હૃદયનો અંશ છે.** તેનું એક દૃષ્ટાંત લઈશું તો અમારું કહેવું સ્પષ્ટ થશે. કથા એવી છે કે શિકારી ઝાડ ઉપર ચડીને માળામાંથી પક્ષીઓનાં બચ્ચાં ભોંયે પાડે છે. ઊડવાની શક્તિ નથી આવી એવાં એ બચ્ચાંઓના રંગ કેવા કેવા છે ? कांश्चिदल्पदिवसजातान् गर्भच्छविपाटलान् शाल्मलीकुसुमशंकामुपजनयतः.... कोटरान्तरेभ्यश्च शुकशावकान् अग्रहीत्, अपतगासूंश्च कृत्वा क्षितावपातयत् ॥ "કેટલાક થોડા દિવસ થયાં જન્મેલા હતાં. તે નવાં જન્મેલાની કમનીય પાટલ કાન્તિ શાલ્મલીકુસુમના જેવી હતી. કેટલાંકની નાની નાની પાંખો પદ્મની નવી પાંદડીઓની માફક ફુટતી હતી, કેટલાંકનો રંગ પદ્મરાગ જેવો લાલ હતો, કેટલાંકની લાલ થવા માંડેલી ચાંચની અણીઓ જરાક ઊઘડેલી કમળની કળીઓ જેવી હતી, કેટલાંકનાં માથાં સતત હાલ્યા કરતાં હતાં જાણે કે તેઓ વ્યાધનું નિવારણ કરતા હોય. આ સઘળાં પ્રતિકાર કરવાને અસમર્થ એવાં પોપટનાં બચ્ચાંને વનસ્પતિની ડાળીઓ તથા કોટરોમાંથી જાણે એક એક ફળ તોડતો હોય તેમ પકડીને મારી નાખી તે વ્યાધ જમીન ઉપર ફેંકી દેવા માંડ્યો."

આમાં કેવળ વર્ણવિન્યાસ નથી. તેની સાથે કરુણા ભળેલી છે. છતાં કવિ તે સ્પષ્ટ રીતે 'અરેરે' ને 'હાય હાય' કરીને દર્શાવતા નથી. વર્ણનની અંદર તુલનાની જે સુકુમારતા છે તેને લીધે તે આપોઆપ વ્યક્ત થાય છે.

પરંતુ આમ કર્યે તો લેખ પૂરો જ થશે નહીં. કારણ કાદમ્બરીમાં પ્રલોભનો ઢગલે ઢગલા છે, આ કુંજવનની ગલીએ ગલીએ નવા નવા રંગના પુષ્પવાળા લતામંડપો છે; ત્યાં સમાલોચક જો મધુપાન કરવામાં જ રોકાઈ જાય તો તેનું ગુંજન બંધ પડી જાય.

...(ટૂંકમાં)-સંસ્કૃત કવિઓમાં ચિત્રલેખનમાં બાણભટ્ટના જેવો બીજો કોઈ નથી એ હિમ્મતપૂર્વક અમે (શ્રી રવીન્દ્રનાથ ઠાકુર) કહી શકીએ છીએ. **સમસ્ત કાદમ્બરી કાવ્ય એક ચિત્રશાળા છે.** સાધારણ રીતે લોકો બનાવોનું વર્ણન કરીને વાર્તા કહે છે. બાણભટ્ટ એક પછી એક ચિત્ર તૈયાર કરીને વાર્તા કહે છે. તેથી તેમની વાર્તા ગતિશીલ નથી, તે રંગની છટાથી અંકાયેલી છે. ચિત્રો પણ ગીચોગીચ એકબીજામાં સાથે ભળી જતાં હોય એવાં નથી, **દરેક ચિત્રની ચોમેર ભારે કલાવિધાયક ખાસ ખૂબીથી તૈયાર કરે તેવું બહુ વિસ્તૃત ભાષાનું સોનાનું ફ્રેમ મઢેલું છે. ફ્રેમ સાથેનાં તે ચિત્રોના સૌન્દર્યના આસ્વાદથી જેઓ વંચિત છે તેઓ દુર્ભાગી છે."**

–પ્રાચીન સાહિત્ય (પૃ. ૫૨ થી ૬૮)

7.0 'હર્ષચરિત' (ઉચ્છ્વાસ ૧-૨)ની સમીક્ષા

7.1 બાણભટ્ટ કૃત 'હર્ષચરિત' ગદ્યકાવ્યનું મૂલ્યાંકન કરતાં વિદ્વાનોને જણાયું છે કે સંસ્કૃત ગદ્યકાવ્ય સાહિત્યમાં 'આખ્યાયિકા' પ્રકારના ગદ્યકાવ્યનું સર્વોત્તમ ઉદાહરણ તે 'હર્ષચરિત' છે. આ કાવ્ય 'આખ્યાયિકા' પ્રકારનું હોઈને તેમાં કવિકલ્પિત ઘટનાઓને અવકાશ રહેતો નથી. તેમાં તો ઈતિહાસ-પ્રસિદ્ધ સમ્રાટ્ હર્ષવર્ધન (૬૦૬-૬૪૮ A. D.) ના જીવનચરિતનો એકભાગ આલેખાયો છે. આમ આ 'હર્ષચરિત'નું ઐતિહાસિક દૃષ્ટિએ પણ મૂલ્ય છે. કારણ કે હર્ષચરિતમાં આલેખેલી ઘણી વિગતોનું સમર્થન હ્યુ-એન-ત્સંગે હર્ષવર્ધન-કાલિક ભારતવર્ષનું જે વર્ણન કર્યું છે, તેનાથી થતું જોવા મળે છે. અલબત્ત, 'હર્ષચરિત'માં સમ્રાટ્ હર્ષનું સમગ્ર જીવન આલેખાયું નથી. (રાજ્યશ્રીને ચિતામાં બળી મરતી તેણે બચાવી ત્યાં સુધીની જ વિગતો આઠમા ઉચ્છ્વાસ સુધીમાં પ્રાપ્ત થાય છે. હર્ષે ગૌડનરેશ શશાંક ઉપર બદલો લીધો કે નહીં ? તથા પુલકેશી બીજા જોડે તેને જે યુદ્ધ થયું હતું તેની કોઈ વિગતો 'હર્ષચરિત'માંથી પ્રાપ્ત થતી નથી). એ જ પ્રમાણે બાણભટ્ટના ઉત્તરજીવનની ઘટનાઓ કે વિગતો પણ તેમાંથી પ્રાપ્ત થતી નથી. આમ તેમાંથી ઐતિહાસિક વિગતો ખૂબ મર્યાદિત પ્રમાણમાં જ પ્રાપ્ત થાય છે. શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે – 'હર્ષચરિત'ને વિશુદ્ધ ઐતિહાસિક ગ્રન્થ કહી શકાય એમ નથી. તેમાં કાવ્યની ઢબે બાણે હર્ષનું જીવન, તેનું વ્યક્તિત્વ, સમકાલીન કેટલીક ઘટનાઓ અને સંબંધિત પાત્રો ઈત્યાદિ વાતોનું કાવ્યમયી શૈલીથી વર્ણન કર્યું છે." છતાંય શ્રી અગ્રવાલે એમ પણ કહ્યું છે કે 'હર્ષચરિત' તે બાણના સમયનું જે ભારત હતું, તેનો સાંસ્કૃતિક ઈતિહાસ જાણવા માટે "(હર્ષચરિત) એક અપૂર્વ સાધન છે."

'હર્ષચરિત' સર્વાંશે ઐતિહાસિક ન હોવા છતાંય, બાણભટ્ટની કલમે તેમાં હર્ષવર્ધનનો જીવનવૃત્તાન્ત (biography) આલેખાવા ઉપરાંત; કવિ બાણભટ્ટનો પોતાનો આત્મવૃત્તાન્ત (auto-biography) જે રજૂ થયો છે તે તો બહુ મૂલ્યવાન છે જ એમાં બે મત નથી. વળી, બાણે 'હર્ષચરિત'ના પ્રાસ્તાવિક શ્લોકોમાં પોતાના પુરોગામી જે કવિઓનો નામોલ્લેખ કર્યો છે; તે પણ સંસ્કૃત સાહિત્ય જગત્‌ના અમુક કવિઓના સમયની ઉત્તરસીમા નક્કી કરવા માટે ખૂબ ઉપયોગી બની રહેલ છે.

7.2 'હર્ષચરિત'ના પહેલા બે ઉચ્છ્‌વાસ (અને ત્રીજા ઉચ્છ્‌વાસનો લગભગ અર્ધો ભાગ) કવિ બાણભટ્ટનો આત્મવૃત્તાન્ત રજૂ કરે છે. આ બન્ને ઉચ્છ્‌વાસોના ઉપશીર્ષકો-અનુક્રમે (૧) વાત્સ્યાયનવંશ વર્ણન અને (૨) રાજદર્શન-જણાવે છે તે મુજબ આમાં કવિએ (પહેલા ઉચ્છ્‌વાસમાં) પોતાના પૂર્વજોનું-પિતૃવંશનું વર્ણન કર્યું છે. તથા સાથે સાથે પોતાનો વિદ્યાવંશ પણ બહુ કલાત્મક રીતે જાહેર કર્યો છે. (પ્રસ્તાવનાના '2.0 કવિપરિચય'માં આની વિશેષ વિગતો મૂકી છે. તેથી પુનરુક્તિ કરીશું નહીં.) તથા પોતાના માતાપિતાનું નાની ઉંમરમાં જ અવસાન થવું, વિવિધ મિત્રમંડળ અને દેશાટનની વિગતો મૂકી છે. ત્યાર પછી, (બીજા 'રાજદર્શન' નામના ઉચ્છ્‌વાસમાં) કવિ બાણભટ્ટ અને સમ્રાટ્ હર્ષવર્ધનની સાહિત્યજગત્‌માં સુવિખ્યાત એવી પ્રથમ મુલાકાત વર્ણવાઈ છે.

7.3 'હર્ષચરિત'ના પહેલા બે ઉચ્છ્‌વાસમાં બાણભટ્ટે પોતાના આત્મવૃત્તાન્ત રૂપે જે વિગતો અને ઘટનાઓ આલેખી છે તેની ગુંથણી બહુ કાવ્યત્વપૂર્ણ અને ચિત્તાકર્ષક જણાય છે. આરંભે ૨૧ પ્રસ્તાવિક શ્લોકો મૂક્યા છે. તેમાં શંકર અને ઉમા-પાર્વતીને મંગલાર્થે વંદન કર્યા છે. ત્યાર પછી કવિવેધા વ્યાસને પણ પ્રણામ કર્યા છે. પછી કુકુવિનિન્દા અને કવિચોરને વર્ણાવ્યા છે. વળી, પોતે યુવાનીમાં દેશાટન કરીને જોયેલી-જાણેલી ભારતના વિવિધ પ્રાન્તોમાં ચાલતી સાહિત્યિક પ્રવૃત્તિની રૂપરેખા આપી છે. ઉત્તમ કાવ્ય પોતાની વિભાવના અને તેમાંય આખ્યાયિકાકારોને 'કવીશ્વર' કહીને વન્દ્ય કહ્યા છે. તે પછી પોતાના પુરોગામી કવિઓ/કૃતિઓ--વાસવદત્તા, હરિચન્દ્ર, સાતવાહન, પ્રવરસેન, ભાસ, કાલિદાસ, બૃહત્કથા, આઢ્યરાજ આદિ-ના પ્રશંસાત્મક ઉલ્લેખો કર્યા છે. છેલ્લા ત્રણ શ્લોકોમાં 'આખ્યાયિકા'નું સ્વરૂપ અને કથાનાયક 'હર્ષનો જય થાવ' એવી મંગલકામના કરી છે.

ત્યાર પછી, કવિ एवम् अनुश्रूयते-पुरा किल भगवान् स्वलोकमधितिष्ठन् परमेष्ठी विकासिनि पद्मविष्टरे समुपविष्टः...... । "પરંપરાથી આ પ્રમાણે સાંભળવા મળે છેઃ કહેવાય છે કે પહેલાંના સમયમાં, પોતાના (બ્રહ્મ) લોકમાં નિવાસ કરતા ભગવાન્ પરમેષ્ઠી (બ્રહ્માજી) (નિત્ય) ખીલેલા કમળ રૂપી આસન ઉપર બેસતા હતા"--થી 'આખ્યાયિકા'ની શરૂઆત કરે છે. બ્રહ્માજી ઋષિઓને, મહર્ષિઓને

વિદ્યાગોષ્ઠિની પ્રેરણા આપતા બેઠા છે. એટલામાં વિદ્યાઓના વિસંવાદને કારણે વિવાદ ઊભો થયો. મુનિ દુર્વાસા બીજા એક મન્દપાલ નામના મુનિ સાથે ઝઘડી પડ્યા; અને ક્રોધાન્ધ થઈ ગયેલા તેમણે વિસ્વરે સામ મન્ત્ર ઉચ્ચાર્યો. આ પ્રસંગે દુર્વાસાના શાપના ભયથી બીજા તો સૌ મૌન રહ્યા; પણ દેવી સરસ્વતી હસી પડી ! આથી, પોતાનો દોષ જોવાને બદલે, સરસ્વતી ઉપર ગુસ્સે ભરાયેલા દુર્વાસાએ શાપ આપ્યો કે-दुर्विनीते ! व्यपनयामि ते विद्याजनिताम् उन्नतिमिमाम्, अधस्ताद् गच्छ मर्त्यलोकम् । "હે દુર્વિનીતા ! તારી આ વિદ્યાથી જન્મેલી ઉન્નતિને દૂર કરું છું; જા નીચે મર્ત્યલોકમાં." જો કે બ્રહ્માજીના કહેવાથી તે શાપ સરસ્વતીને પોતાના પુત્રનું મુખદર્શન કરવા સુધીની જ અવધિવાળો બની રહ્યો. પછી તો દેવી સરસ્વતી પોતાની સખી સાવિત્રીની સાથે પૃથિવીલોકમાં શોણનદના કિનારે ઊતરે છે. અને એક લતામંડપને વિષે જ તે બે સખીઓએ ગૃહબુદ્ધિ બાંધી ! એકવાર ત્યાં ચ્યવનનો પુત્ર દધીચ આવી ચઢે છે. એને જોઈને દેવી સરસ્વતી એના પ્રેમમાં પડે છે; દધીચ પણ સામે એવો ભાવ અનુભવે છે. બન્નેના સમાગમથી, કાલક્રમે સરસ્વતી એક 'સારસ્વત' નામના પુત્રને જંન્મ આપે છે. હવે શાપનો અવધિ પૂરો થતાં તે સ્વર્ગમાં પાછી ફરે છે. અને દધીચ પણ, સરસ્વતીના વિરહમાં, પોતાના પુત્ર સારસ્વતને એક પોતાના જ ગોત્રના બ્રાહ્મણ ભાઈની પત્ની અક્ષમાલાને ઉછેરવા સોંપે છે; અને પોતે વનમાં તપશ્ચર્યા માટે જતો રહે છે. તે સમયે અક્ષમાલાએ પણ એક 'વત્સ' નામના પુત્રને જન્મ આપ્યો હોય છે. તે વત્સની સાથે સારસ્વત ઉછરવા લાગે છે. સરસ્વતીના પ્રસાદથી સારસ્વતને બધા જ વેદ, વેદાંગ, શાસ્ત્રાદિ અને કલા વગેરેનું જ્ઞાન સહજ પ્રાદુર્ભાવ પામ્યું હોય છે; તે જ્ઞાન તેણે પોતાના સહોદરતુલ્ય વત્સને વિષે સંક્રાન્ત કર્યું. તથા શોણના કિનારે જ બ્રાહ્મણાધિવાસ નામના ગામમાં વત્સને માટે, પ્રેમથી એક નિવાસસ્થાન બંધાવડાવ્યું. તેનું નામ 'પ્રીતિકૂટ' રાખ્યું. ત્યાર પછી, તે સારસ્વત પણ વનમાં તપ કરવા ચાલ્યો જાય છે. (કવિ બાણે 'સારસ્વતનો પુત્રપૌત્રાદિની પરંપરાવાળો વંશ આગળ ચાલ્યો' એવું વર્ણવ્યું નથી તે સૂચક છે). આ સારસ્વતના જ્ઞાનથી સમૃદ્ધ થયેલા વત્સથી જે પુત્રપૌત્રાદિની પરંપરાવાળો વંશ પ્રવર્ત્યો તે 'વાત્સ્યાયનવંશ' તરીકે ઓળખાયો. આ વાત્સ્યાયન વંશમાં કાલક્રમે આપણા કવિ બાણભટ્ટ જન્મ્યા છે.

અહીં, શ્રીવાસુદેવશરણ અગ્રવાલ જેવા વિદ્વાનોને એવું લાગ્યું છે કે બાણભટ્ટે પોતાના 'હર્ષચરિત'ની શરૂઆત "પૌરાણિક ઢબે"–શાપિત સરસ્વતીનું પૃથિવી ઉપર અવતરણ, દધીચ સાથે સમાગમ વગેરે પુરાણપ્રસિદ્ધ પાત્રોની વાતથી–કરી છે. પરંતુ એવું જણાય છે કે 'આખ્યાયિકા' પ્રકારની કૃતિમાં સારસ્વતનો જન્મ તથા તેના જ્ઞાનની વાત્સ્યાયનવંશમાં સંક્રાન્તિ થવી-ઇત્યાદિ વિગતો સપ્રયોજન જ મૂકાઈ હોય. ઈ.સ. ૬-૭મી સદીના 'કાશિકાવૃત્તિ' ગ્રન્થમાં તો સ્પષ્ટ કહ્યું જ છે કે – (सङ्ख्या वंश्ये। पा. सू. नी वृत्तिः) वंशो द्विधा-विद्यया जन्मना च । "વંશપ્રવર્તન બે રીતે

થતું હોય છે : વિદ્યાથી અને જન્મપરંપરાથી.'' આમ સંભવતઃ 'હર્ષચરિત'ના આરંભે સરસ્વતીની કથા મૂકીને કવિ બાણે સ્પષ્ટપણે એમ સૂચવવા પ્રયત્ન કર્યો છે કે પોતે પિતૃવંશ પરંપરામાં 'વાત્સ્યાયન' છે; અને વિદ્યાવંશની દૃષ્ટિએ 'સારસ્વત' છે. જો કે '''હર્ષચરિત'ની શરૂઆત 'પૌરાણિક ઢબે' થાય છે'' એમ કહેવાથી બાણની વસ્તુસંકલના કાવ્યાત્મક છે એમ કહેવાઈ જાય છે, છતાંય 'કવિએ હર્ષચરિતના આરંભે પોતના દ્વિવિધ વંશને વર્ણવ્યો છે' એમ કહ્યા પછીય તે 'દ્વિવિધ વંશની રજૂઆત (પણ) કાવ્યાત્મક નથી' એવું તો કોઈ કહી શકે એમ નથી !

કવિએ 'હર્ષચરિત'ના આરંભે પોતાના વિદ્યાવંશને સૂચવ્યા પછી, પોતાની પિતૃવંશ પરંપરા વર્ણવી છે. આ વાત્સ્યાયનવંશના બાણના પૂર્વજો સારસ્વત (પ્રદત્ત) જ્ઞાનથી સંપન્ન હતા, વેદાધ્યયનમાં રત હતા અને યજ્ઞયાગાદિ ક્રિયાઓથી પોતાનો યશઃ શુક્લતર બનાવવા માટે તત્પર હતા.

વાત્સ્યાયનવંશના પોતાના પૂર્વજોનું વર્ણન કર્યા પછી, કવિ પોતાના વ્યક્તિગત જીવનની વાત માંડે છે : કાલક્રમે ચિત્રભાનુ અને રાજદેવીને ઘરે પુત્ર રૂપે બાણ જન્મે છે. કમનસીબે બાલ્યાવસ્થામાં જ માતાનું અવસાન થયું અને કિશોરાવસ્થામાં પિતા પણ 'અદશમીસ્થ એવ' સ્વર્ગે સીધાવ્યા. પરિણામે પુત્ર બાણ શોકગ્રસ્ત થઈ જાય છે. જો કે ધીમે ધીમે દિવસો જતાં શોક ઓછો થતો ગયો. પણ બાલ્યાવસ્થામાં સ્વાભાવિકપણે જ હોય તેવી કૌતુકવૃત્તિથી બાણ સમાજને–દુનિયાને જોવા જાણવા પ્રેરાયા. તેમણે સમાજના વિદ્વાન્‌વર્ગના માણસોથી માંડીને, કલાકાર, કીમીયાગરો અને જુગારી–ધુતારા સુધીના વિવિધ સ્તરના માણસોને મિત્ર બનાવ્યા, એમનું સાહચર્ય માણ્યું. કૌતુકવૃત્તિ એટલી હતી કે વિદ્વાનોને માટે તે પોતે હાંસીનું પાત્ર બન્યા છે એની પણ દરકાર કર્યા વિના તથા ઘરમાં વડીલોપાર્જિત વૈભવ હોવા છતાંય, અને જીવનભર ન ખૂટે, ન તૂટે એવો વિદ્યોપાર્જનનો પ્રસંગ પ્રાપ્ત હતો છતાંય-દેશદેશાન્તર જોવાના કુતૂહલથી ઘેરાઈ ગયેલા ચિત્તવાળા તે ઘર છોડીને દેશાટન કરવા ચાલ્યા જાય છે ! દેશાટન દરમ્યાન તેમણે અનેક રાજકુળો જોયા, ગુરુકુળો સેવ્યા અને લોકજીવનનો પ્રત્યક્ષ પરિચય કેળવ્યો, અને જાત અનુભવ મેળવ્યો (મમ્મટ જે કહે છે કે – કવિના કાવ્યસર્જનમાં જે હેતુ છે તેમાં આવશ્યકપણે 'લોક-શાસ્ત્ર કાવ્યાદિનું નિરીક્ષણ' કરેલું હોવું જોઈએ - તેનું જાણે કે બાણે ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું.) વર્ષો પછી અનુભવસંપન્ન થઈને, પોતાના કુળને ઉચિત એવી વિદ્વત્તા મેળવીને બાણ પોતાના ઘરે – પ્રીતિકૂટમાં–પાછા ફરે છે. આટલે સુધી કવિએ પોતાના જીવનના આરંભિક વર્ષોનો રસપ્રદ આલેખ આપ્યો છે. પરંતુ અહીં ખાસ નોંધપાત્ર એ છે કે કવિએ પોતાના આરંભિક જીવનની આ વિગતો 'કથારસ' જળવાઈ રહે એમ અને ततस्ततः । એમ પૂછવું જ ના પડે એવી રીતે–અજસ્ર વાક્પ્રવાહથી રજૂ કરી છે. વચમાં ક્યાંય કોઈ વર્ણન કથાને સ્થગિત કરવા આવતું

જ નથી. (કોણ કહેશે કે બાણને કેવળ વાર્તા જ કહેવાની હોય તો તે એમને આવડે કે ફાવે એમ નથી ?!) પરંતુ એ પણ હકીકત છે કે બાણને પોતાને જ પોતાના આ જીવનનો આરંભિક કાળ એક પરોક્ષ ભૂતકાળ જેવો લાગ્યો છે : કવિના શબ્દો આ પ્રમાણે છે : गते च विरलतां शोके शनैः शनैरविनयनिदानतया स्वातन्त्र्यस्य, कुतूहलबहुलतया च बालभावस्य, धैर्यप्रतिपक्षतया च यौवनारम्भस्य, शैशवोचितान्यनेकानि चापलान्याचरन्नित्वरो **बभूव**।

આથી બાણનો આ આત્મવૃત્તાન્ત વિગતો અને ઘટનાપ્રવાહને નિરૂપતો નિરૂપતો સળંગ આગળ વધ્યે જાય છે; જેમ સતત વહી જતી નદીના પ્રવાહમાં રૂકાવટ ન આવે તેમ. પરંતુ કવિએ પોતાનો વિદ્યાવંશ નિરૂપવા જે–બ્રહ્મલોકથી આરંભીને પૃથિવી ઉપર સરસ્વતીના અવતરણની કથા, તથા દધીચ સાથે સમાગમ અને સારસ્વતપુત્રનો જન્મ થવા સુધીની કથા કહી છે, તેમાં કેટલાંક કાવ્યાત્મક વર્ણનો જરૂર મૂક્યાં છે. જેમકે; સરસ્વતી (1.2), સાવિત્રી (1.4), પ્રદોષસમય (1.6), મન્દાકિની (1.8), અશ્વવૃન્દ, દધીચ, દધીચનો 'વિકુક્ષિ' નામનો પાર્શ્વચર (1.9), સરસ્વતીની વિરહ વ્યાકુળતા (1.11), દધીચની દૂતી 'માલતી' (1.12) અને વાત્સ્યાયનવંશના અસાધારણ દ્વિજો (1.14)નાં નાનાં-મોટાં વર્ણનો મૂક્યાં છે.

બીજા ઉચ્છ્વાસના આરંભે કવિએ આર્યા છંદમાં બે શ્લોકો મૂક્યા છે : अतिगम्भीरे भूपे कूप इव...॥ હર્ષના કોઈ 'કૃષ્ણ' નામના ભાઈએ, બાણ ઉપરના અકારણ સ્નેહથી તથા બાણને ગુણવાન્ જાણીને સમ્રાટ્ હર્ષવર્ધન સાથે એક મુલાકાત ગોઠવી છે – તેનો પ્રથમ શ્લોકમાં નિર્દેશ કર્યો છે. જેમ કે "જેવી રીતે દોરીથી બાંધેલા માટીના ઘડાઓ નીસરણી વિનાના માણસને માટે ખૂબ ઊંડા કૂવામાંથી ઇચ્છિત ફળ રૂપ જળની પ્રાપ્તિ કરાવી આપે છે, તેવી રીતે પૃથ્વીલોકના ગુણશાળી સંયોજક મનુષ્યો રાજદરબારમાં નહીં પ્રવેશેલા માણસને માટે અતિ ગંભીર સ્વભાવવાળા રાજાની પાસેથી ઇચ્છિત ફળની સિદ્ધિ કરાવી આપે છે" ત્યાર પછી, બીજા શ્લોકમાં કવિએ કૃષ્ણના પરોપકાર કરવાના વ્યસનને બીરદાવે છે. "જેવી રીતે દિવસ લાલ કમળને વિષે સૂર્યમાંથી પ્રગટેલી શોભાને સમર્પે છે, તેવી રીતે ગુણ-દોષની અપેક્ષા વિનાનો પરોપકાર કરવો એ સજ્જનોનું વ્યસન છે." આ શ્લોકમાં અપ્રસ્તુતથી પ્રસ્તુતનું કથન કરવામાં આવ્યું છે. અહીં વસ્તુસંકલનાની દૃષ્ટિએ જે મુદ્દો નોંધપાત્ર છે તે એ છે કે 'આખ્યાયિકા' પ્રકારના ગદ્યકાવ્યને 'ઉચ્છ્વાસો'માં વિભક્ત કરવામાં આવેલ હોય છે; અને તે ઉચ્છ્વાસોના આરંભે કે વચ્ચે વચ્ચે અમુક અમુક શ્લોકોની ગુંથણી કરીને કવિ "ભાવિ-અર્થ"-ભવિષ્યમાં આવનારી ઘટનાઓ-નું સૂચન કરતો હોય છે. તદનુસાર કવિ બાણભટ્ટે પણ બીજા ઉચ્છ્વાસના ઉપર્યુક્ત બે પ્રાસ્તાવિક શ્લોકોથી, આ ઉચ્છ્વાસમાં આવનારી ઘટનાનો અણસાર આપી દીધો છે.

આ પછી, આપણે જ્યાં બીજા ઉચ્છ્‌વાસમાં પ્રવેશીએ છીએ ત્યાં (-કે જ્યારે બાણ પુનરપિ तामेव वैपश्चितीमात्मवंशोचितां प्रकृतिम् अभजत् । પોતાની અસ્મિતા બરાબર પામી ચૂક્યા છે ત્યારે–) આરંભે જ વિદ્યાધ્યયન-અધ્યાપનથી મુખરિત થયેલા અને યજ્ઞના ધૂમાડાઓથી ધૂસરિત થયેલા બ્રાહ્મણાધિવાસના બ્રાહ્મણોના ભવનોનું વર્ણન આવે છે. અને ત્યારપછી તરત ગ્રીષ્માભિધાન મહાકાલનું પ્રલંબ વર્ણન આવે છે. ઘડીક જાણે વાર્તાપ્રવાહ અટક્યો (કે ભૂલાઈ ગયો) !-પણ કવિવર શ્રી રવીન્દ્રનાથ ઠાકુર કહે છે તેમ ભારતવર્ષમાં 'કથા સર્વ પ્રકારના ભારમાંથી મુક્ત થઈને, કેવળ કુતૂહલને સંતોષવા માટે ત્વરિત ગતિએ ચાલતી નથી.'[૪૫]–કવિ બાણને પણ આ 'રાજદર્શન' નામના દ્વિતીય ઉચ્છ્‌વાસમાં પોતાના જીવનની કેટલીક ઉત્તમોત્તમ ઘટનાઓમાંથી એક-સમ્રાટ્ હર્ષવર્ધન સાથેની પ્રથમ મુલાકાત-ઘટના વર્ણવવાની જરાકેય ઉતાવળ નથી. તે એકી સ્થળે રૌદ્ર, ભયાનક અને બીભત્સ રસનો અનુભવ થાય એવા ગ્રીષ્મઋતુના ઉન્મત્ત માતરિશ્વા (ગરમ લૂ વાતા પવનો) અને દારુણ દાવાગ્નિઓનું વર્ણન કરે છે. અહીં, સંસ્કૃત સાહિત્યમાં મળતા ગ્રીષ્મવર્ણનોમાં સૌથી ચઢિયાતું ગણી શકાય એવું વર્ણન કવિ બાણભટ્ટના હાથે આપણને પ્રાપ્ત થાય છે.

વિસ્તૃત ગ્રીષ્મ વર્ણન પરું થયા પછી, કવિ વાત આગળ ચલાવે છે : આવા ઉગ્ર ગ્રીષ્મ સમયમાં એક દિવસ પોતે જમી પરવારીને બપોરે બેઠા હતા ત્યારે મહારાજાધિરાજ પરમેશ્વર શ્રી હર્ષદેવના ભાઈ કૃષ્ણે મોકલેલો મેખલક નામનો સંદેશવાહક બાણની પાસે આવે છે. તેણે જણાવ્યું કે–કૃષ્ણે બાણની હર્ષવર્ધનની સાથે મુલાકાત ગોઠવી છે અને બાણે વિલંબ કર્યા વિના અવશ્ય આવવું. બાણે થોડી દ્વિધા અનુભવી, પણ રાતભર વિચાર કર્યા પછી નક્કી કર્યું કે જવું તો જરૂર, બાકીનું બધું ભગવાન્ ભવાનીપતિ ભુવનપતિ સંભાળી લેશે. સવાર પડી અને બાણે રાજદર્શન

---

૪૫. 'વર્ણનને લીધે તત્ત્વની આલોચનાને લીધે કે અવાન્તર પ્રસંગોને લીધે તેનો વાર્તાપ્રવાહ પદેપદે સ્ખલિત થાય છે, છતાં પ્રશાન્ત ભારતવર્ષની ધીરજ ખૂટી જતી જણાતી નથી..... ભગવદ્‌ગીતાના માહાત્મ્યનો કોઈ અસ્વીકાર કરતું નથી, પરંતુ સામે કુરુક્ષેત્રનું તુમુલ યુદ્ધ ઝઝૂમી રહ્યું હતું તે વખતે આખી ભગવદ્‌ગીતા ધ્યાનપૂર્વક સાંભળી શકે એવો કોઈ દેશ તો ભારતવર્ષને છોડીને જગત્‌માં બીજો નથી. કિષ્કિન્ધા અને સુંદરકાંડમાં સૌંદર્યનો અભાવ નથી એ વાત અમે કબૂલ કરીએ છીએ, છતાંય રાક્ષસ જ્યારે સીતાને હરણ કરી લઈ ગયો ત્યારે કથાની ઉપર આવડો મોટો એક પથરો મૂકી દેવો એ તો સહિષ્ણુ ભારતવર્ષ જ માત્ર માફ કરી શકે. અને માફ કરી શકે તેનું કારણ ? કારણ એટલું જ છે કે **કથાનો અંત** સાંભળવાની તેને જરા પણ ઉતાવળ નથી. વિચાર કરતે કરતે, પ્રશ્ન પૂછતે પૂછતે, આસપાસનું અવલોકન કરતે કરતે, ભારતવર્ષને (રામાયણની) સાત પ્રકાંડ કાંડ અને (મહાભારતના) અઢાર મહાન પર્વો શાન્ત ચિત્તે મૃદુ મન્દ ગતિએ પસાર કરતાં જરા પણ થાક જણાતો નથી.'' -પ્રાચીન સાહિત્ય પૃ. ૫૩.

માટે જવાની તૈયારીઓ શરૂ કરી; પણ એને માટે જરીકેય ઉતાવળ નથી. આપણે અધીરા થઈ જઈએ એટલી બધી માંગલિક ક્રિયાઓ--વિધિઓ(નું વર્ણન) કરવામાં આવે છે. બાણના માલતી નામના ફોઈ પણ માતૃવત્ સ્નેહથી ગમન સમયના સકલ મંગલ કર્મો કરે છે. પણ બાણ શુભ મુહૂર્ત જોઈ, કુલદેવતાને વંદન કરી, હાથમાં પુષ્પ-જળ ઈત્યાદિ લઈ, અપ્રતિરથ મન્ત્રનો જપ કરતાં કરતાં પહેલાં જમણો પગ ઉપાડીને પ્રીતિકૂટમાંથી બહાર નીકળે છે. બ્રાહ્મણ સંસ્કૃતિના પ્રાસ્થાનિક મંગલકર્મોનું વર્ણન ખૂબ રોચક, વિગતપૂર્ણ અને અન્યત્ર દુર્લભ હોય એવું જણાય છે.

*

ત્રણ દિવસની યાત્રા પછી બાણ હર્ષના રાજભવનની નજીક પહોંચે છે. અહીં પણ, જેમ ઘરમાંથી નીકળવાની ઉતાવળ નહોતી તેમ રાજભવનમાં સીધા રાજાને મળીને, તેમની સાથે વાતચીત કરવાનીય કવિને ઉતાવળ નથી ! તેઓ રાજભવનને આંગણે રોકાયેલા સામન્તોનું, અશ્વોનું, ઊંટોનું અને રાજાના દર્પશાત હાથીનું સ્વભાવોક્તિથી, ઉત્પ્રેક્ષાથી, શ્લિષ્ટોપમાથી વર્ણન કરે જ જાય છે. હકીકતમાં તો કવિએ આ બધું માત્ર વર્ણવ્યું નથી; કવિએ તો એમ કહ્યું છે કે તેઓને હર્ષ-પાસે લઈ જવાતા હતા, ત્યારે દૌવારિકને રોકીને તેમણે પહેલાં દર્પશાત હાથીને જ જોઈ લેવાનો આગ્રહ સેવ્યો હતો (કેમકે તે કુતૂહલથી પરવશ હતા)! (બાણે 'કાદમ્બરી' અને 'હર્ષચરિત'માં જે વિવિધ સંગીતાત્મક કે ચિત્રાત્મક વર્ણનો આપ્યાં છે તેમાં તેમની આ કુતૂહલવૃત્તિએ ઘણો ભાગ ભજવ્યો છે : ઉપરાંત, શ્રીવાસુદેવશરણ અગ્રવાલ જણાવે છે[૪૬] તેમ બાણની બુદ્ધિ ચિત્રગ્રાહિણી (કેમેરા જેવી) હતી. તેથી એમની કલમમાંથી આવાં વર્ણનો; ના, વર્ણનો નહીં પણ 'શબ્દ-ચિત્રો' પ્રાપ્ત થયાં છે. અને આથી જ શ્રી રવીન્દ્રનાથ ઠાકુરે કાદમ્બરીને 'ચિત્રશાળા' કહી છે.-અસ્તુ) 'દર્પશાત'નું વર્ણન કર્યા (પહેલાં બન્ને ઉચ્છ્વાસોમાં સુદીર્ઘ કહી શકાય એવું) સમ્રાટ્ હર્ષવર્ધનનું વર્ણન આવે છે. (આ વર્ણનોનું ગ્રથન/સ્વરૂપ આપણે વિગતે હવે પછી જોવાના જ છીએ.) અને ત્યાર પછી હર્ષ સાથેની ટૂંકી, પણ માર્મિક અને સાહિત્યજગત્‌માં સુવિખ્યાત એવી બાણની વાતચીત રજૂ કરવામાં આવી છે. સમ્રાટે જાણે કવિની પરીક્ષા કરવા માટે, પોતાની પાછળ બેઠેલા માલવરાજ પુત્રને બાણનો પરિચય આપતાં કહ્યું કે महानयं भुजङ्गः। સૌ સ્તબ્ધ થઈ ગયા પણ બાણે સ્વસ્થતાથી, આત્મગૌરવપૂર્વક પોતાનો પરિચય આપીને સામો પ્રશ્ન કર્યો કે का मे भुजङ्ग-ता (भुजङ्ग-गता) ?! આ શ્લિષ્ટ પ્રતિપ્રશ્નથી જ તેમણે રાજાનું દિલ જીતી લીધું. તેઓ ટૂંક સમયમાં જ હર્ષના સ્નેહ અને આદરના પાત્ર બની રહ્યા. આ

૪૬. बाण की बुद्धि चित्रग्राहिणी थी । उस पर फोटो की भाँति प्रत्येक नये चित्र की गहरी छाप पड़ जाती थी जिसमें उन उन दृश्यों का सांगोपांग रूप देखा जा सकता था। सूक्ष्म दर्शन बाण की विशेषता है । (हर्षचरित: एक सांस्कृतिक अध्ययन, पृ. 2).

આ નોંધ સાથે બીજા ઉચ્છ્વાસની સમાપ્તિ થઈ છે. (ત્રીજા ઉચ્છ્વાસમાં-શરદઋતુના સમયમાં બાણ પોતાના સ્વજનોને મળવા બ્રાહ્મણાધિવાસમાં પાછા ફરે છે. ત્યાં તે બાંધવોના આગ્રહથી હર્ષના વિશાળ ચરિતનો એકદેશ સંભળાવવાનું શરૂ કરે છે.) આમ 'હર્ષચરિત'ના પહેલા બે ઉચ્છ્વાસમાં આપણને કવિ બાણભટ્ટનો વંશપરિચય અને વ્યક્તિગત જીવનની કેટલીક રસપ્રદ વિગતોભર્યો આત્મવૃત્તાન્ત (auto-biography) પ્રાપ્ત થાય છે.

8.0 બાણભટ્ટકૃત કાવ્યકૃતિની સંરચના
('હર્ષચરિત' ગદ્યકાવ્યના અનુસન્ધાનમાં)

ભૂમિકા : સંસ્કૃત ગદ્યકાવ્યની રચનાના ક્ષેત્રમાં 'કથા' પ્રકારનું ઉત્તમ કાવ્ય 'કાદમ્બરી' અને 'આખ્યાયિકા' પ્રકારનું ઉત્તમ કાવ્ય 'હર્ષચરિત'નું પ્રણયન કરીને બાણભટ્ટે અદ્વિતીય અને અમર યશ અર્જિત કરી લીધો છે. પરંપરાએ તેમની ઉપર પ્રશંસાનાં પુષ્પો પણ વેર્યાં છે. અરે ! તેમને માટે वाणी बाणो बभूव ह । કે बाणोच्छिष्टं जगत्सर्वम् । સુધીની પ્રશંસા પણ કરી છે ! તેમની કાવ્યકૃતિઓની સાહિત્યિક દૃષ્ટિએ મીમાંસા કરતાં એ પણ શોધી કાઢ્યું છે કે તેમણે 'પાંચાલી' પ્રકારની રીતિનો પ્રચુર માત્રામાં પ્રયોગ કર્યો છે; રૌદ્ર-ભયાનક જેવા રસોને અનુકૂળ એવું ઉત્કલિકા પ્રકારનું દૃઢાક્ષરોથી ગઠિત કરેલા દીર્ઘ સમાસોવાળું ગદ્ય વાપર્યું છે; કે તેઓ વક્રોક્તિમાર્ગના નિપુણ કવિ છે. છતાંય બાણનું ગદ્યકાવ્ય હજુ વધારે આસ્વાદ્ય અને સમીક્ષ્ય છે. હજુ આવનારા દરેક યુગનો અને વિશ્વના દરેક પ્રદેશનો નવો રસલિપ્સુ સહૃદય વાચક બાણભટ્ટના ગદ્યકાવ્યનું સંરચનાની દૃષ્ટિએ પડેલું અગાધ સૌન્દર્ય પીવાને માટે તત્પર થશે. તો જે બાણભટ્ટની ભારતી જગત્ત્રયને વ્યાપી વળનારી છે અને જે બાણના વક્ત્રમાં સાક્ષાત્ સરસ્વતી નિવાસ કરી રહી છે (જે બાણ સારસ્વતના વિદ્યાવંશમાં જન્મ્યા છે) તેમનો આ કાવ્યા(આખ્યાયિકા)મ્બોધિ અપાર છે. રસપિપાસુને ત્યાં હંમેશનું આમન્ત્રણ છે !

8.1 પ્રસ્તુત કાવ્યકૃતિનું ભાષાકીય દૃષ્ટિએ ગ્રથન : સામાન્ય રીતે લોકમાં જ્યારે ભાષાનો પ્રયોગ થતો હોય છે ત્યારે (વૈયાકરણોની દૃષ્ટિએ) નદી, પર્વત, આકાશ, મયૂર કે રામ-સીતાદિ મનુષ્યસૃષ્ટિ તો 'સિદ્ધ' હોય છે; તેથી તેમના વિષે વક્તાને કશું કહેવાનું હોતું નથી. પરંતુ તે સિદ્ધ પદાર્થો (કારકો) એ/દ્વારા શી ક્રિયા કરી/શી ઘટના બની ? તે જ કહેવું વિવક્ષિત હોય છે. એટલે કે લોકવ્યવહારમાં જે ભાષા (અર્થાત્ વાક્ય) પ્રયોજાય છે તેમાં ધાતુવાચ્ય ક્રિયા-વ્યાપાર-રૂપ અર્થ મુખ્ય (=વિશેષ્ય) હોય છે. જેમકે, रामः फलम् अत्ति। વાક્યનો અર્થ એમ સમજાય છે કે—"પુંસ્ત્વ અને એકત્વથી વિશિષ્ટ એવો (દશરથપુત્ર) રામ જેનો કર્તા (=ક્રિયાજનક) છે; અને નપુંસકત્વ અને એકત્વથી વિશિષ્ટ એવું ફળ જેમાં (વિકાર્ય) કર્મ છે, તેવો

દાંતથી ચાવવારૂપ અને (ફળને) ગળામાં ઊતારવા રૂપ **વ્યાપાર** વર્તમાનકાળમાં થઈ રહ્યો છે.'' આમ અહીં વક્તાનું *focusing* (ધ્યાનકેન્દ્ર) વ્યાપાર ઉપર હોય છે. (એટલે કે 'રામ' અને 'ફળ' એ બે પદાર્થો તો સિદ્ધ હતા જ; પણ તેમણે (બન્નેયે) શી ક્રિયા–કયો વ્યાપાર–કર્યો તે જ કહેવું અહીં વિવક્ષિત હતું.) બીજા શબ્દોમાં કહીએ તો–અહીં સાધ્યક્રિયાનું વિધાન કરવું તે વક્તાનું મુખ્ય પ્રયોજન હોય છે.

પરંતુ બાણભટ્ટની કાવ્યકૃતિ જોતાં ક્ષણાર્દ્ધમાં જ એ માલુમ પડે છે કે, અહીં કવિને માટે મુખ્ય શાબ્દબોધનો વિષય સાધ્યક્રિયા કે વ્યાપાર નથી. અહીં તો दुर्वाससः विस्वरं श्रुत्वा सरस्वती जहास। એ વાક્યમાં સરસ્વતીની હસવાની ક્રિયા કહેવી જાણે ઉદ્દિષ્ટ જ નથી. (અથવા ઉદ્દિષ્ટ હોય તો પણ તે કવિને મન નગણ્ય હકીકત છે).[૪૭] હા, **સરસ્વતી** (વિશેષ્ય) **કેવી** (વિશેષણ) હતી ? એ જ પ્રધાનપણે કહેવું વિવક્ષિત છે. તે કહેવા માટે કવિ વિશેષણોની પરંપરા સર્જે છે. દા. ત. (૧)

વિશેષણો	વિશેષ્ય ક્રિયાવિધાન
१...भगवती, २. कुमारी, ३....भूषितनवयौवने वयसि वर्तमाना, ४...गृहीतचामरप्रचलद्भूजलता, ५...पितामहम् उपवीजयन्ती, ६...पादपल्लवाभ्यां समुद्भासमाना, ७...नूपुरयुगलेन वाचालितचरणयुगला, ८...जङ्घाद्वितयम् बिभ्राणा, ९...मेखलादाम्नि विन्यस्तवामहस्तकिसलया, १०...ब्रह्मसूत्रेण पवित्रीकृतकाया, ११...अपवर्गमार्गमिव हारम् उद्वहन्ती, १२...स्फुरता दशनच्छदेन विराजमाना, १३...शशिहरिणामिव कपोलस्थलीं दधाना, १४...उन्नमितैकभ्रूलता, १५...विस्वरश्रवणकलुषितं प्रक्षालयन्ती इव, १६...हसतैव प्रकटितविद्यामदा, १७...कुसुममधुकरकुलैरुपास्यमाना, १८...अंशुकेनाच्छादितशरीरा, १९...दशनेज्योत्स्नालोकं विकिरन्ती, २०...देवी,	सरस्वती > जहास ॥

૪૭. આ જ મુદ્દો શબ્દાન્તરે કવિવર શ્રી રવીન્દ્રનાથ ઠાકુરે પણ કહ્યો છે : ''જો કે સત્યની ખાતર કહેવું પડ્યું છે કે શૂદ્રક વિદિશા નગરીનો રાજા હતો, તોપણ અસ્ખલિત

(અહીં કવિએ જે વિશેષણો મૂક્યાં છે, તે વિશેષણોનાં પણ ક્યારેક વિશેષણો પ્રયોજ્યાં છે. દા. ત. સાતમા વિશેષણ विभ्राणाना કર્મ जङ्घाद्वितयम् નું धर्मनगरतोरणस्तम्भविभ्रमम् એવું વિશેષણ પણ મૂક્યું છે.)

આ વિશેષણોના પ્રકારો પણ વિવિધ જોવા મળે છે. જેમકે, શરૂઆતમાં वर्तमाना, उपवीजयन्ती, समुद्भासमाना, विभ्राणा, उद्वहन्ती વગેરે વર્તમાનકૃદન્તનાં રૂપો છે (અને વિશેષ્ય સરસ્વતીના વિશેષણ તરીકે પ્રયોજાયાં છે). ત્યાર પછી गृहीतप्रचलद्भूजलता, विन्यस्तवामहस्तकिसलया કે प्रकटितविद्यामदा જેવાં વિશેષણો બહુવ્રીહિ પ્રકારના સામાસિક શબ્દોની મદદથી તૈયાર કરેલાં છે.[૪૮] (૨) બીજું એક ઉદાહરણ જોઈશું. જેમાં ગ્રીષ્મઋતુના દારુણ દાવાગ્નિઓનું વર્ણન છવ્વીસ વિશેષણોથી કરવામાં આવ્યું છે :

વિશેષણો	વિશેષ્ય	ક્રિયાપદ
૧. भूरिभस्त्रासहस्रसंधुक्षणक्षुभिता इव		
૨. क्वचित्स्वच्छन्दतृणचारिणो हरिणा:,		
૩. क्वचित्तरुतलविवरविवर्त्तिनो बभ्रव:,		
૪. क्वचिज्जटावलम्बिन: कपिला:,		
૫. ,, शकुनिकुलकुलायपातिन: श्येना:, क्वचिच्च.....क्वचिच्च.....		
૧૭. चटुल.....रभटीभटा:......,	दावाग्नय:	प्रत्यदृश्यन्त
૧૮. अघृणा इव कमठवसाविस्रगन्धगृध्नव:,		
૧૯. स्वयपि....भक्षयन्त:,.......		
૨૪. खलतय इव....महोषरेषु,		
૨૫. गृहीतशिलाकंबला इव ज्वलितसूर्यमणि-शकलेषु शिलोच्चयेषु,		
૨૬. दारुणा:		

*

હવે, રાજદ્વારનું વર્ણન જોઈએ :-

ગતિવાળી ભાષા અને ભાવની ખાતર કહેલું છે કે चतुरुदधिमाला मेखलाया भुवो भर्ता।'' શૂદ્રકનો મહિમા કેટલો હતો તે વ્યક્તિગત તુચ્છ તથ્યની આલોચના કરવાની દરકાર નથી. પરંતુ રાજમહિમા કેટલો હોઈ શકે તે યથોચિત આડંબર સાથે પુકારીને કહેલી છે.'' (પ્રાચીન સાહિત્ય પૃ. ૬૨)

૪૮. સંસ્કૃતભાષાનું પોતાનું જ સંરચનાત્મક બંધારણ એ પ્રકારનું છે કે તેમાં પ્રશ્લિષ્ટ (poly-synthetic) રચના શક્ય છે; અને સંસ્કૃત ભાષાની પોતાની આ આગવી વિશેષતાનો કવિ બાણે પૂરેપૂરો લાભ લીધો છે. હવે ભાષા પોતે પ્રશ્લિષ્ટ હોઈને, પરસ્પર અન્વિત થઈને રજૂ થયેલી વિશેષણોની આ હારમાળા અંતે તો વિશેષ્યને જ વશ વર્તે છે અને તેને જ વર્ણવે છે.

कर्ता-(बहून् शिबिरसंनिवेशान्) वीक्षमाणः (सः बाणः)

કર્મ ક્રિયાપદ

વિશેષણ — વિશેષ્ય राजद्वारम् } अगमत् ॥

१....वारणेन्द्रैः श्यामायमानम्,
२....तुरङ्गैः तरङ्गायमाणम्,
३....क्रमेलककुलैः कपिलायमानम्,
४....आतपत्रखण्डैः श्वेतायमानम्,
५....चामराणां सहस्रैः दोलायमानम्,
१७....शत्रुमहासामन्तैः समन्तादासेव्यमानम्,....
२४....राजलक्ष्मीकोटिभिरिव कृतपरिग्रहम्

અહીં વિશેષણોની હારમાળામાં જ્યારે કવિની પ્રતિભામાંથી ઉપમા, ઉત્પ્રેક્ષાદિ અલંકાર ઊતરી આવે છે ત્યારે વાક્યનું સ્વરૂપ વધારે સંકુલ બનીને આવે છે. (કારણ કે વર્ણ્ય રાજદ્વાર પણ સામન્તો, તુરંગો, ક્રમેલકો, વારણેન્દ્રો વગેરેથી ઘેરાઈ ગયેલું છે !) મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : स (बाणः) राजद्वारम् अगमत्। અહીં કવિને માટે રાજદ્વારનું વર્ણન કરવું અભીષ્ટ છે. આ राजद्वारम् કર્મરૂપ મુખ્ય વિશેષ્યને માટે અનેક દ્વિતીયા વિભક્ત્યન્ત વિશેષણો પ્રયોજાયાં છે (અને તે દરેક વિશેષણમાં ચમત્કૃતિ આણવા માટે/લાવનાર ઉત્પ્રેક્ષાલંકાર પણ ગુંથવામાં/ઊતરી આવે છે.)

આમાંથી ઉદાહરણ તરીકે એક-બે વિશેષણ લઈને જ વાક્યાર્થ જોઈએ તો – "ઉત્તમ ગજરાજોથી તે રાજદ્વાર શ્યામ (અથવા રાત્રિ જેવું)[૨૬] બની રહ્યું હતું." "ઘોડાઓથી (રાજદ્વાર) જાણે તરંગિત થઈ રહ્યું હતું." પરંતુ વિશેષણાન્તર્ગત અલંકરણ જોઈએ તો –

૧	(૧)	(૨)	(૩)
सः	[अनवरतचलितखुरपुटप्रहतमृदङ्गैश्च	नर्तयद्भिरिव	राजलक्ष्मीम्
	(કરણતૃતીયા)	(વિશેષણ) (કર્તરિ તૃતીયાન્ત तुरङ्गैःનું)	કર્મ

૨	૩	૪
....(तुरङ्गैः तरङ्गायमाणम्)	राजद्वारम्	अगमत् ॥
વિશેષ્ય કર્તરિ તૃતીયા	મુખ્ય	ક્રિયાપદ
મુખ્ય વિશેષ્યનું (કર્મનું) વિશેષણ	વિશેષ્યભૂત કર્મ	

આથી અર્થબોધની કોટિએ તે દરેક વિશેષણ અમુક વિશેષ્ય કેવું, કેવી વિશેષતાવાળું છે તે વર્ણવીને અટકે છે/ચરિતાર્થ થઈ જાય છે. (બીજા શબ્દોમાં કહીએ તો તે દરેક વિશેષણ પોતે એક સ્વયં પર્યાપ્ત (ઉપ)વાક્ય જ હોય છે.). (પરંતુ જેની માતૃભાષા ગુજરાતી કે અંગ્રેજી જેવી અયોગાત્મક પ્રકારની હોય તેને માટે સંસ્કૃત જેવી પ્રશ્લિષ્ટ ભાષામાં લખાયેલું વાક્ય–કે જેમાં વિશેષણોની હારમાળા ગુંથી હોય–તેનો અર્થ દુર્બોધ બની રહે એમાં નવાઈ નહીં.)

અનુવાદ : સતત પટકાતા ખરીઓના પુટથી ખોદાતા જમીનના (ભાગો રૂપી મૃદંગો)થી જાણે કે રાજલક્ષ્મીને નચાવતા.....અશ્વોથી તરંગિત થતા રાજદ્વારે તે (બાણ) પહોંચ્યો.

પદક્રમ

૧. કર્તા
૨. વિશેષણ
૩. વિશેષ્ય : કર્મ
૪. ક્રિયાપદ.

(૧–૩ :) કેવા અશ્વોથી તરંગિત થતા રાજદ્વારે બાણ પહોંચ્યો ? -એ કહેવા માટે જે ઉત્પ્રેક્ષાલંકાર અવતર્યો છે તે [ ]માં દર્શાવ્યો છે.

વળી, નર્તનક્રિયાનો ઉલ્લેખ કર્યો હોઈને પ્રશ્ન થાય કે તે નર્તનમાં તબલાના તાલ કેવી રીતે કોના દ્વારા અપાતા હતા ? એ દર્શાવવા मृद् अङ्गैः/मृदङ्गैः એવો કરણ તૃતીયાન્ત પ્રયોગ કરીને શબ્દશક્તિમહિમાથી રૂપક અલંકાર પણ ગુંથાયો છે.

*

શ્લિષ્ટોપમાના ઉદાહરણ ગણી શકાય એવાં વાક્યોની ગુંથણી કંઈક આવી જણાય છે :- अथ वत्सात्...... विमलः वंशः प्रावर्तत।

શ્લિષ્ટ વિશેષણો	ઉપમાન	ઉપમેય વિશેષ્ય	ક્રિયાપદ
૧. प्रवर्धमानादिपुरुष — जनितात्मचरणोन्नतिः,	भागीरथीप्रवाह इव पावनः	वंशः	प्रावर्तत।
૨. निर्गतप्रघोषः,			
૩. परमेश्वरशिरोधृतः,			
૪. सकलकलागमगम्भीरः,			
૫. महामुनिमान्यः,			
૬. विपक्षक्षोभक्षमः,			
૭. क्षितितललब्धायतिः,			
૮. अस्खलितप्रवृतः,			

સંસ્કૃતભાષાની આ બીજી એક વિશેષતા છે, તે તેમાં દ્વિ-અર્થી (શ્લિષ્ટ) શબ્દગુંથણી કરીને શ્લેષાલંકાર સાધી શકાય છે. આવાં શ્લિષ્ટપદો વિશેષણભૂત બનીને ઉપમાન અને ઉપમેય બન્નેને લાગુ પડતાં હોય ત્યારે શ્લિષ્ટોપમા રચાય છે. અહીં ધ્વનિશ્રેણીબદ્ધ થઈને આવતાં વાક્યમાં-ભાષાના Surface structure બાહ્યસ્તર ઉપર—લાઘવ સધાયું હોય છે; પરંતુ શ્રોતાને (કે વાચકને) થતા (બુદ્ધિગત) અર્થબોધની કોટિએ – ભાષાના *deep structure* ભીતરીસ્તરમાં—શ્લિષ્ટ વિશેષણોનો દ્વિવિધ અર્થબોધ પ્રાપ્ત (ઉદ્ભૂત) થતો હોય છે. જેમકે, ૧. વિશેષણ સહિતનું ઉપમેય વિધાન; (જે વિશેષણરૂપ બને છે) અને ૨. (શ્લિષ્ટ)

---

૪૮ श्यामा (रात्रिः) तद्वत् आचरति इति श्यामायति। અથવા श्यामायमानं = कालत्वमापद्यमानम्।

વિશેષણ સહિતનું ઉપમેય વિધાન; (જે વિશેષ્ય કે મુખ્ય ઉદ્દેશ્યરૂપ હોય છે). ઉપર્યુક્ત વાક્યનો (પ્રશ્લિષ્ટ નહીં તેવી) લગભગ અયોગાત્મક પ્રકારની ગુજરાતી ભાષામાં અનુવાદ આ પ્રમાણે થશે:- "ત્યાર પછી (વિશેષણ-૧) વધતા જતા (વામન રૂપ) આદિપુરુષના પોતાના પગમાંથી (ઉત્પન્ન થવાથી) ઉન્નતિ પ્રાપ્ત કરનાર, (૨) પ્રકૃષ્ટ અવાજવાળા, (૩) પરમેશ્વર-શંકર-વડે મસ્તક ઉપર ધારણ કરાયેલ, (૪) કલકલ અવાજ સાથે (વહી) આવીને ગંભીર બનેલા, (૫) મહામુનિ-જહ્નુ-ને માન્ય, (૬) વિપક્ષો-પાંખ વિનાના પર્વતો-ને ક્ષોભ આપવાની ક્ષમતાવાળા, (૭) પૃથિવીના પટ ઉપર વિસ્તાર પામેલા અને (૮) અટક્યા વિના વહ્યા કરતા **ભાગીરથી (ગંગાનદી)ના પવિત્ર પ્રવાહ જેવા** ઉપમાન રૂપ મુખ્ય (વિશેષણ); જે (વંશ)ના વૃદ્ધિ પામતા જતા (ભાર્ગવાદિ) આદિપુરુષો-વડવાઓએ પોતાની વેદ શાખાની ઉન્નતિ કરી છે, જે (વંશ)નો યશ બહાર ફેલાયો છે, રાજાઓ પણ જે (વંશ)ને (જેની આજ્ઞાને) શિરે ધરે છે, જે (વંશ) બધી જ કલાઓની પ્રાપ્તિથી ગંભીર બન્યો છે, જે (વંશ) મોટા મુનિઓને (પણ) માન્ય છે, વિરોધીઓ (શત્રુ)માં ક્ષોભ જન્માવવા જે (વંશ) શક્તિશાળી છે, પૃથિવીના પટ ઉપર જેણે (જે વંશે) ગૌરવ કર્યું છે તેવો પવિત્ર **વિમલ વંશ વત્સથી શરૂ થયો.**" દર્પશાત હાથીના વર્ણનમાં પણ શ્લિષ્ટોપમા પ્રયોજી છે :- गरुडं नागोद्धृतिषु, नारदं कलहकुतूहलेषु.....अलातचक्रं मण्डलभ्रान्ति विज्ञानेषु (પૃ. 212-214) "નાગ (=હાથી)ને પકડી લેવાની બાબતમાં, (નાગ = સર્પને પકડી લેનાર) ગરુડ જેવો હતો." વગેરે.

*

એ જ પ્રમાણે; શ્લેષનિષ્ઠ પરિસંખ્યા[૫૦] અલંકારનો જ્યાં પ્રયોગ થયો હોય ત્યાં પ્રકટપણે ઇતરની વ્યાવૃત્તિ કરી હોતી નથી; પણ તે **સૂચવાઈ** જતી હોય છે. દા. ત. अस्मिंश्च राजनि यतीनां योगपट्टकाः, पुस्त-कर्मणां पार्थिवविग्रहाः, षट्पदानां दानग्रहणकलहाः, वृत्तानां पादच्छेदाः, अष्टापदानां चतुरङ्गकल्पना, पन्नगानां द्विजगुरुद्वेषाः (2.7, પૃ. 240) વગેરે. અર્થાત્– "આ રાજા(રાજ્ય કરતો) હતો ત્યારે યતિજનોની પાસે જ યોગપટ્ટક (નામના વસ્ત્રવિશેષ) હતા; (પણ બીજા કોઈ પાસે બનાવટી દાનપટ્ટા રૂપે તામ્રપત્રો કે દસ્તાવેજો નહોતા). માટીના કામોમાં જ (રમકડાં

---

૫૦. 'પરિસંખ્યા' એવો આલંકારિકોએ વાપરેલો પારિભાષિક શબ્દ મૂળમાં પૂર્વ-મીમાંસાએ પ્રયોજેલો છે. વિધિ, નિયમ અને પરિસંખ્યા પ્રકારના વાક્યોમાંથી જ્યાં 'પરિસંખ્યા' પ્રકારના વાક્યનો પ્રયોગ થાય છે ત્યાં ઇતરની વ્યાવૃત્તિ કરવામાં આવે છે. દા. ત."એકાદશીએ ફળોનો આહાર કરવો" એમ કહેવાતાં ઇતર વ્યાવૃત્તિ થાય છે. એટલે કે "અનાજનો આહાર ન કરવો" એવો નિષેધ સૂચવાઈ જાય છે. એ જ રીતે સાહિત્યમાં પરિસંખ્યાલંકાર પ્રયોજાય છે ત્યારે દા. ત. अस्य विमलेषु साधुषु रत्नबुद्धिः, न शिलाशकलेषु। (2.3). "નિર્મળ સજ્જનોને જ એની બુદ્ધિ રત્ન સમજે છે, **પણ** પથ્થરોના ટુકડાને વિષે એ (હર્ષ)ને રત્નબુદ્ધિ થતી નથી." આમ 'ઇતર વ્યાવૃત્તિ' કરવામાં આવે છે.

બનાવનારાં) પાર્થિવ=માટીની (વિગ્રહ=) મૂર્તિઓ બનાવતા હતા; (પણ પાર્થિવ=રાજાઓમાં વિગ્રહો=સંગ્રામો નહોતા થતા). વગેરે." જુઓ : પૃ. 241. અહીં "પાર્થિવવિગ્રહા:" જેવા શબ્દો શ્લિષ્ટ (દ્વિ-અર્થી) છે; તેથી શ્રોતાને ઈતર વ્યાવૃત્તિપરક બીજો અર્થ બુદ્ધિમાં ગમ્યમાન બની રહે છે.–આમ કવિ બાણની કલમે ક્યારેક શ્લેષનિષ્ઠ પરિસંખ્યાલંકાર પ્રયોજાતાં એક વિશિષ્ટ પ્રકારની ચમત્કૃતિ પણ સધાય છે. ('અક્લિષ્ટ શ્લેષનો બાણે પ્રયોગ કર્યો છે.' એમ કહેવા માત્રથી બાણનું ગૌરવ થઈ જતું નથી. પણ શ્લેષનિષ્ઠ પરિસંખ્યાથી જે વિશેષ અભિવ્યક્તિ સધાઈ છે તે પ્રશંસનીય છે.)

*

બાણની વર્ણનકલામાં સતિ-સપ્તમીનો પ્રયોગ પણ અત્રે ઉલ્લેખનીય છે. બાણ મહદંશે જ્યારે કોઈ સમયનું--ચોક્કસ સમયના પ્રભાવ કે પ્રતિક્રિયાનુ–વર્ણન કરવા ઉદ્યત થાય છે ત્યારે સતિ-સપ્તમ્યન્ત પદોનો પ્રયોગ કરે છે. અમુક ક્રિયા ક્યારે થઈ ? એ દર્શાવવા જે ક્રિયાન્તરને ઉપલક્ષણ તરીકે રજૂ કરવામાં આવે છે તે સતિ સપ્તમી છે : यस्य च भावेन भावलक्षणम् । पा. सू. २-३-३७. બીજા શબ્દોમાં કહીએ તો સિદ્ધ પદાર્થ જ્યારે વર્ણ્ય હોતો નથી, પણ મુખ્ય ક્રિયાના ઉપલક્ષણ રૂપે ક્રિયાન્તરો વર્ણવવા હોય છે ત્યારે બાણ સતિ સપ્તમીનો પ્રયોગ કરે છે. જેમકે,

(क) પ્રથમ ઉચ્છ્વાસ (1.6)માં સંધ્યા સમયનું વર્ણન કરવા માટે જે વાક્યરચના રજૂ કરી છે, તેમાં સતિ સપ્તમ્યન્ત પદો આ પ્રમાણે છે :

क्रमेण च **मन्दायमाने** मुकुलितविसिनीविसरव्यसनविषण्णसरसि **वासरे**, मधुमद....क्षितिशिखरमवतरति.....लोकैकचक्षुपि **भगवति**.....प्रकटयति च **तारापथे** पाटलताम्.....नभस्तलं स्तबकयति **तारागणे**.....ध्वस्ते ध्वान्ते, गोलोकगलितदुग्ध– विसरवाहिनि दन्तमयमकरमुखमहाप्रणाल इवापूरयितुं **प्रकृते पयोधिमिन्दुमण्डले, स्पष्टे च प्रदोषसमये**; सावित्री शून्यहृदयामित्र क्रिमपि ध्यायन्तीं सास्रां सरस्वती अवादीत्।

(ख) બીજા ઉચ્છ્વાસના (2.8) અન્તભાગમાં આવતું બીજું એક સંધ્યા-વર્ણન નીચે મુજબ છે :

बाणोऽपि निर्गत्य धौतारकूटकोमलातप**त्विषि** निर्वाति **वासरे**, अस्ताचल-कूटकिरीटे निचुलमञ्जरीभांसि तेजांसि मुञ्चति वियन्मुचि **मरीचिमति....भावि**-वासरबीजाङ्कुरनिकर इव च **विकीर्यमाणे जगति प्रदीपप्रकरे**, निवासस्थानम् अगात् ॥

(ग) એ જ પ્રમાણે, કાદમ્બરીમાં પ્રભાત સમયનું વર્ણન કરતાં સતિ-સપ્તમ્યન્ત પદો નીચે મુજબ છે : एकदा तु प्रभातसंध्यारागलोहिते गगनतले कमलिनी मधुरक्तपक्षसंपुटे वृद्धहंस इव मन्दाकिनीपुलिनादपरजलनिधितटमवतरति चन्द्रमसि.... पद्मरागशलाकासम्मार्जनीभिरिव समुत्सार्यमाणे गगनकुट्टिमकुसुमप्रकरे तारागणे। "એક દિવસ આકાશ જ્યારે પ્રભાતસંધ્યાના રંગથી લાલ થયું હતું, ચંદ્ર પદ્મમધુ વડે લાલ

થયેલી પાંખોવાળા વૃદ્ધહંસની માફક સ્વર્ગગંગાના તીર ઉપરથી પશ્ચિમ સમુદ્રના તટ ઉપર ઊતરતો હતો.....રાતા રંગના સૂર્યનાં લાંબા કિરણો જાણે માણેકની સળીઓની સાવરણી વતી આકાશના આંગણામાંથી તારારૂપી પુષ્પને વાળી નાંખતાં હોય તેમ દેખાતા હતા **ત્યારે**–''

કવિ બાણભટ્ટને शब्दोऽपि शाब्दबोधेऽवभासते। ''શબ્દમાંથી પ્રાપ્ત થતા અર્થબોધમાં શબ્દ (=ધ્વનિ)નો પણ અવભાસ થાય છે–તેનું સંગીત/માધુર્ય ઉત્પન્ન થાય છે.''[૫૧] એ નિયમ સુજ્ઞાત છે. આથી તેમણે પોતાની કાવ્યકૃતિમાં એકાર્થક અનેક (=પર્ય્યાય વાચક) શબ્દોનો સફળ સન્નિવેશ કર્યો છે. વિશેષમાં અહીં એ પણ સ્પષ્ટ કરવું જોઈએ કે શબ્દકોશની દૃષ્ટિએ 'પર્ય્યાયવાચક શબ્દો'ના નામે ઓળખાતા શબ્દો ભલે સમાનાર્થક ગણાતા હોય પણ તે દરેકની થોડીઘણી અર્થચ્છાયા અને/અથવા તે શબ્દની પોતાની ચોક્કસ ધ્વનિશ્રેણી શ્રોતાના મનમાં એક વિશિષ્ટ પ્રતિભાવ જન્માવનાર હોય છે જ. દા. ત. 'કામદેવ' કહો તો 'કામ શૃંગાર-નો દેવ' એવો અર્થ શ્રોતાના મનમાં સ્ફુરે, પણ 'અનંગ' બોલાય તો પણ તે શબ્દ કામદેવનો વાચક હોવા છતાંય, એક જુદી જ છાપ જન્માવે છે. જેમકે- ''અંગ (શરીર) વિનાનો,'' ''શંકર વડે ભસ્મીભૂત કરી દેવામાં આવેલો'' એવી પૌરાણિક વાર્તાનો આખો સન્દર્ભ ઉદ્ભૂત થતો હોય છે. આથી બાણભટ્ટના વિપુલ શબ્દભંડારનો-તેના વિનિયોગનો-અભ્યાસ પણ આ દૃષ્ટિએ કરવો જોઈએ. દા. ત. દધીચના વર્ણનમાં કવિ કહે છે :- अनङ्गयुगावतारमिव दर्शयन्तम् (..अष्टादशवर्षदेशीयम् युवानम् अद्राक्षीत्) (1.9) ''તે (યુવાન) અનંગના યુગનો અવતાર થયો છે એમ બતાવી રહ્યો હતો ! – કામદેવ તો શંકરના ત્રીજા નેત્રથી બળીને અનંગ થઈ ગયો; પણ દધીચ (નું દેહસૌન્દર્ય) તે અનંગના યુગનો (નવો) અવતાર થયો હોય એવો ભાસ ઊભો કરતો હતો. આમ, અહીં અનંગ શબ્દનો પ્રયોગ 'પર્યાયપરિવૃત્યસહ' છે. આ જ પ્રમાણે બાણના વર્ણાનુપ્રાસ અને શબ્દાનુપ્રાસાદિથી જન્મતા સંગીતને પણ માણવું જોઈએ. બાણની નિશ્ચિત શબ્દ પસંદગીનો મહિમા પ્રકટ કરતું બીજું એક ઉદાહરણ જોઈશું. तत्रस्थस्य चास्य कदाचित् कुसुमसमययुगमुपसंहरन्नजृम्भत ग्रीष्माभिधानः समुत्फुल्लमल्लिकाधवलाट्टहासो महाकालः ॥ ''આ (બાણ)ના ત્યાં (બ્રાહ્મણાધિવાસમાં) રહેતા રહેતા જ [ખીલેલા મલ્લિકા-પુષ્પોના જેવા ધવલ અટ્ટહાસ્યવાળા મહાકાલ=શંકર જાણે ક્યારેક યુગનો સંહાર કરતાં ઊભા થતા હોય

---

૫૧. શ્રી રવીન્દ્રનાથ ઠાકુરે પણ કહ્યું છે કે – ''આ ઉપરાંત સંસ્કૃત ભાષાનું સ્વરવૈચિત્ર્ય, ધ્વનિગાંભીર્ય અને સ્વાભાવિક આકર્ષણ એવું છે કે નિપુણતાથી તેનો પ્રયોગ કરી શકાય તો તેમાંથી વિવિધ વાદ્યોના જેવું વૃંદસંગીત (કૉન્સર્ટ) ગાજી ઊઠે છે – પ્રાચીન સાહિત્ય, પૃ. ૫૮

તેમ] એકવાર પુષ્પો ખીલવાના–વસન્તઋતુના-બે મહિનાઓનો ઉપસંહાર (=સમાપ્તિ) કરતો; અને ખીલેલાં મલ્લિકા પુષ્પોથી સફેદ થયેલી દુકાનોનો જેમાં વિકાસ થયો છે તેવો 'ગ્રીષ્મ' નામનો મહાકાળ આળસ મરડીને ઊભો થયો/ઝળુંબવા લાગ્યો." અલંકારશાસ્ત્રીઓએ [ધ્વન્યાલોક (૨-૨૧)માં] આને "શબ્દશક્તિમૂલાનુરણન વ્યંગ્ય રૂપ ધ્વનિ" નું ઉદાહરણ કહ્યું છે (સંકેત) અસ્તુ.

'હર્ષચરિત' કાવ્યનું ભાષાકીય દૃષ્ટિએ કેવી રીતે ગઠન થયું છે ? એ વિષે વિચારતાં હોઈએ ત્યારે તેમાં (क) સમાસરહિત, અલ્પસમાસવાળાં કે દીર્ઘ-સમાસવાળાં કેવાં પદો પ્રયોજાયાં છે ? તથા (ख) કેવાં પ્રકારનાં વાક્યોથી જે તે વર્ણનને પ્રસ્તુત કરવામાં આવે છે ? – તેનો પણ વિચાર કરવો જોઈએ. (આપણે જાણીએ છીએ તેમ બાણભટ્ટે મહદંશે પાંચાલી રીતિનો ઉપયોગ કર્યો છે. તથાપિ તેમાં બીજી રીતિઓનો પણ વિનિયોગ થયેલો જોવા મળે છે.) (क) – ૧. લગભગ સમાસરહિત પદાવલીવાળાં વાક્યો આ પ્રમાણે છે : मालती तु देवि; यदाज्ञापयसि अतिप्रसांदाय, इति व्याहृत्य प्रहर्षपरवशा प्रणम्य प्रजविना तुरगेण ततार शोणम् . अगाच्च दधीचमानेतुम् च्यवनाश्रमपदम् । इतरा तु सखीस्नेहेन सावित्रीमपि विदितवृत्तान्ताम् अकरोत् ॥ सा त्वावादीत्-'आर्य, श्रोष्यसि कालेन। भूयसो दिवसान् अत्र स्थातुम् अभिलषति नौ हृदयम् । अल्पीयांश्चायमध्वा। परिचय एव प्रकटीकरिष्यति। आर्येण न विस्मरणीयोऽयमनुषङ्गदृष्टो जनः' इति अभिधाय तूष्णीम् अभूत्॥ — આવાં લગભગ સમાસરહિત પદોથી બાણ બે પાત્રો વચ્ચે થતી વાતચીતને રજૂ કરે છે.

હવે અલ્પસમાસવાળાં પદોથી બાણના વ્યક્તિગત જીવનની બાલ્યાવસ્થા-અને કિશોરાવસ્થાની એકપછી એક બનતી ઘટનાઓનું આલેખન જુઓ :-

अलभत च चित्रभानुस्तेषां मध्ये राजदेव्यभिधानायां ब्रह्मण्यां बाणमात्मजम्। स बाल एव बलवतो विधेर्वशादुपसंपन्नया व्ययुज्यत जनन्या। जातस्नेहस्तु नितरां पितैवस्य मातृतामकरोत् अवर्धत च तेनाधिकतरमादीयमानधृतिर्धाम्नि निजे॥ कृतोपनयनादि-क्रियाकलापस्य समावृत्तस्य चास्य चतुर्दशवर्ष-देशीयस्य पितापि श्रुतिस्मृतिविहितं कृत्वा द्विजजनोचितं निखिलं पुण्यजातं कालेनादशमीस्थ एवास्तमगमत्। संस्थिते च पितरि महता शोकेनाभीलमनुप्राप्तो दिवानिशं दह्यमानहृदयः कथं-कथमपि कतिपयान्दिवसानात्मगृह एवानैषीत्। गते च विरलतां शोके शनैः शनैरविनयनिदानतया स्वातन्त्र्यस्य, कुतूहलबहुलतया च बालभावस्य.....शैशवोचितान्यनेकानि चापलान्याचरन् इत्वरो बभूव।...स एभिरन्यैश्चानुगम्यमानो बालतया निघ्नतामुपगतो देशान्तरावलोकन-कौतुकाक्षिप्तहृदयः सत्स्वपि पितृपितामहोपातेषु ब्राह्मणजनोचितेषु विभवेषु सति चाविच्छिन्ने विद्याप्रसंगे गृहान्निरगात् अगाच्च निरवग्रहो ग्रहवानिव नवयौवनेन स्वैरिणा मनसा महतामुपहास्यताम्॥

હવે જુઓ, દીર્ઘ સમાસોવાળું ગ્રીષ્મઋતુનું વર્ણન કરતું ઉત્કલિકા પ્રકારનું ગદ્ય :

(૧) क्रमेण च खरखगमयूखे खण्डितशैशवे शुष्यत्सरसि, सीदत्स्रोतसि मन्द निर्झर झिल्लिकाझांकारिणि, कातरकपोत—कूजितानुबन्धबधिरितविश्वे, श्वत्पतत्रिणि, करीषंकषमरुति, विरलवीरुधि, रूधिरकुतूहलि—केसरिकिशोरकलिह्ममनकठोर-धातकीस्तबके, ताम्यत्स्तम्बेरमयूथवमथुतिम्यन्महामहीधरनितम्बे, दिनकरदूयमान-द्विरददीनवदनाश्यानदानश्यामिकालीनमूकमधुलिहि, लोहितायमानमन्दारसिन्दूरितसीम्नि, सलिलस्यन्दसंदोहसंदेह—मुह्यन्महामहिषविषाणकोटिविलिख्यमानस्फुटत्स्फाटिकदृषदि... तटार्जुनकुररकूजाज्चरविवर्तमानोत्तानशफर—शारपंकशेषपल्वलाम्भसि, दावजनित-जगन्नीराजने, रजनीराजयक्ष्यणि, कठोरीभवति निदाधकाले....प्रतिदिशम् आटीकमाना.... दावदहन पच्यमानचटकाण्डखण्डखचिततरूकोटरकीट—पटलपुटपाकगन्धकटव: प्रावर्तन्तोन्मत्ता मातरिश्वान: ॥

ઉપર્યુક્ત ત્રિવિધ પદાવલીવાળાં વાક્યોથી ગુંથાયેલી આ 'આખ્યાયિકા'માં કવિ બાણને જ્યારે ૧. બે પાત્રો વચ્ચેની વાતચીત-સંવાદ-કે ૨. કોઈ ઘટનાઓની હારમાળા-કાર્યવેગ-રજૂ કરવો હોય છે ત્યારે તેઓ પહેલાં બે પ્રકારની પદાવલીવાળાં વાક્યો પ્રયોજે છે; તથા જ્યારે ૩. વર્ણનો રજૂ કરવાં હોય છે ત્યારે દીર્ઘસમાસોવાળી પદાવલીથી શબ્દચિત્ર ખડું કરે છે. આમ બાણભટ્ટમાં સંવાદાત્મક ગદ્ય, ઘટનાપ્રવાહને—કાર્યવેગને નિરૂપતું ગદ્ય અને વર્ણનાત્મક ગદ્ય જુદા જુદા સ્વરૂપે આવેલું જોવા મળે છે.

8.2 'હર્ષચરિત' કાવ્યનું અલંકરણ વિધાન

કવિ બાણભટ્ટ જ્યારે પોતાના ગદ્યકાવ્યનું સર્જન કરતા હોય છે ત્યારે તેમની કારયિત્રીપ્રતિભામાંથી અનાયાસે જ-સહજ ભાવે-(કૃતિનું) અલંકરણ વિધાન થતું આવે છે તે પણ આસ્વાદ્ય છે. મમ્મટે કાવ્યકૃતિના સર્જનમાં કવિપ્રતિભા (શક્તિ) ઉપરાંત 'લોકશાસ્ત્ર (કાવ્ય) આદ્યવેક્ષણ'ને પણ હેતુ ગણેલ છે તે સુવિદિત છે. એ દૃષ્ટિએ બાણભટ્ટે પોતાના જીવનના આરંભે દેશાટન કરીને તે દરમ્યાન વિવિધ ગુરુકુળને સેવીને જે પાંડિત્ય વિકસાવ્યું તથા વિવિધ અનુભવો મેળવ્યા-રાજકુલાદિના વ્યવહારોનું અને વન, ઉપવન, નગર, મહાનગરાદિનું પર્યવેક્ષણ આદિ જે કર્યું; તથા વાયુપુરાણાદિનું શ્રવણ કર્યું તે સઘળું અલૌકિક રીતે આકાર પામીને—કાવ્યરૂપ ધારણ કરીને—અહીં રજૂ થાય છે.

(१) अथ तत्रानवरताध्ययनध्वनिमुखराणि....**कमण्डलव्य** मृत्पिण्डमर्दन-व्यग्रयतिजनानि.....**वत्सीय**बालकलालित-ललत्तरलतर्णकानि.... बान्धवानां..... भ्रमन्भवनानि, बाण: सुखमतिष्ठत्।

અહીં પાંડિત્યનું પ્રદર્શન કરતા કमण्डलव्य, वत्सीय જેવા તદ્ધિતાન્ત શબ્દો નોંધપાત્ર છે.

(૨) चन्दनधूसराभिरसूर्यम्पश्याभिः कुमुदिनीभिरिव दिवसमसुप्यत सुन्दरीभिः। निद्रालसा रत्नालोकमपि नासहन्त दृशः, किमुत जरठमातपम्॥ अशिशिरसमयेन चक्रवाकमिथुनाभिनन्दिताः सरित इव तनिमानमानीयन्त सोडुपाः शर्वर्यः।– ગ્રીષ્મના આ વર્ણનમાં સમાજની પુરન્ધ્રી સ્ત્રીઓની સુકુમારતાનો કવિને જે પરિચય છે તેને પ્રદર્શિત કરવામાં આવ્યો છે. તથા છેલ્લા વાક્યમાં, તેમણે નિસર્ગનું જે સાક્ષાત્ દર્શન કર્યું છે તેને વાચા મળી છે.

(૩) नीलीरागनिहितनीलिम्ना शिखिगलशितिना वामश्रवणाश्रयिणा दन्तपत्रेण कालमेघपल्लवेन विद्युदिव द्योतमाना०। દધીચની સખી માલતીના વર્ણનમાં જે ડાબા કાનમાં લટકતા દન્તપત્રના નીલા રંગનું વર્ણન નોંધપાત્ર છે. જેમાં દન્તપત્રના રંગને નીલી (=ગળી)ના જેવો રંગ કે મયૂરના કંઠ ઉપરના નીલા રંગ સાથે સરખાવ્યો છે. - એ કવિએ દેશાટન દરમ્યાન નીરખેલા રંગોની રંગોળી આ કાવ્યમાં પૂરાઈ છે; તેની આ વિગત સાક્ષીરૂપ છે.

(૪) अररसम्पुटसंक्रीडनकथितावृत्तिष्विव गोपुरेषु, शयनोपजोषजुषिजरतीकथितकथे शिशयिषमाणे शिशुजने,.....प्रचलितासु अभिसारिकासु (2.8) જેવા (બીજા ઉચ્છ્વાસના અંતે આવેલા સંધ્યાવર્ણન કરતા) વાક્યમાં સાંજના સમયે નગરના દરવાજા બંધ થવાનાં ઘરડી દાદીમાઓની વાર્તા સાંભળતાં સાંભળતાં શિશુજનો ઉંઘથી ઘેરાવા લાગ્યા–ના અને અભિસારિકાઓનો સંચાર શરૂ થવાના ઉલ્લેખ દ્વારા કવિને નગર સંસ્કૃતિનો પરિચય છે એમ સૂચવાય છે.

(૫) દર્પશાત હાથીના વર્ણનમાં–गरूडं नागोद्धृतिषु, नारदं कलह कुतूहलेषु..... वरुणं हस्तपाशाकृष्टिषु....राहुं तीक्ष्णकरग्रहणेषु, लोहिताङ्गं वक्रचारेषु....। હર્ષના વર્ણનના शन्तनोर्महावाहिनीपतिम्, भीष्मात् जितकाशितमम्, द्रोणाच्चापलालसम्, गुरुपुत्रादमोघमार्गणम्०। ઈત્યાદિ વાક્યોથી; અને न पशुपतेरिव दक्षजनोद्वेगकारीण्यैश्वर्यविलसितानि જેવાં વાક્યોથી કવિનો ઈતિહાસ-પુરાણાદિનો પરિચય પ્રકટ થાય છે, તથા न जिनस्येवार्थवादशून्यानि दर्शनानि, वाक्यविदाम धिकरणविचाराः–માંથી કવિને વિવિધ દર્શનોનું પણ જ્ઞાન છે તે છતું થાય છે.

આમ, આવાં વર્ણનોમાં જે કલ્પનાવૈભવનું ઉદ્ઘાટન થયું છે તેના મૂળમાં કવિનું શાસ્ત્રાધ્યયન પાંડિત્ય-દુનિયાનો જાતઅનુભવ, નિસર્ગનું પ્રત્યક્ષદર્શન, પુરાણાદિનું શ્રવણ, વગેરે રહેલું છે. કવિને અનાયાસે આ બધું જ કામે લાગે છે, અથવા કહો કે સ્વાભાવિક રીતે તે બધું કવિકર્મમાં પ્રવૃત્ત થાય છે.

*

બાણે જે વર્ણનો આપ્યાં છે તેમાં કેટલાક વિદ્વાનોને ઘણે સ્થળે અતિરેક થતો જણાય છે. પરંતુ આ વર્ણનોમાં, બાણે દાખવેલું ઔચિત્ય સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં ઉત્તમ નિદર્શ બની શકે એમ છે.

બાણભટ્ટે સરસ્વતી અને દધીચના સમાગમ-સંયોગશૃંગારનું વર્ણન આ પ્રમાણે કર્યું છે : आजगाम च मधुमास इव....मालतीद्वितीयो दधीचः। आगत्य च हृदयगतदयितानूपुररवविमिश्रयेव हंसगद्गदया गिरा कृतसंभाषणो यथा मन्मथः समाज्ञापयति, यथा यौवनमुपदिशति, यथा विदग्धताध्यापयति, यथानुरागः शिक्षयति, तथा ताम् अभिरामां रामाम् अरमयत्॥ उपजातविस्रम्भा चात्मानमकथयदस्य सरस्वती। तेन तु सार्धम् एकदिवसमिव संवत्सरम् अधिकम् अनयत् ॥ अथ दैवयोगात्सरस्वती बभार गर्भम् ॥ (1.13) "આવી પહોંચ્યો ત્યાં તો માલતી સહિતનો દધીચ !.... પછી કામદેવે જે પ્રમાણે આજ્ઞા આપી તેમ, યૌવને જેવો ઉપદેશ આપ્યો તેમ, નિપુણતાએ જેમ અધ્યાપન કર્યું તેમ, અનુરાગે જેવું શીખવ્યું તે પ્રમાણે તે અતિરમણીય રામા-સરસ્વતીને (દધીચે) રમાડી..... હવે દૈવયોગે સરસ્વતીએ ગર્ભ ધારણ કર્યો." (પૃ. ૬૯).

સંયોગ શૃંગારનું આટલું ટૂંકુ અને છતાં યથાર્થ વર્ણન સંસ્કૃત સાહિત્યમાં અન્યત્ર દુર્લભ છે. આ ઔચિત્ય–વર્ણનકલાના સંયમ–નું ઉદાહરણ ટીકાકાર શંકરના ધ્યાન ઉપર આવ્યું છે. તેમણે લખ્યું કે–देवताविषयसम्भोगशृङ्गारवर्णनम् अनुचितम् इति न तत्र विस्तरः प्रवर्तते। कुमारीत्वे च गान्धर्वविवाहो विस्तरेण न तथा वर्णितः, शापनिर्वहणमात्रपरत्वाद् इति। 'સરસ્વતી' નાયિકા 'દેવી' હોઈને તેનો સંભોગશૃંગાર વર્ણવવો ઉચિત નથી એમ જાણતા કવિએ વિસ્તાર કર્યો નથી. વળી, સરસ્વતી દેવી 'કુમારી' હોઈને પણ તેમનો ગાન્ધર્વવિવાહ વિસ્તારથી વર્ણવ્યો નથી. તથા દધીચ અને સરસ્વતીનો સમાગમ તો શાપનિર્વહણ પૂરતો જરૂરી હોઈને (કવિને માટે તેનું વિસ્તૃત વર્ણન અનપેક્ષિત-અપ્રસ્તુત છે.) સામે પક્ષે 'કુમારસંભવ'માં શિવપાર્વતીના શૃંગારને લગભગ અશ્લિલતાની કોટિએ પહોંચાડનાર કાલિદાસ જેવા 'કવિકુલગુરુ' પણ આનંદવર્ધનની દૃષ્ટિએ કડક ટીકા કરવા યોગ્ય છે.)

બાણભટ્ટનાં વિવિધ વર્ણનોમાં અવતરેલા અલંકારોનો અભ્યાસ કરતાં ક્યાંક ક્યાંક એવું પણ જણાય છે કે – તેમાં એક પછી એક જે અલંકાર–વિન્યાસની પરંપરા સર્જાઈ છે તેની પાછળ કવિના અસંપ્રજ્ઞાત મનમાં કોઈક તર્કનિષ્ઠ આયોજન પણ રહેલું છે. જેમકે, બીજા ઉચ્છ્વાસ (2.4)માં આવતું રાજદ્વારનું વર્ણન જુવો. તેમાં આરંભે સ્વભાવોક્તિમૂલક વર્ણન કરતાં કવિએ વારણેન્દ્રો, તુરંગો, ક્રમેલકો, આતપત્રો, મહાસામન્તો, આર્હત-પાશુપતાદિ પરિવ્રાજકો, દૂતમંડળોનું વર્ણન કર્યું છે. આ સ્વભાવોક્તિમાં પણ વચ્ચે વચ્ચે ઉત્પ્રેક્ષાની મદદથી વક્રોક્તિ-ચમત્કૃતિ-પણ સાધવામાં આવી છે. દા.ત. अन्यत्र प्रेषितैश्च प्रेष्यमाणैश्च प्रेषितप्रतिनिवृत्तैश्च बहुयोजन गमनगणनसंख्याक्षरावलीभिरिव वराटिकावलीभिर्घटितमुखमण्डनकैस्तारकितैरिव.... क्रमेलककुलैः कपिलायमानम् (राजद्वारम् अगमत्)। "બીજે ક્યાંક મોકલેલાં, મોકલવામાં આવી રહેલાં અને જે મોકલેલાં તે પાછા આવી રહેલાં (ઊંટો)થી; ઘણા

યોજનો જઈ આવ્યાની ગણતરી દર્શાવતી સંખ્યાની અક્ષરમાળા હોય તેવી કોડીઓની માળાથી રચવામાં આવેલ મુખ (ડોક)ના સુશોભનો વડે જાણે કે સાંજના (પીળા) તડકામાં છેદ પાડનારા તારાજડિત ઊંટોના સમૂહથી કપિલવર્ણના થઈ રહેલા રાજદ્વાર ઉપર તે (બાણ) પહોંચ્યો.'' અહીં 'કેટલા યોજનની મુસાફરી છે તેની ગણતરી દર્શાવનારી કોડીઓની માળા' –તેમાં સ્વભાવોક્તિ છે;[૫૨] પણ 'પીળા રંગના શરીરવાળા ઊંટના સાંધ્ય સમયના પીળા તડકા જેવા શરીર ઉપર તે કોડીઓ જાણે તારા જડ્યા હોય' એવી લાગતી તેમાં ઉત્પ્રેક્ષા છે (ઉત્પ્રેક્ષાલંકારાદિથી યુક્ત) એવી વક્રોક્તિ જેમાં ગુંથાઈને આવી હોય એવી સ્વભાવોક્તિથી વર્ણન કર્યા પછી કવિ જુએ છે કે હજુ રાજદ્વારના વર્ણનમાં કશીક ઊણપ રહે છે; અથવા તો રાજદ્વારના મહિમાનું ઉચિત ગૌરવ પ્રકટ નથી કરી શકાયું ત્યારે તે સ્વભાવોક્તિ છોડીને અતિશયોક્તિનો સહારો લે છે. જેમકે, એ જ રાજદ્વારના વર્ણનનો ઉપસંહાર આ રીતે કર્યો છેઃ **सर्वप्रजानिर्माणभूमिमिव** प्रजापतीनां, लोकत्रयसारोच्चयरचितं चतुर्थमिव लोकम् **महाभारतशतैरप्यकथनीयसमृद्धिसंभारम्** राजद्वारम् अगमत्॥ અહીં ''સેંકડો મહાભારતોથી પણ જેની સમૃદ્ધિનો રાશિ વર્ણવી શકાય એવો નથી'' એવા રાજદ્વારે બાણ પહોંચ્યો.'' એમ અતિશયોક્તિથી વર્ણનની ઊણપ સ્વીકારવાનો (અજાણતાં) ઉપક્રમ થાય છે.

કવિ ક્યારેક જે તે વર્ણનને વધુ વાસ્તવિક અથવા સર્વાંગીણ બનાવવા માટે જાણે વિરોધાલંકાર અને પરિસંખ્યાલંકારનો પ્રયોગ કરે છે. એક-બે ઉદાહરણ લઈશું : (बाणः) अनिच्छन्तमपि बलादारोपयितुमिव सिंहासनम् सर्वावयवेषु **सर्वलक्षणैर्गृहीतम् गृहीतब्रह्मचर्यमालिङ्गितं राजलक्ष्म्या** (चक्रवर्तिन हर्षम् अद्राक्षीत् ''જાણે તેમ (હર્ષ)ને બળજબરીથી (રાજ)સિંહાસન ઉપર બેસાડવા માટે, (ચક્રવર્તીના) બધાં લક્ષણો (ચિહ્નો)એ તેમને બધા અવયવોથી(માં) જકડ્યા હતા; તેમણે બ્રહ્મચર્ય(પાલનનું વ્રત) લીધું હતું, **તથાપિ** રાજલક્ષ્મી વડે તે આલિંગન પામ્યા હતા, (વિરોધનું શમનઃ તેમણે વેદાધ્યયનનું વ્રત લીધું હતું–અથવા તે પોતાની પત્ની વિષે જ સંતુષ્ટ હતા–અને તે દિવ્ય કાન્તિયુક્ત હતા). આવા ચક્રવર્તી હર્ષને બાણે જોયા).'' અહીં રાજ્યવર્ધનનું ખૂન થઈ ગયા પછી અને રાજ્યશ્રીને કેદમાંથી છોડાવવા 'પોતે જ્યાં સુધી વિજય નહીં મેળવે ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળશે' એવી હર્ષે પ્રતિજ્ઞા કરેલી (એવું ટીકાકાર શંકર કહે છે)–તે વાસ્તવિક્તાને વર્ણવવા માટે કવિએ વિરોધાલંકારનો વિનિયોગ કર્યો છે.–એ જ પ્રમાણે 'દર્પશાત હાથી'નું વર્ણન સર્વાંગીણ બનાવવા માટે વિરોધાલંકાર વિનિયોજ્યો છે : **स्निग्धं नखेषु परुषं रोमविषये, गुरुं मुखे सच्छिष्यं विनये, मृदुं शिरसि, दृढं परिचयेषु ह्रस्वं स्कन्धबन्धे,**

૫૨. આ વર્ણનમાં કવિનાં દુનિયાનો અનુભવ પ્રતિબિંબિત થયો છે એમ પણ સ્પષ્ટ જોઈ શકાય છે.

दीर्घमायुषि, दरिद्रमुदरे सततप्रवृत्तं दाने....(दर्पशातम् अद्राक्षीत्)। "તે (દર્પશાત) નખોમાં સ્નિગ્ધ (=ચીકાશવાળો) અને રુંવાટીની બાબતમાં પરુષ (=કર્કશ) હતો. મુખની બાબતમાં ગુરુ (મોટો) અને વિનયની બાબતમાં સારા શિષ્ય જેવો (આજ્ઞાંકિત) હતો. મસ્તકેથી (પોચો) અને પરિચયોમાં દઢ (કઠણ) હતો. ગળેથી તે હ્રસ્વ (નાનો) અને આયુષ્યની અંદર દીર્ઘ (મોટો) હતો. ઉદરથી દરિદ્ર (=કૃશ) હતો અને દાન (મદ)ને સતત ઝરાવતો હતો." (પૃ. 213). અહીં દર્પશાત હાથીમાં સ્નિગ્ધતા હતી અને પારુષ્ય પણ હતું, ગુરુતા પણ હતી અને સચ્છિષ્યત્વ પણ હતું. માર્દવ પણ હતું અને દાઢર્ય પણ હતું. હ્રસ્વતા પણ હતી અને દીર્ઘતા પણ હતી. દારિદ્ર્ય પણ હતું અને છતાંય સતત 'દાન' પ્રવૃત્તિ પણ હતી–એમ પરસ્પર વિરોધી પદાર્થોની એકત્ર અવસ્થિતિ બતાવીને શબ્દગત અભિવ્યક્તિમાં – ભાષાના Surface structure ઉપર–) ચમત્કૃતિ તો સાધી જ છે; પણ શબ્દાન્તરે (અર્થબોધની દૃષ્ટિએ-ભાષાના deep structure—માં બધી રીતની પૂર્ણતા કહેવાનો પણ આશય છે જ.

પરિસંખ્યાલંકારનું ઉદાહરણ તપાસીશું : ચક્રવર્તી રાજા હર્ષને બાણે જોયા. આ હર્ષ કેવા હતા ? તો કવિ કહે છે :....નિઃસ્નેહ इति धनैः, अनाश्रयणीय इति दोषैः, निग्रहरुचिरिति इन्द्रियैः, दुरुपसर्प इति कलिना, नीरस इति व्यसनैः, भीरुरित्ययशसा, दुर्ग्रहचित्तवृत्तिरिति चित्तभुवा, स्त्रीपर इति सरस्वत्या, षण्ढ इति परकलत्रैः काष्ठामुनिरिति यतिभिः, धूर्त इति वेश्याभिः, नेय इति सुहृद्भिः, कर्मकर इति विप्रैः, सुसहाय इति शत्रुयोधै एकमप्यनेकधा गृह्यमाणम् (हर्षम् अद्राक्षीत्) ॥ (2.6 પૃ. 234)

"ધન(લક્ષ્મી) તેમને સ્નેહ વગરના (સમજતી હતી), દોષો (એમ જાણતા કે) 'આનો (આનામાં) આશ્રય કરી શકાય એમ નથી," ઇન્દ્રિયો જાણતી હતી કે આમણે પોતની રુચિને સંયમમાં રાખી છે. કળિયુગ 'આમની નજીક જવું મુશ્કેલ છે' એમ જાણતો હતો. (બીજા કોઈપણ વ્યક્તિને માટે તે હર્ષ દુરુપસર્પ નહોતા); (મૃગયા, દ્યૂતાદિ વ્યસનો આમને નીરસ વ્યક્તિ તરીકે ઓળખે છે (બીજા કોઈની દૃષ્ટિએ તે નીરસ નહોતા)". જ્યારે (પૃ. 235)–અહીં 'હર્ષમાં બધા ગુણો ઉત્તમ જ હતા' એમ કહીને જો એકતરફી વર્ણન કર્યું છે એમ કોઈને લાગતું હોય તો કવિ પરિસંખ્યાની મદદથી કહે છે કે "હર્ષ નિઃસ્નેહ પણ હતા, દુરુપસર્પ પણ હતા, નીરસ પણ હતા, ભીરુ પણ હતા....ધૂર્ત પણ હતા (વગેરે)". અલબત્ત 'અમુક ચોક્કસ વિષય કે બાબત પરત્વે જ' એમ પરિસંખ્યા પ્રકારના ઉક્તિવૈચિત્ર્યના બળ ઉપર જ સૂચવાઈ જાય છે. તેથી પ્રતિપાદ્ય વર્ણ્ય વિષયને અન્યાય કર્યા વિના તેનું સર્વથા-સર્વાંગીણ વર્ણન રજૂ થઈ જાય છે.

*

સામાન્ય રીતે કોઈ વસ્તુનો સૌંદર્યબોધ કરાવવા માટે વિશેષણનો પ્રયોગ કરવામાં આવે છે. દા.ત. 'તેની આંખો સુન્દર છે' પણ એમાં 'સુન્દર' એવા વિશેષણવાચક શબ્દથી સુન્દરતાનો સ્પષ્ટ બોધ થવો શક્ય નથી. માટે કવિઓ

(કોઈક) ઉપમાન (उपमीयतेऽनेन इति)નો પ્રયોગ કરે છે[૫૩] જેમકે–'તેની આંખો **કમળ** જેવી છે.' પરંતુ કવિઓ ક્યારેક સાદૃશ્યના આધાર ઉપર ઉત્પ્રેક્ષાદિ અલંકારનો વિન્યાસ પણ કરે છે. દા.ત. કવિ બાણભટ્ટે દધીચની આંખોને વર્ણવવા કહ્યું છે....चक्षुषः प्राथिम्ना विकचकुमुदकुवलय कमलसरःसहस्र संछादितदशदिशं शरदमिव प्रवर्तयन्तम् (युवानम् अद्राक्षीत्।) "....નેત્રની દીર્ઘતાથી, જાણે કે ખીલેલાં હજારો કુમુદ, કુવલય અને કમળ સરોવરથી સારી રીતે છવાયેલી દશેય દિશાઓવાળી શરદ્ઋતુને (તે યુવાન દધીચ) પ્રવર્તાવતો હતો (તેવા તેને સરસ્વતીએ જોયો.)" અહીં દધીચના નેત્રો કુમુદ-કુવલય-કમળ જેવાં (=તત્સદૃશ) હતા અને પરિણામે શરદ્ઋતુ પ્રવર્તી રહી હોય એમ આભાસ થતો હતો. **(જાણે)** અહીં દધીચની કમળ જેવી આંખોની એક સૌન્દર્યપૂર્ણ સૃષ્ટિને વર્ણવવા કવિની પ્રતિભાએ ઉત્પ્રેક્ષા અવતારી છે, તેનાથી શરદ્ઋતુરૂપી બીજી એક સૌન્દર્યદૃષ્ટિ પણ ઊભી થઈ છે ! (આ ચર્ચાના અનુસન્ધાનમાં વધુ એક ઉદાહરણ માટે અભ્યાસનોંધ પૃ. 116, 117 જોવું.)

બાણભટ્ટ પ્રસ્તુત (ઉપમેય) વિષયનું સૌન્દર્ય વર્ણવવા માટે જે ઉત્પ્રેક્ષાઓ પ્રયોજે છે તેનાથી (ઉપમેયના) સૌન્દર્યને વિશદ કરવા ઉપરાંત તેઓ બીજી પણ એક સૌન્દર્યભરી સૃષ્ટિનું નિર્માણ કરે છે. આનાં અનેક ઉદાહરણો હર્ષચરિતના માત્ર પહેલા બે ઉચ્છ્વાસોમાંથી પણ મળી રહે છે. કેટલાંક નમુના જોઈશું : (૧) नृत्योद्धूतधूर्जटिजटाटवीकुटजकुड्मलनिकरनिभे नभस्तलं स्तबकयति तारागणे० (પૃ. 106) (તાંડવ) નૃત્યને કારણે ઉછળતી શંકરની જટાઓ રૂપી જંગલની કુટજ (=ગિરિમલ્લિકા) કળીઓના સમૂહ સમો તારાઓનો સમૂહ જાણે આકાશને પુષ્પગુચ્છ બનાવી રહ્યો (ત્યારે). અહીંઆ કવિએ માત્ર તારાઓ જાણે પુષ્પગુચ્છ હોય તેવા લાગવા માંડ્યા" – એમ કહેવા ઉપરાંત શંકરનું તાંડવનૃત્ય અને જટાઓ રૂપી જંગલમાં ખીલેલી ગિરિમલ્લિકાઓની કળીઓના સમૂહની તારાઓને ઉપમા આપીને તારાઓથી આકાશને પુષ્પગુચ્છયુક્ત બનતું ઉત્પ્રેક્ષીને ("ઉત્-પ્રેક્ષા" કરીને) કવિએ એક બીજું જ સૌન્દર્યજગત્ ખડું કરી દીધું છે.

(૨) સંધ્યાવર્ણનમાં રજૂ કરેલી બીજી એક ઉત્પ્રેક્ષા આ પ્રમાણે છે : **क्रमेण च अस्तधराधरधातुधुनिपूरप्लावित इव लोहितायमानमहसि मज्जति संध्यासिन्धुयानपात्रे पातंगे मण्डले० ।** (પૃ. 246) ક્રમશઃ પશ્ચિમ દિશાની ધરાને ધારણ કરનાર–અસ્તાચળ પર્વતની (ગૈરિક વગેરે) ધાતુઓની નદીનું પૂર ફેલાયું હોય તેવા લાલ રંગના થઈ રહેલા પ્રકાશમાં; સંધ્યારૂપી સિન્ધુ (=સમુદ્ર)માં (તરતું જાણે કોઈ જળ)યાન (=જહાજ) હોય તેવું સૂર્યમંડળ ડૂબવા લાગ્યું (ત્યારે)". અહીં સૂર્યમંડળની એક જહાજ તરીકેની ઉત્પ્રેક્ષા વાચકની સમક્ષ બીજું એક ચિત્ર ઊભું કરે છે.

૫૩. Objective Co-relative

(૩) દર્પશાત હાથીના વર્ણનમાં – मुहुर्मुहुः स्थगितापावृत्तदिङ्मुखाभ्यां कर्णताल-तालवृन्ताभ्यां वीजयन्तमिव भर्तृभक्त्या दन्तपर्यङ्किकास्थितां राजलक्ष्मीम् (दर्पशातम् अपश्यत्।) (પૃ. 210). વારંવાર દિશાઓના મુખોને બંધ કરતા અને ખોલી કાઢતા કાનના ફલકો રૂપી બે તાલવૃન્તોથી ભર્તા–રાજા હર્ષ–તરફની ભક્તિને કારણે, જાણે કે દન્તશૂળો રૂપી (હાથી દાંતમાંથી બનાવેલા) પલંગમાં બિરાજમાન રાજલક્ષ્મીને પવન ઢોળતો હતો; (તેવો દર્પશાત હાથી જોયો.)'' અહીં દર્પશાત હાથીની બે દન્તશૂળોની પલંગ તરીકેની ઉત્પ્રેક્ષા પણ કોઈક નવી જ સૃષ્ટિ ઊભી કરે છે.

(૪) કવિ બાણ ક્યારેક એક જ કારકની મદદથી ઉત્પ્રેક્ષાની પરંપરા સર્જે છે; દર્પશાત હાથીના વર્ણનમાંથી તેનું ઉદાહરણ આ પ્રમાણે મળે છે :-)

विसर्पन्त्या च दन्तकाण्डयुगलस्य कान्त्या सरःक्रीडास्वादितानि कुमुदवनानीव बहुधा वमन्तम्, निजयशोराशिमिव दिशामर्पयन्तम्, कुकरिकीटपाटनदुर्विदग्धान् सिंहान् इवोपहसन्तम्, कल्पद्रुमदुकूलमुखपटमिव चात्मनः कलयन्तम् (दर्पशातम् अपश्यत्)। (પૃ. 208). દન્તકાંડો–દન્તશૂળો–ના યુગલમાંથી (–ની) પ્રસરતી કાન્તિથી, જાણે કે સરોવરમાં ક્રીડા કરતી વખતે આસ્વાદેલા કુમુદ–વનને અનેક પ્રકારે તે બહાર ફેંકતો હતો; જાણે કે દિશાઓને પોતાનો યશઃપુંજ અર્પતો હતો; જાણે કે ક્ષુદ્ર હાથીઓના સમૂહને ફાડી ખાનાર દુષ્ટ સિંહોને હસતો હતો; અને જાણે કે કલ્પવૃક્ષમાંથી મેળવેલા રેશમી વસ્ત્રથી પોતાનો મોં લૂછવાનો રૂમાલ બનાવતો હતો! –અહીં દન્તશૂળોની કાન્તિથી (–એક જ કરણકારકથી, કવિએ ઉત્પ્રેક્ષાની હારમાળા રચી છે.

આમ એક ઉપમેયનો સૌન્દર્યબોધ કરાવવા માટે બાણ જે ઉત્પ્રેક્ષાઓ રજૂ કરે છે તેનાથી (મહદંશે) બીજી પણ એક સૌન્દર્યસૃષ્ટિ વાચકના મનશ્ચક્ષુ આગળ ખડી થાય છે. આથી, જેમ કાલિદાસને ઉપમાના કવિ, ભારવિને અર્થગૌરવના કવિ, દણ્ડિન્‌ને પદલાલિત્યના કવિ કે માઘને ઉપમાદિ ત્રણેયના કવિ કહ્યા છે તેમ બાણભટ્ટને ઉત્પ્રેક્ષાના કવિ કહેવાનું મન થાય છે !

કવિબાણની વક્રોક્તિનું એક જ્વલંત ઉદાહરણ હર્ષચરિતના આરંભે જ સરસ્વતીના વર્ણનમાં રજૂ થયું છે : संक्रान्तकमलासनकृष्णाजिनप्रतिमां मधुरगीता-कर्णनावतीर्णशशिहरिणामिव कपोलस्थलीं दधाना (सरस्वती श्रुत्वा जहास। (૧.૨ પૃ 94) ''(તેના તેજસ્વી ગાલ ઉપર) કમલાસન (બ્રહ્મા)ના કૃષ્ણમૃગચર્મનું પ્રતિબિંબ પડતું હતું, તેથી જાણે કે સામવેદનું મધુર ગીત સાંભળવા માટે ચન્દ્રમા રૂપી હરણ તેની કપોલસ્થલી (ગાલ રૂપી આંગણા)માં ઉતરી આવ્યું હોય એવું લાગતું હતું.'' (અહીં સરસ્વતીના ગાલમાં બ્રહ્માનું મૃગચર્મ પ્રતિબિમ્બિત થતું હોઈને, મધુર ગીત સાંભળવા માટે ઊતરી આવેલા ચન્દ્રમા રૂપી હરણવાળી (-સહિતની) કપોલસ્થલીને તે ધારણ કરતી હતી.) –આ વક્રોક્તિનું પૃથક્કરણ કરીએ તો–''સરસ્વતીના કપોલ (ગાલ) તેજસ્વી (ચળકતા સ્નિગ્ધ) હતા.'' એમ

કહેવામાં કોરી સ્વભાવોક્તિ છે. પરંતુ બાણ જે વક્રોક્તિ રજૂ કરે છે, તેમાં દેવી સરસ્વતી કપોલ રૂપી સ્થલી (પ્રાંગણ)ને ધારણ કરતી હતી. અહીં રૂપકાત્મક રીતે કપોલને 'સ્થલી' કહ્યા. એટલે તેમાં કોણ હરતું ફરતું હતું ? તે પણ કહેવું જોઈએ. તો બાણ કહે છે કે જે ગાલમાં કમલાસનના કૃષ્ણ(મૃગ) ચર્મનું પ્રતિબિમ્બ પડતું હતું (એટલે તેણીના ગાલ તેજસ્વી હતા !); અને પરિણામે જાણે કે સરસ્વતીના મુખમાંથી નીકળતું (કોઈક મધુર કે સામવેદનું) ગીત સાંભળવા માટે ચન્દ્રમા રૂપી હરણ તે (કપોલ સ્થલી)માં ઉતરી આવ્યું હતું એવું લાગતું હતું !. અહીં ૧ ! 'સરસ્વતીના ગાલ તેજસ્વી હતા' માટે તેમાં કમલાસનના કૃષ્ણાજિનનું પ્રતિબિંબ ઝીલાતું હતું, અને ૨. ગાલને રૂપકાત્મક રીતે સ્થલી કહ્યા તેથી તેમાં કોણ ફરતું હતું ? એ ઉત્થિતાકાંક્ષાનું શમન કરવા માટે 'ચન્દ્રરૂપી હરણ' એમ કહ્યું. વળી, રૂપકાત્મક રીતે 'ચન્દ્રને હરણ' કેમ કહ્યું ? અને કૃષ્ણાજિનના પ્રતિબિંબમાં ચન્દ્રની ઉત્પ્રેક્ષા શાને આધારે કરી ? – તો ચન્દ્ર 'મૃગ–લાંછન' હોય છે માટે ! હજી એક પ્રશ્ન થાય કે સરસ્વતીની કપોલસ્થલીમાં ચન્દ્ર રૂપી હરણ કેમ ઊતરી આવ્યું હતું ?– તો સરસ્વતીના મુખમાંથી નીકળતા કોઈક મધુર સામવેદનું ગીત સાંભળવાના લોભથી ! તથા સરસ્વતી દેવી તો સ્વર્ગમાં રહેનારી હોઈ, તેની કપોલસ્થલીમાં પાર્થિવ મૃગ–હરણ–તો ગીત સાંભળવા આવી/પહોંચી ના શકે. માટે 'ચન્દ્ર રૂપી હરણ' કહ્યું એવો ખુલાસો ટીકાકાર શંકર ઉમેરે છે. **भगवतीकपोले शशिहरिणस्यैवावतार: सम्भाव्यते इति शशिपदम्॥** આમ કવિ બાણભટ્ટ સતર્ક એવી રૂપક અને ઉત્પ્રેક્ષાથી ભરેલી વક્રોક્તિ રજૂ કરે છે. – માટે જ તો તે વક્રોક્તિ–માર્ગના નિપુણ કવિ ગણાયા છે.

પ્રસ્તુત વિચારનો ઉપસંહાર કરતાં સંક્ષેપમાં એટલું જ કહીશું કે કવિ બાણભટ્ટે વર્ણ્યવિષયના નિરૂપણમાં અપૂર્વ વિન્યાસવક્રતા દ્વારા ભારે વૈવિધ્ય ઉપસાવ્યું છે. પરિણામે બાણભટ્ટની કાવ્યકૃતિઓના પ્રત્યેક વર્ણનને, પ્રત્યેક વાક્યને, અરે **अहमहमिकया** કવિની આંખ સામે ઉપસ્થિત થયેલા અને કવિની કારયિત્રી પ્રતિભાએ તેમાંથી અમુકને જ પસંદ કરેલા પ્રત્યેક શબ્દને સહૃદય શ્રોતા/વાચક તરીકે સમીક્ષીશું તો બાણભટ્ટનું ભાષાપ્રયોગવિજ્ઞાન અને કાવ્યકૃતિનું અલંકરણ વિધાન કેવી રીતે થયેલું તેનું રહસ્ય હાથ લાગતું જશે.

●●●

॥ श्रीः ॥

श्लेष केचन शब्दगुम्फविषये केचिद्रसे चापरे-
ऽङ्लकारे कतिचित्सदर्थविषये चान्ये कथावर्णके ।
आः सर्वत्र गभीरधीरकविताविन्ध्याटवीचातुरी-
सञ्चारी कविकुम्भिकुम्भभिदुरो बाणस्तु पञ्चाननः ॥

चन्द्रदेवकृता

शार्ङ्गधरपद्धतिः ॥ (१७७)

॥ श्रीः ॥

महाकवि-बाणभट्ट-विरचितं

हर्षचरितम्

प्रथम उच्छ्वासः

नमस्तुङ्गशिरश्चुम्बिचन्द्रचामरचारवे ।
त्रैलोक्यनगरारम्भमूलस्तम्भाय शम्भवे ॥ १ ॥

हरकण्ठग्रहानन्दमीलिताक्षीं नमाम्युमाम् ।
कालकूटविषस्पर्शजातमूर्च्छागमामिव ॥ २ ॥

नमः सर्वविदे तस्मै व्यासाय कविवेधसे ।
चक्रे पुण्यं सरस्वत्या यो वर्षमिव भारतम् ॥ ३ ॥

प्रायः कुकवयो लोके रागाधिष्ठितदृष्टयः ।
कोकिला इव जायन्ते वाचालाः कामकारिणः ॥ ४ ॥

सन्ति श्वान इवासंख्या जातिभाजो गृहे गृहे ।
उत्पादका न बहवः कवयः शरभा इव ॥ ५ ॥

अन्यवर्णपरावृत्त्या बन्धचिह्ननिगूहनैः ।
अनाख्यातः सतां मध्ये कविश्चौरो विभाव्यते ॥ ६ ॥

મહાકવિ બાણ-ભટ્ટ વિરચિત

હર્ષચરિત

પ્રથમ ઉચ્છ્વાસ

પ્રાસ્તાવિક શ્લોકો

ત્રિભુવન રૂપી નગરનો આરમ્ભ (રચના) કરવામાં મૂલસ્તંભ રૂપ; (જેમના) ઊંચા મસ્તકને ચુંબન (સ્પર્શ) કરનારા ચન્દ્ર રૂપી (શ્વેત) ચામરથી શોભતા શંભુને નમસ્કાર હજો. (૧)

શંકરે આપેલા કંઠાલિંગનના આનંદથી જાણે કે (શંકરના ગળામાં રહેલા) કાલકૂટ વિષના સ્પર્શથી મૂર્ચ્છા આવી ગઈ હોય તેમ જેમની આંખો મીંચાઈ ગઈ છે તે ઉમા–પાર્વતી–ને હું (બાણભટ્ટ) નમસ્કાર કરું છું. (૨)

જેમ સરસ્વતી (નદીના પાણી)થી ભારતવર્ષ પવિત્ર થાય તેમ, પોતાની સરસ્વતી (વાણી)થી મહાભારતને જેમણે પવિત્ર કર્યું છે તેવા (અથવા સરસ્વતી –વાણી–ની વૃષ્ટિ સમા પુણ્યશાળી મહાભારતને જેમણે રચ્યું છે તેવા) બધું જાણનારા અને કવિઓને જન્માવનારા તે વ્યાસને નમસ્કાર હજો. (૩)

રાગ (લાલ રંગ)થી યુક્ત દૃષ્ટિવાળા કોકિલો જેવી રીતે વાચાળ અને કામોદ્દીપક હોય છે, તેવી રીતે પ્રાયઃ કુકવિઓ પણ રાગ (દ્વેષાદિ)થી યુક્ત દૃષ્ટિવાળા, અસમ્બદ્ધ પ્રલાપ કરનારા અને સ્વેચ્છાનુસારિ (કાવ્ય) કર્મ કરનારા હોય છે. (૪)

કેવળ જન્મ લેનારા (અથવા શ્વત્વ જાતિ ધારણ કરનારા કે અમેધ્યભક્ષણ કરનારા) કૂતરાઓ જેમ ઘેર ઘેર અને અસંખ્ય (અગણિત કે સંગ્રામવિમુખ) હોય છે, તેમ કેવળ જાતિ (સ્વભાવોક્તિ)નું વર્ણન કરનારા કવિઓ પણ ઘેર ઘેર અને અસંખ્ય હોય છે. પરંતુ ઊંચા પગવાળા શરભ (પ્રાણીવિશેષ) જેમ બહુ હોતા નથી, તેમ (મૌલિક કાવ્ય) ઉત્પન્ન કરનારા કવિઓ પણ બહુ હોતા નથી. (૫)

જેવી રીતે (કોઈ વ્યક્તિ) સજ્જનોની વચ્ચે ફિક્કો પડી જવાથી અને (બેડીઓના) બંધનના ડાઘ સંતાડવાના પ્રયત્નોથી કહ્યા વિના જ ચોર તરીકે ઓળખાઈ જાય છે, તેવી રીતે સહૃદયોની વચ્ચે અન્ય (કવિ)ના વર્ણોને=અક્ષરોને બદલી કાઢવાથી અને (તે અન્ય કવિના પ્ર)બન્ધના ચિહ્નોને સંતાડવાનો પ્રયત્ન કરવાથી જે તે કવિ પણ કહ્યા વિના (કાવ્ય)ચોર તરીકે ઓળખાઈ જાય છે. (૬)

श्लेषप्रायमुदीच्येषु प्रतीच्येष्वर्थमात्रकम् ।
उत्प्रेक्षा दाक्षिणात्येषु मौडेष्वक्षरडम्बरम् ॥ ७ ॥

नवोऽर्थो जातिरग्राम्या श्लेषोऽक्लिष्टः स्फुटो रसः।
विकटाक्षरबन्धश्च कृत्स्नमेकत्र दुष्करम् ॥ ८ ॥

किं कवेस्तस्य काव्येन सर्ववृत्तान्तगामिनी ।
कथेव भारती यस्य न व्याप्नोति जगत्त्रयम् ॥ ९ ॥

उच्छ्वासान्तेऽप्यखिन्नास्ते येषां वक्त्रे सरस्वती ।
कथमाख्यायिकाकारा न ते वन्द्याः कवीश्वराः ॥ १० ॥

कवीनामगलद्दर्पो नूनं वासवदत्तया ।
शक्त्येव पाण्डुपुत्राणां गतया कर्णगोचरम् ॥ ११ ॥

पदबन्धोज्ज्वलो हारी कृतवर्णक्रमस्थितिः ।
भट्टारहरिचन्द्रस्य गद्यबन्धो नृपायते ॥ १२ ॥

अविनाशिनमग्राम्यमकरोत्सातवाहनः ।
विशुद्धजातिभिः कोशं रत्नैरिव सुभाषितैः ॥ १३ ॥

ઉત્તર દિશા તરફના કવિઓની રચના શ્લેષપ્રધાન હોય છે, પશ્ચિમ દિશાના કવિઓ કેવળ અર્થ (વાસ્તવિકતા)નું પ્રદર્શન કરનારા હોય છે. દક્ષિણ દિશાના કવિઓની રચનામાં ઉત્પ્રેક્ષા (વધારે પડતી જોવા મળે છે) અને ગૌડીય–પૂર્વ દિશાના બંગાળી આદિ–કવિઓમાં અક્ષરોનો આડંબર (વધારે પડતો હોય છે.)

નવો (ચમત્કારિક) અર્થ, ગ્રામ્ય નહીં તેવી (અર્થાત્ શિષ્ટ) જાતિ=સ્વભાવોક્તિ, ક્લિષ્ટ નહીં તેવો શ્લેષ, સ્પષ્ટ રસાભિવ્યક્તિ અને ઓજસ્વી અક્ષરવિન્યાસ–આ બધું એક (જ કાવ્ય)માં ગુંથવું મૂશ્કેલ હોય છે. (૮)

જેમ ભારતી કથા (=મહાભારતની કથા) બધા પ્રકારના વૃત્તાન્તોવાળી છે અને ત્રણેય ભુવનોમાં વ્યાપી વળે છે તેમ જે કવિની ભારતી (=વાણી) બધા જ વૃત્તો (=છંદો)ના પારને પામનારી નથી અને ત્રણેય ભુવનોમાં વ્યાપી વળતી નથી તેવા કવિના કાવ્યથી શું પ્રયોજન ? (૯)

(ઉચ્છ્વાસ=) યુગના અન્તે પણ નહીં થાકનાર અને જે (બ્રહ્માદિ)ના (વક્ત્ર=) મુખમાં સરસ્વતીદેવીનો નિવાસ છે, તથા જેમનો આકાર (=સ્વરૂપ) આખ્યાયિકા (=આખ્યાનો)થી સમજાય છે તેવા કવીશ્વરો (બ્રહ્માદિ દેવો) જેમ વંદનીય હોય છે તેમ, ઉચ્છ્વાસને અન્તે પણ જે થાકતા નથી તથા જેમની સરસ્વતી=વાણી વક્ત્ર છંદમાં પ્રવૃત થતી હોય છે તેવા આખ્યાયિકાઓના રચયિતા મોટા કવિઓ પણ કેમ વંદનીય ના હોય ? (૧૦)

જેવી રીતે વાસવે-ઇન્દ્રે આપેલી 'શક્તિ' કર્ણને પ્રાપ્ત થઈ છે એમ સાંભળીને કવિ=દ્રોણાદિ અને પાંડુપુત્રોનો દર્પ ઓગળી ગયો હતો, તેમ (સુબન્ધુની રચેલી) 'વાસવદત્તા' (નામની 'કથા') સાંભળીને પણ ખરેખર કવિઓનો દર્પ ઓગળી ગયો છે. (૧૧)

આર્ય હરિચન્દ્રનો ગદ્યબન્ધ રાજાના જેવું આચરણ કરે છે. જેવી રીતે રાજા પોતાના પ્રદેશોમાં સ્થિર બનીને રહેલો હોય છે (અથવા મન્ત્રિમંડળથી ઉજજ્વલ હોય છે), (રત્નોના) હારને ધારણ કરનારો હોય છે, (અથવા અહારી કોઈનું કશું ઝૂંટવી લેનારા હોતા નથી), કૃતયુગની જેમ બ્રાહ્મણામદિ વર્ણો (જાતિ)ની ક્રમાનુસાર સ્થિતિ જાળવનારા હોય છે; તેમ હરિચન્દ્રનો ગદ્યપ્રબન્ધ પણ (વિવિધ નામપદ અને ક્રિયા)પદોની રચનાથી ઉજજ્વલ, મનોહારી, વર્ણો (અક્ષરો)ની ક્રમશઃ ગોઠવણીવાળો છે. (૧૨)

વિશુદ્ધ જાતિના રત્નોનો ક્યારેય નહીં ખૂટનારો સુંદર ખજાનો હોય તેમ, વિશુદ્ધ સ્વાભાવોક્તિથી ભરેલાં સુભાષિતોનો એક અવિનાશી=પ્રસિદ્ધ અને અગ્રામ્ય (અશ્લિલ નહીં તેવો) સંગ્રહ સાતવાહને કર્યો છે. (૧૩)

कीर्तिः प्रवरसेनस्य प्रयाता कुमुदोज्ज्वला ।
सागरस्य परं पारं कपिसेनैव सेतुना ॥ १४ ॥

सूत्रधारकृतारम्भैर्नाटकैर्बहुभूमिकैः ।
सपताकैर्यशो लेभे भासो देवकुलैरिव ॥ १५ ॥

निर्गतासु न वा कस्य कालिदासस्य सूक्तिषु ।
प्रीतिर्मधुरसान्द्रासु मञ्जरीष्विव जायते ॥ १६ ॥

समुद्दीपितकन्दर्पा कृतगौरीप्रसाधना ।
हरलीलेव नो कस्य विस्मयाय बृहत्कथा ॥ १७ ॥

आढ्यराजकृतोत्साहैर्हृदयस्थैः स्मृतैरपि ।
जिह्वान्तःकृष्यमाणेव न कवित्वे प्रवर्तते ॥ १८ ॥

तथापि नृपतेर्भक्त्या भीतो निर्वहणाकुलः ।
करोम्याख्यायिकाम्भोधौ जिह्वाप्लवनचापलम् ॥ १९ ॥

सुखप्रबोधललिता सुवर्णघटनोज्ज्वलैः ।
शब्दैराख्यायिका भाति शय्येव प्रतिपादकैः ॥ २० ॥

जयति ज्वलत्प्रतापज्वलनप्राकारकृतजगद्रक्षः ।
सकलप्रणयिमनोरथसिद्धिश्रीपर्वतो हर्षः ॥ २१ ॥

●

જેવી રીતે પ્રવરસેન=સુગ્રીવના 'કુમુદ' (નામના વાનર સેનાપતિ)થી શોભિત વાનરોની સેના સેતુ(બંધ) દ્વારા સાગરની પેલે પાર પહોંચી ગઈ હતી, તેવી રીતે 'પ્રવરસેન' નામના કવિની કુમુદ સમાન ઉજ્જવલ કીર્તિ 'સેતુબન્ધ' (નામના પ્રાકૃતકાવ્ય)થી સમુદ્રની પેલે પાર પહોંચી છે. (૧૪)

સ્થપતિઓથી આરંભાતાં, બહુ માળવાળાં અને ધ્વજાઓવાળાં દેવમન્દિરો જેવાં; સૂત્રધારથી શરૂ થતાં, (નટનટીઓની) વિવિધ ભૂમિકાઓથી ભરેલાં અને પતાકા (=ગૌણ) કથા સહિતનાં નાટકો વડે ભાસે યશ મેળવ્યો છે. (૧૫)

નવી મ્હોરેલી, મધુર અને સાન્દ્ર (ગાઢ) (અથવા મધુરસથી સુગંધીદાર બનેલી) આમ્રમંજરી જેમ (ફૂટતે વ્હેંત પ્રીતિ આપે તેમ); મધુર રસથી ભરેલી કાલિદાસની ઉક્તિ (કાવ્યકૃતિ)ઓ ઉચ્ચારવા માત્રથી જ કોને આનંદ આપતી નથી ?! (-ઉક્તિઓના ઉચ્ચારવા માત્રમાં કોને આનંદ થતો નથી ?) (૧૬)

(એક તરફ) કામદેવને સળગાવી દેનારી અને (બીજી તરફ) પાર્વતીનું સુશોભન કરનારી શંકરની લીલા (જેમ સૌને વિસ્મય પમાડે છે) તેમ 'કન્દર્પ' (=નરવાહનદત્ત નામના નાયક)ને પ્રકાશિત કરનારી (અથવા કામોદ્દીપન કરનારી) અને જેના વડે પાર્વતીને ખુશ કરવામાં આવી હતી તે (ગુણાઢ્યની) ''બૃહત્કથા'' કોને વિસ્મય પમાડતી નથી ? (૧૭)

હૃદયમાં રહેલા આઢ્યરાજના ઉત્સાહો (અર્થાત્ તાલવિશેષ, કાવ્ય કે મહાન્ કાર્ય)ને માત્ર યાદ કરવા થકી, (મારી, બાણભટ્ટની) જીભ જાણે અંદર ખેંચાઈ જતી હોય તેમ કવિકર્મમાં પ્રવૃત્ત થતી નથી. (૧૮)

તો પણ, રાજા (શ્રીહર્ષ) પ્રત્યેની ભક્તિથી (પ્રેરાઈને) આખ્યાયિકા રૂપી સમુદ્રને ઓળંગવામાં આકુળ અને ભયભીત થયેલો (હું બાણ) જીભ રૂપી નાવડીથી ચાપલ (સાહસ) કરી રહ્યો છું. (૧૯)

સુખ સાથે જેમાંથી જાગી શકાય એવી લલિત, અને સોનાથી બનાવેલા ઉજ્જવળ પાયાઓવાળી શય્યાની જેમ, સરળતાથી સમજાઈ જાય એવી લલિત, અને સુન્દર અક્ષરોની ગુંથણીને કારણે ઉજ્જવળ તથા (અર્થનું) પ્રતિપાદન કરનારા શબ્દોથી (રચેલી) આખ્યાયિકા શોભે છે. (૨૦)

જે પ્રજ્વલિત પ્રતાપ રૂપી અગ્નિની દિવાલો (કિલ્લો) બનાવીને જગત્‌ની રક્ષા કરી રહ્યા છે, તથા સકલ પ્રિયજનોના મનોરથની પૂર્તિ કરવામાં શ્રીપર્વત રૂપ છે તેવા (સમ્રાટ્) શ્રીહર્ષનો વિજય થાવ (થાય છે). (૨૧)

●

वात्स्यायनवंश-वर्णनम्

प्रथम उच्छ्वासः

1.1

एवमनुश्रूयते—पुरा किल भगवान्स्वलोकमधितिष्ठन्परमेष्ठी विकासिनि पद्मविष्टरे समुपविष्टः सुनासीरप्रखैर्गीर्वाणैः परिवृतो ब्रह्मोद्याः कथाः कुर्वन्नन्याश्च निरवद्या विद्यागोष्ठीर्भावयन्कदाचिदासाञ्चक्रे। तथासीनं च तं त्रिभुवनप्रतीक्ष्यं मनुदक्षचाक्षुषप्रभृतयः प्रजापतयः सर्वे च सप्तर्षिपुरःसरा महर्षयः सिषेविरे । केचिदृचः स्तुतिचतुराः समुदचारयन् । केचिदपचितिभाञ्जि यजूंष्यपठन् । केचित्प्रशंसासामानि सामानि जगुः । अपरे विवृतक्रतुक्रियातन्त्रान्मन्त्रान्व्याचचक्षिरे । विद्याविसंवादकृताश्च तत्र तेषामन्योन्यस्य विवादाः प्रादुरभवन् ।

1.2

अथातिरोषणः प्रकृत्या महातपा मुनिरत्रेस्तनयस्तारापतेर्भ्राता नाम्ना दुर्वासा द्वितीयेन मन्दपालनाम्ना मुनिना सह कलहायमानः सामगायन्क्रोधान्धो विस्वरमकरोत्। सर्वेषु च तेषु शापभयप्रतिपन्नमौनेषु मुनिष्वन्यालापलीलया चावधीरयति कमलसम्भवे, भगवती कुमारी किञ्चिदुन्मुक्तबालभावे भूषितनवयौवने वयसि वर्तमाना, गृहीतचामरप्रचलद्भुजलता पितामहमुपवीजयन्ती, निर्भर्त्सनताडनजातरागाभ्यामिव स्वभावारुणाभ्यां

'વાત્સ્યાયનવંશ-વર્ણન' નામનો
પ્રથમ ઉચ્છ્વાસ

1.1

પરંપરાથી આ પ્રમાણે સાંભળવા મળે છે : કહેવાય છે કે પહેલાંના સમયમાં, પોતાના (બ્રહ્મ) લોકમાં નિવાસ કરતા ભગવાન્ પરમેષ્ઠી (બ્રહ્માજી) (નિત્ય) ખીલેલા કમળ રૂપી આસન ઉપર બેસતા હતા. સુનાસીર (ઇન્દ્રદેવ) જેમાં મુખ્ય છે તેવા દેવોથી વીંટળાયેલા તે બ્રહ્માજી ક્યારેક બ્રહ્મવિષયક કથા કરતા અને નિર્દોષ વિદ્યાગોષ્ઠીઓને પ્રેરણા આપતાં બેઠા હતા. મનુ, દક્ષ, ચાક્ષુષ વગેરે પ્રજાપતિઓ અને સપ્તર્ષિઓ જેમાં અગ્રેસર છે તેવા સૌ મહર્ષિઓ એ પ્રમાણે (કમલાસન ઉપર) બેઠેલા અને ત્રણેય ભુવનોને માટે પૂજનીય એવા બ્રહ્માજીને સેવતા હતા. (ત્યારે) સ્તુતિ કરવામાં ચતુર એવા કેટલાકે (મહર્ષિઓએ), (ઋગ્વેદની) ઋચાઓનું ઉચ્ચારણ કર્યું. કેટલાકે પૂજનવિધિમાં વપરાતા યજુર્વેદના મન્ત્રોનો પાઠ કર્યો. કેટલાકે પ્રશંસાત્મક સામવાક્યો જેવા સામવેદના મન્ત્રોનું ગાન કર્યું. બીજા કેટલાકે વિશાળ યજ્ઞોની ક્રિયામાં વપરાતા મુખ્ય મન્ત્રોની વ્યાખ્યા કરી. પણ, ત્યાં તો તેઓની (અંદર) એકબીજાની વિદ્યાઓના વિસંવાદને કારણે અનેક વિવાદો ઊભા થઈ ગયા !

1.2

એટલામાં; સ્વભાવથી જ અત્યંત ક્રોધી, મોટા તપસ્વી, અત્રિઋષિના પુત્ર, તારાપતિ (ચન્દ્રમા)ના ભાઈ એવા 'દુર્વાસા' નામના મુનિએ 'મન્દપાલ' નામના બીજા એક મુનિની સાથે ઝઘડતાં(ઝગડો થઈ જતાં), સામનું ગાન કરતાં કરતાં ક્રોધમાં અન્ધ થઈ જઈને સ્વરભંગ કર્યો. (આ પ્રસંગે) તે સૌ મુનિઓ (આ દુર્વાસા જો કંઈક બોલીશું કે હસીશું તો ક્યાંક શાપ આપી દેશે' એવો) શાપ મળવાનો ભય ઊભો થવાથી મૌન બની ગયા; અને (ખૂદ) બ્રહ્માજીએ પણ બીજાઓ સાથે વાતચીત કરવામાં રોકાયા હોય તેવો દેખાવ કરીને (તે સ્વરભંગની) ઉપેક્ષા કરી; ત્યારે, ભગવતી કુમારી સરસ્વતી દેવી (તે વિસ્વરને) સાંભળીને હસી (પડી).–આ સમયે તે સરસ્વતી કંઈક બાલિશપણાને છોડીને, નવયૌવનને શોભાવનારી ઉંમરે આવીને ઊભી હતી; ભુજાઓરૂપી લતાઓથી પકડેલી ચામરો હલાવીને પિતામહ (બ્રહ્માજી)ને પવન ઢોળતી હતી. નિર્ભર્ત્સનાથી તાડન કરવાને કારણે[1] જાણે લાલાશ જન્મી હોય તેવા, સ્વભાવથી જ લાલીમાવાળા

1. તિરસ્કારપૂર્વક પગ પછાડવાને કારણે.

पादपल्लवाभ्यां समुद्भासमाना, शिष्यद्वयेनेव पदक्रम-
मुखरेण नूपुरयुगलेन वाचालितचरणयुगला, धर्मनगर
तोरणस्तम्भविभ्रमं बिभ्राणा जङ्घाद्वितयम्, सलीलमुत्कलहंस-
कुलकलालापप्रलापिनि मेखलादाम्नि विन्यस्तवामहस्त-
किसलया, विद्वन्मानसनिवासलग्नेन गुणकलापेनेवांसावा
लम्बिना ब्रह्मसूत्रेण पवित्रीकृतकाया, भास्वन्मध्यनायक-
मनेकमुक्तानुयातमपवर्गमार्गमिव हारमुद्वहन्ती, वदनप्रविष्ट-
सर्वविद्यालक्तकरसेनेव पाटलेन स्फुरता दशनच्छदेन विराज-
माना, संक्रान्तकमलासनकृष्णाजिनप्रतिमां मधुरगीताकर्णना-
वतीर्णशशिहरिणामिव कपोलस्थलीं दधाना, तिर्यक्सा-
वज्ञमुन्नमितैकभ्रूलता, श्रोत्रमेकं विस्वरश्रवणकलुषितं
प्रक्षालयन्तीवापाङ्गनिर्गतेन लोचनाश्रुजलप्रवाहेणेतरश्रवणेन
च विकसितसितसिन्धुवारमञ्जरीजुषा हसतेव प्रकटित-
विद्यामदा, श्रुतिप्रणयिभिः प्रणवैरिव कर्णावतंसकुसुमम-
धुकरकुलैरुपास्यमाना, सूक्ष्मविमलेन प्रज्ञाप्रतानेनेवांशुकेना-
च्छादितशरीरा, वाङ्मयमिव निर्मलं दिक्षु दशनज्यो-
त्स्नालोकं विकिरन्ती देवी सरस्वती श्रुत्वा जहास ॥

પાદ રૂપી પલ્લવોથી તે શોભતી હતી. જાણે કે પદપાઠ અને ક્રમપાઠ કરવા મુખરિત થયેલા બે શિષ્યો પોતાના ચરણો (વેદની શાખાઓ)નો સ્વાધ્યાય કરતા હોય તેવાં પગલાં માંડવાથી મુખરિત થયેલા નૂપુર યુગલોથી (તે સરસ્વતી)ના બન્ને ચરણો પણ વાચાળ બન્યા હતા. ધર્મનગરના તોરણ–(પ્રવેશદ્વારના) સ્તંભોની શોભા સમાન બે જંઘાને તે ધારણ કરતી હતી. તેણે લીલાપૂર્વક, ઉત્સુક કલહંસોના કલરવ જેવો રણકાર કરનારા કેડના કંદોરા ઉપર ડાબા હાથ રૂપી કિસલય (કૂંપળ)ને સ્થાપ્યું હતું. જાણે કે વિદ્વાનોના ચિત્તમાં (અથવા માનસ સરોવરમાં) નિવાસ કરવાથી ઊભા થયેલા ગુણસમૂહ રૂપી તાંતણાના સમૂહથી બનેલ, ખભા ઉપર અવલંબન પામેલ, બ્રહ્મસૂત્ર (જનોઈ)થી તેની કાયા પવિત્ર થઈ હતી. સૂર્યની વચ્ચેથી લઈ જનાર અને અનેક મુક્ત જીવો દ્વારા અનુસરાયેલ અપવર્ગ (મોક્ષ)ના માર્ગ જેવા, ચળકતા મધ્યમણિવાળા અને અનેક મોતીઓ પરોવેલા હાર (=હર-શંકર-ના પ્રસાદથી પ્રાપ્ત થયેલા 'હાર') ને તે ધારણ કરતી હતી. તેના મુખમાં પ્રવેશેલ બધી જ વિદ્યાઓ રૂપી અળતાના રસથી જાણે કે લાલ થયેલા હોય એવા (રોષથી) ફરકતા (દન્તાચ્છાદક=) હોઠ વડે તે શોભતી હતી. (તેના તેજસ્વી ગાલ ઉપર) કમલાસન (બ્રહ્મા)ના કૃષ્ણમૃગચર્મનું પ્રતિબિમ્બ પડતું હતું, તેથી જાણે કે સામવેદનું મધુર ગીત સાંભળવા માટે ચન્દ્રમાનું હરણ તેની કપોલસ્થલી (ગાલ રૂપી પ્રાંગણ)માં ઊતરી આવ્યું હોય એવું લાગતું હતું.[૨] તેની એક ભ્રૂ (ભમ્મર રૂપી) લતા (દુર્વાસાના વિસ્વરનો) તિરસ્કાર કરવા માટે ત્રાંસી અને ઊંચી થયેલી હતી. આંખના છેડાના ભાગેથી નીકળેલા અશ્રુના જલપ્રવાહથી, તે જાણે કે (દુર્વાસાના) વિસ્વરના શ્રવણથી દુષિત થયેલા એક કાનને ધોતી હતી; તથા ખીલેલી સફેદ સિન્ધુવારની મંજરીના સમૂહથી પ્રફુલ્લિત થતા બીજા કાનથી જાણે કે તે (પોતાની) વિદ્યાનો મદ પ્રકટ કરતી હતી. વેદમાં પ્રેમ રાખનારા (અથવા કર્ણપ્રિય) પ્રણવ–ૐકાર–જેવા, કાનોમાં ખોસેલા (કાનની શોભા રૂપ) પુષ્પો ઉપર ગુંજતા ભમરાઓના સમૂહો તેની ઉપાસના કરતા હતા. તીક્ષ્ણ અને તત્ત્વગ્રાહી પ્રજ્ઞાનો (જ) જાણે કે પ્રસાર થયો હોય તેવા સૂક્ષ્મ (બારીક) અને નિર્મળ રેશમી વસ્ત્રોથી તેનું શરીર ઢંકાયેલું હતું. નિર્મળ વાઙ્મયના જેવી, દાંતોના તેજકિરણોની કાંતિને તે (બધી જ) દિશાઓમાં ફેલાવતી હતી.–(આવી સરસ્વતી દુર્વાસાના વિસ્વરને સાંભળીને હસી પડી).

---

૨. જેમાં બ્રહ્માનું મૃગચર્મ પ્રતિબિમ્બિત થતું હોઈને, મધુર ગીત સાંભળવા માટે ઊતરી આવેલા ચન્દ્રમા રૂપી હરણવાળી (-સહિતની) કપોલસ્થલીને તે ધારણ કરતી હતી.

1.3

दृष्ट्वा च तां तथा हसन्तीं स मुनिः 'आः पापकारिणि, दुर्गृहीतविद्यालवावलेपदुर्विदग्धे; मामुपहससि' इत्युक्त्वा शिरःकम्पशीर्यमाणबन्धविशरारोरुन्मिषत्पिङ्गलिम्नो जटाकलापस्य रोचिषा सिञ्चन्निव रोषदहनद्रवेण दश दिशः, कृतकालसन्निधानामिवान्धकारितललाटपट्टाष्टापदामन्तकान्तःपुरमण्डनपत्रभङ्गमकरिकां भ्रुकुटिमाबध्नन्, अतिलोहितेन चक्षुषाऽमर्षदेवतायै स्वरुधिरोपहारमिव प्रयच्छन्, निर्दयदष्टदशनच्छदभयपलायमानामिव वाचं रुन्धन्दन्तांशुच्छलेन, असावस्त्रंसिनः शापशासनपट्टस्येव ग्रथ्नन्ग्रन्थिमन्यथा कृष्णाजिनस्य, स्वेदकणप्रतिबिम्बितैः शापशङ्काशरणागतैरिव सुरासुरमुनिभिः प्रतिपन्नसर्वावयवः, कोपकम्पतरलिताङ्गुलिना करेण प्रसादनलग्नामक्षरमालामिवाक्षमालामाक्षिप्य कामण्डलवेन वारिणा समुपस्पृश्य शापजलं जग्राह।

1.3

આ પ્રમાણે હસતી તે (સરસ્વતી)ને જોઈને, તે (દુર્વાસા) મુનિ ''અરે ! પાપ આચરનારી, ખરાબ રીતે મેળવેલ અલ્પ વિદ્યાના અભિમાનથી છકી ગયેલી ! શું (તું) મને હસે છે ?'' એમ બરાડીને; માથું કંપી ઊઠવાથી શિથિલ થઈ ગયેલ બંધનોને કારણે આમતેમ ઉડતી (તેમની) પીળી જટાઓના સમૂહની કાંતિથી, જાણે કે દ્રવીભૂત થયેલ ક્રોધરૂપી અગ્નિ વડે (તેઓ) દશે દિશાઓને સિંચતા હતા. કાલનું (યમરાજ કે કાળાશનું) સાંનિધ્ય પ્રાપ્ત કર્યું હોય તેમ લલાટપટ રૂપી અષ્ટાપદ[૩]ને અન્ધકારાચ્છાદિત કરનારી અને અન્તક (યમરાજ)ના અન્તઃપુર (ની સ્ત્રીઓ)એ સુશોભન માટે પત્રભંગ-મકરિકા[૪] રચી હોય તેવી ભ્રુકુટિને તેમણે ઊંચે ચઢાવી હતી. અત્યંત લાલ થઈ ગયેલી આંખ વડે તેઓ જાણે કે અમર્ષ દેવતાને ઉદ્દેશીને પોતાના જ રુધિરનો ઉપહાર (ભેટ) આપી રહ્યા હતા. નિર્દયતાથી હોઠ કરડી ખાવાના ભયથી પલાયન કરી જતી વાણીને જાણે કે તેઓ દન્તકિરણોના બહાને રુંધતા હતા. તેઓ ખભા ઉપર લટકતા, શાપ આપવાના અધિકાર-પત્ર સમા કૃષ્ણ (મૃગ) ચર્મની ગાંઠને બીજી રીતે બાંધવા લાગ્યા (હતા). તેમના શરીરના બધા અવયવો ઉપર પરસેવાના પ્રત્યેક બિંદુઓમાં પ્રતિબિંબિત થયેલા દેવો, દાનવો અને મુનિઓ જાણે કે શાપ મળવાની શંકાથી (ગભરાઈને) શરણે આવ્યા હતા.[૫] ક્રોધના કંપથી ચંચળ બનેલી આંગળીઓવાળા હાથથી, તેમને પ્રસન્ન કરવામાં રોકાયેલી અક્ષરમાલા[૬] જેવી અક્ષમાળાને તેમણે ફેંકી દઈને, તથા કમંડલુના પાણીથી આચમન કરીને, (પછી) શાપ (આપવા માટેનું) જળ (હાથમાં) લીધું.

---

૩. શતરંજ રમવાના પટ્ટા ઉપર પ્રત્યેક પંક્તિમાં આઠ આઠ કાળા-ધોળા રંગનાં ખાનાં હોય છે. તેને 'અષ્ટાપદ' કહે છે.

૪. એક આભૂષણનું નામ છે. બે મકરમુખોને ભેગા કરીને ફૂલની પાંદડીઓથી બનાવેલ આભૂષણને 'પત્રભંગમકરિકા' કહે છે. મકર-મગર-તે યમરાજનું પ્રતીક છે. આથી મકરનું ચિત્ર તે યમરાજની પત્નીઓનું આભૂષણ હોય તે યોગ્ય છે.

૫. પરસેવાના બિંદુઓમાં પ્રતિબિંબિત થયેલા જાણે કે શાપની શંકાથી શરણે આવેલા તે દેવો, દાનવો અને મુનિઓથી તેમના બધાં જ અંગો ભરાઈ ગયાં હતા.

૬. અક્ષરમાળા તે સરસ્વતી–જ્ઞાન–નું પ્રતીક છે. તેથી આવી અક્ષરમાળા જેવી अक्षमाला (= अ થી क्ष સુધીની વર્ણમાળા)ને તેમણે ફેંકી દીધા.

1.4

अत्रान्तरे स्वयम्भुवोऽभ्याशे समुपविष्टा देवी मूर्तिमती, पीयूषफेनपटलपाण्डुरं कल्पद्रुमदुकूलवल्कलं वसाना, बिसतन्तुमयेनांशुकेनोन्नतस्तनमध्यबद्धगात्रिकाग्रन्थिः, तपोबलनिर्जितत्रिभुवनजयपताकाभिरिव तिसृभिर्भस्मपुण्ड्रकराजिभिर्विराजितललाटाजिरा, स्कन्धावलम्बिना सुधाफेनधवलेन तपःप्रभावकुण्डलीकृतेन गङ्गास्रोतसेव योगपट्टकेन विरचितवैकक्ष्यका, सव्येन ब्रह्मोत्पत्तिपुण्डरीकमुकुलमिव स्फटिककमण्डलुं करेण कलयन्ती, दक्षिणमक्षमालाकृतपरिक्षेपं कम्बुनिर्मितोर्मिकादन्तुरितं तर्जनतरङ्गिततर्जनीकमुत्क्षिपन्ती करम्; 'आः पाप, क्रोधोपहत, दुरात्मन् अज्ञ, अनात्मज्ञ, ब्रह्मबन्धो, मुनिखेट, अपसद, निराकृत, कथमात्मस्खलितविलक्षः सुरासुरमुनिमनुजवृन्दवन्दनीयां त्रिभुवनमातरं भगवतीं सरस्वतीं शप्तुमभिलषसि' इत्यभिदधाना, रोषविमुक्तवेत्रासनैरोङ्कारमुखरितमुखैरुत्क्षेप दोलायमानजटाभारभरितदिग्भिः परिकरबन्धभ्रमितकृष्णाजिनाटोपच्छायाश्यामायमानदिवसैरमर्षनिःश्वासदोलाप्रेङ्खोलितब्रह्मलोकैः सोमरसमिव स्वेदविसरव्याजेन स्रवद्भिरग्निहोत्रपवित्रभस्मस्मेरललाटैः

1.4

આ પ્રસંગે, સ્વયમ્ભૂ બ્રહ્માજીની પાસે જ ત્યાં મૂર્તિમતી (સદેહે) સાવિત્રી દેવી બેઠી હતી. તેણે અમૃતના ફીણના સમૂહ જેવું શ્વેત, કલ્પદ્રુમ ઉપરથી મેળવેલ દુકૂલ (રેશમી) વસ્ત્ર સમું વલ્કલ પહેર્યું હતું. તેણે બિસતંતુઓના જ બનેલા અંશુકવસ્ત્રથી પોતાના ઉન્નત સ્તનોના મધ્યભાગમાં (સ્વસ્તિકાકાર) ગાત્રિકા ગાંઠ બાંધી હતી. (પોતાના) તપોબળથી જીતેલા ત્રણેય ભુવનોની વિજયપતાકા હોય તેવી ત્રણ ભસ્મતિલકોની (ત્રિપુંડની) કાંતિથી તેનો લલાટપ્રદેશ શોભતો હતો. તેણે ખભા ઉપર લટકતા સુધાના ફીણ જેવા ધવલ યોગપટ્ટથી; જાણે કે પોતાના તપઃપ્રભાવથી ગંગાના (જલ)પ્રવાહને જ ગોળ લપેટી દીધો હોય તેમ, પોતના વક્ષઃસ્થળ ઉપર વૈકક્ષ્ય[૭] રચ્યું હતું. તેણે ડાબા હાથે, જેમાંથી બ્રહ્માની ઉત્પત્તિ થઈ હતી તેવા પુંડરીકની કળી સમાન, સ્ફટિકમાંથી બનાવેલા કમંડળને ધારણ કર્યું હતું. અક્ષમાલા વીંટાળેલો, શંખમાંથી બનાવેલી વીંટીથી વ્યાપ્ત અને તિરસ્કાર કરવા માટે તરંગિત (ચંચળ) થયેલી તર્જની[૮] આંગળીવાળો જમણો હાથ તે ઊંચે ઉછાળતી હતી. તે બોલવા લાગી કે–"અરે પાપી ! ક્રોધથી હણાયેલા દુરાત્મા, અજ્ઞાની, અનાત્મજ્ઞ, નિકૃષ્ટ બ્રાહ્મણ, અધમ મુનિ, નીચ, સ્વાધ્યાયવિમુખ !" પોતાની જ ભૂલથી શરમાયેલો તું શું દેવો, દાનવો, મુંનિઓ અને મનુષ્યોના વૃન્દને માટે વન્દનીય અને ત્રણેય ભુવનની માતા સમી ભગવતી સરસ્વતીને શાપ આપવાની અભિલાષા રાખે છે ? તથા મૂર્તિમંત (સદેહે રહેલા) ચારેય વેદોની સાથે તે સાવિત્રી દેવી પોતાના બેસવાના આસન (ખુરશી)ને દૂર ખસેડી દઈને, ઊભી થઈ ગઈ. આ ચારેય મૂર્તિમંત વેદોએ પણ રોપને કારણે પોતપોતાનાં વેત્રાસનો છોડી દીધાં હતાં. તેમનાં મુખો ૐકારના જાપથી મુખરિત થઈ ગયાં/રહ્યાં હતાં. તેમની ઉપર ઉછાળેલી, દોલાયમાન જટાઓના ભારથી (દશે) દિશાઓ ભરાઈ ગઈ હતી. તેમણે કેડ ઉપર બાંધેલા અને (ચારેય બાજુએ) ઘુમતા કૃષ્ણમૃગ ચર્મના વિસ્તારની છાયાથી જાણે કે દિવસ શ્યામ બની રહ્યો હતો. તેમના અમર્ષજન્ય નિઃશ્વાસોથી હીંચકા(માં બેઠો હોય તે)ની જેમ સમગ્ર બ્રહ્મલોક ડોલાયમાન થઈ ગયો. તેમના (શરીર)માંથી પરસેવાનો સમૂહ (विसर) ટપકવાના બહાને સોમરસ જ ટપકી રહ્યો હતો. અગ્નિહોત્રની પવિત્ર ભસ્મથી તેમના લલાટો ચમકી રહ્યા હતા.

---

૭. વક્ષઃસ્થળ ઉપર ત્રાંસા ગોળ લપેટેલા ઉત્તરીય વસ્ત્રને 'વૈકક્ષ્ય' કહે છે.

૮. અંગૂઠાની નજીકની (પહેલી) આંગળીને 'તર્જની' કહે છે.

कुशतन्तुचामरचीरचीवरिभिराषाढिभिः प्रहरणीकृत-कमण्डलुमण्डलैर्मूर्तैश्चतुर्भिर्वेदैः सह बृसीमपहाय सावित्री समुत्तस्थौ ।

ततो 'मर्षय भगवन्, अभूमिरेषा शापस्य' इत्युनुनाप्यमानोऽपि विबुधैः, 'उपाध्याय स्खलितमेकं क्षमस्व' इति बद्धाञ्जलिपुटैः प्रसाद्यमनोऽपि स्वशिष्यैः, 'पुत्र, मा कृथास्तपसः प्रत्यूहम्' इति निर्वार्यमाणोऽप्यत्रिणा, रोषावेशविवशो दुर्वासाः 'दुर्विनीते ! व्यपनयामि ते विद्याजनितामुन्नतिमिमाम्, अधस्ताद् गच्छ मर्त्यलोकम्' इत्युक्त्वा तच्छापोदकं विससर्ज। प्रतिशापदानोद्यतां सावित्रीम् 'सखि, संहर रोषम्, असंस्कृतमतयोऽपि जात्यैव द्विजन्मानो माननीयाः' इत्यभिदधाना सरस्वत्येव न्यवारयत्॥

1.5

अथ तां तथा शप्तां सरस्वतीं दृष्ट्वा पितामहो भगवान्कमलोत्पत्तिलग्नमृणालसूत्रामिव धवलयज्ञोपवीतिनीं तनुमुद्वहन्, उद्गच्छदच्छाङ्गुलीयमरकतमयूखलताकलापेन त्रिभुवनोपप्लवप्रशमकुशापीडधारिणेव दक्षिणेन करेण निवार्य शापकलकलम्, अतिविमलदीर्घैर्भावि-कृतयुगारम्भसूत्रपातमिव दिक्षु पातयन् दशनकिरणैः सरस्वतीप्रस्थानमङ्गलपटहेनेव पूरयन्नाशाः स्वरेण, सुधीरमुवाच- 'ब्रह्मन् न खलु साधुसेवितोऽयं पन्थाः येनासि प्रवृत्तः । निहन्त्येष परस्तात् । उद्दामप्रसृतेन्द्रियाश्वसमुत्थापितं हि रजः कलुषयति दृष्टिमनक्षजिताम् । कियद्दूरं वा चक्षुरीक्षते । विशुद्धया हि धिया पश्यन्ति कृतबुद्धयः सर्वानर्थानसतः सतो वा । निसर्गविरोधिनी चेयं पयःपावकयोरिव धर्मक्रोधयोरेकत्रवृत्तिः ।

કુશતન્તુઓમાંથી (બનાવેલી) ચામરવાળા વૃક્ષની છાલમાંથી બનાવેલ વસ્ત્રોવાળા અને 'આષાઢ' સંજ્ઞક દંડવાળા તેમણે (વેદોએ) કમંડલુના સમૂહને પ્રહાર કરનાર (શસ્ત્ર) બનાવ્યું.

ત્યારે વિશેષ જ્ઞાનીઓએ "હે ભગવન્ ! માફ કરો. આ (સરસ્વતી) શાપને યોગ્ય જગ્યા (વ્યક્તિ) નથી." એવી પ્રાર્થના કરવા છતાંય; તેમના (દુર્વાસાના) પોતાના જ, બે હાથ જોડીને ઊભેલા શિષ્યોએ 'હે ઉપાધ્યાય ! આ એક ભૂલને માફ કરી દો' એમ (કહીને) પ્રસન્ન (કરવાનો પ્રયત્ન) કરવા છતાંય; (તેમના પિતા) અત્રિ ઋષિએ પણ 'હે પુત્ર ! તપશ્ચર્યામાં વિઘ્ન ઊભું ના કરીશ.' એમ (કહીને) રોકવા છતાંય; ક્રોધના આવેશમાં પરવશ બનેલા દુર્વાસાએ "અવિનયી! વિદ્યાને કારણે જન્મેલી તારી આ ઉન્નતિને હું દૂર કરું છું-(ચાલ,) જા નીચે મૃત્યુલોકમાં." એમ કહીને તે શાપ આપવા માટે (હાથમાં લીધેલું) જળ છાંટ્યું. (ત્યાં) સાવિત્રી દેવી (દુર્વાસાને) પ્રતિશાપ આપવા માટે ઉદ્યત થઈ ગઈ, (પરંતુ) તેને સરસ્વતીએ જ "સખી ! રોષનો ત્યાગ કર. સંસ્કાર વગરની બુદ્ધિવાળા હોય તો પણ, દ્વિજો તો જન્મથી જ માનનીય હોય છે" એમ કહીને રોકી લીધી.

1.5

હવે, આ પ્રમાણે શાપિત સરસ્વતીને જોઈને, પિતામહ ભગવાન્ (બ્રહ્માજી) ખૂબ ધીરેથી બોલવા લાગ્યા. –આ બ્રહ્માજી કમલમાંથી જન્મ્યા હતા, તેથી જાણે કે મૃણાલ તંતુઓ ચોંટ્યા હોય તેવા ધવલ યજ્ઞોપવીતવાળા શરીરને ધારણ કરતા હતા. જાણે કે ત્રણેય ભુવનોના ઉપપ્લવ (ત્રાસ)ને શમાવવા કુશઘાસના સમૂહને ધારણ કર્યો હોય એવા, ઉપર જતા, સ્વચ્છ વીંટીમાં જડેલા મરકતમણિના કિરણો રૂપી લતાઓના સમૂહથી યુક્ત, જમણા હાથ વડે શાપના કોલાહલને દૂર કરીને; દાંતોના અત્યંત નિર્મળ અને લાંબા કિરણો વડે અનેક દિશાઓમાં જાણે કે ભવિષ્યમાં સતયુગનો પ્રારંભ કરવા માટેનો દોરીસંચાર કરી રહ્યા હતા. તથા સરસ્વતીનું (પૃથ્વી લોકમાં) પ્રસ્થાન થવાના સમયે (વાગતા) મંગલકારી નગારાના અવાજ જેવા સ્વરથી તે (બ્રહ્માજી) દિશાઓને પૂરવા લાગ્યા. -"હે બ્રહ્મન્(દુર્વાસસ્)! જે માર્ગે તું ચાલી રહ્યો છે તે (માર્ગ)ને ખરેખર સજ્જન વ્યક્તિઓએ સેવ્યો નથી. આ (માર્ગ) તો પાછળથી નાશ કરનારો છે. બે-કાબુ દોડતા ઇન્દ્રિયો રૂપી ઘોડાઓએ ઉડાડેલી ધૂળ, ખરેખર જેમણે ઇન્દ્રિયોને જીતી નથી તેવા વ્યક્તિઓની દૃષ્ટિને કલુષિત કરી નાખે છે. આ (ચર્મ) ચક્ષુ તો કેટલે દૂર સુધી જોઈ શકે ? શિક્ષિત બુદ્ધિશાળી લોકો તો વિશુદ્ધ બુદ્ધિથી જ, બધા જ સત્ અને અસત્ પદાર્થોને જૂવે છે. જેમ પાણી અને અગ્નિની એકત્ર ઉપસ્થિતિ સ્વભાવથી જ વિરોધી છે, તેમ ધર્મ અને ક્રોધની પણ એકત્ર ઉપસ્થિતિ વિરોધી છે.

आलोकमपहाय कथं तमसि निमज्जसि ? क्षमा हि मूलं सर्वतपसाम् । परदोषदर्शनदक्षा दृष्टिरिव कुपिता बुद्धिर्न ते आत्मरागदोषं पश्यति । क्व महातपोभारवैवधिकता, क्व पुरोभागित्वम् ? अतिरोषणश्चक्षुष्मानन्ध एव जनः । नहि कोपकलुषिता विमृशति मतिः कर्तव्यमकर्तव्यं वा। कुपितस्य प्रथम-मन्धकारीभवति विद्या, ततो भ्रुकुटिः । आदाविन्द्रियाणि रागः समास्कन्दति, चरमं चक्षुः । आरम्भे तपो गलति, पश्चात्स्वेदसलिलम् । पूर्वमयशः स्फुरति, अनन्तरमधरः । कथं लोकविनाशाय ते विषपादपस्येव जटावल्कलानि जातानि। अनुचिता खल्वस्य मुनिवेषस्य हारयष्टिरिव वृत्तमुक्ता चित्तवृत्तिः । शैलूष इव वृथा वहसि कृत्रिम-मुपशमशून्येन चेतसा तापसाकल्पम्। अल्पमपि न ते पश्यामि कुशलजातम्। अनेनातिलघिम्नाऽद्याप्युपर्येव प्लवसे ज्ञानोदन्वतः । न खल्वनेडमूका एडा जडा वा सर्व एते महर्षयः । रोषदोषनिषद्ये स्वहृदये निग्राह्ये किमर्थ-मसि निगृहीतवाननागसां सरस्वतीम्। एतानि तान्यात्म-प्रमादस्खलितवैलक्ष्याणि, यैर्याप्यतां यात्यविदग्धो जनः' इत्युक्त्वा पुनराह—

'वत्से सरस्वति, विषादं मा गाः । एषा त्वामनुया-स्यति सावित्री । विनोदयिष्यति चास्मद्विरहदुःखिताम् । आत्मजमुखकमलावलोकनावधिश्च ते शापोऽयं-भविष्यति' इति । एतावदभिधाय विसर्जितसुरा-सुरमुनिमनुजमण्डलः ससंभ्रमोपगतनारदस्कन्ध-विन्यस्तहस्तः समुचिताह्निककरणायोदतिष्ठत् ।

પ્રકાશને છોડીને તું કેમ અંધકારમાં ડૂબે છે ? ક્ષમા જ બધા તપોનું મૂળ છે. પારકાના દોષ જોવામાં ચતુર દૃષ્ટિના જેવી જ તારી ક્રોધિલી બુદ્ધિ પણ (તારા) પોતાના રાગ (પોતાનામાં ના હોય તેવા ગુણો જોવા, અથવા લાલાશ રૂપ વિકાર)રૂપ દોષને જોતી નથી, ક્યાં મોટા તપનો ભાર ઉઠાવવાની વૈવધિકતા=શક્તિ[૯] અને ક્યાં માત્ર દોષ જોનારી દૃષ્ટિ (=પુરોભાગિત્વ)? અત્યંત ક્રોધવાળો માણસ આંખોવાળો હોવા છતાંય અન્ધ જ (કહેવાય) છે. ક્રોધથી કલુષિત થયેલી બુદ્ધિ 'કરવા જેવા (કાર્ય)નો' કે 'નહીં કરવા જેવા (કાર્ય)નો' (ક્યારેય) વિચાર કરી શકતી નથી. ગુસ્સે થયેલી વ્યક્તિની પહેલાં તો વિદ્યા ડહોળાઈ જાય છે અને ત્યાર પછી ભ્રુકુટિ (અસ્તવ્યસ્ત થઈ જાય છે.) પહેલાં તો રાગ ઇન્દ્રિયો ઉપર હુમલો કરે છે, ત્યાર પછી (છેલ્લે) આંખ લાલ પડી જાય છે. શરૂમાં તપ ઓગળી જાય છે, પછીથી પરસેવાનું પાણી ટપકે છે. પહેલાં તો અપયશ ફેલાય છે, તે પછી અધરોષ્ઠ ફરકે છે. વિષવૃક્ષનાં મૂળીયાં અને (થડીયાંની) છાલ રૂપી તારી જટા અને વલ્કલો લોકોનો વિનાશ કરનાર કેમ બન્યાં ? વર્તુલાકાર મોતીઓની હારયષ્ટિ જેવી સદ્વર્તનનો ત્યાગ કરનારી ચિત્તવૃત્તિ પણ, ખરેખર આ મુનિના વેશને યોગ્ય નથી. ઉપશમ વિનાના ચિત્તથી, એક નટની જેમ જ, તું પણ તપસ્વીના કૃત્રિમ વેશને વ્યર્થ ધારણ કરી રહ્યો છું. તારું થોડુંકેય કુશળ થાય એમ હું જોતો નથી. આવા હલકાપણાને કારણે જ, તું આજદિન સુધી જ્ઞાન રૂપી સમુદ્રમાં ઉપર ઉપર જ તર્યા કરે છે. આ સૌ મહર્ષિઓ કાંઈ અનેડમૂકો (બહેરા અને મૂંગા, બન્ને), કે એડા (કાન વિનાના), કે જડ (મૂર્ખ) નથી. રોષ (ક્રોધ) રૂપી દોષમાં ગરકાવ એવા પોતાના હૃદયને કાબુમાં લેવાને બદલે તેં આ નિષ્પાપ સરસ્વતીને શા માટે (શાપમાં) જકડી લીધી ? આ છે (તારી), પોતાના પ્રમાદને કારણે થયેલી શરમજનક ભૂલો; જેને કારણે અવિદ્વાન્ વ્યક્તિ નિંદનીયતાને પામે છે." આટલું કહીને, ફરીથી બોલ્યા–

"દીકરી સરસ્વતિ, તું વિષાદ ના પામીશ. આ સાવિત્રી તારી સાથે (પૃથિવીલોકમાં) આવશે; અને અમારા વિરહથી દુઃખી થયેલી તારું (મનો)–વિનોદન કરશે. તારા પુત્રનું મુખકમળ જોવા સુધીની જ અવધિવાળો આ શાપ હશે." આટલું કહીને, તેમણે દેવો, દાનવો, મુનિઓ અને મનુષ્યોના સમૂહને વિસર્જિત કર્યો; તથા હાંફળાફાંફળા થઈને દોડી આવેલા નારદજીના ખભા ઉપર હાથ મૂકીને (મૂકેલા), (બ્રહ્માજી) સમુચિત દૈનિક કર્મો કરવા માટે ઊભા થયા.

---

૯. પોલા લાકડાના વાંબુની મદદથી ખભા ઉપર ભાર વહન કરવાની શક્તિ.

सरस्वत्यपि शप्ता किञ्चिदधोमुखी धवलकृष्णशारां कृष्णाजिनलेखामिव दृष्टिमुरसि पातयन्ती सुरभिनि:श्वासपरिमललग्नैर्मूर्तै: शापाक्षैरिव षट्चरणचक्रैराकृष्यमाणा शापशोकशिथिलितहस्ताऽधोमुखीभूतेनोपदिश्यमानमर्त्यलोकावतरणमार्गेव नखमयूखजालकेन, नूपुरव्याहाराहूतैर्भवनकलहंसकुलैर्ब्रह्मलोकनिवासिहृदयैरिवानुगम्यमाना समं सावित्र्या गृहमगात्।

1.6

अत्रान्तरे सरस्वत्यवतरणवार्तामिव कथयितुं मध्यमं लोकमवततारांशुमाली। क्रमेण च मन्दायमाने मुकुलितबिसिनीविसरव्यसनविषण्णसरसि वासरे, मधुमदमुदितकामिनीकोपकुटिलकटाक्षक्षिप्यमाण इव क्षेपीय: क्षितिधरशिखरमवतरति तरुणतरकपिलपनलोहिते लोकैकचक्षुषि भगवति, प्रस्नुतमुखमाहेयीयूथक्षरत्क्षीरधाराधवलितेष्वासन्नचन्द्रोदयोद्दामक्षीरोदलहरीक्षालितेष्विव दिव्याश्रमोपशल्येषु, अपराह्णप्रचारचलिते चामरिणि चामीकरतटताडनरणितरदने[1] रदति सुरस्रवन्तीरोधांसि स्वैरमैरावते, प्रसृतानेकविद्याधराभिसारिकासहस्रचरणालक्तकरसानुलिप्त इव प्रकटयति च तारापथे पाटलताम्, तारापथप्रस्थितसिद्धदत्तदिनकरास्तमयार्घ्यावर्जिते रञ्जितककुभि, कुसुम्भभासि स्रवति

---

१ तटताडनारुणितरदने

સરસ્વતી પણ સાવિત્રીની સાથે ઘરે ગઈ. –તે શાપિત (સરસ્વતી) કંઈક નીચું મોં રાખીને, કૃષ્ણમૃગ ચર્મની રેખાઓ જેવી સફેદ અને કાળી (કીકીવાળી) દૃષ્ટિને (પોતાના) વક્ષઃસ્થળ ઉપર નાખતી હતી. મૂર્તિમન્ત શાપના (કાળા) અક્ષરો હોય તેવા, સુગન્ધિદાર નિઃશ્વાસ રૂપી પરિમલમાં આસક્ત એવા ભ્રમરોના સમૂહથી તે (જાણે આગળ) ખેંચવામાં આવતી હતી. શાપના શોકથી તેના હાથ શિથિલ પડી ગયા હતા. નીચા નમેલા નખકિરણોના સમૂહથી જાણે કે તેને મર્ત્ય લોકમાં અવતરણ કરવાનો માર્ગ ઉપદેશતો હતો. તેના નૂપુરના ઝણકારથી બોલાવાયેલા બ્રહ્મલોકમાં નિવાસ કરનારા (વ્યક્તિ)ઓના હૃદય જેવા (સ્વર્ગ) લોકના કલહંસોના સમૂહો વડે, તે અનુસરાતી હતી.–

1.6

એટલામાં સરસ્વતીનું (પૃથ્વીલોકમાં) અવતરણ થવાનું છે એવા સમાચાર કહેવા માટે જાણે અંશુમાલી–સૂર્ય–મધ્યમલોકમાં (પૃથિવી ઉપર) નીચે ઉતર્યા. હવે ક્રમશઃ, મુકુલિત[10] થઈ જતાં કમલિનીઓના[11] સમૂહને કારણે આપત્તિમાં ઘેરાઈ ગયેલાં સરોવરોવાળો દિવસ ઝાંખો પડવા લાગ્યો. મદિરાના મદથી મસ્ત થયેલી કામિનીઓના ક્રોધને કારણે વક્ર થયેલાં (નેત્ર)કટાક્ષોથી જાણે (ઉપરથી નીચે) ફેંકવામાં આવતા હોય તેવા, અત્યંત તરુણ માકડાના મોં જેવા લાલરંગના, સકલ ભુવનોના એકમાત્ર ચક્ષુ સમાન ભગવાન્ (સૂર્ય) નીચે પર્વતના શિખરં ઉપર ઝડપથી ઉતરવા લાગ્યા. ટૂંક સમયમાં જ થનારા ચન્દ્રોદયથી તોફાને ચઢેલા ક્ષીરસાગરની લહેરોથી જાણે કે ધોવાતાં હોય તેવા દિવ્ય આશ્રમોના નજીકના ભાગો, આર્દ્ર આંચળોવાળી ગાયોના જૂથની ઝરતી દૂધધારાઓથી સફેદ થવા લાગ્યા. સંધ્યાકાલીન પરિભ્રમણ માટે નીકળેલો અને ચામર ધારણ કરેલો (ઈન્દ્રનો) એ ઐરાવત હાથી સોનાના તટ ઉપર અફાળવાથી રણકી ઉઠેલા દાંતવાળો (બનીને) દેવનદી (ગંગા)ના કિનારાઓને સ્વેચ્છાપૂર્વક ખોદવા લાગ્યો. જાણે કે, ચારે બાજુએ નીકળી પડેલી અનેક વિદ્યાધરોની હજારો અભિસારિકાઓના ચરણોમાં લગાવેલા અળતાનો રસ લીંપ્યો હોય-એવો તારાઓ(ને ચાલવા માટે)નો માર્ગ (=આકાશ) લાલાશ પકડવા લાગ્યો. તારાઓના માર્ગ (આકાશ)માં ફરતા સિદ્ધો(મહાત્માઓ)એ સૂર્યાસ્ત સમયે આપેલા અર્ઘ્યો જેમાં વીખરાયેલા છે તેવી દિશાઓ પણ રંગાઈ ગઈ.

---

१०. મુકુલ એટલે કળી. ખીલેલું કમળ સાંજે પાંખડીઓ બીડાઈ જવાથી, ફરીથી કળી રૂપ બની જાય છે.

११. બિસિની-બિસતંતુઓવાળી કમલિની.

पिनाकिप्रणतिमुदितसंध्यास्वेदसलिल इव रक्तचन्दनद्रवे, वन्दारुमुनिवृन्दारकवृन्दबध्यमानसंध्याञ्जलिवने, ब्रह्मोत्पत्तिकमलसेवागतसकलकमलाकर इव राजति ब्रह्मलोके, समुच्चारिततृतीयसवनब्रह्मणि ब्रह्मणि, ज्वलितवैतानज्वलनज्वालाजटालाजिरेष्वारब्धधर्मसाधनशिबिरनीराजनेष्विव सप्तर्षिमन्दिरेषु, अघमर्षणमुषितकिल्बिषविषगदोल्लाघलघुषु यतिषु संध्योपासनासीनतपस्विपङ्क्तिपूतपुलिने प्लवमाननलिनयोनियानहंसहासदन्तुरितोर्मिणि मन्दाकिनीजले, जलदेवतातपत्रे पत्त्ररथकुलकलत्रान्तःपुरसौधे निजमधुमधुरामोदिनि कृतमधुपमुदि मुमुदिषमाणे कुमुदवने, दिवसावसानताम्यत्तामरसमधुरमधुसपीतिप्रीते सुषुप्सति मृदुमृणालकाण्डकण्डूयनकुण्डलितकंधरे; धुतपत्त्रराजिवीजितराजीवसरसि राजहंसयूथे, तटलताकुसुमधूलिधूसरितसरिति सिद्धपुरपुरंध्रिधम्मिल्लमल्लिकागन्धग्राहिणि सायंतने तनीयसि निशानिश्वासनिभे नभस्वति, संकोचोदञ्चदुच्चकेसरकोटिसंकटकुशेशयकोशकोटरकुटीशायिनि षट्चरणचक्रे, नृत्योद्धूतधूर्जटिजटाटवीकुटजकुड्मलनिकरनिभे नभस्तलं स्तबकयति तारागणे, संध्यानुबन्धताम्रे परिणमत्तालफलत्वक्त्विषि कालमेघमेदुरे मेदिनीं मीलयति नववयसि तमसि,

જાણે કે પિનાકી (શંકર)ને પ્રણામ કરતાં કરતાં આનંદિત થયેલી સંધ્યાના પરસેવાનાં જલબિન્દુઓ હોય તેવો કેસરના રંગ જેવો લાલ ચન્દનનો દ્રવ ટપકવા લાગ્યો. વંદનશીલ શ્રેષ્ઠ મુનિઓના વૃન્દે રચેલી સન્ધ્યાજંલિઓનું/રૂપી (કમળ)વન બની ગયું; (તેથી) જાણે કે બ્રહ્માજીની જેમાંથી ઉત્પત્તિ થઈ હતી તે કમળની સેવા કરવા માટે જાણે સકળ કમળોનો સમૂહ ઉપસ્થિત થયો હોય તેવો બ્રહ્મલોક શોભવા લાગ્યો. બ્રહ્માજી તૃતીય (સંધ્યાકાલીન) સવન માટેના વેદમન્ત્રોનું ઉચ્ચારણ કરવા લાગ્યા. સપ્તર્ષિઓના મન્દિરોમાં જાણે કે ધર્મની સાધના કરવા માટે શરૂ કરવામાં આવેલી (કોઈ) શિબિરમાં આરતી થઈ રહી હોય તેમ પ્રજ્વલિત યજ્ઞાગ્નિની જ્વાળાઓથી (સપ્તર્ષિઓના મન્દિરના) આંગણાં વ્યાપ્ત થવા લાગ્યાં. અઘમર્ષણ (પાપનાશક) મન્ત્રોના જાપથી પાપ રૂપી વિપરોગનો વધારો દૂર થઈ જવાથી યતિઓ સ્વસ્થતાપૂર્વક હળવા બનવા લાગ્યા. સન્ધ્યોપાસના કરવા માટે બેઠેલા તપસ્વીઓની પંક્તિથી પવિત્ર થયેલ કિનારાવાળું મંદાકિનીનું જળ, તેમાં તરી રહેલા કમલયોનિ–બ્રહ્મા–નું વાહન બનેલા હંસો, (પોતાના) હાસ્યથી (નદીના જળ) તરંગોને દન્તુરિત–ધવલોજ્જવલ કરવા લાગ્યા. જળદેવતાના આતપત્ર (છત્ર) રૂપ, પક્ષિઓના સમૂહની પત્નીઓના અન્તઃપુરનો મહેલ હોય તેવું, પોતાના મધુર મકરન્દથી સુવાસી રહેલ, અને મધુપાન કરનારાઓ (=ભ્રમરો)ને આનંદિત કરતું કુમુદવન ખીલવા લાગ્યું. દિવસના અન્તે બીડાઈ રહેલા લાલ કમળોના મધુર મકરન્દનું સહપાન કરવામાં પ્રસન્ન થયેલા, કોમળ કમળદાંડલા ઉપર ખંજવાળવા માટે ગોળ વાળેલી ડોકવાળા, હાલતી પાંખોની પંક્તિથી કમલ સરોવરમાં વીંઝણો નાખતું રાજહંસો (Flamingoes)નું ટોળું સૂવાની ઇચ્છા કરવા લાગ્યું. કિનારા ઉપર (ઉગેલી) લતાઓનાં પુષ્પોની (પરાગ રૂપી) ધૂલિકાથી નદી ધૂસરિત થઈ ગઈ. (અથવા....ધૂલિકાથી નદીને ધૂસરિત કરતો,) સિદ્ધપુરની ઉત્તમ મહિલાઓએ અંબોડામાં ખોસેલાં મલ્લિકા પુષ્પોની સુગન્ધને લઈ આવતો સાંજનો ધીમો ધીમો પવન જાણે કે રાત્રિનો નિઃશ્વાસ બન્યો. બીડાઈ જવાને કારણે ઉન્નત થતા ઉત્તમ કેસર (તંતુઓ)ની પંક્તિથી ભરેલાં કમળોની કળીઓના અંદરના પોલા ભાગો રૂપી કુટિરોમાં ભમરાઓનો સમૂહ સૂવા લાગ્યો. (તાંડવ) નૃત્યને કારણે ઉછળતી શંકરની જટાઓ રૂપી જંગલની કુટજ (=ગિરિમલ્લિકા) કળીઓના સમૂહ સમો તારાઓનો સમૂહ આકાશને પુષ્પગુચ્છ રૂપ બનાવી રહ્યો. સંધ્યા (સમય)ની પાછળ પાછળ તામ્રવર્ણનો થયેલો, પાકી ગયેલ તાલફળની છાલની કાન્તિવાળો, (પ્રલય) કાળના વાદળો જેવો ગાઢ, તરુણ (નાની ઉંમરનો-હમણાં જ ફેલાયેલો) અંધકાર પૃથિવીને સ્થગિત કરવા લાગ્યો. (બીજી

तरुणतरतिमिरपटलपाटनपटीयसि समुन्मिषति यामिनीकामिनीकर्णपूरचम्पककलिकाकदम्बके प्रदीपप्रकरे, प्रतनुतुहिनकिरणकिरणलावण्यालोकपाण्डुन्याश्याननीलनीरमुक्तकालिन्दीकूलवालुकापुलिनायमाने शातक्रतवे क्रशयति तिमिरमाशामुखे, खमुचि मेचकितविकचितकुवलयसरसि शशधरकरनिकरकचग्रहाविले विलीयमाने मानिनीमनसीव शर्वरीशबरीचिकुरचये चाषपक्षत्विषि तमसि, उदिते भगवत्युदयगिरिशिखरकटककुहरहरिखरनखरनिवहहेतिनिहतनिजहरिणगलितरुधिरनिचयनिचितमिव लोहितं वपुरुदयरागधरमधरमिव विभावरीवध्वा धारयति श्वेतभानौ, अचलच्युतचन्द्रकान्तजलधाराधौत इव ध्वस्ते ध्वान्ते, गोलोकगलितदुग्धविसरवाहिनि दन्तमयमकरमुखमहाप्रणाल इवापूरयितुं प्रकृते पयोधिमिन्दुमण्डले, स्पष्टे प्रदोषसमये सावित्री शून्यहृदयामिव किमपि ध्यायन्तीं सास्रां सरस्वतीमवादीत्—

'सखि, त्रिभुवनोपदेशदानदक्षायास्तव पुरो जिह्वा जिह्रेति मे जल्पन्ती । जानास्येव यादृश्यो विसंस्थुला गुणवत्यपि जने दुर्जनवन्निर्दाक्षिण्याः क्षणभङ्गिन्यो दुरतिक्रमणीया न रमणीया दैवस्य वामा वृत्तयः । निष्कारणा च निकारकणिकापि कलुषयति मनस्विनोऽपि मानसमसदृशजनादापतन्ती ।

તરફ) તે આછાં આછા અંધકારના સમૂહને વિદારવામાં અત્યંત પટુ એવો, રાત્રિરૂપી કામિનીના કર્ણાભૂષણ રૂપ ચમ્પકની કળીઓની સમૂહ જેવો દીવાઓનો સમૂહ (પણ) પ્રકાશવા લાગ્યો. સ્હેજ શીતળ કિરણોવાળા (ચન્દ્રમા)ના કિરણોના લાવણ્યની કાન્તિ/પ્રકાશથી પાંડુવર્ણની બનેલી એ શતક્રતુ ઈન્દ્રની (=પૂર્વ) દિશાનું મુખ, (જાણે કે) થોડાક સૂકાયેલાં નીલવર્ણા જળથી મુક્ત થયેલ કાલિન્દી (=યમુનાં નદી)ના કિનારાની રેતીથી (પટ) રેતાળ બનતો હોય તેમ,[૧૨] અંધકારને દૂર કરવા લાગ્યું. આકાશનો ત્યાગ કરતો, ખીલેલાં કુવલયોવાળાં સરોવરને એકરૂપ, શ્યામ બનાવતો, ચન્દ્રમાનાં કિરણોના સમૂહ વડે જાણે કે વાળથી પકડાયેલી માનિની સ્ત્રીના મનની જેમ વિલીન થતો, રાત્રિરૂપી ભિલડીના કેશસમૂહ જેવો તથા ચાષ (પક્ષી)ની પાંખોના જેવી કાન્તિવાળો અન્ધકાર (પણ) વિલીન થવા લાગ્યો. જાણે કે ઉદયાચલ (પર્વત)ના શિખરોના ઢોળાવ ઉપરની ગુફાઓમાં રહેતા સિંહના તીક્ષ્ણ નખસમૂહરૂપી આયુધથી હણાયેલ પોતાના જ (=ચન્દ્રમામાં જ રહેલા) હરિણ(ના શરીર)માંથી નીકળતા રુધિરના ખાબોચિયાથી ખરડાયેલ હોય તેવા વિભાવરીવધૂ (રાત્રી રૂપી વધૂ)ના (ચન્દ્ર) ઉદય સમયના રાગયુક્ત અધરોષ્ઠના જેવા લાલ રંગના શરીરને ધારણ કરતા ભગવાન્ શ્વેતભાનુ (=ચન્દ્રમા) ઉદય પામ્યા. ઉદયાચલ (પર્વત) (અથવા ગોલોક)માંથી ટપકતી ચન્દ્રકાન્તમણિની જલધારાઓથી જાણે કે અન્ધકાર ધોવાઈ ગયો હોય તેમ નાશ પામ્યો. ચન્દ્રમંડળ જાણે કે (હાથી)દાંતનું બનેલ મકરમુખી મહાનાળું હોય તેમ કિરણોનો સમૂહ[૧૩] ઓગાળીને દૂધની ધારાઓ વહાવતું પયોધિ[૧૪] (=સમુદ્ર)ને પૂરવા લાગ્યું.[૧૫] આમ સ્પષ્ટ પ્રદોષ[૧૬] સમય થયો ત્યારે જાણે કે શૂન્યહૃદયવાળી બનેલી અને કંઈક વિચાર કરતી આંસુ સારતી સરસ્વતીને સાવિત્રી કહે છે :

"હે સખિ ! ત્રણેય ભુવનોને ઉપદેશનું દાન આપવામાં કુશળ એવી તારી આગળ, (કંઈક) બબડતી મારી જીભ શરમાય છે. તું જાણે જ છે કે ગુણશાળી વ્યક્તિને વિષે દૈવની અવળી પ્રવૃત્તિઓ કેવી મર્યાદાહીન, દાક્ષિણ્ય વિનાની, ક્ષણભંગૂર, ન રોકી/ઓળંગી શકાય એવી અને અરમણીય હોય છે. અયોગ્ય વ્યક્તિ (દા.ત. દુર્વાસા) તરફથી આવી પડતી, અકારણ અપમાન (કરનારી) કણિકા પણ મનસ્વીઓના મનને પણ, કલુષિત કરી નાખે છે.

૧૨. અથવા કાલિન્દીનો પટ ધીમે ધીમે રેતાળ બનતો હોય તેમ.

૧૩. ગોલોકમાંથી અથવા 'કિરણોનો સમૂહ.'

૧૪. પયસ્, એટલે દૂધ અથવા પાણી. પયોધિ=સમુદ્ર.

૧૫. ભરી દેવા પ્રવૃત્ત થયું.

૧૬. સંધ્યાકાળ અને રાત્રિનો આરંભકાળ.

अनवरतनयनजलसिच्यमानश्च तरुरिव विपल्लवोऽपि सहस्रधा प्ररोहति* । अतिसुकुमारं च जनं संतापपरमाणवो मालतीकुसुममिव म्लानिमानयन्ति। महतां चोपरि निपतन्नणुरपि सृणिरिव करिणां क्लेशः कदर्थनायालम्। सहजस्नेहपाशग्रन्थिबन्धनाश्च बान्धवभूता दुस्त्यजा जन्मभूमयः। दारयति दारुणः क्रकचपात इव हृदयं संस्तुतजनविरहः, सा नार्हस्येवं भवितुम्। अभूमिः खल्वसि दुःखक्ष्वेडाङ्कुरप्रसवानाम्। अपि च पुराकृते कर्मणि बलवति शुभेऽशुभे वा फलकृति तिष्ठत्यधिष्ठातरि प्रष्ठे पृष्ठतश्च कोऽवसरो विदुषि शुचाम् । इदं च ते त्रिभुवनमङ्गलैककमलममङ्गलभूताः कथमिव मुखमपवित्रयन्त्यश्रुबिन्दवः । तदलम्॥

अधुना कथय कतमं भुवो भागमलङ्कर्तुमिच्छसि । कस्मिन्नवतितीर्षति ते पुण्यभाजि प्रदेशे हृदयम्। कानि वा तीर्थान्यनुग्रहीतुमभिलषसि । केषु वा धन्येषु तपोवनधामसु तपस्यन्ती स्थातुमिच्छसि । सज्जोऽयमुपचरणचतुरः सहपांशुक्रीडापरिचयपेशलः प्रेयान्सखीजनः क्षितितलावतरणाय। अनन्यशरणा चाद्यैव प्रभृति प्रतिपद्यस्व मनसा वाचा क्रियया च सर्वविद्याविधातारं दातारं श्वःश्रेयसस्य चरणरजःपवित्रितत्रिदशासुरं सुधासूतिकलिकाकल्पितकर्णावतंसं देवदेवं त्रिभुवनगुरु त्र्यम्बकम्। अल्पीयसैव कालेन स ते शापशोकविरतिं वितरिष्यति' इति॥

---

* 'शोकः' इत्यधिकं कुत्रचित्॥

પાંદડા ખરી પડેલા ઝાડને[૧૭] પણ જો સતત (ઘડાઓથી) લવાતા પાણીથી સિંચવામાં આવે તો તે જેમ (શાખા-પ્રશાખામાં) હજારો રીતે ખીલી ઊઠે છે, તેની જેમ વિપત્તિની એક કણિકા પણ જો સતત આંખના આંસુથી સિંચવામાં આવે તો તે પણ હજારો રીતે (કાયમ માટે) સ્થિર થઈ જાય છે. અત્યંત કોમળ માલતી પુષ્પને જેમ તાપના પરમાણુઓ કરમાવી દે, તેમ અત્યંત સુકુમાર વ્યક્તિને (પણ) સંતાપના પરમાણુઓ દુઃખી કરી દે છે. મોટા હાથીઓના (મસ્તક) ઉપર પડતો નાનો સરખો અંકુશ જેમ હાથીઓને દુઃખી કરવા પર્યાપ્ત છે, તેમ મોટી વ્યક્તિઓ ઉપર આવી પડતો નાનો સરખો ક્લેશ પણ તેમને દુઃખી કરવા પૂરતો છે. સહજ સ્નેહ રૂપી પાશની ગાંઠથી બંધાયેલી અને બાન્ધવ જેવી જ બનેલી પોતાની જન્મભૂમિને (અથવા માતાને) છોડવી મુશ્કેલ હોય છે. લાકડા ઉપર પડતો કરવતની જેમ વ્હાલા/પરિચિત વ્યક્તિઓનો વિષમ વિરહ (પણ આપણા) હૃદયને ચીરી નાખે છે; માટે તારી ઉપર આવું થવું યોગ્ય નથી. દુઃખ રૂપી વિષના અંકુર ફુટવા માટે તું અયોગ્ય સ્થાન છે, અને વળી, પૂર્વે (ગતજન્મમાં) કરેલું બળવાન કર્મ, કે જે શુભ અથવા અશુભ ફળ આપવા અને (આપણી ઉપર તેનું) પ્રભુત્વ જમાવવા (આપણી) આગળ અને પાછળ ઊભું જ છે ત્યારે વિદ્વાનોને શોક કરવાનો અવસર જ ક્યાં છે ? ત્રણેય ભુવનને માટે એક માત્ર મંગલમય કમળ જેવા તારા આ મુખને અમંગળ રૂપ અશ્રુબિન્દુઓ શા માટે અપવિત્ર કરે છે? માટે, અટકી જા. (બહુ થયું).

"હવે કહે, પૃથિવીના કયા ભાગને તું અલંકૃત કરવા માગે છે ? ક્યા પુણ્યશાળી પ્રદેશોમાં તારું હૃદય અવતરવા ઇચ્છે છે ? અથવા તો ક્યા ક્યા તીર્થો ઉપર તું અનુગ્રહ કરવાનો અભિલાષ રાખે છે ? કયા એ ધન્ય તપોવન ધામોમાં તપ કરતાં કરતાં તું રહેવા ઇચ્છે છે ? ઉપચાર કરવામાં ચતુર અને રેતીમાં સાથે રમતાં થયેલા પરિચયથી માયાળુ થયેલી આ પ્રેમાળ સખી (સાવિત્રી) પૃથિવીના પડ ઉપર ઉતરવા તૈયાર છે. બીજા કોઈનું ય શરણ સ્વીકાર્યા વિના, આજથી જ માંડીને તું મન, વચન અને કર્મથી, બધી જ વિદ્યાઓના વિધાતા અને કલ્યાણનું દાન કરનારા, (પોતાની) ચરણરજથી દેવો અને અસુરોને પવિત્ર કરનારા, અમૃત વર્ષાવનાર (ચન્દ્રમા)ની એક કળાથી જ (પોતાના) કાનનું આભૂષણ રચનારા, દેવોના દેવ અને ત્રણેય ભુવનના ગુરુ એવા ત્ર્યમ્બક (શંકર)ને તું શરણે જા. ખૂબ થોડાક જ સમયમાં તેઓ તને શાપરૂપી શોકમાંથી મુક્તિ અપાવશે."

---

૧૭. विपल्लव आपल्लेशः, विगतपल्लवश्च ।

1.7

एवमुक्ता मुक्तमुक्ताफलधवललोचनजललवा सरस्वती प्रत्यवादीत्—'प्रियसखि, त्वया सह विचरन्त्या न मे कांचिदपि पीडामुत्पादयिष्यति ब्रह्मलोकविरहः शापशोको वा। केवलं कमलासनसेवासुखमार्द्रयति मे हृदयम्। अपि च त्वमेव वेत्सि मे भुवि धर्मधामानि समाधिसाधनानि योगयोग्यानि च स्थानानि स्थातुम्' इत्येवमभिधाय विरराम । रणरणकोपनीतप्रजागरा चानिमीलितलोचनैव तां निशामनयत्।

अन्येद्युरुदिते भगवति त्रिभुवनशेखरे खणखणायमानस्खलत्खलीनक्षतनिजतुरगमुखक्षिप्तेन क्षतजेनेव पाटलितवपुष्युदयाचलचूडामणौ जरत्कृकवाकुचूडारुणारुणपुरःसरे विरोचने नातिदूरवर्ती विविच्य पितामहविमानहंसकुलपालः पर्यटन्नपरवक्त्रमुच्चैरगायत्—

'तरलयसि दृशं किमुत्सुकामकलुषमानसवासलालिते।
अवसर कलहंसि वापिकां पुनरपि यास्यसि पङ्कजालयम्'॥

तच्छुत्वा सरस्वती पुनरचिन्तयत्—'अहमिवानेन पर्यनुयुक्ता । भवतु । मानयामि मुनेर्वचनम्' इत्युक्त्वोत्थाय कृतमहीतलावतरणसंकल्पा परित्यज्य वियोगविक्लवं स्वपरिजनं ज्ञातिवर्गमविगणय्यावंगणा त्रिःप्रदक्षिणीकृत्य चतुर्मुखं कथमप्यनुनयनिवर्तितानुयायिव्रतिव्राता ब्रह्मलोकतः सावित्रीद्वितीया निर्जगाम॥

1.7

આ પ્રમાણે કહેવાયેલી, મુક્તાફળ (મોતી) જેવા સફેદ, આંખના અશ્રુજળનાં બિંદુઓને ટપકાવતી સરસ્વતીએ (સાવિત્રીને) સામે કહ્યું : "હે પ્રિયસખિ ! તારી સાથે ફરતાં તો મને બ્રહ્મલોકનો વિયોગ કે (દુર્વાસાના) શાપનો શોક કોઈ જ પીડા ઉત્પન્ન કરશે નહીં. કેવળ કમલાસન (બ્રહ્મા)ની સેવાનું સુખ (જતું રહેશે–એ વિચારે) મારું હૃદય ભીનું (ઉદાસ) થઈ જાય છે. અને વળી, પૃથ્વી ઉપર મારે રહેવા માટે જે ધાર્મિક તીર્થધામો, સમાધિ સાધી આપનારાં અને યોગ (સાધવા) માટે યોગ્ય ગણાય એવાં જે સ્થાનો હોય તેને તું (સાવિત્રી) જ જાણે છે." આમ, આવું કહીને (સરસ્વતી) અટકી ગઈ. તથા માનસિક ચણચણાટને કારણે ઉજાગરો થતાં, આંખો મીંચ્યા વિનાનીએ જ તે રાત્રિને પસાર કરી.

બીજે દિવસે; ત્રણેય ભુવનના મુકુટ સમા અને ઉદયાચલના ચૂડામણિ સમા ભગવાન્ વિરોચન (સૂર્ય) ઉદય પામ્યા. ખણખણ અવાજ કરતાં ખસી પડેલું (મોંની અંદરનું) ચોકડું વાગવાથી પોતાના (=સૂર્યના) ઘોડાઓના મુખમાંથી ટપકતા લોહીથી જાણે કે (તે સૂર્યનું) શરીર લાલ થયું હતું. તથા ઘરડા કુકડાની કલગી જેવો લાલ અરુણ (સારથિ) તેમની (સૂર્યની) આગળ (બેઠો) હતો. તે સમયે, નજીકમાં જ રહેલો, પિતામહ (બ્રહ્મા)ના વિમાન(વાહક) હંસોના સમૂહનો પાલક, આમતેમ ફરતાં (કંઈક) વિચાર કરીને, અપરવક્ત્ર (છન્દ)માં ઊંચેથી ગાવા લાગ્યો :–

"અકલુષિત માનસ સરોવરમાં નિવાસ કરવાના સ્વભાવવાળી હે કલહંસિ ! તું શા માટે (તારી) ઉત્સુક આંખોને ચંચળ બનાવે છે ? (પહેલાં તો) આ કમળ તળાવડી (જેવી પૃથિવી)માં અવતરણ કર; પછી ફરીથી પંકજાલય (રૂપ બ્રહ્મા કે માનસસરોવર)માં તું પહોંચી જઈશ."

તે સાંભળીને સરસ્વતીએ ફરીથી વિચાર કર્યો. "આણે (=હંસપાલકે) જ જાણે મને ઉપદેશ આપ્યો છે. તો ઠીક. મુનિના વચનનો (જ) હું આદર કરું" આમ બોલી ઊભા થઈને, તેણે પૃથિવીતલ ઉપર અવતરણ કરવાનો સંકલ્પ કર્યો. વિયોગમાં દુઃખી થયેલા પોતાના સેવક-સેવિકાઓને છોડી દઈને, જ્ઞાતિબંધુઓને ધ્યાનમાં લીધા વિના, એકલી તેણે (સરસ્વતીએ) ચતુર્મુખ–બ્રહ્મા–ની ત્રણવાર પ્રદક્ષિણા કરીને, મહામૂશ્કેલીએ વિનંતિપૂર્વક પાછળ આવતા તપસ્વીઓના સમૂહને પાછો વાળીને, (કેવળ) સાવિત્રીને સાથે રાખીને તે (સરસ્વતી) બ્રહ્મલોકમાંથી ચાલી નીકળી.

1.8

ततः क्रमेण ध्रुवप्रवृत्तां धर्मधेनुमिवाधोधावमानधवलपयोधारम्, उद्धुरध्वनिम्, अन्धकमथनमौलिमालतीमालिकाम्, आलीयमानबालखिल्यरुद्धरोधसम्, अरुन्धतीधौततारवत्त्वचम् त्वङ्गत्तुङ्गतरङ्गतरत्तरलतरतारतारकाम्, तापसवितीर्णतरलतिलोदकपुलकितपुलिनाम् आप्लवनपूतपितामहपातितपितृपिण्डपाण्डुरितपाराम्, पर्यन्तसुप्तसप्तर्षिकुशशयनसूचितसूर्यग्रहसूतकोपवासाम्, आचमनशुचिशचीपतिमुच्यमानार्चनकुसुमनिकरशाराम्, शिवपुरपतितनिर्माल्यमन्दारदामकाम्, अनादरदारितमन्दरदरीदृषदम्, अनेकनाकनायकनिकायकामिनीकुचकलशविलुलितविग्रहाम्, ग्राहग्रावग्रामस्खलनमुखरितस्रोतसम्, सुषुम्णास्रुतशशिसुधाशीकरस्तबकतारकिततीराम्, धिषणाग्निकार्यधूमधूसरितसैकताम्, सिद्धविरचितवालुकालिङ्गलङ्घनत्रासविद्रुतविद्याधराम्, निर्मोकमुक्तिमिव गगनोरगस्य, लीलाललाटिकामिव त्रिविष्टपविटस्य, विक्रयवीथीमिव पुण्यपण्यस्य,

1.8

ત્યાર પછી, ક્રમશઃ ધ્રુવ[18] માંથી નીકળતી (અથવા ધ્રુવના જેવી ગોળાકાર) મન્દાકિની (=દેવનદી ગંગા)ને અનુસરતી (સરસ્વતી) મર્ત્યલોકમાં ઊતરી–નીચે લટકતાં શ્વેત સ્તનોવાળી ધર્મધેનુની[19] જેમ આ મન્દાકિની, નીચે દોડતાં સફેદ વાદળોવાળી હતી. તેનો અવાજ ગંભીર હતો. અન્ધકાસુરનો નાશ કરનાર (શંકર)ના મસ્તક ઉપરની માલતી પુષ્પોની માળા જેવી તે હતી. ટોળે મળેલાં બાલખિલ્ય મુનિઓથી તેના તટપ્રદેશો રૂંધાયા હતા. અરુન્ધતી વૃક્ષની છાલ(માંથી બનાવેલાં વલ્કલો)ને (તેમાં) ધોતી હતી. દોડતાં ઊંચા તરંગો ઉપર તરતાં અત્યંત ચંચળ તેજસ્વી તારાઓવાળી તે હતી. તપસ્વીઓએ ઉડાડેલાં તરલ તિલોદકથી તેનો રેતાળ પટ પુલકિત થઈ રહ્યો હતો. સ્નાન કરીને પવિત્ર થયેલા પિતામહ–બ્રહ્માજી–એ પિતૃઓને ઉદ્દેશીને આપેલ પિંડથી તેના (બન્ને) કિનારાઓ પાંડુવર્ણના બન્યા હતા. નજીકમાં સૂતેલા સપ્તર્ષિઓની કુશાચ્છાદિત પથારીઓથી સૂચવાતું હતું કે (તેમણે અહીં ગંગાકિનારે) સૂર્યગ્રહણ વખતે સૂતકનો ઉપવાસ કર્યો હતો. આચમન કરીને પવિત્ર થયેલા શચીપતિ–ઇન્દ્ર–એ અર્પેલાં પૂજાનાં પૂષ્પસમૂહથી તે કાબરચીતરી થઈ હતી. શિવપુરમાંથી નિર્માલ્યરૂપ મન્દર પુષ્પોની માળા તેની ઉપર પડી હતી. તેણે અનાદરપૂર્વક (=અનાયાસે) મન્દર (પર્વત)ની ગુફાઓના પથ્થરોને તોડી કાઢ્યા હતા. સ્વર્ગમાં રહેતાં અનેક નાયકોના સમૂહની કામિનીઓના સ્તન રૂપી કળશોના અથડાવાથી તેનું (જળપ્રવાહ રૂપ) શરીર હાલી ઊઠ્યું હતું. (મગરાદિ) ગ્રાહો અને પથ્થરોના સમૂહની સાથે અથડાવાથી તેનો જલપ્રવાહ મુખરિત થઈ ગયો હતો. (સૂર્યના) સુષુમ્ણા (નામનાં કિરણો)માંથી ટપકેલાં ચન્દ્રામૃતના ફોરાંઓના સમૂહ (ગુચ્છ)થી (જાણે કે) તેના તીર ઉપર તારાઓ ઉતરી આવ્યા હતા. બૃહસ્પતિએ કરેલાં અગ્નિકાર્યોના ધૂમાડાથી તેની રેતી ધૂસરિત (ભૂખરી) થઈ હતી. સિદ્ધોએ રચેલાં રેતીનાં (શિવ)લિંગોનું ઉલ્લંઘન (શી રીતે થાય ? એ વિચાર)ના ત્રાસથી વિદ્યાધરો ત્યાંથી નાસી જતા હતા. ગગનરૂપી સર્પે જાણે કે કાંચળી ઉતારી હોય તેવી તે હતી. દેવલોક રૂપી વિટની તે લીલા-લલાટિકા હતી. પુણ્ય રૂપી વેચવાની વસ્તુના વેચાણ (કરતાં બજાર)ની ગલી જેવી તે હતી.

---

૧૮. 'ધ્રુવ' શબ્દ અનેકાર્થક છે : નિત્ય આકાશ, ધ્રુવનો તારો, અચળ સ્થાન, વિષ્ણુ, જઘન, સક્થિ.--તેમાંથી વેગપૂર્વક નીકળેલાં, प्रकर्षेण वृत्ताम् અથવા તેના જેવી ગોળાકાર–परिवर्तुलां

૧૯. धर्माय धेनुः । ધર્મકાર્યોમાં ઉપયોગી થતી ધેનુ=કામધેનુ.

दत्तार्गलामिव नरकनगरद्वारस्य, अंशुकोष्णीषपट्टिकामिव सुमेरुनृपस्य, दुकूलकदलिकामिव कैलासकुञ्जरस्य, पद्धति-मिवापवर्गस्य, नेमिमिव कृतयुगस्य सप्तसागरराजमहिषीं मन्दाकिनीमनुसरन्ती मर्त्यलोकमवततार । अपश्यच्चाम्ब-रतलस्थितैव हारमिव वरुणस्य, अमृतनिर्झरमिव चन्द्रा-चलस्य, शशिमणिनिष्यन्दमिव विन्ध्यस्य, कर्पूरद्रुमद्रव प्रवाहमिव दण्डकारण्यस्य, लावण्यरसप्रस्रवणमिव दिशाम्, स्फाटिकशिलापट्टशयनमिवाम्बरश्रियाः स्वच्छ-शिशिरसुरसवारिपूर्णं भगवतः पितामहस्यापत्यं हिरण्य-वाहनामानं महानदम्, •यं जनाः शोण इति कथयन्ति। दृष्ट्वा च तं रामणीयकहृतहृदया तस्यैव तीरे वासम-रोचयत्। उवाच च सावित्रीम्–'सखि, मधुरमयूरविरुतयः कुसुमपांशुपटलसिकतिलतरुतलाः परिमलमत्तमधुपवेणीवी-णारणितरमणीया रमयन्ति मां मन्दीकृतमन्दाकिनीद्युते-रस्य महानदस्योपकण्ठभूमयः । पक्षपाति च हृदयमत्रैव स्थातु मे' इति । अभिनन्दितवचना च तथेति तया तस्य पश्चिमे तीरे समवातरत्। एकस्मिंश्च शुचौ शिलातलसनाथे तटलतामण्डपे गृहबुद्धिं बबन्ध । विश्रान्ता च नाति-चिरादुत्थाय सावित्र्या सार्धमुच्चितार्चनकुसुमा सस्नौ । पुलिनपृष्ठप्रतिष्ठितसैकतशिवलिङ्गा च भक्त्या परमया

નરક રૂપી નગરના (પ્રવેશ)દ્વારને તેણે જાણે કે આગળો દીધો હતો. સુમેરુપર્વત રૂપી રાજાની તે રેશમી પાઘડીના (લાંબા) પટ્ટા જેવી હતી. કૈલાસપર્વત રૂપી હાથીની તે રેશમી પતાકા સમી હતી.[૨૦] તે જાણે મોક્ષનો માર્ગ હતી. સતયુગ રૂપી રથ(ના ચક્ર)નો તે આરો હતી. તથા સાત સમુદ્રોની તે જાણે કે રાજમહિષી (પટરાણી) હતી.– અને (મર્ત્યલોકમાં ઉતરેલી સરસ્વતીએ) આકાશ માર્ગમાં રહ્યા રહ્યા જ તેણે, જેને (પૃથિવીલોકના) મનુષ્યો 'શોણ' કહે છે, તેવા એક મહાનદને જોયો હતો. આ('શોણ' નામનો મહાનદ) વરુણદેવતાના હાર જેવો હતો; ચન્દ્ર રૂપી પર્વતના અમૃત વહાવતાં ઝરણાં જેવો હતો; વિન્ધ્યપર્વતના ચન્દ્રકાન્ત મણિના દ્રવ જેવો હતો; દંડકારણ્યના કર્પૂરવૃક્ષોના દ્રવ પ્રવાહ જેવો હતો, દિશાઓના લાવણ્યરસના પ્રસ્રોત જેવો હતો; આકાશ રૂપી લક્ષ્મીની સ્ફટિકના શિલાપટ્ટમાંથી બનાવેલ પથારી સમાન હતો. સ્વચ્છ, ઠંડા અને મીઠા પાણીથી તે ભરેલો હતો. ભગવાન્ પિતામહ–બ્રહ્મા–ના સંતાન સમા તે મહાનદનું નામ 'હિરણ્યવાહ'[૨૧] હતું. તે (મહાનદ)ને જોઈને, તેની રમણીયતાથી આકર્ષાયેલા હૃદયવાળી (સરસ્વતી)ને તે (મહાનદ)ના જ તીર ઉપર નિવાસ કરવાનું પસંદ પડ્યું. અને સાવિત્રીને કહ્યું : સખિ ! મન્દાકિનીની દ્યુતિને પણ મન્દ કરી નાખનાર આ મહાનદની આસપાસની ભૂમિઓએ મને ખૂશ કરી દીધી છે,–આ ભૂમિ મયૂરોના મધૂર ટહુકારવાળી છે. કુસુમોના પરાગ સમૂહથી જ્યાં વૃક્ષોના અધોભાગ રેતાળ બની ગયા છે. તથા (પુષ્પોના) પરિમલથી મત્ત બનેલા ભમરાઓની શ્રેણી રૂપી વીણાના રણકારથી જે રમણીય બનેલી છે.–મારું હૃદય અહીં જ રહેવાના પક્ષપાતવાળું બની ગયું છે."

તેના (=સાવિત્રી) વડે 'સારું' એવા શબ્દોથી જે (સરસ્વતી)નાં વચનોનું અભિનન્દન કરવામાં આવ્યું છે તેવી તે (સરસ્વતી) તે (મહાનદ)ના પશ્ચિમ તીર ઉપર તે (સવિત્રી)ને સાથે લઈને, ઊતરી. તથા એક પવિત્ર શિલાતલથી સનાથ થયેલ, તટ ઉપરના લતામંડપમાં તેણીએ '(આ મારું) ઘર છે' એવી બુદ્ધિ કરી.[૨૨] વિશ્રાન્ત થયેલી તે થોડી વારમાં જ, ઊઠીને સાવિત્રીની સાથે પૂજન માટેનાં પુષ્પો એકઠાં કરીને તેણે સ્નાન કર્યું. પરમ ભક્તિથી (તે મહાનદની) રેતીના પટમાં રેતીના શિવલિંગને પ્રતિષ્ઠિત કરનારી

૨૦. હાથી જે પતાકાનું વહન કરે તેને કંદલિકા કહે છે.

૨૧. હિરણ્યબાહુ એવું પાઠાન્તર પણ મળે છે.

૨૨. લતામંડપને જ પોતાનું ઘર માની લીધું. અર્થાત્ (ચાલુ)

पञ्चब्रह्मपुरःसरां सम्यङ्मुद्राबन्धविहितपरिकरां ध्रुवागीतिगर्भामवनिपवनवनगगनदहनतपनतुहिनकिरणयजमानमयीमूर्तिरष्टावपि ध्यायन्ती सुचिरमष्टपुष्पिकामदात् । अयत्नोपनतेन फलमूलेनामृतरसमप्यतिशिशयिषमाणेन च स्वादिम्ना शिशिरेण शोणवारिणा शरीरस्थितिमकरोत् । अतिवाहितदिवसा च तस्मिँल्लतामण्डपशिलातले कल्पितपल्लवशयना सुष्वाप । अन्येद्युरप्यनेनैव क्रमेण नक्तंदिनमत्यवाहयत् ।

1.9

एवमतिक्रामत्सु दिवसेषु गच्छति च काले याममात्रोद्गते च रवावुत्तरस्यां ककुभि प्रतिशब्दपूरितवनगह्वरं गम्भीरतारतरं तुरङ्गह्रेषितह्लादमशृणोत् । उपजातकुतूहला च निर्गत्य लतामण्डपाद्विलोकयन्ती विकचकेतकीगर्भपत्रपाण्डुरं रजःसङ्घातं नातिदवीयसि संमुखमापतन्तमपश्यत् । क्रमेण च सामीप्योपजायमानाभिव्यक्ति तस्मिन्महति शफरोदरधूसरे रजसि पयसीव मकरचक्रं प्लवमानं पुरः प्रधावमानेन, प्रलम्बकुटिलकचपल्लवघटितललाटजूटकेन, धवलदन्तपत्रिकाद्युतिहसितकपोलभित्तिना, पिनद्धकृष्णागुरुपङ्ककल्कच्छुरणकृष्णशबलकषायकञ्चुकेन; उत्तरीयकृतशिरोवेष्टनेन, वामप्रकोष्ठनिविष्टस्पष्टहाटककटकेन,

તથા પૃથિવી, વાયુ, પાણી, આકાશ, અગ્નિ, સૂર્ય, (ઠંડા કિરણવાળો) ચન્દ્ર અને (આત્મા–ચૈતન્યરૂપ) યજમાનમયી (શંકરની) આઠેય મૂર્તિઓનું લાંબા સમય સુધી ધ્યાન ધરતી તેણે (સરસ્વતીએ); સમ્યક્‌પણે મુદ્રાબન્ધથી તૈયાર થઈને, 'ધ્રુવા' નામની ગીતિથી યુક્ત અને પંચબ્રહ્મની[૨૩] સ્તુતિપૂર્વક આઠ પુષ્પો સમર્પ્યાં. યત્ન વિના જ આવી મળનારાં ફળ-મૂળથી અને અમૃતના રસને પણ ચઢી જવા માંગતા સ્વાદિષ્ટ ઠંડા શોણનદના પાણીથી તેણે શરીર સ્થિતિ/યાત્રાનો નિર્વાહ કર્યો. આખો દિવસ પસાર કરીને, તેણે તે લતામંડપના શિલાતલ ઉપર પલ્લવોની પથારી કરીને શયન કર્યું. બીજે દિવસે પણ આ જ ક્રમથી તેણે રાતદિવસ પસાર કર્યાં.

1.9

આમ દિવસો પસાર થઈ જતાં અને (ઘણો) સમય નીકળી જતાં, (એક દિવસ) સૂર્યોદય થયા પછી એક પ્રહર[૨૪] માત્ર વીત્યો ત્યારે; (તેણે) ઉત્તર દિશામાં પ્રતિશબ્દ (પડઘા)થી જંગલો અને કોતરોને ભરી દેતા તથા અત્યંત ગંભીર એવા ઘોડાઓના હણહણાટ ધ્વનિને સાંભળ્યો. જેને કુતૂહલ ઉત્પન્ન થયું છે તેવી તે જોતી જોતી લતામંડપમાંથી બહાર નીકળીને જુવે છે કે બહુ દૂર નહીં તેવો, ખીલેલા કેવડાના ગર્ભપત્ર જેવા પાંડુવર્ણના રજકણોનો સમૂહ સામે જ આવતો હતો. પછી ક્રમશઃ (તેણે) સામીપ્યને કારણે જેની અભિવ્યક્તિ સ્પષ્ટ થઈ છે તેવા તે મોટા માછલીના ઉદર જેવા ધૂળિયા રજકણોમાં, પાણીની અંદર તરતા મગરોના સમૂહ જેવા, અને સામે દોડતા આવતા, હજારો પદાતિ વ્યક્તિઓથી સનાથ બનેલા અશ્વસમૂહને સારી રીતે જોયો. આ પદાતિ (=પગે ચાલતા) વ્યક્તિઓએ લાંબા વાંકડીયા વાળરૂપી પલ્લવોથી લલાટ ઉપર જટાઓ બાંધી હતી. સફેદ દન્તપત્રિકા (કાનના આભૂષણ)ની કાંતિથી તેમના ભરેલા ગાલ[૨૫] ચમકી રહ્યા હતા. તેમણે પીસેલા કાળા અગુરુના (સૂકા) ચૂર્ણથી રંગીને કાળા, કાબરચીતરા અને/કે મજીઠીયા (રંગના) કંચુકો (=કવચ બખ્તર કે નાની કોટી) બાંધ્યા-પહેર્યા-હતાં. ઉત્તરીય વસ્ત્રથી માથા ઉપર (નાની) પાઘડી બાંધી હતી. તેમના ડાબા હાથના કાંડા ઉપર

---

૨૨. લતામંડપને વિષે જ આ જ મારું ઘર છે એવી ગૃહબુદ્ધિ બાંધી.

૨૩. સદ્યોજાત, વામદેવ, તત્પુરુષ, અઘોર અને ઇશાન–ને પંચબ્રહ્મ કહે છે.

૨૪. ત્રણ કલાકનો સમયગાળો.

૨૫. (શબ્દશઃ) ગાલ રૂપી દિવાલો. લક્ષણાથી–ભરેલા ગાલ. તથા ચમકી=હસી.

द्विगुणपट्टपट्टिकागाढग्रन्थिग्रथितासिधेनुना, अनवरत-व्यायामकृशकर्कशशरीरे, वातहरिणयूथेनेव मुहुर्मुहुः खमुड्डीयमानेन, लङ्घितसमविषमावटविटपेन, कोणधारिणा, कृपाणपाणिना, सेवागृहीतविविध-वनकुसुमफलमूलपर्णेन, 'चल चल, याहि याहि, अपसर्पापसर्प, पुरः प्रयच्छ पन्थानम्,' इत्यनवरतकृतकल-कलेन युवप्रायेण, सहस्रमात्रेण पदातिजनेन सनाथमश्व-वृन्दं संददर्श ।

मध्ये च तस्य सार्धचन्द्रेण मुक्ताफलजालमालिना विविधरत्नखण्डखचितेन शङ्खक्षीरफेनपाण्डुरेण क्षीरोदेनेव स्वयं लक्ष्मीं दातुमागतेन गगनगतेनातपत्रेण कृतच्छायम्, अच्छाच्छेनाभरणद्युतीनां निवहेन दिशामिव दर्शनानुराग-लग्नेन चक्रवालेनानुगम्यमानम्, आनितम्बविलम्बिन्या मालतीशेखरस्रजा सकलभुवनविजयार्जितया रूपपताकयेव विराजमानम्, उत्सर्पिभिः शिखण्डखण्डिकापद्मरागमणे-ररुणैरंशुजालैरदृश्यमानवनदेवताविधृतैर्बालपल्लवैरिव प्रमृ-ज्यमानमार्गरेणुपरुषवपुषम्, बकुलकुड्मलमण्डली-मुण्डमालामण्डनमनोहरेण कुटिलकुन्तलस्तबकमालिना मौलिना मीलितातपं पिबन्तमिव दिवसम्, पशुपतिजटा-मुकुटमृगाङ्कद्वितीयशकलघटितस्येव सहजलक्ष्मी-समालिङ्गितस्य ललाटपट्टस्य मनःशिलापङ्क-पिङ्गलेन लावण्येन लिम्पन्तमिवान्तरिक्षम्,

સ્પષ્ટ (શુદ્ધ) સોનાનાં કડાં પહેર્યાં હતાં. બે ગડી વાળેલાં વસ્ત્રોની પાટલીમાં કઠણ બાંધેલી ગાંઠમાં તેમણે 'અસિધેનુ' (નામક છરી) ખોસેલી હતી. સતત વ્યાયામને કારણે તેમનાં શરીર પાતળાં, છતાંય કસાયેલાં હતાં. પવનની સામે દોડનારા હરણોના ટોળાંની જેમ તેઓ વારંવાર આકાશમાં ઉડતા હતા. ઉબડ-ખાબડ જમીનો, ઊંડા ખાડાઓ અને ઝાડીઝાંખરાંને ઓળંગતા હતા. (હાથમાં તેમણે) ડાંગ ધારણ કરી હતી. (બીજા કેટલાકે) હાથમાં કૃપાણ લીધાં હતાં. (સ્વામીની) સેવાને માટે તેમણે વનનાં વિવિધ પુષ્પો, ફળો, મૂળીયાં અને પાંદડાં લીધાં હતાં. ચાલો ચાલો, જાવ જાવ, ખસો ખસો, આગળ રસ્તો આપો." એવો સતત કલબલાટ કરતાં તે (પદાતિઓમાં) મોટા ભાગે યુવકો હતા.

અને, તે (અશ્વવૃન્દ)ની વચ્ચે, (સરસ્વતીએ) લગભગ અઢાર વર્ષની ઉંમરના એક યુવાનને જોયો.–અર્ધચન્દ્રયુક્ત, મોતીઓના સમૂહની માળાવાળો, વિવિધ રત્નખંડોથી ભરેલો. શંખ અને દૂધના ફીણ જેવા પાંડુવર્ણનો ક્ષીરસાગર (સમુદ્ર) જાણે સ્વયં લક્ષ્મી આપવા આકાશમાં ચઢી આવ્યો હોય તેમ; અર્ધચન્દ્રયુક્ત, મોતીઓના સમૂહની માળાવાળા, જુદાં જુદાં રત્નોના ટૂકડાઓથી જડેલા, શંખ અને દૂધના ફીણ જેવા પાંડુવર્ણના, આકાશમાં (ઊંચે) ધરી રાખેલા આતપત્ર (=તડકો દૂર કરનાર છત્ર)થી તે યુવાનની ઉપર છાયા[२६] કરવામાં આવી હતી. (તે યુવાનને જોવાના અનુરાગથી ભેગી મળેલી દિશાઓના સમૂહ જેવા આભરણોની દ્યુતિઓના અત્યંત સ્વચ્છ સમૂહથી તે અનુસરાતો હતો. સકલ ભુવનનો વિજય કરીને જીતેલી રૂપપતાકા જેવી નિતમ્બ સુધી લટકતી માલતીપુષ્પોની મુકુટમાળાથી તે શોભતો હતો. ઉપર ફેલાતા, મસ્તક ઉપરના કેશગુચ્છમાં (ખોસેલા) પદ્મરાગ–મણિના લાલ તેજકિરણોથી, જાણે કે અદૃશ્ય એવી વનદેવતાએ ધારણ કરેલા કુમળા પાંદડાઓથી, તે (યુવાન) માર્ગ ઉપરની ધૂળ ચોપડાતાં ખરડાયેલા શરીરવાળો હતો. બોરસલ્લી[२७]ની કળીઓના સમૂહથી બનાવેલી મુંડમાળાના સુશોભનથી મનોહર, અને વાંકડીયા વાળોના ગુચ્છની માળાવાળા[२८] મસ્તકથી ઢળતા તડકાવાળા દિવસને તે જાણે પીતો હતો. જાણે કે પશુપતિ (શંકર)ના જટા રૂપી મુકુટમાંના મૃગાંક-ચન્દ્રમા-ના બીજા ટૂકડામાંથી બનાવ્યું હોય તેવા, સ્વાભાવિક શોભાથી સ્પર્શાયેલા, તેના લલાટ-પટના; મનઃશિલા[२९]ના પંક સદૃશ પિંગળવર્ણી લાવણ્યથી (તે) જાણે કે અન્તરિક્ષને લીંપતો હતો.

---

૨૬. છાંયડો અથવા તેજકાન્તિ

૨૭. અથવા, કેસર.

૨૮. ચોટલીઓવાળા.

૨૯. એક પ્રકારની ધાતુ, તેનો પંક = દ્રવ.

अभिनवयौवनारम्भावष्टम्भप्रगल्भदृष्टिपाततृणीकृतत्रिभुवनस्य चक्षुषः प्रथिम्ना विकचकुमुदकुवलयकमलसरःसहस्रसंछादितदशदिशं शरदमिव प्रवर्तयन्तम्, आयतनयननदीसीमान्तसेतुबन्धेन ललाटतटशशिमणिशिलातलगलितेन कान्तिसलिलस्रोतसेव द्राघीयसा नासावंशेन शोभमानम्, अतिसुरभिसहकारकर्पूरकक्कोललवङ्गपारिजातकपरिमलमुचा मत्तमधुकरकुलकोलाहलमुखरेण मुखेन सनन्दनवनं वसन्तमिवावतारयन्तम्*, आसन्नसुहृत्परिहासभावनोत्तानितमुखमुग्धहसितैर्दशनज्योत्स्नास्नपितदिङ्मुखैः पुनःपुनर्नभसि संचारिणं चन्द्रालोकमिव कल्पयन्तम्, कदम्बमुकुलस्थूलमुक्ताफलयुगलमध्याध्यासितमरकतस्य त्रिकण्टककर्णाभरणस्य प्रेङ्खतः प्रभया समुत्सर्पन्त्या कृतसकुसुमहरितकुन्दपल्लवकर्णावतंसमिवोपलक्ष्यमाणम्, आमोदितमृगंमदपङ्कलिखितपत्रभङ्गभास्वरम् भुजयुगलमुद्दाममकराक्रान्तशिखरमिव मकरकेतुकेतोः दण्डद्वयं दधानम्, धवलब्रह्मसूत्रसीमन्तितं सागरमथनसामर्षगङ्गास्रोतःसंदानितमिव मन्दरं देहमुद्वहन्तम्, कर्पूरक्षोदमुष्टिच्छुरणपांशुलेनेव कान्तोच्चकुचचक्रवाकयुगलविपुलपुलिनेनोरःस्थलेन स्थूलभुजायामपुञ्जितम् पुरो विस्तारयन्तमिव दिक्चक्रम्, पुरस्तादीषदधोनाभिनिहितकोणकमनीयेन पृष्ठतः कक्ष्याधिकक्षिप्तपल्लवेनोभयतः संवलनप्रकटितोरुत्रिभागेन हारीतहरिता निबिडनिपीडितेनाधरवाससा विभज्यमानतनुतरमध्यभागम्, अनवरतश्रमोपचितमांसकठिनविकटमकरमुखसंलग्नजानुभ्याम्

---

* वमन्तम् ।

નવા યૌવનના આરંભથી ગર્વીલા અને પ્રગલ્ભ એવા દૃષ્ટિપાતથી ત્રણેય ભુવનને તુચ્છ માનનારા નેત્રની દીર્ઘતાથી, જાણે કે ખીલેલાં હજારો કુમુદ, કુવલય અને કમળ સરોવરોથી સારી રીતે છવાયેલી દશેય દિશાઓવાળી શરદ્ ઋતુને (તે યુવાન) પ્રવર્તાવતો હતો. વિસ્તૃત નયનો રૂપી નદીઓના છેડાના ભાગમાં બાંધેલો સેતુ હોય તેવા, અને જાણે કે લલાટતટ ઉપરના ચન્દ્રકાન્તમણિના શિલાતલમાંથી ઓગળેલા કાન્તિ રૂપી સલિલનો સ્રોત હોય તેવા ખૂબ લાંબા નાકથી તે શોભતો હતો. અત્યંત સુગન્ધિદાર સહકાર, કર્પૂર, કકકોલ, લવીંગ અને પારિજાતક (એ= પાંચ) વૃક્ષોના પરિમલને છોડતા, મત્ત થયેલા ભમરાઓના સમૂહના કોલાહલથી મુખરિત થયેલા મુખ વડે; તે જાણે કે (ઇન્દ્રના) નન્દનવન સહિતની વસન્તઋતુને અવતારી રહ્યાં હતો. દાંતોની કાન્તિથી દિશાઓના અગ્રભાગને સ્નાન કરાવનાર આજુબાજુના મિત્રોની મજાક કરવાની ભાવનાથી ઊંચા કરેલા મુખના મુગ્ધ હાસ્યોથી; તે વારંવાર જાણે કે આકાશમાં ફરતાં ચન્દ્રપ્રકાશને ફેલાવી રહ્યો હતો. કદમ્બ (પુષ્પ)ની કળીઓ જેવા મોટા બે મોતીઓની વચ્ચે જડવામાં આવેલા પન્ના (મરતક)વાળા, હાલતા, ત્રિકંટક નામના કાનના આભૂષણની ચારે બાજુએ ફેલાતી પ્રભાથી; જાણે કે તે યુવકે પુષ્પ સહિતના કુન્દ (વનસ્પતિ)ના લીલાં પાંદડાંઓથી કાનનું આભૂષણ રચ્યું હોય તેમ તે શોભતો હતો. સુગન્ધીદાર મૃગકસ્તૂરીના લેપથી આલેખવામાં આવેલા 'પત્રભંગ'થી શોભતી બે ભુજાઓને; જાણે કે ઉદ્દામ મગરો જેની ટોચ ઉપર ચઢી ગયા છે તેવા મકરકેતુ (કામદેવ)ની ધજાના બે દંડને તે (યુવાન) ધારણ કરતો હતો. સમુદ્રમંથનને કારણે ગુસ્સે થયેલી ગંગાએ પોતાના જલપ્રવાહથી જાણે કે મન્દરપર્વતને જકડી લીધો હોય તેમ શ્વેત બ્રહ્મસૂત્ર (=જનોઈ)થી વીંટળાયેલા દેહને તે (યુવાન) ધારણ કરતો હતો. જાણે કે (તે યુવાનની ભાવિ) કાન્તાના ઉચ્ચ સ્તનો રૂપી ચક્રવાક પક્ષીઓના યુગલને (રમવા) માટેનો વિશાળ રેતાળ પટ હોય તેવા, કર્પૂરના ચૂર્ણની મૂઠીના લેપથી રેતાળ બનેલા વક્ષઃસ્થળ વડે; મજબૂત ભુજાઓની લંબાઈમાં એકઠી થયેલી દિશાઓના સમૂહને તે જાણે (પોતાની) આગળ વિસ્તારી રહ્યો હતો. આગળથી નાભિની થોડેક નીચે લટકતા એક છેડાથી સુન્દર, અને પાછળથી કેડમાં વધારે ખોસેલી પાટલીથી, બન્ને બાજુએથી સંકોચવાને કારણે જાંઘના ત્રીજા ભાગને પ્રકટિત કરતા, હારિત પક્ષી જેવા નીલા, કસીને બાંધેલા નીચેના વસ્ત્રથી તે (યુવાન)નો અત્યંત પાતળો (કમરનો) મધ્યભાગ વહેંચાઈ (=જુદો પડી) જતો હતો. સતત પરિશ્રમ (= વ્યાયામ)ને

अतिविशालवक्षःस्थलोपलवेदिकोत्तम्भनशिलास्तम्भाभ्यां चारु-चन्दनस्थासकस्थूलतरकान्तिभ्यामूरुहदण्डाभ्यामुपहसन्तमि-वैरावतकरायामम्, अतिभरितोरुभारवहनखेदेनेव तनुतर-जङ्घाकाण्डम्, कल्पपादपपल्लवद्वयस्येव पाटलस्योभय-पार्श्वावलम्बिनः पादद्वयस्य दोलायमानैर्नखमयूखैरश्वमण्डन-चामरमालामिव रचयन्तम्, अभिमुखमुच्चैरुदञ्चद्भिरति-चिरमुपरिविश्राम्यद्भिरिव वलितविकटं पतद्भिः खुरैः खण्डितभुवि प्रतिक्षणदशनविमुक्तखणखणायितखरखलीने दीर्घघ्राणलीनलालिके ललाटलुलितचारुचामीकरचक्रमे शिञ्जानशातकौम्भायानशोभिनि मनोरंहसि गोलांगूलकपोल-कालकायलोम्नि नीलसिन्धुवारवर्णे वाजिनि महति समारूढम्, उभयतः पर्याणपट्टश्लिष्टहस्ताभ्यामासन्नपरि-चारकाभ्यां दोधूयमानधवलचामरिकायुगलम्, अग्रतः पठतो वन्दिनः सुभाषितम् उत्कण्टकितकपोलफलकेन लग्नकर्णोत्पलकेसरपक्ष्मशकलेनेव मुखशशिना भावयन्तम्, अनङ्गयुगावतारमिव दर्शयन्तम्, चन्द्रमयीमिव सृष्टिमुत्पा-दयन्तम्, विलासप्रायमिव जीवलोक जनयन्तम्, अनुराग-मयमिव सर्गान्तरमारचयन्तम्, शृङ्गारमयमिव दिवस-मापादयन्तम्, रागराज्यमिव प्रवर्तयन्तम्, आकर्षणा-ञ्जनमिव चक्षुषोः, वशीकरणमन्त्रमिव मनसः, स्वस्थावेशचूर्णमिवेन्द्रियाणाम्, असंतोषमिव कौतुकस्य, सिद्धयोगमिव सौभाग्यस्य, पुनर्जन्मदिवसमिव मन्मथस्य, रसायनमिव यौवनस्य, एकराज्यमिव रामणीयकस्य, कीर्तिस्तम्भमिव रूपस्य,

કારણે પુષ્ટ થયેલા માંસથી કઠણ થયેલા, વિકરાળ મગરોના મુખ (જાણે) સંલગ્ન થયા હોય તેવી ઘુંટણોવાળા; અતિ વિશાળ વક્ષઃસ્થળ રૂપી પથ્થરની વેદિકાને ઊંચકનાર (ધારણ કરી રાખનાર) શિલાસ્તમ્ભો જેવા, સુન્દર ચન્દનના લેપની સ્થૂલતર કાન્તિવાળા, બે ઉરુદંડો (=સાથળ રૂપી બે દંડો)થી જાણે કે ઐરાવત હાથીની સુંઢની લંબાઈને[30] તે હસી કાઢતો (તુચ્છ કરી દેતો) હતો. જાણે કે અત્યંત પુષ્ટ સાથળોનું (thighs) વજન વહન કરવાના ખેદથી પાતળી પડી ગયેલી જાંઘવાળો તે હતો. કલ્પતરુના બે પાંદડાં જેવા, (તે યુવાનના) (અશ્વની) બન્ને બાજુએ લટકતા, બે લાલ પગના હાલતાં નખકિરણોથી તે (યુવાન) જાણે કે અશ્વનું સુશોભન કરનારી 'ચામરમાલા'ને રચતો હતો. સામે ઊંચે ઊભી થઈ જતી, અને ઘણા સમય સુધી (જમીનથી) ઉપરના ભાગમાં થોભી રહેતી અને પછી વિચિત્ર રીતે ગોળ ફરીને પડતી (પગની) ખરીઓથી જાણે જમીનને તોડતા; પ્રત્યેક ક્ષણે દાંતમાંથી ખણખણાટ કરતી તીક્ષ્ણ ખીલાની લગામ છોડી દેતા; લાંબી નાસિકામાં ખૂંપેલી લગામના ઉપરના ભાગ (=લાલિકા)વાળા; લલાટ ઉપર લટકતી સુન્દર સોનાની ઝુલવાળા; રણકાર કરતી સોનાની 'આયાન' – અશ્વસુશોભનમાળા–થી શોભતા; મન જેવા વેગવાળા; લંગૂર (કાળા મુખવાળા વાંદરા)ના ગાલ જેવી કાળી શરીર ઉપરની રૂંવાટીવાળા, સિન્ધુવાર વૃક્ષ જેવા નીલ વર્ણના મોટા એક ઘોડા ઉપર (તે યુવાન) સ્વાર થયેલો હતો. બન્ને બાજુએથી, પલાણના પટ્ટ ઉપર મૂકેલા હાથવાળા, નજીકમાં ઊભેલા પરિચારકો વડે તેને બબ્બે શ્વેત ચામર ઢોળવામાં આવતા હતા. જાણે કે કાનમાં ખોસેલા કમળના કેસરતંતુઓના (ઝીણા) ટૂકડાઓ હોય તેવા, રોમાંચિત થઈ ગયેલા કપોલ (=ગાલ) ફલકવાળા મુખ (રૂપી) ચન્દ્રમાથી; આગળ (ચાલતા) સ્તુતિપાઠકોએ ગાયેલા સુભાષિતશ્લોકોને તે માણી રહ્યો હતો. જાણે કે[31] તે (યુવાન) અનંગના યુગનો અવતાર થયો છે એમ બતાવી રહ્યો હતો; ચન્દ્રમયી સૃષ્ટિને ઉત્પન્ન કરી રહ્યો હતો; મોટે ભાગે વિલાસથી ભરેલા જીવલોકને જંન્માવી રહ્યો હતો; (કેવળ) અનુરાગથી ભરેલી બીજી જ એક સૃષ્ટિને રચી રહ્યો હતો; શૃંગારમય દિવસને ઉગાડતો હતો; રાગના (જ) રાજ્યને પ્રવર્તાવી રહ્યો હતો; તે (યુવાન) જાણે આંખોને આકર્ષનાર અંજન હતો; મનને વશ કરનારો મન્ત્ર હતો; ઇન્દ્રિયોને માટે મૂળ સ્થિતિમાંથી આવેશ(ગ) ઉત્પન્ન કરનાર ચૂર્ણ હતો; કૌતુકનો અસંતોષ હતો; સૌભાગ્યનો સિદ્ધિયોગ હતો; કામદેવનો બીજો જન્મદિવસ હતો; યૌવનનું રસાયણ હતો; રમણીયતાનું એકછત્રી રાજ્ય હતો; રૂપનો કીર્તિસ્તમ્ભ હતો;

૩૦. અને સાહચર્યથી, ધવલતાને પણ હસી કાઢતો હતો.

૩૧. હવે પછીનાં બધાં વાક્યોમાં 'જાણે કે' ઉમેરવું.

मूलकोशमिव लावण्यस्य, पुण्यकर्मपरिणाममिव संसारस्य, प्रथमांकुरमिव कान्तिलतायाः, सर्गाभ्यासफलमिव प्रजापतेः, प्रतापमिव विभ्रमस्य, यशःप्रवाहमिव वैदग्ध्यस्य, अष्टादशवर्षदेशीयं युवानमद्राक्षीत् ।

पार्श्वे च तस्य द्वितीयमपरसंश्लिष्टतुरङ्गम्, प्रांशुमुत्तप्ततपनीयस्तम्भाकारम्, परिणतवयसमपि व्यायामकठिनकायम्, नीचनखश्मश्रुकेशम्, शुक्तिखलतिम्, ईषत्तुन्दिलम्, रोमशोरःस्थलम्, अनुल्बणोदारवेषतया जरामपि विनयमिव शिक्षयन्तम्, गुणानपि गरिमाणमिवानयन्तम्, महानुभावतामपि शिष्यतामिवानयन्तम्, आचारस्याप्याचार्यमिव कुर्वाणम्, वलक्ष-वारबाणधारिणम्,* धौतदुकूलपट्टिकापरिवेष्टितमौलिं पुरुषम् ।

1.10

अथ स युवा पुरोयायिनां यथादर्शनं प्रतिनिवृत्यातिविस्मितमनसां कथयतां पदातीनां सकाशादुपलभ्य दिव्याकृति तत्कन्यायुगलमुपजातकुतूहलः, प्रतूर्णतुरगो दिदृक्षुस्तं लतामण्डपोद्देशमाजगाम । दूरादेव च तुरगादवततार । निवारितपरिजनश्च तेन द्वितीयेन साधुना सह चरणाभ्यामेव सविनयमुपससर्प । कृतोपसंग्रहणौ तौ सावित्री समं सरस्वत्या किसलयासनदानादिना सकुसुमफलार्घ्यावसानेन वनवासोचितेनातिथ्येन यथाक्रममुपजग्राह । आसीनयोश्च तयोरासीना नातिचिरमिव स्थित्वा तं द्वितीयं प्रवयसमुद्दिश्यावादीत्—'आर्य, सहजलज्जाधनस्य प्रमदाजनस्य प्रथमाभिभाषणमशालीनता, विशेषतो वनमृगीमुग्धस्य कुलकुमारीजनस्य ।

* धवलवारबाणधारिणम् ।

લાવણ્યનો મૂળ કોશ (ખજાનો) હતો; સંસારના પુણ્યકર્મનું પરિણામ હતો; કાન્તિ રૂપી લતાનો પ્રથમ અંકુર હતો; પ્રજાપતિ (બ્રહ્મા)ના સૃષ્ટિસર્જનના અભ્યાસનું (અંતિમ/ઉત્તમ) ફળ હતો; વિભ્રમનો પ્રતાપ હતો; તથા વિદગ્ધતાનો યશઃપ્રવાહ હતો. –(આવા લગભગ અઢાર વર્ષના યુવાનને સરસ્વતીએ જોયો.)

અને તે (યુવાન)ની બાજુમાં બીજા એક પુરુષને પણ (જોયો).–તે બીજો પુરુષ પણ અશ્વ ઉપર સ્વાર થયેલો હતો. ઊંચો હતો. તે તપાવેલા સુવર્ણસ્તંભના જેવા આકારવાળો હતો. પ્રૌઢ ઉંમરનો હોવા છતાં ય વ્યાયામને કારણે તેની કાયા મજબૂત હતી. તેના નખ તથા દાઢી અને મૂછના વાળ વધેલા ન હતા. તે છીપલા જેવી ટાલવાળો હતો. થોડીક ફાંદવાળો હતો. છાતી ઉપર વાળ ઉગ્યા હતા. અનુદ્ધત અને ઉદાર (=શ્રેષ્ઠ) પહેરવેશથી તે જાણે કે વૃદ્ધાવસ્થાને પણ વિનય શીખવતો હતો. ગુણોને પણ જાણે ગૌરવ અપાવતો હતો. મહાનુભાવતાને પણ શિષ્યતા અર્પતો હતો. આચારના પણ જાણે આચાર્યને રજૂ કરતો હતો. તેણે શુક્લ ઝભ્ભો ધારણ કર્યો હતો. અને સફેદ રેશમી વસ્ત્રને મસ્તક ઉપર વીંટ્યુ હતું.

1.10

હવે, આગળ જનારા (અને) જેવું જોયું હોય તેવું, પાછા ફરીને અતિવિસ્મત મનવાળા થઈને કહેનારા તે પદાતિઓ પાસેથી દિવ્ય આકૃતિવાળી તે બે કન્યાઓ વિષે સાંભળીને; તે યુવાનને કુતૂહલ ઉત્પન્ન થયું. (આથી) (તે બે કન્યાઓને) જોવાની ઇચ્છાવાળો (તે યુવાન) ખૂબ ઝડપી ઘોડે લતામંડપવાળા તે પ્રદેશમાં આવી પહોંચ્યો. દૂરથી જ, તે ઘોડા ઉપરથી ઉતરી ગયો. સેવકવર્ગને પાછો વાળી દઈને, તે વિનીત–સજ્જન–(પ્રૌઢ પુરુષ)ને પોતાની સાથે રાખીને, પગે ચાલીને જ વિનયપૂર્વક તેમ(કન્યાઓ)ની નજીક ગયો. સરસ્વતીની સાથે સાવિત્રીએ, જેમનું (પ્રથમ) અભિવાદન કરવામાં આવ્યું છે તેવા તે બેને કૂંપળોનું આસન આપવા વગેરે વડે, પુષ્પ સહિત ફૂલોનો અર્ઘ્ય આપવાથી અને વનમાં નિવાસ કરનારાઓએ કરવા ઉચિત ગણાય તેવા આતિથ્યસત્કારથી યોગ્ય ક્રમે (તે બેની) પૂજા કરી. તેઓ બન્ને જ્યારે બેઠા ત્યારે, તે (સાવિત્રી પણ) બેઠી; તથા થોડીવાર રહીને તે બીજા મોટી ઉંમરના પુરુષને ઉદ્દેશીને બોલી –"હે આર્ય ! સહજ લજ્જા એ જ જેનું ધન છે તેવી પ્રમદા–સ્ત્રી–ઓને માટે, પહેલા વાતચીત શરૂ કરવી તે અશાલીન[૩૨] ગણાય છે; વનની ભોળી મૃગલી જેવી કુલીન કુમારિકાઓને માટે તો વિશેષે કરીને આ વાત સાચી છે.

૩૨. ધૃષ્ટતા ગણાય છે.

केवलमियमालोकनकृतार्थाय चक्षुषे स्पृहयन्ती प्रेरयत्युदन्तश्रवणकुतूहलिनी श्रोत्रवृत्तिः । प्रथमदर्शने चोपायनमिवोपनयति सज्जनः प्रणयम् । अप्रगल्भमपि जनं प्रभवता प्रश्रयेणार्पितं मनो मध्विव वाचालयति । अयत्नेनैवातिनम्रे साधौ धनुषीव गुणः परां कोटिमारोपयति विस्रम्भः । जनयन्ति च विस्मयमतिधीरधियामप्यदृष्टपूर्वा दृश्यमाना जगति स्रष्टुः सृष्ट्यतिशयाः। यतस्त्रिभुवनाभिभावि रूपमिदमस्य महानुभावस्य । सौजन्यपरतन्त्रा चेयं देवानांप्रियस्यातिभद्रता कारयति कथां, न तु युवतिजनसहोत्था तरलता । तत्कथयागमनेनापुण्यभाक्कतमो विजृम्भितविरहव्यथः शून्यतां नीतो देशः ? क्व वा गन्तव्यम्. ? को वायमपहतहरहुंकाराहंकारोऽपर इवानन्यजो युवा ? किंनाम्नो वा समृद्धतपसः पितुरयममृतवर्षी कौस्तुभमणिरिव हरेर्हृदयमाह्लादयति ? का चास्य त्रिभुवननमस्या विभातसंध्येव महतस्तेजसो जननी ? कानि वास्य पुण्यभाञ्जि भजन्त्यभिख्यामक्षराणि ? आर्यपरिज्ञानेऽप्ययमेव क्रमः कौतुकानुरोधिनो हृदयस्य' इत्युक्तवत्यां तस्यां, प्रकटितश्रयोऽसौ प्रतिव्याजहार—

'आयुष्मति, सतां हि प्रियंवदता कुलविद्या । न केवलमाननं हृदयमपि च ते चन्द्रमयमिव सुधाशीकरशीतलैराह्लादयति वचोभिः । सौजन्यजन्मभूमयो भूयसा शुभेन

કેવળ (તમને)જોવા માત્રથી કૃતાર્થ થયેલી આંખોને વિશે સ્પૃહા કરતી[33] આ કર્ણેન્દ્રિય તમારા વિષેની વાર્તા (ઓળખાણ/પરિચય) સાંભળવા કુતૂહલિની બનીને (પ્રશ્ન પૂછવા) પ્રેરે છે. (જે) સજ્જન વ્યક્તિ (હોય છે તે) તો પ્રથમ મુલાકાતમાં જ ઉપહાર (ભેટ) રૂપે પ્રણય સમર્પે છે. પ્રભાવક નમ્રતાથી સમર્પેલું મન મધુ (મદિરા)ની જેમ અદૃષ્ટ વ્યક્તિને પણ વાચાળ બનાવે છે. જેમ અત્યંત નીચે નમાવેલા ધનુષ્ય ઉપર તેની પણછ, પ્રયત્ન વિના જ છેક અગ્રભાગ સુધી ચઢી જાય છે; તેમ અતિશય નમ્ર સજ્જન વ્યક્તિમાં, સ્વાભાવિક રીતે જ (આપણો) વિશ્વાસ પણ ખૂબ દૃઢતાથી બેસી જાય છે. અને જગત્‌માં પૂર્વે ક્યારેય નહીં જોયેલા સ્રષ્ટા (બ્રહ્માજી)ના ઉત્કૃષ્ટ સર્જનો જ્યારે જોવા મળે છે ત્યારે તે અત્યંત ધીર બુદ્ધિવાળાઓને પણ વિસ્મય જન્માવે છે. કારણ કે, આ મહાનુભાવનું રૂપ ત્રણેય ભુવનોનો અભિભવ કરનારું છે. દેવોને (પણ) પ્રિય (એવા પુરુષ)ની સૌજન્યને વશ વર્તનારી આ અતિશય ભદ્રતા જ (તમારી સાથે) વાતચીત કરાવે છે; યુવતિજનોમાં ઊઠતી ચંચળતા નહીં. તો કહો; ક્યા અપુણ્યશાળી દેશને, કે જેની ઉપર (તમારા) વિરહની વ્યથા ઝઝુમી રહી છે, તેને (તમે) અહીં આવીને શૂન્ય બનાવી દીધો છે ? અથવા, (તમારે) ક્યાં જવાનું છે ? જેણે શંકરના હુંકારજનિત અહંકારને હરી લીધો છે તેવા અનન્યજ (કામદેવ) જેવો આ યુવાન કોણ છે ? અમૃત વર્ષાવનાર કૌસ્તુભ-મણિ વિષ્ણુના હૃદયને આહ્લાદ જન્માવે છે, તેમ ક્યા સમૃદ્ધ તપવાળા પિતાના હૃદયને અમૃત વર્ષાવનાર આ (યુવાન પુત્ર) આહ્લાદ આપી રહ્યો છે ? જેમ ત્રણેય ભુવનને માટે નમસ્કાર કરવા યોગ્ય પ્રભાતની સન્ધ્યા મહાન્ તેજવાળા સૂર્યની જનની છે તેમ ત્રણેય ભુવનોને માટે નમસ્કાર કરવા યોગ્ય, આ મહાન્ તેજવાળા (યુવાન)ની જનની કોણ છે ? આ (યુવાન)ના નામની અંદર ક્યા પુણ્યશાળી અક્ષરો સમાયેલા છે ? આપ વડીલનો પરિચય મેળવવા માટે પણ આ જ ક્રમે કૌતુકથી પ્રેરાયેલા (અમારા) હૃદયમાં પ્રશ્ન ઊઠે છે.'' –આ પ્રમાણે તેણે (સાવિત્રીએ) કહ્યું ત્યારે, પેલા પાર્શ્વચરે વિનય પ્રદર્શિત કરીને પ્રત્યુત્તર આપ્યો :

હે આયુષ્મતિ ! પ્રિય લાગે એવું બોલવું તે સજ્જનોની કુળવિદ્યા છે. તમારું કેવળ મુખ જ નહીં, પરંતુ હૃદય પણ જાણે ચન્દ્રમય છે; કે જે અમૃતના બિંદુ (ફોરાં)ઓ જેવાં શીતળ વાક્યોથી આહ્‌લાદ ઉત્પન્ન કરે છે. સૌજન્યને જન્મ આપનાર ભૂમિઓ જેવી આપ શ્રીમતીઓ ઘણાં શુભ કર્મોથી

---

૩૩. = આંખો પાસેથી સાંભળવાની ઇચ્છા રાખતી.

सज्जननिर्माणशिल्पकला इव भवादृश्यो दृश्यन्ते* । दूरे तावदन्योन्यस्याभिलपनमभिजातैः सह दृशोऽपि मिश्रीभूता महतीं भूमिमारोपयन्ति । श्रूयताम्-अयं खलु भूषणं भार्गववंशस्य भगवतो भूर्भुवःस्वस्त्रितयतिलकस्य, अदभ्रप्रभावस्तम्भित-जम्भारिभुजस्तम्भस्य, सुरासुरमुकुटमणिशिलाशयनदुर्ल-लितपादपङ्केरुहस्य, निजतेजःप्रसरप्लुष्टपुलोम्नश्च्यवनस्य बहिर्वृत्तिजीर्वित दधीचो नाम तनयः । जनन्यस्य जितजगतोऽनेकपार्थिवसहस्रानुयातस्य शर्यातस्य सुता राजपुत्री त्रिभुवनकन्यारत्नं सुकन्या नाम । तां खलु देवीमन्तर्वत्नीं विदित्वा वैजनने मासि प्रसवाय पिता पत्युः पार्श्वात्स्वगृहमानाययत । असूत च सा तत्र देवी दीर्घायुषमेनम् । अवर्धतानेहसा च तत्रैवायमानन्दितज्ञाति-वर्गो बालस्तारकराज इव राजीवलोचनो राजगृहे । भर्तृभवनमागच्छन्त्यामपि दुहितरि नासेचनकदर्शनमिम-ममुञ्चन्मातामहो मनोविनोदनं नप्तारम् । अशिक्षतायं तत्रैव, सर्वा विद्याः सकलाश्च कलाः । कालेन चोपारूढ-यौवनमिममालोक्याहमिवासावप्यनुभवतु मुखकमलाव-लोकनानन्दमस्येति मातामहः कथंकथमप्येनं पितुरन्तिकमधुना व्यसर्जयत् । मामपि तस्यैव देवस्य सुगृहीतनाम्नः शर्यातस्याज्ञाकारिणं विकुक्षिनामानं भृत्यपरमाणुमवधारयतु भवती । पितुः पादमूलमायान्तं मया साभिसारमकरोत्स्वामी । तद्धि नः कुलक्रमागतं राजकुलम् । उत्तमानां च चिरंतनता जनयत्यनुजीविन्यपि जने कियन्मात्रमपि मन्दाक्षम् । अक्षीणः खलु दाक्षिण्यकोशो महताम् । इतश्च गव्यूतिमात्रमिव

* जायन्ते'

સજ્જનોનું નિર્માણ કરનારી શિલ્પકળા જેવી દેખાવ છો. અભિજાત (કુલીન) વ્યક્તિઓ સાથે પરસ્પર વાતચીત કરવાની વાત તો દૂર રહી, તેઓની (પરસ્પર) ભેગી મળેલી દૃષ્ટિઓ પણ ઉચ્ચ કક્ષાએ પહોંચાડી દે છે. સાંભળો– આ (યુવાન) તો ભાર્ગવવંશનું આભૂષણ છે. ભૂર્ભુવઃ સ્વઃ અર્થાત્ પૃથિવી, પાતાળ અને સ્વર્ગલોક–એ ત્રણેયના તિલક સ્વરૂપ, બહુ મોટા પ્રભાવથી ઇન્દ્રની ભુજાઓ રૂપી સ્તમ્ભને સ્થગિત કરી દેનારા, દેવો અને દાનવોના મુકુટમણિની શિલા ઉપર શયન કરવાથી બહુ લાલનપાલન પામેલા ચરણકમળવાળા, પોતાના તેજપ્રસારથી પુલોમા રાક્ષસને બાળી નાખનાર, ભગવાન ચ્યવનના, બહાર ફરતા પ્રાણ સમો 'દધીચ' નામનો પુત્ર છે. જગત્‌ને જીતી લેનાર અને હજારો અનેક રાજાઓ જેની પાછળ ચાલી રહ્યા છે તેવા શર્યાતની દિકરી, રાજપુત્રી અને ત્રણેય ભુવનનું કન્યારત્ન એવી 'સુકન્યા' નામની આની જનની છે તે દેવીને 'આ સગર્ભા થઈ છે' એમ જાણીને, તેનો પિતા (શર્યાત) નવમે મહિને પ્રસૂતિને માટે, પતિ (ચ્યવન)ની પાસેથી પોતાના ઘરે લઈ ગયો. ત્યાં આ દેવીએ દીર્ઘાયુષવાળા આ (દધીચ)ને જન્મ આપ્યો. જ્ઞાતિબંધુઓને આનંદ પહોંચાડનાર તારાઓના રાજા–ચન્દ્રમા–જેવો અને કમલ જેવા નયનોવાળો આ બાળક ત્યાં રાજગૃહમાં જ પૂર્ણ સમયે મોટો થતો ગયો. (શર્યાતની) પોતાની દીકરી (સુકન્યા) પતિ (ચ્યવન)ને ઘરે આવી ગઈ તો પણ માતામહે (નાનાએ=શર્યાતે) જેને જોવાથી તૃપ્તિ જ નહોતી થતી એવા અને પોતાના મનનું વિનોદન કરનારા આ ભાણાને છોડ્યો જ નહીં ! તેમણે ત્યાં (મોસાળમાં) જ આને બધી વિદ્યાઓ અને સકલ કળાઓ શીખવી. સમય જતાં આને યુવાવસ્થાએ પહોંચેલો જોઈને, "મારી જેમ આ (દધીચ)ના પેલા (પિતા) પણ આ (દધીચ)નું મુખકમળ જોવાનો આનંદ ભલે અનુભવતા" એવું (વિચારીને), આના માતામહે (શર્યાતે) અત્યારે બહુ બહુ મુશ્કેલીએ પિતા (ચ્યવન)ની પાસે મોકલ્યો છે. મને પણ આપ શ્રીમતી, તે જ સુગૃહીત નામવાળા શર્યાત દેવના એક આજ્ઞાકારી, 'વિકુક્ષિ' નામના નાનામાં નાના નોકર તરીકે ઓળખો. (ચ્યવન) પિતાની પાસે આવી રહેલા આ (દધીચ)ની જોડે સાથીદાર તરીકે (મારા) માલિકે (શર્યાતે) મને મોકલ્યો છે. તો આ પ્રમાણે, કુળક્રમથી ચાલ્યું આવતું અમારું આ રાજકુળ છે. ઉત્તમ વ્યક્તિ (માલિક)નાં (મન)માં પણ લાંબા ગાળાની સેવા સેવક વર્ગને માટે થોડી ઘણીય કુણી લાગણી[૩૪] જન્માવે છે. મહાપુરુષોનો દાક્ષિણ્યકોશ ખરેખર ક્ષીણ ન થાય તેવો હોય છે. લગભગ બે કોશ જેટલે દુર,

૩૪. માયાળુ નજરે જુવે છે.

पारेशोणं तस्य भगवतश्च्यवनस्य स्वनाम्ना निर्मितव्यपदेशं च्यावनं नाम चैत्ररथकल्पं काननं निवासः । तदवधिरेवेयं नौ यात्रा । यदि च वो गृहीतक्षणं दाक्षिण्यमनवहेलं वा हृदयमस्माकमुपरि भूमिर्वा प्रसादानामयं जनः श्रवणार्हो वा, ततो न विमाननीयोऽयं नः प्रथमः प्रणयः कुतूहलस्य । वयमपि शुश्रूषवो वृत्तान्तमायुष्मत्योः । नेयमाकृतिर्दिव्यतां व्यभिचरति । गोत्रनामनी तु श्रोतुमभिलषति नौ हृदयम् । तत्कथय कतमो वंशः स्पृहणीयतां जन्मना नीतः । का चेयत्रभवती भवत्याः समीपे समवाय इव विरोधिनां पदार्थानाम् । तथा हि, सन्निहितबालान्धकारा भास्वन्मूर्तिश्च, पुण्डरीकमुखी हरिणलोचना च, बालातपप्रभाधरा कुमुदहासिनी च, कलहंसस्वना समुन्नतपयोधरा च, कमलकोमलकरा हिमगिरिशिलापृथुनितम्बा च, करभोरूर्विलम्बितगमना च, अमुक्तकुमारभावा स्निग्धतारका च' इति ।

सा त्वावादीत्—'आर्य, श्रोष्यसि कालेन । भूयसो दिवसानत्र स्थातुमभिलषति नौ हृदयम् ।

શોણ નદીને પેલે પાર; તે ભગવાન્ ચ્યવનનું, તેમના પોતાના નામ ઉપરથી જેનું નામ પડ્યું છે અને જે 'ચૈત્રરથ'[૩૫] જેવું જ 'ચ્યાવન' નામનું કાનન છે, તે (તેમનું=ચ્યવનનું) નિવાસસ્થાન છે. ત્યાં સુધીની જ અમારી આ યાત્રા છે. હવે જો તમારું દાક્ષિણ્ય આ સમયનો સ્વીકાર કરતું હોય[૩૬], અમારી ઉપર અવહેલના (તિરસ્કાર) વિનાનું (તમારું) હૃદય હોય, આ વ્યક્તિ તમારી કૃપાનું જો પાત્ર હોય કે આ વ્યક્તિ જો સાંભળવા યોગ્ય હોય; તો અમારા કુતૂહલની (–થી પ્રેરાયેલી) આ પહેલી પ્રાર્થના અવગણવી ઉચિત નથી. આયુષ્મતી એવી તમારી બેનો વૃત્તાન્ત સાંભળવાની અમને પણ ઇચ્છા છે. આ (તમારી) આકૃતિ દિવ્યતાનો ત્યાગ કરતી નથી. અમારા બેનું હૃદય (તમારા) ગોત્ર અને નામ સાંભળવાની અભિલાષા રાખે છે. તો કહો, જન્મ ધરીને તમે કયા વંશને સ્પૃહણીય બનાવ્યો છે ? વિરોધી પદાર્થોના સમવાય[૩૭] જેવી, તમારી નજીકમાં રહેલી આ શ્રીમતી કોણ છે ? જેમકે (વિરોધ :) ૧. નજીકમાં રહેલા બાલ અન્ધકારવાળી હોવા છતાંય, તે સૂર્યની મૂર્તિ છે. (વિરોધનું શમન : નજીકમાં (મસ્તક ઉપર) રહેલા વાળમાં કાળાશ છે અને તે (સ્વયં) પ્રકાશની મૂર્તિ છે. ૨. પુંડરિક=વાઘના મુખવાળી હોવા છતાંય તેમાં હરણનાં લોચનો છે. (તે કેવી રીતે ? તો–શ્વેતકમળ જેવા મુખવાળી અને હરણના જેવાં લોચનોવાળી છે.) ૩. સવારના સૂર્યની પ્રભાને ધારણ કરનારી છે, છતાંય (રાત્રે ખીલનાર) કુમુદને ખીલવનારી છે. (સવારના સૂર્યની પ્રભાના જેવા અધરવાળી અને કુમુદના જેવા હાસ્યવાળી છે.) ૪. કલહંસોના જેવા અવાજવાળી છે છતાંય ઉપર ચઢી આવેલા વાદળોવાળી છે. (તે કલહંસોના જેવા અવાજવાળી છે અને ઉન્નત સ્તનોવાળી છે.) ૫. કમળના કોમળ તેજને ધારણ કરનારી છે છતાંય હિમાલયની શિલાથી તેના નિતમ્બ વિશાળ બન્યા છે. (તે કમળ જેવા કોમળ હાથવાળી છે અને હિમાલયની શિલા જેવા વિશાળ નિતમ્બવાળી છે.) ૬. ઊંટના જેવી જાંઘોવાળી છે છતાંય ધીમી ગતિવાળી છે. (હાથીની સૂંઢ જેવી જાંઘવાળી છે અને ધીમી=વિલાસયુક્ત ગતિવાળી છે.) ૭. કુમાર (સ્કન્દ) ઉપરથી તેને ભક્તિભાવ છૂટ્યો નથી છતાંય તારકાસુરનો તેની ઉપર પ્રેમ છે. (કુમારાવસ્થાનો ભાવ તેણે છોડ્યો નથી અને સ્નેહળ કીકીઓવાળી છે.) પણ, તેણે (સાવિત્રીએ) તો કહ્યું–"હે આર્ય ! યોગ્ય સમય આવે તમે સાંભળશો, હજી ઘણા દિવસો સુધી અહીં (જ) રહેવાની અમારી બંનેના હૃદયની અભિલાષા છે.

---

૩૫. કુબેરનું ઉપવન.

૩૬. કહેવા માટે આ યોગ્ય ક્ષણ છે એમ માનતું હોય તો.

૩૭. એકત્રસ્થિતિ. અહીંથી વિરોધાલંકાર શરૂ થાય છે.

अल्पीयांश्चायमध्वा । परिचय एव प्रकटीकरिष्यति । आर्येण न विस्मरणीयोऽयमनुषङ्गदृष्टो जनः' इत्यभिधाय तूष्णीमभूत् । दधीचस्तु नवाम्भोभरगभीराम्भोधरध्वनिनिभया भारत्या नर्तयन्वनलताभवनभाजो भुजंगभुजः सुधीरमुवाच—'आर्य, करिष्यति प्रसादमार्याराध्यमाना । पश्यामस्तावत्तातम्। उत्तिष्ठ । व्रजामः' इति । तथेति च तेनाभ्यनुज्ञातः शनकैरुत्थाय कृतनमस्कृतिरुच्चचाल । तुरगारूढं च तं प्रयान्तं सरस्वती सुचिरमुत्तम्भितपक्ष्मणा निश्चलतारकेण लिखितेनेव चक्षुषा व्यलोकयत्। उत्तीर्य च शोणमचिरेणैव कालेन दधीचः पितुराश्रमपदं जगाम । गते च तस्मिन्सा तामेव दिशमालोकयन्ती सुचिरमतिष्ठत् । कृच्छ्रादिव च संजहार दृशम् ।

1.11

अथ मुहूर्तमात्रमिव स्थित्वा स्मृत्वा च तां तस्य रूपसंपदं पुनःपुनर्व्यस्मयतास्या हृदयम् । भूयोऽपि चक्षुराचकाङ्क्ष तद्दर्शनम्। अवशेव केनाप्यनीयत तामेव दिशं दृष्टिः । अप्रहितमपि मनस्तेनैव सार्धमगात् । अजायत च नवपल्लव इव बालवनलतायाः कुतोऽप्यस्या अनुरागश्चेतसि । ततः प्रभृति च सालस्येव शून्येव सनिद्रेव दिवसमनयत् । अस्तमुपयाति च प्रत्यक्पर्यस्तमण्डले लाङ्गलिकास्तबकताम्रत्विषि कमलिनीकामुके कठोरसारसशिरःशोणशोचिषि सावित्रे त्रयीमये तेजसि, तरुणतरतमालश्यामले च मलिनयति व्योम व्योमव्यापिनि तिमिरसंचये, संचरत्सिद्धसुन्दरीनूपुररवानुसारिणि च मन्दं मन्दं मन्दाकिनीहंस इव समुत्सर्पति शशिनि गगनतलम्, कृतसंध्याप्रणामा निशामुख एव

આ તમારો માર્ગ તો ઘણો ટૂંકો છે. પરિચય જ (બધું) પ્રકટ કરશે. આનુષંગિક પણે જોયેલ આ વ્યક્તિને (=અમને) આર્ય ભૂલી ન જશો.'' આટલું કહીને તે મૂંગી થઈ ગઈ. ત્યારે, નવું પાણી ભરાવાથી ગંભીર બનેલા વાદળોના ધ્વનિ જેવી વાણીથી, વનની લતાઓ રૂપી ભવનોમાં રહેનારા સર્પને ખાનારાઓ(=મયૂરો)ને નચાવતો, સર્પ જેવી ભુજાઓવાળો દધીચ ખૂબ ધીરતાથી બોલ્યો:– ''આર્ય ! આ આર્યાની આરાધના કરવામાં આવતાં તે કૃપા કરશે (જ). તો આપણે, ત્યાં સુધી પિતાને (જઈને) મળીએ. ઊભા થાવ. આપણે જઈએ.'' તેણે (=તે પ્રૌઢ પુરુષે) 'સારું' એમ કહીને અનુજ્ઞા આપી. ધીમેથી ઊભા થઈને, (તે બન્ને કન્યાઓને) નમસ્કાર કરીને ચાલી નીકળ્યો. ઘોડા ઉપર સ્વાર થઈને જતા તે (દધીચ)ને, તે સરસ્વતી ઘણા લાંબા સમય સુધી, સ્થિર થઈ ગયેલી પાંપણોવાળી અને નિશ્ચલ કીકીઓવાળી; જાણે કે (ચિત્રમાં) ચિતરી હોય તેવી આંખથી જોઈ રહી. શોણ નદીને પાર કરી જઈને, તે દધીચ ટૂંક સમયમાં જ (પોતાના) પિતાના આશ્રમપ્રદેશમાં પહોંચ્યો. આમ, તે (દધીચ) જ્યારે જતો રહ્યો ત્યારે, તે (સરસ્વતી) તે જ દિશાને લાંબા સમય સુધી જોતી ઊભી રહી. અને છેવટે મહામુશ્કેલીએ તેણે (પોતાની) દૃષ્ટિને પાછી ખેંચી.

1.11

ત્યાર પછી, ઘડીભર જાણે ઊભા રહીને અને તે (દધીચ)ની રૂપસમ્પત્તિને યાદ કરીને, તે (સરસ્વતી)નું હૃદય ફરી ફરીને વિસ્મય અનુભવવા લાગ્યું. (તેની) આંખોએ ફરીથી પણ તેના (જ) દર્શનની આકાંક્ષા સેવી. કોઈક જાણે અવશ હોય એવી (તેની) દૃષ્ટિને (દધીચ જે દિશામાં ગયો હતો) તે જ દિશામાં લઈ જતું હતું. મોકલ્યું નહોતું, તો પણ (તેણીનું) મન તે (દધીચ)ની જ સાથે ગયું હતું. વનની બાલ લતાના નવા પાંદડા જેવો અનુરાગ–ક્યાંકથી આના ચિત્ત ઉપર જન્મ્યો (હતો). ત્યારથી માંડીને, તેણીએ જાણે આળસુ હોય તેમ, શૂન્ય હોય તેમ, ઊંઘતી હોય તેમ (કષ્ટથી) દિવસ પસાર કર્યો. જ્યારે સૂર્યમંડલ પશ્ચિમ છેડે ઢળવા લાગ્યું અને લાંગલિક પુષ્પોના ગુચ્છ જેવા તામ્રવર્ણનું, કમલિનીનું ચાહક, વૃદ્ધ સારસ પક્ષીના મસ્તક જેવી લોહિતવર્ણની દિપ્તિવાળું, ત્રણ વેદમય સવિતાનું તેજ અસ્ત પામ્યું; અને જ્યારે અત્યંત તરુણ તમાલ વૃક્ષ જેવો શ્યામલ અને આકાશવ્યાપી અંધકારનો સમૂહ આકાશને મલિન કરવા લાગ્યો; તથા જ્યારે સંચરણ કરી રહેલી સિદ્ધોની સુન્દરીઓના ઝાંઝરના રણકારને અનુસરતો, પેલો મન્દાકિનીનો(-નદીમાં તરતો) હંસ હોય તેવો ચંદ્રમા હળવે હળવે ગગનતલમાં સરકી રહ્યો હતો ત્યારે સન્ધ્યા-વંદન કરીને, રાત્રિનો આરંભ થયો

निपत्य विमुक्ताङ्गी पल्लवशयने तस्थौ । सावित्र्यपि कृत्वा यथाक्रियमाणं सायंतनं क्रियाकलापमुचिते शयनकाले किसलयशयनमभजत जातनिद्रा च सुष्वाप ।

इतरा तु मुहुर्मुहुरङ्गवलनैर्विलुलितकिसलयशयनतला निमीलितनयनापि नालभत निद्राम् । अचिन्तयच्च—'मर्त्यलोकः खलु सर्वलोकानामुपरि, यस्मिन्नेवंविधानि भवति त्रिभुवनभूषणानि सकणगुणग्रामगुरूणि रत्नानि । तथा हि—तस्य मुखलावण्यप्रवाहस्य निष्यन्दबिन्दुरिन्दुः । तस्य च चक्षुषो विक्षेपाः कुमुदकुवलयकमलाकाराः । तस्य चाधरमणेर्दीधितयो विकसितबन्धूकवनराजयः । तस्य चाङ्गस्य परभागोपकरणमनङ्गः । पुण्यभाञ्जि तानि चक्षूंषि चेतांसि यौवनानि वा स्त्रैणानि, येषामसाववविषयो दर्शनस्य । क्षणं नु दर्शयता च तमन्यजन्मजनितेनेव मे फलितमधर्मेण । का प्रतिपत्तिरिदानीम् ?' इति चिन्तयन्त्येव कथंकथमप्युपजातनिद्रा चिरात्क्षणमशेत । सुप्तापि च तमेव दीर्घलोचनं ददर्श । स्वप्नासादितद्वितीयदर्शना चाकर्णाकृष्टकार्मुकेण मनसि निर्दयमताड्यत मकरकेतुना। प्रतिबुद्धाया मदनशराहतायाश्च तस्या वार्तामिवोपलब्धुमरतिराजगाम । तथा हि—ततः प्रभृति कुसुमधूलिधवलाभिर्वनलताभिस्ताडितापि वेदनामधत्त । मन्दमन्दमारुतविधुतेः कुसुमरजोभिरदूषितलोचनाप्यश्रुजलं मुमोच । हंसपक्षतालवृन्तवातव्रातविततैः शोणशीकरैरसिक्ताप्यार्द्रतामगात्। प्रेङ्खत्कादम्बमिथुनाभिरनूढाप्यघूर्णत वनकमलिनीकल्लोलदोलाभिः ।

ત્યાં જ તે સુધ-બુધ ભૂલેલા અંગોવાળી થઈને (સરસ્વતી) પાંદડાઓના શયન ઉપર પડી રહી, સાવિત્રીએ પણ સાંજના સમયે કરવામાં આવતી અનેક ક્રિયાઓ કરીને, સૂવાનો સમય થયો ત્યારે કિસલયોના શયનને સેવ્યું; અને નિદ્રા આવતાં તે તો સૂઈ ગઈ.

પરંતુ બીજી (સરસ્વતી)ને તો વારંવાર પડખાં ફેરવવાથી કિસલયના શયનતલને ચૂંથી નાંખવા છતાંય અને આંખો બંધ કરી રાખી હતી તો પણ ઊંઘ ન આવી. તેણે વિચાર કર્યો--"ખરેખર મર્ત્યલોક જ બધા જ લોકોની ઉપર છે–શ્રેષ્ઠ છે; (કેમ કે) જેની અંદર આવા પ્રકારના, ત્રણેય ભુવનોના આભૂષણ રૂપ અને સકલ ગુણસમૂહથી ગૌરવાન્વિત થયેલાં રત્નો ઉત્પન્ન થાય છે. જેમ કે, – તે (દધીચ)ના મુખલાવણ્યના પ્રવાહમાંથી ચૂએલું જે બિન્દુ, તે જ તો આ ઇન્દુ–ચન્દ્રમા–છે. તેની આંખના જે કટાક્ષો. તે તો કુમુદ, કુવલય અને કમળનો આકાર ધારણ કરી રહ્યા છે. તેના અધરોષ્ઠ રૂપી મણિનાં જે તેજકિરણો તે તો બન્ધુકની ખીલેલી વનરાજિ બનીને ઊભી છે, તેના અંગની શોભા વધારાનારાં જે ઉપકરણો, તે જ તો કામદેવ છે. તે આંખો, તે ચિત્ત, તે યૌવનો, કે તે સ્ત્રીજનો પુણ્યશાળી છે કે જેમણે આ (દધીચ)ને જોયો નથી ! આનું ક્ષણમાત્ર જ જેણે મને દર્શન કરાવ્યું છે, તે જાણે કે અન્ય જન્મમાં મેં કરેલા અધર્મનું ફળ છે. હવે શું કરવું ?" એમ ચિન્તા કર્યા કરતી, તેને મહામુશ્કેલીએ અને લાંબા સમય પછી ઊંઘ આવી; અને તે થોડીક (જ) વાર સૂતી રહી. તે સૂતી હતી છતાંય, તેણે (ઊંઘમાં પણ) તે દીર્ઘ લોચનોવાળા (દધીચ)ને જ જોયો. આમ સ્વપ્નમાં તેનું બીજીવાર દર્શન થતાં, તે કાન સુધી ખેંચાયેલા ધનુષ્યથી મકરકેતુ–કામદેવ–વડે નિર્દયતાપૂર્વક મનમાં (ફરીથી) ઘવાઈ. કામદેવના બાણથી ઘવાયેલી અને જાગી ગયેલી તે (સરસ્વતી)ની સ્થિતિ(ના સમાચાર) જાણવા માટે જાણે અરતિ[૩૮] આવી ચઢી. જેમ કે, ત્યારથી માંડીને, (તેને) પુષ્પોની (પરાગ રૂપી) ધૂળથી સફેદ બનેલી વનલતાઓ પણ જો અથડાય તો તે વેદના અનુભવવા લાગી. ધીમેધીમે વાતા પવનની લહેરોમાંના પુષ્પરાગથી તેનાં લોચનો દુષિત ના થયાં હોય તો પણ તે (લોચનો) અશ્રુજળ સારતાં હતા. હંસોની પાંખો જેવા તાલવૃન્તોના પવનસમૂહથી ફેલાતા, શોણ નદીના જલબિન્દુઓથી સીંચાઈ ના હોય તો પણ તે (સરસ્વતી) ભિની ભિની થઈ ગઈ. હાલતા કૃષ્ણહંસોના[૩૯] યુગલોવાળા વનની કમલિનીઓ અને કકકોલવૃક્ષોના હીંચકે તે નહોતી બેઠી છતાંય તે ચકરાવે ચઢી હતી.

૩૮. વિરક્તિ અથવા ચિત્તની અનવસ્થા

૩૯. કાદમ્બ=કાળા હંસો.

विघटमानचक्रवाकयुगलविसृष्टैरस्पृष्टापि श्यामतामाससाद विरहनिःश्वासधूमैः । पुष्पधूलिधूसरैरदष्टापि व्यचेष्टत मधुकरकुलैः ।

अथ गणरात्रापगमे निवर्तमानस्तेनैव वर्त्मना तं देशं समागत्य तथैव निवारितपरिजनश्छत्रधारद्वितीयो विकुक्षिर्डुढौके । सरस्वती तु तं दूरादेव संमुखमागच्छन्तं प्रीत्या ससंभ्रममुत्थाय वनमृगीवोद्ग्रीवा विलोकयन्ती मार्गपरिश्रान्तमस्नपयदिव धवलितदशदिशा दृशा । कृतासनपरिग्रहं तु तं प्रीत्या सावित्री पप्रच्छ—'आर्य, कच्चित् कुशली कुमारः ?' इति । सोऽब्रवीत्—'आयुष्मति, कुशली । स्मरति च भवत्योः । केवलममीषु दिवसेषु तनीयसीमिव तनु बिभर्ति । अविज्ञायमाननिमित्तां च शून्यतामिवाधत्ते । अपि च । अन्वक्षमागमिष्यत्येव मालतीति नाम्ना वाणिनी वार्तां वो विज्ञातुम् । 'उच्छ्वसितं हि सा कुमारस्य' इति । तच्छ्रुत्वा पुनरपि । सावित्री समभाषत—'अतिमहानुभावः खलु कुमारो यदेवमविज्ञायमाने क्षणदृष्टेऽपि जने परिचितिमनुबध्नाति । तस्य हि गच्छतो यदृच्छया कथमप्यंशुकमिव मार्गलतासु मानसमस्मासु मुहूर्तमासक्तमासीत् । अशून्यं हि सौजन्यमाभिजात्येन वः स्वामिसूनोः । अलसः खलु लोको यदेवं सुलभसौहार्दानि येन केनचिन्न क्रीणाति महतां मनांसि । सोऽयमौदार्यातिशयः 'कोऽपि महात्मनामितरजनदुर्लभो येनोपकरणीकुर्वन्ति त्रिभुवनम्' इति । विकुक्षिस्तूच्चावचैरालापैः सुचिरमिव स्थित्वा यथाभिलषितं देशमयासीत् ।

છુટા પડતાં ચક્રવાકપક્ષીઓના યુગલોએ ફેંકેલા વિરહના નિસાસાઓના ધૂમાડાથી તે નહોતી સ્પર્શાઈ છતાંય તે કાળી પડી ગઈ હતી. પુષ્પોની (પરાગ રૂપી) ધૂળથી ધૂસરિત થયેલા ભમરાઓના સમૂહોએ તેને ડંખ નહોતો માર્યો, છતાંય તે તરફડીયા મારવા લાગી.

આમને આમ ઘણી રાત્રીઓ નીકળી ગઈ ત્યારે (એક દિવસ), તે જ માર્ગેથી પાછો વળતો વિકુક્ષિ તે (લતામંડપવાળા) દેશમાં આવીને પહેલાંની જેમ જ, સેવકવર્ગને રોકી દઈને એક છત્રધારીને પોતાની સાથે રાખીને નજીક આવ્યો. સરસ્વતી તો દૂરથી જ તેને સામે આવતો (જોઈને) પ્રેમથી સંભ્રમ સાથે ઊભી થઈને, વનમૃગલીની જેમ ઊંચી ડોક કરીને જોતી જોતી, માર્ગ ઉપર (ચાલતાં ચાલતાં) થાકી ગયેલા તે (વિકુક્ષિ)ને જાણે કે દશે દિશાઓને ધવલિત કરનારી દૃષ્ટિથી નવડાવ્યો. જેણે આસનનો સ્વીકાર કર્યો છે તેવા તે (વિકુક્ષિ)ને સાવિત્રીએ પ્રેમથી પૂછ્યું :– "હે આર્ય ! તે કુમાર (દધીચ) કુશળ તો છેને ?" તેણે પ્રત્યુત્તર આપ્યો– "હે આયુષ્મતિ ! તે કુશળ છે; અને તમને બન્નેને યાદ કરે છે. કેવળ (વીતેલા) આટલા દિવસોમાં જાણે કે કૃશ થઈ ગયેલા શરીરને તે ધારણ કરે છે. ન સમજી શકાય એવા કોઈક નિમિત્તવાળી જાણે કે શૂન્યતાને તે ધારણ કરે છે. અને વળી તમારા સમાચાર જાણવા માટે (તે દધીચની) 'માલતી' નામની દૂતી સામે (=ટૂંકમાં જ) આવી પહોંચશે જ. કુમાર (દધીચ)ના પ્રાણ સમી તે છે." આટલું સાંભળીને ફરીથી સાવિત્રીએ સંભાષણ કર્યું :– "ખરેખર કુમાર મોટા મહાનુભાવ છે. કેમ કે આમ નહીં ઓળખતા અને એક ક્ષણ માટે જ જોયેલા વ્યક્તિની સાથે પણ તે પરિચય ચાલુ રાખે છે. જેવી રીતે માર્ગ ઉપરની લતાઓમાં સ્વાભાવિક રીતે જ રેશમી વસ્ત્ર ભરાઈ જાય, તેમ (માર્ગ ઉપર) જતા એવા તેમનું મન અવર્ણનીય રીતે અમારી ઉપર ઘડીભર આસક્ત થયું હતું. તમારા સ્વામીના એ પુત્રનું સૌજન્ય કુલીનતાથી શૂન્ય ન હતું, ખરેખર આ (પૃથ્વી) લોક આળસુ છે; કે જે આવાં સહેલાઈથી મેળવી શકાય એવાં સૌહાર્દ ભરેલાં મહાપુરુષોના મનને ગમે તેમ કરીનેય ખરીદી લેતાં નથી. મહાત્માઓના ઔદાર્યનો આ કોઈક ન વર્ણવી શકાય એવો અતિશય છે; કે જે બીજી વ્યક્તિઓમાં મળવો મુશ્કેલ હોય છે; અને જેનાથી તે (મહાત્મા)ઓ ત્રણેય ભુવનની ઉપર ઉપકાર કરે છે." ત્યાર પછી વિકુક્ષિએ જાત જાતની વાતો કરીને, જાણે ઘણો સમય ત્યાં રહીને પછી તેના અભીષ્ટ પ્રદેશમાં જવા ચાલી નીકળ્યો.

1.12

अपरेद्युरुद्यति भगवति द्युमणावुद्दामद्युतावभिद्रुततारके तिरस्कृततमसि तामरसव्यासव्यसनिनि सहस्त्ररश्मौ शोणमुत्तीर्यायान्ती, तरलदेहप्रभा-वितान-च्छलेनात्यच्छं सकलं शोणसलिलमिवानयन्ती, स्फुटितातिमुक्तककुसुमस्त-बकसमत्त्विषि सट्टाले महित मृगपताविव गौरी तुरंगमे स्थिता, सलीलमुरोबन्धारोपितस्य तिर्यगुत्कर्णतुरगाकर्ण्य, माननूपुरपटुरणितस्यातिबहलेन पिण्डालक्तकेन पल्लवितस्य कुङ्कुमपिञ्जरितपृष्ठस्य चरणयुगलस्य प्रसरद्भिरतिलोहितैः प्रभाप्रवाहैरुभयतस्ताडनदोहदलोभागतानि किसलयितानि रक्ताशोकवनानीवाकर्षयन्ती, सकलजीवनलोकहृदयहठ-हरणाघोषणयेव रशनया शिञ्जानजघनस्थला, धौतधवल-नेत्रनिर्मितेन निर्मोकलघुतरेणाप्रपदीनेन कञ्चुकेन तिरोहिततनुलता, छातकञ्चुकान्तरदृश्यमानैराश्यानचन्दन-धवलैरवयवैः स्वच्छसलिलाभ्यन्तरविभाव्यमानमृणाल-काण्डेव सरसी, कुसुम्भरागपाटलं पुलकबन्धचित्रं चण्डातकमन्तःस्फुटं स्फटिकभूमिरिव रत्ननिधानमादधाना, हारेणामलकीफलनिस्तलमुक्ताफलेन* स्फुरितस्थूलग्रहगण-शारा शारदीव श्वेतविरलजलधरपटलावृता द्यौः, कुचपूर्णकलशयोरुपरि रत्नप्रालम्बमालिकामरुण-हरितकिरणकिसलयिनीं कस्यापि पुण्यवतो हृदयप्रवेशवनमालिकामिव बद्धां धारयन्ती,

---

* निस्तुल

1.12

બીજે દિવસે; આકાશના મણિ સમા, પ્રખર કિરણોવાળા, તારાઓની ઉપર આક્રમણ કરનાર અન્ધકારને નસાડનાર અને કમળોને ખીલવવાનું જેમ કે વ્યસન પડ્યું છે તેવા હજારો કિરણોવાળા ભગવાન્ સૂર્ય ઉદય પામ્યા ત્યારે, શોણ નદીને પાર ઉતરીને, આવતી માલતી દેખાઈ.–તે માલતી, (પોતાની) તરલ એવી દેહ પ્રભાના વિસ્તારના બહાને, જાણે શોણ નદીના અત્યંત સ્વચ્છ સકલ જલ(સમૂહ)ને લઈ આવતી હતી. જેમ કેશવાળીવાળા મોટા સિંહ ઉપર ગૌરી (પાર્વતી) બેઠા હોય તેમ, ખીલેલા 'અતિમુક્તક' નામનાં પુષ્પોના ગુચ્છની કાન્તિવાળા, કેશવાળા મોટા ઘોડા ઉપર તે ગૌર અંગવાળી (માલતી) બેઠી હતી. લીલાપૂર્વક 'ઉરુબન્ધ' ઉપર ગોઠવેલા, ત્રાંસા ઊંચા કરેલા કાનથી ઘોડો–જેને સાંભળી રહ્યો હતો તેવા ઝાંઝરના મધુર રણકારવાળા, અતિ પુષ્કળ સઘન અળતો લગાડવાથી પલ્લવિત થયેલા, કુંકુમથી ચેરાયેલા (પગના) તળીયાના ભાગવાળા ચરણ-યુગલની ચારે બાજુએ ફેલાતાં અતિશય લાલ તેજપ્રવાહોથી જાણે કે (ઘોડાની) બન્ને બાજુએ, (પગથી) ખુંદાવાની ઈચ્છાના લોભથી આવી પહોંચેલાં, (લાલા) કિસલયોવાળા, લાલ અશોકવૃક્ષોના વનોને તે (માલતી) ખેંચી લાવતી હતી. જાણે કે સમગ્ર જીવલોકના હૃદયોને હઠપૂર્વક ખેંચી લાવવાની ઘોષણા કરતી હોય તેવી રશના (કેડ ઉપરના કંદોરા)થી તેની જાંઘનો ભાગ રણકી રહ્યો હતો. સ્વચ્છ સફેદ રેશમી વસ્ત્રમાંથી નિર્મેલા હોય તેવા, સાપની કાંચળી જેવા બારીક અને પગ સુધી લંબાયેલા કંચુકથી તેની દેહ રૂપી લતા ઢંકાયેલી હતી. (શરીર ઉપર) આચ્છાદિત કંચુકની અંદર દેખાતા અને સૂકાયેલા ચંદન જેવાં ધવલ અંગોથી; તે (માલતી) જાણે સ્વચ્છ પાણીની અંદર દેખાતા કમળ દાંડલાવાળું સરોવર હોય તેવી લાગતી હતી. કુસુમ્ભના રંગ જેવા લાલ, વિવિધ રંગના બુટ્ટાઓથી સુંદર લાગતા (અથવા એક પ્રકારના મણિ-મણકા-ઓ ભરેલા હોવાથી સુંદર લાગતા), સ્ફટિક (નિર્મિત) ભૂમિમાં રત્નો જડ્યા હોય તેવા, અંદરથી પહોળા ચંડાતકને તેણે ધારણ કર્યો હતો. આમળાના ફળ જેવા ગોળ મોતીઓના હારથી; તે (માલતી) જાણે ચમકતા મોટા ગ્રહ (તારા)ઓના સમૂહથી વિચિત્ર બનેલ; અને સફેદ, આછાં વાદળોના ટૂકડાઓથી વીંટળાયેલ શરદ્ઋતુનું આકાશ હોય તેવી લાગતી હતી. બે સ્તન રૂપી પૂર્ણ કલશ ઉપર બાંધવામાં આવેલી, લાલ અને લીલાં કિરણો રૂપી કિસલયોવાળી અને કોઈક પુણ્યશાળીના હૃદયમાં પ્રવેશ કરાવનારી (પૂર્ણ કલશ ઉપર બાંધેલી) (પત્રો અને પાંદડાંમાંથી બનાવેલી>) વનમાળા હોય તેવી, રત્નોની પ્રાલમ્બ માળાને તે ધારણ કરી હતી.

प्रकोष्ठनिविष्टस्यैकस्य हाटककटकस्य मरकतमकर-वेदिकासनाथस्य हरितीकृतदिगन्ताभिर्मयूखसंततिभिः स्थलकमलिनीभिरिव लक्ष्मीशङ्कयानुगम्यमाना, अतिबहलताम्बूलकृष्णिकान्धकारितेनाधरसंपुटेन मुखशशिपीत ससंध्यारागं तिमिरमिव वमन्ती, विकचनयनकुवलयकुतूहलालीनयालिकुलसंहत्या नीलांशुकजालिकयेव निरुद्धार्धवदना, नीलीरागनिहितनीलिम्ना शिखिगलशितिना* वामश्रवणाश्रयिणा दन्तपत्रेण कालमेघपल्लवेन विद्युदिव द्योतमाना, बकुलफलानुकारिणीभिस्तिसृभिर्मुक्ताभिः कल्पितेन बालिकायुगलेनाधोमुखेनालोकजलवर्षिणा सिञ्चन्तीवातिकोमले भुजलते, दक्षिणकर्णावतंसितया केतकीगर्भपलाशलेखया रजनिकरजिह्वालतयेव लावण्यलोभेन लिह्यमानकपोलतला, तमालश्यामलेन मृगमदामोदनिष्यन्दिना तिलकबिन्दुना मुद्रितमिव मनोभवसर्वस्वं वदनमुद्वहन्ती, ललाटलासकस्य सीमन्तचुम्बिनश्चटुलातिलकमणेरुदञ्चता चटुलेनांशुजलालेनेव रक्तांशुकेनेव कृतशिरोवगुण्ठना, पृष्ठप्रेङ्खदनादरसंयमनशिथिलजूटिकाबन्धा नीलचामरावचूलिनीव, चूडामणिमकरिकासनाथा मकरकेतुपताकेव कुलदेवतेव चन्द्रमसः, पुनःसञ्जीवनौषधिरिव पुष्पधनुषः, वेलेव रागसागरस्य, ज्योत्स्नेव यौवनचन्द्रोदयस्य, महानदीव रतिरसामृतस्य, कुसुमोद्गतिरिव सुरततरोः, बालविद्येव वैदग्ध्यस्य, कौमुदीव कान्तेः, धृतिरिव धैर्यस्य, गुरुशालेव गौरवस्य बीजभूमिरिव विनयस्य, गोष्ठीव गुणानाम्,

* शितिगलर्शिनिना

કાંડામાં ખોસેલા (પહેરેલા) મરકત(પન્ના)માંથી બનાવેલી મગરાકૃતિથી સનાથ થયેલા, એક સોનાના કડાની; દિશાઓના અન્તભાગને લીલી બનાવતી, તેજકિરણોની હારમાળાથી; જાણે કે સ્થલ-કમલિનીઓ વડે 'આ લક્ષ્મી છે' એવી આશંકાથી તે (માલતી) અનુસરાતી હતી. અતિશય તામ્બૂલ (=પાન) (ચાવવા)થી (પડી ગયેલી) કાળી રેખાઓની કાળાશવાળા અધર–ઓષ્ઠ–સંપુટથી; જાણે કે તેના મુખ રૂપી ચન્દ્રે પીધેલા, સન્ધ્યાની લાલાશ સહિતના અન્ધકારને તે બહાર ફેંકતી હતી. વિસ્ફારિત નયનો રૂપી કુવલયના કુતૂહલથી ભેગા મળેલા ભમરાઓના સમૂહથી; જાણે કે નીલ રેશમી વસ્ત્રની જાળીથી તેનું અર્ધું મુખ ઢંકાયેલું હતું. જેમ પ્રલય કાળનાં વાદળોના સમૂહથી વિજળી શોભે તેમ, નીલી (નામની ઔષધિ=ગળી)નો રંગ પૂરીને નીલા વર્ણના બનાવેલા, મયૂરના ગળા (કંઠ) જેવી નીલિમાવાળા, ડાબા કાનમાં ધારણ કરેલા 'દન્તપત્ર'થી, તે પ્રકાશતી હતી. બકુલ (બોરસલ્લી)ના ફળનું અનુકરણ કરનારા ત્રણ મોતીઓથી બનાવેલ, અધો મુખવાળી, પ્રકાશ રૂપી જળ વર્ષાવતી (કાનની) બે વાળીઓથી તે (માલતી); જાણે (પોતાની) અતિકોમળ એવી બે ભુજાઓ રૂપી લતાને સિંચી રહી હતી. જમણા કાનના આભૂષણ તરીકે (લટકાવેલ) કેતકીના ગર્ભપત્ર (=અંદરના અણીદાર પાંદડા) જેવી કેસુડાની રેખાથી; જાણે કે લાવણ્યના લોભથી (પ્રેરાયેલા) ચન્દ્રમાની જીભ રૂપી લતાથી, તેના ગાલનો ભાગ ચટાઈ રહ્યો હતો. તમાલવૃક્ષ જેવા શ્યામળા, (મૃગની) કસ્તૂરીની ગન્ધને ટપકાવતા ગોળ તિલકથી; જાણે કે કામદેવનું સર્વસ્વ (એક જ જગ્યાએ)(તેના મુખ ઉપર) અંકિત થયું હોય તેવા મુખને તે ધારણ કરતી હતી. લલાટ ઉપર લટકનાર (નાચનાર) અને સીમન્ત (કેશ)ને સ્પર્શનાર 'ચટુલાતિલક' મણિમાંથી પ્રસરતા, લાલ રેશમી વસ્ત્ર જેવા, ચંચળ કિરણસમૂહથી; તેણે જાણે મસ્તક ઉપર અવગુંઠન રચ્યું હતું. પીઠ ઉપર લટકતા, બેધ્યાનથી ગુંથવાને કારણે શિથિલ પડી ગયેલા ચોટલાવાળી તે જાણે કે નીલ ચામરોના ચિહ્નવાળી હોય તેવી લાગતી હતી. મકરના ચિહ્નવાળાં આભૂષણ (મકરિકા)થી સનાથ થયેલા ચૂડામણિવાળી તે જાણે કે કામદેવની ધજા હોય; કે ચન્દ્રમાની કુલદેવતા હોય તેવી લાગતી હતી. તે (માલતી) જાણે કે પુષ્પ રૂપી ધનુષ્યવાળા (કામદેવ) ને ફરીથી સજીવન કરનારી ઔષધિ હતી, રાગ (પ્રેમ) રૂપી સાગરનો કિનારો હતી, યૌવન રૂપી ચન્દ્રોદયની ચન્દ્રિકા (જ્યોત્સના) હતી, પ્રેમ રસરૂપી અમૃત વહાવનારી મહાનદી હતી, સુરત (કામક્રીડા) રૂપી વૃક્ષને ફુલ ખીલ્યાં હોય તેવી હતી; નિપુણતાની બાલવિદ્યા હતી, કાન્તિની કૌમુદી હતી, ધૈર્યની (પણ) ધૃતિ હતી, ગૌરવની (પણ) ગુરુશાળા હતી, વિનયની બીજભૂમિ હતી, ગુણોની ગોષ્ઠિ હતી,

मनस्वितेव महानुभावतायाः, तृप्तिरिव तारुण्यस्य, कुवलयदलदामदीर्घलोचनया पाटलाधरया कुन्दकुड्मलस्फुटदशनया शिरीषमालासुकुमारभुजयुगलया कमलकोमलकरया बकुलसुरभिनिःश्वसितया चम्पकावदातदेहया कुसुममय्येव ताम्बूलकरण्डवाहिन्या महाप्रमाणाश्वतरारूढयानुगम्यमाना, कतिपयपरिचारकपरिकरा मालती समदृश्यत । दूरादेव च दधीचप्रेम्णा सरस्वत्या लुण्ठितेव मनोरथैः, आकृष्टेव कुतूहलेन, प्रत्युद्गतेवोत्कलिकाभिः, आलिङ्गितेवोत्कण्ठया, अन्तःप्रवेशितेव हृदयेन, स्नपितेवानन्दाश्रुभिः, विलिप्तेव स्मितेन, वीजितेवोच्छ्वसितैः, आच्छादितेव चक्षुषा, अभ्यर्चितेव वदनपुण्डरीकेण, सखीकृतेवाशया सविधमुपययौ। अवतीर्य च दूरादेवानतेन मूर्ध्ना प्रणाममकरोत् । आलिङ्गिता च ताभ्यां सविनयमुपाविशत् । सप्रश्रयं ताभ्यां संभाषिता च पुण्यभाजनमात्मानममन्यत । अकथयच्च दधीचसंदिष्टं शिरसि निहितेनाञ्जलिना नमस्कारम् । अगृह्णाच्चाकारतः प्रभृत्यग्राम्यतया तैस्तैरतिपेशलैरालापैः सावित्रीसरस्वत्योर्मनसी ।

क्रमेण चातीते मध्यंदिनसमये शोणमवतीर्णायां सावित्र्यां स्नातुमुत्सारितपरिजना साकूतेव मालती कुसुमस्रस्तशायिनी* समुपसृत्य सरस्वतीमाबभाषे—'देवि, विज्ञाप्यं नः किञ्चिदस्ति रहसि । यतो मुहूर्तमवधानदानेन प्रसादं क्रियमाणमिच्छामि' इति । सरस्वती तु दधीचसंदेशाशङ्किनी किं वक्ष्यतीति स्तननिहितवामकरनखरकिरणदन्तुरितम्

* कुसुमप्रस्तरशायिनीं

મહાનુભાવતાની મનસ્વિતા હતી, તારુણ્યની તૃપ્તિ હતી.[૪૦] વળી, કુવલય દલની માળા જેવા લાંબાં નેત્રોવાળી, લાલ અધરોષ્ઠવાળી કુન્દ પુષ્પની કળીઓ જેવા સ્વચ્છ દાંતવાળી, શિરીષ પુષ્પની માળા જેવી અતિકોમળ બે ભુજાઓવાળી, કમળ જેવા કોમળ હાથવાળી, બોરસલ્લીની સુગન્ધિ જેવા ઉચ્છ્વાસવાળી, ચમ્પક પુષ્પોના જેવા શ્વેત દેહવાળી અને જાણે પુષ્પોથી જ બનાવેલી હોય તેવી; તામ્બૂલનો કરંડક[૪૧] લઈ આવનારી અને મોટા કદના અશ્વતર[૪૨] ઉપર આરૂઢ થયેલી એક સ્ત્રી વડે તે (માલતી) અનુસરાતી હતી, તથા તેને કેટલાક સેવકો વીંટળાયેલા હતા–દૂરથી જ, દધીચ ઉપરના પ્રેમને કારણે સરસ્વતી વડે જાણે[૪૩] તે (માલતી) લૂંટાઈ ગઈ હોય, કુતૂહલથી ખેંચાઈ હોય, ઉત્કલિકાઓથી[૪૪] સામે જવાઈ હોય, ઉત્કંઠાથી આલિંગન પામી હોય, હૃદયથી અંદર પ્રવેશ કરાવાઈ હોય, આનન્દનાં અશ્રુઓથી સ્નાન કરાવાઈ હોય, સ્મિતથી લીંપાઈ હોય, ઉચ્છ્વાસોથી પવન નંખાઈ હોય, આંખોથી ઢાંકી દેવાઈ હોય, મુખ રૂપી શ્વેતકમળથી પૂજાઈ હોય, આશાથી મિત્ર બનવાઈ હોય તેવી તે (માલતી) (સરસ્વતીની) નજીક ગઈ. દૂરથી જ (ઘોડા ઉપરથી) નીચે ઉતરીને નતમસ્તકે પ્રણામ કર્યા. તે બે (સરસ્વતી અને સાવિત્રી) વડે આલિંગન અપાયેલી તે વિનયપૂર્વક બેઠી. નમ્રતાથી તે બે વડે સંભાષણ કરાયેલી તેણે (માલતીએ) પોતાની જાતને પુણ્યશાળી ગણી. મસ્તક ઉપર અંજલી રચીને, તેણે દધીચે પાઠવેલા નમસ્કાર કહ્યા. તેણે પોતાના આકાર (=દેહસૌન્દર્ય)થી માંડીને, શિષ્ટતાથી અને તે તે મધુર વાર્તાલાપોથી સાવિત્રી અને સરસ્વતીનું મન જીતી લીધું.

ધીમે ધીમે બપોરનો સમય વીત્યા પછી અને સાવિત્રી સ્નાન કરવા માટે શોણ નદીમાં ઊતરી ત્યારે; માલતી ચોક્કસ ઈરાદા સાથે, (પોતાના) સેવકવર્ગને દૂર ખસેડી દઈને, પુષ્પોની પથારીમાં સૂતેલી સરસ્વતીની પાસે જઈને બોલી:– ''હે દેવિ! અમારે એકાન્તમાં કંઈક કહેવાનું છે. આથી ઘડીકવાર ધ્યાન આપીને (તમે) કૃપા કરો એમ હું ઇચ્છું છું.'' દધીચનો કંઈક સંદેશો હશે એવી આશંકા રાખતી અને કામદેવના બાણોથી સંતપ્ત થયેલી સરસ્વતી પણ પુષ્પની પથારીમાંથી ધીમે ધીમે ઊઠી.–'આ (માલતી) શું કહેશે ?' એ વિચારે, તેણે સ્તન ઉપર મૂકેલા ડાબા હાથનાં નખકિરણોથી રોમાંચિત થયેલ,

---

૪૦. આ બધાં વાક્યોમાં 'જાણે કે' ઉમેરી લેવું. ૪૧ પાનની પેટી ૪૨ તરુણ અશ્વ અથવા ગધેડાથી ઘોડીમાં જન્મેલાને 'અશ્વતર' કહે છે. (સંકેત) અથવા 'ખચ્ચર' નેપણ અશ્વતર કહેવાય. ૪૩ જુવો : ૪૦. ઉપર. ૪૪. બેચેની, લાલસા કે તરંગો.

उद्भिद्यमानकुतूहलाङ्कुरनिकरमिव हृदयमुत्तरीयदुकूलवल्कलैकदेशेन संछादयन्ती, गलतावतंसपल्लवेन श्रोत्रं श्रवणेनेव कुतूहलाद्धावमानेना(उपलक्षिता) विरतश्वाससंदोहदोलायितां जीविताशामिव समासन्नतरुणतरुलतामवलम्बमाना, समुत्फुल्लस्य मुखशशिनो लावण्यप्रवाहेण शृङ्गाररसेनेवाप्लावयन्ती सकलं जीवलोकम्, शयनकुसुमपरिमललग्नैर्मधुकरकदम्बकैर्मदनानलदाहश्यामलैर्मनोरथैरिव निर्गत्य मूर्तैरुत्क्षिप्यमाणा, कुसुमशयनीयात्स्मरशरसंज्वरिणी, मन्दं मन्दमुदगात् । 'उपांशु कथय' इति कपोलतलप्रतिबिम्बितां लज्जया कर्णमूलमिव मालतीं प्रवेशयन्ती मधुरया गिरा सुधीरमुवाच—'सखि मालति, किमर्थमेवमभिदधासि ? काहमवधानदानस्य शरीरस्य प्राणानां वा ? सर्वस्याप्रार्थितोऽपि प्रभवत्येवातिवेलं चक्षुष्यो जनः । सा न काचिद्या न भवसि मे स्वसा सखी प्रणयिनी प्राणसमा च । नियुज्यतां यावतः कार्यस्य क्षमं क्षोदीयसो गरीयसो वा शरीरकमिदम् । अनवस्करमाश्रवं त्वयि हृदयम्। प्रीत्या प्रतिसरा विधेयास्मि ते । व्यावृणु वरवर्णिनि, विवक्षितम्' इति । सा त्ववादीत्—'देवि, जानास्येव माधुर्यं विषयाणाम्, लोलुपतां चेन्द्रियग्रामस्य, उन्मादितां च नवयौवनस्य, पारिप्लवतां च मनसः । प्रख्यातैव मन्मथस्य दुर्निवारता । अतो न मामुपालम्भेनोपस्थातुमर्हसि । न च बालिशता चपलता चारणता वा वाचालतायाः कारणम् । न किंचिन्न कारयत्यसाधारणा स्वामिभक्तिः । सा त्वं देवि, यदैव दृष्टासि देवेन तत एवारभ्यास्य कामो गुरुः, चन्द्रमा जीवितेशः, मलयमरुदुच्छ्वासहेतुः,

જાણે કે ફુટી નીકળેલ કુતૂહલ રૂપી અંકુરોના સમૂહ હોય તેવા હૃદયને, ઉત્તરીય રૂપે રહેલા રેશમી વસ્ત્ર જેવા વલ્કલના એક છેડાથી તે (સરસ્વતી) ઢાંકતી હતી. જાણે કે કુતૂહલથી સાંભળવા માટે દોડી જતો કાન હોય તેવા, (કાનમાંથી) નીકળી જતા કર્ણાભૂષણ રૂપ પલ્લવથી તે શોભતી હતી.[૪૫]

જાણે કે સતત (ચાલતા) શ્વાસોચ્છ્વાસના સમૂહથી દોલાયમાન થયેલી જીવિતાશા હોય તેવી નજીકમાં રહેલી (એક) નાની વૃક્ષલતાનું તે (સરસ્વતી) અવલંબન લઈ રહી હતી. પૂર્ણ ખીલેલા મુખ રૂપી ચન્દ્રમાના લાવણ્યપ્રવાહ રૂપી શૃંગારરસથી જાણે કે સકળ જીવલોકને તે ભીંજવતી હતી. પથારીના પુષ્પોના પરિમલમાં આસક્ત થયેલા અને કામાગ્નિના દાહથી કાળા પડી ગયેલા ભમરાઓના સમૂહોથી, જાણે કે બહાર નીકળીને મૂર્તિમન્ત થયેલા મનોરથો વડે તે (સરસ્વતી) ઉઠાડવામાં આવતી હતી.–(પુષ્પોની પથારીમાંથી ધીમે ધીમે ઉઠેલી સરસ્વતીએ) ''એકદમ ધીમેથી (કાનમાં) કહે'' એમ (કહીને); ગાલના ભાગ ઉપર પ્રતિબિમ્બિત થતી એવી માલતીને, જાણે શરમપૂર્વક કાનના મૂળ ભાગમાં પ્રવેશ કરાવતી હોય તેમ મધુર વાણીથી ધીરે રહીને કહ્યું:–''સખિ માલતિ! શાં માટે તું આમ માને છે ? તારી વાત ઉપર ધ્યાન આપનાર, કે (મારા) શરીર અને પ્રાણો ઉપર પણ (ધ્યાન આપનાર) હું કોણ ? કેવળ તે એક અનુકૂળ (દર્શનીય) વ્યક્તિ (મારી) બધી જ વસ્તુઓની, માંગ્યા વિના જ, માલિક છે. તે તું મારી એવી કોઈ સ્ત્રી વ્યક્તિ નથી, કે જે મારી બહેન, બહેનપણી, વિશ્વાસપાત્ર અને પ્રાણસમી ના હોય. જેટલા નાના કે મોટા કામની ક્ષમતાવાળું આ શરીર હોય, તેમાં તેને તું નિયોજ. તારે વિષે (મારું) હૃદય ખાનગી અને કહ્યું કરનાર છે. પ્રેમથી હું તને અનુકૂળ અને વશ વર્તનારી છું. હે ઉત્તમ રૂપરંગવાળી સ્ત્રી! તારે જે કહેવાની ઇચ્છા હોય તે પ્રકટ કર.'' તેણે (માલતીએ) કહ્યું : ''હે દેવિ! તું વિષયોનું માધુર્ય, ઇન્દ્રિયસમૂહની લોલૂપતા, નવયૌવનની ઉન્મત્તતા અને મનની ચંચળતા જાણે જ છે. કામદેવને રોકવા મૂશ્કેલ છે એ વાત પ્રખ્યાત જ છે. આથી તારે મને ઉપાલંભ આપવો ઉચિત નથી. કોઈ બાલિશતા, ચંચળતા કે લુચ્ચાઈ (મારી) વાચાળતાનું કારણ નથી. વળી, સ્વામી પ્રત્યેની અસાધારણ ભક્તિ (માણસ પાસે) શું નથી કરાવતી ? તો હે દેવિ! તેવા તમે, જ્યારથી માંડીને અમારા સ્વામી (દધીચ) વડે જોવાયા છો; ત્યારથી જ માંડીને આમનો (દધીચનો) કામદેવ ગુરુ બન્યો છે! ચન્દ્રમાં જીવિતેશ્વર છે; મલય (પર્વત) ઉપરથી આવતો પવન ઉચ્છ્વાસ (ફેંકવા)નું કારણ બન્યો છે;

૪૫. આ વાક્યમાં गलता अवतंसपल्लवेन પછી उपलक्षिताનો અધ્યાહાર લેવાનો છે.

आधयोऽन्तरङ्गस्थानेषु, संतापः परमसुहृत्, प्रजागर आप्तः, मनोरथाः सर्वगताः, निःश्वासा विग्रहाग्रेसराः, मृत्युः पार्श्ववर्ती, रणरणकः संचारकः संकल्पा बुद्ध्युपदेशवृद्धाः । किंच विज्ञापयामि । अनुरूपो देव इत्यात्मसंभावना, शीलवानिति प्रक्रमविरुद्धम्, धीर इत्यवस्थाविपरीतम्, सुभग इति त्वदायत्तम्, स्थिरप्रीतिरिति निपुणोपक्षेपः, जानाति सेवितुमित्यस्वामिभावोचितम्, इच्छति दासभावमामरणात्कर्तुमिति धूर्तालापः, भवनस्वामिनी भवेत्युपप्रलोभनम्, पुण्यभागिनी भजति भर्तारं तादृशमिति स्वामिपक्षपातः, त्वं तस्य मृत्युरित्यप्रियम्, अगुणज्ञासीत्यधिक्षेपः, स्वप्नेऽप्यस्य बहुशः कृतप्रसादासीत्यसाक्षिकम्, प्राणरक्षार्थमर्थयत इति कातरता तत्र गम्यतामित्याज्ञा, वारितोऽपि बलादागच्छतीति परिभवः । तदेवमगोचरे गिरामसीति श्रुत्वा देवी प्रमाणम्' इत्यभिधाय तूष्णीमभूत् ।

1.13

अथ सरस्वती प्रीतिविस्फारितेन चक्षुषा प्रत्यवादीत्—'अयि, न शक्नोमि बहु भाषितुम् । एषास्मि ते स्मितवादिनि वचसि स्थिता । गृह्यन्താममी प्राणाः' इति । मालती तु 'देवि, यदाज्ञापयसि, अतिप्रसादाय'

શરીરનાં અન્તરંગ સ્થાનોમાં આધિઓ ફૂટી નીકળી છે; સંતાપ જ પરમમિત્ર બન્યો છે; ઉજાગરો સ્વજન બન્યો છે, (તેના) મનોરથો ચારે બાજુએ ફેલાઈ ગયા છે, (તેના) શરીરની આગળ નિસાસાઓ ચાલે છે અને મૃત્યુ તો બાજુમાં જ ફરે છે. બેચેની (તેની) જાસુસી કરે છે અને (જાતજાતના) સંકલ્પો તેની બુદ્ધિને ઉપદેશ આપનારા વૃદ્ધજનો છે!! બીજું શું જણાવું ?–'(અમારા) દેવ (દધીચ) (તમારા માટે) અનુરૂપ છે' એમ કહીશ તો તે (અમારી) જાતના વખાણ ગણાશે. 'તેઓ ચારિત્ર્યવાન છે' એમ કહીશ, તો આજે વાત કરી રહી છું તેની વિરુદ્ધ લાગશે. 'તેઓ ધીર છે' એમ કહીશ, તો તે (તેમની હાલની) અવસ્થાની વિપરીત છે. 'તેઓ સુભગ છે' એમ કહીશ તો તેવું તો તમે જ કહી શકો. '(તેમની) તમારા વિષે સ્થિર પ્રીતિ છે' એમ કહીશ તો, તે ચતુરાઈ ભરી રજુઆત લાગશે. 'તેઓ (તમારી) સેવા કરવાનું જાણે છે' એમ કહીશ તો, તે (મારા) સ્વામિને માટે ઉચિત નથી. 'મરણ પર્યન્ત (તમારા) દાસ બની રહેવા (ગુલામી કરવા) ઇચ્છે છે' એમ કહીશ તો તે લુચ્ચાઈ ભરી વાત ગણાશે. "(મારા) મહેલની સ્વામિની બન" એમ કહેવડાવે છે એમ કહીશ તો તે લાલચ આપી ગણાશે. 'પુણ્યશાળી વ્યક્તિઓને જ આવા પતિ મળે' એમ કહીશ તો તે મારા સ્વામી તરફ (મેં) પક્ષપાત કર્યો ગણાશે. 'તું આમના મૃત્યુનું કારણ બનીશ' એમ કહેવું અપ્રિય બની રહેશે..'તું ગુણજ્ઞ નથી' એમ કહેવું તે આક્ષેપ ગણાશે. 'તેં આના સ્વપ્નમાં પણ અનેકવાર (દર્શન આપીને) કૃપા કરી છે' એમ કહીશ, તો એનું કોઈ સાક્ષી નથી! '(મારા) સ્વામીના પ્રાણોની રક્ષા કરવા માટે (તારી પાસે) માંગણી કરું છું' એમ કહેવું તેમાં બિચારાપણું છે. 'ત્યાં (દધીચ પાસે) ચાલ' એમ કહીશ તો તે આજ્ઞા કરી ગણાશે. 'તેને રોકી રાખવા છતાંય પણ તે હઠ કરીને આવે છે' એમ કહેવામાં (અમારો) પરાજય છે. –તો આ પ્રમાણે તમે (=સરસ્વતી દેવી) વાણીથી અગોચર છો, બસ, હવે આ સાંભળીને (શું કરવું કે ના કરવું ? એ વિષે) (તમે) દેવી જ નિર્ણાયક છો" એમ કહીને, તે (માલતી) મૌન થઈ.

1.13

ત્યાર પછી, સરસ્વતીએ પ્રેમથી વિસ્ફારિત કરેલી આંખોથી (તે માલતીને જોતાં જોતાં) "કહ્યું- અરે! બહુ બોલવાની મારામાં શક્તિ નથી. હે સ્મિતપૂર્વક બોલનારી! હું તારું કહ્યું કરનારી આ ઊભી. લે આ (મારા) પ્રાણોને ગ્રહણ કર." માલતીએ પણ, "હે દેવિ! (અમારી ઉપર) કૃપા કરવા માટે આપ જે આજ્ઞા કરો છો

इति व्याहृत्य प्रहर्षपरवशा प्रणम्य प्रजविना तुरगेण ततार शोणम् । अगाच्च दधीचमानेतुं च्यवनाश्रमपदम् । इतरा तु सखीस्नेहेन सावित्रीमपि विदितवृत्तान्तामकरोत् । उत्कण्ठाभारभृता च ताम्यता चेतसा कल्पायितं कथंकथमपि दिवसशेषमनैषीत् । अस्तमुपगते च भगवति गभस्तिमति, स्तिमिततरमवतरति तमसि, प्रहसितामिव सितां दिशं पौरन्दरीं दरीमिव केसरिणि मुञ्चति चन्द्रमसि, सरस्वती शुचिनि चीनांशुकसुकुमारतरे तरङ्गिणि दुगूलकोमलशयन इव शोणसैकते समुपविष्टा, स्वप्नकृतप्रार्थनापादपतनलग्नां दधीचचरणनखचन्द्रिकामिव ललाटिकां दधाना, गण्डस्थलादर्शप्रतिबिम्बितेन 'चारुहासिनि, अयमसावाहृतो हृदयदयितो जनः' इति श्रवणसमीपवर्तिना निवेद्यमानमदनसंदेशेवेन्दुना, विकीर्यमाणनखकिरणचक्रवालेन वालव्यजनीकृतचन्द्रकलाकलापेनेव करेण वीजयन्ती स्वेदिनं कपोलपट्टम्, 'अत्र दधीचादृते न केनचित्प्रवेष्टव्यम्' इति तिरश्चीनं चित्तभुवा पातितां विलासवेत्रलतामिव बालमृणालिकामधिस्तनं स्तनयन्ती, कथमपि हृदयेन वहन्ती प्रतिपालयामास । आसीच्चास्या मनसि—'अहमपि नाम सरस्वती यत्रामुना मनोजन्मना जानत्येव परवशीकृता । तत्र का गणनेतरासु तपस्विनीष्वतितरलासु तरुणीषु' इति ।

आजगाम च मधुमास इव सुरभिगन्धवाहः, हंस इव कृतमृणालधृतिः, शिखण्डीव घनप्रीत्युन्मुखः, मलयानिल इवाहितसरसचन्दनधवलतनुलतोत्कम्पः

(તેનો હું સ્વીકાર કરું છું)'' એમ કહીને; પ્રકૃષ્ટ હર્ષથી પરવશ બનેલી તે (માલતી), (સરસ્વતીને) પ્રણામ કરીને, ખૂબ વેગીલા ઘોડાથી શોણને પેલે પાર નીકળી ગઈ. દધીચને (સરસ્વતીની પાસે) લઈ આવવા માટે તે ચ્યવનના આશ્રમમાં પહોંચી. બીજીએ (–સરસ્વતીએ) પણ સખી ઉપરના સ્નેહથી સાવિત્રીને (બધા) વૃત્તાન્તથી વાકેફ કરી. ઉત્કંઠાના ભારથી ભરેલી તેણે, ઉદ્વિગ્ન થતા ચિત્તથી, એક કલ્પ (યુગ) જેવડા બની ગયેલા દિવસના બાકીના સમયને મહામુશ્કેલીએ પસાર કર્યો. ત્યાર પછી; ભગવાન સૂર્ય અસ્ત પામ્યા, અન્ધકાર ચૂપચાપ નીચે ઉતરવા લાગ્યો અને જેમ સિંહ ગુફામાંથી બહાર નીકળે તેમ, ચન્દ્રમા જાણે હસતી હોય તેવી ઉજ્જ્વળ પૂર્વદિશામાંથી બહાર આવ્યો ત્યારે; સરસ્વતી પવિત્ર એવા, ચીનાંશુક જેવા અતિકોમળ તરંગોના ચિહ્નવાળા રેશમની સુંવાળી પથારી હોય તેવા શોણનદીના રેતાળ પટ ઉપર બેઠી. જાણે કે સ્વપ્નમાં પ્રાર્થના કરવા પગે પડેલા દધીચના ચરણોના નખોની કાન્તિ હોય તેવી 'લલાટિકા'ને તે ધારણ કરતી હતી. ગણ્ડસ્થલ (ગાલ) રૂપી અરીસામાં પ્રતિબિમ્બિત થયેલા, કાનની નજીક રહેલા ચન્દ્રમા વડે 'હે રમણીય હાસ્યવાળી! લે આ (તારો) હૃદયપ્રિય વ્યક્તિ તારી પાસે ખેંચી લાવવામાં આવ્યો' એમ જાણે કે તેને કામદેવનો સંદેશો સંભળાવવામાં આવતો હતો. જાણે ચન્દ્રની કળાઓના સમૂહને ચામર બનાવ્યું હોય તેવા ચારેય બાજુએ ફેલાતાં નખકિરણોના સમૂહવાળા હાથથી પરસેવાવાળા ગાલના ભાગને પવન નાખતી હતી. ''અહીંઆ દધીચ સિવાય બીજા કોઈએ પણ પ્રવેશ કરવાનો નથી'' એમ (સૂચવવા), જાણે (ચિત્તમાં જન્મનારા>) કામદેવે વિલાસ માટેની ત્રાંસી વેત્રલતાને વક્ષ:સ્થળ ઉપર બિછાવી હોય તેવી કોમળ મૃણાલિકાઓને મહામૂશ્કેલીએ હૃદયથી ધારણ કરતી; અને (મનમાં) ચણચણાટ કરતી તેણે (સરસ્વતીએ) (દધીચની) પ્રતીક્ષા (શરૂ) કરી. (ત્યારે) આ (સરસ્વતી)ના મનમાં થયું–''હું, સરસ્વતી પણ જ્યાં આ મનોજ–કામદેવ–વડે, (બધું) જાણતી હોવા છતાંય, પરવશ કરાઈ છું. ત્યાં બીજી બિચારી અતિચંચળ એવી તરુણીઓની તો શું વીસાત છે ?''

આવી પહોંચ્યો ત્યાં તો, માલતી સહિતનો દધીચ ! તે સુગન્ધિત પવનવાળા મધુમાસ–વસન્તઋતુ–જેવો સુવાસી ગન્ધને ફેલાવનારો હતા. મૃણાલને ધારણ કરનારા હંસ જેવો તે (કમળ જેવી) કોમળ ધૃતિવાળો હતો. વાદળો તરફની પ્રીતિથી ઊંચા કરેલા મુખવાળા મયૂર જેવો તે ગાઢ પ્રીતિથી (સરસ્વતી તરફ) ઉન્મુખ થયો હતો. સ-રસ ચન્દન અને ધવલ વૃક્ષોને આશ્રયે રહેલી નાની નાની લતાઓમાં કંપન જન્માવનાર મલયાનિલ જેવો તે લગાવેલા ભીના ચન્દન લેપથી ઉજ્જ્વળ દેહલતાથી હાલતો હતો.

कृष्यमाण इव कृतकरकचग्रहेण ग्रहपतिना, प्रेर्यमाण इव कन्दर्पोद्दीपनदक्षेण दक्षिणानिलेन, उह्यमान इवोत्कलिकाबहुलेन रतिरसेन, परिमलसंपातिना मधुपपटलेन पटेनेव नीलेनाच्छादिताङ्गयष्टिः, अन्तःस्फुरता मत्तमदनकरिकर्णशङ्खायमानेन प्रतिमेन्दुना प्रथमसमागमविलासविलक्षस्मितेनेव धवलीक्रियमाणैककपोलोदरो मालतीद्वितीयो दधीचः । आगत्य च हृदयगतदयितानूपुररवविमिश्रयेव हंसगद्गदया गिरा कृतसंभाषणो यथा मन्मथः समाज्ञापयति, यथा यौवनमुपदिशति, यथा विदग्धताध्यापयति, यथानुरागः शिक्षयति, तथा तामभिरामां रामामरमयत् । उपजातविस्रम्भा चात्मानमकथयदस्य सरस्वती । तेन तु सार्धमेकदिवसमिव संवत्सरमधिकमनयत् ।

अथ दैवयोगात्सरस्वती बभार गर्भम् । असूत चानेहसा सर्वलक्षणाभिरामं तनयम् । तस्मै च जातमात्रायैव 'सम्यक्सरहस्याः सर्वे वेदाः सर्वाणि च शास्त्राणि सकलाश्च कलाः मत्प्रभावात् स्वयमाविर्भविष्यन्ति' इति वरमदात् । सद्भर्तृश्लाघया दर्शयितुमिव हृदयेनादाय दधीचं पितामहादेशात्समं सावित्र्या पुनरपि ब्रह्मलोकमारुरोह । गतायां च तस्यां दधीचोऽपि हृदये ह्लादिन्येवाभिहतो भार्गववंशसंभूतस्य भ्रातुर्ब्राह्मणस्य जायामक्षमालाभिधानां मुनिकन्यकामात्मसूनोः संवर्धनाय नियुज्य विरहातुरस्तपसे वनमगात् । यस्मिन्नेवावसरे सरस्वत्यसूत तनयं तस्मिन्नेवाक्षमालापि सुतं प्रसूतवती । तौ तु सा निर्विशेषं सामान्यस्तन्यादिना शनैः शनैः शिशू समवर्धयत् । एकस्तयोः सारस्वताख्य

ગ્રહપતિ–ચન્દ્રમા–જાણે (પોતાનાં) કિરણો રૂપી હાથથી તેને વાળ પકડીને ખેંચી લાવતા હતા. કામનું ઉદ્દીપન કરવામાં ચતુર એવા દક્ષિણાનિલથી જાણે તે પ્રેરાતો હતો. ઉત્કલિકાઓ (તરંગો)ના અતિશયવાળા રતિ-રસથી જાણે વહાવી લવાતો હતો. જાણે નીલું વસ્ત્ર હોય તેવા પરિમલથી ભેગા મળેલા મધપાન કરનારા–ભમરા–ઓના સમૂહથી તેની કાયા ઢંકાઈ હતી. (ગાલના મધ્યભાગ)માં પ્રતિબિમ્બિત થયેલો અને ચમકતો ચન્દ્રમા જાણે મદમસ્ત મદન--કામદેવ–રૂપી હાથીના કાનનો શંખ હોય, (અથવા) પ્રથમ મિલનના વિલાસમય વિલક્ષણ સ્મિતથી શ્વેત કરી દેવામાં આવતો હોય તેવા એક ગાલના મધ્યભાગવાળો તે હતો. અને આવીને તેણે, જાણે હૃદયમાં રહેલી પ્રિયતમાના ઝાંઝરના રણકારથી સંમિશ્રિત થયેલી હોય તેવી અને હંસ જેવી ગદ્ગદ્ થઈ ગયેલી વાણીથી સંભાષણ કરીને, પછી કામદેવે જે પ્રમાણે આજ્ઞા આપી તેમ, યૌવને જેવો ઉપદેશ આપ્યો તેમ, નિપુણતાએ જેમ અધ્યાપન કર્યું તેમ, અનુરાગે જેવું શીખવ્યું તે પ્રમાણે તે અતિરમણીય રામા–સરસ્વતી–ને (દધીચે) રમાડી. તથા એકવાર વિશ્વાસ બેઠા પછી સરસ્વતીએ પણ પોતાનો પરિચય આ (દધીચ) ને કહ્યો. તે (દધીચ)ની સાથે તેણે એક વર્ષથી પણ વધારે સમયને એક દિવસની જેમ પસાર કર્યો.

• • •

હવે, દૈવયોગે સરસ્વતીએ ગર્ભ ધારણ કર્યો. અને પૂરા સમયે બધાં જ લક્ષણોથી અતિ સુન્દર એવા પુત્રને જન્મ આપ્યો. માત્ર જન્મેલા એવા તે(પુત્ર)ને તેણે વરદાન આપ્યું કે–'સમ્યક્પણે રહસ્યો સાથે બધા જ વેદો, સકળ શાસ્ત્રો અને બધી જ કળાઓ મારા પ્રભાવથી જાતે જ આવિર્ભાવ પામશે.' (ત્યાર પછી) સદ્ભર્તાના વખાણની સાથે, (દેવોને) બતાવવા માટે, દધીચને હૃદયમાં લઈને પિતામહ–બ્રહ્મા–એ (અગાઉ) કરેલા આદેશ પ્રમાણે, સાવિત્રીની સાથે તે (સરસ્વતી) ફરીથી બ્રહ્મલોકમાં ઉપર ચઢી. તે જ્યારે જતી રહી ત્યારે; દધીચ પણ (જાણે) વજ્રથી હૃદયમાં ઘવાયો. પોતાના પુત્રને ઉછેરવા માટે, ભાર્ગવવંશમાં જન્મેલા એક બ્રાહ્મણ ભાઈની પત્ની, નામે 'અક્ષમાલા;' કે જે કોઈક મુનિની કન્યા હતી તેને નિયુક્ત કરીને; સરસ્વતીના વિરહમાં આતુર થયેલો (દધીચ) તપ કરવા માટે વનમાં જતો રહ્યો. જે સમયે સરસ્વતીએ (પોતાના) પુત્રને જન્મ આપ્યો હતો, તે જ સમયે અક્ષમાલાએ પણ એક પુત્રને જન્મ આપ્યો હતો. તેણે (અક્ષમાલાએ) તે બન્ને શિશુઓને એકસરખું સ્તનપાન વગેરે કરાવવા વડે ધીમે ધીમે મોટા કર્યા. તેમાંનો એક નામે **સારસ્વત**

एवाभवत्, अपरोऽपि वत्सनामासीत् । आसीच्च तयोः सोदर्ययोरिव स्पृहणीया प्रीतिः ।

अथ सारस्वतो मातुर्महिम्ना यौवनारम्भ एवाविर्भूताशेषविद्यासंभारस्तस्मिन्सवयसि भ्रातरि प्रेयसि प्राणसमे सुहृदि वत्से वाङ्मयं समस्तमेव संचारयामास । चकार च कृतदारपरिग्रहस्यास्य तस्मिन्नेव प्रदेशे प्रीत्या प्रीतिकूटनामानं निवासम् । आत्मनाप्याषाढी, कृष्णाजिनी, अक्षवलयी, वल्कली, मेखली, जटी च भूत्वा तपस्यतो जनयितुरेव जगामान्तिकम् ॥

1.14

अथ वत्सात्प्रवर्धमानादिपुरुषजनितात्मचरणोन्नतिः, निर्गतप्रघोषः, परमेश्वरशिरोधृतः, सकलकलागमगम्भीरः, महामुनिमान्यः, विपक्षक्षोभक्षमः, क्षितितललब्धायतिः, अस्खलितप्रवृत्तो भागीरथीप्रवाह इव पावनः प्रावर्तत विमलो* वंशः । यस्मादजायन्त वात्स्यायनो नाम गृहमुनयः, आश्रितश्रौता अप्यनालम्बिता-लीकबककाकवः, कृतकुक्कुटव्रता अप्यबैडालवृत्तयः,

* 'विपुलो' इत्यपि कुत्रचित् ।

થયો અને બીજો પણ **વત્સ** નામનો થયો. તે બન્નેની વચ્ચે, જાણે તેઓ સહોદર ભાઈઓ હોય તેવી, સ્પૃહણીય પ્રીતિ હતી.

ત્યાર પછી સારસ્વતને માતા (સરસ્વતી)ના મહિમાથી, યૌવનના આરંભે જ એક પણ બાકી ના રહી જાય એમ સકળ વિદ્યાઓનો સમૂહ પ્રકટ (પ્રાપ્ત) થયો. તેણે પણ પોતાની ઉંમરના, પ્રાણસમા, પ્રેમાળ, મિત્ર (તુલ્ય), ભાઈ 'વત્સ'ને (વિષે) સમસ્ત વાઙ્મય સંકાન્ત કર્યું તથા તે [વત્સ] ને પત્નીનો પરિગ્રહ, [વિવાહ] કરાવીને તેણે (= સારસ્વતે) પ્રેમથી તે જ પ્રદેશમાં પ્રીતિકુટ નામનું નિવાસસ્થાન બનાવડાવ્યું. (ત્યાર પછી) તે પોતે પણ આષાઢ સંજ્ઞક દંડધારી બનીને કૃષ્ણમૃગચર્મધારી બનીને, અક્ષમાલા પહેરીને, વલ્કલધારી બનીને, કેડે દોરી બાંધીને, જટાધારી બનીને તપ કરતાં કરતાં છેવટે પોતાના પિતા (દધીચ)ની પાસે જ જતો રહ્યો.

1.14

ત્યાર પછી વધતા જતા (વામન રૂપ) આદિપુરુષના પોતાના પગમાંથી (ઉત્પન્ન થવાથી) ઉન્નતિ પ્રાપ્ત કરનાર પ્રકૃષ્ટ અવાજવાળા પરમેશ્વર–શંકર–વડે મસ્તક ઉપર ધારણ કરાયેલ, કલકલ અવાજ સાથે (વહી) આવીને ગંભીર બનેલા મહામુનિ–જહ્નુ–ને માન્ય, વિપક્ષો–પાંખ વિનાના પર્વતો–ને ક્ષોભ આપવાની ક્ષમતાવાળા, પૃથિવીના પટ ઉપર વિસ્તાર પામેલા અને અટક્યા વિના વહ્યા કરતા **ભાગીરથી–ગંગાનદી–ના (પવિત્ર) પ્રવાહ જેવા** જે (વંશ)ના વૃદ્ધિ પામતા જતા (ભાર્ગવાદિ) આદિપુરુષો–વડવાઓ–એ પોતાની વેદ શાખાની ઉન્નતિ કરી છે, જે (વંશ) બધી જ કલાઓની પ્રાપ્તિથી ગંભીર બન્યો છે, જે (વંશ) મોટા મુનિઓને (પણ) માન્ય છે, વિરોધીઓ (શત્રુ)માં ક્ષોભ જન્માવવા જે (વંશ) શક્તિશાળી છે, પૃથિવીના પટ ઉપર જેણે (જે વંશે) ગૌરવ કર્યું છે તેવો પવિત્ર **વિમલ વંશ વત્સથી શરૂ થયો** જે (વંશ)માંથી વાત્સ્યાયન નામના ગૃહમુનિ (ગૃહસ્થી હોવા છતાંય મુનિવૃત્તિ રાખનારાઓ) જન્મ્યા. તેઓ (તે ગૃહમુનિઓ) ચિરવૃત્ત[૪૬]નું આશ્રયણ કરનારા હતા છતાંય તેમણે બગલા જેવી મિથ્યાવાણીનું અવલંબન નહોતું લીધું (એટલે કે તેઓ શ્રૌતકર્મનું આશ્રયણ કરનારા હતા). તેઓ કુકકુટવ્રતવાળા (કુકડનું ભક્ષણ કરનારા) હતા છતાંય તેમણે બિડાલવૃત્તિ (બિલાડી જેવી હિંસાવૃતિ) નહોતી ધારણ કરી (એટલે કે તેઓ કુકકુટવ્રતવાળા=કુકડાના

૪૬. લાંબા સમય સુધી એકધારું વર્તન કરનારા. બગલો જેમ એક પગ ઉપર સતત ઊભો રહે.

विवर्जितजनपङ्क्तय:, परिहृतकपटकीरकुचीकूर्चाकूतो:,* अगृहीतगह्वरा:, न्यक्कृतनिकृतय:, प्रसन्नप्रकृतय:, विहतविकृतय:, परपरिवादपराचीनचेतोवृत्तय:, वर्णत्रयव्यावृत्तिविशुद्धान्धस:, धीरधिषणा:, विधूताध्येषणा:, असङ्कसुकस्वभावा:, प्रणतप्रणयिन:, शमितसमस्तशाखान्तरसंशीतय: उद्घाटितसमग्रग्रन्थार्थग्रन्थय:, कवय:, वाग्मिन:, विमत्सरा:, परसुभाषितव्यसनिन:, विदग्धपरिहासवेदिन: परिचयपेशला:, नृत्यगीतवादित्रेष्वबाह्या, ऐतिह्यस्यावितृष्णा:, सानुक्रोशा:, सर्वातिथय:, सर्वसाधुसंमता:, सर्वसत्त्वसाधारणसौहार्दद्रवार्द्रीकृतहृदया:, तथा सर्वगुणोपेता राजसेनानभिभूता:, क्षमाभाज आश्रितनन्दना:, अनिस्त्रिंशा विद्याधरा:, अजडा: कलावन्त:, अदोषास्तारका: अपरोपतापिनो भास्वन्त:

---

* परिहृतकपटकौरुकूची० ।

ઈંડા જેટલું જ એક કોળીયો ભોજન લેનાર હતા). તેમણે લોક પ્રસિદ્ધ વ્યવહારનાં ત્યાગ કર્યો હતો (અથવા અન્યલોકો સાથે પંક્તિભોજનનો ત્યાગ કર્યો હતો.) તેઓએ કપટ, અનર્થક પ્રલાપ (?) અને દંભ વગેરેના વિચારોનો ત્યાગ કર્યો હતો. તેમણે ગુફાઓમાં વાસ નહોતો કર્યો. (અથવા તેઓ પાપ વિનાના હતા) તેઓ શાઠ્યને ધિક્કારનારા હતા; પ્રસન્ન પ્રકૃતિ (સ્વભાવ)વાળા હતા; વિકારનો ત્યાગ કરનારા હતા; પારકાની નિંદા કરવામાંથી તેમની ચિત્તવૃત્તિ પાછી વળી હતી, (પોતાના સિવાયનાં બાકીના) ત્રણેય વર્ણોના લોકોને દૂર કરીને શુદ્ધ અન્ન ખાનારા હતા, ધીર બુદ્ધિવાળા હતા. યાચના (યાચનાવૃત્તિ)નો ત્યાગ કરનાર હતા, મૃદુ (કે સ્થિર) સ્વભાવના હતા; તેમને સ્નેહી વ્યક્તિઓ અનુકૂળ હતા, તેમણે (વેદની) સમસ્ત શાખાઓના સંદેહોને શમાવી દીધા હતા, બધાજ ગ્રન્થોના કઠિન સ્થળોના અર્થો ખોલી કાઢ્યા હતા, તેઓ કવિઓ, વાક્પટુ અને ઈર્ષ્યા વિનાના હતા. પારકાઓના સુભાષિતો સાંભળવાના તેઓ શોખીન હતા, વિદ્વાનોની મજાક સમજી શકતા હતા, હળવા-મળવામાં (પરિચય કેળવવામાં) કુશળ હતા; નૃત્ય ગીત અને વાજીંત્રો (વગાડવા)માં તેઓ અજ્ઞ નહોતા. ઈતિહાસ વિષે ઉદાસીન નહોતા, તેઓ સાનુક્રોશ હતા, સૌને માટે અતિથિ હતા, બધા જ સજ્જનોને સંમત હતા, બધાજ પ્રાણીઓ વિષે એકસરખા પ્રેમ રૂપી દ્રવથી તેઓના હૃદય ભીનાં થયેલાં હતાં. **તથા** બધા જ (સત્વ; રજસ્ અને તમસ્) ગુણોથી યુક્ત હતા છતાંય રજસ્-ગુણથી તેઓ અભિભૂત નહોતા થયા (વિરોધનું શમન : બધા જ ધૈર્યાદિ ગુણોથી યુક્ત હતા અને રાજાઓની સેનાથી પરાજિત થનારા ન હતા). પૃથિવીલોકનું સેવન કરાનારા હતા છતાંય (ઇન્દ્રના) નન્દનવનનું આશ્રયણ કરનારા હતા. (તે કેવી રીતે? તો–તેઓ ક્ષમા કરવાના ગુણથી ભરેલા હતા અને શરણે આવેલાને આનંદ પમાડનાર હતા). તેઓ ખડ્ગ વિનાના હતા છતાંય વિદ્યાધરો[૪૭] હતા. (તેઓ અક્રૂર અને વિદ્યાને ધારણ કરનારા = પંડિતો હતા). તેઓ ઠંડા નહોતા છતાંય કલાવાન –ચન્દ્રમા–હતા (તેઓ મન્દબુદ્ધિના ન હતા અને ગીતાદિ કળાઓને જાણનારા હતા). તેઓ રાત્રિ વિનાના હતા છતાંય તારાઓ નક્ષત્રોવાળા હતા. (તેઓ દ્વેષાદિ દોષો વિનાના હતા અને બીજાઓને તારનારા–આચાર્ય જેવા–હતા). તેઓ બીજાઓને ગરમ કરનારા ન હતા છતાં ભાસ્વાન્–સૂર્ય–(જેવા) હતા. (બીજાઓને પીડા પહોંચાડનાર ન હતા અને તેજસ્વીઓ હતા).તેમનામાં ઉષ્મા=દાહશક્તિ ન

૪૭. વિદ્યાધર (=દવયોનિવિશેષ) હંમેશા ખડ્ગ સાથે જ ફરતા હોય છે. (સંકેત)તેમનામાં

अनुष्माणो हुतभुजः, अकुसृतयो भोगिनः, अस्तम्भाः पुण्यालयाः, अलुप्तक्रतुक्रिया दक्षाः, अव्यालाः कामजितः, असाधारणा द्विजातयः ॥

1.15

तेषु चैवमुत्पद्यमानेषु, संसरति च संसारे, यात्सु युगेषु, अवतीर्णे कलौ, वहत्सु वत्सरेषु, व्रजत्सु वासरेषु, अतिक्रामति च काले प्रसवपरम्पराभिरनवरतमापतति विकाशिनि वात्स्यायनकुले, क्रमेण कुबेरनामा वैनतेय इव गुरुपक्षपाती द्विजो जन्म लेभे । तस्याभवन्नच्युत ईशानो हरः पाशुपतश्चेति चत्वारो युगारम्भा इव ब्राह्मतेजोजन्यमानप्रजाविस्तारा नारायणबाहुदण्डा इव सच्चक्रनन्दकास्तनयाः । तत्र पाशुपतस्यैक एवाभवद् भूभार इवाचलकुलस्थितिः स्थिरश्चतुरुदधिगम्भीरोऽर्थपतिरिति नाम्ना समग्राग्रजन्मचक्रचूडामणिर्महात्मा सूनुः

હતી છતાંય તેઓ હુતભૂજ (હોમેલું ખાનાર =અગ્નિ) હતા (તેઓ ઉષ્મા (=અહંકાર) વિનાના હતા અને આહિતાગ્નિ(અથવા અગ્નિતુલ્ય) હતા.) તેઓ જમીન ઉપર સરકનારા નહોતા. છતાંય ભોગિન્–સર્પ–હતા. (તેમનામાં શાઠ્ય નહોતું અને તેઓ ભોગી–વિલાસી–સુખી હતા). તેઓ સાત્ત્વિક ભાવ વિનાના (અથવા પ્રણામ નહીં કરવાના સ્વભાવવાળા) હતા છતાંય પુણ્યશાળીઓ હતા. (તેઓ થાંભલા વિનાના સ્વયં પુણ્યાંલયો હતા). તેઓની યજ્ઞક્રિયા લુપ્ત નહોતી છતાંય તેઓ દક્ષ પ્રજાપતિ હતા (તેમણે યજ્ઞક્રિયાઓનો ત્યાગ નહોતો કર્યો અને તેઓ ચતુર હતા). સર્પ વિનાના છતાંય કામદેવને જીતનારા શંકર (જેવા) હતા. (તેઓ શઠ નહોતા અને કામનાઓને જીતનારા–સંતુષ્ટ હતા). તેઓની બે જાતિઓ (=સ્વરૂપો) હતા છતાંય તેમના જેવું કોઈ નહોતું (=તેમના જેવું કોઈનામાં સાદૃશ્ય નહોતું), (વિરોધનું શમન; તેઓ અસાધારણ=સર્વોત્કૃષ્ટ હતા અને દ્વિજાતિ–જન્મથી અને સંસ્કારથી બે વાર જન્મનારા–બ્રાહ્મણો–હતા).

1.15

આ પ્રમાણે, તે (વંશ)માં આવા ઉપર્યુક્ત ગૃહમુનિઓ ઉત્પન્ન થતા ગયા; સંસાર સરકતો રહ્યો, યુગો વીતતા ગયા, કળિયુગનું અવતરણ થયું; વર્ષો વહી ગયા, દિવસો પસાર થતા ગયા અને સમય અતિક્રમણ કરવા લાગ્યો ત્યારે, સંતાનોની પરંપરાથી સતત વિકસતા રહેલા વાત્સ્યાયન કુળમાં (કાળ)ક્રમે, મોટી પાંખોથી ઉડનારો વિનતાના પુત્ર (ગરુડ) પક્ષી જેવો, ગુરુ પ્રત્યે પક્ષપાત રાખનારો 'કુબેર' નામનો બ્રાહ્મણ જન્મ્યો. તે (કુબેર)ને, બ્રહ્મના તેજમાંથી જન્મનારી પ્રજાઓનો વિસ્તાર કરનારા ચાર (સત્યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગ) યુગોના આરંભ જેવા સાધુ પુરુષોના સમૂહને આનંદ પમાડનારા (સુદર્શન ચક્ર અને નન્દક નામની તલવાર[૪૯] સહિતના) નારાયણ–વિષ્ણુ–ના બાહુદંડ જેવા (૧) અચ્યુત, (૨) ઈશાન, (૩) હર અને (૪) પાશુપત નામના ચાર પુત્રો થયા. તેમાંથી પાશુપતને એક જ અર્થપતિ નામનો પુત્ર થયો; જેણે પર્વતોના સમૂહથી સ્થિરતા પ્રાપ્ત કરી છે તેવા પૃથ્વીના ભાર સમો, તે કુળની અવિચલ મર્યાદાનું પાલન કરનાર હતો, ચાર સમુદ્ર જેવો ગંભીર અને સ્થિર હતો, સકળ બ્રાહ્મણોના સમૂહમાં ચૂડામણિ સમો તે એક મહાપુરુષ હતો.

---

૪૮. અગ્નિહોત્રી બ્રાહ્મણો

૪૯. તથા 'શંખ અને ગદા' એટલું ઉમેરવું જોઈએ.

सोऽजनयद् भृगुं हंसं शुचिं कविं महीदत्तं धर्मं जातवेदसं चित्रभानुं त्र्यक्षमहिदत्तं विश्वरूपं चेत्येकादश रुद्रानिव सोमामृतरसशीकरच्छुरितमुखान्पवित्रान्पुत्रान् । अलभत च चित्रभानुस्तेषां मध्ये राजदेव्यभिधानायां ब्राह्मण्यां बाणमात्मजम् । स बाल एव बलवतो विधेर्वशादुपसंपन्नया व्ययुज्यत जनन्या । जातस्नेहस्तु नितरां पितैवास्य. मातृतामकरोत् । अवर्धत च तेनाधिकतरमाधीयमान-धृतिर्धाम्नि निजे ।

कृतोपनयनादिक्रियाकलापस्य समावृत्तस्य चास्य चतुर्दशवर्षदेशीयस्य पितापि श्रुतिस्मृतिविहितं कृत्वा द्विजजनोचितं निखिलं पुण्यजातं कालेनादशमीस्थ एवास्तमगमत् । संस्थिते च पितरि महता शोकेनाभील-मनुप्राप्तो दिवानिशं दह्यमानहृदयः कथंकथमपि कतिपयान्दिवसानात्मगृह एवानैषीत् । गते च विरलतां शोके शनैः शनैरविनयनिदानतया स्वातन्त्र्यस्य, कुतूहलबहुलतया च बालभावस्य, धैर्यप्रतिपक्षतया च यौवनारम्भस्य, शैशवोचितान्यनेकानि चापलान्या-चरन्नित्वरो बभूव । अभवंश्चास्य सवयसः समानाः सुहृदः सहायाश्च । तथा च । भ्रातरौ पारशवौ चन्द्रसेनमातृषेणौ, भाषाकविरीशानः परं मित्रम्, प्रणयिनौ रुद्रनारायणौ, विद्वांसौ वारबाणवासबाणौ, वर्णकविर्वेणीभारतः प्राकृतकृत्कुलपुत्रो वायुविकारः, बन्दिनावनङ्गबाणसूचीबाणौ, कात्यायनिका चक्रवाकिका, जाङ्गुलिको मयूरकः, ताम्बूलदायकश्चण्डकः भिषक्पुत्रो मन्दारकः, पुस्तकवाचकः सुदृष्टिः, कलादश्चामीकरः,

તેણે(અર્થપતિએ) સોમ રૂપી (અથવા ચન્દ્રમાના) અમૃતરસનાં ફોરાંઓથી ભીંજાયેલા મુખોવાળા અને પવિત્ર અગિયાર રુદ્ર જેવા (૧) ભૃગ, (૨) હંસ, (૩) શુચિ, (૪) કવિ, (૫) મહીદત્ત, (૬) ધર્મ, (૭) જાતવેદસ્, (૮) ચિત્રભાનુ, (૯) ત્ર્યક્ષ, (૧૦) અહિદત્ત, અને (૧૧) વિશ્વરૂપ પુત્રીને જન્મ આપ્યો. તે બધા (અગિયાર પુત્રો)માંથી ચિત્રભાનુને **'રાજદેવી'** નામની બ્રાહ્મણીને વિષે **બાણ** નામનો આત્મજ (પુત્ર) પ્રાપ્ત થયો. બળવાન વિધિવશાત્ તે (બાણ) બાળક જ હતો ને તેની માતા મરી જતાં તે માતાથી વિયુક્ત થયો. તે (બાણ)ની ઉપર ખૂબ પ્રેમ ઉભરાઈ આવતાં પિતાએ જ આ (બાણ)નું માતૃત્વ કર્યું. તેણે (પિતાએ) પોતાના ઘરમાં જ (તેનામાં–બાણમાં) અતિશય ધૈર્ય સિંચન કરીને તેને ઉછેર્યો.

ઉપનયન સંસ્કાર વગેરે ક્રિયા સમૂહો કરાવેલા, તથા સમાવૃત્ત (=સ્નાતક અથવા વેદવેદાંગપાઠક) બનાવેલા અને લગભગ ચૌદ વર્ષની ઉંમરના આ (બાણ)ના પિતા પણ, બ્રાહ્મણ વ્યક્તિને ઉચિત એવા બધાં જ પુણ્યજનક શ્રુતિ-સ્મૃતિમાં બતાવેલાં કર્મો કરીને, કાળે કરીને (સો વર્ષના) પૂર્ણ આયુષ્યવાળા નહોતા થયાને જ અવસાન પામ્યા. પિતા મરી જતાં, (બાણ) ભારે શોકથી કષ્ટ પામ્યો, (અને) દિવસ–રાત હૃદયમાં બળતા રહીને તેણે મહામૂશ્કેલીએ કેટલાક દિવસો પોતાના ઘરમાં જ પસાર કર્યા. પછી જ્યારે શોક ઓછો થતો ગયો, અને ધીરે ધીરે આઝાદી અવિનયનું કારણ બનતાં, બાલભાવની અતિશય કુતૂહલવૃત્તિથી, યૌવનનો આરંભ ધૈર્યનો વિરોધી બનતાં, શૈશવને ઉચિત એવાં અનેક તોફાનો કરતાં કરતાં તે (બાણ) રખડુ[૫૦] સ્વભાવનો બની ગયો હતો! આ (બાણ)ના તો, (હવે) સરખી ઉંમરના અને તેના જેવા જ (રખડુ સ્વભાવના) (અનેક) મિત્રો અને સાથીદારો બન્યા. જેમકે--ચન્દ્રસેન અને માતૃષેણ નામના બે પારશવ[૫૧] ભાઈઓ, પરમ મિત્ર એવો ભાષાકવિ ઈશાન, રુદ્ર અને નારાયણ નામના બે સ્નેહીઓ; વારબાણ અને વાસબાણ નામના બે વિદ્વાનો, વેણીભારત નામનો વર્ણકવિ, પ્રાકૃતભાષામાં રચના કરનારો વાયુવિકાર નામનો કુલપુત્ર, અનંગબાણ અને સૂચીબાણ નામના બન્દીવાનો, ચક્રવાકિકા નામની કાત્યાયનિકા,[૫૨] મયૂરક નામનો ગારુડી (મદારી), ચંડક નામનો તામ્બૂલ આપનારો, મન્દારક નામનો વૈદ્યનો પુત્ર, સુદૃષ્ટિ નામનો પુસ્તક વાંચી આપનારો, ચામીકર નામનો સોની,

---

૫૦. અથવા–'આવારા બની ગયો.'

૫૧. બ્રહ્મણ પુરુષથી શૂદ્રસ્ત્રીમાં જન્મેલાને 'પારશવ' કહે છે.

૫૨. મૃતપતિકા, ભગવા વસ્ત્ર પહેરનારી અથવા પચાસ વર્ષની સ્ત્રી.

हैरिकः सिन्धुषेणः लेखको गोविन्दकः, चित्रकृद्वीरवर्मा, पुस्तकृत्कुमारदत्तः, मार्दङ्गिको जीमूतः, गायनौ सोमिल-ग्रहादित्यौ, सैरन्ध्री कुरङ्गिका, वांशिकौ मधुकरपारावतौ, गान्धर्वोपाध्यायो दर्दुरकः, संवाहिका केरलिका, लासकयुवा ताण्डविकः, आक्षिक आखण्डलः, कितवो भीमकः, शैलालियुवा शिखण्डकः, नर्तकी हरिणिका, पाराशरी सुमतिः, क्षपणको वीरदेवः, कथको जयसेनः, शैवो वक्रघोणः, मन्त्रसाधकः करालः, असुरविवरव्यसनी लोहिताक्षः, धातुवादविद्विहंगमः, दार्दुरिको दामोदरः, ऐन्द्रजालिकश्चकोराक्षः, मस्करी ताम्रचूडकः । स एभिरन्यैश्चानुगम्यमानो बालतया निघ्नतामुपगतो देशान्तरावलोकनकौतुकाक्षिप्तहृदयः सत्स्वपि पितृपिता-महोपात्तेषु ब्राह्मणजनोचितेषु विभवेषु सति चाविच्छिन्ने विद्याप्रसङ्गे गृहान्निरगात् । अगाच्च निरवग्रहो ग्रहवानिव नवयौवनेन स्वैरिणा मनसा महतामुपहास्यताम् ।

अथ शनैः शनैरत्युदारव्यवहृतिमनोहन्ति बृहन्ति राजकुलानि वीक्षमाणः, निरवद्यविद्याविद्योतितानि गुरुकुलानि च सेवमानः, महार्हालापगम्भीरगुणवद्गोष्ठी-श्चोपतिष्ठमानः, स्वभावगम्भीरधीर्धनानि विदग्धमण्डलानि च गाहमानः, पुनरपि तामेव वैपश्चितीमात्मवंशोचितां प्रकृतिमभजत् । महतश्च कालात्तमेव भूयो वात्स्या-यनवंशाश्रममात्मनो जन्मभुवं ब्राह्मणाधिवासमगमत् ।

સિન્ધુષેણ નામનો હીરા ઘસનારો (અથવા સોનીઓનો અધ્યક્ષ), ગોવિન્દક નામનો લહિયો, વીરવર્મા નામનો ચિત્રકાર, કુમારદત્ત નામનો લેપ્યકાર[૫૩] જીમૂત નામનો મૃદંગ વગાડનાર, સોમિલ અને ગ્રહાદિત્ય નામના બે ગાયકો, કુરંગિકા નામની સૈરન્ધ્રી (કેશગુંથનાદિ શણગાર કરી આપનારી), મધુકર અને પારાવત નામના વંશીવાદકો, દર્દુરક નામનો ગાન્ધર્વોપાધ્યાય (સંગીત ગુરુ), કેરલિકા નામની પગચંપી કરી આપનારી, તાણ્ડવિક નામનો યુવાન નૃત્ય શિક્ષક, આખંડલ નામનો (જુગારના) પાસા રમનાર, ભીમક નામનો ધૂર્ત; શિખંડક નામનો યુવાન નાચનારો, હરિણિકા નામની નર્તકી, સુમતિ નામનો ભિક્ષુક, વીરદેવ નામનો ક્ષપણક (જૈન સાધુ), જયસેન નામનો કથાવાચક, વક્રઘોણ નામનો શૈવ, કરાલ નામનો મન્ત્રસાધક, લોહિતાક્ષ નામનો અસુરોનાં વિવર (પાતાળ)માં ઉતરવાની ટેવવાળો ભૃગર્ભશાસ્ત્રી, વિહંગમ નામનો રસાયણશાસ્ત્રજ્ઞ, દામોદર નામનો 'દર્દુર' નામનું ઘટવાદ્ય વગાડનાર[૫૪], ચકોરાક્ષ નામનો જાદુગર અને તામ્રચૂડક નામનો મસ્કરી (એક પ્રકારનો પરિવ્રાજક). આ સૌ (મિત્રો) તથા બીજાઓ વડે દોરવાયેલો અને બાલ્યાવસ્થાને કારણે એમના કહ્યામાં આવી ગયેલો, પિતા, પિતામહ (દાદા)ઓએ કમાયેલું (ધન) અને બ્રાહ્મણ વ્યક્તિ પાસે હોય એટલો વૈભવ હોવા છતાંય, તથા (જીવનભર) ન તૂટે તેવો વિદ્યોપાર્જનનો અવકાશ હોવા છતાંય, દેશ–દેશાન્તર જોવાના કૌતુકથી ઘેરાઈ ગયેલા હૃદયવાળો તે (બાણ) ઘરમાંથી ચાલ્યો ગયો! સ્વચ્છંદી એવો તે નવા યૌવન અને સ્વેચ્છાચારી મનને કારણે ગ્રહ (ભૃતાદિ)થી જકડાયો હોય તેમ, વડીલોને માટે હાંસીનું પાત્ર બન્યો.

હવે ધીમે ધીમે, તે (બાણ) અતિ ઉદાર વ્યવહારોવાળા, અને મનોહર એવાં મોટાં મોટાં રાજકુળોને જોતો, નિર્દોષ વિદ્યાઓથી તેજસ્વી બનેલાં ગુરુકુળોનું સેવન કરતો, બહુ મૂલ્યવાન ચર્ચાઓ કરનારા ગંભીર ગુણોવાળાઓની ગોષ્ઠિઓમાં હાજરી આપતો, સ્વભાવથી જ ગંભીર બુદ્ધિવાળો, લક્ષ્મીની રેલમછેલમાં અને વિદ્વાનોની મંડળીઓમાં ગળાડુબ રહેતો તે (બાણ) ફરીથી પણ પોતાના વંશને ઉચિત એવી વિદ્વત્તાપૂર્ણ પ્રકૃતિને પામ્યો. બહુ લાંબા સમય પછી, ફરીથી તે જ્યાં વાત્સ્યાયનવંશનો આશ્રમ અને બ્રાહ્મણોનો અધિવાસ[૫૫] હતો તેવી પોતાની જન્મભૂમિમાં પાછો ફર્યો.

૫૩. પુતળાં–રમકડાં બનાવનાર.

૫૪. માણ વગાડનાર અથવા તબલચી.

૫૫. અથવા 'બ્રાહ્મણાધિવાસ' એ નામનું ગામ.

तत्र च चिरदर्शनादभिनवीभूतस्नेहसद्भावैः ससंस्तवप्रकटितज्ञातेयैराप्तैरुत्सवदिवस इवाभिनन्दितागमनो बालमित्रमण्डलमध्यगतो मोक्षसुखमिवान्वभवत् ॥

इति श्रीमहाकवि-बाणभट्ट-कृतौ हर्षचरिते

वात्स्यायनवंश-वर्णनं नाम

प्रथम उच्छ्वासः ॥

ત્યાં તેને ઘણા લાંબા સમયે જોવાને કારણે; તાજા–નૂતન–થયેલા સ્નેહ અને સદ્ભાવવાળા; તથા જૂનો પરિચય પ્રકટ કરતા જ્ઞાતિજનો અને બન્ધુઓ વડે, જાણે ઉત્સવનો દિવસ હોય તેમ જે (બાણ)ના આગમનનું અભિનન્દન થયું છે તેવા તેણે, જેમ બાલ સૂર્યમંડળમાં પ્રવેશેલા આપ્તો–યોગીઓ–વડે મોક્ષસુખનો અનુભવ કરાય તેમ; બાળપણના મિત્રમંડળની વચ્ચે પહોંચીને મોક્ષમુખનો અનુભવ કર્યો.

આ પ્રમાણે શ્રી મહાકવિ બાણભટ્ટે રચેલ 'હર્ષચરિત'માં

'વાત્સ્યાયનવંશ વર્ણન' નામનો

પ્રથમ ઉચ્છ્વાસ પૂરો થાય છે.

॥ श्रीः ॥

राजदर्शनं वर्णनम्

द्वितीय उच्छ्वासः

अतिगम्भीरे भूपे कूप इव जनस्य निरवतारस्य ।
दधति समीहितसिद्धिं गुणवन्तः पार्थिवा घटकाः ॥ १ ॥
रागिणि नलिने लक्ष्मीं दिवसो निदधाति निदकरप्रभवाम् ।
अनपेक्षितगुणदोषः परोपकारः सतां व्यसनम् ॥ २ ॥

2.1

अथ तत्रानवरताध्ययनध्वनिमुखराणि, भस्मपुण्ड्रकपाण्डुरललाटैः कपिलशिखाजालजटिलैः कृशानुभिरिव क्रतुलोभागतैर्बटुभिरध्यास्यमानानि, सेकसुकुमारसोमकेदारिकाहरितायमानप्रघनानि, कृष्णाजिनविकीर्णशुष्यत्पुरोडाशीयश्यामाकतण्डुलानि, बालिकाविकीर्यमाणनीवारबलीनि, शुचिशिष्यशतानीयमानहरितकुशपूलीपलाशसमिन्धि, इन्धनगोमयपिण्डकूटसंकटानि,

॥ શ્રી ॥

રાજદર્શન નામનો

દ્વિતીય ઉચ્છ્વાસ

જેવી રીતે દોરીથી બાંધેલા માટીના ઘડાઓ નીસરણી વિનાના માણસને માટે ખૂબ ઊંડા કુવામાં(થી) ઇચ્છિત (ફળ રૂપ જળ)ની પ્રાપ્તિ કરાવી આપે છે, તેવી રીતે પૃથિવીલોકના ગુણશાળી સંયોજક મનુષ્યો રાજદરબારમાં નહીં પ્રવેશેલા માણસને માટે અતિ ગંભીર સ્વભાવવાળા રાજાની પાસેથી ઇચ્છિત (ફળ)ની સિદ્ધિ કરાવી આપે છે.* (૧)

જેવી રીતે દિવસ લાલ કમળને વિષે સૂર્યમાંથી પ્રગટેલી શોભાને સમર્પે છે, તેવી રીતે ગુણ-દોષની અપેક્ષા વિના(નો) પરોપકાર કરવો એ સજ્જનોનું વ્યસન છે.+ (૨)

2.1

હવે ત્યાં (બ્રાહ્મણાધિવાસમાં), (સ્વજનોથી) ખૂશ કરવામાં આવતો બાણ ઘણા લાંબા સમયે જોયેલા બાન્ધવોના ઘરે ઘરે ફરતો સુખપૂર્વક રહેવા લાગ્યો. (બાન્ધવોના આ ભવનો-ઘરો) – સતત ચાલતા અધ્યયન (અધ્યાપન)ના ધ્વનિથી મુખરિત થતાં હતાં. ભસ્મના (ત્રિ)પુણ્ડ્રકથી શ્વેત થયેલા લલાટવાળા, જાણે કે પીળાશ પડતી જ્વાળાઓના સમૂહથી જટિલ થયેલ અને યજ્ઞના લોભથી ઉત્પન્ન થયેલ કૃશાનું (=અગ્નિ)ઓ હોય તેવા કપિલવર્ણની ચોટલીઓના સમૂહથી જટિલ થયેલા અને યજ્ઞ(માં ભાગ લેવા)ના લોભથી એકઠા થયેલા બટુઓ તેમાં નિવાસ કરતા હતાં. કોમળ સોમ(લતા)ઓના ક્યારાઓ સીંચાવાથી. તે (ઘરો)ના આંગણાઓ લીલાંછમ બન્યા હતા. કાળા મૃગચર્મ ઉપર પહોળા કરેલાં, પુરોડાશ બનાવવા માટેના શ્યામ તંદુલો ત્યાં સૂકાઈ રહ્યા હતા. કુમારિકાઓએ ત્યાં નીવારના બલિને વિખેર્યા હતા. પવિત્ર એવા સંકડો શિષ્યો ત્યાં લીલું ઘાસ, પૂળા અને પલાશના સમિધ લઈ આવતા હતા. તે (ઘરો) ઇંધણ માટેના છાણનાં પીંડોના ઢગલાઓથી ભરેલાં હતાં.

---

* અહીં ગુણવાન પાર્થિવ ઘટક એટલે કૃષ્ણવર્ધન. જેણે રાજા હર્ષવર્ધનની સાથે બાણની મુલાકાત ગોઠવી આપી હતી. બીજા ઉચ્છ્વાસની આ મુખ્ય ઘટનાનો અહીં નિર્દેશ છે.

\+ અહીં દિવસ, સૂર્ય; કમળ અને શોભા તે અનુક્રમે કૃષ્ણવર્ધન, હર્ષવર્ધન, બાણ અને સમ્પત્તિના વાચક છે.

आमिक्षीयक्षीरक्षारिणीनामग्निहोत्रधेनूनां खुरवलयैर्विलिखिताजिरवितर्दिकानि, कमण्डलव्यमृत्पिण्डमर्दनव्यग्रयतिजनानि, वैतानवेदीशङ्कव्यानामौदुम्बरीणां शाखानां राशिभिः, पवित्रितपर्यन्तानि वैश्वदेवपिण्डपाण्डुरितप्रदेशानि, हविर्धूमधूसरिताङ्गणविटपिकिसलयानि, वत्सीयबालकलालितललत्तरलतर्णकानि, क्रीडत्कृष्णसारच्छागशावकप्रकटितपशुबन्धप्रबन्धानि, शुकसारिकारब्धाध्ययनदीयमानोपाध्यायविश्रान्तिसुखानि, साक्षात्त्रयीतपोवनानीव चिरदृष्टानां बान्धवानां प्रीयमाणो भ्रमन्भवनानि, बाणः सुखमतिष्ठतम् ।

2.2

तत्रस्थस्य चास्य कदाचित्कुसुमसमययुगमुपसंहरन्नजृम्भत ग्रीष्माभिधानः समुत्फुल्लमल्लिकाधवलाट्टहासो महाकालः । प्रत्यग्रनिर्जितस्यास्तमुपगतवतो वसन्तसामन्तस्य बालापत्येष्विव पयःपायिषु नवोद्यानेषु दर्शितस्नेहो मृदुरभूत् । अभिनवोदितश्च सर्वस्यां पृथिव्यां सकलकुसुमबन्धनमोक्षमकरोत्प्रतपन्नुष्णसमयः ।

આમિક્ષા[1] માટેના દૂધને આપનારી, અગ્નિહોત્રની(-માટે સુયોગ્ય એવી) ગાયોની ખરીઓના સમૂહથી તે (ઘરો)ના આંગણાઓની વેદિકાઓ ઉખડી ગઈ હતી. કમંડલુને (સાફ કરવા) માટે સુયોગ્ય એવી માટીના પિંડ ઘસવામાં, ત્યાં યતિજનો (રહેતા) વ્યસ્ત હતા. યજ્ઞની વેદીના સ્તંભ (બનાવવા) માટે યોગ્ય એવા ઉદુમ્બરવૃક્ષની ડાળીઓના ઢગલાઓથી, વૈશ્વદેવન પિંડથી પાંડુવર્ણના થયેલા (તે ઘરના) પ્રદેશો છેડાના ભાગ સુધી પવિત્ર થયા હતા. (યજ્ઞમાં હોમેલા) હવિસ્‌ના ધુમાડાઓથી, આંગણામાં ઉગેલાં વૃક્ષોનાં પાંદડાંઓ (પણ) ધુસરિત થઈ ગયા હતા.[2] વાછરડાની સંભાળ રાખનારા બાળકો, ત્યાં સુન્દર, ચંચળ એવા તરતનાં જન્મેલા વાછરડાઓને લાડ લડાવી રહ્યા હતા. રમતાં કાળા છાગ (આપનાર) શાવકોથી[3], ત્યાં 'પશુબન્ધ' (=યજ્ઞ)ની તૈયારીઓ થઈ રહી છે એમ પ્રકટ થતું હતું. પોપટ અને મેનાએ શરૂ કરેલા અધ્યાપનથી, ત્યાં ઉપાધ્યાયોને વિશ્રામનું સુખ આપવામાં આવતું હતું. આ (બ્રાહ્મણાધિવાસના ભવનો) તો જાણે સાક્ષાત્ વેદત્રયાત્મક તપોવન જેવાં (જ) હતાં.

2.2

આ (બાણ)ના ત્યાં (બ્રાહ્મણાધિવાસમાં) રહેતા રહેતા જ (ખીલેલા મલ્લિકાપુષ્પોના જેવા ધવલ અટ્ટહાસ્યવાળા મહાકાલ-શંકર-જાણે ક્યારેક યુગનો સંહાર કરતાં ઊભા થતાં હોય તેમ) એકવાર પુષ્પો ખીલવાના-વસન્તઋતુના-બે મહિનાઓનો ઉપસંહાર (=સમાપ્તિ) કરતો; અને ખીલેલાં મલ્લિકાપુષ્પોથી સફેદ થયેલી દુકાનોનો જેમાં વિકાસ થયો છે તેવો 'ગ્રીષ્મ' નામનો મહાકાળ આળસ મરડીને ઊભો થયો. હમણાં જ પરાજિત કરેલા અને અસ્ત પામી રહેલા વસન્તઋતુ રૂપી સામન્તના દૂધ પીતા નાનાં બાળકો જેવાં, જળ સીંચવામાં આવેલા ઉદ્યાનો ઉપર જેણે સ્નેહ પ્રદર્શિત કર્યો છે એવો (ગ્રીષ્મ સમય) (શરૂઆતમાં તો) હળવો બની રહ્યો. જેવી રીતે નવો ઉદય પામતો પ્રતાપી (રાજા) સમગ્ર પૃથિવી ઉપર(ના) કેદીઓને છોડી મૂકે, તેવી રીતે નવા ઉદય પામતા, ખૂબ ગરમી ફેલાવતા, ઉનાળાના સમયે સમગ્ર પૃથ્વી ઉપર બધાં જ પુષ્પોને તેમના બન્ધન (વૃન્ત)માંથી છુટા પાડી દીધાં.

---

૧. ગરમ દૂધમાં દહીં નાખીને 'આમિક્ષા' બનાવવામાં આવે છે. જે યજ્ઞમાં વૈશ્વદેવને ઉદ્દેશીને હોમવામાં આવતો એક પદાર્થ છે.

૨. કાળા પડી ગયા હતા. ૩. કોઈ પણ વન્ય પશુનું બચ્ચું. ૪. અથવા 'ઝઝુમવા લાગ્યો.'

स्वयमृतुराजस्याभिषेकार्द्राश्चामरकलापा इवागृह्यन्त कामिनीचिकुरचयाः कुसुमायुधेन, हिमदग्धसकलकमलिनी-कोपेनेव हिमालयाभिमुखीं यात्रामदादंशुमाली ।

अथ ललाटंतपे तपति तपने चन्दनलिखित-ललाटिकापुण्ड्रकैरलकचीरचीवरसंवीतैः स्वेदोदबिन्दु-मुक्ताक्षवलयवाहिभिर्दिनकराराधननियमा इवागृह्यन्त ललनाललाटेन्दुद्युतिभिः । चन्दनधूसराभिरसूर्यम्पश्याभिः कुमुदिनीभिरिव दिवसमसुप्यत सुन्दरीभिः । निद्रालसा रत्नालोकमपि नासहन्त दृशः, किमुत जरठमातपम् । अशिशिरसमयेन चक्रवाकमिथुनाभिन-न्दिताः सरित इव तनिमानमानीयन्त सोडुपाः शर्वर्यः । अभिनवपटुपाटलामोदसुरभिपरिमलं न केवलं जलम्, जनस्य पवनमपि पातुमभूदभिलाषो दिवसकरसन्तापात् ।

क्रमेण च खरखगमयूखे खण्डितशैशवे, शुष्यत्सरसि, सीदत्स्रोतसि, मन्दनिर्झरे झिल्लिकाझांकारिणि, कातरकपोतकूजितानुबन्धबधिरितविश्वे, श्वसत्पत-त्त्रिणि, करीषंकषमरुति, विरलवीरुधि, रुधिरकुतूहलिकेसरिकिशोरकलिह्यमानकठोरधातकीस्तबके

સ્વયં ઋતુરાજ–વસન્તના–અભિષેકથી ભીનાં થયેલા, ચામરોના સમૂહ જેવા કામિનીઓના કેશસમૂહોને કુસુમાયુધે–કામદેવે–જાણે કે પકડ્યા[૫], અને બરફ (કે ઠંડી)થી બળી ગયેલી સકળ કમલિનીઓ (તરફ)ના (પક્ષપાતથી પ્રેરિત) ગુસ્સાથી સૂર્યે જાણે કે હિમાલય તરફની યાત્રા પકડી.

હવે લલાટને તપાવી નાખનાર સૂર્ય તપવા લાગ્યો ત્યારે; ચન્દનથી લીંપેલ 'લલાટિકા'[૬] રૂપી તિલકવાળી, વાળ રૂપી વલ્કલવસ્ત્રથી ઢંકાયેલી, પરસેવાના ઉપસી આવેલા બિન્દુઓ રૂપી મોતીઓની અક્ષમાળા પહેરેલી, લલનાઓના લલાટ રૂપી ચન્દ્રમાની દ્યુતિઓએ જાણે કે દિનકર–સૂર્ય–ની આરાધના કરવા માટેના નિયમો (વ્રત)નું પાલન શરૂ કર્યું. જેવી રીતે ચન્દન જેવી ધૂસરિત અને સૂર્યને નહીં જોનારી, (રાત્રે ખીલતી) કુમુદિનીઓ[૭] દિવસે બીડાઈ રહે; તેમ ચન્દનથી ધૂસરિત થયેલી અને સૂર્યને નહીં જોઈ શકતી સુન્દરીઓ વડે દિવસે પણ ઊંઘાયું. નિંદ્રાથી આળસુ બનેલી આંખોથી રત્નોની કાન્તિ પણ સહન નહોતી થતી; તો પછી કઠોર તાપને તો કેવી રીતે તે સહી શકે ? ગ્રીષ્મનો સમય હોવાને કારણે, જેવી રીતે નાવડીઓ સહિતની નદીઓ પાતળી પડતી (સૂકાતી) જાય તેવી રીતે ચન્દ્રમા સહિતની અને ચક્રવાક પક્ષીઓના યુગલોથી અભિનન્દાતી રાત્રિઓ (પણ) ટૂંકી બનતી જતી હતી. દિવસકર–સૂર્ય–ના સન્તાપને કારણ તો લોકોને; નવાં ખીલેલાં પાટલ પુષ્પોની સુગન્ધના જેવા સુગન્ધીદાર પરિમલયુક્ત જળને જ નહીં, પણ નવાં ખીલેલાં પાટલ પુષ્પોની સુગન્ધના જેવાં સુગન્ધીદાર પરિમલયુક્ત પવનને પણ પીવાની અભિલાષા થઈ.

ક્રમશઃ **જેમાં**[૮] આકાશમાં જતાં તીક્ષ્ણ કિરણોવાળા–સૂર્ય–નો બાલ્યકાળ પૂરો થયો છે; તળાવ સૂકાવા લાગ્યું છે; (જલ)પ્રવાહો સોસવાવા લાગ્યાં છે; ઝરણાંઓ ધીમા પડી ગયાં છે; ઝિલ્લિકા પ્રાણીના ચીત્કારો નીકળવા લાગ્યા છે; ગભરાઈ ગયેલ કબૂતરોના સતત કૂજનથી આખું વિશ્વ (જાણે) બધિર થઈ ગયું છે; પંખીઓ હાંફવા લાગ્યા છે; પવન ગોમલમૂત્રને ખેંચી જવા લાગ્યો છે; ગીચ ઝાડી (પણ) વિરલ (પાંદડાવાળી) બની ગઈ છે; ખીલેલા 'ધાતકી' પુષ્પોના (લાલ) ગુચ્છને રુધિરના કુતૂહલ (આશંકા)થી સિંહના બચ્ચાંઓ ચાટી રહ્યા છે.

---

૫. ત્યાં નિવાસ કર્યો.

૬. કપાળ ઉપર લટકતું એક ઘરેણું

૭. રાત્રે ખીલતું કમળ

૮. દરેક ઉપવાક્યમાં 'જેમાં' ઉમેરી લેવું. આ દરેક ઉપવાક્ય 'ગ્રીષ્મઋતુના સમય'નું વિશેષણ છે.

ताम्यत्स्तम्बेरमयूथ-वमथु-तिम्यन्महामहीवरनितम्बे, दिन-करदूयमानद्विरददीनवदनाश्यानदानश्यामिकालीनमूकमधु-लिहि, लोहितायमानमन्दारसिन्दूरितसीम्नि, सलिलस्य-न्दसंदोहसंदेहमुह्यन्महामहिषविषाणकोटिविलिख्यमानस्फुट-त्स्फाटिकदृषदि, धर्ममर्मरितगर्मुति, तप्तपांशुकुकूलकातर-विकिरे, विवरशरणश्वाविधे, तटार्जुनकुररकूजाज्वरविवर्त-मानोत्तानशफरशारपङ्कशेषपल्वलाम्भसि, दावजनितजग-न्नीराजने, रजनीराजयक्ष्मणि, कठोरीभवति निदाघकाले प्रतिदिशमाटीकमाना इवोषरेषु प्रपावाटकुटीपटलप्रकट-लुण्ठकाः, प्रपक्वकपिकच्छूगुच्छच्छटाच्छोटनचापलैरका-ण्डकण्डूला इव कर्षन्तः शर्करिलाः कर्करस्थलीः, स्थूलदूषच्चूर्णमुचः, मुचुकुन्दकन्दलदलनदन्तुराः, सततपनतापमुखरचीरीगणमुखशीकरशीक्यमानतनवः, तरुणतरतरणितापतरले तरन्त इव तरङ्गिणि मृगतृष्णिकातरङ्गिणीनामलीकवा-रिणि, शुष्यच्छमीमर्मरमारवमार्गलङ्घनलाघवजवजङ्घालाः,

ઉદ્વિગ્ન થયેલા હાથીઓના ટોળાની સૂંઢોમાં ભરેલા પાણીથી, મોટા મોટા પર્વતોની તળેટીના ભાગ ઉપર છંટકાવ થવા લાગ્યા છે; સૂર્યને કારણે હેરાન થતા બે દાંતવાળા–હાથી–ઓના ક્ષીણ થઈ ગયેલા મોં ઉપરની થોડીક સૂકાઈ ગયેલી મદની કાળી રેખાઓ ઉપર બેસીને મધ ચાટનારા–ભમરા–ઓ મૂંગા થઈ ગયા છે; લાલ થઈ રહેલા મન્દાર વૃક્ષોથી સીમાડાઓ જાણે કે સિન્દૂર ચોપડેલા થવા લાગ્યા છે; પાણીનાં ઝરણાંઓના સમૂહનો સંદેહ થવાથી મોહિત થઈ ગયેલા મોટા પાડાઓના શીંગડાઓની અણીથી ચળકતા સ્ફટિક–પત્થરો ખોદાવા લાગ્યા છે; ગરમીથી (સૂકાઈ ગયેલી) લતાઓ ખડખડ અવાજ કરવા લાગી છે; તપી ગયેલી રેતી રૂપી તણખલાઓના અગ્નિથી કૂકડા વગેરે વ્યાકૂળ થવા લાગ્યા છે; 'શ્વાવિધ' પ્રાણી બખોલોનું શરણ લેવા લાગ્યા છે; તટ ઉપરના અર્જુન (=કકુભ) વૃક્ષો ઉપર (બેઠેલા) ક્રૌંચપક્ષીઓના કૂજનના (સંતાપ)–જ્વરથી તરફડીયાં મારતી મોટી માછલીઓવાળા ખાબોચીયાનું પાણી ડહોળું અને કાદવ બાકી રહેલું થઈ ગયું છે, (જંગલોની) આગથી જાણે જગત્‌ની નીરાજના (આરતિ) થવા લાગી છે; રાત્રિ રાજરોગ–ક્ષય–વાળી થઈ ગઈ છે–એવો એવો ગ્રીષ્મઋતુનો સમય ખતરનાક બનતો ગયો ત્યારે, પ્રત્યેક દિશામાં ઉન્મત્ત માતરિશ્વા–પાગલ પવનો–ફૂંકાવા લાગ્યા–ઉપર ભટકતા[૯] તે (ઉન્મત્ત પવનો)–જાણે કે રેતાળ પ્રદેશોમાં આવેલી પરબો, વાડાઓ અને ઝુંપડાઓના છાપરાંઓના ખુલ્લેઆમ લુંટારા હતા.[૧૦] સારી રીતે પાકી ગયેલા કુવેચના ગુચ્છના ઢગલાઓને સ્પર્શ કરવાના ચાપલથી એકાએક ખંજવાળ ઉપડેલા તે (પવનો) જાણે કે પથરાળ કકરી જમીનોને ઘસેડતા હતા. મોટા ઢેખાળાઓના ચૂર્ણને તે ઉડાડતા હતા. મુચુકુન્દ અને કન્દલને તોડી નાખવામાં તે ચતુર હતા. સતત તપતા–સૂર્યના તાપથી મુખરિત થયેલા ચીરી (ચામાચીડીયા)ના સમૂહના મુખમાંથી ઉડતા ફોરાઓ(થુંક)થી તે (પવનો)નાં શરીરો સીંચાતા હતા. પ્રૌઢ સૂર્યના તાપમાં તરલ બનેલા, મૃગજળની નદીના આભાસિક પાણીવાળા તરંગોમાં જાણે કે તે (પવનો) તરતા હતા.[૧૧] સૂકાઈ ગયેલ શમીવૃક્ષ(ના પાંદડા)નો મર્મર અવાજ કરતા અને રેતાળ માર્ગ ઓળંગી જવા નિપુણ વેગથી, તે વેગવાળા બન્યા હતા.

---

૯. અહીંથી શરૂ થતાં ઉન્મત્ત પવનોનાં વિશેષણોમાંથી પાગલ વ્યક્તિનાં લક્ષણો પણ ધ્વનિત થાય છે. –સંકેત

૧૦. પાગલ વ્યક્તિ જેવી રીતે ઊદ્ધત ભ્રમણ કર્યા કરે છે. (સંકેત)

रैणवावर्तमण्डली-रेचक-रास-रस-रभसा-रब्ध-नर्तना-रम्भार-भटीनटा:, दावदग्धस्थलीमषीमिलनमलिना: शिक्षितक्षपणकवृत्तय इव वनमयूरपिच्छचयानुच्चिन्वन्त:, सप्रयाणगुञ्जा इव शिञ्जानजरत्करञ्जमञ्जरीबीजजालकै:, सप्ररोहा इवातपातुरवनमहिषनासानिकुञ्जस्थूलनि:श्वासै:, सापत्या इवोड्डीयमानजवनवातहरिणपरिपाटीपेटकै:, सभ्रुकुटय इव दह्यमानखलधानबुसकूटकुटिलधूमकोटिभि:, सावीचिवीचय इव महोष्ममुक्तिभि:, लोमशा इव शीर्यमाणशाल्मलिफलतूलतन्तुभि:, दद्रुणा इव शुष्कपत्रप्रकराकृष्टिभि:, शिराला इव तृणवेणीविकरणै:, उच्छ्मश्रव इव धूयमाननवयवशूकशकलशङ्कुभि:, दंष्ट्राला इव चलितशललसूचीशतै:,

૧૧. પાગલ વ્યક્તિ પણ ચિત્ત ઠેકાણે નહીં હોવાથી આમ કરે છે. (સંકેત.)

ધૂળની ડમરીઓના સમૂહ (રૂપ નટો)નાં 'રેચક', 'રાસ', 'રસ' અને 'રભસ'ના આરંભિક નર્તનની[૧૨] શરૂઆતમાં આરભટી (=ઔદ્ધત્યપૂર્ણ, ઉછળકૂદ અને ઝડપ જેમાં મુખ્ય છે તે)ની ગતિવાળા સૈનિકોનો અભિનય કરનાર તે (પવનો) હતા. (જંગલની) આગમાં બળી ગયેલાં સ્થળોની રાખોડી ચોપડીને મલિન થયેલા શિક્ષિત ક્ષપણકો (જૈનસાધુ)ના જેવા વર્તનોવાળા, તે (પવનો) જાણે કે વનના મયૂરપીંછાના સમૂહને એકઠા કરનારા હતા.[૧૩] અવાજ કરતા જૂના/સૂકાઈ ગયેલા કરંજ વૃક્ષની મંજરીના બીજસમૂહથી જાણે કે તે (પવનો) પ્રસ્થાનસમયના ઢોલ(વાદન) જેવા હતા.[૧૪] તડકાથી વ્યાકુળ થયેલા જંગલના પાડાઓની નાસિકાનિકુંજના મોટા ઉચ્છ્વાસોથી, તે (પવનો) જાણે કે અંકુર ફુટ્યા હોય તેવા બન્યા હતા.[૧૫] ઉડતા વેગીલા વાતહરણોની પંક્તિઓના યૂથોથી, તે (પવનો) જાણે કે બાળકો સહિતના લાગતા હતા.[૧૬] બળી રહેલા ખળામાંના ધાન્ય ઉપરના (ઘાસના) ભૂસાના ઢગલામાંથી નીકળતી વાંકીચૂકી ધૂમાડાઓની પંક્તિઓથી, તે (પવનો) જાણે કે (ઊંચી કરેલી) ભ્રૂકુટિવાળા બન્યા હતા.[૧૭] ભારે લૂ વર્ષાથી તે (પવનો) જાણે કે 'અવીચિ' નામના નરકની (અગ્નિ)જ્વાળાઓ બન્યા હતા.[૧૮] ખરતા જતા શાલ્મલિવૃક્ષનાં ફળ અને કપાસના તંતુઓથી, તે (પવનો) જાણે કે રુંવાટાવાળાં બન્યાં હતાં.[૧૯] સૂકાં પાંદડાંઓનો ઢગલો ખેંચવાથી, તે (પવનો) જાણે કે દાદરના (અથવા કુષ્ઠ) રોગવાળા બન્યા હતા.[૨૦] ઘાસની પંક્તિઓ વિખેરવાથી, તે (પવનો) જાણે કે (લોહીની) શિરાઓવાળા બન્યા હતા.[૨૧] હાલતા નવા જવનાં રુંછાઓના ટૂકડાની અણીઓથી, તે (પવનો) જાણે કે લાંબી–દાઢીવાળા બન્યા હતા.[૨૨] ઉડતા શાહૂડીના સેંકડો અણીદાર પીંછાઓથી તે (પવનો) જાણે કે દાઢવાળા બન્યા હતા.

---

૧૨. અથવા મંડલીનૃત્ત=હલ્લીશ.

૧૩. પાગલ પણ વિવેકહીન હોઈને મોરનાં પીછાં ભેગાં કરે છે. (સં.)

૧૪. પાગલ પણ નાચતી વખતે તાળીયો પાડે છે. (સં.)

૧૫. પાગલ પણ ખેદથી નિસાસા નાખે છે. (સં.)

૧૬. પાગલ પણ પોતાના અપત્યને છોડતા નથી.

૧૭. પાગલ પણ લગભગ ક્રોધી હોય છે.

૧૮. પાગલ પણ ખેદવશાદ્ નિસાસા નાખે છે.

૧૯. પાગલ પણ હજામત કરાવ્યા વિના લોમશ હોય છે.

૨૦. પાગલ પણ નાહ્યાધોયા વિના દાદરના રોગી બને છે.

૨૧. પાગલ પણ કૃશ થતાં થતાં શિરાઓ દેખાય એવો બને છે.

૨૨. પગલ પણ હજામત નહીં કરાવવાને કારણે દાઢી-મૂછ અને દીર્ઘ કેશવાળા બની

जिह्वाला इव वैश्वानरशिखाभिः, उत्सर्पत्सर्पकञ्चुकैश्चूडाला इव, ब्रह्मस्तम्भरसाभ्यवहरणाय कवलग्रहमिवोष्णैः कमलवनमधुभिरभ्यस्यन्तः, सकलसलिलोच्छोषणघर्मघोषणाघोरपटहैरिव शुष्कवेणुवनास्फोटनपटुरवैस्त्रिभुवनबिभीषिकामुद्भावयन्तः, च्युतचपलचाषपक्षश्रेणीशारितसृतयः, त्विषिमन्मयूखलतालातप्लोषकल्माषवपुष इव स्फुटितगुञ्जाफलस्फुलिङ्गाङ्गाराङ्किताङ्गाः, गिरिगुहागम्भीरझांकारभीषणभ्रान्तयः, भुवनभस्मीकरणाभिचारचरुपचनचतुराः, रुधिराहुतिभिरिव पारिभद्रद्रुमस्तबकवृष्टिभिस्तर्पयन्तस्तारवान्वनविभावसून्, अशिशिरसिकतातारकितरंहसः, तप्तशैलविलीयमानशिलाजतुरसलवलिप्तदिशः, दावदहनपच्यमानचटकाण्डखण्डखचिततरुकोटरकीटपटलपुटपाकगन्धकटवः, प्रावर्तन्तोन्मत्ता मातरिश्वानः।

सर्वतश्च भूरिभस्त्रासहस्रसंधुक्षणक्षुभिता इव जरठाजगरगम्भीरगलगुहावाहिवायुभिः, क्वचित्स्वच्छन्दतृणचारिणो हरिणाः, क्वचित्तरुतलविवरविवर्तिनो बभ्रवः,

જાય છે. વૈશ્વાનર–અગ્નિ–ની જ્વાળાઓથી, તે (પવનો) જાણે જીભવાળા બન્યા હતા.[૨૩] ઊંચે ઉડતી સાપની કાંચળીઓ વડે, તે (પવનો) જાણે કે કેશવાળા બન્યા હતા.[૨૪] બ્રહ્માંડના રસનું શોષણ કરવા માટે ગરમ કમળવનના મધુ (ચૂસવા) વડે જાણે કે કોળીયો ભરવાનો તે (પવનો) અભ્યાસ કરી રહ્યા હતા. જાણે કે બધું જ પાણી શોષી લેનાર ગરમીની ઘોષણા કરનારા ભયંકર ઢોલ હોય તેવાં, સૂકાઈ ગયેલા વાંસના જંગલોના ફૂટવાના મોટા અવાજથી ત્રણેય ભુવનને માટે ડરામણી ઊભી કરતા હતા. ચપળ ચાસપક્ષીઓની ખરી પડેલી પાંખોની પંક્તિથી, તેમણે (પવનોએ) માર્ગોને કાબરચીતરા કરી દીધા હતા. ફૂટતાં ગુંજાફળ (ચણોઠી) રૂપી સ્ફુલિંગોના અંગારાઓથી અંકિત થયેલા અંગોવાળા, તે (પવનો) જાણે કે સૂર્યની કિરણલતા રૂપી અલાત(ચક્ર)થી બળવાને કારણે લાલ અને કાળા શરીરવાળા થયા હતા.[૨૫] પર્વતોની ગુફાઓમાં ગંભીર ઝંકારધ્વનિથી (તેમણે) ભયાનક ભ્રાન્તિ જન્માવી હતી. ભુવનને ભસ્મીભૂત કરનાર અભિચાર (ઉચ્ચાટન) કર્મ માટે ચરુ રાંધવામાં તે (પવનો) ચતુર હતા. જાણે રુધિરની આહુતિઓ હોય તેવા 'પારિભદ્ર' (=નિમ્બ) વૃક્ષના (લાલ પુષ્પ) ગુચ્છોના વરસાદથી, તે (પવનો) જાણે તરુઓના વનાગ્નિઓને તૃપ્ત કરતા હતા.[૨૬] ગરમાગરમ રેતીથી, જાણે કે તેમનો (પવનો)નો વેગ તારાઓથી ખચિત થયો હતો. ગરમ થયેલા પર્વતોમાંથી ઓગળીને આવતા શિલાજતુના રસબિંદુઓથી દિશાઓને, તે (પવનો) લીંપતા હતા. જંગલની આગથી શેકાઈ ગયેલાં ચકલીઓનાં ઇંડાઓના ટુકડાઓથી ભરેલી વૃક્ષોની બખોલમાં (ઊભરાયેલી) કીડીઓના સમૂહના પુટપાકની ગંધથી, તે (ઉન્મત્ત પવનો) કટુ બન્યા હતા.[૨૭]

ચારે બાજુએ,... દારુણ વનાગ્નિઓ દેખાવા લાગ્યા.–ઘરડા અજગરોના ગંભીર ગળાઓ રૂપી ગુફાઓમાંથી નીકળતા વાયુઓ વડે, તે (વનાગ્નિઓ) જાણે કે વારંવાર હજારો ધમણના ઉદ્દીપનથી ક્ષુભિત થતા હતા. સ્વેચ્છાએ ઘાસ ચરતા હરણાંઓની જેમ, તે શુકલ (વનાગ્નિઓ) ક્યાંક સ્વચ્છન્દપણે ઘાસને બાળી નાખતા હતા.* વૃક્ષોની નીચેના દરોમાં ફરનારા નોળિયાની જેમ, તે (વનાગ્નિઓ) ક્યાંક વૃક્ષની નીચેના ખાડાઓમાં ફરી વળતા હતાં.

---

૨૩. પાગલો પણ દાંત પીસે છે અને બધાને ડરાવે છે.

૨૪. સ્નાનાદિ વિના પાગલોના વાળ પણ ઊંચે ઉડતા હોય છે.

૨૫. પાગલ પણ બળતામાં કુદી પડે છે.

૨૬. પાગલો પણ વિવેકહીનતાને કારણે અગ્નિમાં લોહી વગેરે અપવિત્ર વસ્તુઓ ફેંકે છે.

૨૭. પાગલ પણ ધૂળ, કાદવ વગેરેથી ખરડાયેલા અને ગંધાતા ફર્યા કરે છે.

* અહીંથી શ્લિષ્ટોપમાં શરૂ થાય છે.

क्वचिज्जटावलम्बिनः कलिपाः क्वचिच्छकुनिकुल

कुलायपातिनः श्येनाः, क्वचिद्विलीनलाक्षारस-

लोहितच्छवयोऽधराः, क्वचिदासादितशकुनिपक्षकृतपटु-

गतयो विशिखाः, क्वचिद्दग्धनिःशेषजन्महेतवो

निर्वाणाः, क्वचित्कुसुमवासिताम्बरसुरभयो रागिणः,

क्वचित्सधूमोद्गारा मन्दरुचयः, क्वचित्सकलजगद्ग्रास-

घस्मराः सभस्मकाः, क्वचिद्वेणुशिखरलग्न-

मूर्तयोऽत्यन्तवृद्धाः, क्वचिदचलोपयुक्तशिलाजतवः

क्षयिणः, क्वचित्सर्वरसभुजः पीवानः,

क्वचिद्दग्धगुग्गुलवो रौद्राः, क्वचिज्ज्वलित-

नेत्रदहनदग्धसकुसुमशरमदनाः कृतस्थाणुस्थितयः

જટાને ધારણ કરનાર કપિલમુનિઓની જેમ, તે (વનાગ્નિઓ) ક્યાંક પિંગલવર્ણી (જ્વાળાઓ રૂપી) જટાને ધારણ કરતા હતા. પક્ષીસમૂહના માળાઓ ઉપર તૂટી પડનારા બાજપક્ષીની જેમ, તે શુક્લ (વનાગ્નિ)ઓ ક્યાંક પક્ષીસમૂહના માળાઓમાં પહોંચી જતા હતા, ઓગળતા લાક્ષારસની લાલ કાન્તિવાળા અને ધારણ કરી રાખવા અશક્ય (અથવા–નીચા નમતા જતા) હતા. ચોંટાડેલી પક્ષીઓની પાંખોને કારણે ઝડપી ગતિવાળા બનેલા બાણની જેમ, તે (વનાગ્નિઓ) ક્યાંક પક્ષીઓની પાંખો મળી આવતાં ઝડપી ગતિવાળા, અને વિવિધ પ્રકારની જ્વાળાઓવાળા બની ગયા હતા. બળી ગયેલા નિઃશેષ જન્મહેતુઓવાળા નિર્વાણની જેમ, તે (વનાગ્નિઓ) ક્યાંક બધુંય બળી જતાં તેમને ફરીથી જન્મવા (=સળગવા)નું કશુંય કારણ (=તણુખલુંય) બાકી નહોતું રહ્યું. પુષ્પની સુગન્ધથી વસ્ત્રોને સુવાસિત કરનાર શૃંગારિક લોકોની જેમ, તે (વનાગ્નિઓ) ક્યાંક ધૂમાડાની ગંધથી આકાશને વાસિત કરનાર લાલ રંગના હતા. (અજીર્ણને કારણે) ઓડકારવાળા અને (ભોજનની) મન્દરુચિવાળા લોકોની જેમ, તે (વનાગ્નિઓ) ક્યાંક ધૂમાડાઓ ફેંકતા અને હળવી પડી ગયેલી જ્વાળાઓવાળા હતા. સકલ જગત્‌નો કોળીઓ કરી જનારા ખાઉધરા 'ભસ્મક'[૨૯] નામનો ભોજનવ્યાધિ થયેલા માણસની જેમ, તે (વનાગ્નિઓ) ક્યાંક સકળ જગત્‌નો કોળીઓ કરીને ગળી જનારા અને ભસ્મ સહિતના હતા. વાંસની ટોચને પકડી રાખનારા શરીરવાળા અત્યંત ઘરડા માણસોની જેમ, તે (વનાગ્નિઓ) ક્યાંક વાંસની ટોચ સુધી પહોંચી ગયેલી જ્વાળાઓવાળા અને અત્યંત વૃદ્ધિને પામ્યા હતા. અચલ (=ક્ષયરોગ)માં શિલાજતુઓનું સેવન કરનારા ક્ષયરોગીની જેમ, તે (વનાગ્નિઓ) ક્યાંક અચલ (=પર્વત) પર (ઉગતા) શિલાજતુને ઉપયોગી બળતા, નાશ પામતા હતા. બધાજ રસોનો ભોગ કરનારા જાડીયા પુરુષની જેમ, તે (વનાગ્નિઓ) ક્યાંક બધા જ જળને સૂકવી નાખનારા વિપુલકાય બનતા હતા. ગુગળને બાળતા રુદ્રભક્તોની જેમ, તે (વનાગ્નિઓ) ક્યાંક ગુગળને બાળતા રૌદ્ર (ભયાનક) બની ગયા હતા. સળગતા (ત્રીજા)નેત્રના અગ્નિથી પુષ્પબાણ સહિતનાં કામદેવને બાળી નાખનાર શંકરની જેમ, ક્યાંક સળગતા મૂળીયાંના[૩૦] અગ્નિથી પુષ્પ સહિતના 'મદન' વૃક્ષોને બાળી નાખનાર તે વનાગ્નિઓએ (છેવટે) ઠુંઠા ઉપર સ્થાન જમાવ્યું હતું.*

---

૨૮. જન્મહેતુ = કર્મ, નિર્વાણ-મોક્ષ

૨૯. 'ભસ્મભૂરિક' નામનો વ્યાધિ.

૩૦. નેત્ર=મૂળ

* આ બધાં શ્લિષ્ટોપમાનાં ઉદાહરણો છે.

चटुलशिखानर्तनारम्भारभटीनटाः क्वचिच्छुष्ककासारसृतिभिः स्फुटन्नीरसनीवारबीजलाजवर्षिभिर्ज्वालाञ्जलिभिरर्चयन्त इव घर्मघृणिम्, अघृणा इव हठहूयमानकठोरस्थलकमठवसाविस्रगन्धगृध्नवः, स्वमपि धूममम्भोदसमुद्भूतिभियेव भक्षयन्तः, सतिलाहुतय इव स्फुटद् बहलबालकीटपटलाः कक्षेषु, श्वित्रिण इव प्लोषविचटद्वल्कलधवलशम्बूकशुक्तयः शुष्केषु सरःसु, स्वेदिन इव विलीयमानमधुपटलगोलगलितमधूच्छिष्टवृष्टयः काननेषु, खलतय इव परिशीर्यमाणशिखासंहतयो महोषरेषु, गृहीतशिलाकवला इव ज्वलितसूर्यमणिशकलेषु शिलोच्चयेषु, प्रत्यदृश्यन्त दारुणा दावाग्नयः ॥

2.3

तथाभूते च तस्मिन्नत्युग्रे ग्रीष्मसमये कदाचिदस्य स्वगृहावस्थितस्य भुक्तवतोऽपराह्णसमये भ्राता पारशवश्चन्द्रसेननामा प्रविश्याकथयत्—'एष खलु देवस्य चतुःसमुद्राधिपतेः सकलराजचक्रचूडामणिश्रेणीशाणकोणकषणनिर्मलीकृतचरणनखमणेः सर्वचक्रवर्तिनां धौरेयस्य महाराजाधिराजपरमेश्वरश्रीहर्षदेवस्य भ्रात्रा कृष्णनाम्ना भवतामन्तिकं प्रज्ञाततमो दीर्घाध्वगः प्रहितो द्वारमध्यास्ते' इति । सोऽब्रवीत्—'आयुष्मन् ! अविलम्बितं प्रवेशयैनम्' इति ।

अथ तेनानीयमानम्, अतिदूरगमनगुरुजडजङ्घाकाण्डम्, कार्दमिकचेलचीरिकानियमितोच्चण्डचण्डातकम्,

ચંચળ જ્વાળાઓના નર્તનનો આરંભ કરનારા આરભટી નટાં જેવા તે (વનાગ્નિઓ), ક્યાંક સૂકાઈ ગયેલાં તળાવોમાં ફેલાયેલી, ફુટતી નીરસ નીવાર (વનસ્પતિ)ના બીજ રૂપી લાજા (=હોમદ્રવ્ય) વર્ષાવતી જ્વાળાઓ રૂપી અંજલિઓથી, જાણે કે સૂર્યની અર્ચના કરતા હતા. જુગુપ્સા રહિત હોય તેમ, તે (વનાગ્નિઓ) હઠપૂર્વક હોમવામાં આવતા ઘરડા જમીન ઉપરના કાચબાઓની ચરબીની ખાટી ગન્ધના લમ્પટ હતા. તે (વનાગ્નિઓ) પોતાના જ ધૂમાડામાંથી ક્યાંક વાદળ બંધાઈ જશે એવી ભીતિથી (ધુમાડાને જ) ખાતા હતા. તલ સહિતની આહુતિઓ હોય તેમ (તે વનાગ્નિઓ તેમના) ભાગોમાં ફુટી મરતા પુષ્કળ નાના–નાના કીડાઓના સમૂહવાળા હતા. સફેદ કોઢવાળાની જેમ, (તે વનાગ્નિઓ) પોતાની આગથી સૂકાઈ ગયેલા સરોવરમાં વલ્કલ જેવી સફેદ શંબુક પ્રાણી અને શુક્તિઓને ચટ–ચટ અવાજ સાથે ફોડતા હતા. પરસેવાવાળા હોય તેમ, તે (વનાગ્નિઓ), જંગલોમાં નષ્ટ થતાં મધમાખીઓના મધપૂડામાંથી ટપકતા મધની વૃષ્ટિવાળા હતા. ટાલીયાનો જેમ કેશસમૂહ ખરી પડે તેમ, તે (વનાગ્નિઓ) મોટા રેતાળ પ્રદેશોમાં ખરી પડેલી જ્વાળાઓના સમૂહવાળા હતા. પથ્થરોના કોળીયા ભર્યા હોય તેમ, સળગતા સૂર્યકાન્તમણિના ટૂકડાઓવાળા ઊંચા પર્વતો ઉપર તે (દારુણ દાવાગ્નિઓ) દેખાયા.

2.3

આ પ્રમાણે તે ગ્રીષ્મનો સમય અતિશય ઉગ્ર બન્યો ત્યારે, ક્યારેક આ (બાણ) ભોજન કરીને પોતાના (પ્રીતિકૂટ) ઘરમાં બેઠો હતો; ત્યાં સાંજના સમયે પારશવ (શૂદ્રમાતાથી જન્મેલ) 'ચન્દ્રસેન' નામના ભાઈએ (ઘરમાં) પ્રવેશ કરીને કહ્યું ''ચારેય સમુદ્રના અધિપતિ; સકળ રાજાઓના સમૂહના મસ્તકમણિની પંક્તિરૂપી 'શાણ' (પરીક્ષાના પથ્થર)ની ધાર ઉપર ઘસવાથી, જેના ચરણોના નખ (રૂપી) મણિઓ નિર્મળ બન્યા છે તેવા સર્વ ચક્રવર્તી રાજાઓમાં મુખ્ય અને મહારાજાઓમાં અધિરાજ એવા પરમેશ્વર શ્રીહર્ષદેવના કૃષ્ણ નામના ભાઈએ આપ (બાણ)ની પાસે મોકલેલ, ખૂબ (સારી રીતે ઓળખી લીધેલો=) વિશ્વાસુ અને લાંબા માર્ગે જનારો દૂત બારણે ઊભો છે.'' તેણે (બાણે) કહ્યું : હે આયુષ્માન્ ! વિલંબ કર્યા વિના તેને પ્રવેશ કરાવો ?

હવે તેણે (બાણે) લાવવામાં આવતા, ખૂબ દૂર સુધી જવા-આવવાને કારણે ભારે અને મજબૂત થયેલી જાંઘવાળા, માટી (જેવા રંગ)થી રંગેલા વસ્ત્રના ટૂકડાથી ઊંચે સુધી બાંધેલ (ચંડાતક=) પાયજામાવાળા, પીઠ ઉપર ફરકતાં જીર્ણ કાપડની

पृष्ठप्रेङ्खत्पटच्चरकर्पटघटितगलग्रन्थिम्, अतिनिबिडसूत्रबन्ध-निम्नितान्तरालकृतलेखव्यवच्छेदया लेखमालिकया परि-कलितमूर्धानम्, प्रविशन्तं लेखहारकमद्राक्षीत् । अप्रा-क्षीच्च दूरादेव—'भद्र, भद्रमशेषभुवननिष्कारणबन्धोस्तत्र-भवतः कृष्णस्य' ? इति । स 'भद्रम्' इत्युक्त्वा प्रणम्य नातिदूरे समुपाविशत् । विश्रान्तश्चाब्रवीत्—'एष खलु स्वामिना माननीयस्य लेखः प्रहितः' इति विमुच्यार्पयत् । बाणस्तु सादरं गृहीत्वा स्वयमेवावा-चयत्—'मेखलकात्संदिष्टमवधार्य फलप्रतिबन्धी धीमता परिहरणीयः कालातिपात इत्येतावदत्रार्थजातम् । इतर-द्वार्तासंवादनमात्रकम्'। अवधृतलेखार्थश्च समुत्सारित-परिजनः संदेशं पृष्टवान् । मेखलकस्त्ववादीत्-'एव-माह मेधाविनं स्वामी-जानात्येव मान्यो यथैक-गोत्रता वा, समानज्ञानता वा, समानजातिता वा, सहसंवर्धनं वा, एकदेशनिवासो वा, दर्शनाभ्यासो वा, परस्परानुरागश्रवणं वा, परोक्षोपकारकरणं वा, समानशीलता वा, स्नेहस्य हेतवः । त्वयि तु विना कारणेनादृष्टेऽपि प्रत्यासन्ने बन्धाविव बद्ध-पक्षपातं किमपि स्निह्यति मे हृदयं दूरस्थेऽपीन्दोरिव कुमुदाकरे । यतो भवन्तमन्तरेणान्यथा चान्यथा चायं चक्रवर्ती दुर्जनैर्ग्राहित आसीत् । न च तत्तथा न सन्त्येव ते येषां सतामपि सतां न विद्यन्ते मित्रो-दासीनशत्रवः । शिशुचापलापराचीनचेतोवृत्तितया च भवतः केनचिदसहिष्णुना यत्किंचिदसदृशमुदीरितम्, इतरो लोकस्तथैव तद्गृह्णाति वक्ति च । सलिलानीव गतानुगतिकानि लोलानि खलु भवन्त्य-त्रिवेकिनां मनांसि । बहुमुखश्रवणनिश्चलीकृतनिश्चयश्च

ગળામાં બાંધેલી ગાંઠવાળો; ખૂબ જાડા દોરાના બંધનથી નમી ગયેલા મધ્ય ભાગથી લેખને બે ભાગમાં વહેંચી દેનારી લેખમાળાથી વીંટળાયેલા મસ્તકવાળા, (ઘરમાં) પ્રવેશતા તે લેખહારક (પત્ર લઈ આવનારા)ને જોયો. તેણે (બાણે) દુરથી તેને (જોઈને) પૂછ્યું: “હે ભદ્ર ! અશેષ (ત્રણેય) ભુવનોના નિષ્કારણ બન્ધુ એવા ને શ્રીમાન્ કૃષ્ણનું કુશળ તો છે ને ? તે (લેખકારક) ‘કુશળ છે’ એમ કહીને, પ્રણામ કરીને નજીકમાં જ બેઠો. વિશ્રાન્ત થયેલો તે બોલ્યો :- “(મારા) માલિકે માનનીય (બાણ)ને આ લેખ મોકલ્યો છે.” એમ (કહેતાં) બંધનમાંથી છોડીને તેણે લેખ આપ્યો. બાણે તેને આદરપૂર્વક લઈને જાતે જ વાંચ્યો; “મેખલક પાસેથી સંદેશો સાંભળીને, ફળમાં વિઘ્નકારી થનારા સમયના અન્તરાયને (આપે) બુદ્ધિશાળીએ ત્યજવો જોઈએ–એટલું જ અહીં નોંધવા યોગ્ય છે. બીજા સમાચાર વાતચીત માત્રથી (જાણવા યોગ્ય છે).” લેખનો (ગર્ભિત) અર્થ ધ્યાનમાં લઈને (બાણે) સેવકવર્ગને દૂર કરીને (મૌખિક) સંદેશ પૂછ્યો. મેખલકે ત્યારે કહ્યું– ‘મેધાવી (એવા તમો)ને (મારા) સ્વામીએ આમ કહેવડાવ્યું છે : ‘સ્નેહનાં જે કારણો છે; જેમ કે–એક જ ગોત્રના હોવું, એકસરખું જ્ઞાન, સમાન જાતિના હોવું, સાથે ઉછેર થયો હોય, એક જ દેશમાં (સહ)વાસ કર્યો હોય, (વારંવાર પરસ્પરને) જોવાનો અભ્યાસ, પરસ્પર માટે અનુરાગનું શ્રવણ કરવું, પરોક્ષમાં ઉપકાર કરવો કે એકસરખું શીલ (ચારિત્ર્ય) હોવું– તે સૌને માનનીય (એવા આપશ્રી બાણ) જાણો જ છો. પણ તમારી ઉપર તો તમને જોયા પણ નથી છતાંય, અકારણ, નજીકના ભાઈ ઉપર પક્ષપાતથી બંધાયેલું હોય તેવું આ મારું હૃદય; કુમુદનો સમૂહ દૂર હોવા છતાંય તેની ઉપર જેમ ચન્દ્રમાનું હૃદય પક્ષપાતથી બંધાયેલું હોય તેમ, તમે (બાણ) દૂર રહેલા છો છતાંય તમારી ઉપર કંઈક અવર્ણનીય સ્નેહ ધરાવે છે. કારણ કે દુર્જનોએ તમારી ગેરહાજરીમાં આ ચક્રવર્તી રાજાને કંઈક બીજું જ (મગજમાં) ભરાવી દીધું હતું; પરંતુ તે તેમ નથી. સજ્જનોમાં પણ એવા કોઇ સજ્જનો નથી હોતા કે જેમના થોડાક મિત્રો, ઉદાસીન–તટસ્થ–કે શત્રુઓ ન હોય. તમારી શૈશવને કારણે તોફાન કરવા તરફ અપરાઙ્–મુખી ચિત્તવૃત્તિને કારણે, કોઈક અસહિષ્ણુ–ઈર્ષ્યાળુ–એ કંઈક અયોગ્ય એવું બોલી કાઢ્યું; અને પછી તો બીજા લોકોએ પણ તેમ જ સ્વીકારી લીધું અને (તેઓ પણ) બોલવા લાગ્યા. જેવી રીતે પાણીના તરંગો એક–બીજાની પાછળ જનારા હોય છે તેવી રીતે અવિવેકી માણસોનાં મન પણ એકબીજાની પાછળ જનારાં હોય છે. ઘણા લોકોના મોંઢેથી (એકની એક વાત) સાંભળીને નિશ્ચલ કરી દેવામાં આવેલા નિશ્ચયવાળા તે

किं करोतु पृथिवीपतिः । तत्त्वान्वेषिभिश्चास्माभिर्दूर-स्थितोऽपि प्रत्यक्षीकृतोऽसि । विज्ञप्तश्चक्रवर्ती त्वदर्थम्-यथा प्रायेण प्रथमे वयसि सर्वस्यैव चापलैः शैशव-मपराधीति । "तथेति" च स्वामिना प्रतिपन्नम् । अतो भवता राजकुलमकृतकालक्षेपमागन्तव्यम् । अवकेशीवादृष्ट-परमेश्वरो बन्धुमध्यमधिवसन्नपि न मे बहुमतः । न च सेवावैषम्यविषादिना परमेश्वरोपसर्पणभीरुणा वा भवता भवितव्यम् । यतो यद्यपि—

स्वेच्छोपजातविषयोऽपि, न याति वक्तुं
देहीति, मार्गणशतैश्च ददाति दुःखम् ।
मोहात्समाक्षिपति जीवनमप्यकाण्डे
कष्टं मनोभव इवेश्वरदुर्विदग्धः ॥

तथाप्यन्ये ते भूपतयः, अन्य एवायम् । न्यक्कृत-नृगनलनिषधनहुषाम्बरीषदशरथदिलीपनाभागभरत भगीरथययातिरमृतमयः स्वामी । नास्याहङ्कारकाल कूटविषदिग्धदुष्टा दृष्टयः, न गर्वगुरुगरगलग्रहगद-गद्गदा गिरः, नातिस्मयोष्मापस्मारविस्मृतस्थैर्याणि स्थानकानि, नोद्दामदर्पदाहज्वरवेगविक्लवा विकाराः,

પૃથિવીપતિ પણ શું કરે ? પરંતુ તત્ત્વનું અન્વેષણ કરનારા અમે, દૂર રહેલાં હોવા છતાંય તમને જાણે પ્રત્યક્ષ કરી લીધા છે. તમારા માટે તે ચક્રવર્તીને નિવેદન પણ કરવામાં આવ્યું છે. જેમકે, મોટાભાગે બધાય લોકોનું શૈશવ પહેલી ઉંમરમાં તોફાનો કરીને ગુન્હો કરતું જ હોય છે, અને બરાબર છે. એમ બોલીને સ્વામીએ (રાજા હર્ષવર્ધને) પણ તે વાત માની છે, માટે આપશ્રીએ સમય બગાડ્યા વિના રાજગૃહે આવવું જોઈને. સ્વજનોની વચ્ચે રહેતા હોવા છતાંય એક નિષ્ફળ વૃક્ષની જેમ; પરમેશ્વર (રાજા હર્ષ)ને મળ્યા વિનાના તમે રહો, તેવું મને જરાય પસંદ નથી. વળી, તમારે સેવા(ધર્મ)ના વૈષમ્યથી વિષાદયુક્ત થવાની, કે પરમેશ્વરની નજીક જવાનો ભય રાખવાની પણ જરૂર નથી. કારણ કે, જો કે–

જેવી રીતે દુષ્ટ હોવાને કારણે બાળી મૂકવામાં આવેલા મનમાં જન્મનાર–કામદેવ--ની પોતાની ઈચ્છામાત્રથી વિષયપ્રદેશ ઉત્પન્ન થતો હોવા છતાંય, તે 'દેહી' (=શરીરધારી) છે એમ કહી શકાતું નથી. સેંકડો (કામ)બાણોથી તે દુઃખ આપે છે અને મોહને ઉત્પન્ન કરીને એકાએક જીવનને દુરવસ્થામાં પહોંચાડી દે છે; તેવી રીતે અફસોસ.....! જે ઈશ્વર (રાજા) પણ દુષ્ટતાથી ભરેલો હોય તે તેની પોતાની ઈચ્છામાત્રથી જે તે પ્રદેશને મેળવતો (જીતતો) હોય છે છતાંય તેની આગળ (જઈને) 'તું આપ' એમ કહી શકાતું નથી. સેંકડોવાર માંગવાથી તે દુઃખ આપે છે. ગેરસમજને કારણે એકાએક જ જીવનને રુંધી કાઢે છે (અથવા છકી જવાથી ગામડાંઓને અપાતી રાજકીય મદદ વગેરે બંધ કરે છે. (આવો રાજા દુરારાધ્ય હોય છે)

તો પણ (કહેવું જોઈએ કે) તેવા રાજાઓ બીજા છે. અને આ (હર્ષ) તો કંઈક જુદો જ છે. નૃગ, નલ, નિષધ, નહુષ, અમ્બરીષ, દશરથ, દિલીપ, નાભાગ, ભરત, ભગીરથ, યયાતિ જેવા રાજાઓને (પોતાના ચરિતથી) પાછા પાડી દેતો આ સ્વામી (હર્ષ) તો અમૃતમય છે. આની અહંકાર રૂપી કાલકૂટ વિષથી દાઝી ગયેલી દુષ્ટ દષ્ટિઓ નથી. આની ગર્વ રૂપી ભારે ઝેરથી ગળું જકડનારા રોગથી ગદ્ગદ્ થયેલી વાણી નથી. અતિશય ઘમંડથી ગરમી રૂપી અપસ્માર રોગથી ધૈર્યને ભૂલાવી દેનારી આની સ્થિતિ નથી. ઉદ્દામ દર્પ રૂપી દાહક જ્વરના વેગથી વ્યગ્ર થયેલા આના વિકારો (=વ્યવહાર) નથી.

---

૩૧. દુર્વિદગ્ધઃ ને ઈશ્વર રાજાનું વિશેષણ ન લઈએ, અને વિધેયપદ ગણીએ તો આમ કૌંસમાં મૂકેલો અર્થ લેવો જોઈએ.

૩૨. રહેણીકરણી.

नाभिमानमहासन्निपातनिर्मिताङ्गभङ्गानि गतानि, न मदार्दितवक्रीकृतौष्ठनिष्ठ्यूतनिष्ठुराक्षराणि जल्पितानि । तथा च—अस्य विमलेषु साधुषु रत्नबुद्धिः, न शिलाशकलेषु । मुक्ताधवलेषु गुणेषु प्रसाधनधीः, नाभरणभारेषु । दानवत्सु कर्मसु साधनश्रद्धा, न करिकीटेषु। सर्वाग्रेसरे यशसि महाप्रीतिः, न जीवितजरत्तृणे । गृहीतकरास्वाशासु प्रसाधनाभियोगः न निजकलत्रधर्मपुत्रिकासु । गुणवति धनुषि सहायबुद्धिः, न पिण्डोपजीविनि सेवकजने । अपि च—अस्य मित्रोपकरणमात्मा, भृत्योपकरणं प्रभुत्वम्, पण्डितोपकरणं वैदग्ध्यम्, बान्धवोपकरणं लक्ष्मीः, कृपणोपकरणमैश्वर्यम्, द्विजोपकरणं सर्वस्वम्, सुकृतसंस्मरणोपकरणं हृदयम्, धर्मोपकरणमायुः, साहसोपकरणं शरीरम्, असिलतोपकरणं पृथिवी, विनोदोपकरणं राजकम्, प्रतापोपकरणं प्रतिपक्षः । नास्याल्पपुण्यैरवाप्यते सर्वातिशायिसुखरसप्रसूतिः पादपल्लवच्छाया' इति । श्रुत्वा च तमेव चन्द्रसेनं समादिशत्—'कृतकशिपुं विश्रान्तसुखिनमेनं कारय' इति ।

अथ गते तस्मिन्, पर्यस्ते च वासरे, संघट्टमानरक्तपङ्कजसंपुटपीयमान एव क्षयिणि, क्षामतां व्रजति, बालवायसास्यारुणेऽपराह्णातपे; शिथिलितनिजवाजिजवे जपापीडपाटलिम्न्यस्ताचलशिखरस्खलिते खञ्जतीव कमलिनीकण्टकक्षतपादपल्लवे पतङ्गे,

અભિમાન રૂપી મહાસન્નિપાતે સર્જેલી અંગભંગીઓવાળી આની ચાલ નથી. મદ રૂપી 'અર્દિત (એક પ્રકારનો વાતવ્યાધિ)થી વાંકા થઈ ગયેલા ઓષ્ઠમાંથી નીકળતા નિષ્ઠૂર અક્ષરોવાળી આની વાતચીત નથી. જેમ કે*—નિર્મળ સજ્જનોને જ એની બુદ્ધિ રત્ન સમજે છે, પણ પથ્થરોના ટુકડાને વિષે એને રત્નબુદ્ધિ થતી નથી. મોતી જેવા સફેદ ગુણોને જ એની બુદ્ધિ પ્રસાધન (સુશોભન) ગણે છે. પણ આભૂષણોના ભારને વિષે એને પ્રસાધન બુદ્ધિ થતી નથી. (જેમાં) દાન આપવું પડે એવાં કર્મોને ભેગાં કરવામાં એને શ્રદ્ધા છે, પણ દાન (=મદ) ઝરતા અધમ હાથીઓમાં એને સાધન(સૈન્ય)શ્રદ્ધા નથી. સૌમાં અગ્રેસર એવા યશમાં એને ભારે પ્રીતિ છે, પણ પ્રાણ રૂપી સૂકાતા જતા તણખલામાં એને પ્રીતિ નથી. જેની પાસેથી કર ઉઘરાવી શકાય એવી દિશાઓને જીતવામાં એને રસ છે; પણ પોતાની સ્ત્રીઓ રૂપી ધર્મપુતળી (ધર્મપત્ની)ઓને શણગારવામાં રસ નથી. પણછવાળા ધનુષ્યને જ એની બુદ્ધિ સાથીદાર ગણે છે. પણ (વેતન રૂપી) પિંડ ઉપર જીવનારા સેવકોને વિષે એને સહાયબુદ્ધિ નથી અને વળી—આ (હર્ષ)નો આત્મા મિત્રોને ઉપકારક છે. આનું પ્રભુત્વ સેવકોને મદદ રૂપ થનાર છે. આનું વૈદગ્ધ્ય પંડિતોને ઉપકારક છે. આની લક્ષ્મી સ્વજનોને મદદ કરનાર છે. આનું ઐશ્વર્ય કૃપણોનું પોષણ કરનાર છે. એનું સર્વસ્વ બ્રાહ્મણોના ભલા માટે છે. એનું હૃદય પુણ્યોના સંસ્મરણનું સાધન છે. એનું આયુષ્ય ધર્મકાર્યોમાં ઉપયોગી છે. એનું શરીર સાહસ કરવાનું સાધન છે. એની પૃથ્વી તલવાર રૂપી લતાને (ઉગવા) માટે ઉપકારક છે. એના (ખંડીયા) રાજાઓનો સમૂહ એના વિનોદનું સાધન છે. એનો શત્રુપક્ષ એના પ્રતાપને (પ્રગટાવવામાં ઉપકારક છે. સૌથી ચઢીયાતા સુખ રૂપી રસને જન્માવનારી, (આના) પાદ રૂપી પલ્લવોની છાયા થોડાં પુણ્યોથી મેળવી શકાતી નથી.' આ પ્રમાણે સાંભળીને (બાણે) ચન્દ્રસેનને આદેશ આપ્યો કે—આ (મેખલક)ના ભોજન આચ્છાદનનો પ્રબંધ કરીને, એને આરામ કરાવીને સુખી કરો.

હવે તે (મેખલક) જતો રહ્યો અને દિવસ પૂરો થઈ ગયો. તથા કાગડાના બચ્ચાના મોં જેવા લાલ રંગી સાંજનો તડકો જાણે કે બીડાતા જતા લાલ કમળોના સંપુટથી પીવાતો જતો હોય તેમ ક્ષય પામતો જતો ફિક્કો પડી ગયો; પોતાના ઘોડાઓનો વેગ શિથિલ કરી દેનાર, જળપુષ્પોના ગુચ્છ જેવો પાટલવર્ણી (લાલ સૂર્ય), અસ્તાચળ (પર્વત)ના શિખર ઉપર ગબડી પડેલો જાણે કે કમલિનીના કાંટાઓથી ઘવાયેલા પાદરૂપી પલ્લવવાળો પતંગ—સૂર્ય—લંગડાવા લાગ્યો,

* અહીંથી પરિસંખ્યા અલંકાર શરૂ થાય છે.

૩૩. પથ્થરોના ટૂકડાને 'આ રત્ન છે' એમ તેની બુદ્ધિ માનતી નથી.

पुरः परापतति प्रेङ्खदन्धकारलेशलम्बालके शशिविरहशोक-श्याम इव श्यामामुखे, कृतसंध्योपासनः शयनीयमगात् । अचिन्तयच्चैकाकी-किं करोमि । अन्यथा सम्भावितोऽस्मि राज्ञा । निर्निमित्तबन्धुना च संदिष्टमेवं कृष्णेन । कष्टा च सेवा । विषमं भृत्यत्वम् । अतिगम्भीरं महद्राजकुलम् । न च मे तत्र पूर्वजपुरुषप्रवर्तिता प्रीतिः, न कुलक्रमागता गतिः, नोपकारस्मरणानुरोधः, न बालसेवास्नेहः, न गोत्रगौरवम्, न पूर्वदर्शन-दाक्षिण्यम्, न प्रज्ञासंविभागोपप्रलोभनम्, न विद्यातिशयकुतुहलम्, नाकारसौन्दर्यादरः, न सेवाकाकु-कौशलम्, न विद्वद्गोष्ठीबन्धवैदग्ध्यम्, न वित्तव्ययवशीकरणम्, न राजवल्लभपरिचयः । अवश्यं गन्तव्यञ्च । सर्वथा भगवान्भवानीपतिर्भुवनपतिर्गतस्य मे शरणम्, सर्वं साम्प्रतमाचरिष्यति, इत्यवधार्य गमनाय मतिमकरोत् ।

अथान्यस्मिन्नहन्युत्थाय, प्रातरेव स्नात्वा, धृतधवलदुकूलवासाः, गृहीताक्षमालः, प्रास्थानिकानि सूक्तानि मन्त्रपदानि च बहुशः समावर्त्य देवदेवस्य विरूपाक्षस्य क्षीरस्नपनपुरःसरां सुरभिकुसुमधूपगन्ध-ध्वजबलिविलेपनप्रदीपकबहुलां विधाय परमया भक्त्या पूजाम्, प्रथमहुततरलतिलत्वग्विघटनचटुल-मुखरशिखाशेखरं प्राज्याज्याहुतिप्रवर्धितदक्षिणार्चिषं भगवन्तमाशुशुक्षणिं हुत्वा, दत्त्वा द्युम्नं यथाविद्यमानं द्विजेभ्यः, प्रदक्षिणीकृत्य प्राङ्मुखीं नैचिकीम्,

અને સામે આવી ઊભેલું, હાલતા અન્ધકારના અંશો રૂપી લાંબા વાળવાળું **રાત્રિનું મુખ** (=રાત્રિના આરંભનો સમય) જાણે કે ચન્દ્રમાના વિરહના શોકથી શ્યામ થઈ ગયું ત્યારે–આ (બાણ) સન્ધ્યોપાસના કરીને પથારીમાં (સૂવા) ગયો. તેણે એકલાએ વિચાર કર્યો : હું શું કરું ? રાજાએ મને જુદો જ ધારી લીધો છે. બીજી તરફ, નિઃસ્વાર્થી બન્ધુ એવા કૃષ્ણે આ પ્રકારે સંદેશો કહેવડાવ્યો છે. સેવા કષ્ટદાયિકા છે. સેવકપણું વિષમ છે. મોટું રાજગૃહ અતિગમ્ભીર છે. મારા પૂર્વજ પુરુષોએ ત્યાં પ્રેમભાવ ઊભો કર્યો નથી, કુળપરંપરાથી ચાલ્યો આવતો સંબંધ નથી. (રાજગૃહે કરેલા એવા કોઈ) ઉપકારના સ્મરણથી આદરભાવ થતો નથી, બાલ્યાવસ્થાથી આરંભીને એવી કોઈ (રાજાની) સેવા કરી નથી, કે જેથી (રાજા પ્રત્યે) સ્નેહ ઉપજે. (એને મારા) ગોત્ર વિષે કોઈ ગૌરવ રહ્યું નથી, પહેલાં એવી કોઈ મુલાકાત થઈ નથી, કે જેનાથી તે દાક્ષિણ્ય દાખવે. બુદ્ધિની (વિચારોની) આપ-લે કરવાનું મને કોઈ પ્રલોભન નથી. (મારી પાસે) વિદ્યાના અતિશયનું એવું (કોઈ બતાવવા લાયક) કુતૂહલ નથી. (મારામાં) એવું કોઈ આકારનું સૌન્દર્ય નથી, કે જે આદર જન્માવી શકે. (મારામાં) સેવા કરી શકે એવી ભાટાઈ કરનારી વાણીનું કોઈ કૌશલ નથી. વિદ્વાનોની ગોષ્ઠીમાં ભાગ લઈ શકું એવી કોઈ વિદગ્ધતા નથી. પૈસા ખર્ચીને (પારકાને) વશ કરવાનું (મને) આવડતું નથી. વળી, રાજાને વ્હાલાં હોય એવાં કોઈનો પરિચય નથી, અને છતાંય જવું તો અવશ્ય છે ! બધી રીતે ત્રણેય ભુવનોના સ્વામી એવા ભગવન્ ભવાનીપતિ–શંકર–ત્યાં (રાજગૃહમાં) જઈશ ત્યારે મારું શરણ બની રહેશે અને તે સમયે કરવા જેવું બધું કરશે.–એમ વિચારીને જવા માટે માનસિક સંકલ્પ કર્યો.

હવે બીજે દિવસે ઊઠીને, સવારે જ સ્નાન કરીને, (બાણે) શ્વેત રેશમી વસ્ત્રો પહેર્યાં; અને (હાથમાં) અક્ષમાળા લીધી. પ્રસ્થાન સમયે બોલવામાં આવતા વૈદિક સૂક્તો અને મન્ત્રોનું અનેકવાર આવર્તન કરીને; પરમ ભક્તિથી દેવોના દેવ વિરૂપાક્ષ–મહાદેવજી–ને પહેલાં દૂધથી સ્નાન કરાવીને સુગન્ધીદાર પુષ્પો, ધૂપનો ગન્ધ, ધ્વજા, બલિ, (ચંદનનું) લેપન, અને દીપ વગેરેવાળી પૂજા કરીને, પહેલાં હોમેલા તરલ તલના પડનું વિઘટન કરનારી અને ચંચળ એવી અવાજ કરનારી જ્વાળાઓ રૂપી મુકુટવાળા; ખૂબ ઘીની આહુતિ (આપવા)થી વધી ગયેલી દક્ષિણ જ્વાળાવાળા ભગવાન્ આશુશુક્ષણિ–અગ્નિ–ને આહુતિ આપીને; બ્રાહ્મણોને પોતાની પાસે હાજર હતું એટલું ધનનું દાન કરીને; પૂર્વ દિશા તરફ મુખ કરીને ઊભેલી નૈચિકી–હોમધેનુ–ની પ્રદક્ષિણા ફરીને

૩૪. મન્ત્રથી પવિત્ર થયેલા હવિપાન્નને ગ્રહણ કરનાર અગ્નિ.

शुक्लाङ्गरागः, शुक्लमाल्यः, शुक्लवासाः, रोचनाचित्रदूर्वाग्रपल्लवग्रथितगिरिकर्णिकाकुसुमकृतकर्णपूरः, शिखासक्तसिद्धार्थकः, पितुः कनीयस्या स्वस्रा मात्रेव स्नेहार्द्रहृदयया श्वेतवाससा साक्षादिव भगवत्या महाश्वेतया मालत्याख्यया कृतसकलगमनमङ्गलः, दत्ताशीर्वादो बान्धववृद्धाभिः, अभिनन्दितः परिजन-जरतीभिः, वन्दितचरणैरभ्यनुज्ञातो गुरुभिः अभिवादितैराघ्रातः शिरसि कुलवृद्धैः, वर्धितगमनोत्साहः शकुनैः, मौहूर्तिकमतेन कृतनक्षत्रदोहदः, शोभने मुहूर्ते हरितगोमयोपलिप्ताजिरस्थण्डिलस्थापितम्, असितेतर-कुसुममालापरिक्षिप्तकण्ठं दत्तपिष्टपञ्चाङ्गुलपाण्डुरं मुखनिहितनवचूतपल्लवं पूर्णकलशमीक्षमाणः, प्रणम्य कुलदेवताभ्यः कुसुमफलपाणिभिरप्रतिरथं जपद्भिर्निज-द्विजैरनुगम्यमानः, प्रथमचलितदक्षिणचरणः, प्रीतिकूटान्निरगात् ।

2.4

प्रथमेऽहनि तु घर्मकालकष्टं, निरुदकं, निष्पत्र-पादपविषमं, पथिकजननमस्क्रियमाणप्रवेशपादपोत्कीर्ण-कात्यायनीप्रतियातनं, शुष्कमपि पल्लवितमिव तृषित-श्वापदकुललम्बितलोलजिह्वालतासहस्रैः, पुलकितमिवाच्छ-भल्लगोलाङ्गूललिह्यमानमधुगोलचलितसरघासंघातैः, रोमाञ्चितमिव दग्धस्थलीरूढस्थूलाभीरुकन्दलशतैः, शनैश्चण्डिकायतनकाननमतिक्रम्य मल्लकूटनामानं ग्राममगात् ॥

તેણે (બાણે) શુક્લ અંગરાગ કર્યો; શુક્લ માળા પહેરી અને શુક્લ વસ્ત્રો પહેર્યાં. (ગો)રોચનાથી સુન્દર બનેલા અગ્રભાગવાળા દુર્વાનાં પાંદડાંઓથી ગુંથેલ ગિરિકર્ણિકાનાં પુષ્પોથી; તેણે કર્ણપૂર રચ્યું. સિદ્ધાર્થક–સર્ષપો–ને તેણે શિખામાં ચોંટાડ્યા, માતાના જેવા સ્નેહથી આર્દ્ર થયેલા હૃદયવાળી, શ્વેત વસ્ત્રો પહેરેલી, જાણે સાક્ષાત્ ભગવતી મહાશ્વેતા હોય તેવી તેના પિતાની (સૌથી) નાની 'માલતી' નામની બહેને (=ફોઈએ) (બાણના) ગમન સમયનું સઘળું મંગળ કર્મ કર્યું. સ્વજનો અને વૃદ્ધોએ તેને આશીર્વાદ આપ્યા. સેવકવર્ગની ઘરડી સ્ત્રીઓએ તેને અભિનન્દ્યો. જેમના ચરણોમાં વન્દન કરવામાં આવ્યું છે તેવા ગુરુઓએ તે (બાણ)ને (જવાની) અનુજ્ઞા આપી. જે કુળવૃદ્ધોનું અભિવાદન કર્યું હતું. તેમણે (આનું) મસ્તક સૂંઘ્યું. અનેક (શુભ) શકુનોથી એનો જવાનો ઉત્સાહ વધ્યો. મુહૂર્ત જોનારાઓના મત મુજબ તેણે પ્રતિ નક્ષત્રમાં પ્રાશન કર્યું હતું. હવે કોઈ સારા મુહૂર્તમાં; તાજા છાણથી લીંપેલી આંગણાની ભૂમિમાં સ્થાપેલા, કંઠના ભાગે કાળા નહીં તેવા–શ્વેત–પુષ્પોની માળાથી વીંટાળેલા, પીસેલા (લેપ)ની પાંચ આંગળીઓ (પ્હોંચા પાડવા)થી પાંડુવર્ણના બનેલા, આંબાના નવા પાંદડાથી ઢાંકેલા મુખવાળા અને (પાણીથી) આખા ભરેલા કળશને જોતો (જોઈને); કુલદેવતાઓને ઉદ્દેશીને પુષ્પ, ફળ અને બે હાથ વડે પ્રણામ કરીને; 'અપ્રતિરથ' (મન્ત્ર)નો જાપ કરતાં પોતાના બ્રાહ્મણોથી અનુસરાતો તે (બાણ) પહેલાં જમણો પગ ચલાવીને (ઊઠાવીને) પ્રીતિકૂટમાંથી બહાર નીકળ્યો.

2.4

(પ્રીતિકૂટમાંથી નીકળ્યા પછી) પહેલે દિવસે તો, ઉનાળાના સમયને કારણે કષ્ટદાયક, પાણી વિનાના, પાંદડાં વિનાનાં વૃક્ષોથી વિષમ બનેલા, પથિકજનો વડે નમસ્કાર કરાતી (વનના) પ્રવેશ–વૃક્ષોમાં કોતરેલી કાત્યાયની–દુર્ગા–દેવીની પ્રતિમાવાળા, શુષ્ક હોવા છતાંય તરસ્યાં શ્વાપદ (જંગલી) પ્રાણીઓના સમૂહની લટકતી ચંચળ[૩૫] જીહ્વા રૂપી હજારો લતાઓથી જાણે પલ્લવિત થયેલું હોય, નિર્મળ રીંછ અને (લંગૂર) વાંદરાઓ વડે ચાટવામાં આવતા મધપૂડાઓમાંથી ઉડેલી મધમાખીઓના સમૂહોથી જાણે કે પુલકિત થયું હોય અને (વનાગ્નિથી) બળી ગયેલી જમીન ઉપર ઉગેલા ગાઢ શતાવરીના છોડના સેંકડો કન્દલ (=નવનાલ–અંકુરો)થી જાણે કે રોમાંચિત થયું હોય તેવા ચંડિકાદેવીના મંદિરવાળા[૩૬] વનને ધીમેથી ઓળંગીને; તે(બાણ) 'મલ્લકૂટ' નામના ગ્રામમાં ગયો.

---

૩૫. લપકારા મારતી.

૩૬. અથવા, નિવાસવાળા.

तत्र च हृदयनिर्विशेषेण भ्रात्रा सुहृदा च जगत्पतिनाम्ना संपादितसपर्यः सुखमवसत् । अथापरेद्युरुत्तीर्य 'भगवतीं भागीरथीं यष्टिगृहकनाम्नि वनग्रामके निशामनयत् । अन्यस्मिन्दिवसे स्कन्धावारमुपमणिपुरम*न्वजिरवति कृतसन्निवेशं समाससाद । अतिष्ठच्च नातिदूरे राजभवनस्य ।

निर्वर्तितस्नानाशनव्यतिकरो विश्रान्तश्च मेखलकेन सह याममात्रावशेषे दिवसे भुक्तवति भूभुजि प्रख्यातानां क्षितिभुजां बहूञ्शिबिरसंनिवेशान्वीक्षमाणः, शनैः शनैः पट्टबन्धार्थमुपस्थापितैश्च डिण्डिमाधिरोहणायाहृतैश्चाभिनवबद्धैश्च विक्षेपोपार्जितैश्च कौशलिकागतैश्च प्रथमदर्शनकुतूहलोपनीतैश्च नागवीथीपालप्रेषितैश्च पल्लीपरिवृढढौकितैश्च स्वेच्छायुद्धक्रीडाकौतुकाकारितैश्च दूतसंप्रेषणप्रेषितैश्च दीयमानैश्चाच्छिद्यमानैश्च मुच्यमानैश्च यामावस्थापितैश्च सर्वद्वीपविजिगीषया गिरिभिरिव सागरसेतुबन्धनार्थमेकीकृतैर्ध्वजपटपटुपटहशङ्खचामराङ्गरागरमणीयैः पुण्याभिषेकदिवसैरिव कल्पितैर्वारणेन्द्रैः श्यामायमानम्; अनवरतचलितखुरपुटप्रहतमृदङ्गैश्च नर्तयद्भिरिव राजलक्ष्मीम् उपहसद्भिरिव सृक्विपुटप्रसृतफेनाट्टहासेन जवजडजङ्घां हरिणजातिम्, आकारयद्भिरिव संघट्टहेतोर्हर्षहेषितेनोच्चैरुच्चैःश्रवसमुत्पतद्भिरिव

* मणितार० इत्यपि पाठः ।

અને ત્યાં હૃદયથી જુદા નહીં તેવા 'જગત્પતિ' નામના ભાઈ અને મિત્ર દ્વારા આગતા-સ્વાગતા પામેલો (બાણ) સુખપૂર્વક રહ્યો. હવે, બીજે દિવસે તેણે ભગવતી ભાગીરથી–ગંગા નદી–ને પાર કરી જઈને, 'યષ્ટિગૃહક' નામના વન(સ્થિત) નાના ગામમાં રાત્રિ વીતાવી. ત્રીજે દિવસે, મણિપુર[૩૮] ની નજીક અજિરવતી (નદી)ના કિનારે કિનારે તંબુ તાણીને પડેલી (સેનાની) છાવણી[૩૯] સુધી પહોંચ્યો અને રાજભવનથી બહુ દૂર નહીં તેમ રોકાયો.

તેણે (બાણે) સ્નાન, ભોજન, મિલનાદિ કાર્યો પૂરા કર્યાં, અને (થોડોક) આરામ કર્યા પછી મેખલકની સાથે, જ્યારે દિવસનો છેલ્લો પહોર બાકી રહ્યો તથા પૃથિવીને ભોગવનાર–રાજા–એ ભોજન કરી લીધું ત્યારે, પ્રખ્યાત એવા ક્ષિતિભુજો–રાજાઓ–ની ઘણી શિબિરોની બાંધણીને જોતો જોતો રાજદ્વારે પહોંચ્યો.–**આ રાજદ્વાર**) પટ્ટા બાંધવા માટે ધીમે ધીમે લાવવામાં આવેલો, ડિંડિમ (ઢોલ) ચઢાવવા માટે ખેંચી લાવવામાં આવેલા, નવા પકડી લાવેલા, કર રૂપે ઉપાર્જીત કરેલા, કુશળતા બતાવવા આવેલા, (રાજાને) પ્રથમ દર્શન કરાવવાના કુતૂહલથી નજીક લાવવામાં આવેલા, નાગવીથી[૪૧]ના પાલકે મોકલી આપેલા, શબરોની વસતિના સ્વામીએ મોકલેલા, સ્વેચ્છાએ યુદ્ધ, ક્રીડા અને કૌતુકનો પડકાર ઝીલવા, (બંધનમાંથી) છોડવામાં આવેલા, પહેરો ભરવા ઊભા રાખેલા; બધા જ દ્વીપો જીતી લેવાની ઇચ્છાથી, જાણે કે પર્વતોથી સાગર ઉપર સેતુ બાંધવા માટે ભેગા કરવામાં આવેલા; ધ્વજ–પતાકા, પટુ પટહ (=નગારાં), શંખ, ચામર અને અંગરાગથી રમણીય થયેલા જાણે કે (રાજાનો) પુષ્યાભિષેક દિવસ હોય તેવા તૈયાર કરેલા ઉત્તમ **ગજરાજોથી (રાજદ્વાર) શ્યામ (અથવા રાત્રિ જેવું) બની રહ્યું હતું.** સતત[૪૨] પટકાતી ખરીઓના પુટથી ખોદાતા જમીનના ભાગો (રૂપી મૃદંગો)થી જાણે કે રાજલક્ષ્મીને નચાવતા; ઓષ્ઠ–પુટના છેડાના ભાગ સુધી ફેલાયેલો ફીણ રૂપી અટ્ટહાસ્યથી, વેગ (પૂર્વક દોડવા)થી જડ થયેલી જાંઘવાળી હરણજાતિનો જાણે કે ઉપહાસ કરતા; મોટેથી હર્ષપૂર્વક હણહણાટી દ્વારા સંઘર્ષ કરવા માટે (ઇન્દ્રના) ઉચ્ચૈઃશ્રવા (અશ્વ)ને જાણે કે આહ્વાન આપતા;

---

૩૭. અથવા–'હૃદયથી જુદા નહીં તેવા ભાઈ (=ચન્દ્રસેન) અને મિત્ર 'જગત્પતિ' વડે...

૩૮. પાઠાન્તર મુજબ 'મણિતાર'.

૩૯. સ્કન્ધાવાર.

૪૦. હવે ગજેન્દ્રોનાં વિશેષણો શરૂ થાય છે.

૪૧. નાગવન : નાગ=હાથી(ની જન્મભૂમિ).

૪૨. આ બધાં 'ઘોડા'ઓનાં વિશેષણો છે.

दिवसकररथतुरगरुषा पक्षायमाणमण्डनचामरमालै-र्गगनतलं तुरङ्गैस्तरङ्गायमाणम्; अन्यत्र प्रेषितैश्च प्रेष्यमाणैश्च प्रेषितप्रतिनिवृत्तैश्च बहुयोजनगमनगणनसंख्याक्षरावलीभिरिव वराटिका-वलीभिर्घटितमुखमण्डनकैस्तारकितैरिव संध्यातपच्छेदैः, अरुणचामरिकारचितकर्णपूरैः सरक्तोत्पलैरिव रक्त-शालिशालेयैः, अनवरतझणझणायमानचारुचामीकरघुरुघुरु-कमालिकैर्जरत्करञ्जवनैरिव रणितशुष्कबीजकोशीशतैः, श्रवणोपान्तप्रेङ्खत्पञ्चरागवर्णोर्णाचित्रसूत्रजूटजटाजलैः, कपि-कपोलकपिलैः क्रमेलककुलैः कपिलायमानम्; अन्यत्र शरज्जलधरैरिव सद्यःस्नुतपयःपटलधवलतनुभिः, कल्प-पादपैरिव मुक्ताफलजालकजायमानालोकलुप्तच्छायामण्ड-लैर्नारायणनाभिपुण्डरीकैरिवाश्लिष्टगरुडपक्षैः, क्षीरोदोद्दे-शैरिव द्योतमानविकटविद्रुमदण्डैः, शेषफणाफलकै-रिवोपरिस्फुरत्स्फीतमाणिक्यखण्डैः, श्वेतगङ्गापुलिनैरिव राजहंसोपसेवितैरभिभवद्भिरिव निदाघसमयमुपहस-द्भिरिव विवस्वतः प्रतापमापिबद्भिरिवातपं चन्द्रलोकमयमिव जीवलोकं जनयद्भिः,

દિવસકર–સૂર્ય–ના રથના ઘોડાઓ તરફના રોષથી, પાંખ રૂપ બનેલી શોભાની ચામરો અને માળાઓથી જાણે કે ગગનતલમાં ઉડતા **ઘોડાઓથી (રાજદ્વાર) તરંગિત થઈ રહ્યું હતું.** બીજે[૪૩] ક્યાંક મોકલેલા, મોકલવામાં આવી રહેલા અને જે મોકલેલા તે પાછા આવી રહેલા (ઊંટો)થી; ઘણા યોજનો જઈ આવ્યાની ગણતરી દર્શાવતી સંખ્યાની અક્ષરમાળા હોય તેવી કોડીઓની માળાથી રચવામાં આવેલ મુખ (ડોક)ના સુશોભનો વડે જાણે કે સાંજના (પીળા) તડકામાં છેદ પાડનારા તારા–જડિત (ઊંટો)થી; લાલ ચામરિકાઓથી રચેલા કર્ણપૂરોથી,[૪૪] જાણે કે લાલ ડાંગરના ખેતરો લાલ કમળથી યુક્ત=ઘેરાયેલા હોય તેવા; સતત ઝણઝણાટ કરતા સુન્દર સુવર્ણના ઘુઘરાઓની માળાઓથી, જાણે કે રણકાર કરતા સૂકાં સેંકડો બીજકોશોવાળા, જુના થઈ ગયેલા કરંજવનો હોય તેવા; કાનના મૂળ ભાગ સુધી લટકતા પંચરંગી ઊનના સુન્દર દોરાઓના ફુમતાઓનાં સમૂહવાળા, માંકડાના ગાલ જેવા કપિલ–પીળા–રંગવાળા **ઊંટોના સમૂહો વડે તે (રાજગૃહ) કપિલવર્ણનું થઈ રહ્યું હતું.** બીજી[૪૫] કોઈક જગ્યાએ હમણાં જ વર્ષી ગયેલા જલસમૂહને કારણે શ્વેત અને ક્ષીણ થયેલા શરદ્ઋતુનાં વાદળો જેવા (હમણાં જ વહેલા દૂધસમૂહના જેવા સફેદ અંગોવાળા); મોતીઓના સમૂહમાંથી નીકળતી કાન્તિથી લુપ્ત થઈ ગયેલા છાયા મંડલોવાળા કલ્પવૃક્ષો જેવા (મોતીઓના સમૂહમાંથી નીકળતી કાન્તિથી લુપ્ત થઈ ગયેલા છાયા મંડલોવાળા) ગરુડની પાંખો વડે આશ્લેષ પામેલ નારાયણ–વિષ્ણુ–ના નાભિકમળ જેવા (ગરુડપક્ષ નામના રત્નોથી આશ્લેષ પામેલા અને પુંડરીકના જેવા આકારવાળા); સમુદ્રના એક ભાગ રૂપ બનેલા, ઝળકતા વિશાળ વિદ્રૂમ (વૃક્ષ)ના દંડવાળા; ઉપર સ્ફુરતાં સફેદ મણિઓના ટુકડાઓના શેષનાગની ફણાના ફલક જેવા (ઉપર સ્ફુરતાં સફેદ મણિઓના ટૂકડાઓવાળા); (લાલ ચાંચ અને પગવાળા) રાજહંસોથી સેવિત ગંગાના સફેદ રેતાળપટ જવા (રાજાઓમાં જે હંસ=મુખ્ય, શ્રેષ્ઠ રાજાઓ તેમનાથી સેવાયેલ અથવા રાજહંસોની આકૃતિ દોરેલા); ઉનાળાના સમયનો જાણે અભિભવ કરતાં; વિવસ્વાન–સૂર્ય–ના પ્રતાપનો જાણે ઉપહાસ કરતાં તડકાને જાણે પીતાં, જીવલોકને જાણે ચન્દ્રલોકમય બનાવતા,

---

૪૩. આ બધાં 'ઊંટ' નાં વિશેષણો છે.

૪૪. કર્ણાભૂષણ.

૪૫. આ બધાં 'છત્રો'નાં વિશેષણો છે.

૪૬. અહીંથી ક્રિયા સાથે **इव**નો યોગ હોઈને ઉત્પ્રેક્ષા શરૂ થાય છે, માટે હવે પછીનાં વાક્યોમાં 'જાણે કે' ઉમેરવું,

कुमुदमयमिव कालं कुर्वद्भिर्ज्योत्स्नामयमिव वासरं विरचयद्भिः, फेनमयीमिव दिवं दर्शयद्भिरकालकौमुदीसहस्राणीव सृजद्भिरुपहसद्भिरिव शातक्रतवीं श्रियं, श्वेतायमानैरातपत्रखण्डैः श्वेतायमानम्; क्षणदृष्टनष्टाष्टदिङ्मुखं च मुष्णद्भिरिव भुवनमाक्षेपोत्क्षेपदोलायितं दिनं गतागतानीव कारयद्भिरुत्सारयद्भिरिव कुनृपतिसम्पर्ककलङ्ककालीं कालेयीं स्थितिं विकचविशदकाशवनपाण्डुरदशदिशं शरत्समयमिवोपपादयद्भिर्बिसतन्तुमयमिवान्तरिक्षमाविर्भावयद्भिः, शशिकररुचीनां चलतां चामराणां सहस्रैर्दोलायमानम्; अपि च हंसयूथायमानं करिकर्णशङ्खैः, कल्पलतावनायमानं कदलिकाभिः, माणिक्यवृक्षकवनायमानं मायूरातपत्रैः, मन्दाकिनीप्रवाहायमाणमंशुकैः, क्षीरोदायमानं क्षौमैः कदलीवनायमानं मरकतमयूखैः, जन्यमानान्यदिवसमिव पद्मरागबालातपैः, उत्पद्यमानापराम्बरमिवेन्द्रनीलप्रभापटलैः, आरभ्यमाणापूर्वनिशमिव महानीलमयूखान्धकारैः स्यन्दमानानेककालिन्दीसहस्रमिव गारुडमणिप्रभाप्रतानैः अङ्गारकितमिव पुष्परागरश्मिभिः, कैश्चित्प्रवेशमलभमानैरधोमुखैश्चरणनखपतितवदनप्रतिबिम्बनिभेन लज्जया स्वाङ्गानीव विशद्भिः,

કાલને જાણે કુમુદમય (=કાર્તિકાદિ) કરતાં; દિવસને જાણે જ્યોત્સ્નામય બનાવતાં; આકાશને જાણે ફીણવાળું દર્શાવતાં; અકાળે હજારો ચન્દ્રિકાઓનું જાણે સર્જન કરતા; શાતક્રતવી–ઇન્દ્રની–લક્ષ્મીનો જાણે ઉપહાસ કરતા; શ્વેત બની રહેલા (ઉજ્જ્વળ), તડકો દૂર કરનારા **છત્રોથી તે (રાજદ્વાર) વિશેષ સફેદ (અથવા સ્ફટિક જેવું) બની રહ્યું હતું.** એક[૪૭] જ ક્ષણમાં સ્પષ્ટ થઈ જતા અને ઢંકાઈ જતા આઠ દિશા--મુખોવાળા (ત્રણેય) ભુવનને જાણે ચોરી જતા; ઊંચે નીચે થવાથી દોલાયમાન થયેલા દિવસને જાણે આવવા–જવાના સ્વભાવવાળો કરતા, ખરાબ રાજાઓના સમ્પર્કથી કલંક રૂપી કાલિમાવાળી કળિયુગની સ્થિતિની જાણે ઉત્સારણા કરતા. ખીલેલાં મોટાં કાશપુષ્પોનાં વન જેવી પાંડુવર્ણની દશેય દિશાઓવાળા, શરદ્ ઋતુના સમયને જાણે ઉત્પન્ન કરતા; બિસતન્તુઓથી ભરેલા અન્તરિક્ષનો જાણે આવિર્ભાવ કરતા; ચન્દ્રમાનાં કિરણો જેવાં ઉજ્જ્વળ, હાલતાં **હજારો ચામરોથી તે (રાજદ્વાર) દોલાયમાન થયું હતું** અને વળી; હાથીઓના કાન ઉપરના (ચીતરેલા) શંખોથી જાણે હંસના જૂથનું અનુકરણ કરતાં કેળના વૃક્ષોથી કલ્પલતાના વનનું અનુકરણ કરતા; (મોરની કળા જેવા ફેલાવેલાં) મોરનાં પીંછાનાં છત્રોથી માણિક્ય વૃક્ષોથી ભરેલાં વનનું અનુકરણ કરતા; બારીક રેશમી વસ્ત્રોથી મન્દાકિની–ગંગા–ના પ્રવાહનું અનુકરણ કરતા; ક્ષૌમ–રેશમી વસ્ત્રથી સમુદ્રનું અનુકરણ કરતા; મરકત (પન્ના)ના તેજકિરણેથી કદલી (કેળ)ના વનનું અનુકરણ કરતા; પદ્મરાગ (કમળના લાલ રંગ) જેવા કોમળ તડકાઓથી જન્મતા બીજા એક દિવસ સમા; ઇન્દ્રનીલ–મણિની પ્રભાના સમૂહથી, જાણે કે બીજા ઉત્પન્ન થતા આકાશ સમા; મહાનીલ (=ગરુડમણિ)નાં (કાળાં) તેજકિરણોના અન્ધકારથી, જાણે કે શરૂ થતી કોઈ અપૂર્વ રાત્રિ સમું; ગારુડમણિઓની પ્રભાના ફેલાવાઓથી, જાણે કે વહેતી અનેક હજારો કાલિન્દી નદીઓ સમા; પુષ્પરાગ મણિઓના કિરણોથી જાણે કે (સળગતા) અંગારાઓથી ભરેલા; કેટલાક, (રાજદ્વારમાં) પ્રવેશ નહીં મેળવતા, નતમસ્તકે ઊભેલા (શત્રુમહાસામન્તો) (પોતાના) ચરણોના નખમાં પડતા (પોતાના જ) મુખના પ્રતિબિમ્બના બહાને જાણે કે શરમથી પોતાનાં અંગોને પ્રવેશ કરાવતા/કરતા;

૪૭. આ બધાં ચામરોનાં વિશેષણો છે.

૪૮. વાળી-ઝૂડી કાઢતા.

૪૯. અહીંથી શરૂ થતા બધાં વાક્યો 'રાજદ્વાર'નાં વિશેષણ છે.

૫૦. અહીંથી શરૂ થતા વાક્યો મહાસામન્તનાં વિશેષણો છે.

कैश्चिदङ्गुलीलिखितायाः क्षितेर्विकीर्यमाणकरनख-किरणकदम्बव्याजेन सेवाचामराणीवार्पयद्भिः, कैश्चिदुरःस्थलदोलायमानेन्द्रनीलतरलप्रभापट्टैः स्वामि-कोपप्रशमनाय कण्ठबद्धकृपाणपट्टैरिव, कैश्चिदुच्छ्वास-सौरभभ्राम्यद्भ्रमरपटलान्धकारितमुखैरपहृतलक्ष्मीशोकधृत-लम्बश्मश्रुभिरिवान्यैः शेखरोड्डीयमानमधुप-मण्डलैः प्रणामविडम्बनाभयपलायमानमौलिभिरिव निर्जितैरपि सुसंमानितैरिवानन्यशरणैरन्तरान्तरा निष्पततां प्रविशतां चान्तरप्रतीहाराणामनुमार्गप्रधा-वितानेकार्थिजनसहस्राणामनुयायिनः पुरुषानश्रान्तैः पुनः पुनः पृच्छद्भिः भद्र ! आढयंभविष्यति भुक्तास्थाने* दास्यति दर्शनं परमेश्वरः, निष्पतिष्यति वा बाह्यां कक्षाम्' इति दर्शनाशया दिवसं नयद्भिर्भुजनिर्जितैः शत्रुमहासामन्तैः समन्तादासेव्यमानम्; अन्यैश्च प्रतापा-नुरागागतैर्नानादेशजैर्महामहीपालैः प्रतिपालयद्भिर्नरपति-दर्शनकालमध्यास्यमानम्; एकान्तोपविष्टैश्च जैनैरार्हतैः पाशुपतैः पाराशरिभिर्वर्णिभिः सर्वदेशजन्मभिश्च जनपदैः सर्वाम्भोधिवेलावनवलयवासिभिश्च म्लेच्छ-जातिभिः सर्वदेशान्तरागतैश्च दूतमण्डलैरुपास्यमानम्; सर्वप्रजानिर्माणभूमिमिव प्रजापतीनां, लोकत्रयसारो-च्चायरचितं चतुर्थमिव लोकम्, महाभारतशतैरप्य-कथनीयसमृद्धिसंभारम्, कृतयुगसहस्रैरिव कल्पित-

* अद्य......... भुक्त्वा स्थाने इत्यपि पाठः

કેટલાક, ચારેય બાજુએ ફેલાતા હાથ(ની આંગળીઓ)ના નખકિરણોના સમૂહના બહાને, જાણે કે આંગળીઓથી ખોતરેલી જમીનને સેવામાં ચામર ઢોળતા; કેટલાક, વક્ષઃસ્થલ ઉપર ઝુલતા ઈન્દ્રનીલમણિના ચંચળ તેજના પટ્ટાઓથી, જાણે કે સ્વામીનો ક્રોધ શાન્ત કરવા માટે ગળામાં બાંધેલા કૃપાણના પટ્ટા (છરાઓના પાનાં)ઓ વાળા; કેટલાક ઉચ્છ્વાસની સુગન્ધથી ભમતાં ભમરાઓના સમૂહથી કાળા બનેલા મુખ . વડે, જાણે કે ખૂંચવી લીધેલી લક્ષ્મીના શોકથી ધારણ કરેલી લાંબી દાઢી–મૂછવાળા, બીજાઓ, માથા ઉપર ઉડતા મધ પીનારા–ભમરા–ઓના સમૂહોથી, જાણે કે પ્રણામ કરી લીધાના અપમાન ભયથી નાસી જતા મસ્તકોવાળા, જીતી લીધેલા હોવા છતાંય જાણે કે સારી રીતે સંમાનિત કરવામાં આવેલાં; (હર્ષ સિવાય) બીજા કોઈના શરણ વિનાના; વચ્ચે વચ્ચે (રાજદ્વારની) બહાર નીકળતા અને અંદર પ્રવેશ કરતા અંદરના સેવકોની પાછળ દોડતા દોડતા અનેક યાચક હજારો વ્યક્તિઓના અનુયાયી પુરુષોને, ‘‘હે ભદ્ર ! આજે રાજદરબાર–દીવાને ખાસ–ભરાશે ?[૫૧] પરમેશ્વર–રાજા–દર્શન આપશે ? કે બહારના ઝરુખામાં નીકળશે ?’’ એમ વારંવાર થાક્યા વિના પૂછતા; અને (રાજ)દર્શનની આશાથી દિવસને પસાર કરતા; (રાજાએ પોતાની) ભુજાઓથી જીતી લીધેલા એવા **શત્રુ–મહાસામન્તોથી ચારે બાજુએ તે (રાજદ્વાર) સેવાતું હતું.** બીજા કેટલાક વિવિધ દેશોમાં જન્મેલા અને (હર્ષના) પ્રતાપના અનુરાગથી ખેંચાઈ આવેલા અને નરપતિ–રાજા હર્ષ–ના દર્શનસમયની પ્રતીક્ષા કરી રહેલા મોટા **મહીપાલો રાજાઓ–વડે તે (રાજદ્વાર) રોકી રાખવામાં[૫૨] આવતું હતું.** એકાન્તમાં બેઠેલા જૈનો (=શાક્યો=બૌદ્ધો) આર્હતો (નગ્નજૈન સાધુ), પાશુપતો, પારાશરીઓ, બ્રહ્મચારીઓ, (જુદા જુદા) બધા જ દેશોમાં જન્મેલા, જનપદમાં રહેતા, બધા જ સમુદ્ર કિનારાઓ ઉપરના જંગલોના વર્તુળોમાં રહેનારાઓ, મ્લેચ્છજાતિના લોકો, અને બધા દેશાન્તરોમાંથી આવેલા **દૂતમંડલો વડે તે (રાજદ્વાર) ઉપાસાતું હતું.** પ્રજાપતિઓને માટે બધી જ પ્રજાનું નિર્માણ કરવા માટેની ભૂમિ જેવું, ત્રણેય લોકના સારસમૂહથી રચેલા ચોથા લોક સમું, સેંકડો મહાભારતો વડે પણ ન વર્ણવી શકાય એવી સમૃદ્ધિના ઢગલાઓ જેવું;* હજારો કૃતયુગોથી તૈયાર

---

૫૧. અથવા ‘‘આજે ભોજન કરી લીધા પછી પરમેશ્વર.....’’ પાઠાન્તર મુજબ. ભુક્તાસ્થાન=રાજાના કૃપાપાત્ર અમુક ખાસ વ્યક્તિઓની સભા.

૫૨. Occupied. અતિશયોક્તિ–અલંકાર

सन्निवेशम् स्वर्गार्बुदैरिव विहितरामणीयकम्, राजलक्ष्मीकोटिभिरिव कृतपरिग्रहं राजद्वारमगमत् ।

अभवच्चास्य जातविस्मयस्य मनसि—'कथमिवेदमियत्प्रमाणं प्राणिजातं जनयतां प्रजासृजां नासीत्परिश्रमः, महाभूतानां वा परिक्षयः, परमाणूनां वा विच्छेदः, कालस्य वान्तः, आयुषो वा व्युपरमः, आकृतीनां वा परिसमाप्तिः' इति । मेखलकस्तु दूरादेव द्वारपाललोकेन प्रत्यभिज्ञायमानः 'तिष्ठतु तावत्क्षणमात्रमत्रैव पुण्यभागी' इति तमभिधायाप्रतिहतः पुरः प्राविशत् ।

अथ स मुहूर्तादिव प्रांशुना, कर्णिकारगौरेण, वीध्रकञ्चुकच्छन्नवपुषा, समुन्मिषन्माणिक्यपदकबन्धबन्धुरवस्तबन्धकृशावलग्नेन, हिमशैलशिलाविशालवक्षसा, हरवृषककुदकूटविकटांसतटेन, उरसा चपलहर्षीकहरिणकुलसंयमनपाशमिव हारं बिभ्रता, 'कथयतं यदि सोमवंशसंभवः सूर्यवंशसंभवो वा भूपतिरभूदेवंविधः' इति प्रष्टुमानीताभ्यां सोमसूर्याभ्यामिव श्रवणगताभ्यां मणिकुण्डलाभ्यां समुद्भासमानेन, वहद्वदनलावण्यविसरवेणिकाक्षिप्यमाणैरधिकारगौरवाद्दीयमानमार्गेणेव दिनकृतः किरणैः प्रसादलब्धया विकचपुण्डरीकमुण्डमालयेव दीर्घया दृष्ट्या दूरादेवानन्दयता, नैष्ठुर्याधिष्ठानेऽपि प्रतिष्ठितेन पदे प्रश्रयमिवावनम्रेण मौलिना पाण्डुरमुष्णीषमुद्वहता, वामेन स्थूलमुक्ताफलच्छुरणदन्तुरत्सरुं करकिसलयेन कलयता कृपाणम्,

કરવામાં આવ્યું હોય તેવું; સ્વર્ગના અર્બુદોથી[53] રચવામાં આવેલી રમણીયતાવાળું અને **કરોડો રાજલક્ષ્મીઓએ આશ્રય લીધેલું તે (રાજદ્વાર) હતું.–**

જેને વિસ્મય થયું છે એવા આ (બાણ)ના મનમાં થયું:–આટલા મોટા પ્રમાણમાં પ્રાણીઓને જન્માવતા પ્રજાસર્જકો–બ્રહ્માઓ–ને કેમ થાક નહીં લાગ્યો હોય ? (પાંચ) મહાભૂતો[54] જ કેમ ખૂટી ના પડ્યા ? પરમાણુઓ ખલાસ કેમ ના થઈ ગયા ? અથવા કાળનો અન્ત કેમ ના આવ્યો ? આયુષ પૂરું કેમ ના થયું ? આકારોની પરિસમાપ્તિ કેમ ના થઈ ?" મેખલક તો દૂરથી જ દ્વારપાળ વડે ઓળખાઈ ગયો. તે (મેખલક) આ (બાણ)ને "પુણ્યભાગી એવા તમે અહીં જ થોડીવાર રાહ જુવો." એમ કહીને, તે (કોઈના પણ વડે) રોકાયા વિનાનો, (રાજદ્વારની) અંદર પ્રવેશ્યો.

ત્યાર પછી, **તે (મેખલક) થોડીક જ વારમાં** ઊંચા,[55] કર્ણિકારના પુષ્પ જેવા ગૌર, નિર્મળ કંચુકથી ઢંકાયેલ શરીરવાળા, ચળકતા માણિક્ય–પદકના બન્ધનથી શોભતી સુવર્ણ પટ્ટીથી બંધાયેલા (કેડના) મધ્યભાગવાળા, હિમાલય પર્વતની શિલા જેવા વિશાલ વક્ષઃસ્થલવાળા, શંકરના પોઠીયાની ખૂંધ રૂપી શિખરના જેવા મોટા ખભાઓવાળા, છાતીથી (–ઉપર) ચંચળ ઇન્દ્રિયરૂપી હરણોના સમૂહને પકડવાના પાશ જેવા હારને ધારણ કરનારા; "તમે કહો જોઈએ કે આવો ભૂપતિ–રાજા–જો ચન્દ્રવંશમાં જન્મ્યો હોય કે સૂર્યવંશમાં જન્મ્યો હોય તો (–થયો છે આવો કોઈ રાજા) ?" એમ પૂછવા માટે, આવી પહોંચેલા ચન્દ્રમા અને સૂર્ય જેવા, કાનમાં પહેરેલાં, મણિઓનાં બે કુંડલાંથી શોભતા; વદન ઉપર ધારણ કરતા લાવણ્ય–કિરણોની વેણીથી તિરસ્કૃત કરી દેવામાં આવેલા, (પણ) તે (સૂર્ય)ના અધિકારના ગૌરવને ધ્યાનમાં લઈને, જેને માર્ગ આપવામાં આવ્યો છે તેવા દિનકર–સૂર્ય–નાં કિરણોએ પ્રસન્ન થઈને આપેલી, ખીલેલા પુંડરીકની મુંડમાળા હોય તેવી દીર્ઘ દૃષ્ટિથી, દૂરથી જ (બાણને) આનન્દ આપતા; નિષ્ઠુરતાનું અધિષ્ઠાન હોય એવા પદ ઉપર પ્રતિષ્ઠિત હોવા છતાંય નીચા નમેલા મસ્તકથી, વિનય જેવી, પાંડુવર્ણની પાઘડીને ધારણ કરતા; મોટા મોતીઓ જડેલી ખરબચડી મૂઠ (હાથા)વાળી કૃપાણ–તલવાર–ને ડાબા હાથ રૂપી કિસલયથી ધારણ કરતા;

---

૫૩. સો લાખ=એક કોટિ (કરોડ) અને દશકોટિ=એક અર્બુદ (એવા અનેક અર્બુદોથી!)

૫૪. પૃથિવી, અપ્ (જળ), તેજ (અગ્નિ), વાયુ, અને આકાશ.

૫૫. અહીંથી શરૂ થતા प्रांशुना ઊંચા વગેરે બધાં તૃતીયાન્ત પદો पुरुषेण નાં

इतरेणापनीततरलतां ताडिनीमिव लतां शातकौम्भीं वेत्रयष्टिमुन्मृष्टां धारयता पुरुषेणानुगम्यमानो निर्गत्यावोचत्—'एष खलु महाप्रतीहाराणामनन्तरश्चक्षुष्यो देवस्य पारियात्रनामा दौवारिकः । समनुगृह्णात्वेनमनुरूपया प्रतिपत्त्या कल्याणाभिनिवेशी' इति । दौवारिकस्तु समुपसृत्य कृतप्रणामो मधुरया गिरा सविनयमभाषत—'आगच्छत । प्रविशत देवदर्शनाय । कृतप्रसादो देवः' इति । बाणस्तु 'धन्योऽस्मि, यदेवमनुग्राह्यं मां देवो मन्यते' इत्युक्त्वा तेनोपदिश्यमानमार्गः प्राविशदभ्यन्तरम् ।

2.5

अथ वनायुंजैः, आरट्टजैः, काम्बोजैः, भारद्वाजैः, सिन्धुदेशजैः, पारसीकैश्च, शोणैश्च, श्यामैश्च, श्वेतैश्च, पिञ्जरैश्च, हरिद्भिश्च, तित्तिरिकल्माषैश्च, पञ्चभद्रैश्च, मल्लिकाक्षैश्च, कृत्तिकापिञ्जरैश्च, आयतनिर्मांसमुखैः, अनुत्कटकर्णकोशैः, सुवृत्तश्लक्ष्णसुघटितघण्टिकाबन्धैः, यूपानुपूर्वीवक्रायतोदग्रग्रीवैः, उपचयश्वसत्स्कन्धसंधिभिः, निर्भुग्नोरःस्थलैः, अस्थूलप्रगुणप्रसृतैर्लोहपीठकठिनखुरमण्डलैः, अतिजवत्रुटनभयादनिर्मितान्त्राणीवोदराणि वृत्तानि धारयद्भिः, उद्यद्द्रोणीविभज्यमानपृथुजघनैः, जगतीदोलायमानबालपल्लवैः, कथमप्युभयतो निखातदृढभूरिपाशसंयमननियन्त्रितैः, आयतैरपि

બીજા–જમણા હાથ–થી ચંચળતા વિનાની વિદ્યુલ્લતા જેવી શાતકૌમ્ભી–સોનાની–ચળકતી વેત્રયષ્ટિ–નેતરની સોટી–ને ધારણ કરતા પુરુષ વડે અનસરાતો (મેખલક), (રાજદ્વારની) બહાર નીકળીને બોલ્યો: ''મહાપ્રતિહારોમાં આ મુખ્ય અને દેવ (રાજા હર્ષ)ને પ્રિય એવો 'પારિયાત્ર' નામનો દૌવારિક છે. કલ્યાણને વિષે આગ્રહ રાખનારા આપ (બાણ) આને અનુરૂપ એવી સ્વીકૃતિથી અનુગૃહીત કરો.'' દૌવારિક પણ એ બાણની નજીક જઈને, પ્રણામ કરીને મધુર વાણીથી વિનયપૂર્વક બોલ્યો.–''પધારો. દેવ(હર્ષ)ના દર્શન માટે પ્રવેશ કરો. દેવે (તમારી ઉપર) કૃપા કરી છે.'' બાણ પણ ''હું ધન્ય છું. કેમકે દેવ આ પ્રમાણે મને અનુગ્રહ કરવા યોગ્ય ગણે છે.'' એમ કહીને, તેનાથી (દૌવારિકથી) માર્ગ બતાવાતો અંદરના ભાગમાં પ્રવેશ્યો.

2.5

હવે, વનાયુજ (વજીરિસ્તાનમાં જન્મેલા), આરટ્ટજ (વાહીક અથવા પંજાબમાં જન્મેલા), કામ્બોજ (મધ્ય એશિયામાં વંક્ષુ નદીના પામીર પ્રદેશમાં જન્મેલા), ભારદ્વાજ (ઉત્તરી ગઢવાલમાં જન્મેલા), સિન્ધુ દેશ (સિંધસાગર અથવા 'સ્થલ દોઆબ')માં જન્મેલા, પારસીક (સાસાની ઈરાનમાં જન્મેલા) **ઘોડાઓથી, તથા** શોણ (લાલ કમળ જેવા) રંગના, શ્યામ, સફેદ, પિંજર (થોડાક પીળા) હરિત્‌વર્ણના, તિત્તિર પક્ષી જેવા કાબરચીતરા, પંચભદ્ર (પંચકલ્યાણી–હૃદય, પીઠ, મોં અને બન્ને પડખાં ઉપર પુષ્પચિહ્નવાળા, મલ્લિકાક્ષ, કૃત્તિકાપિંજર, લાંબા માંસ વિનાના મુખવાળા, બહુ લાંબા નહીં તેવા કાનવાળા, ગોળ ચીકણી અને સુડોળ ઘંટિકા (માથું અને ગર્દનને જોડતા ભાગ)ના બન્ધનવાળા, યૂપ (યજ્ઞશાળામાં પશુબલિને બાંધવા માટેના સ્તમ્ભ)ના જેવી વાંકી અને લાંબી પણ ઊંચી ડોકવાળા, વધી ગયેલી ચરબીથી પુષ્ટ થયેલા ખભાના સાંધાવાળા, બહાર ઉપસી આવેલી છાતીવાળા, સ્થૂળ નહીં તેવી (પાતળી) અને સીધી જાંઘવાળા, લોઢાની પીઠ જેવી કઠણ ખરીઓના મંડલોવાળા; ખૂબ વેગથી દોડતાં તૂટી જવાના ભયથી આંતરડા વિના જ બનાવ્યા હોય તેવા અને ગોળ એવા ઉદર (પેટ)ને ધારણ કરતાં, લાંબી દ્રોણી (=પીઠ, છાતી અને કટિના ભાગમાં માંસ ભરાયું હોવાથી પ્રકટ થતી શોભા)થી (બે ભાગમાં) વહેંચાઈ જતી વિશાળ જાંઘોવાળા, જમીન સુધી લટકતા (પૂછડાના) વાળ રૂપી પલ્લવોવાળા, મહામૂશ્કેલીએ બન્ને બાજુએ દાટેલાં (ખીલા) જોડે દઢતાપૂર્વક મોટા દોરડાથી બાંધીને નિયન્ત્રિત કરેલા, લાંબા હોવા છતાંય,

૫૬. આ દરેક પદ 'અશ્વ'નાં વિશેષણો છે.

पश्चात्पाशबन्धपरवशप्रसारितैकाङ्घ्रिभिरायततरैरिवोपलक्ष्यमाणैः, बहुगुणसूत्रग्रथितग्रीवागण्डकैः आमीलितलोचनैः, दूर्वारसश्यामलफेनल-वशबलान् दशनगृहीतमुक्तान् फरफरितत्वचः कण्डूजुषः प्रदेशान् प्रचालयद्भिः, सालसवलितवालधिभिः, एकशफविश्रान्तिश्रमस्रस्तशिथिलितजघनार्धैः, निद्रया प्रध्यायद्भिश्च, स्खलितहुंकारमन्दमन्दशब्दायमानैश्च, ताडितखुरधरणीरणितमुखरशिखरखुरलिखितक्ष्मातलैर्घासमभिलषद्भिश्च, प्रकीर्यमाणयवसग्रासरसमत्सरसमुद्भूतक्षोभैश्च, प्रकुपितचण्डचण्डालहुङ्कारकातरतरतरलतारकैश्च, कुङ्कुमप्रमृष्टिपिञ्जराङ्गतया सततसन्निहितनीराजनानलरक्ष्यमाणैरिवोपरिविततवितानैः, पुरःपूजिताभिमतदैवतैः, भूपालवल्लभैस्तुरङ्गैरारचितां मन्दुरां विलोकयन्, कुतूहलाक्षिप्तहृदयः किंचिदन्तरमतिक्रान्तो हस्तवामेनात्युच्चतया निरवकाशमिवाकाशं कुर्वाणम्, महता कदलीवनेन परिवृतपर्यन्तं सर्वतो मधुकरमयीभिर्मदस्रुतिभिर्नदीभिरिवापतन्तीभिरापूर्यमाणम्, आशामुखविसर्पिणा बकुलवनानामिव विकसतामामोदेन लिम्पन्तं घ्राणेन्द्रियं दूरादव्यक्तमिभधिष्ण्यागारमपश्यत् । अपृच्छच्च-'अत्र देवः किं करोति ?' इति । असावकथयत्—'एष खलु देवस्यौपवाह्यो बाह्यं हृदयं, जात्यन्तरित आत्मा, बहिश्चराः प्राणा विक्रमक्रीडासुहृद्दर्पशात

પાછળના ભાગેથી દોરડે બાંધેલા હોઈ પરવશ બનીને (લાંબા) પ્રસારેલા એક એક પગોથી જાણે કે ખૂબ લાંબા હોય તેવા દેખાઈ રહેલા; બહુ ઘણા (બે ગણા–ત્રણ ગણા એમ) દોરાઓથી ગુંથેલા ડોકના 'ગંડક' નામના આભૂષણવાળા; મીંચી દીધેલી આંખોવાળા; દુર્વારસથી શ્યામલ બનેલા (મોંઢાના) ફીણના અંશ (બિંદુઓ)થી કાબરચીતરા થયેલા તથા દાંતથી ચાવીને છોડી દીધેલા ફરફરતી (કંપતી) ચામડીવાળા ખંજવાળ ઉપડેલા ભાગોને (સતત) હલાવતા; આળસપૂર્વક વાળેલી પૂંછડીઓવાળા, એક પગની એડી ઉપર વિશ્રામ કરવાના થાકથી વાંકી વળીને શિથિલ થઈ ગયેલી અડધી સાથળોવાળા; નિદ્રાથી (જાણે) ધ્યાન ધરી રહેલા; બહાર નીકળતા 'હુંફ'કારથી ધીમો ધીમો અવાજ કરી રહેલા; (ખરીઓ) પછાડેલી ખુરધરણીઓના રણકારથી મુખરિત થઈ ગયેલી ઊંચી ખરીઓથી, જમીનના ભાગને ખોદતા અને ઘાસની અભિલાષા રાખતા; (અન્યત્ર) વિખેરવામાં આવતા ઘાસના પૂળાઓના મત્સરથી ક્ષુભિત થયેલા; ગુસ્સે થયેલા પ્રચંડ 'ચણ્ડાલ' (=અશ્વપાલ)ના હુંકારથી અત્યંત કાતર થઈ (ગભરાઈ) ગયેલી તરલ કીકીઓવાળા; કુંકુમથી રંગેલા પિંજર (પીળાશ પડતા લાલ) અંગને કારણે જાણે કે સતત નજીક રહેતી નીરાજના (આરતિ)ના અગ્નિથી રક્ષાયેલા હોય તેવા; ઉપર બાંધેલા (લાલ) ચંદરવાવાળા; જેમની આગળ અભિમત (ઇષ્ટ)દેવતાઓને પૂજવામાં આવ્યા છે તેવા અને ભૂપાલ–રાજા હર્ષ–ના પ્રિય એવા **ઘોડાઓથી શોભતી મન્દુરા (અશ્વશાળા)ને જોતો, અને કુતૂહલથી જકડાયેલા હૃદયવાળો તે (બાણ), થોડુંક અન્દર ગયો; (ત્યાં) ડાબા હાથે એણે (બાણે.),** ખૂબ ઊંચું હોવાને કારણે આકાશને જાણે કે નિરવકાશ કરતું; ચારેય બાજુએથી મોટા કેળના વનથી ઘેરાઈ ગયેલું, જાણે કે વહેતી નદીઓ હોય તેવી ભમરાઓથી ભરેલી, ઝરતી મદની ધારાઓથી ભરાયેલું; ખીલેલાં બોરસલ્લી (બકુલ) વનોના ગન્ધ જેવા દિશાઓનાં મૂળ (છેડાઓ) સુધી ફેલાતી ગન્ધથી જાણે કે ઘ્રાણેન્દ્રિયને લીંપતું (ભરી દેતું); દૂરથી સ્પષ્ટ નહીં જણાતું એવું **ઈભધિક્ષ્ણયાગાર (હાથીશાળા)ને જોયું,** અને તેણે (બાણે) પૂછ્યું: "દેવ અહીં શું કરે છે ?" પેલાએ (દૌવારિકે) કહ્યું: "આ ક્રીડાહસ્તી તો ખરેખર દેવ–રાજા હર્ષ–નું બાહ્ય હૃદય, બીજી જાતિમાં જન્મેલો આત્માં, બહાર ફરતા પ્રાણ અને યુદ્ધમાં કે ક્રીડામાં મિત્ર સમો 'દર્પશાત'

---

૫૭. ઘોડાઓની ખરીઓ નીચે લાકડાના પાટિયાંથી ઢાંકેલી જમીન.

૫૮. અભ્યાસનોંધ (૨.૪)માં આપેલ સ્કન્ધાવારનો નકશો જુવો.

૫૯. इभ;=હાથી धिष्ण्यागार=મંડપવાળી શાળા.

इति यथार्थनामा वारणपतिः । तस्यावस्थानमण्डपोऽयं महान् दृश्यते' इति । स तमवादीत्—भद्र ! श्रूयते दर्पशातः । यद्येवमदोषो वा पश्यामि तावद्वारणेन्द्रमेव । अतोऽर्हसि मामत्र प्रापयितुम् । अतिपरवानस्मि कुतूहलेन' इति । सोऽभाषत—'भवत्वेवम् । आगच्छतु भवान् । को दोषः । पश्यतु तावद्वारणेन्द्रम्' इति ।

गत्वा च तं प्रदेशं दूरदेव — गम्भीरगलगर्जितैर्वियति चातककदम्बकै, भुवि च भवननीलकण्ठकुलैः कलकेकाकलकलमुखरमुखैः क्रियमाणाकालकोलाहलम्, विकचकदम्बसंवादिमदसुरासौरभभरितभुवनम्, कायवन्तमिवाकालमेघकालम्, अविरलमधुबिन्दुपिङ्गलपद्मजालकितां सरसीमिवात्यवगाढां दशां चतुर्थीमुत्सृजन्तम्, अनवरतमवतंसशङ्खैरामन्द्रकर्णतालदुन्दुभिध्वनिभिः पञ्चमीप्रवेशमङ्गलारम्भमिव सूचयन्तम्, अविरतचलनचित्रत्रिपदीललितलास्यलयैर्दोलायमानदीर्घदेहाभोगवत्तया मेदिनीविदलनभयेन भारमिव लघयन्तम्, दिग्भित्तितटेषु कायमिव कण्डूयमानम्, आहवायोदस्तहस्ततया दिग्वारणानिवाह्वयमानम्, ब्रह्मस्तम्भमिव स्थूलनिशितदन्तेन करपत्रेण पाटयन्तम्, अमान्तं भुवनाभ्यन्तरे बहिरिव निर्गन्तुमीहमानम्,

એવું યથાર્થ નામ[60] ધરાવતો ગજપતિ છે. તે (ગજપતિ)નો આ મોટો આસ્થાન-મંડપ દેખાય છે. તેણે (બાણે) આને (દૌવારિકને) કહ્યું– હે ભદ્ર! દર્પશાત વિષે (ઘણું) સંભળાય છે. જો આમ (કોઈ) વાંધો ન હોય તો પહેલાં આ ગજપતિને જ જોઈ લઉં. માટે તમે મને ત્યાં લઈ જાવ, તો સારું. કુતુહલથી હું (ખરેખર) ખૂબ પરવશ છું." તેણે કહ્યું "ઠીક, એમ કરીએ, આપ પધારો. શો વાંધો છે ? આ ગજરાજને જુઓ."

તે (ઈભધિષ્ણ્યાગાર) પ્રદેશમાં જઈને, દૂરથી જ **તેણે (બાણે) દર્પશાત (નામના શ્રેષ્ઠ હાથી)ને જોયો.** –તે (દર્પશાત હાથી) (પોતાના) ગળાના ગંભીર ગર્જનોથી આકાશમાં 'કલ' એવા અવ્યક્ત કલકલ અવાજથી મુખરિત થયેલા મુખવાળા ચાતકપક્ષીઓના સમૂહો દ્વારા અને પૃથિવી ઉપર કેકા (=ટૂહુ)ના કલરવથી મુખરિત થયેલા કંઠવાળા ઘરમાં પાળેલા નીલા કંઠવાળા મયૂરોના સમૂહો દ્વારા, અકાળે કોલાહલ કરાવી રહ્યો હતો. ખીલેલા કદમ્બની સાથે સંવાદી એવા (–કદમ્બના જેવા) પોતાના મદના સૌરભથી ભુવનને ભરી દેતો હતો. તે અકાળે આવી ચઢેલા મેઘકાળ જેવી કાયાવાળો હતો. પુષ્કળ મધના બિન્દુઓ જેવા પિંગલ (કથ્થઈ)વર્ણી કમળોના સમૂહથી ભરેલા મોટા સરોવર જેવી, પુષ્કળ મધુબિંદુ જેવા પિંગલ વર્ણનાં ચિહ્નો (ચાઠાં) પડી ગયેલી પરિણત થયેલી ચોથી દશા (ચાળીસ વર્ષની ઉંમર)ને છોડતો હતો. ગંભીર કર્ણતાલ રૂપી દુન્દુભિઓના ધ્વનિ જેવા, સતત આભૂષણ રૂપ શંખો (ના અવાજ)થી, પાંચમી અવસ્થામાં પ્રવેશવાના મંગલારંભને તે જાણે કે સૂચવતો હતો. દોલાયમાન એવા મોટા શરીરના વિસ્તારને કારણે પૃથિવી તૂટી પડવાના ભયથી, તે અટક્યા વિના (સતત) ચાલતા સુન્દર 'ત્રિપદી'[61] લલિત લાસ્ય (નૃત્ય)ના લયો વડે; જાણે કે (પોતાનો) ભાર ઓછો કરી રહ્યો હતો. દિશાઓ રૂપી ભીંતોની સપાટી ઉપર તે જાણે કે (હાલતા હાલતાં પોતાના) શરીરને ખંજવાળી રહ્યો હતો. સંગ્રામ કરવાને માટે ઊંચા કરેલા હાથ (સૂંઢ)થી, તે જાણે કે દિગ્ગજોને બોલાવી રહ્યો હતો. જાડા તીક્ષ્ણ (અણીદાર) દાંત રૂપી કરવતથી, તે જાણે કે બ્રહ્મસ્તમ્ભ (બ્રહ્માંડ)ને કાપી રહ્યો હતો. ભુવનના અન્તરાલમાં સમાતો ન હોય તેમ, જાણે કે બહાર નીકળી જવાની ઇચ્છા કરતો હતો.

---

૬૦. શત્રુના દર્પનું શમન કરનારો (અથવા અન્ય હાથીઓના) દર્પનું શમન કરનારો.

૬૧. ત્રણ પગ ઉપર ઊભા રહેવા રૂપી.

सर्वतः सरसकिसलयतालासिभिर्लेशिकैश्चिरपरिचयोपचितैर्वनैरिव विक्षिप्तसशैवलबिसविसरशबलसलिलैः सरोभिरिव चाधोरणैराधीयमाननिदाघसमयसमुचितोपचारानन्दम्, अपि च प्रतिगजदानपवनादानदूरोत्क्षिप्तेनानेकसमरविजयगणनालेखाभिरिव वलिवलयराजिभिस्तनीयसीभिस्तरङ्गितोदरेणातिस्थवीयसा दन्तार्गलदण्डेनार्गलयन्तमिव सकलं सकुलशैलसमुद्रद्वीपकाननं ककुभां चक्रवालम्; एककरान्तरार्पितेनोत्पलाशेन कदलीदण्डेनान्तर्गतशीकरसिंच्यमानमूलम्, मुक्तपल्लवमिवापरं लीलावलम्बिना मृणालजालकेन समररसोच्चरोमाञ्चकण्टकितमिव दन्तकाण्डमुद्वहन्तम्; विसर्पन्त्या च दन्तकाण्डयुगलस्य कान्त्या सरःक्रीडास्वादितानि कुमुदवनानीव बहुधा वमन्तम्, निजयशोराशिमिव दिशामर्पयन्तम्, कुकरिकीटपाटनदुर्विदग्धान् सिंहानिवोपहसन्तम्, कल्पद्रुमदुकूलमुखपटिमिव चात्मनः कलयन्तम्; हस्तकाण्डदण्डोद्धरणलीलासु च लक्ष्यमाणेन रक्तांशुकसुकुमारतरेण तालुना कवलितानि रक्तपद्मवनानीव वर्षन्तम्, अभिनवकिसलयराशीनिवोद्गिरन्तम्; कमलकवलपीतं मधुरसमिव स्वभावपिङ्गलेन वमन्तं चक्षुषां; चूतचम्पकलवलीलवङ्गकक्कोलवन्त्येलालतामिश्रितानि ससहकाराणि कर्पूरपूरितानि पारिजातकवनानीवोपभुक्तानि पुनःपुनः करटाभ्यां

ચારે બાજુએથી ચિર પરિચયને કારણે ભેગા મળેલા જાણે કે વનો હોય તેવા લેશિકો[૬૨] રસ ભરેલી કૂંપળોવાળી લતાઓ રૂપી નર્તકીઓ વડે, અને મહાવતો[૬૩] જાણે કે સરોવરો હોય તેવા ઉડાવવામાં આવતા શેવાળ સહિતના કમળ ડાંડલાઓના સમૂહથી ડહોળાયેલા પાણી વડે તેને (દર્પશાતને) ઉનાળાના સમયમાં સમુચિત ગણાય એવા ઉપચારોથી આનંદ પહોંચાડતા હતા. અને વળી, પ્રતિસ્પર્ધી હાથીના મદવાળા પવનના આગમનથી ઊંચી કરેલી, અને જાણે કે અનેક યુદ્ધોમાં (મેળવેલા) વિજયની ગણના કરનારી રેખાઓ હોય તેવી અત્યંત પાતળી કરચલીઓના સમૂહની પંક્તિથી તરંગિત થયેલા મધ્યભાગવાળી, બહુ સ્થૂળ તેવી સૂંઢ રૂપી આગળો દેવાના દંડથી જાણે કે સકળ પર્વતો, સમુદ્રો, દ્વીપો અને જંગલોના સમૂહ સહિત દિશાઓના સમૂહને તે (દર્પશાત) આગળો દેતો હતો. સૂંઢ (અને દાંત)ની વચ્ચે મૂકેલા પાંદડાં વિનાના કેળના થડિયા વડે અંદર નીચોવાતા જળબિન્દુઓથી સીંચાતા મૂળવાળો એક દાંત, અને લીલાપૂર્વક લટકતા, પાંદડા વિનાના મૃણાલ સમૂહથી, જાણે કે યુદ્ધના રસથી ખડાં થઈ ગયેલાં રુંવાટાઓ વડે કંટકિત થયો હોય તેવા બીજા એક દાંતને તે ધારણ કરતો હતો. દન્તકાંડો–દન્તશૂળો–ના યુગલમાંથી(–ની) પ્રસરતી કાન્તિથી જાણે કે સરોવરમાં ક્રીડા કરતી વખતે આસ્વાદેલા કુમુદ–વનને અનેક પ્રકારે તે બહાર ફેંકતો[૬૪] હતો; જાણે કે દિશાઓને પોતાને પોતાનો યશઃપુંજ અર્પતો હતો; જાણે કે ક્ષુદ્ર હાથીઓના સમૂહને ફાડી ખાનાર દુષ્ટ સિંહોને હસતો હતો; અને જાણે કે કલ્પવૃક્ષમાંથી મેળવેલા રેશમી વસ્ત્રથી પોતાનો મોં લૂછવાનો રૂમાલ બનાવતો હતો! હસ્તકાણ્ડ–સૂંઢ રૂપી દંડને ઊંચાં કરવાની રમત કરવાના પ્રસંગોએ (મોંમાં) દેખાતા, લાલ રેશમીવસ્ત્ર જેવા અત્યંત કોમળ તાળવાથી, તે જાણે કોળીયો કરી (ગળી) ગયેલાં લાલ કમળોનાં વનોને (બહાર) વર્ષાવતો હતો; તાજી કૂંપળોના ઢગલાઓને વાગોળતો હતો. આખોની સ્વાભાવિક પિંગળતા (પીળાશ)ને કારણે જાણે કે કમળોના કોળિયા સાથે પીધેલા મધુના રસનું વમન કરતો હતો. જાણે કે ઉપભોગ કરેલા (ખાધેલા) આમ્રવૃક્ષ, ચમ્પક, લવલી, લવીંગ, કક્કોલ વૃક્ષોવાળાં, ઇલાયચીથી મિશ્રિત થયેલાં, સહકારવૃક્ષ સહિતના અને કપૂરવૃક્ષોથી ભરેલાં એવાં પારિજાતક–વૃક્ષોનાં વનોને ફરી ફરીને બે ગંડસ્થલો (લમણાના ભાગો)માંથી

૬૨. લેશિક-riders (ઘાસિક સંકેત મુજબ) આધોરણ–મહાવત=keepers

૬૩. હાથીના પરિચારકો

૬૪. (શબ્દઃ) ઓકતો હતો.

बहलमदामोदव्याजेन विसृजन्तम्; अहर्निशं विभ्रम-
कृतहस्तस्थितिभिरर्धखण्डितपुण्ड्रेक्षुकाण्डकण्डूयनलिखितैर-
लिकुलवाचालितैर्दानपट्टकैर्विलभमानमिव सर्वकान-
नानि करिपतीनाम्; अविरलोदबिन्दुस्यन्दिना
हिमशिलाशकलमयेन विभ्रमनक्षत्रमालागुणेन शिशिरी-
क्रियमाणम् सकलवारणेन्द्राधिपत्यपट्टबन्धबन्धुरमिवो-
च्चैस्तरां शिरो दधानम्; मुहुर्मुहुः स्थगिता-
पावृतदिङ्मुखाभ्यां कर्णतालतालवृन्ताभ्यां वीजयन्तमिव
भर्तृभक्त्या दन्तपर्यङ्किकास्थितां राजलक्ष्मीम्, आयत-
वंशक्रमागतेन गजाधिपत्यचिह्नेन चामरेणेव चलता
वालधिना विराजमानम्, स्वच्छशिशिरशीकरच्छलेन
दिग्विजयपीताः सरित इव पुनःपुनर्मुखेन
मुञ्चन्तम्, क्षणमवधानदाननिःस्पन्दीकृतसकलाव-
यवानामन्यद्विरदडिण्डिमाकर्षनाङ्कवलनानामन्ते दीर्घ-
फूत्कारैः परिभवदुःखमिवावेदयन्तम्, अलब्धयुद्धमिवा-
त्मानमनुशोचन्तम्, आरोहाधिरूढिपरिभवेन लज्जमान-
मिवाङ्गुलीलिखितमहीतलम्, मदं मुञ्च-
न्तम्, अवज्ञागृहीतमुक्तकवलकुपितारोहारटनानुरोधेन

(નીકળતા) પુષ્કળ મદની ગન્ધના બહાને તે વિસર્જિત કરતો હતો. દિવસ-રાત વિલાસપૂર્વક વાળેલી સૂંઢની સ્થિતિઓથી અર્ધી તોડેલી 'પુણ્ડ્ર' નામની શેરડીના સાંઠાઓથી ખંજવાળવાથી આડા-અવળા થઈ ગયેલા અને ભમરાઓના સમૂહને વાચાલિત કરનાર મદના પટ્ટા (મદની ધારા)ઓ વડે જાણે કે ગજપતિઓના (ષષ્ઠી) બધાંજ વનોને તે (દર્તશાત) મેળવતો હતો. પુષ્કળ જળબિન્દુઓ ટપકાવનાર હિમશિલાઓના/કરાઓના (અથવા ચન્દ્રકાન્ત મણિઓના) ટૂકડાઓથી બનેલા, સુન્દર 'નક્ષત્રમાળા'[૬૬] નામના હારથી ઠંડું કરવામાં આવતું, (અને) જાણે કે બધા જ વારણેન્દ્રો-શ્રેષ્ઠ હાથીઓ-ઉપર મેળવેલા આધિપત્યના (સૂચક એવા) પટ્ટબન્ધથી સુન્દર બનેલું ઉન્નત મસ્તક તે ધારણ કરતો હતો. વારંવાર દિશાઓના મુખોને બંધ કરતા અને ખોલી કાઢતા કાનના ફલકો રૂપી બે તાલવૃન્તોથી, ભર્તા-રાજા હર્ષ-તરફની ભક્તિને કારણે, જાણે કે દન્તશૂલો રૂપી (હાથીદાંતમાંથી બનાવેલા) પલંગમાં બિરાજમાન રાજલક્ષ્મીને પવન ઢોળતો હતો. પહોળા પૂંઠના ભાગમાં ઉગેલા, ગજોના આધિપત્યના ચિહ્ન સમા, ચામર જેવા હાલતા પૂંછડાથી તે શોભતો હતો. (અથવા વિસ્તૃત કુળપરંપરાથી આવી મળેલી, હાથીઓના આધિપત્યના ચિહ્ન સમી જાણે કે ચામર હોય તેવા હાલતા પૂંછડાથી તે શોભતો હતો.) સ્વચ્છ ઠંડા જલબિન્દુઓના બહાને, વારંવાર મુખથી જાણે કે દિગ્વિજયના સમયે પીધેલી નદીઓને મુક્ત કરતો હતો. ઘડીભર ધ્યાન આપીને સકલ અવયવોને સ્થિર કરી દીધા પછી (અને) બીજા કોઈક બે દાંતવાળા હાથી-ના ડિંડિમ ઘોષ (યશોગાન)ને સાંભળીને, અંગોને હલાવવાનું બંધ કરવાને અંતે દીર્ઘ ફુત્કારોથી, જાણે કે તે (પોતાના) પરિભવ (તિરસ્કાર)ના દુઃખને જણાવી રહ્યો હતો. જેને યુદ્ધ કરવા મળતું નથી તેવી પોતાની જાત ઉપર તે જાણે શોક કરી રહ્યો હતો. મહાવતોના ઉપર ચઢવાના પરિભવથી તે જાણે શરમાતો હોય તેમ મહીતલ-જમીન-ને આંગળીથી ખોદતો હતો (જમીન ઉપર કંઈક લખતો હતો). તે મદ ઝરાવતો હતો. અવજ્ઞાથી લઈને છોડી દીધેલા કોળીયાને કારણે ગુસ્સે થયેલા મહાવતની રાડના અનુરોધથી,

---

૬૫. અર્થાત્-અહર્નિશ લીલાપૂર્વક હસ્તાક્ષરો કરેલા, અર્ધી તૂટેલી પુણ્ડ્ર શેરડીના સાંઠા જેવી લેખની (કલમ)થી લખવામાં આવેલા અને જેના ભમરાઓના સમૂહ જેવા કાળા અક્ષરોને વાંચી સંભળાવવામાં આવતા હતા તેવા દાનપટ્ટાઓથી, તે=રાજા શ્રીહર્ષ-હાથીઓના સ્વામીઓને (ચતુર્થી) બધાં જ કાનનોનું દાન કરતો હતો.

૬૬. હાથીનું એક આભૂષણ.

૬૭. સૂંઢની છેક આગળનો ભાગ.

मदतन्द्रीनिमीलितनेत्रत्रिभागम्, कथं कथमपि मन्दमन्दमनादरादाददानं कवलान्, अर्धजग्धतमालपल्लवस्नुतश्यामलरसेन प्रभूततया मदप्रवाहमिव मुखेनाप्युत्सृजन्तम्, चलन्तमिव* दर्पेण, श्वसन्तमिव शौर्येण, मूर्च्छन्तमिव मदेन, त्रुट्यन्तमिव तारुण्येन, द्रवन्तमिव दानेन, वल्गन्तमिव बलेन, माद्यन्तमिव मानेन, उद्यन्तमिवोत्साहेन, ताम्यन्तमिव तेजसा, लिम्पन्तमिव लावण्येन, सिञ्चन्तमिव सौभाग्येन, स्निग्धं नखेषु, परुषं रोमविषये; गुरुं मुखे, सच्छिष्यं विनये; मृदुं शिरसि, दृढं परिचयेषु; ह्रस्वं स्कन्धबन्धे, दीर्घमायुषि दरिद्रमुदरे, सततप्रवृत्तं दाने; बलभद्रं मदलीलासु, कुलकलत्रमायत्ततासु; जिनं क्षमासु वह्निवर्षं क्रोधमोक्षेषु; गरुडं नागोद्धृतिषु; नारदं कलहकुतूहलेषु; शुष्काशनिपातमवस्कन्देषु; मकरं वाहिनीक्षोभेषु;

* दलन्त०

અભિમાન રૂપી આળસથી તેણે નેત્રના પોણાભાગને મીંચી દીધો હતો. જેમ તેમ કરીને ધીમે ધીમે અનાદરપૂર્વક તે કોળીયા લેતો હતો. અર્ધા ચાવેલા તમાલના પાંદડામાંથી નીચોવાયેલા ખૂબ શ્યામલ રસથી, જાણે કે મુખ(માં)થી તે મદ-પ્રવાહને બહાર કાઢતો હતો. તે જાણે[૬૮] દર્પથી (જ) ચાલતો હતો; શૌર્યથી શ્વાસ લેતો હતો; મદથી મૂર્ચ્છિત થતો હતો; તારુણ્યથી તૂટતો હતો; દાનજળ(મદ)થી દ્રવતો હતો; બળથી ઝૂમી રહ્યો હતો; માનથી માતીલો બન્યો હતો, ઉત્સાહથી ઉદ્યત થયો હતો; તેજથી તગતગી રહ્યો હતો; લાવણ્યથી (સર્વ દિશાઓને) લીંપી રહ્યો હતો અને સૌભાગ્યથી (સર્વત્ર) સિંચન કરી રહ્યો હતો. તે નખોમાં સ્નિગ્ધ (=ચીકાશવાળો) અને રુંવાટીની બાબતમાં પરુષ (=કર્કશ) હતો. મુખની બાબતમાં ગુરુ (મોટા) અને વિનયની બાબતમાં સારા શિષ્ય જેવો (આજ્ઞાંકિત) હતો. મસ્તકેથી કોમળ (પોચો) અને પરિચયોમાં દૃઢ (કઠણ) હતો.[૭૧] ગળેથી તો હ્રસ્વ (નાનો) અને આયુષ્યની અંદર દીર્ઘ (મોટો) હતો. ઉદરથી તે દરિદ્ર (=કૃશ) હતો; અને દાન (મદ)ને સતત ઝરાવતો હતો.[૭૨] મદલીલા (દારૂ પીવાની બાબત)માં બળરામ જેવો અને અધીન થવાની (વશ વર્તવાની) બાબતમાં કુલીન સ્ત્રીઓ જેવો હતો. (અર્થાત્ મદ ઝરાવનારો અને વિશાળ હતો.) ક્ષમા કરવાની બાબતમાં જિન (મહાવીર કે બુદ્ધ) જેવો અને ક્રોધ દર્શાવવામાં અગ્નિ વર્ષાવનાર હતો. નાગ(=હાથી)ને પકડી લેવાની બાબતમાં, (નાગ=સર્પને પકડી લેનાર) ગરુડ જેવો હતો. કલહ (=રણ)માં કુતૂહલ દાખવવામાં (કલહ-ઝઘડો કરાવવામાં) નારદ જેવો હતો. અવસ્કન્દ=અજાણ્યા શત્રુઓની સેના ઉપર (ક્રુર વજ્રાઘાત કરનાર) શુષ્ક વીજળીપાત જેવો હતો. વાહિની (=સેના) ક્ષુભિત કરવાની બાબતમાં, (વાહિની=નદીને ક્ષુભિત કરનાર) મકર=મગર જેવો હતો.

---

૬૮. હવે પછીનાં ઉપવાક્યોમાં 'જાણે કે' ઉમેરવું.

૬૯. સ્નિગ્ધ=પ્રીતિવાળો અને પરુષ=પ્રીતિ વગરનો. -આ અર્થો લેતાં વિરોધની પ્રતીતિ થાય છે.

૭૦. ગુરુ એટલે આચાર્ય અથવા વિસ્તીર્ણ=મોટા.

૭૧. અહીં 'કોમળ' અને 'દૃઢ' શબ્દો પૂરતો જ વિરોધ છે. પણ સમગ્રતયા જોતાં તે આભાસમાત્ર છે.

૭૨. દરિદ્ર=ધનહીન ગરીબ અને છતાંય સતત દાન આપનાર-આ અર્થ લેતાં વિરોધ આવશે.

૭૩. 'બળરામ' અને 'સ્ત્રીઓ' વિરોધીઓ છે. પણ કૌંસમાં આપેલો અર્થ લેતાં વિરોધ શમી જાય છે.

૭૪. અહીં ક્ષમા અને ક્રોધ-એમ શબ્દ પૂરતો જ વિરોધ છે.

आशीविषं दशनकर्मसु; वरुणं हस्तपाशाकृष्टिषु: यमवागुरामरातिसंवेष्टनेषु; कालं परिणतिषु, राहुं तीक्ष्णकरग्रहणेषु, लोहिताङ्गं वक्रचारेषु, अलातचक्रं मण्डलभ्रान्तिविज्ञानेषु, मनोरथसंपादकं चिन्तामणिपर्वतं विक्रमस्य, दन्तमुक्ताशैलस्तम्भनिवासप्रासादमभिमानस्य, घण्टाचामरमण्डनमनोहरमिच्छासंचरणविमानं मनस्विताया:, मदधारादुर्दिनान्धकारं गन्धोदकधारागृहं क्रोधस्य, सकाञ्चनप्रतिमं महानिकेतनमहंकारस्य, सगण्डशैलप्रस्रवणं क्रीडापर्वतमवलेपस्य, सदन्ततोरणं वज्रमन्दिरं दर्पस्य; उच्चकुम्भकूटाट्टालकविकटं संचारिगिरिदुर्गं राज्यस्य, कृतानेकबाणविवरसहस्रं लोहप्राकारं पृथिव्या:, शिलीमुखशतझांकारितं पारिजातपादपं भूनन्दनस्य, तथा च संगीतगृहं कर्णतालताण्डवानाम्, आपानमण्डपं मधुपमण्डलानाम्, अन्त:पुरं शृङ्गाराभरणानाम्, मदनोत्सवं मदलीलालास्यानाम्, अक्षुण्णप्रदोषं नक्षत्रमालामण्डलानाम्, अकालप्रावृट्कालं मदमहानदीपूरप्लवानाम्, अलीकशरत्समयं सप्तच्छदवनपरिमलानाम्,

દશનકર્મ (=દન્તશૂળનો વ્યાપાર) કરવાની બાબતમાં, (દશનકર્મ=ડંશ મારનાર) સર્પ જેવો હતો. હસ્ત(=સૂંઢ)રૂપી પાશથી ખેંચી લેવાની બાબતમાં, (હાથમાં રહેલા પાશથી ખેંચી લેનાર) વરુણ જેવો હતો. અરાતિ (=શત્રુઓ)ને જકડી લેવાની બાબતમાં (જીવોને જકડી લેનાર) યમરાજની જાળ (પાશ) જેવો હતો. પરિણતિ (દન્તશૂળ ભોંકવાના કાર્ય)માં, (પરિણતિ=શુભાશુભ કર્મોનો વિપાક પ્રકટાવનાર દિવસ સમા) કાળ–યમરાજ–જેવો હતો. તીક્ષ્ણ સૂંઢથી (કોઈને) પકડવાની બાબતમાં, (તીક્ષ્ણ કિરણોવાળા–સૂર્ય–ને ગ્રસી જનાર) રાહુ જેવો હતો. વક્ર ભ્રમણ કરવાની બાબતમાં, (વક્રી ગતિ કરનાર) લોહિતાંગ=મંગળગ્રહ જેવો હતો. ગોળ ગોળ ભ્રમણ કરવાના કૌશલની બાબતમાં, (ગોળાકારની ભ્રાંતિનું જ્ઞાન જન્માવનાર) અલાતચક્ર જેવો હતો. વિક્રમનો તે (જાણે) મનોરથોનું સંપાદન કરી આપનાર ચિન્તામણિ–પર્વત હતો. અભિમાનનો, તે (જાણે) દન્તશૂળ રૂપી મુક્તા શૈલ (=આરસપહાણ)ના સ્તમ્ભોવાળા, નિવાસ માટેનો મહેલ હતો. મનસ્વિતાનું, તે (જાણે) ઘંટ અને ચામરના સુશોભનથી મનોહર બનેલું યથેચ્છ સંચરણ કરનારું વિમાન હતો. ક્રોધનું, તે (જાણે) મદની ધારાઓથી દુર્દિન–વર્ષાઋતુમાં–ના અન્ધકાર જેવું સુગન્ધિત જળવાળું ધારાગૃહ હતો. અહંકારનું, તે (જાણે) સોનાની પ્રતિમા સહિતનું કોઈ મહાનિકેતન હતો. અવલેપ (ગર્વ)નો, તે (જાણે) ગણ્ડસ્થલ (લમણાનો ભાગ) રૂપી પથ્થર સહિતના (મદ રૂપી પાણી ઝરાવતા) ઝરણાવાળો ક્રીડાપર્વત હતો. દર્પનું, તે (જાણે) (હાથી) દાંતના તોરણ સહિતનું વજ્ર મન્દિર હતો. રાજ્યનો, તે (જાણે) ઊંચા કુંભ (જેવા મસ્તક) રૂપી શિખરવાળી અટારીથી વિકટ (ભયાનક) બનેલા ફરતા પર્વત જેવો કિલ્લો હતો. પૃથિવીની, તે (જાણે) અનેક બાણો છોડવા માટેના હજારો કાણાંઓવાળી લોખંડની દિવાલ હતો. પૃથિવી ઉપરના 'નન્દન' ઉદ્યાનનું, તે (જાણે) સેંકડો ભમરાઓથી ઝાંકારિત થયેલું પારિજાત નામનું પાદપ–વૃક્ષ–હતો. અને વળી; કાનોને હલાવવા રૂપી તાંડવનૃત્યોનું તે સંગીતગૃહ હતો. મધુ પીનારા–ભમરા–ઓના સમૂહોનો તે આપાનમંડપ (પરબ) હતો. શૃંગાર માટેનાં આભરણોનું તે અન્તઃપુર હતો. મદ (ઝરાવવાની) લીલા (કરવા) રૂપી લાસ્યનૃત્યો ભરેલો તે મદનોત્સવ હતો. નક્ષત્રમાલાઓના સમૂહોનો તે અવિનાશી/પરિપૂર્ણ પ્રદોષ–સન્ધ્યાકાળ–હતો. મદ રૂપી મહાદીના પ્રવાહમાં પૂર લાવનાર તે અકાળે શરૂ થયેલી વર્ષાઋતુનો સમય હતો. 'સપ્તચ્છદ' વૃક્ષોના વનની સુગન્ધનો તે આભાસિક શરદ્ઋતુવાળો સમય હતો.

---

૭૫. અથવા દન્તકોશ સહિતનું.

अपूर्वहिमागमं शीकरनीहाराणाम्, मिथ्याजलधरं गर्जिताडम्बराणां दर्पशातमपश्यत् ।

2.6

आसीच्चास्य चेतसि—'नूनमस्य, निर्माणे गिरयो ग्राहिताः परमाणुताम् । कुतोऽन्यथा गौरवमिदम् । आश्चर्यमेतत् । विन्ध्यस्य दन्तावादिवराहस्य करः' इति विस्मयमानमेव दौवारिकोऽब्रवीत्—

'पश्य—

मिथ्यैवालिखतां* मनोरथशतैर्निःशेषनष्टां श्रियं
चिन्तासाधनकल्पनाकुलधियां भूयो वने विद्विषाम् ।
आयातः कथमप्ययं स्मृतिपथं शून्यीभवच्चेतसां
नागेन्द्रः सहते न मानसगतानाशागजेन्द्रानपि ॥

तदेहि । पुनरप्येनं द्रक्ष्यसि । पश्य तावद्देवम्' इत्यभिधीयमानश्च तेन मदजलपङ्किलकपोलपट्टपतितां मत्तामिव मदपरिमलेन मुकुलितां कथमपि तस्माद् दृष्टिमाकृष्य तेनैव दौवारिकेणोपदिश्यमानवर्त्मा समतिक्रम्य भूपालकुलसहस्रसंकुलानि त्रीणि कक्षान्तराणि; चतुर्थे भुक्तास्थानमण्डपस्य पुरस्तादजिरे स्थितम्, दूरादूर्ध्वस्थितेन प्रांशुना कर्णिकारगौरेण व्यायामव्यायतवपुषा शस्त्रिणा मौलेन शरीरपरिवारकलोकेन पंक्तिस्थितेन कार्तस्वरस्तम्भमण्डलेनेव परिवृतम्,

* मिथ्यैवालिखितां इत्यपि पाठः ।

જળ બિન્દુઓવાળા ઝાકળ ભરેલો તે અપૂર્વ શિયાળાના આગમન સમો હતો. ગર્જનોના આડમ્બર ભરેલો તે મિથ્યા જલધર–વાદળ–જેવો હતો.–(આવા આવા દર્પશાત હાથીને બાણે જોયો).

2.6

આ (બાણ)ના ચિત્તમાં થયું (કે)-''ચોક્કસ જ આ (દર્પશાત)નું સર્જન કરવામાં (મોટા મોટા) પર્વતોને પરમાણુ બનાવી દેવામાં આવ્યા હશે ! નહીં તો આ વિશાળતા કેવી રીતે હોઈ શકે ! આ આશ્ચર્યજનક છે! વિન્ધ્ય પર્વતને બે દન્તશૂળ (ફુટી હોય) અને આદિ વરાહને સૂંઢ (ફુટી હોય તેવો આ દર્પશાત છે).'' આ પ્રમાણે વિસ્મય પામી રહેલા આ (બાણ)ને દૌવારિકે કહ્યું, : જુઓ–

અશેષપણે નાશ પામેલી (પોતાની રાજ્ય)લક્ષ્મીને સેંકડો મનોરથોથી, ફોગટ જ આલેખી રહેલા (વિચારી રહેલા); ચિંતામાં અને (તે લક્ષ્મીને ફરી પાછી) મેળવવાની કલ્પનામાં આકુળ(વ્યાકુળ) થયેલી બુદ્ધિવાળા, જંગલમાં (હારીને નાસી ગયેલા), અને શૂન્ય થઈ જતા ચિત્તવાળા (હર્ષના) શત્રુઓના, સ્મૃતિપથ ઉપર, ક્યાંકથી આવી ચઢેલો આ ગજરાજ (=દર્પશાત), ફરીથી (ફરી ફરીને), મનમાં ઉપસ્થિત થતા આશા (અભિલાષા) રૂપી ગજરાજો પણ (અથવા–માનસ–સરોવરમાં રહેલા દિગ્ગજોને પણ) સહી શકતો નથી.

તો ચાલો. ફરીથી (ક્યારેક) આ (દર્પશાત)ને જોજો. અત્યારે તો દેવ (રાજા હર્ષ)ને મળો.'' આ પ્રમાણે તેના (=દૌવારિક) વડે કહેવાતા (બાણે); મદજલથી ચીંકણા થયેલા (દર્પશાતના) લમણાના ભાગ ઉપર મંડાયેલી, જાણે કે મતવાલી (મત્ત થયેલી), (અને) મદ–ના પરિમલ (સુગન્ધ)થી વિસ્ફારિત થયેલી (પોતાની) દૃષ્ટિને તેના ઉપરથી (=દર્પશાત પરથી) પાછી ખેંચીને, તે જ ('પારિયાત્ર' નામના) દૌવારિક વડે જેને રસ્તો બતાવવામાં આવી રહ્યો છે તેવા તેણે (બાણે), અનેક રાજાઓના હજારો સમૂહથી ખીચોખીચ ભરાયેલા બીજા ત્રણ કક્ષો (પરસાળો)ને ઓળંગીને; ચોથા કક્ષમાં 'ભુક્તાસ્થાન–મંડપ'ની આગળના આંગણામાં બિરાજેલા ચક્રવર્તી રાજા હર્ષને દૂરથી (જ) જોયા.–જાણે કે (પંક્તિમાં ઊભેલા) કાર્તસ્વર (=સુવર્ણ)ના થાંભલાઓનો સમૂહ હોય તેવા ઉપરના ભાગે ઊભેલા, ઊંચા (અથવા પ્રકૃષ્ટ તેજવાળા), કર્ણિકાર પુષ્પ જેવા ગૌરવવર્ણના, વ્યાયામથી કસાયેલા શરીરવાળા, 'મૌલ' (નામના, અથવા–વંશપરંપરાથી પ્રાપ્ત) શસ્ત્રધારી, પંક્તિમાં (–બદ્ધ) ઊભેલા અંગરક્ષક–લોકોથી તે (હર્ષ) વીંટાળાયેલા હતા.[૭૬]

૭૬. ''...વીંટાળાયેલા (વિશેષણ) એવા હર્ષને (વિશેષ્ય) જોયા.'' એ અખંડાન્વય છે.

आसन्नोपविष्टविशिष्टेष्टलोकम्, हरिचन्दनरस-

प्रक्षालिते तुषारशीकरशीतलतले दन्तपाण्डुरपादे

शशिमय इव मुक्ताशैलशिलापट्टशयने समुपविष्टम्,

शयनीयपर्यन्तविन्यस्ते समर्पितसकलविग्रहभारं भुजे,

दिङ्मुखविसर्पिणि देहप्रभाविताने विततमणिमयूखे

घर्मसमयसुभगे सरसीव मृदुमृणालजालजटिलजले

सराजकं रममाणम्, तेजसः परमाणुभिरिव

केवलैर्निर्मितम्, अनिच्छन्तमपि बलादारोपयितुमिव

सिंहासनम् सर्वावयवेषु सर्वलक्षणैर्गृहीतम्, गृहीत-

ब्रह्मचर्यमालिङ्गितं राजलक्ष्म्या, प्रतिपन्नासिधारा-

धारणव्रतमविसंवादिनं राजर्षिम्, विषमराजमार्ग-

विनिहितपदस्खलनभियेव सुलग्नं धर्मे,

તેમની (હર્ષની) નજીકમાં જ વિશિષ્ટ એવા પ્રિયજનો બેઠા હતા. હરિચંદનના રસથી ધોયેલા, બરફના (ઠંડા) પાણી જેવા શીતલ સપાટી (તળીયા)વાળા, (હાથી)દાંત જેવા/ના સફેદ પાયાવાળા, (અથવા–હાથીદાંત જેવા સફેદ કિરણોવાળા) જાણે કે ચન્દ્રમય હોય તેવા મુક્તાશૈલ (મોતીના પથ્થર)માંથી, ઘડેલા શિલાપટ્ટવાળા પલંગમાં તે (હર્ષ) બેઠા હતા. પલંગના છેડાના ભાગ ઉપર મૂકેલા હાથ ઉપર તેમણે આખા શરીરનો ભાર મૂક્યો હતો. જાણે કે કોમળ કમળોના સમૂહથી સંકુલ બનેલા જળવાળું અને ઉનાળાના દિવસોમાં સુભગ લાગતું સરોવર હોય તેવા, દિશાઓના મુખ સુધી ફેલાતા (તેમની) દેહપ્રભાના મંડલમાં (અને) મણિઓના ચારે બાજુએ ફેલાતા કિરણોમાં, તે (રાજા હર્ષ) બીજા રાજાઓની સાથે રમમાણ હતા. જાણે કે તેજના કેવળ પરમાણુઓથી (જ) તે (હર્ષ)નું નિર્માણ થયું હતું[૭૭] તે (હર્ષ) ઇચ્છતો નહીં હોવા છતાંય, જાણે કે તેમ(હર્ષ)ને બળજબરીથી (રાજ)સિંહાસન ઉપર બેસાડવા માટે, (ચક્રવર્તીનાં) બધાં લક્ષણો (ચિહ્નો)એ તેમને બધા અવયવોથી(માં) જકડ્યા હતા. તેમણે બ્રહ્મચર્ય (પાલનનું વ્રત) લીધું હતું.[૭૮] તથાપિ રાજલક્ષ્મી વડે તે આલિંગન પામ્યા હતા.[૭૯] (વિરોધનું શમનઃ તેમણે વેદાધ્યયનનું વ્રત લીધું હતું, અથવા તે પોતાની પત્ની વિષે જ સંતુષ્ટ હતા–અને તે દિવ્ય કાન્તિયુક્ત હતા.) વિશ્વાસ રાખનારાઓની ઉપર તલવારની ધાર ચલાવવાનું વર્તન કરનારા હતાં; છતાંય અવિસંવાદિ રાજર્ષિ (ઉત્તમ રાજા) હતા. [તે કેવી રીતે ? એટલે કે તે વિરોધનું શમન કરીએ તો–તેમણે 'અસિધારા'[૮૦] નામનું વ્રત લીધું હતું; (અથવા શરણે આવેલાઓને (રક્ષવા) માટે તલવારને ધારણ કરવાનું વ્રત લેનારા તે હતા); અને તે વિસંવાદી વર્તન નહીં કરનાર ઉત્તમ મુનિ હતા.][૮૧] વિષમ (=જેનું અનુષ્ઠાન અંશક્ય છે એવા) રાજમાર્ગ ઉપર મૂકેલું ડગલું હટી જવાની બીકથી, જાણે કે તે ધર્મમાં સારી રીતે લાગેલા હતા.

---

૭૭. પાંચ મહાભૂતમાંના એક 'તેજસ્'માંથી જ હર્ષનું નિર્માણ થયું હતું.

૭૮. હર્ષે (પોતાના ભાઈ રાજ્યવર્ધનના મૃત્યુ પછી) પ્રતિજ્ઞા લીધી હતી કે તે જ્યાં સુધી દિગ્વિજય નહીં કરે ત્યાં સુધી બ્રહ્મચર્યનું પાલન કરશે. (સંકેત)

૭૯. વિરોધ અલંકાર.

૮૦. પત્ની સાથે શયન કરવા છતાંય જે બ્રહ્મચર્યનું પાલન કરે છે તેને અસિધારાવ્રત કહે છે.

૮૧. આ બીજું વાક્ય પણ વિરોધલંકારનું ઉદાહરણ છે.

सकलभूपालपरित्यक्तेन भीतेनेव लब्धवाचा सर्वात्मना सत्येन सेव्यमानम्, आसन्नवारविलासिनीप्रतियात-नाभिश्चरणनखपातिनीभिर्दिग्भिरिव दशभिर्विग्रहा-वर्जिताभिः प्रणम्यमानम्, दीर्घैर्दिगन्तपातिभिर्दृष्टि-पातैर्लोकपालानां कृताकृतमिव प्रत्यवेक्षमाणम्, मणिपादपीठपृष्ठप्रतिष्ठितकरेणोपरिगमनाभ्यनुज्ञां मृग्य-माणमिव दिवसकरेण, भूषणप्रभासमुत्सारणबद्ध-पर्यन्तमण्डलेन प्रदक्षिणीक्रियमाणमिव गलितोष्मणा दिवसेन, अप्रणमद्भिर्गिरिभिरपि भूभृद्भिर् दूयमानं, शौर्योष्मणा फेनायमानमिव चन्दनधवलं लावण्यजलधि-मुद्वहन्तम्, एकराज्योर्जितेन निजप्रतिबिम्बान्यपि नृपचक्र चूडामणिधृतान्यसहमानमिव, दर्पदुःखासिकया चामरानिल-निभेन बहुधेव श्वसन्तीं राजलक्ष्मीं दधानम्, सकलमिव चतुःसमुद्रलावण्यमादायोत्थितया श्रिया समुपश्लिष्टम्, आभरणमणिकिरणप्रभाजालजायमानानीन्द्र-धनुःसहस्राणीन्द्रप्राभृतप्रहितानि विलभमानमिव,

બધા જ ભૂ–પાલોએ તદ્દન ત્યજી દીધેલા અને જાણે ડરી ગયેલા, ("અમે તને છોડી દઈએ છીએ." એવી સૌ રાજાઓ તરફથી) જેને (જાકારા રૂપ) વાણી (=વાક્ય) પ્રાપ્ત થઈ છે [અથવા–'હું તારું રક્ષણ કરીશ' એવું જેણે હર્ષ પાસેથી વચન મેળવ્યું છે] તથા જે બધાના આત્મા સ્વરૂપ છે તેવા સત્યથી તે (હર્ષ) સેવાતા હતા. જાણે કે શરીર ધારણ કરેલી દશેય દિશાઓ હોય તેવાં; (તે–હર્ષ–ના) પગના (દશ) નખોની અંદર પડતા આજુબાજુ(માં ઊભી) રહેલી વારુવિલાસની[૮૨] સ્ત્રીઓનાં પ્રતિબિમ્બો[૮૩] વડે તે (હર્ષ) પ્રણામ કરાતા હતા. દિશાઓના અન્ત સુધી પહોંચનારા લાંબા દૃષ્ટિપાતો વડે તેઓ (=હર્ષ) જાણે કે લોકપાલોના કાર્યાકાર્યનું નિરીક્ષણ કરી રહ્યા હતા. મણિજડિત પાદપીઠ[૮૪]ની ઉપર પડેલાં (પ્રથમ) કિરણ (રૂપી હાથ) વડે, જાણે કે દિવસકર–સૂર્ય–વડે (તે હર્ષની પાસે) ઉપર(ના આકાશમાં) જવાની અનુમતી મંગાઈ રહી હતી. આભૂષણોની પ્રભા (=કાન્તિ) ફેલાવાથી આજુબાજુ બંધાયેલા (તેજો)મંડલને કારણે જેની ઉષ્મા ઓગળી ગઈ છે (અર્થાત્ જેનું તેજ ઝાંખુ પડી ગયું છે) તેવા દિવસ વડે જાણે કે તેમની પ્રદક્ષિણા કરવામાં આવતી હતી. (તેમને) પ્રણામ નહીં કરતા પર્વતો (રૂપી) ભૂભૃદ્ (=રાજા)ઓથી પણ તે (હર્ષ) દુઃખી થતા હતા! (તેમના) શૌર્ય રૂપી પ્રતાપથી જાણે કે ફીણવાળા થયેલા, ચન્દન જેવા ધવલ, લાવણ્ય રૂપી સમુદ્રને ધારણ કરતા હતા.[૮૫] તેઓ (=હર્ષ) એક–છત્રી રાજય ઉપર પ્રભુત્વ ધરાવતા હતા. તેથી[૮૬] (ખંડિયા) રાજાઓના સમૂહના મુકુટમણિઓમાં ઝીલાતા પોતાનાં જ પ્રતિબિમ્બોને પણ જાણે કે તે સહન નહોતા કરી શકતા. દર્પના દુઃખમાં સરકી પડેલી, ચામર(થી ઢોળાતા) પવનના બહાને, ઘણી રીતે જાણે કે શ્વાસ લઈ રહેલી રાજલક્ષ્મીને (તેઓ) ધારણ કરતા હતા. જાણે કે ચારેય સમુદ્રોના સકલ લાવણ્ય[૮૭]ને લઈને બહાર નીકળેલી લક્ષ્મી વડે તે (હર્ષ) આલિંગન પામ્યા હતા. આભૂષણોમાં જડેલા મણિઓના કિરણોની કાન્તિના સમૂહમાંથી ઉત્પન્ન થતા હજારો ઇન્દ્રધનુષ્યો જાણે કે ઇન્દ્રે મોકલેલ ભેટસોગાત હોય તેમ તેઓ મેળવી રહ્યા હતા.

---

૮૨. હર્ષના શરીરને વિવિધ ઉપચાર (માલીસ વગેરે) કરવામાં ચતુર એવી સ્ત્રીઓ.

૮૩. પ્રતિયાતના=પ્રતિબિમ્બ.

૮૪. પગ મૂકવાનો બાજઠ.

૮૫. ઉત્પ્રેક્ષા અને ઉપમા ગર્ભિત રૂપકાલંકારનું ઉદાહરણ.

૮૬. અથવા–પોતાના એકછત્રી રાજયના દર્પને કારણે

૮૭. ખારાશ, લવણ=મીઠા જેવી સફેદી. અથવા સૌન્દર્ય.

राज्ञां संभाषणेषु परित्यक्तमपि मधु वर्षन्तम्, काव्यकथास्वपीतमप्यमृतमुद्वमन्तम्, विस्रम्भभाषिते-ष्वनाकृष्टमपि हृदयं दर्शयन्तम्, प्रसादेषु निश्चलामपि श्रियं स्थाने स्थाने स्थापयन्तम्, वीरगोष्ठीषु पुलकितेन कपोलस्थलेनानुरागसंदेशमिवोपांशु रणश्रियः शृण्वन्तम्, अतिक्रान्तसुभटकलहालापेषु स्नेहवृष्टिमिव दृष्टिमिष्टे कृपाणे पातयन्तम्, परिहासस्मितेषु गुरुप्रतापभीतस्य राजकस्य स्वच्छमाशयमिव दश-नांशुभिः कथयन्तम्, सकललोकहृदयस्थितमपि न्याये तिष्ठन्तम्, अगोचरे गुणानामभूमौ सौभाग्यानामविषये वरप्रदानानामशक्ये, आशिषाममार्गे मनोरथानामतिदूरे दैवस्यादिश्युपमानानामसाध्ये, धर्मस्यादृष्टपूर्वे, लक्ष्म्या महत्त्वे स्थितम्, अरुणपादपल्लवेन सुगतमन्थरोरुणा वज्रायुधनिष्ठुरप्रकोष्ठपृष्ठेन वृषस्कन्धेन भास्वद्बिम्बाधरेण

(બીજા) રાજાઓની સાથે વાતચીત દરમ્યાન તેમણે (હર્ષે) [મધુ (મદિરા)નો] ત્યાગ કર્યો હતો, છતાંય તેઓ મધુ (અમૃત)ને વર્ષાવતા હતા.[૮૮] તેમણે કાવ્યકથાઓમાં(થી) [અમૃત] નહોતું પીધું, છતાંય, તેઓ અમૃતને બહાર કાઢતા હતા. વિશ્વાસપૂર્વકની અંગત વાતચીતમાં (હૃદય) બહાર ન કાઢ્યું હોય, છતાંય તેઓ (પોતાના) હૃદય (અંગત માન્યતા)ને બતાવતા હતા. (કોઈની ઉપર) ખુશ થઈ જવાના પ્રસંગોએ (તેમની [રાજ)લક્ષ્મી] અચળ હતી, છતાંય પદે પદે લક્ષ્મીને સ્થાપતા (વહેંચતા) હતા. વીરપુરુષો સાથેની ગોષ્ઠીઓમાં રોમાંચિત થતા કપોલસ્થલ (ગાલ) વડે, જાણે કે ખાનગીમાં રણલક્ષ્મીનો કોઈ અનુરાગ-સંદેશ સાંભળી રહ્યા હતા. વિજયી નીવડેલા સુભટો (સેનાપતિઓ)ની કલહ(=યુદ્ધ)ની વાતો દરમ્યાન, ઇષ્ટ કૃપાણ ઉપર જાણે સ્નેહ વર્ષાવતા=(તેલ ચોપડતા) હોય તેવી દૃષ્ટિ ફેરવતા હતા. મજાક મશ્કરી ભર્યાં સ્મિતો દરમ્યાન, (તેમના) ભારે પ્રતાપથી ડરી ગયેલા રાજાઓ તરફ, જાણે કે (તેઓ પોતાના) દન્ત-કિરણોથી (પોતાનો) સ્વચ્છ આશય કહી રહ્યા હતા. બધા જ લોકોના હૃદયમાં વિરાજમાન હોવા છતાંય, ન્યાય (આપવા)માં પણ ઊભા (જાગૃત) હતા. (ધૈર્યાદિ) ગુણોને માટે, (તેઓ) અગોચર (સ્થાન)માં રહેલા હતા,[૮૯] સૌભાગ્યોને માટે (તેઓ) અભૂમિમાં રહ્યા હતા.[૯૦] વરદાનો આપવાની બાબતમાં (તેઓ) અવિષયમાં રહેતા હતા.[૯૧] (વધુ) આશીર્વાદો આપવાની અશક્યતામાં (તેઓ) આવી ઊભા હતા. મનોરથોને આગળ વધવા માટેના અમાર્ગ ઉપર (તેઓ) ઊભા હતા. દૈવ (પ્રારબ્ધ)ની (બાબતમાં) અતિદૂર (પહોંચીને ઊભા) રહ્યા હતા (દૈવથી ઘણા આગળ નીકળી ગયા હતા.) ઉપમાનોને માટે અદિશા બની રહ્યા હતા. ધર્મથી (પણ) અસાધ્ય (એવી ઉત્તમ) સ્થિતિમાં (તેઓ) હતા. પૂર્વે ક્યારેક નહીં જોયેલ લક્ષ્મીના મહિમામાં (તેઓ) સ્થિર (ઊભા) હતા. 'અરુણ' (=સૂર્યના સારથિ)ના જેવા લાલ પાદ રૂપી પલ્લવોવાળા; 'સુગત' (=બૌદ્ધ)ના જેવા સારી ગતિ કરનારા (અને) મન્થર (મન્દ) ઊરુદંડ (=સાથળો)વાળા, 'વજ્રાયુધ' (=ઇન્દ્ર)ના જેવા વજ્ર જેવા આયુધથી નિષ્ઠુર (કઠોર) કાંડાના પાછળના ભાગવાળા, વૃષભ (=ધર્મ અથવા આખલા)ના જેવા ખભાઓવાળા, ભાસ્વત્ (=સૂર્ય)ના જેવા ચમકતા બિમ્બ(ફળ જેવા) અથવા ગોળ અધરોષ્ઠવાળા,

૮૮. આ અપી વાળાં વાક્યોમાં વિરોધાલંકાર છે.

૮૯. ભાવાર્થ : એકેય ગુણ એવો બાકી નહોતો રહ્યો, કે જેણે એ (હર્ષ)માં જઈને નિવાસ કરવાનો બાકી હોય.

૯૦. સર્વ સૌભાગ્ય એમને (વિષે પ્રકટ થયાં હતાં.

૯૧. બધાજ વિષયનાં એમણે લોકોને વરદાન આપ્યાં હતાં.

प्रसन्नवलोकितेन चन्द्रमुखेन कृष्णकेशेन वपुषा सर्वदेवतावतारमिवैकत्र दर्शयन्तम्, अपि च मांसलमयूखमालामलिनितमहीतले महति महार्हे माणिक्यमालामण्डितमेखले महानीलमये पादपीठे कलिकालशिरसीव सलीलं विन्यस्तवामचरणम्, आक्रान्तकालियफणाचक्रवालं बालमिव पुण्डरीकाक्षम्; क्षौमपाण्डुरेण चरणनखदीधितिप्रतानेन प्रसरता महीं महादेवीपट्टबन्धेनेव महिमानमारोपयन्तम्, अप्रणत-लोकपालकोपेनेवातिलोहितौ सकलनृपतिमौलिमाला-स्वतिपीतं पद्मरागरत्नातपमिव वमन्तौ सर्वतेजस्वि-मण्डलास्तमयसंध्यामिव धारयन्तावशेषराजककुसुम-शेखरमधुरसस्रोतांसीव स्रवन्तौ, समस्तसामन्तसीम-न्तोत्तंसस्रक्सौरभभ्रान्तैर्भ्रमरमण्डलैरमित्रोत्तमाङ्गैरिव मुहूर्त-मप्यविरहितौ, संवाहनतत्परायाः श्रियो विकचरक्त-पङ्कजवनवासभवनानीव कल्पयन्तौ जलजशङ्खमीन-मकरसनाथतलतया कथितचतुरम्भोधिभोग चिह्नाविव चरणौ दधानम्, दिङ्नागदन्तमुसला-भ्यामिव विकटमकरमुखप्रतिबन्धबन्धुराभ्यामुद्वेलला-वण्यपयोधिप्रवाहाभ्यामिव फेनाहितशोभाभ्यां

અવલોકિતેશ્વર (બુદ્ધ ભગવાન્) જેવા પ્રસન્ન અવલોકનોવાળા; ચન્દ્રમા જેવા મુખવાળા, અને કૃષ્ણ જેવા કાળા કેશવાળા શરીર વડે જાણે કે બધા જ દેવતાઓનો અવતાર એક જગ્યાએ જ થયો હોય તેવા તેઓ (શ્રીહર્ષ) દેખાતા હતા. અને વળી,–જાણે કે કળિયુગનું મસ્તક હોય તેવા, માંસલ કિરણોની હારમાળામાંથી પૃથિવીને મલિન કરતા; મોટા; ભારે કીમતી; માણિક્ય (=મોતીઓની) માળાથી સુશોભિત કરવામાં આવેલ મેખલા (કેડ)ના ભાગવાળા; મહાનીલ (મણિ)મય પાદપીઠ ઉપર તેમણે લીલાપૂર્વક ડાબો પગ મૂક્યો હતો. કાલિય નાગની ફણાઓના સમૂહ ઉપર આક્રમણ કરનાર, બાળ પુણ્ડરીકાક્ષ-કૃષ્ણ ભગવાન–જેવા તેઓ (શ્રીહર્ષ) હતા. જેવી રીતે મહાદેવી (રાજારાણી)ને (કેડ ઉપર રેશમી) પટ્ટો બાંધીને મહિમાં અર્પવામાં આવે તેવી રીતે, તે (હર્ષ) ક્ષૌમ (રેશમી) વસ્ત્ર જેવા પાંડુવર્ણના અને (ચારે બાજુએ) પ્રસરતા (તે હર્ષના) પગના નખોનાં કિરણોની રેખાઓથી પૃથિવીને મહિમાવાળી બનાવતા હતા. પ્રણામ નહીં કરતા લોકપાલો ઉપરના ગુસ્સાથી જાણે કે અતિશય લાલ બની ગયેલા;[૯૨] બધા જ (ખંડિયા) રાજાઓની મુકુટમાલામાં(થી) ખૂબ પીધેલા 'પદ્મરાગ' રત્નોના તેજકિરણોનું જાણે કે વમન કરી રહેલા; બધા જ તેજસ્વી (વીર યોદ્ધાઓ રૂપી સૂર્યો)ના મંડળનો (જેમાં) અસ્ત થયો છે તેવી સન્ધ્યા(ના લાલ રંગ)ને જાણે કે ધારણ કરતા; અશેષ રાજસમૂહના પુષ્પમુકુટોના મધુર–રસનાં ઝરણાંઓને જાણે કે ઝરાવી રહેલા; સમસ્ત સામન્તોના મસ્તક ઉપરના 'ઉત્તંસ' (=મુકુટમણિ) ઉપરની પુષ્પમાળાની સુગન્ધથી ભ્રમિત થયેલા ભ્રમરોના સમૂહો–જાણે કે શત્રુઓના ઉત્તમાંગ (=મસ્તકો) હોય, તેનાથી ઘડીભર પણ વીખુટા નહીં પડનારા, પગચંપી કરવા માટે તત્પર એવી (રાજ)લક્ષ્મીના (માટે), ખીલેલા લાલ કમળના વનમાં નિવાસ કરવા માટેના ભવનોને જાણે કે રચતાં; (અને) જળમાં ઉગેલ (=કમળ) પુષ્પ, શંખ, માછલી અને મગરથી સનાથ (=યુક્ત) બનેલા તળીયા વડે, જાણે કે ચારેય સમુદ્રો (પર્યન્તનો રાજયાધિકાર આ હર્ષ) ભોગવશે એમ કહેતાં ચિહ્નોવાળા બે ચરણોને તેઓ (હર્ષ) ધારણ કરતા હતા. દિગ્ગજોના દાંત રૂપી મુસળ (=સાંબેલાં) જેવા, ભયાનક મકરમુખ(=મગરના મોંઢા)ના પ્રતિબન્ધ (રુકાવટ)થી ડામાડોળ થતાં ભરતી આવેલા લાવણ્ય રૂપી સમુદ્રના બે પ્રવાહો જેવા [બે કઠોર મકરમુખ (=જાંઘ)ના પ્રતિબન્ધ (=સાંધા)થી ઊંચા-નીચા બનેલા]; (સમુદ્ર)ફીણ(ના ચૂર્ણ)થી જેની શોભા વધારવામાં આવી છે[૯૩]

---

૯૨. અહીંથી શરૂ થતા બધાં ઉપવાક્યોમાં હર્ષનાં બે ચરણોનાં વિશેષણો રજૂ કરવામાં આવ્યાં છે.

૯૩. જેનામાં શોભા સ્થાપવામાં આવી છે.

कल्पचन्दनद्रुमाभ्यामिव भोगिमण्डलशिरोरत्नरश्मि-रज्यमानमूलाभ्यां हृदयारोपितभूभारधारणमाणिक्यस्त-म्भाभ्यामूरुदण्डाभ्यां विराजमानम्, अमृतफेन-पिण्डपाण्डुना मेखलामणिमयूखखचितेन नितम्ब-बिम्बव्यासङ्गिना विमलपयोधौतेन नेत्रसूत्रनिवेश-शोभिनाधरवाससा वासुकिनिर्मोकेणेव मन्दरं द्योतमानम्, अघनेन सतारागणेनोपरिकृतेन द्वितीया-म्बरेण भुवनाभोगमिव भासमानम्, इभपति-दशनमुसलसहस्रोल्लेखकठिनमसृणेनापर्याप्ताम्बरप्रथिम्ना विविधवाहिनीसंक्षोभकलकलसंमर्दसहिष्णुना कैलास-मिव महता स्फटिकतटेनोरुणोरःकपाटेन विराजमानम्, श्रीसरस्वत्योरुरोवदनोपभोगविभागसूत्रेणेव पातितेन शेषेणेव च तद्भुजस्तम्भविन्यस्तसमस्तभूभार-लब्धविश्रान्तिसुखप्रसुप्तेन हारदण्डेन परिवलितकन्धरम्, जीवितावधिगृहीतसर्वस्वमहादानदीक्षाचीरेणेव हार-मुक्ताफलानां किरणनिकरेण प्रावृतवक्षःस्थलम्,

તેવા કલ્પવૃક્ષ અને ચન્દનવૃક્ષના જેવાઃ ભોગિન્ (રાજાઓ અથવા સર્પ મંડળના મસ્તકમણિના કિરણોથી રંગાઈ રહેલા મૂળભાગવાળા, હૃદય (છાતી) ઉપર આરોપિત પૃથિવીનો ભાર ધારણ કરનાર મણિક્યસ્તંભો જેવા બે ઊરુદંડો (સાથળ)થી (તે હર્ષ) શોભતા હતા. જેવી રીતે વાસુકિ–નાગની કાંચળીથી મન્દ વૃક્ષ અથવા પર્વત[૯૪] શોભે/પ્રકાશે; તેવી રીતે–અમૃતના ફીણસમૂહ જેવા પાંડુ વર્ણના, (કેડ ઉપરના) કંદોરામાં ગુંથેલા, મણિઓના કિરણોથી યુક્ત થયેલા નિતમ્બના ગોળાકાર સાથે સંલગ્ન થયેલા, સ્વચ્છ જળ (કે દૂધ)થી ધોયેલા અને 'નેત્રસૂત્ર'[૯૫]ના સંનિવેશથી શોભતા અધોવસ્ત્ર વડે તેઓ શોભી રહ્યા હતા. વાદળ[૯૬] વિનાના, તારા–નક્ષત્રોથી યુક્ત અને ઉપર ધરેલા બીજા આકાશથી જેમ (પૃથિવી) ભુવનનો વિસ્તાર શોભે તેમ બારીક (અ–ઘન), ટીપકીઓવાળા અને (શરીરના) ઉપર(ના ભાગે) ધારણ કરેલા બીજા એક વસ્ત્રથી શોભી રહ્યા હતા. ઐરાવત હાથીના દાંત રૂપી મુસળ હજારોવાર ટકરાવાથી કઠણ અને ચીકણા બનેલા; જેને (ઢાંકવા)માટે આકાશની પહોળાઈ પર્યાપ્ત નથી તેવા; અનેક નદીઓના સંક્ષોભથી કલકલપૂર્ણ અથડામણોને સહી શકનાર, મોટા એવા સ્ફટિકમય તટથી જેવી રીતે કૈલાસ પર્વત વિરાજે, તેવી રીતે–શ્રેષ્ઠ હાથીના દાંત રૂપી મુસળો હજારોવાર ટકરાવાથી કઠણ અને ચીકણા બનેલ, જેની ઉપર (ઉત્તરીય) વસ્ત્રની પહોળાઈ ટૂંકી પડતી હતી તેવા,[૯૭] અનેક સેનાઓના સંક્ષોભથી કોલાહલપૂર્ણ અથડામણોને સહી શકનાર અને વિશાળ એવા વક્ષઃસ્થળ રૂપી કબાટથી તે (હર્ષ) વિરાજી[૯૮] રહ્યા હતા. જાણે કે લક્ષ્મી અને સરસ્વતીને માટે (અનુક્રમે) વક્ષઃસ્થળ અને વદનનો ઉપભોગ (પ્રદેશ સૂચવનાર) વિભાગસૂત્ર હોય તેવા; તથા–જાણે કે તેમની (=હર્ષની) ભુજાઓ રૂપી સ્તંભો ઉપર સમસ્ત પૃથિવીનો ભાર મૂકવાથી મળેલી વિશ્રાન્તિના સુખથી સૂતા હોય તેવા નીચે સુધી લટકાવેલા 'હારદંડ'થી વીંટળાયેલી ડોકવાળા તે (હર્ષ) હતા.[૯૯] જાણે કે (પોતે) જ્યાં સુધી જીવે ત્યાં સુધી; (અમુક અમુક/દર પાંચમા વર્ષે) ભેગું કરેલું બધું જ (દાનમાં) આપી દેવું એવા **'મહાદાન'**ની દીક્ષા (સૂચવનાર) વલ્કલ હોય તેવા, હારમાં ગુંથેલા મુક્તાફળો (મોતીઓ)ના કિરણસમૂહથી ઢંકાયેલ વક્ષઃસ્થળવાળા તે (હર્ષ) હતા.

૯૪. ઈન્દ્રના નન્દનવનમાંના પાંચવૃક્ષમાંનું એક વૃક્ષ તે મન્દર (કે મન્દાર), અથવા– સમુદ્રમંથનમાં રવૈયા તરીકે વપરાયેલો મન્દર પર્વત.

૯૫. પટસૂત્ર અથવા મન્થરજ્જુ (ધોતીયા ઉપર બાંધવામાં આવતી રેશમી દોરી.)

૯૬. આ અને તેના પછીના વાક્યમાં શ્લિષ્ટોપમા છે.

૯૭. અતિશયોક્તિ.

૯૮. વિશેષપણે શોભી રહ્યા હતા.

૯૯. ઉત્પ્રેક્ષા.

अजजिगीषया बालैर्भुजैरिवापरैः प्ररोहद्भिर्बाहू-पधानशायिन्याः श्रियाः कर्णोत्पलमधुरसधारासंतानैरिव गलद्भिर्भुजजन्मनः प्रतापस्य निर्गमनमार्गैरिवा-विर्भवद्भिररुणैः केयूररत्नकिरणदण्डैरुभयतःप्रसारित-मणिमयपक्षवितानमिव माणिक्यमहीधरम्, सकल-लोकालोकमार्गार्गलेन चतुरुदधिपरिक्षेपखातशातकुम्भ-शिलाप्राकारेण सर्वराजहंसबन्धवज्रपञ्जरेण भुवन-लक्ष्मीप्रवेशमङ्गलमहामणितोरणेनातिदीर्घदोर्दण्डयुगलेन दिशां दिक्पालानं च युगपदायतिमपहरन्तम्, सोदर्यलक्ष्मीचुम्बनलोभेन कौस्तुभमणेरिव मुखावयवतां गतस्याधरस्य गलता रागेण पारिजातपल्लवरसेनेव सिञ्चन्तं दिङ्मुखानि, अन्तरान्तरा सुहृत्परिहास-स्मितैः प्रकीर्यमाणविमलदशनशिखाप्रतानैः प्रकृति-मूढाया राजश्रियाः प्रज्ञालोकमिव दर्शयन्तम्, मुखजनितेन्दुसन्देहागतानि कुमुदिनी-वनानीव प्रेषयन्तम्; स्फुटस्फटिकधवलदशनपङ्क्तिकृतकुमुद-वनशङ्काप्रविष्टां शरज्ज्योत्स्नामिव विसर्जयन्तम्, मदिरामृतपारिजातगन्धगर्भेण भरितसकल-ककुभा मुखामोदेनामृतमथनदिवसमिव सृजन्तम्,

જાણે કે વિષ્ણુને જીતવાની ઇચ્છાથી નવાંકુરિત થતી ભુજાઓ હોય, જાણે કે (વિષ્ણુના) હાથ રૂપી ઓશીકા ઉપર સુનારી લક્ષ્મીના કાનમાં ખોસેલા કમળના મધુ–રસની ધારાઓનો પ્રવાહ ઝરી રહ્યો હોય, જાણે કે તેમની (હર્ષની) ભુજાઓમાંથી જન્મતા પ્રતાપને બહાર નીકળવાનો માર્ગ હોય તેવા–આવિર્ભાવ પામતા; લાલરંગના, કેયૂર (બાજુબંધ)માં જડેલા રત્નોના કિરણદંડો વડે બન્ને બાજુએ પ્રસારેલ મણિમય પક્ષ–વિતાનો (=પાંખો)વાળા માણિક્યપર્વત જેવા તે (હર્ષ) હતા. આખા 'લોકાલોક'[૧૦૦] પર્વતના માર્ગ ઉપરના આગળા સમાન; ચારેય સમુદ્રોના ઘેરાવ રૂપી ખાઈઓની સુવર્ણશિલાઓના કિલ્લા જેવા, બધા જ રાજાઓ રૂપી હંસોને બન્ધનમાં રાખનારા વજ્ર(=હીરા)ના પિંજરા જેવા, તથા ભુવનની લક્ષ્મીને પ્રવેશવા માટેના મંગલમય મહામણિ(માંથી બનાવેલ) તોરણ (=પ્રવેશદ્વાર) જેવા ખૂબ લાંબા ભુજદંડોના યુગલ (=બે હાથ) વડે એકી સાથે દિશાઓની અને દિક્પાલોની આયતિ (=અનુક્રમે) (લંબાઈ અને પ્રતાપ)ને તેઓ (હર્ષ) અપહરી રહ્યા હતા. (પોતાની) સહોદરી (બહેન) લક્ષ્મીને ચુમવાના લોભથી કૌસ્તુભમણિ જાણે કે (હર્ષના) મુખના અવયવ રૂપ બન્યો હોય, તેવા અધરોષ્ઠમાંથી ટપકતો જાણે કે પારિજાતવૃક્ષનાં પાંદડાંઓનો રસ હોય તેવા રાગ (=લાલાશ)થી, તે (હર્ષ) દિશાઓનાં મુખોને સિંચી રહ્યા હતા. વચ્ચે વચ્ચે મિત્રો સાથે મજાક–મશ્કરીમાં કરેલા સ્મિતો વડે (ચારે બાજુએ) ફેલાતાં સ્વચ્છ દાંતોના કિરણોની રેખાઓથી જાણે કે સ્વભાવથી જ મુગ્ધ એવી રાજલક્ષ્મીના પ્રજ્ઞાના પ્રકાશને દર્શાવી રહ્યા હતા. જાણે કે (તેમના=હર્ષના) મુખથી ઉત્પન્ન થતા ચન્દ્રમાના સંદેહથી[૧૦૧] આવી ઊભેલાં શ્વેતકમળો (=કુમુદિનીઓ)ના વનોને (પાછાં) મોકલી રહ્યા હતા. પ્રકટ સ્ફટિક જેવી સફેદ દંતપંક્તિને કારણે જન્મેલી 'આ કુમુદપુષ્પનું વન છે' એવી શંકાથી (તે હર્ષના) મુખમાં પ્રવેશેલી શરદ્ઋતુની ચાંદનીને જાણે કે તેઓ (હર્ષ) વિસર્જીત કરતા હતા. મદિરા, અમૃત અને પારિજાત (વૃક્ષના પુષ્પ)ની સુગન્ધથી ભરેલા અને બધી જ દિશાઓને (તે સુગન્ધથી) ભરી દેતા (તેમના) મુખના આમોદથી, તેઓ જાણે કે અમૃતમંથનનો દિવસ સર્જી રહ્યા હતા.

૧૦૦. જે પર્વતની એક બાજુએ લોક=પ્રકાશ અને બીજી બાજુએ અલોક-અંધકાર છવાયેલો રહેલો છે.

૧૦૧. હર્ષના મુખને વિષે જ 'આ ચન્દ્ર છે' એવી શંકા થવાથી.

विकचमुखकमलकर्णिकाकोशेनानवरतमापीयमानश्वाससौरभमिवाधोमुखेन नासावंशेन, चक्षुषः क्षीरस्निग्धस्य धवलिम्ना दिङ्मुखान्यपूर्ववदनचन्द्रोदयोद्वेलक्षीरोदोत्प्लावितानीव कुर्वाणम्, विमलकपोलफलकप्रतिबिम्बतां चामरग्राहिणीं विग्रहिणीमिव मुखनिवासिनीं सरस्वतीं दधानम्, अरुणेन चूडामणिशोचिषा सरस्वतीर्ष्याकुपितलक्ष्मीप्रसादनलग्नेन चरणालक्तकेनेव लोहितायतललाटतटम्, आपाटलांशुतन्त्रीसंतानवलयिनीं कुण्डलमणिकुटिलकोटिबालवीणामनवरतचलितचरणानां वादयतामुपवीणयतामिव स्वरव्याकरणविवेकविशारदम् श्रवणावतंसमधुकरकुलानां कलक्वणितमाकर्णयन्तम्, उत्फुल्लमालतीमयेन राजलक्ष्म्याः कचग्रहलीलालग्नेन नखज्योत्स्नावलयेनेव मुखशशिपरिवेषमण्डलेन मुण्डमालागुणेन परिकलितकेशान्तम्, शिखण्डाभरणभुवा मुक्ताफलालोकेन मरकतमणिकिरणकलापेन चान्योन्यसंवलनवृजिनेन प्रयागप्रवाहवेणिकावारिणेवागत्य स्वयमभिषिच्यमानम्, श्रमजलविलीनबहलकृष्णागुरुपङ्कतिलककलङ्ककल्पितेन कालिम्ना प्रार्थनाचाटुचतुरचरणपतनशतश्यामिकाकिणेनेव नीलायमानललाटेन्दुलेखाभिः

ખીલેલાં મુખ રૂપી કમલના બીજકોશ જેવી, જાણે કે તેમની નીચી નમેલી નાસિકા રૂપી વંશથી, સતત (તેમના) શ્વાસની સૌરભ જાણે કે પીવાઈ રહી હતી. દૂધના જેવી સ્નિગ્ધ (=ચીકણી અને સ્નેહાળ) આંખની સફેદથી, (તેઓ) જાણે કે દિશાઓના મુખોને અપૂર્વ વદન રૂપી ચન્દ્રોદયથી હીલોળે ચઢેલા ક્ષીરસાગરમાં ભીંજવી રહ્યા હતા. (તેમના) સ્વચ્છ કપોલ–ફલક (=ગાલ)માં પ્રતિબિમ્બિત થયેલી ચામર ઢોળનારી (સેવિકા) જાણે કે શરીરધારિણી અને મુખમાં/ઉપર નિવાસ કરનારી સરસ્વતી હોય તેમ તેને ધારણ કરતા હતા.[૧૦૨] જાણે કે (કપોલમાં પ્રતિબિમ્બિત થયેલી સરસ્વતી તરફની ઈર્ષ્યાથી ગુસ્સે થયેલી લક્ષ્મીને પ્રસન્ન કરવા (પગે પડતી વખતે) લાગેલા (લક્ષ્મીના) ચરણોનો અળતો હોય તેવા, ચૂડા (=મસ્તક)મણિના લાલ રંગનાં કિરણોથી, (તેઓ) લાલ થઈ રહેલ વિસ્તૃત લલાટ–ફલકવાળા હતા. લાલ રંગનાં કિરણો રૂપી તાર–સમૂહથી[૧૦૩] વર્તુળાંકાર બનેલી, (કાનના) કુંડળ–મણિની વક્ર કિનારી રૂપી બાલવીણા[૧૦૪]ને જાણે કે વીણા બનાવીને વગાડતા, અને સતત ફરતાં ચરણો (રૂપી આંગળીઓ) વાળા, કર્ણાવતંસ[૧૦૫] ઉપર (બેઠેલા) મધુકર (=મધ બનાવનાર ભ્રમરોના–) સમૂહના સ્વર (ષડ્જાદિ સાત સૂર)ના વિસ્તાર અને વિવેકથી કલાત્મક બનેલ કલ (=મધુર)ગુંજનને તેઓ (હર્ષ) સાંભળતા હતા (અને) તેઓ (ષડ્જાદિ સાત) સૂરોના વ્યાકરણ (=ગુંથણીની યોગ્યાયોગ્યતા)નો વિવેક કરવામાં કુશળ હતા). જાણે કે રાજલક્ષ્મીની (હર્ષના) વાળ પકડવાની લીલાના પ્રસંગે સંલગ્ન થઈ ગયેલું, નખ(માંથી નીકળતા કિરણોની) જ્યોત્સ્નાનું (તેજ)વલય હોય તેવી ખીલેલા માલતીપુષ્પોથી ભરેલી મુંડમાળાની સેરથી (તેઓ) ગુંથેલા વાળના અન્તભાગવાળા હતા. મસ્તક ઉપરના આભરણમાંથી જન્મતા (નીકળતા) મોતીઓના તેજકિરણો અને મરકત (પન્ના) મણિનાં કિરણોનો સમૂહ, જાણે કે પરસ્પરમાં ભળીને કલુષિત/ડહોળાઈ ગયેલા પ્રયાગ(માં મળતા ગંગા-યમુના)ના પ્રવાહની વેણિકા (=ધારા) રૂપ પાણી હોય, તેમ તે (પ્રયાગ)ના (પાણી)થી–જાતે જ (ત્યાં) આવીને.–(તેઓ) અભિષિક્ત કરાવવામાં આવી રહ્યા હતા. પરિશ્રમના સ્વેદ બિંદુઓથી ધોવાતાં ઘણા/પુષ્કળ કૃષ્ણાગુરુના લેપના તિલક–કલંક રૂપ બનેલ કાળાશ, જાણે કે પ્રાર્થના અને ખૂશામત કરવામાં ચતુર એવા પગે પડવાના સેંકડો પ્રસંગોથી કાળાશનો ગઠ્ઠો બન્યો હોય, તેનાથી કાળી પડી રહેલી લલાટ રૂપી ઈન્દુલેખાઓ વાળી[૧૦૬] (વારવિલાસિનીઓ વડે);

૧૦૨. સરખાવો : ૧.૨, પૃ.૧૧, પાદટીપ-૨.
૧૦૩. તન્ત્રીસંતાન-વીણામાં બાંધેલા ઊભા તારો (ની લંબાઈ).
૧૦૪. સપ્તતન્ત્રી, વિપંચી.
૧૦૫. કાનનું આભૂષણ.
૧૦૬. અહીંથી શરૂ થતાં સ્ત્રીલિંગ તૃતીય બહુવચનનાં બધાં જ રૂપો वारविलासिनीभिःનાં વિશેષણો છે.

क्षुभितमानसोद्गतैरुत्कलिकाकलापैरिव हारैरुल्लसद्भिरवष्टभ्यमानाभिर्विलासवल्गनचटुलैर्भ्रूलताकल्पैरीर्ष्यया श्रियमिव तर्जयन्तीभिरायामिभिः श्वसितैरविरलपरिमलैर्मलयमारुतमयैः पांशैरिवाकर्षन्तीभिर्विकटबकुलावलीवराटकवेष्टितमुखैर्बृहद्भिः स्तनकलशैः स्वदारसंतोषरसमिवाशेषमुद्धरन्तीभिः कुचोत्कम्पिकाविकारप्रेङ्खितानां हारतरलमणीनां रश्मिभिराकृष्य हृदयमिव हठात्प्रवेशयन्तीभिः प्रभामुचामाभरणमणीनां मयूखैः प्रसारितैर्बहुभिरिव बाहुभिरालिङ्गन्तीभिर्जृम्भानुबन्धबन्धुरवदनारविन्दावरणीकृतैरुत्तानैः करकिसलयैः सरभसप्रधावितानि मानसानीव निरुन्धतीभिर्मदनान्धमधुकरकुलकीर्यमाणकर्णकुसुमरजःकणकूणितकोणानि कुसुमशरशरनिकरप्रहारमूर्च्छामुकुलितानीव लोचनानि चतुरं संचारयन्तीभिरन्योन्यमत्सरादाविर्भवद्भङ्गुरभ्रुकुटिविभ्रमक्षिप्तैः कटाक्षैः कर्णेन्दीवराणीव ताडयन्तीभिरनिमेषदर्शनसुखरसराशिं ग्रन्थरितपक्ष्मणा चक्षुषा पीतमिव कोमलकपोलपालीप्रतिबिम्बितं वहन्तीभिरभिलाषलीलानिर्निमित्तस्मितैश्चन्द्रोदयानिव मदनसहायकाय संपादयन्तीभिर्-

[ક્ષુભિત થતા માનસ સરોવરમાં ઊંચે આવેલી (ખીલેલી) ઉત્કલિકાઓનો સમૂહ હોય તેવી] (હર્ષના) જાણે કે ક્ષોભ પામેલા મનમાંથી બહાર ઉપસી આવેલા (વિચાર) તરંગોના સમૂહ રૂપ હારો વડે ઉલ્લસિત થઈ રહેલી (વારવિલાસિનીઓ વડે); (ચારે બાજુએ) આશ્રય લઈ રહેલી/સ્તબ્ધ થઈ ગયેલી (વારવિલાસિનીઓ વડે); વિલાસપૂર્વક ઉછળકૂદ કરવામાં ચંચળ/ચતુર -એવી ભ્રૂ–લતાઓના સમૂહથી, જાણે કે ઈર્ષ્યાને કારણે રાજલક્ષ્મીને તિરસ્કારી રહી હોય તેવી (વારવિલાસિનીઓ વડે); ચારે બાજુએ ફેલાઈ ગયેલી (વારવિલાસિનીઓ વડે); જાણે કે મલયાનિલમય પાશો હોય, તેવા ખૂબ સુગન્ધ ભરેલા શ્વાસોચ્છ્વાસોથી આકર્ષી રહેલી (વારવિલાસિનીઓ વડે); મોટી બકુલપુષ્પોની પંક્તિ(બદ્ધ) માળાઓથી વીંટળાયેલા મુખવાળા મોટા સ્તન રૂપી કળશોથી જાણે કે પોતાની (હર્ષની) પત્નીઓથી પ્રાપ્ત થયેલા સંતોષરસને અશેષ પણે બહાર કાઢી નાખતી (વારવિલાસિનીઓ વડે); સ્તનોના હાલવા રૂપી વિકારોથી ફરકતા, હારમાં જડેલા ચળકતા મણિઓના કિરણોથી (હર્ષનું) હૃદય ખેંચી લઈને બળજબરીથી (પોતાનામાં) પ્રવેશ કરાવી રહેલી (વારવિલાસિનીઓ વડે); તેજકિરણોને ફેંકતા આભૂષણોમાંનાં મણિઓના કિરણોથી, જાણે કે ચારે બાજુએ પ્રસારેલા ઘણા બધા હાથો વડે (હર્ષને) આલિંગન આપી રહેલી (વારવિલાસિનીઓ વડે); બગાસું ખાતી વખતે, સુન્દર વદન રૂપી અરવિન્દની ઉપર આવરણ રૂપ બનાવેલા ઊંચા હાથ રૂપી કિસલયો વડે, જાણે કે ઉતાવળે દોડી(ને બહાર નીકળી) જતાં (પોતાનાં) મનોને રોકી રહેલી (વારવિલાસિનીઓ વડે); કામદેવે અન્ધ કરી દીધેલા મધુકરોના સમૂહે વિખેરેલ કાનમાં ખોસેલા કુસુમના પરાગ-કણોથી (બચવા) સંકોચી દીધેલા ખૂણાઓવાળાં, જાણે કે કુસુમશર (=કામદેવ)ના બાણસમૂહના પ્રહારથી મૂર્ચ્છા પામીને કળીરૂપ બની ગયાં હોય તેવાં, લોચનોને ચતુરાઈથી ચારે બાજુએ ઘુમાવતી (વારવિલાસિનીઓ વડે); પરસ્પર પ્રત્યે ઈર્ષ્યા હોવાને કારણે પ્રકટ થતાં ચંચળ ભ્રુકુટિના વિલાસોથી ફેંકેલા કટાક્ષોથી જાણે કે કાનમાં ખોસેલા ઈન્દીવર (પુષ્પ)ને (નું) તાડન કરી રહેલી (વારવિલાસિનીઓ વડે); અનિમેષ દર્શનના સુખ રૂપી રસની રાશિ (સમા તે હર્ષ)ને મન્દ પાંપણોવાળી આંખથી જાણે કે પી લીધા હોય તેમ કોમળ ગાલની સપાટી ઉપર પ્રતિબિમ્બિત થયેલા તેમને (=હર્ષને) ધારણ કરતી (વારવિલાસિનીઓ વડે); (જુદા જુદા) અભિલાષોથી લીલાપૂર્વક અને/કે અકારણે કરેલા સ્મિતો વડે જાણે કે કામદેવનો સહાયક સાથીદાર બનાવવા માટે (અનેક) ચન્દ્રોદયોને સંપાદિત કરતી (વારવિલાસિનીઓ વડે);

अङ्गभङ्गवलनान्योन्यघटितोत्तानकरवेणिकाभिः स्फुटन-मुखराङ्गुलीकाण्डकुण्डलीक्रियमाणनखदीधितिनिवहनिभे-नाकिंचित्करकामकार्मुकाणीव रुषा भञ्जन्तीभि-र्वारविलासिनीभिर्विलुप्यमानसौभाग्यमिव सर्वतः, स्पर्शस्विन्नवेपमानकरकिसलयगलितचरणारविन्दां चरण-ग्राहिणीं विहस्य कोणेन लीलालसं शिरसि ताडयन्तम्, अनवरतकरकलितकोणतया चात्मनः प्रियां वीणामिव श्रियमपि शिक्षयन्तम्, — निःस्नेह इति धनैः, अनाश्रयणीय इति दोषैः, निग्रह-रुचिरितीन्द्रियैः, दुरुपसर्प इति कलिना, नीरस इति व्यसनैः, भीरुरित्ययशसा, दुर्ग्रहचित्तवृत्तिरिति चित्तभुवा, स्त्रीपर इति सरस्वत्या, षण्ढ इति परकलत्रैः, काष्ठामुनिरिति यतिभिः, धूर्त इति वेश्याभिः, नेय इति सुहृद्भिः, कर्मकर इति विप्रैः, सुसहाय इति शत्रुयोधैः, एकमप्यनेकधा गृह्यमाणम्,—शन्तनोर्महावाहिनीपतिम्,

અંગ–ભંગ કરતી (આળસ મરડતી) વખતે એકબીજાના ઊંચા કરેલા હાથોમાં આંગળીઓ પરોવનારી (વારવિલાસિનીઓ વડે); ટચાકા બોલાવતી (=અવાજ કરતી) આંગળીઓના સમૂહથી કુંડલ (ગોળાકાર) બનાવાતા નખના (તેજ) કિરણોના સમૂહના બહાને અકારણ કામદેવના ધનુષ્યોને જાણે કે રોષથી તોડી રહેલી વારવિલાસિનીઓ વડે ચારે બાજુએથી તેમનું (હર્ષનું) સુશોભન/ઐશ્વર્ય જાણે કે વિલુપ્ત થઈ રહ્યું હતું. (હર્ષના) સ્પર્શને કારણે (થયેલા) પરસેવાથી ધ્રુજતા જેના હાથ રૂપી કિસલયમાંથી (રાજા હર્ષનું) ચરણકમળ છુટી ગયું છે તેવી પગ દબાવનારી–દાસી–ને (તેઓ) હસીને, (વીણા વગાડવાના) ગજ[107]થી લીલાપૂર્વક ધીમેથી (દાસીના) માથા ઉપર મારતા હતા. અને તેવી (જ) રીતે સતત હાથમાં લીધેલા (વીણા વગાડવાના) ગજથી પોતાની પ્રિય વીણાની જેમ (રાજ)લક્ષ્મીને પણ (જાણે) શિક્ષિત કરી રહ્યા હતા. તેઓ (રાજા શ્રીહર્ષ) તો એક જ હતા, પણ (બીજાઓ તેમને) અનેક સ્વરૂપે સમજતા (=સમજાતા,ઓળખાતા) હતા. જેમ કે– ધન(લક્ષ્મી) તેમને સ્નેહ વગરના (સમજતી હતી); દોષો (એમ જાણતા કે) 'આનો (=આનામાં) આશ્રય કરી શકાય એમ નથી.' ઇન્દ્રિયો જાણતી હતી કે આમણે પોતાની (વિષયો પ્રત્યેની) રુચિને સંયમમાં રાખી છે. કળિયુગ 'આમની નજીક જવું મુશ્કેલ છે' એમ જાણતો હતો. (મૃગયા, દ્યૂતાદિ) વ્યસનો આમને નીરસ વ્યક્તિ તરીકે ઓળખે છે. અયશ વડે (તેઓ) ભીરુ (ડરપોક) વ્યક્તિ ગણાય છે. ચિત્તમાં જન્મ લેનાર (=કામદેવ) એમની ચિત્તવૃત્તિને વશમાં લેવી મૂશ્કેલ સમજે છે. સરસ્વતીએ આ(હર્ષ) સ્ત્રીપરક છે' એમ માન્યું.[108] પારકાની સ્ત્રીઓએ તેમને નપુંસક ગણ્યા છે. યતિઓએ એમને 'કાષ્ઠામુનિ'[109] ગણ્યા છે. વેશ્યાઓએ એમને ધૂર્ત ગણ્યા છે. મિત્રોએ તેમને દોરી શકાય એવા માન્યા છે. બ્રાહ્મણોએ તેમને (યજ્ઞાદિ) કર્મો કરનાર તરીકે સ્વીકાર્યા છે. શત્રુપક્ષના યોદ્ધાઓએ તેમને સારા સાથીદારોથી યુક્ત ગણ્યા છે. –(વાહિની=નદી ગંગા–ના પતિ એવા) શન્તુનુ કરતાં[110] ઘણી મોટી એવી વાહિની (=સેના)ના તેઓ (હર્ષ) પતિ હતા.

---

૧૦૭. કોણ=વીણા વગાડવા માટેનો દંડ.

૧૦૮. સ્ત્રૈણ અથવા 'આ (હર્ષ) સ્ત્રીપરક–લંપટ–છે' એમ માની લીધું. અથવા 'સ્ત્રી= લક્ષ્મી' લઈએ તો 'આ (હર્ષ) લક્ષ્મી પ્રત્યે અભિમુખ થયેલો છે' એમ માન્યું.

૧૦૯. અતિશય–પરાકાષ્ઠાવાળું તપ કરનારો.

૧૧૦. અહીંથી શરૂ થતા વાક્યોમાં જે પંચમી વિભક્તિ વપરાઈ છે, તે पञ्चमी त्रिभक्ते। પા. સૂ. ૨–૩–૪૨–અર્થમાં વપરાઈ છે. (સંકેત).

भीष्माज्जितकाशितमम्, द्रोणाच्चापलालसम्, गुरुपुत्रादमोघमार्गणम्, कर्णान्मित्रप्रियम्, युधिष्ठिराद्बहुक्षमम्, भीमादनेकनागायुतबलम्, धनञ्जयान्महाभारतरणयोग्यम्, कारणमिव कृतयुगस्य, बीजमिव विबुधसर्गस्य, उत्पत्तिद्वीपमिव दर्पस्य, एकागारमिव करुणायाः, प्रातिवेशिकमिव पुरुषोत्तमस्य, खनिपर्वतमिव पराक्रमस्य, सर्वविद्यासंगीतगृहमिव सरस्वत्याः, द्वितीयामृतमन्थनदिवसमिव लक्ष्मीसमुत्थानस्य, बलदर्शनमिव वैदग्ध्यस्य, एकस्थानमिव स्थितीनाम्, सर्वस्वकथनमिव कान्तेः, अपवर्गमिव रूपपरमाणुसर्गस्य; सकलदुश्चरितप्रायश्चित्तमिव राज्यस्य, सर्वबलसन्दोहावस्कन्दमिव कन्दर्पस्य, उपायमिव पुरन्दरदर्शनस्य, आवर्तनमिव धर्मस्य,

(જિતકાશિ=જિતેન્દ્રિય એવા) ભીષ્મ કરતાંય તેઓ વધારે જિતકાશિતમ=વિજયથી ખૂબ શોભતા/પ્રકાશતા હતા. (ચાપ = ધનુષ્યની પ્રત્યે લાલસા=પ્રેમવાળા) દ્રોણાચાર્ય કરતાંય અધિક એવી ચાપ=ધનુષ્યને વિષે લાલસા=પ્રેમવાળા તેઓ (હર્ષ) હતા. [અથવા –(चापल—अलसम्) ચાપલ = ચંચળતા તરફ આળસ રાખતા હતા. અથવા—द्रोणात् च अपलालसम् ।— લાલસા વિનાના–નિરભિલાષ હતા.] (અમોઘ–નિષ્ફળ નહીં તેવા, માર્ગણ = બાણ ચલાવનાર[૧૧૧]) ગુરુપુત્ર (અશ્વત્થામા) કરતાંય અધિક (મોટા) 'અમોઘમાર્ગણ' (–જેમની પાસેથી માર્ગણો–યાચકો, નિષ્ફળ પાછા નહોતા ફરતા તેવા) તેઓ (હર્ષ) હતા. (મિત્ર–દુર્યોધન જેને પ્રિય હતો તેવા) કર્ણ કરતાંય વધારે મોટા 'મિત્રપ્રિય' (–સૂર્ય અને સખાઓ જેમને પ્રિય છે તેવા) આ (હર્ષ) હતા. (ભારે ક્ષમાવાળા) આ યુધિષ્ઠિર કરતાંય વધારે મોટા 'બહુક્ષમ' (=મોટી–વિશાળ ક્ષમા=પૃથિવીવાળા) આ (હર્ષ) હતા. દશ હજાર હાથીઓના સમૂહના બળવાળા દશ હજાર ભીમ કરતાંય અધિક એવા અનન્ય હાથીઓના સમૂહથી ભરેલું (બલ=) સૈન્યવાળા તેઓ હતા. (મહાભારતનું–કરુવંશીઓના સંગ્રામની યોગ્યતાવાળા) ધનંજય–અર્જુન કરતાંય અધિક એવા મોટા (કાર્ય) ભારનું તરણ (=નિર્વહણ) કરવાની યોગ્યતાવાળા તેઓ હતા. જાણે કે[૧૧૨] સતયુગનું કારણ હોય તેવા, વિદ્વાનોનું સર્જન કરનાર બીજ હોય તેવા; દર્પની ઉત્પત્તિ જેમાં થાય એવા દ્વિપ રૂપ હોય તેવા; કરુણાના એક (માત્ર) ભંડાર હોય તેવા; પુરુપોત્તમ–શ્રીકૃષ્ણ–નું પ્રતિબિમ્બ (કે પડોશી) હોય તેવા, પરાક્રમની ખાણ કે પર્વત હોય તેવા; સરસ્વતીનું સમસ્ત વિદ્યાઓથી ભરેલું સંગીતભવન હોય તેવા; લક્ષ્મીના બહાર નીકળવાનો બીજો એક અમૃત–મંથનનો દિવસ હોય તેવા; વિદગ્ધતાના બલનું દર્શન હોય તેવા; (વિવિધ) સ્થિતિઓ (= મર્યાદાઓ)નું આ એક (જ) સ્થાન હોય તેવા; કાન્તિન સર્વસ્વ કથન(=આવિર્ભાવ) રૂપ હોય તેવા; રૂપ (ગુણ)નું (સર્જન કરનારા) પરમાણુઓની સૃષ્ટિની સમાપ્તિ (સૂચવતા) હોય તેવા; રાજ્યના બધાંજ દુશ્ચરિતોના પ્રાયશ્ચિત હોય તેવા; કન્દર્પ (કામદેવ)ના સમગ્ર બળસમૂહનો હૂમલો હોય તેવા; (શત્રુઓના પુર = નગરને ભેદનાર =) ઈન્દ્રને જોવાનો ઉપાય હોય તેવા; ધર્મનું (પુનર્) આવર્તન (થયું) હોય તેવા;

૧૧૧. એકવાર શસ્ત્ર ઉગામ્યા પછી, ઓછામાં ઓછા કોઈ એકને માર્યા વિના જેનો શસ્ત્રોપસંહાર નહોતો થતો. તે 'અમોઘમાર્ગણ' કહેવાતો.

૧૧૨. હવે પછીનાં વાક્યોમાં 'જાણે કે' ઉમેરવું.

कन्यान्तःपुरमिव कलानाम्, परमप्रमाणमिव सौभाग्यस्य, राजसर्गसमाप्त्यवभृथस्नानदिवसमिव सर्वप्रजापतीनाम्, गम्भीरं च, प्रसन्नं च, त्रासजननं च रमणीयं च, कौतुकजननं च, पुण्यं च, चक्रवर्त्तिनं हर्षम्-अद्राक्षीत् ॥

2.7

दृष्ट्वा चानुगृहीत इव निगृहीत इव साभिलाष इव तृप्त इव रोमाञ्चमुचा मुखेन मुञ्चन्नानन्दबाष्पवारिबिन्दून्दूरादेव विस्मयस्मेरः समचिन्तयत्—'सोऽयं सुजन्मा, सुगृहीतनामा, तेजसां राशिः, चतुरुदधिकेदारकुटुम्बी, भोक्ता ब्रह्मस्तम्भफलस्य, सकलादिराजचरितजयज्येष्ठमल्लो देवः परमेश्वरो हर्षः । एतेन च खलु राजन्वती पृथ्वी । नास्य हरेरिव वृषिविरोधीनि बालचरितानि, न पशुपतेरिव दक्षजनोद्वेगकारीण्यैश्वर्यविलसितानि, न शतक्रतोरिव गोत्रविनाशपिशुनाः प्रवादाः, न यमस्येवातिवल्लभानि दण्डग्रहणानि,

કલાઓનું કન્યાઓને રહેવા માટેનું અન્તઃપુર હોય તેવા; સૌભાગ્યનું પરમ પ્રમાણ[૧૧૩] હોય તેવા; બધા જ પ્રજાપતિ (સૃષ્ટિનું સર્જન કરનારા બ્રહ્મા)ઓને માટે, (આ હર્ષને સર્જ્યા પછી) જાણે કે રાજાઓનું સર્જન કરવાનું કાર્ય પરિસમાપ્ત થતાં (યજ્ઞના અન્તે કરવામાં આવતું) અવભૃથ સ્નાન કરવાનો દિવસ હોય તેવા; **તથા** ગંભીર, (છતાંય) પ્રસન્ન, ત્રાસ જન્માવનાર (છતાંય દેખાવમાં) રમણીય,[૧૧૪] તથા કૌતુક જન્માવનાર અને (સાક્ષાત્) પુણ્ય સ્વરૂપ એવા તે ચક્રવર્તી હતા.–[તેમને (=હર્ષને) બાણે જોયા].

2.7

(આને=હર્ષને) જોઈને તે (બાણ) જાણે કે અનુગૃહીત થયો હોય, સ્તબ્ધ થઈ ગયો હોય, અભિલાષા યુક્ત બન્યો હોય, તૃપ્ત થઈ ગયો હોય, રોમાંચિત થયેલા મુખેથી (જાણે) આનન્દ–અશ્રુનાં જલબિન્દુઓ છોડતો હોય તેમ; દૂરથી જ આશ્ચર્યચકિત થયેલો તે વિચારવા લાગ્યો :– તો આ છે એ સારા જન્મવાળા, સારી રીતે જેમનું નામ લેવામાં આવે છે તેવા, તેજ–ના પુંજ, ચાર સમુદ્ર પર્યન્તના ક્ષેત્રમાં જેમના કુટુમ્બીજનો (=પોષ્યવર્ગ) ફેલાયેલા છે તેવા, બ્રહ્મસ્તમ્ભ (=જગત્)ના ફળનો ઉપભોગ કરનાર, (અને) બધા જ પ્રાચીન રાજાઓના ચરિતને જીતી (=અતિક્રમી) જનારા જયેષ્ઠ મલ્લ જેવા પરમેશ્વર (સમ્રાટ્) હર્ષ !! આમના થકી જ પૃથિવી રાજન્વતી (=પ્રશંસનીય એવા રાજાથી યુક્ત) છે. હરિ (વિષ્ણુ ભગવાન્)નાં બાળપણનાં ચરિતો જેમ વૃષવિરોધિ (=અરિષ્ટાસુરનો વિરોધ–નાશ કરનાર) હતાં, તેમ આમના (હર્ષના) બાળપણના પણ ચરિતો વૃષવિરોધિ (=ધર્મવિરોધિ) ન હતાં. પશુપતિ (શંકર ભગવાન્)ના ઐશ્વર્યો[૧૧૫] જેમ દક્ષ પ્રજાપતિના (યજ્ઞમાં) ઉદ્વેગ કરનારાં હતાં, તેમ આમના હર્ષના વિસ્તૃત ઐશ્વર્યો[૧૧૬] કુશળ વ્યક્તિઓને ઉદ્વેગ ઊભાં કરનાર નથી. શતક્રતુ (ઈન્દ્ર દેવ)ને માથે જેમ (ગોત્ર=) કુલપર્વતોનો વિનાશ કરવાનો અધમ પ્રવાહ છે તેમ આમને માથે કોઈ ગોત્ર (કુલ પરંપરા)નો વિનાશ કરવાનો મિથ્યા પ્રવાદ નથી. યમરાજને જેમ દંડ[૧૧૭] ગ્રહણ કરવો અતિપ્રિય છે, તેમ આમને દંડ (=કર) ઉઘરાવવો બહુ પ્રિય નથી.

૧૧૩. માપદંડ

૧૧૪. વિરોધાલંકાર (સંકેત).

૧૧૫. આધિભૌતિક શક્તિઓ.

૧૧૬. ભૌતિક સાધનસમ્પત્તિ.

૧૧૭. એક પ્રકારનું આયુધ.

न वरुणस्येव निस्त्रिंशग्राहसहस्ररक्षिता रत्नालयाः, न धनदस्येव निष्फलाः सन्निधिलाभाः, न जिनस्येवार्थवादशून्यानि दर्शनानि, न चन्द्रमस इव बहुलदोषोपहताः श्रियः । चित्रमिदमत्यमरं राजत्वम् ॥ अपि चास्य त्यागस्यार्थिनः, प्रज्ञायाः शास्त्राणि, कवित्वस्य वाचः, सत्त्वस्य साहस-स्थानानि, उत्साहस्य व्यापाराः, कीर्तेर्दिङ्मुखानि, अनुरागस्य लोकहृदयानि, गुणगणस्य संख्या, कौशलस्य कला, न पर्याप्ता विषयः । अस्मिंश्च राजनि यतीनां योगपट्टकाः, पुस्तकर्मणां पार्थिव-विग्रहाः, षट्पदानां दानग्रहणकलहाः, वृत्तानां पादच्छेदाः,

વરુણના રત્નાલયો (સમુદ્રો) જેમ હજારો ક્રૂર મગર વગેરે ગ્રાહોથી રક્ષાયેલાં છે, તેમ આમના રત્નાલયો (=રત્નભંડારો) હજારો તીક્ષ્ણ ખડ્ગાદિ ધારણ કરનારાઓથી રક્ષાયેલાં (રાખવાની જરૂર) નથી. ધનદ (=કુબેર)ની નજીક રહેવાના લાભો જેમ નિષ્ફળ હોય છે, તેમ આમના સાંનિધ્યમાં રહેવાના લાભો નિષ્ફળ હોતા નથી. જિનો (બૌદ્ધો)નાં દર્શનો (તત્ત્વજ્ઞાન)[૧૧૮] જેમ 'અર્થવાદ' વિનાના હોય છે, તેમ આમને જોવાનું ફળ (અર્થ=) ધન પ્રાપ્તિ વિનાનું હોતું નથી. ચન્દ્રમાની શોભા જેમ કૃષ્ણપક્ષની રાત્રિઓથી હણાયેલી હોય છે, તેમ આમની (હર્ષની) (રાજ)લક્ષ્મી અનેક (રાગાદિ) દોષોથી હણાયેલી નથી. અમરો=દેવોને પણ ચઢી જાય એવું આ રાજત્વ ખરેખર આશ્ચર્યકારક છે! અને વળી, આ (હર્ષના) ત્યાગને અનુરૂપ પર્યાપ્ત સંખ્યામાં યાચકો મળી રહેતા નથી. આમની પ્રજ્ઞાને માટે અનેક શસ્ત્રો પણ પૂરતા નથી. આમના કવિત્વને માટે વાણી (રૂપી માધ્યમ) પણ પર્યાપ્ત નથી. એમના સત્વ (સામર્થ્ય)ને અનુરૂપ સાહસ (=પરાક્રમ કરવાનાં) સ્થાનોય પૂરતા નથી. એમના ઉત્સાહોની સામે વ્યાપારો (=ક્રિયાકલાપો) પણ પૂરતા નથી. એમની કીર્તિને ફેલાવા માટે દિશાઓના મુખો પણ પર્યાપ્ત નથી. એમના અનુરાગને સમાવવા માટે લોકોનાં હૃદયો પણ અપૂરતાં છે. ગુણોના સમૂહને (ગણવા) માટે સંખ્યાઓ પણ પૂરતી નથી. એમના કૌશલને જોતાં કલાઓ પણ ઓછી પડે એમ છે. વળી, આ રાજા (રાજ્ય કરતો) હતો ત્યારે[૧૧૯] યતિજનોની પાસે જ યોગપટ્ટક[૧૨૦] (નામના વસ્ત્રવિશેષ) હતા; (પણ બીજા કોઈ પાસે બનાવટી દાનપટ્ટા રૂપે તામ્રપત્રો કે દસ્તાવેજો નહોતા). માટીના કામોમાં જ (રમકડાં બનાવનારાં) પાર્થિવ=માટીની (વિગ્રહ=) મૂર્તિઓ બનાવતા હતા, (પરંતુ પાર્થિવ = રાજાઓમાં વિગ્રહો = સંગ્રામો નહોતા થતા). ષટ્પદો (છ પગવાળા ભ્રમરો)માં જ (હાથીઓના ગંડસ્થલમાંથી ઝરતા) દાન=મદનું ગ્રહણ (ચૂસતા) કરતી વખતે કલહ થયો હતો, (પણ આ રાજા દાન કરતો ત્યારે તેનું ગ્રહણ કરનારા =પ્રતિગ્રહીતાઓમાં અંદરોઅંદર ઝઘડા નહોતા થતા. અથવા ઉછીના પૈસા આપનાર–લેનાર વચ્ચેના ઝઘડા નહોતા થતા). વૃત્ત=(છંદો પદ્યરચનાઓમાં પાદચ્છેદ) ચરણોનો વિભાગ કરવામાં આવતો હતો, (પણ તેના રાજ્યમાં કોઈ વ્યક્તિ ગુન્હો કરે તો તેના પગ કાપી કાઢવામાં આવતા નહોતા).

---

૧૧૮. દા.ત. મહાયાન, યોગાચાર અને માધ્યમિક. અર્થ (=વસ્તુ) અને વિચારને શૂન્ય (ક્ષણિક) ગણનારા.

૧૧૯. પરિસંખ્યાલંકાર શરૂ.

૧૨૦. ચતુર્થાશ્રમી યતિજનોને પર્યંકબન્ધન માટે ઉપયોગી એવું એક ઉપકરણ–સંકેત.

अष्टापदानां चतुरङ्गकल्पना, पन्नगानां द्विजगुरुद्वेषाः, वाक्यविदामधिकरणविचाराः, इति समुपसृत्य चोपवीती स्वस्तिशब्दमकरोत् । अथोत्तरे नातिदूरे राजधिष्ण्यस्य गजपरिचारको मधुरमपरवक्त्रमुच्चैरगायत्—

'करिकलभ विमुञ्च लोलतां, चर विनयव्रतमानताननः ।
मृगपतिनखकोटिभङ्गुरो गुरुरुपरि क्षमते न तेऽङ्कुशः' ॥

राजा तु तच्छ्रुत्वा दृष्ट्वा च तं गिरिगुहागतसिंहबृंहितगम्भीरेण स्वरेण पूरयन्निव नभोभागमपृच्छत्—'एष स बाणः ?' इति । 'यथाऽऽज्ञापयति देवः । सोऽयम्' इति विज्ञापितो दौवारिकेण, 'न तावदेनमकृतप्रसादः पश्यामि' इति तिर्यङ्नीलधवलां शुकधारां तिरस्करिणीमिव भ्रमयन्नपाङ्गनीयमानतरलतारकस्यायामिनीं चक्षुषः प्रभां परिवृत्य,

અષ્ટાપદ (=શતરંજ)ની અંદર જ ચતુરંગી[121] સેનાની ગોઠવણી થતી હતી. (પણ ગુન્હેગારના ચાર અંગોને[122] કાપી નાખવામાં નહોતા આવતા). પન્નગો (સર્પો)ને જ દ્વિજગુરુ (પક્ષીઓમાં વડીલ એવા ગરુડ) વિષે દ્વેષ હતો; (પણ પ્રજાજનો દ્વિજો=બ્રાહ્મણો અને ગુરુ–આચાર્યોનો દ્વેષ નહોતા કરતા). વાક્યને જાણનારા-મીમાંસકો–ની (ગોષ્ઠિની) અંદર અધિકરણોનો વિચાર કરવામાં આવતો હતો, (પણ રાજ્યના ન્યાયાલયોમાં ધર્મનિર્ણય–ફોજદારી કે દિવાની મુકદ્દમો–કરવાનો પ્રસંગ નહોતો ઊભો થતો. અથવા–એમને અધિક રણ–સંગ્રાંમ વિષે વિચારવાની જરૂર નહોતી). એમ (જોઈને/વિચારીને) અને તેમની (હર્ષની) નજીક જઈને; જમણો હાથ ઊંચો કરેલા તેણે (બાણે) (સ્વસ્તિ) શબ્દ ઉચ્ચાર્યો. ત્યારે રાજભવનની બહુ દૂર નહીં તેમ, ઉત્તર તરફથી એક ગજપરિચારકે (મહાવતે) મધુર એવા 'અપરવક્ત્ર' (છંદોબદ્ધ શ્લોક)નું ઊંચેથી ગાન કર્યું. :–

> "હે હાથીના બચ્ચા (મદનિયા)! (તારી) ચંચળતા છોડી દે,
> (અને) નતમસ્તકે વિનય રૂપી વ્રતનું આચરણ કર. મૃગપતિ
> –સિંહ–ના નખાગ્ર જેવું વાંકુ અને કઠોર એવું આ અંકુશ તારી
> (પીઠ) ઉપર દયા ખાશે નહીં."

રાજાએ (હર્ષે) આ (અપરવક્ત્ર) સાંભળીને; અને તે (બાણ)ને જોઈને પર્વતની ગુફાના રહેલા સિંહની ગર્જના જેવા ગંભીર સ્વરથી જાણે કે આકાશના ભાગોને પૂરતા હોય તેમ પૂછયું: "આ (છે) તે બાણ ?" દૌવારિકે જણાવ્યું કે- દેવ જેમ સૂચવે છે તેમ (જ) છે. આ તે જ (બાણ) છે. (હર્ષે કહ્યું :) "તો (આનાથી) (જ્યાં સુધી) પ્રસન્ન કરાયો નથી ત્યાં સુધી હું એને જોઈશ (મળીશ) નહીં." તિરછી શ્યામ–ધવલ રેશમીવસ્ત્રની કિનારીવાળી તિરસ્કરિણી (–જવનિકા) જેવી, છેડાના ભાગ સુધી લઈ જવાયેલી ચંચળ કીકીઓવાળી વિસ્ફારિત આંખોની પ્રભાને પરિવર્તિત કરીને,

---

૧૨૧. હાથી, ઘોડા, રથ અને પદાતિ–એવા ચાર અંગવાળી સેના.

૧૨૨. ચાર અંગો (=બે કાન, બે આંખ) તથા બે હાથ અને બે પગ (સંકેત).

૧૨૩. વ્યંગ્યાર્થ : સિંહના નખાગ્ર જેવા વક્ર અંકુશ જેવા ગુરુ=શાસિતા (હર્ષ) તારી (બાણની) ઉપર (પણ) પ્રભુભાવથી કૃપા કરશે નહીં.

૧૨૪. અર્થાત્ એનાથી પ્રસન્ન કરાયા વિનાનો હું (હર્ષ)...

૧૨૫. ઢાંકનારો પડદો.

प्रेष्ठस्य पृष्ठतो निषण्णस्य मालवराजसूनोरकथयत्— '**महानयं भुजङ्गः**' इति । तूष्णींभावेन त्वगमितनरेन्द्रवचसि तस्मिन्, मूके च राजलोके मुहूर्तमिव तूष्णीं स्थित्वा बाणो व्यज्ञापयत्—'देव ! अविज्ञाततत्त्व इव, अश्रद्दधान इव, नेय इव, अविदितलोकवृत्तान्त इव च कस्मादेवमाज्ञापयसि?' स्वैरिणो विचित्राश्च लोकस्य स्वभावाः प्रवादाश्च । महद्भिस्तु यथार्थदर्शिभिर्भवितव्यम् । नार्हसि मामन्यथा संभावयितुमविशिष्टमिव । ब्राह्मणोऽस्मि जातः सोमपायिनां वंशे वात्स्यायनानाम् । यथाकालमुपनयनादयाः कृताः संस्काराः । सम्यक्पठितः साङ्गो वेदः । श्रुतानि च यथाशक्तिः शास्त्राणि । दारपरिग्रहादभ्यागारिकोऽस्मि । **का मे भुजङ्गता** । लोकद्वयाविरोधिभिस्तु चापलैः शैशवमशून्यमासीत् । अत्रानपलापोऽस्मि । अनेनैव च गृहीतविप्रतीसारमिव मे हृदयम् । इदानीं तु सुगत इव शान्तमनसि मनाविव कर्तरि वर्णाश्रमव्यवस्थानां समवर्तिनीव च साक्षाद्दण्डभृति देवे शासति सप्ताम्बुराशिरशनाशेषद्वीपमालिनीं महीं, क इवाविशङ्कः सर्वव्यसनबन्धोरविनयस्य मनसाप्यभिनयं कल्पयिष्यति । आसतां च तावन्मानुष्यकोपेताः । त्वत्प्रभावादलयोऽपि भीता इव मधु पिबन्ति । रथाङ्गनामानोऽपि लज्जन्त इवाभ्यनुवृत्तिव्यसनैः प्रियाणाम् । कपयोऽपि चकिता इव चपलायन्ते । शरारवोऽपि सानुक्रोशा इव श्वापदगणाः पिशितानि भुञ्जते । सर्वथा कालेन मां ज्ञास्यति स्वामी स्वयमेव ।

(રાજસિંહાસનની) પાછળના ભાગે (જ) બેઠેલા પ્રેષ્ઠ (–અતિપ્રિય) એવા માલવરાજના પુત્રને (ઉદ્દેશીને) કહ્યું : "આ(બાણ) ભારે લંપટ (અને/અથવા જંગલી) છે." મૂંગા રહેલા તેને (માલવરાજના પુત્રને) રાજાના વાક્યનો અર્થ નહીં સમજાતાં અને તે રાજસમૂહ પણ મૂંગો થઈ ગયો ત્યારે ઘડીક ચૂપચાપ ઊભા રહીને બાણે જણાવ્યું કે–હે દેવ! સાચી વસ્તુ ન જાણતા હો તેમ, શ્રદ્ધા ગુમાવી દીધી હોય તેમ, (કોઈએ) ચઢાવ્યા હોય તેમ અને લોકવૃત્તાન્ત ન જાણતા હો તેમ આમ કેમ બોલી રહ્યા છો ? લોકોના સ્વભાવ અને પ્રવાદો (માન્યતાઓ) તો સ્વચ્છંદી અને વિચિત્ર હોય છે. મહાપુરુષોએ તો યથાર્થ (=જેવું હોય તેવું) જોનારા થવું જોઈએ. મને એક સાધારણ વ્યક્તિની જેમ, બીજી (ખોટી) રીતે ઓળખવો તે યોગ્ય નથી. સોમરસનું પાન કરનારા વાત્સ્યાયન વંશમાં જન્મેલો હું બ્રાહ્મણ છું. યથાયોગ્ય સમયે મને ઉપનયનાદિ સંસ્કારો કરવામાં આવ્યા છે, (મેં) સમ્યગ્ રીતે વેદાંગો સહિત વેદનું અધ્યયન કર્યું છે. (મારી) શક્તિ અનુસાર અનેક શાસ્ત્રો પણ સાંભળ્યા છે. પત્નીનું (પાણિ)ગ્રહણ કર્યા પછી હું ગૃહસ્થ બનીને રહું છું. તો પછી મારામાં ક્યાં રહ્યું (ભુજઙ્ગ-તા) લંપટપણું (કે જંગલીપણું?) [का मे भुजं-गता ।] =મારા હાથમાં કઈ સ્ત્રી (આલિંગન પામી) રહેલી છે?] આ (લોક અને પરલોક એમ) બન્ને લોકમાં વિરુદ્ધ પુરંવાર ન થાય તેવા (અર્થાત્ નિર્દોષ) તોફાનોથી (મારું) શૈશવ ખાલી નહોતું. આમાં મારે કંઈ છુપાવવાપણું ય નથી. અને આને કારણે જ મારું હૃદય જાણે કે પ્રાયશ્ચિત્તથી ભરેલું છે. પરંતુ હવે, સુગત (ભગવાન્ બુદ્ધ)ના જેવા શાન્ત થયેલા મનવાળા, મનુના જેવા વર્ણાશ્રમ-વ્યવસ્થાના કર્તા તથા સમવર્તી (=યમરાજ)ની જેમ સાક્ષાત્ દંડને ધારણ કરનારા દેવ (રાજા હર્ષ) સાત સમુદ્રોના સમૂહરૂપ કટિમેખલા (કંદોરા)વાળી અને અશેષ દ્વીપો રૂપી માળાવાળી પૃથિવીનું શાસન ચલાવી રહ્યા છે ત્યારે; નીડર હોય તેવો કોણ બધી જ કુટેવોના બન્ધુ સમા અવિનયનો અભિનય (પણ) કરવાનું મનથી પણ વિચારી શકે ? મનુષ્ય સંબંધી વાત તો રહેવા દો. (મનુષ્યેતર સૃષ્ટિ જોશો તો–) તમારા પ્રભાવથી ભ્રમરો પણ જાણે ડરતાં ડરતાં મધુ પી રહ્યા છે. રથાંગ–ચક્રવાકપક્ષી પણ (પોતાની) પ્રિયાઓ તરફની અતિશય અનુસરણની ટેવોથી જાણે કે લજ્જા અનુભવે છે. વાંદરાઓ પણ જાણે કે ચકિત થઈને ચપલતા આચરે છે. હિંસક પ્રાણીઓના સમૂહો પણ પરદુઃખ દુઃખી બની જઈને (પશ્ચાત્તાપ કરતાં કરતાં) માંસના લોચાઓને ખાય છે. સ્વામી (હર્ષ) જાતે જ મને બધી રીતે સમય જતાં ઓળખશે.

अनपाचीनचित्तवृत्तिग्राहिण्यो हि भवन्ति प्रज्ञावतां प्रकृतयः' इत्यभिधाय तूष्णीमभूत् । भूपतिरपि 'एवमस्माभिः श्रुतम्' इत्यभिधाय तूष्णीमेवाभवत् । संभाषणासनदानादिना तु प्रसादेन नैनमन्वग्रहीत् । केवलममृतवृष्टिभिः स्नपयन्निव स्नेहगर्भेण दृष्टिपातमात्रेणान्तर्गतां प्रीतिमकथयत् । अस्ताभिलाषिणि च लम्बमाने सवितरि विसर्जितराजलोकोऽभ्यन्तरं प्राविशत् ।

2.8

बाणोऽपि निर्गत्य धौतारकूटकोमलातपत्विषि निर्वाति वासरे, अस्ताचलकूटकिरीटे निचुलमञ्जरीभांसि तेज़ांसि मुञ्चति वियन्मुचि *मरीचिमति, रोमन्थमन्थरकुरङ्गकुटुम्बकाध्यास्यमानम्रदिष्ठगोष्ठीनपृष्ठास्वरण्यस्थलीषु, शोकाकुलकोककामिनीकूजितकरुणासु तरङ्गिणीतटीषु, वासविटपोपविष्टवाचाटचटकचक्रवालेष्वालवालावर्जितसेकजलकुटेषु निष्कुटेषु, दिवसविहृतिप्रत्यागतं प्रस्नुतस्तनं स्तनंधये धयति धेनुवर्गमुद्गतक्षीरं क्षुधिततर्णकव्राते, क्रमेण चास्तधराधरधातुधुनीपूरप्लावित इव लोहितायमानमहसि मज्जति सन्ध्यासिन्धुयानपात्रे पातङ्गे मण्डले. कमण्डलुजलशुचिशयचरणेषु चैत्यप्रणतिपरेषु पाराशरिषु,

---

* मरीचिमालिनी अतिरोमन्थ इत्यपि पाठः ।

અવિપરીત = જેવી હોય તેવી જ બીજાઓની=ચિત્તવૃત્તિને ધારણ કરવી (જાણવી) તે તો પ્રજ્ઞાવાન્ લોકોનો સ્વભાવ છે." આટલું કહીને તે (બાણ) મૌન થયો. ભૂપતિ રાજા (હર્ષ) પણ "અમે (પણ) એવું જ સાંભળ્યું છે" એટલું કહીને મૌન જ રહ્યા. (બાણની જોડે) સંભાષણ, આસન કે દાન વગેરે આપવા રૂપી પ્રસાદથી (=કૃપા કરીને) આ (બાણ)ને અનુગૃહીત ન કર્યો. કેવળ અમૃતની વૃષ્ટિથી જાણે કે (બાણને) સ્નાન કરાવતા હોય તેમ સ્નેહ ભરેલા દૃષ્ટિપાત માત્રથી (રાજા હર્ષ) આંતરિક (=હાર્દિક) પ્રીતિને સૂચવી. અસ્તાચળ (પર્વત) ઉપર જવાના અભિલાષવાળા સવિતા (સૂર્ય) દેવ (પશ્ચિમ તરફ) નમવા લાગ્યા ત્યારે બધા જ રાજાઓને વિસર્જિત કરીને તે (હર્ષ) અન્તઃપુરમાં પ્રવેશ્યા.

2.8

બાણ પણ (ભુક્તાસ્થાન મંડપમાંથી) નીકળીને જ્યારે સ્વચ્છ પિત્તળ(ની ધાતુ) જેવો, (અને) કોમળ તડકાના પ્રકાશવાળો દિવસ આથમવા લાગ્યો;[૧૨૭] અસ્તાચળ (પર્વત)ના શિખર ઉપરનો કિરીટ (મુકુટ) હોય તેવો મરીચિ (=કિરણો)વાળો (=સૂર્ય) નિચુલ[૧૨૮] મંજરીની આભાવાળાં તેજકિરણોને છોડતાં (છોડતાં) આકાશને છોડવા લાગ્યો; વનભૂમિઓ ઉપર, વાગોળતા (અને) થાકેલાં મૃગલાંઓના કુટુમ્બો (ટોળાંઓ) વડે અતિશય સુંવાળી ગોષ્ઠીન (=ભૂતકાળમાં જ્યાં ગાયો બાંધવામાં આવી હતી, તે)ની પીઠ (સપાટી) ઉપર બેસાવા લાગ્યું, નદીના તટો ઉપર, (વિરહના) શોકમાં અકુળવ્યાકુળ થયેલાં કોક (=ચક્રવાકપક્ષીઓ)ની કામિની (ચક્રવાકી)ઓનું કરુણ કુજન થવા લાગ્યું; (ઘરની આસપાસના) બગીચાઓમાં, માળો બાંધેલા વૃક્ષોની ઉપર બેઠેલા વાચાળ ચકલાંના સમૂહ બેસવા લાગ્યા, અને (વૃક્ષોના) ક્યારાઓમાં સિંચન કરનારા જળ ભરેલા ઘડાઓ ઠલાવાવા લાગ્યા, દિવસ દરમ્યાન વિહાર કરીને પાછા ફરેલા, દૂધથી ભરેલા, (દૂધ) ઝરતાં આંચળોવાળા ગાયોના સમૂહને ભૂખ્યા થયેલા વાછરડાંઓનો સમૂહ આંચળે બાઝીને ધાવવા લાગ્યો; અને ક્રમશઃ પશ્ચિમ (દિશાની)ધરાને ધારણ કરનાર–અસ્તાચળ પર્વત–ની (ગૈરિક વગેરે) ધાતુઓની નદીનું પૂર ફેલાયું હોય તેવા લાલરંગના થઈ રહેલા પ્રકાશમાં, સન્ધ્યારૂપી સિન્ધુ (=સમુદ્ર)માં (તરતું કોઈ જળ)યાન (જહાજ) હોય તેવું સૂર્ય-મંડળ ડૂબવા લાગ્યું; કમંડળના(=માં ભરેલા) પાણીથી પવિત્ર કરેલા (=ધોયેલા) હાથપગવાળા પારાશરિ–ભિક્ષુકો પોતાનાં ચૈત્યો (=દેવસ્થાન)માં પ્રણામ કરવા લાગ્યા;

૧૨૭. અહીંથી શરૂ થતા બધાં ઉપવાક્યો સતિસપ્તમીમાં હોઈ, તે દરેકને અંતે 'ત્યારે'નો અધ્યાહાર લેવો.

૧૨૮. નિચૂલ–વેતસવૃક્ષ (નેતર).

यज्ञपात्रपवित्रपाणौ प्रकीर्णबर्हिष्युत्तेजसि जातवेदसि हवींषि वषट्कुर्वति यायजूकजने, निद्राविद्राणद्रोणकुलकलिलकुलायेषु कापेयविकलकपिकुलेष्वारामतरुषु, निर्जिगमिषति जरतरुकोटरकुटीकुटुम्बिनि कौशिककुले, मुनिकरसहस्रप्रकीर्णसन्ध्यावन्दनोदबिन्दुनिकर इव दन्तुरयति तारापथस्थलीं स्थवीयसि तारकानिकुरम्बे, अम्बराश्रयिणि शर्वरीशबरीशिखण्डे, खण्डपरशुकण्ठकाले कवलयति बाले ज्योतिःशेषं सान्ध्यमन्धकारावतारे, तिमिरतर्जननिर्गतासु दहनप्रविष्टदिनकरकरशाखास्विव स्फुरन्तीषु दीपलेखासु, अररसम्पुटसंक्रीडनकथितावृत्तिष्विव गोपुरेषु, शयनोपजोषजुषि जरतीकथितकथं शिशयिषमाणे शिशुजने, जरन्महिषमषीमलीमसतमसि जनितपुण्यजनप्रजागरे विजृम्भमाणे भीषणतमे तमीमुखे, मुखरितविततज्यधनुषि वर्षति शरनिकरमनवरतमशेषसंसारशेमुषीमुषि मकरध्वजे, रताकल्पारम्भशोभिनि शम्भलीभाषितभाजि भजति भूषां भुजिष्याजने, सैरन्ध्रीबध्यमानरशनाजालजल्पाकजघनासु जनीषु, वशिकविशिखाविहारिणीष्वनन्यजानुप्लवासु प्रचलितास्वभिसारिकासु, विरलीभवति वरटानां वेशन्तशायिनीनां मञ्जुनि मञ्जीरशिञ्जितजडे जल्पिते, निद्राविद्राणद्राघीयसि द्रावयतीव च विरहिहृदयानि सारसरसिते, भाविवासरबीजाङ्कुरनिकर इव च विकीर्यमाणे जगति प्रदीपप्रकरे

વિખેરવામાં આવેલા કુશઘાસથી પ્રજ્જ્વલિત થયેલી જ્વાળાઓવાળા જાતવેદસ્-અગ્નિ-માં, યજ્ઞના (સ્રુક-સ્રુવાદિ) પાત્રોથી પવિત્ર થયેલા હાથવાળા યાયજૂક (=અતિશય યજ્ઞો કરવાના સ્વભાવવાળા) લોકો હવિષનો વષટ્કાર (=આહૂતિ રૂપે ત્યાગ) કરવા લાગ્યા; બગીચાઓના ઝાડ ઉપર નિદ્રાથી આળસુ બનેલા (અથવા હજુ સુધી નિદ્રાધીન નહીં થયેલા કાગડાઓનું ટોળું માળાઓમાં આકુળ થવા લાગ્યું, (થતું હતું) અને વાંદરાઓનુ ટોળું કપિવૃત્તિ (=ચંચળતા)થી વિકળ થવા લાગ્યું; જીર્ણ થઈ ગયેલા ઝાડની બખોલો રૂપી કુટિરોમાં નિવાસ કરતા ઘુવડોનાં ટોળાં બહાર નીકળવાની ઈચ્છા કરવા લાગ્યા, મુનિઓના હજારો હાથોથી ઉડાવવામાં આવેલ સન્ધ્યા-વંદનના જળબિન્દુઓનો સમૂહ હોય તેવા અત્યંત સ્થૂળ (=પ્રકટ) થયેલો તારાઓનાં સમૂહ જાણે કે તારાપથ (=આકાશ) રૂપી સ્થળને દન્તુરિત (ખાંચાઓવાળો) કરવા લાગ્યો; રાત્રિ રૂપી બિલાડીનો ચોટલો (જેમ તેના દરૂ ઉપર લટકે તેમ) આકાશનું આચ્છાદન કરવા લાગ્યો; ખંડપરશુ=શકંકરના કંઠ જેવું શ્યામ, આછું અન્ધકારનું અવતરણ સંધ્યાના અવશિષ્ટ તેજને (પણ) કોળીઓ કરી જવા લાગ્યું; અંધકારને (દૂર) ખસેડવા માટે બહાર નીકળેલી દીવાની શગ, જાણે કે અગ્નિમાં પ્રવેશેલી દિનકર-સૂર્ય-ના હાથની આંગળીઓ હોય તેમ ફરકવા લાગી; દરવાજા બંધ થતી વખતે થતા અવાજથી, જાણે કે ગોપુરો (નગર-દ્વાર) બંધ થવાનું સૂચવવા લાગ્યું; સૂવાનું સુખ માણી રહેલા (અને, ઘરડી (દાદીમા) વડે વાર્તાઓ કહેવાતાં શિશુજનો ઊંઘથી ઘેરાવા લાગ્યા; મોટી ઉંમરના પાડા જેવું અને ગર્ગરી (=કાળી શાહી) જેવા કાળા અંધકારવાળું, અને પુણ્યજન-યક્ષોમાં જાગૃતિ જગાડતું અત્યંત ભયાનક રાત્રિનું મુખ બગાસું ખાવા લાગ્યું, જંર્ના ટંકાર કરતી, અને ખેંચેલી પણછ છે તેવા ધનુષ્યવાળા તથા અખિલ સંસારની બુદ્ધિને ચોરી લેનાર મકરધ્વજ-કામદેવ-સતત બાણોના સમૂહને વર્ષાવવા લાગ્યા, (સ્ત્રીઓ) રતિક્રીડાના વેશનો આરંભ કરવાથી શોભતી, અને શમ્ભલી-વેશ્યાઓના (ઉપદેશ)વચનનું સેવન કરનારી ભુજિષ્યા=દાસીઓ આભૂષણોને ધારણ કરવા લાગી, સૈરન્ધ્રી (શૃંગાર કરી આપવામાં નિપુણ એવી સ્ત્રીઓ) દ્વારા બાંધી આપવામાં આવેલી કંદોરાની સેરોથી મુખરિત થયેલી સાથળોવાળી યુવતીઓ (ફરવા લાગી); સૂની શેરીઓમાં ફરનારી અને અનન્યજ-કામદેવ-ને સાથીદાર બનાવનારી અભિસારિકાઓ ફરવા લાગી, સરોવરોમાં સૂતેલ માદા હંસોના મધુર (મંજીર=) નૂપુરના રણકાર જેવા અવાજ (જલ્પનો) વિરલ થવા લાગ્યા, નિદ્રાથી આળસુ બનીને દીર્ઘ થયેલા સારસપક્ષીઓના અવાજો જાણે કે વિરહી-જનોના હૃદયને પીગળાવી રહ્યા છે, તથા જાણે કે આવતીકાલના દિવસનો બીજાંકુર-સમૂહ હોય તેવો પ્રદીપોનો સમૂહ જગત્માં ફેલાઈ ગયો ત્યારે

निवासस्थानमगात् । अकरोच्च चेतसि-'अतिदक्षिणः खलु देवो हर्षः, यदेवमनेकबालचरितचापलोचित-कौलीनकोपितोऽपि मनसा स्निह्यत्वेय मयि । यद्यहमक्षि-गतः स्याम्; न मे दर्शनेन प्रसादं कुर्यात् । इच्छति तु मां गुणवन्तम् । उपदिशन्ति हि विनयमनुरूपप्रति-पत्त्युपपादनेन वाचा विनापि भर्तव्यानां स्वामिनः । अपि च धिङ्मां स्वदोषान्धमानसमनादरपीडितमेवमति-गुणवति राजन्यन्यथा चान्यथा च चिन्तयन्तम् । सर्वथा तथा करोमि, यथा यथावस्थितं जानाति मामयं कालेन' इत्येवमवधार्य चापरेद्युर्निष्क्रम्य कटकात्सुहृदां बान्धावानां च भवनेषु तावदतिष्ठत्, यावदस्य स्वयमेव गृहीतस्वभावः पृथिवीपतिः प्रसादवानभूत् । अविशच्च पुनरपि नरपतिभवनम् । स्वल्पैरेव चाहोभिः परमप्रीतेन प्रसादजन्मनो मानस्य प्रेम्णो विस्रम्भस्य द्रविणस्य नर्मणः प्रभावस्य च परां कोटिमानीयत नरेन्द्रेणेति ॥

इति श्रीमहाकवि-बाणभट्ट-कृते हर्षचरिते राजदर्शनं नाम द्वितीय उच्छ्वासः ॥

●●●

(પોતાના) નિવાસસ્થાનમાં ગયો. અને મનમાં (તેણે=બાણે વિચાર) કર્યો :– રાજા હર્ષ ખરેખર ભારે દક્ષિણ છે.[૧૨૯] કારણ કે (મેં) બાલ્યાવસ્થામાં કરેલાં અનેક તોફાનોને યોગ્ય એવા જનાપવાદથી તેઓ ગુસ્સે થયા હોવા છતાંય મનથી (તો તેઓ) મારી ઉપર સ્નેહ રાખે જ છે. જો હું તેમની આંખે ચઢી ગયો,[૧૩૦] હોઉં તો મને (પ્રત્યક્ષ) દર્શન આપીને (મારી ઉપર) કૃપા ન (જ) કરે. તેઓ મને ગુણવાન્ (જોવા) ઇચ્છે છે. સ્વામીઓ યોગ્ય વિશ્વાસ ઉત્પન્ન કરીને, બોલ્યા વિના જ આશ્રિતજનોને વિનયનો ઉપદેશ આપી જ દે છે. અને વળી, પોતાના જ દોષથી અન્ધ બનેલા મનવાળા અને અનાદરથી પીડાતા એવા મને ધિક્કાર હજો, કે જે આવા અતિશય ગુણવાન રાજાને વિષે (માટે) ઊંધુ–ચતું વિચારી રહ્યો છું. (હવે) બધી રીતે હું એમ જ કરીશ, કે જેથી સમય જતાં (હું) જેવો છું તેવો જ તેઓ મને ઓળખે." આમ નક્કી કરીને, બીજે દિવસે સ્કન્ધાવારમાંથી નીકળીને મિત્રો અને બાંધવોના ભવનોમાં ત્યાં સુધી રહ્યો. (રોકાયો) કે જ્યાં સુધી આ (બાણ)ની ઉપર પૃથિવીપતિ–હર્ષ–જાતે જ, તેનો સ્વભાવ ઓળખીને કૃપાવન્ત બન્યા. ફરીથી પણ તે (બાણ) નરપતિ-હર્ષ–ના (રાજ)ભવનમાં પ્રવેશ્યો અને થોડાક જ દિવસોમાં ખૂબ ખૂશ થયેલા નરેન્દ્રે–હર્ષ–તે (બાણ)ને કૃપામાંથી જન્મેલા માનની, પ્રેમની (અંગત) વિશ્વાસની ધનની મજાક–મશ્કરીની અને પ્રભાવની પરમ કોટિએ પહોંચાડી દીધો.

આ પ્રમાણે શ્રી મહાકવિ બાણભટ્ટે રચેલ હર્ષચરિતમાં રાજદર્શન નામનો દ્વિતીય ઉચ્છ્વાસ પૂરો થાય છે.

●●●

૧૨૯. ભલો વ્યક્તિ છે.

૧૩૦. તેમને માટે દ્વેષ્ય હોઉં તો–

॥ શ્રીઃ ॥

હર્ષચરિત

પ્રથમ ઉચ્છ્વાસની અભ્યાસનોંધ

શીર્ષક : ગદ્યકવિ શ્રી બાણભટ્ટને રાજ્યાશ્રય આપનાર રાજા શ્રી હર્ષના જીવનને, શ્રી હર્ષના રાજ્યશાસન (606 to 648 A.D.) અને બાણની હર્ષ સાથે થયેલી પ્રથમ મુલાકાત આદિ ઐતિહાસિક પ્રસંગોને આલેખતી આ 'આખ્યાયિકા'નું શીર્ષક हर्षचरितम् છે. અહીં हर्षस्य चरितम् अधिकृत्य कृतो ग्रन्थः, कृतं काव्यम् वा हर्षचरितम् ॥ એવો આ શીર્ષકનો વિગ્રહ થાય છે, हर्ष(स्य)+चरित (अम्)+अण्, छ >ईयમાં પાણિનિના अधिकृत्य कृते ग्रन्थे । પા૦સૂ૦ IV-3-87 સૂત્રથી अण् અને छ >ईय પ્રત્યયો લાગે છે. પરંતુ વાર્તિકકાર કહે કે लुबाख्यायिकाभ्यो बहुलम् । આ વાર્તિકથી 'આખ્યાયિકા' પ્રકારનો ગ્રન્થ હોય તો, તેના શીર્ષકમાં લાગેલા આ બે પ્રત્યયોનો લોપ થાય છે. આમ हर्षचरितम्। શીર્ષકની સિદ્ધિ થાય છે.

ગદ્યકાવ્યના બે મુખ્યભેદ છે : ૧. કથા અને ૨. આખ્યાયિકા. કવિશ્રી બાણભટ્ટે 'કથા'ના ઉદાહરણ રૂપ 'કાદમ્બરી'ની રચના કરી છે. તથા 'આખ્યાયિકા'ના ઉદાહરણ રૂપ 'હર્ષચરિત'ની રચના કરી છે. 'આખ્યાયિકા' પ્રકારના ગદ્યકાવ્યનાં લક્ષણોની ચર્ચા પ્રસ્તાવનામાં કરી છે.

હર્ષચરિત વિષે શ્રી વાસુદેવ શરણ અગ્રવાલ લખે છે કે :

'હર્ષચરિત' એવા શીર્ષકમાંનો चरित શબ્દ બાણભટ્ટની પહેલાંના સાહિત્યમાં પણ વપરાયો છે. અશ્વઘોષના 'બુદ્ધચરિત'થી માંડીને તુલસીના 'રામચરિતમાનસ' સુધી **ચરિત**-કાવ્યોની અવિચ્છિન્ન પરંપરા જોવા મળે છે. (પરંતુ) **હર્ષચરિત વિશુદ્ધ ઐતિહાસિક ગ્રંથ કહી શકાય એવો નથી.** તેમાં કાવ્યની જેમ બાણભટ્ટે હર્ષનું જીવન, તેમનું વ્યક્તિત્વ, સમકાલિક કેટલીક ઘટનાઓ અને સંબંધિત પાત્ર ઇત્યાદિ વાતોનું કાવ્યમય શૈલીમાં વર્ણન કર્યું છે.''

(દંડીએ મહાકાવ્યનાં લક્ષણોમાં કહ્યું હતું કે તેમાં નગર, પર્વત, સમુદ્ર, ઋતુશોભા, ચન્દ્રોદય, સૂર્યોદય, ઉદ્યાનક્રીડા, સલિલક્રીડા, વિવાહ, પુત્રજન્મ, મંત્રણા, સેનાપ્રયાણાદિ વર્ણનો હોય છે.) ''હર્ષચરિતમાં પણ બાણભટ્ટે કાવ્યનાં આ લક્ષણોનું જાણી જોઈને પરિપાલન કર્યું છે.''

❋

'આખ્યાયિકા'માં જે પ્રકરણો-વિભાગો પાડવામાં આવે છે, તેને માટે પરંપરાથી ઉચ્છ્વાસ એવો શબ્દ વપરાય છે.

શ્રી હર્ષચરિતના પ્રથમ ઉચ્છ્વાસને આરંભે નીચે મુજબના પ્રાસ્તાવિક શ્લોકો આવેલા છે :

પ્રાસ્તાવિક શ્લોક-૧ : પ્રસ્તુત ગ્રન્થની નિર્વિઘ્ને સમાપ્તિ થાય એટલા માટે બાણભટ્ટે ગ્રન્થના આરંભે સૌથી પહેલા શ્લોકમાં ભગવાન શંભુને નમસ્કાર કરીને મંગલ સિદ્ધ કર્યું છે.

અન્વય : त्रैलोक्यनगरारम्भमूलस्तम्भाय तुंगशिरश्चुम्बिचन्द्रचामरचारवे शम्भवे नमः ॥ આ શ્લોકને સમજાવતાં ટીકાકાર શ્રીશંકર 'સંકેત' ટીકામાં લખે છે કે– त्रैलोक्यम् एव (नानाभागेशोभित्वात्) નગરં, तद् (=तस्य आरम्भे मूलस्तम्भः, तस्मै [(शम्भवे) नमः] इति । શંભુ માટે વપરાયેલું બીજું વિશેષણ આ પ્રમાણે છે : (तुंगं शिरः चुम्बते इति) तुंगशिरश्चुम्बी चन्द्रः एव चामरं, तेन चारुः, तस्मै (शम्भवे नमः) इति ।

પૌરાણિકિ માન્યતા મુજબ શંકર તો સૃષ્ટિના સંહારનું કાર્ય કરે છે; તે ત્રિભુવન રૂપી નગરનો આરંભ કરવામાં મૂલસ્તંભ શી રીતે હોઈ શકે ? એવો કોઈને પ્રશ્ન થાય તો ટીકાકાર શ્રીશંકર જણાવે છે કે 'स्वयम्भूः शम्भुरादित्यः इति नामसहस्रे दृष्टत्वात् हरेः, 'शम्भू ब्रह्मत्रिलोचनौ' इत्यभिधानकोशदर्शनात् च ब्रह्मणोऽपि नमस्कारोऽयम् इत्यन्ते वदन्ति । આમ કોશગ્રન્થ અનુસાર વિષ્ણુ અને બ્રહ્માને પણ 'શમ્ભુ' કહેવાય છે.

❋

'હર્ષચરિત'ની જીવાનન્દની આવૃત્તિમાં નીચે મુજબનો એક શ્લોક સૌથી પહેલા શ્લોક તરીકે મળી આવે છે. જેમ કે,

चतुर्मुखमुखाम्भोजवनहंसवधूर्मम ।
मानसे रमतां नित्यं सर्वशुक्ला सरस्वती ॥

પરંતુ આ શ્લોક દંડીના 'કાવ્યાદર્શ'માં પણ આરંભે જ જોવા મળે છે.

મ. મ. શ્રી પી. વી. કાણે મહાશયની 'હર્ષચરિત'ની આવૃત્તિમાં પાદટીપમાં બીજા એક પ્રક્ષિપ્ત શ્લોકને આ પ્રમાણે દર્શાવ્યો છે :

इच्छादिशक्तिनिचयप्रसरक्रमेण विश्वावभासनविधौ प्रथितप्रभावा ।
याध्यायिनां हृदयकोकनदप्रतिष्ठा रूपं प्रकाशयति नौमि सरस्वतीं ताम् ॥

આમ, 'હર્ષચરિત'ની કેટલીક હસ્તપ્રતો/આવૃત્તિઓમાં પહેલાં સરસ્વતીને અને ત્યાર પછી શંકરને પ્રણામ કરીને મંગલ કર્યું છે.

❋

શ્લોક-૨ : कालकूटविषस्पर्शजातमूर्च्छागमाम् इव (कालकूटविषस्य स्पर्शेन जातः मूर्च्छायाः आगमः यस्याः, ताम्); हरकण्ठग्रहानन्दमीलिताक्षीं (हरस्य कण्ठः तस्य ग्रहः, तेन आनन्दः, तेन मीलिते अक्षिणी यस्याः, ताम्) उमाम्=पार्वतीं (अहम् बाणभट्टः) नमामि ॥

દેવો અને અસુરો દ્વારા થયેલા સમુદ્રમંથન પ્રસંગે જે હાલાહલ વિષ નીકળ્યું હતું, તેને શંકર પી ગયા હતા અને પોતાના કંઠમાં ધારણ કરી રાખેલું. આ

પૌરાણિક કથાનો ઉપયોગ કરીને કવિએ અહીં ઉત્પેક્ષા કરી છે કે શંકરે પાર્વતીને જ્યારે આલિંગન આપ્યું ત્યારે જાણે કે શંકરના ગળામાં રહેલા કાલકૂટ વિષના સ્પર્શથી પાર્વતીને મૂર્ચ્છા આવી ગઈ અને તેમની આંખો મીંચાઈ ગઈ. વાસ્તવમાં પ્રેમાનંદમાં તે આંખો મીંચાઈ હતી. આવી નિમીલિતાક્ષી ઉમા પાર્વતીને કવિ વંદન કરે છે.

શ્લોક-૩ : (नद्या) सरस्वत्या (=सरस्वत्याः जलेन) भारतम् वर्षम् पुण्यं चक्रे, इव=तद्वत्, यः (व्यासः) (स्वस्य) सरस्वत्या (वाण्या-गिरा) भारतम् (=महाभारतम्) पुण्यं (पवित्रं) चक्रे) (अथवा यः व्यासः सरस्वत्याः वर्षम् वृष्टिम् इव पुण्यं भारतं=महाभारतम् चक्रे)। तस्मै सर्वविदे कविवेधसे व्यासाय नमः ॥

આ શ્લોકમાં કવિએ મહાભારતના પ્રણેતા વ્યાસને પ્રણામ કર્યા છે. બાણભટ્ટે વ્યાસને માટે બે વિશેષણો ૧. सर्वविदे અને ૨. कविवेधसे વાપર્યાં છે. सर्वं वेत्ति इति सर्ववित्, तस्मै। બધું જ જાણનારા અર્થાત્ સર્વજ્ઞ એવા વ્યાસે મહાભારતમાં કહ્યું છે કે–

यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित् । "જે અહીં છે તે અન્યત્ર પણ જોવા મળશે; પણ જે અહીં નહીં હોય તે બીજે ક્યાંય મળશે નહીં." આમ જ્ઞાનનો વિશ્વકોશ હોય તેવા મહાભારતની રચના કરનાર વ્યાસને 'સર્વજ્ઞ' કહેવા તે ઉચિત જ છે. તથા બાણભટ્ટ વ્યાસને 'કવિવેધા' કહે છે. 'કવિવેધા' શબ્દ બે રીતે સમજાવી શકાય :

(क) कविरेव वेधाः इति । કારણ કે अपारे काव्यसंसारे कविरेकः प्रजापतिः। यथास्मै रोचते विश्वं तथेदं परिवर्तते ॥ ધ્વન્યાલોક-૩. અપાર કાવ્ય સાહિત્યમાં કવિ જ ખરો પ્રજાપતિ-સર્જનહાર વિધાતા છે. તે તેની ઇચ્છાનુસાર જગત્‌ને પરિવર્તિત કરે છે–નિરૂપે છે. તથા (ख) મહાભારતમાં કહ્યું છે કે–इतिहासोत्तमाद् अस्मात् जायन्ते कविबुद्धयः । આ મહાભારત રૂપ ઇતિહાસ ગ્રન્થમાંથી જ (ભવિષ્યમાં) અન્ય કવિબુદ્ધિઓનો જન્મ થશે.' મહાભારતમાંથી જ કથાવસ્તુ લઈને શાકુન્તલ, કિરાતાર્જુનીયમ્, નૈષધચરિત વગેરે સંસ્કૃત સાહિત્યની કૃતિઓ રચવામાં આવી છે, તે સુવિદિત છે. આમ વ્યાસ કવિબુદ્ધિઓને જન્મ આપનારા છે તે પણ સિદ્ધ હકીકત છે. આવા સર્વજ્ઞ અને કવિવેધા વ્યાસને કવિ બાણભટ્ટે પ્રણામ કર્યા છે.

આ શ્લોકના ઉત્તરાર્દ્ધમાં વ્યાસે જે મહાભારતની રચના કરી છે તેને શ્લેષથી નિરૂપવામાં આવેલ છે. જેમ કે,

	ઉપમાન		ઉપમેય
૧.	सरस्वत्या-नद्या	—	सरस्वत्या–वाण्या
૨.	भारतम् (वर्षम्) देशम्	—	भारतम्=महाभारतम्
૩.	वर्षम=देशम	—	वर्षम्=वृष्टिम

यः सरस्वत्या (वाचा गिरा) भारतं पुण्यं चक्रे सरस्वत्या (नद्या. नद्याः जलेन) भारतं वर्षम् इव ।

પુરાણોમાં વર્ણવાયેલી ભૂગોળમાં સાતદ્વીપો-જમ્બુ, પ્લક્ષ, શાલ્મલ, કુશ, ક્રૌંચ, શાક અને પુષ્કર હતાં. આ પ્રત્યેક દ્વિપમાં ૯ વર્ષ હતાં, જે દરેકનાં પોતપોતાનાં પર્વતો અને સમુદ્રો પણ હતા. આમાંથી જે જમ્બુદ્વીપ છે, તેમાં કુર, હિરણ્યમય, રમ્યક, ઈલાવૃત્ત, હરિ, કેતુમાલ, ભદ્રાશ્વ, કિન્નર અને **ભારતવર્ષ** (=ભારતદેશ) આવેલ છે. વિષ્ણુપુરાણ અને માર્કણ્ડેય પુરાણમાં આનો વિસ્તાર છે. ભારતવર્ષનું રેખાંકન આ પ્રમાણે કરવામાં આવ્યું છે :

उत्तरं यत्समुद्रस्य हिमाद्रेश्चैव दक्षिणम् ।
वर्षं तद्भारतं नाम भारती यत्र सन्ततिः ॥

આ ભારતદેશમાં પંજાબમાં સરસ્વતી નદી વહેતી હતી, જે આજે સુકાઈ ગઈ છે. બીજા એક મત મુજબ ગુજરાતના સિદ્ધપુર ગામમાં તે નદી આવેલી હતી, અલબત્ત, આ વિષય ચર્ચાસ્પદ છે.

શ્લોક-૪ : रागाधिष्ठितदृष्टयः कोकिलाः यथा वाचालाः कामकारिणः जायन्ते, तथा लोके प्राय. कुकवयः (अपि) रागाधिष्ठितदृष्टयः वाचालाः कामकारिणः (च) जायन्ते ॥

અહીં કોકિલનાં જે ત્રણ વિશેષણો છે, તે શ્લિષ્ટ છે અને તે કુકવિઓને પણ લાગુ પડે છે :

શ્લિષ્ટ વિશેષણો	કોકિલપક્ષે	કુકવિપક્ષે
૧. रागाधिष्ठितदृष्टयः	— લાલરંગયુક્ત દૃષ્ટિવાળા	–રાગાદિથી યુક્ત...
૨. वाचालाः	— વાચાળ	–અસંબદ્ધ પ્રલાપ કરનારા.
૩. कामकारिणः	— કામોદ્દીપક	–સ્વેચ્છાનુસાર (કાવ્ય) કર્મ કરનારા.

બાણે આ શ્લોકમાં જે ભાવ વ્યક્ત કર્યો છે તે કંઈક આ પ્રકારનો હશે : ૧. કુકવિઓની વચ્ચે સાચા કવિનો અવાંજ વિરલ છે. અથવા ૨. કાવ્યનો મહિમા જ એવો છે કે જે કુકવિઓનું લખેલું હોય તો પણ આનંદજનક હોય છે, તો પછી જે વૈશિષ્ટવાળા, સાચા કવિઓ છે તેમનાં કાવ્યોની તો શી વાત જ કરવી ? येनेदृशा अपि कवयः प्रायः प्राचुर्येण कोकिला इव जायन्ते, वल्लगुवाचः सम्पद्यन्ते. किं पुनः संविशिष्टा न जायेरन् । —(संकेतः।) આ દૃષ્ટિએ બાણે (પૂર્વ શ્લોકમાં કવિ-વ્યાસની પ્રશંસા કર્યા પછી) અહીં કાવ્યની પ્રશંસા કરી છે એમ કહેવાશે. અથવા ૩. ટીકાકાર શંકર 'સંકેત'માં કહે છે કે આ શ્લોક દ્વારા કુકવિની નિંદા કરવામાં આવી છે એમ પણ કેટલાક સમજે છે : केचित्पुनर्भूयसा कुत्सिताः कवयो जायन्ते इति कुकविनिन्दा एव इयमिति व्याख्यातवन्तः ।

આલંકારિકોએ શૃંગારરસની નિષ્પત્તિ વર્ણવતાં કહ્યું છે કે શૃંગારરસનો સ્થાયિભાવ રતિ છે; નાયક–નાયિકા આલંબનવિભાવ છે; વસંતઋતુ, ચન્દ્ર અને કોકિલનો અવાજ તે ઉદ્દીપનવિભાવ છે; સ્વેદાદિ બાહ્યવિકારો અનુભાવ છે તથા ચિંતા, જડતા વગેરે વ્યભિચારિ ભાવ છે.

શ્લોક–૫ : जातिभाजः श्वानः इव (यथा) असंख्याः गृहे गृहे सन्ति, (तथा) (कवयः अपि) जातिभाजः गृहे गृहे असंख्याः सन्ति। (किन्तु) उत्पादकाः शरभा इव (नूतनकाव्यानां) उत्पादकाः कवयः न बहवः (सन्ति) ॥

આ શ્લોકમાં પણ जातिभाजः, असंख्याः અને उत्पादकाः એ શબ્દો શ્લિષ્ટ છે :

વિશેષણ	શ્વન્-પક્ષે	(કુ)કવિ-પક્ષે
૧. जातिभाजः	— કેવળ જન્મ લેનાર — શ્વત્વજાતિ ધારણ કરનાર — અમેધ્યભક્ષણ કરનારા	કેવળ સ્વભાવોક્તિમૂલક વર્ણન કરનારા અર્થાત્ વક્રોક્તિ વિનાનું
૨. असंख्याः	— અગણિત કે — સંગ્રામવિમુખ	અગણિત
વિશેષણ	— શરભપ્રાણીપક્ષે —	(સુ)કવિપક્ષે.
૩. उत्पादकाः	— ઊંચા પગવાળા (આઠ પગવાળા)	(મૌલિક કાવ્યને) ઉત્પન્ન કરનારા

'સંકેત' ટીકામાં લખ્યું છે કે–असंख्या अगणनार्हाः जाति स्वरूपवर्णनामात्ररूपां वक्रोक्तिशून्यां भजन्ते ।...। श्वानोऽप्यसंख्याः । नास्ति संख्यं संग्रामो येषां ते। जाति-शब्देनात्र श्वजातिसमवेता अमेध्यभक्षणादयो गृहीताः । यद्वा-श्वत्वं नाम जातिस्तत्प्रतिपादनं प्रयोजनान्तर-शून्यनाम् आवेदयति । उत्पादना नवनिर्माणकारिणः, ऊर्ध्वपादाश्च । शरभा हि प्राणिभेदाः । अष्टपादा एते । श्वजातीया इति केचित् ॥

શ્લોક-૬ : (यथा) अन्यवर्णपरावृत्त्या बन्धचिह्ननिगूहनैः चौरः सतां (सज्जनानां) मध्ये अनाख्यातः (न कथितोऽपि) विभाव्यते=ज्ञायते (एव), (तथैव) अन्यवर्णपरावृत्त्या बन्धचिह्ननिगूहनैः कविः (अपि) सतां (सहृदयानां) मध्ये अनाख्यातः (न कथितोऽपि) विभाव्यते (ज्ञायते) ॥

આ શ્લોકમાં ચોરની ઓળખ અને કાવ્યચોર કવિની ઓળખ કરાવનારાં બે લક્ષણો શ્લિષ્ટ છે. જેમ કે, (૧) अन्यवर्णपरावृत्त्या અને (૨) बन्धचिह्ननिगूहनैः । આ બે લક્ષણોને ચોરના પક્ષે સમજાવતાં ટીકાકાર શંકર લખે છે કે–(૧) "त्रासकृतः पाण्डिमादिः वर्णो मुखरागविशेषः, तत्परिवर्तनेन । यद्वा शूद्रत्वं सति

द्विजादिवर्णाश्रयेण । स्वजात्युचितस्य स्वभावस्य त्यक्तुम् अशक्यत्वात् भावप्रकटनम् अवश्यमेव भवति ।.....तेन सः सतां साधूनां मध्ये चौरो लक्ष्यते । અર્થાત્ ચોરને માર પડે, ત્રાસ આપવામાં આવે ત્યારે તેનો ચહેરો ફિક્કો પડી જાય છે. આમ મુખની કાન્તિમાં પરિવર્તન આવી જવાથી–અથવા શૂદ્રવ્યક્તિ બ્રાહ્મણનો અંચળો ઓઢીને ફરે તો તેના જાતિગત લક્ષણો અજાણપણે પણ પ્રકટ થઈ જતાં હોઈને, તેનાથી તે ઓળખાઈ જાય છે." વળી (૨) "यतो बन्धः शृंखलादिकृतो ग्रन्थिस्तच्चिह्नं त्वग् दूषणादि । तेषां निगूहनैः (अपि स सतां मध्ये चौरः लक्ष्यते ।) ॥ અર્થાત્ લોખંડની બેડીઓ વગેરેના ચામડી ઉપર પડેલા ડાઘ રૂપ ચિહ્નોથી (પણ ચોર ઓળખાઈ જાય છે."

હવે આ જ બે લક્ષણોને કવિના પક્ષે સમજાવતાં ટીકાકાર લખે છે કે–(૧) अन्ये पूर्व—कविनिबद्ध-विलक्षणा ये वर्णा अक्षराणि तेषां रचनेन (=परिवर्तनेन) । પૂર્વેના કવિઓનાં કાવ્યોમાં થોડાક અક્ષરોમાં પરિવર્તન કરીને નવું કાવ્ય લખ્યાનો દાવો કરનાર કવિ સહૃદયોની આગળ પકડાઈ જતા હોય છે. તથા (૨) बन्धचिह्नं श्रीलक्ष्मीप्रभृति रचनालिङ्गम्। अन्ये तु भाषालंकारप्रभृतिबन्धचिह्नम् आहुः। (तेषां निगूहनैः सतां=सहृदयानां मध्ये कविः काव्यचोररूपेण विभाव्यते=लक्ष्यते ॥) અર્થાત્ પૂર્વેના અન્ય કવિઓની રચનાઓમાં જે બન્ધચિહ્નો દા.ત. શ્રી શબ્દ. લક્ષ્મી શબ્દ વગેરેની ગૂંથણી, અથવા ચિત્રબન્ધ, મુરજબન્ધ, ખડ્ગબન્ધ પ્રકારનાં ચિત્રકાવ્યો અથવા 'બન્ધચિહ્ન'નો અર્થ પ્રબન્ધનાં સામાન્ય લક્ષણો તેની નકલ કરી હોય છતાંય થોડાક પરિવર્તનો કરીને તેને સંતાડવાનો પ્રયત્ન કરનારા અકવિઓ પણ સહૃદય વાચકોના હાથે પકડાઈ જતા હોય છે. !

આમ બાણભટ્ટે કવિ વ્યાસની પ્રશસ્તિ, સ્તુતિવંદના કરવાની સાથે કુકવિઓની નિંદા પણ કરી છે અને કાવ્યચોર અકવિઓને પણ ઉઘાડા પાડ્યા છે. હવે પછીના શ્લોકમાં, બાણ ભારતના વિવિધ પ્રાન્તોમાં ચાલતી સાહિત્યિક પ્રવૃત્તિઓની લાક્ષણિકતાને નોંધે છે :

શ્લોક-૭ : उदीच्येषु श्लेषप्रायम्, प्रतीच्येषु अर्थमात्रकम्, दाक्षिणात्येषु उत्प्रेक्षा, (एवं) गौडेषु अक्षरडम्बरः ।

ઉત્તરદિશાના કાવ્યોમાં શ્લેષપ્રધાન (શબ્દશ્લેષ અને અર્થશ્લેષવાળી) રચનાઓ જોવા મળે છે. પશ્ચિમદિશાના કવિઓ જે કાવ્યરચના કરે છે તેમાં અર્થ = કથાવસ્તુનું પ્રદર્શન હોય છે. અહીં मात्रकम् શબ્દથી એવું સૂચવ્યું છે કે તે કવિઓની રચનામાં શ્લેષ, યમક વગેરે અલંકારોની ગુંથણી હોતી નથી. દક્ષિણ ભારતના કવિઓ ઉત્પ્રેક્ષાલંકાર પ્રચુરમાત્રામાં વાપરે છે. તથા ગૌડીય-બંગાળી, ઉડિયા-પૂર્વભારતના કવિઓ કેવળ અક્ષરોનો આડંબર કરવામાં રચ્યાપચ્યા રહે છે.

આમ, ભારતના વિવિધ પ્રાન્તના કવિઓની રચનાઓમાં જે લાક્ષણિકતાઓ જોવા મળે છે, તેની બાણે નોંધ લીધી. પરંતુ તેની સાથે સાથે એ પણ સૂચવ્યું કે કોઈ એવો કવિ નથી, જેમાં ઉત્તમ કાવ્યનાં બધા જ લક્ષણો હોય. આ સૂચનને વિશદ કરવા તેણે શ્લોક–૮માં નીચે મુજબ જણાવ્યું છે.

શ્લોક–૮ : નવઃ अर्थः—નવી કથાવસ્તુ, (પૂર્વેના કોઈ કવિએ નહીં રજૂ કરેલી, નવી કાલ્પનિક કથા) અથવા નવો ચમત્કારિક અર્થ. जातिः= સ્વભાવોક્તિ (વક્રોક્તિની વિરુદ્ધ). अग्राम्या ज्ञातिः—ગ્રામ્ય નહીં તેવી અર્થાત્ શિષ્ટ સ્વભાવોક્તિ. અથવા जाति એ એક માત્રામેળ છંદ પણ છે. अक्लिष्टः श्लेषः—આયાસપૂર્વક સાધેલો અને ઘણી મહેનતથી સમજાય એવો શ્લેષ ક્લેષકર હોય છે. તેથી બાણ કહે છે કે ક્લિષ્ટ ન હોય તેવો શ્લેષ. स्फुटः रसः સરળતાથી અનુભવાય એવો રસ. स्फुटो दुर्बोधभंग्यादिभिः अदूषितः । विकटाक्षरबन्धः च—વિકટ એટલે પ્રકટ, સરળ, ઉદાર અક્ષરોની રચના. कृत्स्नम् एकत्र दुष्करम्—આ બધું એકત્ર કોઈ એક કાવ્યમાં ગુંથવું મૂશ્કેલ હોય.

શ્લોક-૯ : भारती (महाभारतस्य) कथा इव (यथा) सर्ववृत्तान्तगामिनी (अस्ति), जगत्त्रयम् च व्याप्नोति, (तथा) कवेः भारती (वाणी) सर्ववृत्तान्तगामिनी (नास्ति), जगत्त्रयम् (च) न व्याप्नोति, तस्य कवेः काव्येन किम् (प्रयोजनम्) ? ॥

આ શ્લોકમાં भारती પદ શ્લિષ્ટ છે. કથા પદના સાહચર્યમાં રહેલો भारती શબ્દ 'મહાભારતની કથા'નો વાચક બને છે. તથા કેવળ भारती શબ્દ 'વાણી'–કાવ્યસાહિત્ય-નો વાચક બને છે. અહીં भारती कथा (=મહાભારતની કથા)નાં બે વિશેષણો આ પ્રમાણે છે : (૧) सर्ववृत्तान्तगामिनी। અર્થાત્–सर्वे ये वृत्तान्ताः सत्पुरुषचरितानि उपाख्यानानि च तानि गमयति बोधयति । જગતનાં બધાં જ વૃત્તાન્તો અને સત્પુરુષ વિષયક બધાં જ ઉપાખ્યાનોનો બોધ કરાવનારી જે કથા છે. તથા (૨) या भारती कथा जगत्त्रयम् व्याप्नोति । જે મહાભારતની કથા ત્રણેય જગત્માં ફેલાઈ ગયેલી છે. પણ જે કવિની વાણી सर्ववृत्तान्तगामिनी અર્થાત્ वृत्तानि वर्ण-मात्रा-गण-समार्ध-सम्-विषम-रूपाणि तदन्तगमनं तद्विरचनक्षमत्वम् બધા જ પ્રકારના વૃત્તો (=છંદો) ની અંદર રચના કરી શકનારી (કવિની) (भारती=) વાણી (न अस्ति હોતી નથી) तथा (૨) यस्य कवेः भारती जगत्त्रयम् न व्याप्नोति જે કવિની વાણી ત્રણેય જગત્ને વ્યાપી વળતી નથી तस्य कवेः काव्येन किम् (प्रयोजनम्) ? તે કવિના કાવ્યથી શું (પ્રયોજન/ફળ) ?

❋

બાણભટ્ટે શ્લોક-૮ અને ૯માં કવિ તરીકે પોતાનો આદર્શ, પોતાની મહત્ત્વાકાંક્ષાને સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે. ઉત્તમ કાવ્યમાં, શ્લોક-૮માં ગણાવેલી ગુણસંપત્તિ જોવા મળે છે. તથા શ્લોક ૯માં વ્યાસની મહાભારત કથા, કે જે સર્વવૃત્તાન્તગામિની તથા જગત્ત્રયને વ્યાપનારી છે. તેને (તે બન્નેને) આદર્શ તરીકે સ્થાપીને, કવિ બાણ व्यासोच्छिष्टं जगत्त्रयम्।ની જેમ પોતાને વિષે પણ बाणोच्छिष्टं जगत्त्रयम् ।-કહેવાય એવી મહત્ત્વાકાંક્ષા સેવે છે.

શ્લોક-૧૦ : उच्छ्वासान्ते (युगान्ते) अपि अखिन्नाः, येषां=कवीश्वराणां देवानां वक्त्रे (मुखे) सरस्वती देवी वर्तते, एवञ्च आख्यायिकाभिः ज्ञाताकाराः, ते कवीश्वराः ईश्वराः (यथा) वन्द्याः=वन्दनीयाः सन्ति; (तथैव) ये (कवीश्वराः=महाकवयः) उच्छ्वासान्ते

अपि अखिन्नाः, येषां (कवीनां च) सरस्वती (वाणी) वक्त्रे (वृत्ते) (प्रवर्तते), ते आख्यायिकाकाराः (आख्यायिकानाम् प्रणेतारः) कथं न वन्द्याः ? अवश्यमेव वन्दनीयाः इति भावः ॥

❋

કવીશ્વરા :-(૧) કવિઓમાં ઈશ્વર-મોટા કવિઓ તથા (૨) કવીશ્વરો = બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. શ્રીમદ્ભગવદ્ગીતામાં कवि पुराणमनुशासितारम्० (૮-૯), તથા ઈશાવાસ્યોપનિષદ્માં कविर्मनीषी परिभूः स्वयंभूः०। (૮) આ શબ્દોમાં સર્વોચ્ચ સત્તાને-ઈશ્વરને માટે પણ कवि શબ્દનો પ્રયોગ કર્યો છે. આથી 'સંકેત' ટીકામાં લખ્યું છે કે 'कविं पुराणम्' इति न्यायेन कवयश्च ते ईश्वरा हरिहरब्रह्माणः । આ બન્ને પ્રકારના કવીશ્વરોને લાગુ પડે તેવા ત્રણ શ્લિષ્ટ વિશેષણો આ પ્રમાણે છેઃ

૧. उच्छ्वास :	– 'આખ્યાયિકા' પ્રકારના ગદ્યકાવ્યનાં પ્રકરણોનું – વિભાગોનું નામ	–કલ્પ. उच्छ्वसन्ति भूतानि अस्मिन् इति उच्छ्वासः कल्पः (तदन्ते संहारेऽपि अखिन्नाः)*
૨. सरस्वती અને वक्त्रे	– 'વક્ત્ર' છન્દમાં પ્રવર્તનારી વાણી	જેમના મુખમાં સરસ્વતી નામની દેવી નિવાસ કરે છે.
૩. आख्यायिकाकाराः	– 'આખ્યાયિકા' પ્રકારનું ગદ્યકાવ્ય લખનારા. (બાણભટ્ટ જેવા મોટા કવિઓ.)	– ઇતિહાસ અને પુરાણાદિના આખ્યાનોથી જેમનો આકાર = સ્વરૂપ ઓળખાય છે તે (બ્રહ્માદિ દેવો)

❋

આ શ્લોકમાં બાણભટ્ટ પોતાના પુરોગામી આખ્યાયિકા લખનારા કવિઓની (અને સાથે સાથે પોતાની પણ !) સ્તુતિ કરે છે. બાણભટ્ટની પૂર્વે કેટલીક આખ્યાયિકાઓ રચાઈ છે. પતંજલિએ (૧) વાસવદત્તા, (૨) સુમનોત્તરા અને (૩) ભૈમરથી–નામની ત્રણ આખ્યાયિકાઓનો નામોલ્લેખ કર્યો છે. (4-3-87). હાલ મળતી સુબન્ધુની 'વાસવદત્તા' તો 'કથા' પ્રકારની છે. પણ પતંજલિ જે 'વાસવદત્તા' આખ્યાયિકા–નો ઉલ્લેખ કરે છે. તે આજે પ્રાપ્ત થતી નથી.

---

* તથા વેદોમાં ઋગ્વેદાદિ વેદો અને સકળ વિશ્વને બ્રહ્મનું-ઈશ્વરનું નિઃશ્વસિત ઉચ્છ્વાસ કહેલ છે : अस्य महतो भूतस्य निःश्वसितमेतद्....(बृहदा० २-४-१०)

આવાં 'આખ્યાયિકા' પ્રકારનાં ગદ્યકાવ્યોમાં જે વિભાગો–પ્રકરણો હોય છે તેને 'ઉચ્છ્વાસ' (કે આશ્વાસ) એવું પારિભાષિક નામ આપવું જોઈએ. તથા તેમાં 'વક્ત્ર' અને 'અપરવક્ત્ર' નામના છંદોમાં અમુક શ્લોકો મૂકવા જોઈએ, કે જેમાં આવનાર કથાવસ્તુનું સૂચન કરવામાં આવે છે.–આવું આલંકારિકો જણાવે છે. હર્ષચરિતના પ્રથમોચ્છ્વાસમાં જ [જુઓ : 1.7] નીચે મુજબનો 'અપરવક્ત્ર'માં લખાયેલો શ્લોક આવે છે :

तरलयसि दृशं किमुत्सूकामंकलुषमानसवासलालिते ।
अवतर कलहंसि वापिकां पुनरपि यास्यति पङ्कजालयम् ॥

આ સાંભળીને જ શાપિત સરસ્વતી પૃથિવી ઉપર ઉતરવા તૈયાર થાય છે.

શ્લોક-૧૧ : कर्णगोचरं गतया वासवदत्तया नूनं कवीनां दर्पः अगलत्, कर्णगोचरं गतया शक्त्या इव पाण्डुपुत्राणां इव कवीनां (दर्पः अगलत्) ॥

अथवा—कवीनां पाण्डुपुत्राणां (च) (दर्पः) कर्णगाचेरं गतया वासवदत्तया शक्त्या (इव) अगलत् ।

આ શ્લોકમાં જે શ્લિષ્ટ પદો આવેલાં છે તેને સ્પષ્ટ કરતાં સંકેત ટીકામાં લખ્યું છે કે–वासवदत्ता कथा, वासवेन शक्रेण दत्ता च । कर्णः श्रवणं, राधेयश्च । कवीनां काव्यकर्तॄणां, द्रोणादीनां च ॥

❋

મહાભારતના આદિપર્વમાં એક કથા મળે છે : ઇન્દ્ર પોતાના પુત્ર અર્જુનનું હિત કરવાના આશયથી, એકદા કર્ણની પાસે બ્રાહ્મણવેશે ઉપસ્થિત થાય છે. અને ભિક્ષામાં કર્ણના દિવ્ય કવચકુંડળ માંગે છે. કર્ણ વચનબદ્ધ હોઈને તે ઇન્દ્રને આપી દે છે. ઇન્દ્રે વંચનાથી કર્ણના કવચકુંડલ લઈ લીધા પછી ક્ષોભ અનુભવ્યો અને તેણે કર્ણને એક 'શક્તિ' નામના શસ્ત્રનું પ્રતિદાન/વરદાન આપ્યું. આ 'શક્તિ'થી કોઈ પણ એક મહારથીનો નાશ થઈ શકે એમ હતું. આમ ઇન્દ્રે આપેલી શક્તિ કર્ણને પ્રાપ્ત થઈ છે. એમ સાંભળીને પાંડવો અને દ્રોણનો દર્પ ઓગળી ગયો હતો. આ કથાને ધ્યાનમાં રાખીને બાણભટ્ટે પ્રસ્તુત શ્લોકની રચના કરી છે.

ભરદ્વાજના શુક્રમાંથી દ્રોણનો જન્મ થયો હતો. તથા કવિ શબ્દ શુક્ર માટે પણ વપરાય છે. એ દૃષ્ટિએ કવીનામ્નો અર્થ 'દ્રોણ' થઈ શકે છે.

શ્લોક-૧૨ : ભટ્ટાર હરિચન્દ્રસ્ય पदबन्धोज्ज्वलः, हारी, कृतवर्णक्रमस्थितिः गद्यबन्धो (गद्यकाव्यम्) नृपायते (=नृपः इव आचरति)।

અહીં હરિચન્દ્ર (અથવા હરિશ્ચન્દ્ર)ને માટે ભટ્ટાર એવું વિશેષણ વપરાયું છે. અમરકોશ કહે છે : राजा भट्टारको देवः । 'ભટ્ટાર', કે 'ભટ્ટારક' તે રાજા કે દેવનો પર્યાય છે. આમ તે સન્માનં સૂચક શબ્દ છે. 'આર્ય' એવા અર્થમાં પણ તેનો પ્રયોગ સમજી શકાય.

હરિચન્દ્રનો 'ગદ્યબન્ધ' नृपायते । "રાજાના જેવું આચરણ કરે છે." कर्तुः क्यङ् सलोपश्च । ૩-૧-૧૧ સૂત્રથી नृपः इव आचरति इति नृपायते । એવું નામધાતુસાધિત ક્રિયાપદ છે. બાણભટ્ટે આ શ્લોકમાં રાજા અને હરિચન્દ્રના ગદ્યબન્ધને સમાન રૂપે લાગે તેવાં શ્લિષ્ટ વિશેષણોનો પ્રયોગ કર્યો છે. જેમ કે,

વિશેષણ	રાજા	ગદ્યબન્ધ
૧. पदबन्धनोज्ज्वलः	– પોતાના પ્રદેશમાં સુસ્થિર, અથવા મંત્રીમંડળથી ઉજ્જવળ स्वमण्डलावष्टम्भः ।	– નામપદ અને ક્રિયાપદની રચના (ગુંથણી)થી ઉજ્જવળ सुप्तिङन्तानां पदानां बन्धः, प्रकृष्टा रचना ।
૨. हारी	– રત્નોના હારથી યુક્ત हारयुक्तः	– મનોહારી हृद्यः
अहारी इति वा	– કોઈનું કશું ઝુંટવી લેતો નથી – અથવા જેના રાજ્યમાં કોઈ કોઈનું લઈ લેતું નથી.	– બીજા કોઈ કવિના કાવ્યમાંથી જેણે કશું ચોર્યું નથી.
૩. कृतवर्णक्रमस्थितिः	–કૃતયુગની જેમ બ્રાહ્મણાદિ વર્ણોની સ્થિતિ જાળવનાર	–અક્ષરોની ક્રમશઃ ગોઠવણીવાળો

સંકેતમાં લખ્યું છે : कृतयुगवद्वर्णानां द्विजादीनां क्रमेण मन्वादिस्मृतिकारप्रकाशित-मार्गेण स्थितिः पालनं यस्मिन्सतीति च। तथा कृता वर्णानाम् अक्षराणां क्रमेण भामहादिप्रदर्शितनीत्या स्थितिरवस्थानं यत्र ।

कृतवर्णक्रमस्थितिः = અક્ષરોની ક્રમશઃ ગોઠવણીવાળો ગદ્યબન્ધ. कृता वर्णानां क्रमेण (अलंकारशास्त्रानुसारेण) स्थितिः यस्मिन् । આને સમજવા થોડીક વિગતોની જરૂર છે : પ્રતાપરુદ્રે પોતાના 'રત્નાપણ' ગ્રન્થમાં કયા કયા વર્ણો કોમળ છે. પરુષ-કર્કષધ્વનિવાળા છે ? વગેરેનું નિરૂપણ કર્યું છે. જેમ કે,

टवर्गवर्जिताः स्पर्शाः स्वस्ववर्गान्तशेखराः ।
लघुरेफलकारौ च कोमलाः परिकीर्तिताः ॥
रेफेन यस्य कस्यापि योग आद्यतृतीययोः ।
स्वोत्तराभ्यां तुल्ययोर्वा परुषाष्टगणः शषौ ॥

આમ આલંકારિકો જણાવે છે કે શૃંગાર કે કરુણ જેવા રસોની જમાવટ કરવી હોય તો કાવ્યમાં માધુર્યગુણ હોવો જોઈએ. આ માધુર્યગુણને નિષ્પન્ન કરવા માટે ટ વર્ગ સિવાયના क् થી म् સુધીના વર્ણો—અક્ષરોનો પ્રયોગ કરવો જોઈએ. તથા તે તે વર્ણોની આગળ તેમના તેમના વર્ગના અનુનાસિક પંચમ વર્ણોનો પણ વિનિયોગ કરવો જોઈએ. વળી, લઘુ એવા રેફ અને લકાર અક્ષરો પણ વાપરી

શકાય. આવા વર્ણોને 'કોમળ' કહ્યા છે. વગેરે.

હવે **શ્લોક-૧૨ થી ૧૮ સુધીમાં** કવિ બાણભટ્ટ પોતાના પુરોગામી જુદા જુદા ખ્યાતનામ કવિઓ અને કાવ્યોની પ્રશંસા કરે છે. પ્રસ્તુત શ્લોક-૧૨માં તેમણે હરિચન્દ્રના કોઈ 'ગદ્યબન્ધ'ની પ્રશંસા કરી છે. આજે તો આપણે માટે 'હરિચન્દ્ર' એક નામ જ છે, કેમ કે તેમની કોઈ કૃતિ (કે કૃતિનું નામ) ઉપલબ્ધ નથી. જો કે અર્વાચીન સમયના (બાણના ઉત્તરકાળમાં) હરિચન્દ્ર નામના એક જૈન લેખકનું धर्मशर्माभ्युदय કાવ્ય મળે છે ખરું. વળી, 'ગૌડવહો'માં એક हारियन्दનો ઉલ્લેખ છે. हारियन्दનું સંસ્કૃત રૂપ हारिचन्द्र થશે. પરંતુ આ હારિચન્દ્ર તે જ બાણે ઉલ્લેખેલ હરિચન્દ્ર હશે કે કેમ તે પ્રશ્ન છે.

❁

શ્લોક-૧૩ : विशुद्धजातिभिः रत्नैः अविनाशिनम् अग्राम्यम् कोशम् इव विशुद्धजातिभिः सुभाषितैः अविनाशिनम् अग्राम्यम् कोशं सातवाहनः अकरोत्।

સાતવાહન નામના કોઈક કવિએ જે સુભાષિતોનો કોશ—સંગ્રહ--કર્યો હતો, તેનો બાણભટ્ટ અહીં ઉલ્લેખ કરે છે.

વિશેષણો	–રત્નોની તિજોરી (કોશ)	–સુભાષિતોનો સંગ્રહ
૧. विशुद्धजातिभिः रत्नैः/सुभाषितैः	–વિશુદ્ધ જાતિના રત્નોથી	–વિશુદ્ધ સ્વભાવોક્તિ-વાળાં સુભાષિતોથી
૨. अविनाशिनम्	–ક્યારેય નહિ ખૂટનાર	–પ્રસિદ્ધ અને/અથવા અમર
૩. अग्राम्यम्	–અસુન્દર નહિ તેવો	–અશ્લિલ નહિ તેવો

❁

સંભવતઃ આ શ્લોકમાં બાણભટ્ટ સાલાહણ (=સાત વાહન)= 'હાલ' નામના કવિએ રચેલ 'ગાથા સપ્તશતી'નો ઉલ્લેખ કરતાં જણાય છે. આ કૃતિમાં ૭૦૦ પ્રાકૃત ગાથાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. (હેમચન્દ્રે 'અભિધાનચિંતામણિ' કોશમાં हालः स्यात्सातवाहनः । એમ જણાવ્યું છે. આમ 'સાતવાહન'નું પ્રાકૃત 'સાલાહણ' થાય; એનું ટૂંકું રૂપ તે 'હાલ'.)

શ્લોક-૧૪ : प्रवरसेनस्य कुमुदोज्ज्वला (कुमुदवत् उज्ज्वला) कीर्तिः सेतुना सागरस्य परं पारं प्रयाता कुमुदोज्ज्वला (कुमुदेन तदाख्येन वानरसेनापतिना) उज्ज्वला कपिसेना सेतुना सागरस्य परं पारम् इव प्रयाता ॥

સુગ્રીવની કપિસેના જેમ સમુદ્રને પેલે પાર પહોંચી તેવી રીતે પ્રવરસેનની

કીર્તિ પણ સમુદ્રને પેલે પાર પહોંચી છે. સમુદ્રને પેલે પાર જનારી કપિસેના અને કીર્તિનું વિશેષણ, અને તેમનું સાધન (કરણકારક) વર્ણવતા બે શબ્દો શ્લિષ્ટ છે :

વિશેષણ	–પ્રવરસેનની કીર્તિ	–સુગ્રીવની કપિસેના
૧. કુમુદોજ્જ્વલા	–કુમુદ–શ્વેતકમળ–પુષ્પના જેવી ઉજ્જ્વળ	–'કુમુદ' નામના વાનર-સેનાપતિથી શોભિત
૨. સેતુના	–'સેતુ' નામના પ્રાકૃત કાવ્યથી	–સેતુબંધ (પુલ)થી

બાણભટ્ટે આ શ્લોકમાં 'પ્રવરસેન' નામના કવિના 'સેતુ' કાવ્યની પ્રશંસા કરી છે. પરંતુ 'સંકેત' ટીકામાં લખ્યું કે–પ્રવે=પ્લુતે રસો યેષામ્ (=કુદકા મારવામાં જેમને રસ છે તે વાંદરાઓને) પ્રવરસા=વાનરાઃ (કહેવાય છે), તેષામ્ इनः=સ્વામી। અર્થાત્ સુગ્રીવ. અથવા પ્રવરા ચ સેના યસ્ય સઃ સુગ્રીવશ્ચ । (શ્રેષ્ઠ છે સેના જેની). પ્રવરસેન કશ્ચિત્કવિશ્ચ । આમ 'પ્રવરસેન' વિશેષ વ્યક્તિવાચક શબ્દને પણ શ્લિષ્ટ ગણીને તેનો અર્થ 'સુગ્રીવ' કરી બતાવ્યો છે.

શ્લોક-૧૫ : सूत्रधारकृतारम्भैः बहुभूमिकैः सपताकैः देवकुलैः इव सूत्रधारकृतारम्भैः बहुभूमिकैः सपताकैः नाटकैः भासः यशः लेभे ॥

ભાસે સ્વપ્નવાસવદત્તમ્, પ્રતિમા, ઊરુભંગ, કર્ણભાર વગેરે રૂપકોથી ભારે યશ મેળવ્યો છે. એની પ્રશંસા કરતાં બાણે આ શ્લોક રજૂ કર્યો છે. (રાજશેખરે પણ ભાસની પ્રસંશા કરતાં કહ્યું છે કે–સ્વપ્નવાસવદત્તને પરીક્ષવા માટે (વિવેચન રૂપી) અગ્નિમાં ફેંક્યું, તો પણ અગ્નિ તેને બાળી ન શક્યો.)

પૂર્વેના સમયમાં જેમ કોઈ ધનાઢ્ય વ્યક્તિ દેવમંદિરો બંધાવીને યશસ્વી બનતા હતા, તેમ ભાસે પણ નાટકો રચીને યશ અર્જીત કર્યો છે. અહીં 'દેવકૂલ' અને 'નાટકો'ના શ્લિષ્ટ વિશેષણો નીચે મુજબ છે :

વિશેષણ	દેવકુલ	નાટક
૧. सूत्रधारकृतारम्भैः	–સ્થપતિઓ દ્વારા આરંભાતા (બંધાતા)	–સૂત્રધાર(ની ઉક્તિ)થી શરૂ થતાં.
૨. बहुभूमिकैः	–ઘણાં માળ (મજલા)વાળાં	–નટ–નટીઓની ભૂમિકા (પાત્રો)થી ભરેલાં.
૩. सपताकैः	–ધ્વજાઓવાળાં (-દેવમંદિરોથી)	–'પતાકા' નામની ગૌણ કથા સહિતનાં (નાટકોથી)

આમ भासः नाटकैः देवकुलैरिव यशो लेभे । તેવું મુખ્યવાક્ય બની રહે છે.

✺

આ શ્લોકમાં બાણભટ્ટે ભાસનાં રૂપકોની કેટલીક લાક્ષણિકતાઓ ઉલ્લેખી છે. જેમ કે, કાલિદાસાદિનાં રૂપકોમાં પહેલાં નાન્દીશ્લોક આવે છે; અને नान्द्यन्ते ततः प्रविशति सूत्रधारः । એવી રંગસૂચના પછી સૂત્રધારનો પ્રવેશ થાય છે. જ્યારે

ભાસનાં રૂપકોમાં સૌથી પહેલાં પડદો બંધ હોય ત્યારે જે તે નટમંડળીનો પોતાનો પરંપરાગત મંગલ શ્લોક અને/અથવા મૃદંગધ્વનિ સહિતની નાન્દી પૂરી થઈ ગયા પછી જ, રંગભૂમિ ઉપર સૂત્રધાર પ્રવેશ કરીને કવિ ભાસે રચેલો મંગલશ્લોક બોલે છે.

ભાસનાં રૂપકોમાં જે પાત્રસૃષ્ટિ જોવા મળે છે તે સંસ્કૃત નાટ્ય સાહિત્યમાં સંખ્યા અને વૈવિધ્યની દૃષ્ટિએ અદ્વિતીય છે. માટે તેને માટે बहुभूमिकैः એવું વિશેષણ પ્રયોજાયું છે : बह्वयो भूमिकाः येषु नाटकेषु, तैः ।

વળી, બાણ કહે છે કે ભાસનાં રૂપકો सपताकैः હોય છે. અહીં નાટ્યશાસ્ત્રમાં વપરાતો એક પારિભાષિક શબ્દ पताका સમજવા જેવો છે. નાટકમાં જે પાંચ પ્રકારની 'અર્થપ્રકૃતિ'ઓ હોય છે, (જેવી કે, બીજ, બિન્દુ, પતાકા, પ્રકરી અને કાર્ય) તેમાંની એક તે પતાકા છે. આ પતાકાનું લક્ષણ આ પ્રમાણે આપવામાં આવે છે:

यद्वृत्तं हि परार्थं स्यात्प्रधानस्योपकारकम् ।
प्रधानवच्च क्लृप्येत सा पताकेति कीर्तिता ॥ (ना० शा. १९-२३)

આમ ભરતમુનિના મતે નાટકમાં મુખ્યકથાને ઉપકારક એવી જે ગૌણ કથા હોય તેને 'પતાકા' કહેવાય છે. દા.ત. રામની મુખ્ય કથામાં જે સુગ્રીવની કથા આવે છે તે 'પતાકા' છે.

શ્લોક-૧૬ : निर्गतासु मधुरसान्द्रासु मञ्जरीषु इव कालिदासस्य निर्गतासु मधुरसान्द्रासु सूक्तिषु कस्य प्रीतिः न जायते ॥

આ શ્લોકમાં બાણભટ્ટે સંસ્કૃત સાહિત્યના મૂર્ધન્ય મહાકવિ કાલિદાસને ઉદ્દેશીને પ્રશંસાનાં પુષ્પોની અંજલિ સમર્પી છે. કાલિદાસની સુ–ઉક્તિઓ–સુન્દર કૃતિઓ–સામાન્ય બુદ્ધિના વાચકને પણ ઉચ્ચારવા માત્રથી જ આનંદ આપે છે. તો પછી જેમનામાં વિવેકશક્તિ છે તેવા સહૃદય વાચક; કે જેમને અર્થાવબોધ પણ થાય છે, તેમની તો વાત જ શું પૂછવી ? ! તેમને તો આનંદ આપે જ આપે, એમાં કશી શંકા નથી, નવાઈ નથી !

'સંકેત' ટીકાકાર શ્રીશંકર લખે છે કે– निर्गतासु इति । निर्गता उच्चारितमात्राः। आस्तां तावद् अर्थावगतिः, आपात एव गीतध्वनिवत् किमपि ओत्रहारिण्यः ॥ કોઈ ગીતનો સૂર કે આલાપ માત્ર જ જેમ રસિકની કર્ણેન્દ્રિયને આકર્ષવા પર્યાપ્ત છે (ગીતની-અક્ષરોની જરૂર જેમ નથી), તેમ કાલિદાસની ઉક્તિ–કૃતિઓ પણ અર્થાવબોધ પૂર્વેજ, ઉચ્ચારણમાંથી જ આનંદ આપનારી છે તે બાણભટ્ટની સાથે સૌનો પણ અનુભવ છે જ.

	વિશેષણ	આમ્રમંજરી	સુ-ઉક્તિ
૧.	निर्गतासु	–નવી મ્હોરેલી (अभिनवोद्भिन्नः)	–માત્ર ઉચ્ચરિત (उच्चारितमात्राः)

૨: मधुरसान्द्रासु	–મધુર અને ગાઢ मधुना मकरन्देन रसेन सान्द्राः सुगन्धयः ।	–મધુર અને રસથી ભરેલી मधुराश्च ताः सान्द्राः सरसाः ।

✵

અહીં मधुरसार्द्रासु 'મધુર રસથી ભીની (એવી આમ્રમંજરી) એવું પાઠાન્તર પણ મળે છે. પણ તે ઠીક જણાતું નથી. કારણ કે તેને જ્યારે सूक्तिसुनुं વિશેષણ બનાવીએ છીએ ત્યારે તેનો અર્થ બંધ બેસતો નથી.

શ્લોક-૧૭ : समुद्दीपितकन्दर्पा कृतगौरीप्रसाधना हरलीला इव समुद्दीपितकन्दर्पा कृतगौरीप्रसाधना बृहत्कथा कस्य विस्मयाय नो (भवति) ॥ (अपि तु सर्व स्यैव गर्वविनाशाय भवतीत्यर्थः ।) બાણભટ્ટે આ શ્લોકમાં ગુણાઢ્યની બૃહત્કથાની પ્રશંસા કરી છે. હરલીલા અને બૃહત્કથાનાં વિશેષણો આ પ્રમાણે છે :

વિશેષણ	શંકરની લીલા	ગુણાઢ્યની બૃહત્કથા
૧. समुद्दीपितकन्दर्पा	કામદેવને સળગાવી દેનારી અથવા, હર્ષથી ભરેલી અને કામને બાળી નાખનારી	કન્દર્પ =નરવાહનદત્ત નામના નાયકને પ્રકાશમાં લાવનારી અથવા, ઘણા કામીજનોની જેમાં વાતો લખેલી હોઈ જે કથાએ કામોદ્દીપન કર્યું છે તેવી
૨. कृतगौरीप्रसाधना	(છતાંય) પાર્વતીનું સુશોભન કરનારી (હરલીલા) कृतं गौर्याः प्रसाधनं मंडनं यस्याम्	–જેના વડે પાર્વતીને ખૂશ કરવામાં આવી હતી. *અથવા એક પ્રકારની વિદ્યાનું ગૌરીએ જે આરાધન કર્યું હતું અને તે જ વિદ્યાનું નરવાહનદત્તે આરાધન કર્યું છે– એવું જેમાં વર્ણવાયું છે, તે (બૃહત્કથા)

હરલીલાને વિશદ કરતાં 'સંકેત'માં લખ્યું છે કે– हरलीलाऽपि समुद्=सहर्षा, (दीपितकन्दर्पा=)-दग्धकामा च ! कृतं गौर्याः प्रसाधनं मण्डनं यस्याम् । क्व कामं प्रति तादृग्द्वेषः, क्व च कान्तां प्रति प्रसाधनमिति कृत्वा विस्मयम् आश्चर्यम् ॥

*'બૃહત્કથામંજરી'માં જણાવ્યું છે કે શંકરે પહેલવહેલી વખત પાર્વતીને આ બૃહત્કથા કહીને, તેમનું મનોવિનોદન કર્યું હતું (આજે પૈશાચીભાષામાં લખાયેલી બૃહત્કથા પ્રાપ્ત થતી નથી.)

બૃહત્કથાને વિશદ કરતાં 'સંકેત'માં લખ્યું છે કે–बृहत्कथा कस्य न विस्मयाय। अपि तु सर्वस्यैव गर्वविनाशाय भवतीत्यर्थः । अद्‌भुतकथावर्णनाद्वा आश्चर्यम् । समुद्दीपितो वृद्धिं नीतः कंदर्पो यस्याम् । कामजनानां बहूनां वृत्तान्तानां वर्णनाद् उद्‌बोधितः स्मरो यया इति वा । ....यद्वा समुद्दीपितः ख्याति नीतः कन्दर्पो नरवाहनदत्तो यस्याम् इति । स हि कामांशः इति आगमः ॥

શ્લોક-૧૮ : हृदयस्थैः आढ्यराजकृतोत्साहैः स्मृतैः अपि (मम बाणभट्टस्य) जिह्वा अन्तःकृष्यमाणा इव कवित्वे न प्रवर्तते ॥

પૂર્વશ્લોકોના અનુસન્ધાનમાં જોતા જણાય છે કે આ શ્લોકમાં બાણભટ્ટે પોતાના કોઈ પુરોગામી 'આઢ્યરાજ' નામના કવિની પ્રશંસા કરી છે. પરંતુ અનુગામી શ્લોકોના સન્દર્ભમાં જોતાં ડૉ. રીચાર્ડ પિશલ જણાવે છે તેમ, આ 'આઢ્યરાજ' તે રાજા હર્ષ પોતે જ હશે. (J. R. A. S. for 1903 p. 830) અલબત્ત પ્રોફે. પી. વી. કાણે મહાશયને આ મત વિવાદાસ્પદ લાગે છે. ચોથા એક મત મુજબ શાલિવાહન અથવા સાતવાહન તે જ આઢ્યરાજ હશે.

બીજી એક દૃષ્ટિએ પણ આ શ્લોકનો અર્થ કરવો મૂશ્કેલ છે. અહીં उत्साह શબ્દના ૧. તાલવિશેષ, ૨. કાવ્ય, કે ૩. મહાન કાર્ય–એવા અર્થો કરી શકાય. ટીકાકાર શંકર 'સંકેત'માં લખે છે કે–आढ्यराजः कश्चित्कपिः। उत्साहो नृत्ते तालविशेषः। उदीर्याण-गीत्याधारभूतपदोपचारात् काव्यम् अपि उत्साह इति केचित्॥ यत्र पूर्वं श्लोकेनार्थ उपक्षिप्यते, पश्चात् स एव गद्येन वितन्यते, मध्ये वृत्तानिबन्धश्च भवति, स परिसमाप्तार्थ उत्साह उच्यते इत्यन्ये । અહીં આઢ્યરાજ એ કોઈ રાજાનું નામ હોય તો उत्साहनो અર્થ 'તેનાં મહાન કાર્યો' એવો પણ કરી શકાય.

'હર્ષચરિત'ની કેટલીક આવૃત્તિઓમાં कृतोच्छ्‌वासैः એવું પાઠાન્તર પણ જોવા મળે છે. (એટલે કે આઢ્યરાજ નામના કવિએ પણ કોઈક આખ્યાયિકા લખી હશે, તેમાં ઉચ્છ્‌વાસોનું વિભાજન હશે.) પણ આવું પાઠાન્તર શ્લોકના અર્થઘટનને સરળ બનાવવા માટે પાછળથી ઊભું કરવામાં આવ્યું હોય તેમ જણાય છે.

શ્લોક-૧૯ : तथापि, नृपतेः भक्त्या आख्यायिकाम्भोधौ निर्वहणाकुलः भीतः (अहम् बाणभट्टः) जिह्वाप्लवनचापलम् करोमि ॥

બાણભટ્ટ કહે છે કે આઢ્યરાજા નામના કવિએ લખેલા 'ઉત્સાહો' યાદ કરવા માત્રથી પણ હર્ષચરિતની રચના કરવાનું સાહસ હું ન કરી શકું. અથવા આઢ્યરાજ=રાજા હર્ષના 'ઉત્સાહો=મહાન્ કાર્યોને યાદ કરવા માત્રથી જ હું તેનું વર્ણન કદાચ નહીં કરી શકું' એવી ભીતિથી, હર્ષચરિતની રચના કરવાનું સાહસ હું ન કરી શકું. તથાપિ રાજા (હર્ષ) તરફની ભક્તિ-અનુરાગથી પ્રેરાઈને 'હર્ષચરિત' રૂપ આખ્યાયિકા લખવાનું ચાપલ કરું છું. બાણભટ્ટ કવિ તરીકે પોતાની નમ્રતા દર્શાવતાં કહે છે કે–આ હર્ષચરિત રૂપ આખ્યાયિકા તે સમુદ્ર છે; એ સમુદ્રને ઓળંગવો (નિર્વહણ) શી રીતે ? એ વિચારે હું ભયભીત છું અને આકુળવ્યાકુળ છું. આ સમુદ્રને ઓળંગવા મારી પાસે તો આ જીભ રૂપી નાની નાવડી છે.

શ્લોક-૨૦ : सुवर्णघटनोज्ज्वलैः प्रतिपादकैः सुखप्रबोधललिता शय्या इव सुवर्णघटनोज्ज्वलैः प्रतिपादकैः शब्दैः सुखप्रबोधललिता आख्यायिका भाति ॥

બાણભટ્ટે આ શ્લોકમાં 'આખ્યાયિકા'ને એક શય્યા સાથે સરખાવી છે. તેમાં નીચે મુજબનાં ત્રણ વિશેષણો શ્લિષ્ટ છે :

વિશેષણ	શય્યા	આખ્યાયિકા
૧. सुवर्णघटनोज्ज्वलैः –	સોનાથી બનાવેલ ઉજ્જવલ	– સુન્દર અક્ષરોની ગુંથણીને કારણે ઉજ્જવળ
૨. प्रतिपादकैः –	પાયાઓવાળી	– शब्दैः (અર્થનું) પ્રતિપાદન કરનારા શબ્દોથી રચેલી
૩. सुखप्रबोधललिता –	સુખ સાથે જેમાંથી જાગી શકાય એવી લલિત सुखेन जायासम्मितत्वेन हृदयाह्लादनपूर्वम् (!)	– સરળતાથી સમજાઈ જાય એવી લલિત सुखेन प्रबोधः ज्ञानं तेन ललिता ।

શ્લોક-૨૧ : ज्वलत्प्रतापज्वलनप्राकारकृतजगद्रक्षः सकलप्रणयिमनोरथसिद्धि-श्रीपर्वतः हर्षः जयति ॥

'સંકેત'માં લખ્યું છે કે–ज्वलन्दीप्रतया प्रसरन्, प्रताप एव ज्वलनस्तं प्राति पूरयति य आकारः, तेन कृता जगति रक्षा, येन सः । सकलानां प्रणयिनां ये मनोरथास्तत्सिद्धौ श्रियां पर्वतो गिरिः ॥

આ શ્લોકમાં, બાણભટ્ટે કથાનાયક 'હર્ષ'નો નામોલ્લેખ કર્યો છે; અને તેના પ્રતાપ તથા ગુણૈશ્વર્યને અંજલિ આપી છે. વિશેષમાં, હર્ષને 'શ્રીપર્વત' સમો કહ્યો છે તે અહીં ખૂબ નોંધપાત્ર છે. શ્રીપર્વત–આન્ધ્રના ગુણ્ટુર જીલ્લામાં આવેલ એક પર્વત છે. છઠ્ઠી–સાતમી સદીમાં તે પર્વત મન્ત્રતન્ત્ર માટે પ્રસિદ્ધ હતો. મન્ત્રયાનનું જન્મસ્થાન તે આ જ પર્વત છે, 'માલતીમાધવ'માં અને 'કાદમ્બરી'માં પણ તેનો ઉલ્લેખ છે. આ પર્વતના સંબંધમાં. તત્કાલિક સમાજમાં એવી માન્યતા હતી કે અહીં બધા જ પ્રકારના મનોરથોની સિદ્ધિ થતી હતી. 'માલતીમાધવ'માં કામન્દકી નામની બૌદ્ધ સાધ્વીની સહાધ્યાયિની અને શિષ્યા એવી 'સૌદામિની' નામની એક તાપસી મન્ત્ર-તન્ત્રની ઉપાસના કરવા શ્રીપર્વત ઉપર જઈને નિવાસ કરતી હોય છે. તથા કાદમ્બરીના જરદ્દ્રવિડ ધાર્મિકને પણ શ્રીપર્વત આશ્ચર્યકારક ઘણી વાતો યાદ હતી : श्रीपर्वताश्चर्यवार्तासहस्राभिज्ञेन जहरद्द्रविडधार्मिकेण... । મહાભારતના વનપર્વમાં પણ આ શ્રીપર્વતનો ઉલ્લેખ છે :

श्रीपर्वते महादेवो देव्या सह महाद्युतिः ।
न्यवसत्परमप्रीतो ब्रह्मा च त्रिदशैः सह ॥

શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે–''લોકોમાં એવો વિશ્વાસ હતો કે શ્રી પર્વતની ચારે બાજુએ સળગતા અગ્નિની દિવાલ તે (પર્વત)ની રક્ષા કરે છે. શંકરે જે ઉદ્ધરણ આપ્યું છે તે મુજબ ત્રિપુરદહનના સમયે ગણેશજીએ જે વિઘ્ન ઊભું કર્યું હતું, તેનાથી રક્ષા કરવા માટે શિવે એક પ્રચંડ અગ્નિનો ઘેરાવો ઉત્પન્ન કર્યો હતો, કે જે શ્રીપર્વતની રક્ષા કરે છે. બાણે આ જ કિંવદન્તીને લખી છે.

શ્રીપર્વતની ઓળખ (આજ–ના) 'શ્રીશૈલ'ની સાથે કરવામાં આવે છે. આ શ્રીશૈલ કૃષ્ણા નદીનાં દક્ષિણ તટ પર કુરનૂલથી ૮૨ માઈલ દૂર ઈશાનકોણમાં છે. અહીં દ્વાદશ જ્યોતિર્લિંગમાંનું એક 'શ્રીમલ્લિકાર્જુન' નામનું શિવલિંગ. છે. (શ્રીશૈલસ્થલ-માહાત્મ્ય અનુસાર રાજા ચન્દ્રગુપ્તની કન્યા ચન્દ્રવતી શ્રીશૈલના મલ્લિકાર્જુન શિવને માટે પ્રતિદિન એક માળા મોકલતી હતી. શ્રી અલ્ટેકર મહાશયે આ ચન્દ્રાવતીની ઓળખાણ ગુપ્તસમ્રાટ્ ચન્દ્રગુપ્તની પુત્રી વાકાટક સામ્રાજ્ઞી પ્રભાવતી ગુપ્તની સાથે કરી છે.)''– પૃ. ૮,૯.

બાણભટ્ટના સમયમાં આ 'શ્રીપર્વત'ની પ્રખ્યાતિ હશે, જેથી તેમણે હર્ષને શ્રીપર્વત સાથે સરખાવ્યા છે. આટલા મંગલાચરણ પછી, બાણભટ્ટ 'હર્ષચરિત'ના પ્રથમ ઉચ્છ્વાસનો પ્રારંભ કરે છે.

❋

"વાત્સ્યાયનવંશવર્ણન" નામનો

પ્રથમોચ્છ્‌વાસ

1.1

एवम् अनुश्रूयते....प्रादुरभवन् ॥ આ પ્રમાણે પરંપરાથી સાંભળવા મળે છે. બાણભટ્ટે પૌરાણિક શૈલીમાં હર્ષચરિતનો પ્રારંભ કર્યો છે. पारम्पर्येण आकर्ण्यते ॥ परमेष्ठी=परमे पद तिष्ठति इति । અર્થાત્ બ્રહ્મા. स्वर्लोकम्. બ્રહ્મલોક કે સત્યલોકમાં. विकासिन्—નિત્ય ખીલેલા રહેતા. (અહીં 'નિત્યતા'નો અર્થ સૂચવવા इनि પ્રત્યય લાગ્યો છે). पद्मविष्टरे=કમળ રૂપી આસન ઉપર. विस्तीर्यते इति विष्टरः જે ફેલાવવામાં આવે છે તે આસનને 'વિષ્ટર' કહેવાય सुनासीरः– ઇન્દ્રનું એક નામ છે. ક્ષીરસ્વામી લખે છે કે–शोभना नासीरा अग्रेसरा अस्य शुनासीरयोः अपत्यम् इति एके । સુનાસીર = શુનાસીર. गीवार्णैः=देवैः । गीः (=वाक्) एव वाणः (बवयोरभेदात्) बाणः येषाम्। વાણી રૂપી બાણ છે જેમની પાસે તે દેવોને 'ગીર્વાણ' કહેવાય છે. અથવા, गिरिः स्तुतिरूपा वर्णयन्ति भजन्तीति गीर्वाणा देवाः। (સંકેત). ब्रह्मवदन्तीति ब्रह्मोद्या। उक्तं च-'ब्रह्मोद्या सा कथा यस्याम् उच्यते ब्रह्म शाश्वतम्'। જેમાં શાશ્વત બ્રહ્મવિષયક વાર્તાલાપ સતત થયા કરતો હોય તે કથાને 'બ્રહ્મોદ્યા' કહે છે निरवद्याः दोषरहिताः। ટીકાકાર શંકર પણ કહે છે વાત્સ્યાયનના મતે જે વિદ્વાન્ હોય તેણે નિર્દોષ–રાગદ્વેષ વિહિન–ચર્ચામાં જ ઉતરવું. જેમ કે,

या गोष्ठी लोकविद्विष्टा या च स्वैरविसर्पिणी ।
परहिंसात्मिका या च न तामवतरेद् बुधः ॥
लोकचित्तानुवर्तिन्या क्रीडामात्रैककार्यया ।
गोष्ठ्या सह चरन् विद्वांल्लोकसिद्धिं नियच्छति॥

ગોષ્ઠીની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે : समानविद्या-वित्त-शील-बुद्धि-वयसाम् अनुरूपैः आलापैः; एकत्र आसनबन्धो गोष्ठी ॥

प्रतीक्ष्यः=पूज्यः । અહીં બાણભટ્ટ મનુ-દક્ષ-ચાક્ષુષ વગેરે પ્રજાપતિઓનો ઉલ્લેખ કરે છે. પરંતુ મનુસ્મૃતિમાં ગણાવેલા પ્રજાપતિઓમાં તેમનો સમાવેશ થતો નથી. જુઓ :

पतीन्प्रजानामसृजं महर्षीनादितो दश ।
मरीचिमत्र्यङ्गिरसौ पुलस्त्यं पुलहं क्रतुम् ।
प्रचेतसं वसिष्ठं च भृगुं नारदमेव च ॥

(मनु० I, 34-35)

सप्तर्षि— સાતઋષિઓ આ પ્રમાણે છે : મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ.

अपचितिभाञ्जि यजूंषि । (अपचितिं पूजां भजन्ते इति) પૂજાવિધિમાં વપરાતા યજુસો. प्रशंसासामानि सामानि પ્રશંસાત્મક સામવાક્યો સમા 'સામવેદના મન્ત્રો. विवृतक्रतुक्रियातन्त्रान्—વિશાળ/ફેલાયેલા યજ્ઞોની ક્રિયાઓમાં વપરાતા મુખ્ય મન્ત્રોની (व्याचचक्षिरे)—વ્યાખ્યા કરી, અર્થઘટન કર્યું.) અહીં ०क्रियातन्त्रान्‌માં 'તન્ત્ર'નો અર્થ तन्त्रं प्रधाने सिद्धान्ते इत्यमरः । મુજબ કરવાનો છે. विद्याविसंवादकृताश्च । મહર્ષિઓની વચ્ચે જે વિવાદો ઊભા થયા તેનું કારણ દર્શાવતો આ શબ્દ છે. 'સંકેત' ટીકા લખે છે કે– विद्याविसंवादकृता इति. न तु मात्सर्यादिना । એકમેકની વિદ્યામાં **મતભેદને** કારણે વિવાદ સર્જાયો; નહીં કે રાગદ્વેષથી પ્રેરાઈને તેમણે વિવાદ ઊભો કર્યો હતો.

1.2

अथातिरोषणः प्रकृत्या.....सरस्वती श्रुत्वा जहास ॥ આ ગદ્યખંડમાં નીચે મુજબની ઘટના આલેખાઈ છે : દુર્વાસાએ મન્દપાલ નામના મુનિ સાથે કલહ ઊભો થતાં, સામગાનમાં ઉદાત્તાદિ સ્વરોને યથાવત્ નહીં ઉચ્ચારતાં, સ્વરભંગ કર્યો. આ સ્વરભંગ થવા છતાંય, દુર્વાસાના ક્રોધી સ્વભાવથી ડરીને, "પોતાને ક્યાંક શાપ આપી ન દે" એવી આશંકાથી, અન્ય ઋષિમુનિઓએ તેની ઉપેક્ષા કરી, ખૂદ બ્રહ્માએ પણ આંખ આડા કાન કર્યા. પરંતુ મુગ્ધાવસ્થામાં રહેલી ભગવતીકુમારી સરસ્વતી દેવી હસી પડી. આ ઘટનાના આલેખનમાં કવિ બાણભટ્ટે કેવી કેવી સરસ્વતી દેવી હસી પડી? એનું જે શબ્દચિત્ર રજૂ કર્યું છે, તે ખૂબ ચિત્તાકર્ષક છે.

❋

દુર્વાસાની કૌટુમ્બિક ઓળખ :

દક્ષની દિકરી

↓

અત્રિ – અનસૂયા
(પતિ) (પત્ની)

V

(૧) સોમ. (૨) દુર્વાસસ્ અને (૩) દત્તાત્રેય–ત્રણ પુત્રો.

બીજી તરફ, અત્રિ ઋષિની આંખના તેજમાંથી ચન્દ્રમા જન્મ્યા છે એવી એક પૌરાણિક કથા છે. આમ દુર્વાસાને તારાઓને પતિ=ચન્દ્રમાના ભાઈ પણ કહ્યા છે.

બ્રહ્માની ઉત્પતિ બાબતે પુરાણોમાં કહ્યું છે કે–શેષશાયી વિષ્ણુ ભગવાનની નાભિમાંથી એક કમળ પ્રકટ્યું; આ કમળમાંથી બ્રહ્માજી નીકળેલા. આથી બાણ બ્રહ્માજીને 'કમલાસન'-કમલસંભવ કહે છે.

❋

બાણે બહુવ્રીહિ સમાસ અને વર્તમાન કૃદન્તોની મદદથી સરસ્વતી દેવીનું વર્ણન કર્યું છે. જેમ કે वर्तमाना, उपवीजयन्ती, समुद्भासमाना, बिभ्राणा, उद्वहन्ती, विराजमाना, दधाना, प्रक्षालयन्ती, उपास्यमाना, विकिरन्ती—આટલાં વર્તમાન કૃદન્તાં રૂપો છે; આ સિવાયના બહુવ્રીહિ સમાસો છે. વ. કૃ. સહિત આ દરેક પદસમૂહો સરસ્વતીનું વિશેષણ બનીને આવેલાં છે. ખંડાન્વય પદ્ધતિ મુજબ આ દરેકને એક સ્વતંત્ર વાક્ય ગણીને મૂળમાં અનુવાદ કર્યો છે.

દંડાન્વય = અખંડાન્વય પદ્ધતિનું જો અનુકરણ કરવું હોય તો-"ભગવતી કુમારી... ઉંમરમાં રહેલી, ગ્રહણ કરેલી ચામરોને હલાવતી ભુજલતાઓવાળી (બહુવ્રીહિ), પિતામહ (બ્રહ્મા)ને પવન ઢોળતી (વર્તમાનકૃદન્ત);... બે પાદપલ્લવોથી શોભતી... જેવા હારને ધારણ કરતી... અંશુક (રેશમી વસ્ત્ર)થી ઢંકાયેલા શરીરવાળી, ... દાંતના તેજ કિરણોના પ્રકાશને ફેલાવતી (એવી) દેવી સરસ્વતી (દુર્વાસાના વિસ્વરને) સાંભળીને હસી પડી."–એવી રીતે પહેલાં વિશેષણ રૂપ પદો મૂકતાં મૂકતાં છેલ્લે વિશેષ્ય (=ઉદ્દેશ્ય)પદ મૂકીને ક્રિયાપદથી વાક્યનો સંહાર કરવાનો રહે છે. પરંતુ ઉદ્દેશ્ય રૂપ વિશેષ્યને જાણ્યા વિના, કેવળ વિશેષણોની હારમાળા સાંભળતા સાંભળતા (લગભગ અયોગાત્મક એવી ગુજરાતી ભાષાને સાંભળવા–વાંચવા ટેવાયેલો) વાચક કંટાળી જાય તો નવાઈ નહીં. આથી પહેલાં ઉદ્દેશ્ય-વિશેષ્ય-પદ અને તરત મુખ્ય ક્રિયાપદવાળું વાક્ય દર્શાવીને; પછીથી પ્રત્યેક વિશેષણને એક પૂર્ણ વાક્ય રૂપે રજૂ કરવાનું ઠીક જણાયું છે. ખંડાન્વય પદ્ધતિનો આ અનુવાદ ગુજરાતી વાચકને કદાચ વધુ અનુકૂળ રહેશે એવો એક નમ્ર અભિપ્રાય છે.

❋

સરસ્વતી દેવીના પગને કવિએ રૂપકાત્મક રીતે પલ્લવ કહ્યાં છે, અને તેની સુકુમારતા પ્રકટ કરી છે. આ પાદ રૂપી પલ્લવો સ્વભાવથી જ લાલ હતાં. કવિએ આ રક્તત્વને ઉદ્દેશીને એક ઉત્પ્રેક્ષા કરી છે. જેમ કે,

निर्भर्त्सनार्थम् ताडनं तेन जात: राग: (रक्तवर्ण:) ययो: । દુર્વાસાના વિસ્વરનો તિરસ્કાર કરવા માટે જાણે કે સરસ્વતી દેવીએ પગ પછાડ્યો; અને તેથી તેમાં લાલાશ જન્મી હતી. આમ કવિએ ઉત્પ્રેક્ષા કરી છે; अत एव गाढताडनेन रक्तत्वम् उत्प्रेक्षितम् । (संकेत:).

'સરસ્વતીના પાદ લાલ હતા' એમ કહેવામાં કેવળ હકીકતનું કથન છે– સ્વભાવોક્તિ છે. કવિ બાણના મતે આવી સ્વભાવોક્તિ કરનારા કવિઓ તો ઘરે ઘરે છે (જુઓ: પ્રાસ્તાવિક શ્લોક-૫). પરંતુ જે વક્રોક્તિ કરે છે તે જ ઉત્તમ કવિ છે. પરંતુ અહીં સરસ્વતીના વર્ણનમાં ચમત્કૃતિપ્રધાન અલંકૃત શૈલીનાં દર્શન પદે પદે થાય છે.

❋

....पदक्रममुखरेण....वाचालितचरणयुगला । અહીં શ્લિષ્ટ રચના કરવામાં આવી છે :

વિશેષણ	શિષ્યદ્વય	બે પગ
पदक्रममुखरेण	–પદપાઠ અને ક્રમપાઠ કરવા મુખરિત થયેલા	–ક્રમશઃ પગલાં પાડવાથી મુખરિત થયેલા
वाचालितचरणयुगला	–વેદનાં ચરણો (=શાખાઓ)નો અભ્યાસ કરતા હોય તેમ	–તેના બન્ને પગ વાચાળ (રણકારયુક્ત) બન્યા હતા.

'સંકેત'માં લખ્યું છે : पदक्रमं पादन्यासपरिपाटी। अन्यत्र च पदानिं च क्रमश्च तत्पदक्रमम्, चरणौ पादौ चरणाश्च विशिष्टशाखापाठकता, वाचालिताः शोभिता ययेति॥

સરસ્વતીની બે જંઘા કેવી હતી? धर्मनगरस्य तोरणं, तस्य स्तम्भयोः इव विभ्रमः यस्य । (जङ्घाद्वितयम्) ॥ અહીં मदननगर० એવું પાઠાન્તર પણ છે. પરંતુ સરસ્વતીના વર્ણનમાં આવી શૃંગારિક છાંટ અનુચિત હોઈ, धर्मनगर० પાઠ સ્વીકાર્યો છે.

उत्काः=उत्सुकाः । मेखलादाम्नि रशनागुणे । કેડ ઉપર બંધેલો કંદોરો (કટિમેખલા). मानसं चित्तं, सरोविशेषश्च । માનસ એટલે ચિત્ત અથવા માનસ સરોવર गुणकलापेन-ગુણસમૂહ અથવા તાંતણાઓનો સમૂહ=યજ્ઞોપવીત भास्वन्-સૂર્ય અથવા ચળકતો. मध्यनायक-વચ્ચેથી લઈ જનાર અથવા મધ્યમણિવાળો. अनेकमुक्तानुयातम्-અનેક મુક્ત=મોક્ષગામી પુરુષોથી જવાયેલ અથવા અનેક મોતીઓથી ગુંથાયેલ. દાર્શનિક ગ્રન્થોમાં કહ્યું છે કે તે પરમ પુરુષ સૂર્યમંડળની પેલી પાર રહે છે. द्वाविमौ पुरुषौ लोके सूर्यमण्डल भेदिनौ। બાણભટ્ટે આ માન્યતાનો ઉપયોગ કરીને સરસ્વતીના હારને મોક્ષમાર્ગની ઉપર્યુક્ત ઉપમા આપી છે.

દુર્વાસાના વિસ્વર તરફના રોષથી ફરકતા લાલ હોઠ (दशनच्छद) ને માટે બાણે ઉત્પ્રેક્ષા કરીઃ વિદ્યાઓ રૂપી અળતાના રસથી જાણે કે લાલ થયા હોય એવા ફરકતા હોઠથી તે શોભતી હતી.

❋

''સરસ્વતીના કપોલ (ગાલ) તેજસ્વી હતાં'' એમ કહેવામાં કોરી સ્વભાવોક્તિ છે. પરંતુ બાણ જે વક્રોક્તિ રજૂ કરે છે; તેનું એક ભવ્ય ઉદાહરણ હવે રજૂ થાય છે; संक्रान्त....कंपोलस्थलीम् दधाना। તે દેવી કપોલ રૂપી સ્થલી (પ્રાંગણ) ને ધારણ કરતી હતી. અહીં કપોલને રૂપકાત્મક રીતે 'સ્થલી' કહ્યાં, એટલે તેમાં કોણ હરતું ફરતું હતું ? તે પણ કહેવું જોઈએ. તો બાણ કહે છે કે જે ગાલમાં કમલાસનના

કૃષ્ણ (મૃગ) ચર્મનું પ્રતિબિમ્બ પડતું હતું (એટલા તેણીના ગાલ તેજસ્વી હતાં !); અને પરિણામે જાણે કે સરસ્વતીના મુખમાથી નીકળતું (કોઈક/સામવેદનું) મધુર ગીત સાંભળવા માટે ચન્દ્રમા રૂપી હરણ તે (કપોલ સ્થલી)માં ઊતરી આવ્યું હતું એવું લાગતું હતું !

અહીં (૧) 'સરસ્વતીના ગાલ તેજસ્વી હતા.' માટે તેમાં કમલાસનના કૃષ્ણાજિનનું પ્રતિબિંબ ઝીલાતું હતું, અને (૨) ગાલને રૂપકાત્મક રીતે સ્થલી કહ્યા તેથી તેમાં કોણ ફરતું હતું ? એ ઉત્થિતાકાંક્ષાનું શમન કરવા માટે 'ચન્દ્ર રૂપી હરણ' એમ કહ્યું. વળી, રૂપકાત્મક રીતે 'ચન્દ્રને હરણ' કેમ કહ્યું ? અને કૃષ્ણાજિનના પ્રતિબિંબમાં ચન્દ્રની ઉત્પ્રેક્ષા શાને આધારે કરી?–તો ચન્દ્ર 'મૃગ લાંછન' હોય છે માટે! હજી એક પ્રશ્ન થાય કે સરસ્વતીની કપોલસ્થલીમાં ચન્દ્ર રૂપી હરણ કેમ ઉતરી આવ્યું હતું ? –તો સરસ્વતીના મુખમાંથી નીકળતા કોઈક/સામવેદનું* મધુર ગીત સાંભળવાના લોભથી ! તથા સરસ્વતી દેવી તો સ્વર્ગમાં રહેનારી હોઈ, તેની કપોલ સ્થલીમાં પાર્થિવ મૃગ/હરણ તો ગીત સાંભળવા આવી/પહોંચી ના શકે. માટે 'ચન્દ્ર રૂપી હરણ' કહ્યું એવો ખુલાસો ટીકાકાર શંકર ઉમેરે છે ! भगवतीकपोले शशिहरिणस्यैवावतारः सम्भाव्यते इति शशिपदम्।

કેટલી સતર્ક રૂપક અને ઉત્પ્રેક્ષાથી ભરેલી વક્રોક્તિ છે ?!

❋

आपांगनिर्गतेन—આંખના છેડાના ભાગમાંથી નીકળેલા °सितसिन्धुवारमञ्जरीजुषा- સફેદ સિન્ધુવાર (નામની વનસ્પતિ વિશેષ)ની મંજરીના સમૂહથી. श्रुतिप्रणयिभिः વેદપ્રિય, અથવા કર્ણપ્રિય. सूक्ष्मविमलेन (પ્રજ્ઞાના વિશેષણ તરીકે) તીક્ષ્ણ અને તત્ત્વગ્રાહી, અથવા (અંશુકના વિશેષણ તરીકે) બારીક અને નિર્મળ.

1.3

दृष्ट्वा च तां.....शापजलं जग्राह ॥ दुर्गृहीत-विद्यालव-अवलेपदुर्विदग्धे- ખરાબ રીતે ગ્રહણ કરેલી અલ્પવિદ્યાના દર્પ, અભિમાનથી છકી ગયેલી विशरारु અહીંતહીં, આમતેમ, कालः-कृष्णो गुणः यमश्च । કાળાશ અને યમરાજ ललाटपट्टाष्टापदम्- લલાટપટ્ટ રૂપી અષ્ટપદને–ललाटपट्टम् एव अष्टापदम् । यथा प्रतिपंक्ति अष्टौ पदानि अस्य इति अष्टापदम् चतुरङ्गफलकम् (સંકેત) શતરંજ રમવાના પટ્ટા ઉપર પ્રત્યેક પંક્તિમાં આઠ આઠ (કાળા ધોળા રંગના) ખાનાં હોય છે.તેને 'અષ્ટાપદ' કહે છે. हर्षचरित-एक सांस्कृतिक अध्ययन નામના સુપ્રસિદ્ધ ગ્રન્થમાં ડૉ. વાસુદેવશરણ

*(मधुरगीताकर्णन° અથવા साममधुरगीताकर्णन° એવાં બન્ને પ્રકારનાં પાઠાન્તરો મળે છે.) सामभिः/साम्नां मधुरं गीतं तस्य आकर्णनाय अवतीर्णः शशिहरिणः यस्याम् ।

અગ્રવાલ લખે છે કે–''પ્રતિપંક્તિમાં આઠ ઘર (ખાનાં)વાળા શતરંજનો ખેલ બાણના સમયમાં પ્રચલિત થઈ ચુક્યો હતો અને તેનાં ખાનાં કાળા અને સફેદ રંગનાં થતાં હતાં. તેનો જ અહીં 'અંધકારિત અષ્ટાપદ પટ્ટ, એવા શબ્દોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પહલવી ભાષાના 'માદીગાન–એ–શતરંગ' નામના પુસ્તકના આરંભે જ એ વાતનો ઉલ્લેખ છે કે દીવસારમ નામના ભારતીય રાજાએ ખુસરુ નૌશેરવાઁની સભામાં વિદ્વાનોની પરીક્ષા માટે બત્રીસ મ્હોરાવાળા શતરંજનો ખેલ ઈરાન દેશમાં મોકલ્યો હતો. ખુસરુ પરવેજ અથવા નૌશેરવાઁ રાજા હર્ષના સમકાલીન જ હતા. (પૃ. ૧૪).''

❋

'પત્રભંગમકરિકા' વિષે શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે–''દુર્વાસાની સંકોચાયેલી ભૃકુટિને માટે સ્ત્રીઓના પત્રભંગમકરિકા નામના આભૂષણની ઉપમા વાપરી છે. આ 'મકારિકા' ઘરેણાંનો ઉલ્લેખ બાણભટ્ટમાં અનેક જગ્યાએ આવે છે. બે મકરમુખોને ભેગા કરીને ફુલની પાંદડીને ગુંથીને બનાવેલા આભૂષણને 'મકારિકા' કહેવાતું હતું. ગુપ્તકાલીન મૂર્તિઓના મુકુટમાં મોટે ભાગે મકારિકા આભૂષણ જોવા મળે છે. (પૃ. ૧૪).''

પ્રોફે. પી. વી. કાણે લખે છે કે–पत्रभङ्ग-drawings of ornamental figures of the face, bosom etc. The knit brow resembled the figure of a crocodile drawn on the cheeks of Yama's wives. A crocodile is an emblem of death and so is an appropriate decoration for Yama's wives.

शापशासनपट्टस्य इव—''દુર્વાસાના શરીર ઉપર ખભે લટકતા કૃષ્ણાજિનનો પણ ઉલ્લેખ છે., કૃષ્ણાજિનની ઉપમાના અનુસન્ધાનમાં 'શાસનપટ્ટ'નો જે ઉલ્લેખ મળે છે, તે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. એવું જણાય છે કે રાજકીય આજ્ઞાઓના શાસનપટ્ટાઓ તે સમયે કાપડ ઊપર કાળી શાહીથી લખવામાં આવતા હતા. દર્પશાત હાથીના વર્ણનમાં પણ એ પ્રકારનાં કલમથી લખેલા દાનપટ્ટાઓનો ઉલ્લેખ જોવા મળે છે. (પૃ. ૧૫).''

કૃષ્ણાજિન-મૃર્ગચર્મ-માં શાપ આપવાના અધિકારપત્રની ઉત્પ્રેક્ષા એટલા માટે કરવામાં આવી છે કે સફેદ કાપડ ઉપર કાળી શાહીથી લખવામાં આવ્યું હોય છે. 'સંકેત'માં લખ્યું છે કે– (अंसावस्रंसिन इति) संरम्भात् शासनपट्टः शुक्लत्वात् लिपिकाष्ण्याच्च सितासितवर्णसंवलितमध्यः पर्यन्तशुक्लश्च भवति । अत एव ते बिन्दुचित्रत्वाद् उपान्तशुक्लत्वाच्च कृष्णाजिनम् उत्प्रेक्षते ॥

अक्षरमालाम् इव अक्षमालाम् । અક્ષરમાળા તે સરસ્વતી (=જ્ઞાન)નું પ્રતીક છે; તેથી, આવી અક્ષરમાળા જેવી અક્ષમાલા (अ થી क्ष સુધીની વર્ણમાલા)ને દુર્વાસાએ ફેંકી દીધી.

समुपस्पृश्य — आचम्य આચમન કરીને પછી शापजलं जग्राह શાપ આપવા માટેનું જળ (હાથમાં) લીધું.

1.4

अत्रान्तरे स्वयम्भुवो....सरस्वत्येव न्यवारयत् ॥ અહીં પહેલા ગદ્યખંડમાં નીચે મુજબનું મુખ્ય વાક્ય જોવા મળે છે : अत्रान्तरे स्वयम्भुवः अभ्याशे (=समीपे) समुपविष्टा देवी (सावित्री)..."आः पाप, क्रोधोपहत, दुरात्मन्...कथम् आत्मस्खलितविलक्षः (त्वं) भगवतीं सरस्वतीं शप्तुम् अभिलषसि ?।" इति अभिदधाना (सावित्री)....(मूर्तैः चतुर्भिः वेदैः सह) बृसीम् अपहाय, सावित्री समुत्तस्थौ ॥

मूर्तिमती—મૂર્તિમતી એટલે સદેહે=શરીરધારી (સાવિત્રી દેવી). कल्प-द्रुमदुकूलवल्कलम्-કલ્પદ્રુમ ઉપરથી મેળવેલ રેશમીવસ્ત્ર સમું વલ્કલ =(કલ્પવૃક્ષની છાલ), वसाना-પહેરેલી (હતી). સાવિત્રી સ્વર્ગમાં રહેનારી દેવી હોઈ, તેનું વલ્કલ પાર્થિવવૃક્ષની છાલમાંથી ન જ બનેલું હોય તેથી બાણે સ્વર્ગસ્થિત 'કલ્પદ્રુમના વલ્કલ'ની વાત કરી છે. તથા તે વલ્કલ રુક્ષ પણ ના હોય. તેથી "દુકૂલ=રેશમી વસ્ત્ર જેવું" એમ કહ્યું છે.

विसतन्तु-કમળ ડાંડલામાંથી નીકળતા ચીકણા એકદમ પાતળા અને કોમળ રેસાઓમાંથી સાવિત્રીનું અંશુક-રેશમી-વસ્ત્ર બનાવ્યું હતું. ०उन्नतस्तन मध्यवद्ध-गात्रिकाग्रन्थिः-સાવિત્રીનું વિશેષણ; બહુવ્રીહિ સમાસ, સાવિત્રીએ પોતાના ઉત્તરીય વસ્ત્રમાં વચ્ચે ગાંઠ બાંધી હતી; (વાસુદેવ શરણ અગ્રવાલના પૂર્વોક્ત ગ્રન્થમાં આ માટે જુઓ. ૩ નંબરનું ચિત્ર).

भस्मपुंड्रकराजिभिः-ભસ્મથી રચેલ ત્રણ રેખાઓવાળું વિશિષ્ટ તિલક ચિહ્ન वक्रा ललाटगास्तिस्रो भस्मरेखास्त्रिपुण्ड्रकम्। હારાવલી, તેની ક્રાંતિથી સ્કંધાવલંબી કુંડલિત યોગપટ્ટ માટે જુઓ વા. શ. અગ્રવાલના પુસ્તકમાં ચિત્ર નં. ૪. આને જ 'વૈકક્ષ્ય' કહે છે એટલે કે જમણે પડખેથી નીકળી ડાબા ખભા ઉપરથી પસાર થતા વસ્ત્રને વૈકક્ષ્યક કહે છે : तिर्यग्वक्षसि विक्षिप्तं वैकक्ष्यकमुदाहृतम् सव्येन करेण-ડાબા હાથથી (अपसव्येन=दक्षिणेन करेण—જમણા હાથથી) अक्षमालापरिक्षेपं (परिक्षेपः परिवलनम्-સંકેત) અક્ષમાળા વીંટાળેલો. कम्बुः-શંખ, ऊर्मिका=बालिका । (=અંગુલીયકમ્ = વીંટીઓ. दन्तुर इव दन्तुरो, व्याप्तः, तम् । दन्तुरितं bristling. ब्रह्मबन्धु-નામનો જ બ્રાહ્મણ (=જન્મથી, કર્મથી નહીં). मुनिखेट-દયનીય અથવા ખલ મુનિ = અધમમુનિ परिकरबन्धे भ्रमितं कृष्णाजिनं तस्य आटोपः (expanse). तस्या छांया तया श्यामायमानः दिवसः येषाम् । પરિકર=કેડ, કમ્મર. अमर्षात् क्रोधात् निःश्वासाः एव दोलाः (હિંચકાઓ); तासु प्रङ्खोलितः tossed. swung ब्रह्मलोकः यः (वेदैः)।

स्वेद-विसर-व्याजेन પરસેવાનો સમૂહ, તેના બહાના હેઠળ ०स्मेरल० પ્રકાશતા, ચળકતા कुशतन्तु.......चीरचीवरिभिः आषाढिभिः । ને સમજાવતાં 'સંકેત'માં લખ્યું છે કે–कुशतन्तूनां चामरमिव चामरं गुच्छः । कुशतन्तूनां चामरं दर्भपिञ्जूलम् । चीरचीवर वृक्षत्वग् वस्त्रं, ते विद्यते येषां, तैः । 'आषाढसंज्ञो दण्डऽस्तु पालाशोंव्रतचारिणाम्'। સંન્યાસી-વ્રતાચરણ કરનારા-પલાશ=ખાખરાના વૃક્ષનો જે દંડ ધારણ કરે, તેને 'અષાઢ' કહે છે.

प्रहरणीकृत कमण्डलुमण्डलं यैः (मूर्तैः वेदैः) । તેઓએ (વેદોએ) તેમનાં જળપાત્રો-કમંડળો-જાણે તેમના પ્રહાર કરવાનાં શસ્ત્રો હોય તેમ ધારણ કર્યાં. ब्रुवन्तोऽस्यां सीदन्ति=वृषी-બોલતા બોલતાં જેમાં બેસી પડાય તે ખુરશીને વૃષી કહેવાય છે. वृसी-અથવા वृषीम्। वृशी અથવા वृपीम्-કુશઘાસમાંથી બનાવેલી બેઠક-આસન-ખુરશી (સ્ત્રીલિંગ શબ્દ) व्रतिनामासनं वृषी इत्यमरः । સંન્યાસી અથવા બ્રહ્મચારીના આસનને માટે वृषी શબ્દ વપરાય છે. પરંતુ તકીયા/ગાદીવાળી આરામદાયક ખુરશીને માટે आसन्दी=आसद्यते अस्याम् શબ્દ વપરાય છે.

❋

અહીં બીજા ગદ્યખંડમાં – ततः (विबुधैः अनुनाथ्यमानः अपि, स्वशिष्यैः प्रसाद्यमानः अपि, अत्रिणा निवार्यमाणः अपि) दुर्वासाः (''दुर्विनीते !...गच्छ अधस्ताद् मर्त्यलोकम्'' इति उक्त्वा तत् शापोदकं विससर्ज ॥...इति अभिदधाना सरस्वती एवं सावित्रीम् न्यवारयत् ॥—એ મુખ્ય અન્વિતિ.

मर्षय=क्षमस्व–તમે માફ કરી દો. अनुनाथ्यमानः प्रार्थ्यमानः-પ્રાર્થના કરાતા प्रत्यूह=विघ्न असंस्कृतमयः संस्काररहिताः ॥ जात्या एव-બ્રાહ્મણકુળમાં જન્મ થવાથી જ.

❋

સાવિત્રી અને ચારેય વેદોના ઉપર્યુક્ત વર્ણન બાબતે ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે–''આ વર્ણનમાં **कुंडलीकृत, योगपट्ट** અને **वैकक्ष्यक** એ ત્રણ પારિભાષિક શબ્દો છે. 'વૈકક્ષ્યક' બાણના ગ્રન્થોમાં અનેકવાર આવે છે. માળા હાર અથવા વસ્ત્ર ડાબા ખભા ઉપરથી જમણા પડખે નીકળે ત્યારે તેને વૈકક્ષ્યક કહે છે. અને યોગપટ્ટ એ તે વસ્ત્ર છે કે જેને યોગીઓ શરીરના ઉપરના ભાગને ઢાંકવા વાપરતા હતા. સાહિત્યમાં અનેક જગ્યાએ તે શબ્દનો પ્રયોગ થયો છે. અપભ્રંશ ભાષાનાં 'યશોધરચરિત' કાવ્યમાં તેને 'જોગવટ્ટુ' કહેલ છે. જૂની અવધીમાં જોગબાટ જાયસીએ તેનો પ્રયોગ કર્યો છે. બાણે જે લખ્યું છે કે યોગપટ્ટને કુંડલીકાકાર કરીને વાળીને પહેર્યું હતું, તે ગુપ્તકાલિક મૂર્તિઓને જોવા માત્રથી સમજાઈ જાય છે કે; એમાં ડાબા ખભેથી ઉપરતું યોગપટ્ટ, કુલ બે વખત વાળીને પહેરવામાં આવ્યું હોય છે. (જુઓ ચિત્ર નં. ૪) સાવિત્રીના ડાબા હાથમાં સ્ફટિકનું

કમંડળ હતું, તેને પુંડરીક મુકુલની ઉપમા આપી છે. ગુપ્તકાલિક અમૃતઘટ, કે જે બોધિસત્વ વગેરેની મૂર્તિઓના ડાબા હાથમાં અંકિત કરવામાં આવે છે; (જુઓ : ચિત્ર ૫) સાવિત્રીના જમણા હાથમાં શંખની બનાવેલી અંગૂઠી-વીંટી-कम्बुनिर्मितऊर्मिका) પહેરેલી અને અક્ષમાલા લીધેલી હતી. આ સાવિત્રીની સાથે બ્રહ્મચારિઓના વેશમાં મૂર્તિમાન ચારવેદો પણ હતા. પરંતુ શિલ્પશાલામાં મૂર્તિમાન ચાર વેદોનું અંકન આજદિન સુધી ક્યાંય જોવા મળ્યું નથી.'' (પૃ. ૧૫-૧૬)

1.5

अथ तां तथा शप्तां....समं सावित्र्या गृहमगात् ॥ આ ગદ્યખંડમાં ત્રણ ઘટનાઓ આલેખાઈ છે : (૧) પિતામહ બ્રહ્માજીએ દુર્વાસાને ઠપકો આપ્યો; (૨) સરસ્વતીને સાંત્વન આપીને, શાપની અવધિ સૂચવી, પોતાનાં અવશિષ્ટ દૈનિક કર્મો કરવા નારદ સાથે ચાલી નીકળ્યા અને (૩) સરસ્વતી પણ શાપશોકથી સંતપ્ત થઈને, સાવિત્રી સાથે પોતાના ઘરે ગઈ.

❋

પહેલી ઘટનાનું આલેખન કરતાં વાક્યમાં મુખ્ય પદોની અન્વિતિ આ પ્રમાણે છે : अथ पितामहः (तां सरस्वतीम् दृष्ट्वा...तनुम् उद्वहन्,... शापकलकलं निवार्य.... पातयन्... स्वरेण आशाः पूरयन्) सुवीरम् उवाच। ''ब्रह्मन् ! न खलु... याति अविदग्धः जनः'' इति उक्त्वा ॥

બ્રહ્માજીના શરીર ઉપર જે ધવલ યજ્ઞોપવીત (જનોઈ) હતી. તેને વિષે કવિ ઉત્પ્રેક્ષા કરે છે. कमलात् उत्पत्तौ लग्नानि मृणालसूत्राणि यस्याः । તનુ-શરીર-નું વિશેષણવાચક પદ. ત્યાર પછી दक्षिणेन करेणનાં બે વિશેષણો છે : उद्गच्छन् अच्छस्य अङ्गुलीयकमरकतस्य मयूखलताकलापः यस्य तेन करेण । तथा त्रिभुवनस्य उपप्लवः, तस्य प्रशमाय कुशानां आपीडः=समूहः तं धारयति इति । तेन करेण० ॥

अतिविमलदीर्घैः... दिक्षु पातयन्—જેમ કોઈ એન્જીનીયર નવું મકાન બાંધવા લાંબી, સફેદ દોરીઓથી માપ લે; નકશો દોરે તેમ બ્રહ્માજીએ પણ પોતાના દશનકિરણો=દાંતની તેજરેખાઓ, કે જે સ્વચ્છ—શ્વેત અને લાંબી હતી, તેનાથી કૃતયુગ=સતયુગનો ભવિષ્યમાં આરંભ કરવા માટે સૂત્રપાત કર્યો હોય તેમ (દશનકિરણોથી તે દિશાઓને પૂરતા હતા). યુગ ચાર છે : કૃતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ.

બ્રહ્માએ દુર્વાસાને આપેલો ઠપકો : न खलु साधुसेवितोऽयं पन्थाः । સજ્જનોએ સેવેલો આ માર્ગ કે વ્યવહાર નથી. अनक्षजिताम्—'अक्ष' એટલે ઈન્દ્રિય. જેમણે ઈન્દ્રિયોને જીતી નથી; સંયમમાં લીધી નથી તેઓ, 'અનક્ષજિત' કહેવાય છે. उद्दाम प्रसूताः इन्द्रियाण्येव अश्वाः तैः समुत्थापितं (रजः) ॥ અહીં 'ઈન્દ્રિયાશ્વ, દષ્ટિ

અને 'રજ' શબ્દોમાં શ્લેષ છે. જેમ અશ્વોએ ઉડાડેલી રજ = ધૂળથી દૃષ્ટિ = નેત્ર કલુષિત થઈ જાય છે, તેમ બેકાબુ ઇન્દ્રિયોથી જે રજ = રાગ આસક્તિ જન્મે છે તેનાથી દૃષ્ટિ=બુદ્ધિ પણ કલુષિત થઈ જાય છે.

कृतबुद्धयः શિક્ષિત બુદ્ધિવાળા एकत्र वृत्तिः एकत्र अवस्थानम् એક જ જગ્યાએ બેની હાજરી आलोकम्–પ્રકાશ કે, જ્ઞાનની સ્થિતિ तमसि અંધકાર કે અજ્ઞાનની સ્થિતિ क्व महातपोभार-वैवधिकता ક્યાં મોટા તપનો ભાર ઉઠાવવાની શક્તિ ? અહીં वैवधिकનો અર્થ સમજવા જેવો છે : One who carries loads on a pole. ભટ્ટોજિ દીક્ષિત પાણિનિના विभाषा विधात्। ૪-૪-૧૭ સૂત્રની વૃતિમાં લખે છે કે–विवधेन हरति विवधिकः । पक्षे ठक् । वैवधिकः ॥ विवध वीवध शब्दौ उभयतो बद्धशिक्ये स्कन्धवाह्ये काण्ठे वर्तेते ॥ પોલા લાકડાના બાંબુની મદદથી, ખભા ઉપર ભાર ઉપાડનારને વિવધિક કે 'વૈવધિક' કહે છે. पुरोभागत्विम् finding only the faults of others, censoriousness. બીજાની માત્ર ભૂલોને જોનારો. 'સંકેત' ટીકામાં લખ્યું છે :

वोढा भारस्य धीमद्भिर्जनैर् 'वैवधिकः' स्मृतः ।
दोषैकग्राहिहृदयः 'पुरोभागी' निगद्यते ॥

पूर्वम् अयशः स्फुरति, अनन्तरम् अधरः । પહેલાં અયશ ફેલાય છે, અને ત્યાર પછી નીચેનો હોઠ (બોલવા માટે ફફડે છે). विषपादपस्य जटावल्कलानि । અહીં "વિષ વૃક્ષના જટા=મૂળિયાં અને વલ્કલ=થડિયાની છાલ જેમ વિનાશક હોય છે, તેમ દુર્વાસાની માથા ઉપરની જટાઓ અને (શરીર ઉપરનાં) વલ્કલો પણ વિનાશક પુરવાર થયાં છે." એ રીતે जटावल्कलानि પદનો દ્વિ–અર્થી પ્રયોગ કર્યો છે. 'मूले लग्नकचे जटा' इत्यमरः। वृक्षादिमूलं जटा इत्यर्थः ॥ 'સંકેત' પણ લખે છે : जटाः शिखा, मूलानि वल्कलानि मुनिवस्त्राणि त्वचश्च ॥

मुनिवेशस्य हारयष्टिः इव वृत्तमुक्ता चित्तवृत्तिः अनुचिता। અહીં वृत्तमुक्ता શ્લિષ્ટ શબ્દ છે : वृत्तमुक्ता शीलेन त्यक्ता, परिवर्तुलमौक्तिका च। આમ (૧) वृत्तमुक्ता हारयष्टिः વર્તુલાકાર મોતીઓની હારયષ્ટિ અને (૨) वृत्तमुक्ता चित्तवृत्तिः સદ્વર્તનનો ત્યાગ કરનારી ચિત્તવૃત્તિ शैलूष इव० like an actor शिलूषस्य ऋषेः अपत्वं शैलूषः इति क्षीरस्वामी । નટની જેમ. 'સંકેત' મુજબ–जायोपजीवी हि जनः शैलूष कथितो बुधैः ॥ પત્ની ઉપર જીવનનું ભરણપોષણ કરનારો तापसाकल्पम्=तापसस्य तपस्विनः आकल्पः=वेँष। તપસ્વીનો વેષ अतिलघिम्ना ज्ञानोदन्वतः उपरि एव त्वं प्लवसे અતિ તુચ્છતા હલકાપણાને (નીચતા અને ભાર વિનાના) કારણે જ્ઞાનરૂપી સમુદ્રમાં ઉપર ઉપર જ તરે છે. उपरि एव इति अन्तः प्रवेशाभावाद्। लघुश्च जलोपरि प्लवते (સંકેત). ॥ ભારે વસ્તુ જ ડૂબે, હલકી તરે. એ ન્યાયે સાચો જ્ઞાની જ જ્ઞાન સમુદ્રમાં ડૂબકી મારી શકે છે.

कथिता अनेडमूकाः श्रोतुं वक्तुं च खलु न ये शक्ताः ।
एडास्तु श्रुतोहिना, जडास्तु मूर्खा बुधैः प्रोक्ता ॥

આમ 'સંકેત' મુજબ– અનેડમૂકા એટલે બહેરા અને મૂંગા, એડા એટલે કાન વિનાના તથા જડ એટલે મૂર્ખ जडोऽज्ञेऽनेडमूकस्तु वक्तुं श्रोतुम् अशिक्षिते । इत्यमरः॥ (आगः पापापराधयोः । 'આગ' પાપ અને અપરાધ અર્થના વાચક છે.) अनागसां નિર્દોષ, નિષ્પાપ, वैलक्ष्याणि ભૂલો. याप्य गर्ह्य નિંદનીય, याप्यताम् નિંદનીયતાને. હવે બીજા વાક્યમાં સરસ્વતીને સાંત્વન આપીને, શાપની અવધિ સૂચવી પોતાનાં અવશિષ્ટ દૈનિક કર્મો કરવા બ્રહ્માજી નારદજીની સાથે ચાલી નીકળ્યા તેનું વર્ણન આવે છે. विषादं मा गाः । વિષાદ ન પામીશ. અહીં નિષેધાર્થક माङ् ના યોગમાં लुङ् લકાર– સાદા ભૂતકાળના બીજા પુરુષ એકવચનના अगाः। રૂપમાંથી અકારનો લોપ થયો છે. ससंभ्रमेण उपगतस्य नारदस्य स्कन्धे येन ब्रह्मणा हस्तः विन्यस्तः स्थापितः सः। સંભ્રમ – ગભરાટ અહીં, હાંફળા ફાંફળા, ઉતાવળા એવો અર્થ થશે. धवलकृष्णशाराम् दृष्टिम्–સફેદ અને કાળી કીકીવાળી દૃષ્ટિ (આંખ)ને, નજરને. शाराम् शबलाम्· धवलकृष्णाम् इत्येव वक्तव्ये शारग्रहणं संवलितवर्णद्वयप्रतीत्यर्थम्। (સંકેત).

षट्चरणचक्रैः-ભમરાઓને છ પગ હોય છે; તેથી તેમને ષટ્ચરણ કહ્યા છે; તેમના સમૂહો વડે. नखमयूखजालकेन-નખનાં તેજકિરણોના સમૂહથી. नूपुरव्याहारः- ઝાંઝરનો રણકાર. ब्रह्मलोकनिवासिहृदयैः इव (ब्रह्मलोके निवासिनां हृदयैः इव) બ્રહ્મલોકમાં રહેનારાઓના હૃદય જેવાં, भवनकलहंसकुलैः—સ્વર્ગલોકમાં રહેનારાં કલહંસોના સમૂહોથી (અનુસરાતી સરસ્વતી સાવિત્રીની સાથે) गृहम् अगात्–ઘરે ગઈ.

1.6

अत्रान्तरे सरस्वत्यवतरणवार्तामिव.....वितरिष्यति इति ।

मध्यमम् लोकम्–મધ્યમ લોક=પૃથ્વીલોકમાં अंशुमाली अवततार-સૂર્ય નીચે ઉતર્યા. કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે–सरस्वत्यवतरणवार्ताम् इव कथयितुं । જાણે કે સરસ્વતી પૃથ્વીલોકમાં આવી રહી છે એના સમાચાર કહેવા માટે.

આ ગદ્યખંડમાં 'પ્રદોષસમય'નું –સન્ધ્યાકાળનું–વર્ણન આવે છે. કવિએ તેને સતિ સપ્તમ્યન્ત પદોની મદદથી રજૂ કર્યું છે. આથી અનુવાદમાં પ્રત્યેક વાક્ય પૂરૂં થયા પછી 'ત્યારે' પદને અધ્યાહાર રહેલું છે એમ સમજી લેવું. क्रमेण, मन्दायमाने वासरे.... થી શરૂ કરીને, स्पष्टे प्रदोषसमये સુધી બધાં સતિસપ્તમ્યન્ત પદો છે. અહીં મુખ્ય વાક્યનો અન્વય સ્પષ્ટ કરતાં 'સંકેત'માં લખ્યું છે કે–क्रमेण इत्यादौ "अस्मिन् सति सावित्री सरस्वतीम् अवादीद्" इति सम्बन्धः ।

❋

"સાહિત્યિક દૃષ્ટિએ એટલું કહેવું ઉચિત છે કે બાણને સન્ધ્યાવર્ણન કરવું ઘણું પ્રિય હતું. 'હર્ષચરિત'માં ચાર વાર સન્ધ્યાનું વર્ણન આવે છે. બાણભટ્ટે દરેક વખતે જુદું જુદું ચિત્ર દોરવાનો પ્રયત્ન કર્યો છે. ખુલ્લી પ્રકૃતિમાં અને શહેરની અંદર બંધ વાતાવરણમાં સંધ્યાના દૃશ્યનો પ્રભાવ અને પ્રતિક્રિયા જુદી જુદી હોય છે. બાણની સાહિત્યિક પીંછીએ તે બન્ને ચિત્રોનું ચિત્રણ કર્યું છે"– શ્રી વાસુદેવશરણ અગ્રવાલ (પૃ. ૧૭)

❋

'સન્ધ્યાવર્ણન'ની વિગતો : (૧) बसारे मन्दायमाने दिवसे ઝાંખો–મોળો પડવા લાગ્યો (ત્યારે). કેવી રીતે ? શેને કારણે ? દિવસ મન્દ પડવા લાગ્યો એ વર્ણવવા मुकुलित बिसिनी विसर व्यसन विषण्ण सरंसि પદ મૂક્યું છે मुकुलितानां (બીડાઈ જતાં) बिसिनीनां कमलिनीनां बिसरः=समूहःतस्य व्यसनं, तेन बिषण्णानि सरांसि यस्मिन् । व्यसनम् આપત્તિ विषण्ण-ઘેરાયેલ. બીડાઈ ગયેલાં કમળોના સમૂહની આપત્તિથી ઝાંખા પડી ગયેલાં સરોવરોવાળો (દિવસ મન્દ પડવા લાગ્યો). (૨) लोकैकचक्षुषि भगवति क्षितिधरशिखरम् क्षेपीयः अवतरति (सति) (ત્રણેય) લોકના એક માત્ર ચક્ષુ સમાન ભગવાન (સૂર્ય) ક્ષિતિધર=પર્વતના શિખર ઉપર, क्षेपीयः- ઝડપથી; નીચે ઊતરવા લાગ્યા (ત્યારે). અહીં સૂર્યના રંગનું અને નીચે ઊતરવાની ક્રિયાનું એક-એક વિશેષણ આ પ્રમાણે જોડ્યું છે. तरुणतर कपि लपन लोहिते-અત્યંત તરુણ (યુવાન) માંકડાના लपन=वदनम् મોં જેવા લાલરંગના (સૂર્ય). मधुनः मदेन मुदिताः सञ्जातमन्मथाः कामिन्यः शृङ्गारिण्यः મધુ-મધ અથવા મદિર-ના મદથી મુદિત અર્થાત્ મસ્ત અથવા જેમને કામોન્માદ જન્મ્યો છે તેવી કામુક સ્ત્રીઓ-तासां कोपात् कुटिलकटाक्षैः क्षिप्यमाणे इव (भगवति) સૂર્ય આથમતો નથી એટલે ગુસ્સે ભરાયેલી કામિનીઓના વક્ર નેત્રકટાક્ષોથી જાણે કે સૂર્ય નીચે ફેંકાતો હતો ! ટીકાકાર શંકર પણ 'સંકેત'માં લખે છે કે–संभोगान्तरायकारी कथम् अयम् अद्यापि न अस्तम् एति, अतः कोपः । क्षिप्यमाणश्च अतित्वरितम् पतति ॥ આનું સમર્થન કરતાં વળી આગળ લખ્યું છે કે- लोकेत्यादिना सम्भोगविघ्नकारित्वम् एव प्रकाश्यते ॥ (3) आसन्न.....क्षालितेषु इव, प्रस्नुत...धवलितेषु दिव्याश्रमोपशलूयेषु (सत्सु) । माहेयी ગાય उद्दामः- વૃદ્ધિ પામેલ. उपशल्यम्-નજીક आसन्नेन चन्द्रोदयेन उद्दामः क्षीरोदः क्षीरसागरः तस्य लहरीभिः क्षालितेषु । प्रस्नुतानि मुखानि यासा ताः प्रस्नुतमुखा माहेय्यः तासां यूथस्य क्षरन्त्यः क्षीरधाराः ताभिः धवलितेषु। (૪) अपराह्ण प्राचर चलिते चामरिणि ऐरावते चामीकर तट ताडन रणित रदने सुरस्त्रवन्तीरोधांसि स्वैरम् रदति सति । अपराह्ण-દિવસનો પાછળનો ભાગ, સંધ્યાકાળ चामरिण्-ચામરયુક્ત, ચામર ધારણ કરેલો. ऐरावत-ઇન્દ્રનો હાથી. इरा आपः तद्वान् समुद्रः, तस्माद् उत्पन्नः > अण् इति ऐरावतः । चामीकरणं સુવર્ણ. चामीकरतटे (सुवर्णतटे) ताडनेन रणिताः रदनाः (दन्ताः) यस्य । સુવર્ણતટ ઉપર અફળાવાથી

રણકી ઉઠેલા દાંતવાળો. [અહીં પ્રોફે. પી. વી. કાણેએ ०तटताडनारुणितरदने रदति। એવો પાઠ સ્વીકાર્યો છે. ०तटे ताडनेन अरुणिताः रदनाः यस्य। तट ઉપર અફળાવાથી લાલ થઈ ગયેલા દાંતવાળો.] सुरस्रवन्ती-દેવનદી (ગંગા), रोधांसि-કિનારાઓને स्वैरम् रदति (सति)= સ્વેચ્છાપૂર્વક ખોદવા લાગ્યો (ત્યારે) (૫) विद्याधर-અર્ધદેવતા, દેવયોનિવિશેષ. अभिसारिका=कान्तार्थिनी तु या याति सङ्केतं साऽभिसारिका' इत्यमरः ।=પ્રિયતમને સંકેત મુજબ મળવા જતી સ્ત્રી. 'સંકેત'માં લખ્યું છે કે–

या दूतिका गमनकालमपाहरन्ती सोढुं स्मरज्वरभरार्तिपिपासितेव ।
निर्याति वल्लभजनाधरपानलोभात्सा कथ्यते कविवरैरभिसारिकेति ॥

अलक्तक-અળતો. तारापथे पाटलताम् प्रकटयति (सति)-તારાઓને ચાલવાનો માર્ગ અર્થાત્ આકાશ લાલાશ પકડવા લાગ્યું (ત્યારે) (૬) तारापथे प्रस्थिताः सिद्धाः, तैः दत्तं दिनकरस्य अस्तमये अर्घ्यं, तस्मिन् आवर्जिते। रञ्जितककुभि=रञ्जिताः ककुभः (दिशः) येन, तस्मिन् (सति) दिनकर-सूर्य ककुभ्-દિશા (૭) रक्तचन्दनद्रवे स्रवति (सति) લાલ ચંદનનો દ્રવ ટપકવા લાગ્યો (ત્યારે) कुसुम्भभासि-કેસરના રંગ જેવો कुसुम्भः/भम्-કેસર (કે સોનું), कुसुम्भस्य इव भाः यस्य ॥ पिनाकिने प्रणतिः तया मुदिता या सन्ध्या, तस्याः स्वेदसलिलम् इव । પિનાક ધનુષ્યવાળા શંકરને પ્રણામ કરવાથી આનંદિત થયેલી સન્ધ્યાના સ્વેદ બિન્દુઓ જેવો (લાલ ચન્દનનો રસ ઝરવા લાગ્યો ત્યારે). (૮) वन्दारु–વંદનશીલ. ०मुनिवृन्दारकवृन्द=શ્રેષ્ઠ મુનિઓના વૃન્દે (वृन्दारक शब्दः प्रशंसायाम् इति संकेतः।). આ સમાસનો વિગ્રહ આ પ્રમાણે છેઃ वन्दारूणां मुनीनां वृन्दारकाः (श्रेष्ठाः) तेषां वृन्दं, तेन बध्यमानं सन्ध्याञ्जलिवनं यस्मिन् । (૯) ब्रह्मलोके राजति (सति) બ્રહ્મલોક શોભવા લાગ્યો (ત્યારે). ब्रह्मणः उत्पत्तिः यस्मात् तत् ब्रह्मोत्पत्ति कमलं, तस्य सेवायैः आगतः सकलानां कमलानां आकरः यस्मिन् । પુરાણમાં એવું જણાવ્યું છે કે શેષશાયી વિષ્ણુની નાભિમાંથી એક કમળ પ્રગટ્યું અને તેમાંથી બ્રહ્માજીની ઉત્પત્તિ થઈ. આથી બ્રહ્માને માટે 'કમલયોનિ' શબ્દ પણ વપરાય છે. બ્રહ્મલોકમાં સન્ધ્યા સમયે મુનિવૃન્દે જ્યારે સંધ્યાંજલિ રચી (=બે હાથ જોડ્યા) ત્યારે જાણે કે એવું દશ્ય સર્જાયું તે બ્રહ્મલોકે મુકુલિત થયેલું કમળવન હોય !–કવિએ સુન્દર ઉત્પેક્ષા કરી છે. (૧૦) तृतीयसवन-ત્રીજા સવનમાં समुच्चारितं तृतीयसवनंरूप ब्रह्म (वेदः) येन। સોમ યાગના એક ભાગ રૂપ સ્નાનને સવન કહે છે. તેમાં વેદમન્ત્રોચ્ચાર કરવામાં આવે છે. (૧૧) सप्तर्षिमन्दिरेषु સપ્તર્ષિઓના મન્દિરોમાં. आरब्धं धर्मसाधनस्य (धर्मसाधनाय वा) शिबिरस्य नीराजन येषु। ('સંકેત' આ સમાસને સમજાવતાં લખે છે કે–आरब्धे धर्मसाधने शिबिरे पुण्योपकरणस्कन्धावारे नीराजनाख्यं शान्तिकर्म येषु। धर्मोपकरणविषये मा दोषः प्रादुरभवन्निति ॥) તથા -ज्वलिताः वैतानाः ज्वलनाः, तेषां ज्वालाः, ताभिः जटालानि (व्याप्तानि) अजिराणि (अङ्गणानि) येषाम्।

'નીરાજના શાન્તિકર્મ, આરતી. वैतान-યજ્ઞમાંથી જન્મેલ (જ્વાળાઓ). (૧૨) अघमर्षण-પાપનાશક મન્ત્ર. સ્મૃતિમાં કહ્યું છે કે- शमनं सर्वपापानां जप्यं त्रिष्वघमर्षणम्। किल्विष-પાપ. विषगद વિષરોગ उल्लाघ्रं स्वस्थताकरम्। यति- ચતુર્થાશ્રમમાં રહેનાર અર્થાત્ સંન્યસાશ્રમી. અહીં વિગ્રહવાક્ય આ પ્રમાણે છે : अघमर्षणेन मुषितः किल्विषविषगदः (किल्विषं=पापं एव विषगदः) येषां ते। ०गदाः उल्लाघाः लघवश्च, तेषु॥ (१३) संध्योपासनाय आसीनानां तपस्विनः पङ्क्त्या पूतं पुलिनं यस्य, तस्मिन्। पुलिन રેતાળ પટ : सद्या जलत्यक्तं तटं पुलिनम्॥ मन्दाकिनीजले- મન્દાકિનીનું જળ. प्लवमान-તરી રહેલા, नलिनयोनि- બ્રહ્માજી. हंसानां हासः शौक्लयं, हंसा एव वा शुक्लतया हासः। હંસોનું હાસ્ય તે જ સફેદી; અથવા હંસોની સફેદી તે જ હાસ્ય. અહીં વિગ્રહ વાક્ય આ પ્રમાણે છે : प्लवमानाः नलिनयोनि-यान-हंसाः एव हासः तेन दन्तुरिताः ऊर्मयः यस्य। (१४) कुमुदवने मुमुदिषमाणे विचकिसिषति-કુમુદવન ખીલવા લાગ્યું (ત્યારે). (કુમુદ-પોયણું=રાત્રિકમળ). આના વિશેષણ રૂપે કહ્યું છે કે- जलदेवतातपत्रे-જળ-દેવતા (વરુણ)નું આતપત્ર=(તડકો દૂર કરનારું) છત્ર હોય તેવું (કુમુદવન), पत्रस्थाः पक्षिणः પાંખ રૂપી રથવાળા અર્થાત્ પક્ષીઓ ! (બાણની શબ્દ પસંદગી કેટલી સુન્દર, રોચક અને મોહક છે !!) ०अन्तःपुरसौधे—અન્તઃપુરનો મહેલ હોય તેવું (કુમુદવન) आमोदिनि-સુવાસી રહેલ, मधुप-મધુ-મધ-મકરન્દનું પાન કરનાર=ભ્રમરાઓ. (१५) राजहंसयूथे सुषुप्सति-निद्रासति- રાજહંસોનું યૂથ સૂવાની ઇચ્છા કરવા લાગ્યું (ત્યારે). પ્રોફે. પી. વી. કાણેએ અહીં રાજહંસોને flamingoes તરીકે ઓળખાવ્યા છે. ताम्यत्- બીડાઈ રહેલ, तामरस-લાલકમળ सपीति-જેમાં સહપાન થાય તેવી 'પાર્ટી' ('સગ્ધી' એટલે સહભોજન) कण्डूयन-ખંજવાળવું.

दिवसावसान.... सपीतिप्रीते।નું વિગ્રહવાક્ય આ પ્રમાણે છે : दिवसस्य अवसाने ताम्यतां तामरसानां (रक्तकमलानां) मधुरं मधु तस्य सपीतिः (सहपानं) तया प्रीते। तथा मृदुमृणालस्य काण्डेन कण्डूयनं तदर्थं कुण्डलिता कन्धरा येन। 'The flamingoes bent their neck in a circle round the lotus stalks in order to get it scratched.' Kane. धुतानां पक्षाणां राज्या (पङ्क्त्या) वीजितं राजीव-सरः येन। राजि-पंक्ति, राजीव-ભુરૂં કમળ. (१६) तटस्य लतायाः नां कुसुमानां धूलिभिः धूसरिता या सरित्, तस्याम् । અહીં "તટની લતાઓનાં પુષ્પોની (પરાગ રૂપી) ધૂળથી નદી ધૂસરિત થઈ ગઈ (ત્યારે)" એમ જે કહ્યું છે, ત્યાં तटस्य-'तट'ની શબ્દનો અર્થ તટ ઉપર ઉગેલી તટની નજીકના ભાગમાં ઉગેલી એવો કરવાનો છે : तटशब्दः प्रत्यासत्युपलक्षणार्थः । (सङ्केतटीका)

અહીં तटस्य लतायाः कुसुमानां धूलिभिः धूसरिता सरित् येन नभस्वता, तस्मिन्। એવા અર્થમાં તેને 'પવન'નું પણ વિશેષણ બનાવી શકાય. તે મુજબ "-ધૂળથી નદીને ધૂસરિત કરતો (પવન)" એવો અર્થ કરવાનો રહેશે.

(१७) सिद्धपुरस्य पुरंध्रीणां धम्मिलेषु (संयतेषु कचेषु) (स्थापितानि)यानि मल्लिकापुष्पाणि, तेषाम् गन्धग्राहिणि=गन्धं गृह्णाति इति गन्धग्राहिन् ०तस्मिन् (नभस्वति)। મલ્લિકાપુષ્પો રાત્રે જ ખીલે છે. धम्मिलाः ઓળેલા/અંબોડો વાળેલા વાળ. पुरंध्रिः-ઉત્તમ મહિલા, કુળવતી સ્ત્રી. निशानिश्वासनिभे=(પવન) રાત્રિના નિશ્વાસ સમો બન્યો). —निभ કેવળ સમાસના અન્તે 'સદૃશ', 'સમાન' 'અનુરૂપ' અર્થમાં વપરાય છે. (૧૮) षट्चरणचक्रे—છ પગવાળા (=ભમરા)ઓનો સમૂહ, सङ्कोचेन उदञ्चन्तः (erected–ઊભા થઈ ગયેલ) उच्चाः (stiff-કડક થઈ ગયેલ) केसराः, तेषां कोटिभिः पंक्तिभिः सङ्कटः, कुशेशयानां (=कमलानां) कोशः तस्य कोटरः एव कुटी तस्यां शेते इति। कुशे ૩ शी > शेत+अच् इति कुशेशयम्=कमलम्। સપ્તમી અલુક્ સમાસ. અહીં कोटि-એટલે 'પંક્તિ' कोष-કુડ્મલ = કળી, कोटर-અંદરનો પોલાણવાળો ભાગ, कुटि-ગૃહ. (૧૯) तारागणे नभस्तलं स्तबकयति (सति)-તારાઓનો સમૂહ આકાશને પુષ્પગુચ્છ રૂપ બનાવી રહ્યો (ત્યારે). नृत्योद्धूतायाः (नृत्तोद्धूत એવું પાઠાન્તર પણ છે)–(તાંડવ) નૃત્યને કારણે ઉછળતી, धूर्जटेः-जटाटव्याः धूर्जटि=જેમના મસ્તક ઉપર જટા છે તે. શંકરની જટાઓ રૂપી અટવી=જંગલની कुटजकुड्मलानां निकरनिभे=(કુટજ=) ગિરિમલ્લિકાની કળીઓના સમૂહ જેવો. "કલાની દૃષ્ટિએ આ વર્ણનમાં કેટલાક શબ્દો ધ્યાન આપવા જેવા છે. જેમકે, नृत्तोद्धूतधूर्जटिजटाटवी० । આનાથી જણાય છે કે તાંડવ કરતા નટરાજ શિવની મૂર્ત કલ્પના તે સમયે પ્રચલિત થઈ ચૂકી હતી." શ્રી વાસુદેવશરણ અગ્રવાલ (પૃ. ૧૭) (૨૦) तमसि मेदिनीं मीलयति-અંધકાર પૃથિવીને સ્થગિત કરવા લાગ્યો (ત્યારે) તમસ્‌ના વિશેષણ તરીકે-संध्यानुबन्धताम्रे=સન્ધ્યાની પાછળ પાછળ તામ્રવર્ણનો થયેલો, परिणमतः तालफलस्य त्वचः इव त्विट् यस्य तस्मिन्। પાકી ગયેલા તાલફળની ત્વચા-છાક જેવી કાન્તિવાળો. कालमेघमेदुरे-काल=પ્રલયકાળના મેઘ=વાદળ જેવો ગાઢ (and that was thick-मेदुर-like a dark cloud). (૨૧) प्रदीपप्रकारे समुन्मिषति-દીવાઓનો સમૂહ પ્રકાશવા લાગ્યો (ત્યારે). ०पाटनेर। (विदारणे) पटीयान् (प्रदीपप्रकरः), तस्मिन्-અત્યંત ગાઢ અંધકારના સમૂહને ભેદવામાં અત્યંત પટુ/ચતુર (એવો દીવાઓનો સમૂહ). यामिनी एव कामिनी, तस्याः कर्णपूरचम्पकानां कलिकानां कदम्बकम् इव, तस्मिन्-રાત્રિ રૂપી કામિનીના કર્ણાભૂષણ રૂપ ચંપકપુષ્પોની કળીઓના સમૂહ જેવો (દીવાઓનો સમૂહ) (૨૨) शातक्रतवे आशामुखे तिमिरम् क्रशयति (सति)-शतक्रतुः इन्द्रः। तस्येदम् शातक्रतवम् ઇન્દ્ર જે (आशा=) દિશાનો સ્વામી છે તેનં 'શાતક્રતુ' દિક્ કહે છે. આવી દિશા તે પૂર્વદિશા છે. પૂર્વદિશાનું મુખ અંધકારને દૂર કરવા લાગ્યું (ત્યારે) प्रतनुः (slight) तुहिन-किरणस्य (=शीतरश्मेः चन्द्रमसः किरणाः, तेषां लावण्यं, तस्य आलोकेन पाण्डुनि। शातक्रतवे आशामुखे क्रशयति=(तनूकुर्वति सति). બાણભટ્ટ અહીં એક ઉત્પ્રેક્ષા કરે છે : આકાશમાંથી ધીમે ધીમે અંધકાર દૂર થતાં જાણે કે તે કાલિન્દી નદીનો પટ

હોય અને તેમાંથી નીલવર્ણી (કાળું) પાણી સૂકાઈ જતાં જે (ધવલ) રેતાળ પટ ઉપસી આવે તેમ, આકાશ પણ ધીમે ધીમે રેતાળ બનવા લાગ્યું (!) आश्यानम् ઇષિત્ શુષ્ક. नीलनीरम्-નીલવર્ણી પાણી. અહીં ०कालिन्दीकूलबालुकापुलिनायमाने એવું પાઠાન્તર લીધું છે. તેને શ્રીકાણેએ પ્રમાણે સમજાવ્યું છે : आश्यान (partially dried) नीलनीरेण मुक्तं कालिन्दीकूल तस्य बालुकायुक्त पुलिनं, पुलिन इव आचरति इति पुलिनायते। પરંતુ તેમણે बालपुलिनायमाने એવા પાઠને વધુ સારો કહ્યો છે. જેમ કે, The reading बालपुलिनायमाने for बालुका० is better as in कूलबालुका० there are too many words. बालपुलिनं would mean a sandy spot just raised out of water' (૨૩) तमसि विलीयमाने-અંધકાર દૂર/વિલીન થવા લાગ્યો (ત્યારે) આ મુખ્ય વાક્યનાં વિશેષણો આ પ્રમાણે છે : खमुचि-આકાશનો ત્યાગ કરતો/કરનારો (અર્થાત્ પૃથિવી ઉપર ઉતરતો) मेचकितंनिर्विभागतां नीतम्। એકરૂપ કરતો, અથવા શ્યામ કરતો. शशधरस्य (चन्द्रमसः) कराणां (किरणानां) निकरेण=समूहेन कचग्रहः, तेन आविले। मानिन्याः मनसि इव (तमसि विलीयमांने)॥ રીસાઈ ગયેલી પત્નીને તેનો પતિ મનાવે છતાંય તે માન છોડતી નથી, પરંતુ જ્યાં ચન્દ્રમાનાં કિરણો તે સ્ત્રીના વાળ પકડે છે ત્યારે તેનું અભિમાન કે રૂસણું ઓગળી જાય છે એવી રીતે ચન્દ્રમાનો ઉદય થતાં અંધકાર પણ વિલીન થવા લાગ્યો. शर्वरीशबरी-રાત્રિરૂપી ભિલડી. शर्वरी (निशा) एव शबरी, तस्याः चिकुरचयः=कुन्तलभारः । તેના કેશસમૂહ જેવો चाषपक्षस्य इव त्विट् यस्य-ચાષ (પક્ષી)ની પાંખોના જેવી કાન્તિ છે જેની (૨૪) उदयगिरिशिखर... निचितम् इव, विभावरीवध्वाः उदयरागधरम् अधरम् इव लोहितं वपुः धारयति भगवति श्वेतमानौ उदिते (सति) । અહીં उदयगिरि ઉદયાચળ પર્વત. જેના ઉપરથી સૂર્ય-ચન્દ્રનો ઉદય થાય છે એવી પૌરાણિક માન્યતા છે.

उदयगिरिशिखरस्य कटकेषु (ઢોળાવો ઉપર) यानि कुहराणि (गुहास्यानानि), तत्रस्थितानां हरिणां (सिंहानाम्) ये खराः तीक्ष्णाः, नखराः (=नखाः) तेषां निवहः (=समूहः) एव हेतिः (=आयुधम्), तेन निहतात् निजहरिणात्० ।

અહીં कटकः=कटकम् ઢોળાવ (પર્વતની મેખલા, કરધની, અધિત્યકા) कुहरम्-ગુફા खर-तीक्ष्ण, नखराः-નખો, निवहः-સમૂહ, हेति-આયુધ. ચન્દ્ર ઉદયગિરિ ઉપરથી ઉદય પામે છે ત્યારે તે લાલરંગનો હોય છે. આથી કવિ બાણભટ્ટે એક સુન્દર ઉત્પ્રેક્ષા કરી છે : ઉદયગિરિના ઢોળાવ ઉપરની ગુફાઓમાં રહેતા સિંહોના તીક્ષ્ણ નખસમૂહથી ચન્દ્રમાની અંદર રહેતું હરણ હણાતાં તેના શરીરમાંથી ટપકતા લોહીના સમૂહ–ખાબોચિયા–થી (नचितम् इव) ચન્દ્ર જાણે ખરડાઈ ગયો છે ! વળી, કવિ કહે છે : ચન્દ્રનો આ લાલરંગ કોના જેવો હતો ? તો –विभावरी वध्वाः उदयरागधरम् अधरम् इव (लोहितं वपुः धारयति...) રાત્રી રૂપી વધુના ઉદય–સમયના રાગ–લાલાશ–ને ધારણ કરનાર અધરના જેવા (લોહિત વપુ–લાલ

શરીરને–ધારણ કરતો...) श्वेतमानौ—સફેદ કિરણોવાળો ચન્દ્રમા, उदिते (सति) ઉદય પામ્યો (ત્યારે). બાણભટ્ટે उदयगिरिशिखरकटककुहरहरिखरनखर० એ દીર્ઘ સમાસમાં જે વર્ણ્ય વિષય (સિંહે ચન્દ્રસ્થિત હરણને હણી કાઢ્યો) છે તેને અનુરૂપ क, ख, र, ट, જેવા વર્ણોની ગુંથણીથી કરી છે. (૨૫) ध्वान्ते ध्वस्ते (सति)—અંધકાર દૂર થયો નાશ પામ્યો (ત્યારે). ચન્દ્રોદયથી 'ચન્દ્રકાન્ત' નામનો મણિ દ્રવીભૂત થઈને ઓગળે છે એવો કવિસમય છે. એને ધ્યાનમાં રાખીને બાણભટ્ટ ઉત્પ્રેક્ષા કરે છે કે–अचलात् (उदयगिरेः) पर्वतात् च्युताः चन्द्रकान्तस्य जलधाराः, ताभिः धौते इव । ઉદયગિરિ ઉપરથી ટપકતી ચન્દ્રકાન્ત મણિની જલધારાઓથી ધોવાઈ ગયો હોય તેમ. (૨૬) पयोधिम् आपूरयितुं इन्दुमण्डले प्रकृते (सति)—પયોધિ (=સમુદ્ર)ને પૂરવા–ભરી દેવા–માટે ઇન્દુમંડળ (ચન્દ્રમંડળ) પ્રવૃત્ત થયું (ત્યારે). ચન્દ્રમા પોતાની ચાંદની (શ્વેતકિરણો) આકાશમાં ફેલાવવા લાગ્યા–આ ઘટનાને માટે કવિએ જે ઉત્પ્રેક્ષા કરી છે તે જુવો : दान्तमय—मकरमुख—महाप्रणाले इव इन्दुमण्डले (હાથી)દાંતનું બનાવેલું મકર(મગર)મુખી મહાનાળું હોય તેવું ચન્દ્રમંડળ. "–દન્તમય મકરમુખ મહાપ્રણાલ' એટલે હાથીદાંતમાંથી બનાવેલાં મકરમુખી નાળાં (પાણી બહાર ફેંકતા મોટા નાળચોળાં–નળીયા), જે પહેલાંના જમાનામાં મંદિરો કે મહેલોની વાસ્તુકલામાં લગાડવામાં આવતા હતા." –શ્રી વાસુદેવશરણ અગ્રવાલ પૃષ્ઠ–૧૭ (જુઓઃ ચિત્ર ૬) गोलोक ગોલોક, ઉદયગિરિ અથવા કિરણોનો સમૂહ गलितदुग्धविहिरवासिनि-(તેને) ઓગાળીને દૂધનો સમૂહ=ધારાઓ વહાવતું, (પયોધિને પૂરવા લાગ્યું (ત્યારે). 'પયોધિ'ની શબ્દપસંદગી નોંધપાત્ર છે.

स्पष्टे प्रदोषसमये—દિવસ અને રાત્રિનો સન્ધિકાળ, પૂર્ણ સન્ધ્યાનો સમય, તેને 'પ્રદોષ' કહે છે. આમ કુલ છવ્વીસ વિશેષણો દ્વારા કવિ બાણે પ્રદોષ (સંધ્યા) સમયનું વર્ણન કર્યું છે. અગાઉ કહ્યું છે તેમ બાણને સંધ્યાવર્ણન કરવાનો શોખ છે અને તેમણે 'હર્ષચરિત'માં જ ચાર વખત આ વર્ણન રજૂ કર્યું છે.

जल्पन्ती जिह्वा जिह्रेति—બબડતી–અસ્પષ્ટ બોલાતી જીભ શરમાય છે. दैवस्य वृत्तयः—દેવ–નસીબ–ભાગ્યની ગતિવિધિઓ વામા હોય છે, રમણીય હોતી નથી; અને दूरतिक्रमणीया ન ઓળંગી, ઉલ્લંઘી શકાય તેવી હોય છે. જે गुणवती अपि जने—ગુણવાન વ્યક્તિઓ તરફ પણ विसंस्थुला મર્યાદાવિહીન અને दुर्जनवत् निर्दाक्षिण्याः—દુર્જનની જેમ દાક્ષિણ્ય વિનાની હોય છે. પરંતુ ટીકાકાર શંકર આ દૈવની વામાવૃત્તિ વિષે બીજા એક વિશેષણ તરફ ધ્યાન દોરે છે : क्षणभङ्गिन्यः=ક્ષણમાં ભાંગી જનારી, દૂર થનારી: સરસ્વતી ઉપર આવી પડેલો શાપ તે ક્ષણજીવી છે એમ સૂચવવા આ વિશેષણ વાપર્યું છેઃ क्षणभंगिन्यः इति आश्वासनगर्भा इयम् उक्तिः ।

असदृशजनाद् आपतन्ती निष्कारणा निकार-कणिका (=परिभवकणिका) अपि, मनस्विनः अपि मानसम् कलुषयति । દુર્વાસા જેવા અયોગ્ય વ્યક્તિ તરફથી આવી પડનારી, અપમાનની કણિકા પણ, મનસ્વીઓના પણ મનને ડહોળી નાખે છે. અહીં બન્ને अपिનું સ્વારસ્ય નોંધપાત્ર છે.

હવે શ્લેષવાળી રચના શરૂ થાય છે: (૧) अनवरतनयन...: सहस्रधा प्ररोहति। અહીં -

	વિશેષણ	ઉપમાન	ઉપમેય
		तरुः (ઝાડ)	विपत्—लव (વિપત્તિનો કણ),
૧.	अनवरतनयन जलसिच्यमानः (अनवरतं नयनं यस्य एतादृशं जलं, तेन सिच्यमानः)	(आनयनमानेन आनीतेन जलेन) સતત (ઘડાઓથી) લવાતા પાણીથી સિંચાતા.	સતત નયન =આંખનાં અશ્રુબિન્દુઓથી સિંચાતા
२.	विपल्लवः– (કેવળ તરુનું વિશેષણ)	પાંદડાં ખરી પડેલ	વિપત્તિનો લવ–અંશ–કણ
૩.	सहस्रधा प्ररोहति–	હજારો શાખા ડાળી–ઓમાં ખીલી ઊઠે. છે.	હજારો રીતે સ્થિર થઈ જાય છે.

'સંકેત'માં લખ્યું છે:– अनवरतम् अश्रुणा सिच्यमानः । अनवरतं घटसारणीप्रणालादिना नयनं प्रापणं यस्य तादृशो जलेन उक्ष्यमाणश्च । विपल्लव आपल्लेशः, विगतपल्लवश्च प्ररोहति स्थिरीभवति । तरुपक्षे प्ररोहा विद्यन्ते यस्य स प्ररोहः, स इवाचरति प्ररोहतीति व्याख्या ॥

શ્રી પી. વી. કાણે મહાશયે આ વાક્યમાં विपल्लवोऽपिની સાથે शोकः એવા એક વધારાના શબ્દને સ્વીકાર્યો છે. પરંતુ તેની જરૂર લાગતી નથી.

❀

(૨) अतिसुकुमारं.....म्लानिम् आनयन्ति ।

વિશેષણ	ઉપમાન	ઉપમેય
–	मालतीकुसुमम्	जनम्
अतिसुकुमारम् —	અત્યંત કોમળ	–નમ્ર સ્વભાવના માણસને
संतापपरमाणवः —	તડકાના પરમાણુઓ	–થોડાક દુઃખના પ્રસંગો
म्लानिम् आनयन्ति —	કરમાવી દે છે	–દુઃખી કરી દે છે.

(૩) महताम् (करिणां उपरि)—મોટા હાથીઓની ઉપર અથવા ઉત્તમ મહાપુરુષોની ઉપર सृणिः-અંકુશ, कदर्थनाय अलम्—દુઃખી કરવા પર્યાપ્ત છે.

क्रकचपात—કરવતનો પાત, ઘા, संस्तुत जनविरहः—પરિચિત, સ્નેહી વ્યક્તિનો વિયોગ. दुःखक्ष्वेडांकुरप्रसवानाम्—દુઃખ રૂપી ઝેરના અંકુર ઉગવા માટે. (क्ष्वेडः विषम्). अधिष्ठातरि— આપણી ઉપર અધિકાર, પ્રભુત્વ જમાવનારાં (પૂર્વ જન્મનાં કર્મો), प्रष्ठे—આગળ पृष्ठतः—પાછળ तिष्ठति (सति) ઊભાં જ છે, હાજર જ છે. ત્યારે, शुचाम् कः अवसरः—શોક કરવાનો વિદ્વાનોને અવસર જ ક્યાં છે? અર્થાત્ સરસ્વતીને જે શાપ મળ્યો તેમાં પૂર્વે કરેલું કોઈક કર્મ જ જવાબદાર હશે.

अवतितीर्षति—અવતરણ કરવાની ઇચ્છા રાખે છે (ઇચ્છાદર્શક રૂપ अव+तृ ધાતુનું) तपस्यन्ती तपश्चरन्ती સવિત્રી કહે છે કે હું તારી સાથે પૃથિવીલોક ઉપર ઊતરવા તૈયાર છું. सहपांशुक्रीडापरिचयपेशलः રેતીમાં સાથે રમવાને કારણે થયેલા પરિચયથી માયાળુ (પેશલ) થયેલી આ વ્યક્તિ=સાવિત્રી.

श्वःश्रेयसस्य दातारम् (=श्वश्रेयसस्य=कल्याणस्य दातारम् इति संकेतः त्र्यम्बकम् प्रतिपद्यस्व । કલ્યાણના દાતા ત્ર્યમ્બકને (તું, સરસ્વતી) શરણે જા.

1.7

एवमुक्ता मुक्तमुक्ताफल...सावित्रीद्वितीया निर्जगाम ॥ मुक्ताः मुक्ताफलवत् धवलाः लोचनजललवाः यया । मुक्ताफल—મોતી.

મોતી જેવાં સફેદ અશ્રુબિંદુઓ. केवलं कमलासनसेवा सुखम् आर्द्रयति मे हृदयम् । અહીં आर्द्रयति=स्नेहयति—ભીનું (=ઉદાસ) થઈ જાય છે. (makes my heart wistful and sad).

धर्मधामानि, समाधिसाधनानि योगयोग्यानि च स्थानानि-ધાર્મિક કાર્યો થઈ શકે એવાં તીર્થધામો, સમાધિ—નિર્વિકલ્પક ધ્યાન, એકાગ્રતા સાધી આપનાર (कर्तरि ल्युट्), અને યોગ માટે યોગ્ય સ્થાનો.

યોગનાં આઠ અંગોમાં સૌથી છેલ્લું અંગ તે સમાધિ છેઃ यम—नियम—आसन प्राणायाम-प्रत्याहार-धारणा-ध्यान-समाधयोऽष्टावङ्गानि । યોગસૂત્ર (II—29). અહીં પતંજલિએ યોગની વ્યાખ્યા આપતું સૂત્ર લખ્યું છેઃ–योगश्चित्तवृत्तिनिरोधः । યોગસૂત્ર (I—2)જો કે બાણના મનમાં પતંજલિનું યોગસૂત્ર અભિપ્રેત નથી. કેમકે તેમણે પહેલાં સમાધિનું નામ લીધું છે અને પછી યોગનું. —'સંકેત' ટીકામાં પણ લખ્યું છે કે – मध्यदेशादीनि समाधिश्चित्तैकाग्र्यम् । योगे हि तदुक्तम्—''आदौ समाधिमासीत पश्चाद्योगमुपाचरेत्'' इति ॥

रणरणकेन उपनीतः प्रजागरः यस्यै—માનસિક ચણચણાટે જેને ઉજાગરો કરાવ્યો.છે/જાગતી રાખી છે તેવી. रणरणको दुःखम् अरतिकृतम् ॥ तथा अनिमीलिते लोचने यस्याः । જેનાં નેત્રો મીંચાયા નથી તે.

अन्येद्यु:—બીજા દિવસે अन्यस्मिन् अहनि । ટીકાકાર શંકર કહે છે કે- પૃથિવીલોકની કાલગણના (આજ, આવતીકાલ વગેરે)ને બ્રહ્મલોકને વિષે પણ કૃત્રિમ રીતે લાગુ પાડી છે. एते च कालाः संख्यादयो व्यवहारा इहत्या ब्रह्मलोक उपचरिताः ॥ त्रिभुवनशेखरः, (तस्मिन् उदिते) सति । ત્રણેય ભુવનના શેખર- મુકુટ જેવા शेखर इव । शेखरो मुण्डमालकः । उदयाचलचूडामणौ—ઉદયાચલ પર્વતના મસ્તક મણિ જેવા/રૂપ. विरोचने—વિશેષપણે પ્રકાશનાર=સૂર્ય. खखणायमान— स्खलत्खलीनक्षत॰ ખણખણ અવાજ કરતાં ખસી પડેલ ખીલાવાળી લગામનું ચોકઠું વાગવાથી જે ઘા પડે. કવિ બાણને खखणायमान જેવા અનુરણનાત્મક શબ્દો વાપરવાનો શોખ છે તેનું આ ઉદાહરણ છે.

સૂર્યની આગળ બેઠેલો લાલ અરુણ સારથિ કેવો હતો ? તો जरन् कृकवाकुः (कुक्कुटः), तस्य चूडा, तद्वत् अरुणः (रक्तः) अरुणः पुरः सरः यस्य । विविच्य- વિચાર કરીને.

पितामहविमानहंसकुलपालः "પ્રાતઃકાલ થતાં સાવિત્રીની સાથે સરસ્વતી બ્રહ્મલોકમાંથી નીકળી, અને મન્દાકિની–ગંગા–નું અનુસરણ કરતી કરતી મર્ત્યલોકમાં ઊતરી. આ પ્રસંગના વર્ણનમાં બ્રહ્માના 'હંસવિમાન'નો ઉલ્લેખ નોંધપાત્ર છે. હંસવાહી દેવ–વિમાન મથુરાની શિલ્પકલામાં અંકિત થયેલ જોવા મળે છે." –શ્રી વાસુદેવશરણ અગ્રવાલ પૃ. ૧૭ (ચિત્ર–૭).

'અપરવક્ત્ર' છન્દનું બંધારણ :–अयुजि ननरला गुरुः समे तदपरवक्त्रमिदं नजौ जरौ ॥ "પહેલા અને ત્રીજા પાદમાં અગિયાર અક્ષરો હોય છે. જેમાં બે त ગણ, એક र ગણ, એક લઘુ અને બીજો એક ગુરુ અક્ષર હોય છે. તથા બીજા અને ચોથા પાદમાં બાર અક્ષરો હોય છે, જેમાં न, ज, ज અને र ગણો હોય છે." આખ્યાયિકાનાં લક્ષણોમાં જણાવ્યું છે કે તેમાં 'વક્ત્ર' અને 'અપરવક્ત્ર' છન્દોમાં લખાયેલા શ્લોકોની વચ્ચે વચ્ચે ગુંથણી કરવામાં આવી હોય છે.

'સંકેત' ટીકામાં લખ્યું છે કે–विमानपालः स्वप्रस्तावे हंसीं यदाह तेन सरस्वती पर्यनुयोजिता इव अभूत । अपरवक्त्राख्यं वृत्तमाख्यायिकासु प्रयोज्यम् । तथा चाह भामहः— 'वक्त्रं' चापरवक्त्रं च काव्ये काव्यार्थ शंसिनि इति ॥ અપરવક્ત્ર છન્દમાં લખાયેલા શ્લોકનો અન્વયઃ–हे अकलुषमानसवासलालिते ! हे कलहंसि ! किम् उत्सुकाम् दृशं तरलयसि ? (प्रथमं) वापिकाम् अवतर, पुनर् अपि पङ्कजालयम् यास्यसि ॥

अकलुषमानस॰ એટલે નિર્મળ ચિત્તવાળા બ્રહ્મા અને 'માનસ' નામનું સરોવર. लालिता शीलिता । वापिका पुष्करिणी- કમળ તલાવડી, અથવા उप्यन्तेऽस्यां तानि कर्माणीति वापिका, मर्त्यभूमिरपि । (સંકેત)

पङ्कजम् आलयो यस्य सः । બ્રહ્મા કે કમળ સરોવર अहम् इव अनेन पर्यनुक्ता। 'હું જાણે આના વડે ઉપદેશ અપાઈ.' અહીં इवनो અન્વય ક્રિયા

पर्यनुयुक्ता સાથે હોઈને, આ વાક્યમાં ઉત્પ્રેક્ષા થઈ છે. पर्यनुयुक्ता=उपपत्त्या बोधिता-સોદાહરણ જ્ઞાન કરાવાઈ છું; સમજાવાઈ છું. भवतु=ઠીક (અવ્યય). अवगणा એટલે केवला सावित्रीव्यतिरेकेण नान्यपरिवारा-એકલી જ, કેવળ સાવિત્રીને જ સાથે રાખીને अनुनय-વિનંતિપૂર્વકની સમજૂતી व्रतिव्रातः-તપસ્વીઓનો સમૂહ.

1.8

ततः क्रमेण ध्रुवप्रवृत्तां....नक्तंदिनम् अत्यवाहयत् ॥

(નોંધ : આ પેરેગ્રાફનો અનુવાદ ખંડાન્વય પદ્ધતિથી કર્યો છે).

ततः क्रमेण **ध्रुवप्रवृत्ताम्...मन्दाकिनीम्** अनुसरन्ती (सरस्वती) मर्त्यलोकम् अवततार ॥ અહીં ध्रुवप्रवृत्ताम् ઇત્યાદિ બધાં જ द्वितीयान्त પદો મન્દાકિની ગંગાનાં વિશેષણો છે. બ્રહ્મલોકમાંથી નીકળીને સરસ્વતી ગંગાને અનુસરતી પૃથિવીલોકમાં ઊતરે છે. જાણે અહીં પણ ભગીરથે સ્વર્ગમાંથી પૃથિવી ઉપર ગંગાવતરણ કરાવેલું તે પૌરાણિક કથાનો ઉપયોગ કર્યો છે.

હવે મન્દાકિનીનાં વિશેષણો જોઈશું:- ध्रुवप्रवृत्ताम् । ધ્રુવમાંથી નીકળતી અથવા ધ્રુવ જેવી ગોળાકાર. અહીં ધ્રુવ અને પ્રવૃત્તા અનેકાર્થક શબ્દો છે. તેને સમજાવતાં 'સંકેત'માં લખ્યું છે કે-(૧) ध्रुवं नित्यं वियत् । तस्मात् प्रवृत्ताम् । ध्रुवः तारकविशेषः । ध्रुवात् नित्यस्थानाद् वा, विष्णोः वा । (२) ध्रुवौ ऊरू पश्चाद्भागौ सक्थिनी ध्रुवे वा, तयोः प्रकर्षेण वृत्तां; परिवर्तुलां वा ॥* पयोधार-સ્તન અને વાદળ उद्दुरः उद्भटः—ગંભીર अन्धकमथनः (અન્ધકાસુરને મારનાર શંકર)=शिवः तस्य मौलिः (शिरः) तस्मिन् मालती मालिकाम् । (સ્વર્ગમાંથી એકવાર અંધકાસુરે પારિજાત વૃક્ષને ચોરી જવાનો પ્રયત્ન કરેલો, ત્યારે શિવે તેનો નાશ કર્યો હતો.) માલતી પુષ્પો સફેદ હોય છે, તેથી ગંગાને શંકરના મસ્તક ઉપરની માલતીમાળા કહી છે. आलियमानैः वालखिल्यैः रुद्धं रोधः (तटम्) यस्याः (मन्दाकिन्याः), ताम्। आलीयमानाः श्लिष्यन्तः । ભેગા મળેલાં ૬૦,૦૦૦ વાલખિલ્ય મુનિઓ अरुन्धत्या धौता तारवी (तरोः इयं) त्वक् तारवत्वक् यस्याम्, ताम् । અરુન્ધતી જેમાં-ગંગામાં-ઝાડની છાલમાંથી બનાવેલાં વલ્કલ વસ્ત્રોને ધોતી હતી, તેવી ગંગાને અનુસરતી-त्वङ्गन्तः (चरन्तः) तुङ्गाः तरङ्गाः, तेषु तरन्तः तरलतराः ताराः तारकाः यस्याम् (ताम) । જેમાં દોડતાં, ઊંચા તરંગો ઉપર, તરતાં તરલતર = અત્યંત ચંચળ, ताराः—અત્યંત તેજસ્વી, ચમકતા, तारकाः-તારાઓ હતાઃ તે (ગંગા)ને અનુસરતી, तापसैः विकीर्णं तरलं तिलोदकं तेन पुलकितानि पुलिनानि यस्याः, ताम्। (तिलाश्च उदकञ्चेति तिलोदकं तेषाम् समाहारः ।) તપસ્વીઓએ અર્ઘ્ય રૂપે સમર્પેલા-ઉડાડેલાં-તરલ ('વિરલ' એવું પાઠાન્તર પણ છે) તલ અને ઉદક

---

* અહીં अधोधावमानधवलपयोधराम् શબ્દમાંથી ખોટી તોડફોડ કરીને અનેક અર્થો કાઢવામાં આવ્યા છે. પરંતુ તે કુવ્યાખ્યા જ છે: अधो धावमानं वेगेन प्रसरद्धवलं पयो धारयति या ताम्, अयो धावमानो धवलो च पयोधो वत्सस्तं राति ददाति या ताम्, धवलो वृषस्तस्मै पयो धारयति या तां वा इत्यादिकाः कुव्याख्या एव ॥ सङ्केतटीकायाम्।

(=પાણી) જેના કિનારાઓ ઉપર પુલકિત થતાં હતાં. (અહીં पुलक=રોમાંચ, તેને तदस्य सजातं तारकादिभ्य इतच् / पा. सू. ५-२-३६ સૂત્રથી / इतच् / પ્રત્યય લગાડવાથી पुलकित શબ્દ બને છે.) आप्लवनेन (स्नानेन) पूतः पितामहः (ब्रह्मा), तेन पातिताः पितृ पिण्डाः (पितृभ्यो दत्ताः पिण्डाः) तैः पाण्डुरितः पारः यस्याः (ताम्) । સ્નાનથી પવિત્ર થયેલા પિતામહ બ્રહ્માજીએ ગંગાનદીના કિનારાઓ ઉપર પિતૃપિંડ મૂક્યા હતા, તેથી તે નદીની બન્ને પાર પાંડુવર્ણની બની ગઈ હતી. આ 'પિતૃ'ઓ વિષે એક સ્પષ્ટતા કરતાં શ્રી પી. વી. કાણે મહાશયે લખ્યું છે કે પિતૃ here must be taken in the sense of 'a particular class of divine beings' ('देवयोनिविशेष' એવો અર્થ જ લેવો) and not in the sense of 'father' or 'dead ancestors'. (p. 183) પિતૃઓને આપવામાં આવતા પિંડ ચોખામાંથી બનાવવામાં આવે છે, તેથી "ગંગાના કિનારા 'પાંડુરિત' થયા હતા." એમ કહ્યું છે. पर्यन्ते (समीपे) सुप्ताः सप्तर्षयः, तेषां कुशशयनेन सूचितः सूर्यग्रहसूतके उपवासः यस्याम्। સૂર્યગ્રહણમાં રાહુદર્શન થતાં સૌ વર્ણના લોકોને સૂતક=અશૌચ લાગુ પડે છે. તેમાં ઉપવાસ કુશની શય્યા ઉપર શયન દાનાદિ કર્મો કરવાનાં સ્મૃતિ ગ્રન્થોએ કહ્યાં છે. आचमनेन शुचिः शचीपतिः (इन्द्रः), तेन मुच्यमानः अर्चनकुसुमानां निकरः (=समूहः) तेन शाराम् । "આચમનથી શુચિ = પવિત્ર થયેલ, शचीपति=(ઇન્દ્ર). અહીં "આચમનથી પવિત્ર થયેલ शचीपति=ઇન્દ્ર" શબ્દોનું સ્વારસ્ય–લક્ષ્યાર્થ–સ્પષ્ટ કરતાં 'સંકેત' ટીકામાં લખ્યું છે કે –आचमनेत्यादिना। पितामहवत्र स्नानादिनिष्ठात्वमस्योच्यते। अत्र एव शचीपदेन संभोगसक्तत्वमिव पोषितम् ॥ પૂજનપુષ્પોના સમૂહથી ગંગાનદી કાબરચીતરી–शारा—થઈ હતી. शिवपुरात् आपतितं निर्माल्यमन्दारदाम यस्याम्, (ताम्) । તે (ગંગા)માં શિવપુરમાંથી નિર્માલ્ય બનેલી (=શિવને એકવાર ચઢાવેલ) મન્દાર પુષ્પોની માળા આવી પડી હતી. સ્વર્ગલોકનાં પાંચ પુષ્પોમાંનું એક પુષ્પ તે 'મન્દાર' છે.

पञ्चैते देवतरवो मन्दारः पारिजातकः ।
सन्तानः कल्पवृक्षश्च पुंसि वा हरिचन्दनम् ॥

अनादरेण=अनायासेन (वि)दारिता मन्द्रपर्वतस्य दरीद्दषद् यया, (ताम्) । અનાદરપૂર્વક અર્થાત્ સહેલાઈથી–અનાયાસે–જેણે મન્દરપર્વતની (दरी=) ગુફાઓના પથ્થરને વિદારી કાઢ્યા છે, તેવી ગંગાનદીને અનુસરતી. अनेक—नाक (स्वर्ग)—नायकानां निकायाः (=समूहाः), तेषां कामिन्यः, तासां कुचकलशैः विलुलितः विग्रहः (शरीरं) यस्याः। અહીં नाक=સ્વર્ગના અનેક નાયકો=દેવતાઓની પત્નીઓના કુચ=સ્તન રૂપી કળશો(ના અથડાવા)થી વિલુલિત=હાલી ઉઠેલા (જલપ્રવાહ રૂપ) વિગ્રહ=શરીરવાળી ગંગાને અનુસરતી ग्राहाणां ग्राव्णां च ग्रामः (=समूहः) तस्मिन्

स्खलनं तेन मुखरितं स्रोतः यस्याः । મગરમચ્છાદિ ગ્રાહો અને ગ્રાવા = પથ્થરોના સમૂહ ઉપર-ની સાથે-અથડાવાથી જેનો જલપ્રવાહ મુખરિત (ધ્વનિયુક્ત) થયો છે તેવી, सुषुम्णास्रुता शशिनः सुधा, तस्याः शीकराणां स्तबकेन तारकितं तीरं यस्याः। સૂર્યના એક કિરણનું નામ સુષુમ્ણા છે અને તે કિરણમાંથી ચન્દ્રમા–ચન્દ્રમાનું અમૃત–જન્મેલ છે सुषुम्णाख्योऽमृतमयो रविरश्मिः । इति सङ्केतटीकायाम् ॥ એવી એક અતિ પ્રાચીન માન્યતા છે. યાસ્કે (ઇ. સ. પૂર્વે ૬૦૦) 'નિરુક્ત'માં લખ્યું છે કે – अथापि अस्यैको रशिमश्चन्द्रमसं प्रति दीप्यते तदेतेनोपेक्षितव्यम् आदित्यतोऽस्य दीप्तिर्भवतीति । सुषुम्णः सूर्यरश्मिश्चन्द्रमा गन्धर्वः इत्यपि निगमो भवति ॥ (II–2–2) शीकर–ફોરાં, स्तबक–ગુચ્છ, સમૂહ. धिषणस्य (बृहस्पतेः) अग्निकार्यं तस्य धूमः तेन धूसरितं सैकतं यस्याः । ધિષણ એ બૃહસ્પતિનું નામ છે. તેમણે જે અગ્નિકર્મ યજ્ઞયાગાદિ કાર્યો કર્યાં તેના ધૂમાડાથી ગંગાનદીની सिकता=રેતી ભૂખરી=धूसरित થઈ ગઈ હતી. सिद्धैः विरचितानि वालुकालिङ्गानि, तेषां लंघनेन (कदाचित् शप्ताः भविष्यामः इति) त्रासात् यतः विद्रुताः विद्याधराः यस्याः ताम्॥ સિદ્ધ ઋષિમુનિઓએ ગંગાના તીર ઉપર રેતીના શિવલિંગો રચીને, તેની પૂજા કરી હતી. આ શિવલિંગોનું અજાણતાંય જો ઉલ્લંઘન થાય તો શિવજીનો શાપ મળશે એવા ભયથી ત્રાસી ઉઠેલા વિદ્યાધરો ત્યાંથી નાસભાગ કરતા હતા.

હવે કવિ બાણભટ્ટ રૂપક ગર્ભિત ઉત્પ્રેક્ષા/ઉપમાલંકારથી મન્દાકિનીને વર્ણવે છે :– गगनोरगस्य निर्मोकमुक्तिम् इव । જાણે કે ગગન રૂપી ઉરગે (=પેટથી ચાલતા =સર્પે) ઉતારેલી તે કાંચળી હતી. निर्मोकः सर्पकञ्चुकः । विस्रंसतया शुक्लत्वेन लहरिकवलीत्वेन निर्मोकमुक्तिम् इव इति उत्प्रेक्षा । गगनम् इव उरगः कृष्णतया ॥ (સંકેત) (અહીં रूव ને બદલે एव નો પ્રયોગ ઉચિત જણાય છે.) બાણે શ્યામ આકાશ ઉપર ઉરગ–સર્પનો અભેદારોપ કર્યો છે અને ગંગાની જળલહરીઓમાં તે ઉરગે–સર્પે ઉતારેલી કાંચળીની સંભાવના કરી છે. આમ રૂપક ગર્ભિત ઉત્પ્રેક્ષા રજુ કરી છે. त्रिविष्टपः (=સુરલોક) एव विटः । દેવલોક રૂપી વિટ, તેની लीलाललाटिकाम् इव—તે લીલા લલાટિકા હતી. ચન્દન કે ભસ્માદિથી લલાટ ઉપર અંકિત કરવામાં આવતું કોઈ ચિહ્ન. 'સંકેત' મુજબ : .ललाटिका ललाटालंकारः । હવે કહે છે કે–पुण्यम्, एव पण्यम् तस्य विक्रयवीथीम् इव—પુણ્ય રૂપી વેચવાની વસ્તુ, તેનું વેચાણ કરતા (બજાર)ની ગલી હોય તેવી (ગંગા) ! अर्गला—આગળો ('સ્ટોપર'). બારણું બંધ કરવાની મોટી કડી. अंशुक—उष्णीषम्—રેશમી પાઘડી कैलासकुञ्जरस्य दुगुलकदलिकाम् इव । કૈલાસ પર્વત રૂપી કુંજર = હાથીની રેશમી પતાકા હોય તેવી (ગંગા). અહીંઆ A.A. Führer તથા શ્રી પી. વી. કાણેએ दुकूल° એવો પાઠ સ્વીકાર્યો છે. પરંતુ ટીકાકાર શંકરે 'સંકેત'માં લખ્યું છે કે दुगूलशब्दो

दुकूलसमानार्थः । આથી સૂચવાય છે કે બાણના સમયમાં આ બન્ને શબ્દો પ્રચલિત હશે. पद्धति = માર્ગ (પગથી જે સતત હણાય છે તે = માર્ગ) અને अपवर्ग=મોક્ષ कृतयुगस्य नेमिम् इव—રથચક્રના નેમિ=આરાના જેવી જ આ ગંગાનદી પણ કૃતયુગ = સતયુગનો આરો હતી. कृतयुगस्य रचित—युगकाष्ठस्य रथस्येत्यर्थः । यथा नेमिवशाद्रथ ग्रहण तथा तद्वशात्कृतारख्यस्य युगस्य ॥ (सङ्केतः) સપ્તસાગરરાજ = ક્ષીરસમુદ્ર—ની મહિષી = પટરાણી જેવી મન્દાકિનીને અનુસરતી સરસ્વતી મર્ત્યલોકમાં ઊતરી.

❋

હવે પૃથ્વીલોક ઉપર આવ્યા પછી, તે સરસ્વતીએ **'શોણ' નામનો મહાનદ** જોયો. તે મહાનદને પશ્ચિમ કિનારે આવેલા લતામંડપમાં તેણે નિવાસ કરવાનો સંકલ્પ કર્યો. બાણ મંદાકિનીને વર્ણવ્યા પછી શોણનું વર્ણન શરૂ કરે છે :-

वरुणस्य हारमिव—વરુણદેવતાનો (ગળાનો) હાર હોય તેવો, चन्द्राचलस्य अमृतनिर्झरम् इव—ચન્દ્ર નામનો પર્વત, અથવા ચન્દ્ર રૂપી પર્વતનું અમૃત વહાવતું ઝરણું હોય તેવો; આ શોણ નામનો મહાનદ વિન્ધ્યપર્વતોની હારમાળા પાસે આવેલો હોઈ, કવિ કહે છે કે विन्ध्यस्य शशिमणिनिष्यन्दम् इव—વિન્ધ્ય પર્વત ઉપરના ચન્દ્રકાન્તમણિનો નિષ્યન્દ = દ્રવ હોય તેવો ('ચન્દ્રોદય વખતે ચન્દ્રકાન્ત મણિ ઓગળે છે' એવો કવિસમય છે. તેથી કવિ કહે છે કે આ શોણનું પાણી ચન્દ્રકાન્તમણિના દ્રવ જેવો છે.) दिशाम् लावण्यरसप्रस्रवणम् इव—દિશાઓના લાવણ્યરસનો તે પ્રસ્રવણ (=વહાવનાર સ્રોત સમો) હતો. पितामहस्य अपत्यं हिरण्यवाह—नामानम्—પિતામહ બ્રહ્માનું સંતાન હોય તેવા આ મહાનદનું નામ 'હિરણ્યવાહ' હતું. 'હિરણ્યબાહુ' એવું પાઠાન્તર પણ છે. પરંતુ અમરકોશમાં શોણના પર્ય્યાય તરીકે 'હિરણ્યવાહ' જ નોંધવામાં આવેલ છે. તેથી 'હિરણ્યબાહુ' પાઠાન્તર યોગ્ય નથી લાગતું.

આ મહાનદની ઉપકંઠ ભૂમિઓ—આસપાસના પ્રદેશો—ની શોભા સરસ્વતીને ગમી ગઈ. તથા एकस्मिंश्च शुचौ शिलातलसनाथे तटलतामण्डपे गृहबुद्धिं बबन्ध ।—એક પવિત્ર શિલાતલયુક્ત, તટની નજીકના લતામંડપમાં તેણીએ ગૃહબુદ્ધિ બાંધી—આ મારું ઘર છે એવું મનોમન માની લીધું. (તેણે સાક્ષાત્ ઘર તો ના બાંધ્યું, પણ લતામંડપને જ પોતાનું ઘર માની લીધું.) કવિએ 'ઘર બાંધ્યું' એમ કહેવાને બદલે गृहबुद्धिं बबन्ध કહીને વક્રોક્તિ સર્જી છે. सस्नौ—સ્નાન કર્યું. परमया भक्त्या पुलिनपृष्ठप्रतिष्ठित शिवलिङ्गा=पुलिनपृष्ठे प्रतिष्ठापितं सैकतं शिवलिङ्गं यया । (सरस्वती) अष्टपुष्पिकाम् अदात् (अयच्छत्) । તેણે પરમ ભક્તિથી રેતીના પટમાં શિવલિંગ પ્રતિષ્ઠિત કરીને આઠ પુષ્પો સમર્પ્યાં. अष्टौ पुष्पाणि एव अष्टपुष्पिका ।

(સંકેત) આ અષ્ટપુષ્પિકાનાં વિશેષણોમાં જણાવ્યું છે કે–पञ्चब्रह्मपुरःसज्ञं– पञ्चब्रह्माणि सद्योजातः, वामदेवः, अघोरः, तत्पुरुषः ईशानश्च । આ પાંચ બ્રહ્મની સ્તુતિપૂર્વક, सम्यङ् मुद्राबन्धः (=विशिष्टकराङ्गुलिसंनिवेशः) तेन विहितः परिकरः यस्याः । સમ્યક્પણે મુદ્રાબંધ રચીને (આંગળીઓ ચોક્કસ આકૃતિમાં ગુંથીને) તૈયાર થઈને. ध्रुवागीतगर्भाम्–(ध्रुवाख्या विशिष्टा गीतिः) 'ધ્રુવ' નામની ગતિથી યુક્ત. –અષ્ટપુષ્પિકા સમર્પી. આ પૂર્વે સરસ્વતીએ અષ્ટમૂર્તિ શિવનું ધ્યાન ધર્યું :- अवनि–पवन–वन (=जलम्)–गगन–दहन–तपन–तुहिन किरण–यजमानमयीः मूर्तिः अष्टौ अपि सुचिरम् ध्यायन्ती– પાંચ મહાભૂત, સૂર્ય, ચન્દ્ર અને યજમાન (=ચૈતન્યવિશિષ્ટ આત્મા) – તે પાંચ+ત્રણ =આઠ તત્ત્વો શંકરના પ્રત્યક્ષ જોઈ શકાય એવાં સ્વરૂપો છે; તેનું સરસ્વતીએ લાંબા સમય સુધી ધ્યાન ધર્યું. (કાલિદાસે પણ 'શાકુન્તલ' નાટકના નાન્દી શ્લોકમાં શંકરની આ જ આઠ પ્રત્યક્ષ મૂર્તિઓનો ઉલ્લેખ કર્યો છે.) अमृतरसम् अपि अतिशिशयिषमाणेन (शोणवारिणा)–અમૃતના રસને પણ ચઢી જવા માંગતા = अतिशेतुम् अभिभवितुम् इच्छता अतिशिषयिषमाणेन (ઇચ્છાદર્શક રૂપ). शरीरस्थितिम्–શરીરસ્થિતિ, શરીરયાત્રા, જીવનનિર્વાહ.

❋

શ્રી વાસુદેવશરણ અગ્રવાલ નોંધે છે – "મંદાકિનીના વર્ણનમાં કલાની દૃષ્ટિએ ઘણા શબ્દો ઉપયોગી છે. જેમકે, मौलिमालतीमालिका, મસ્તક ઉપર પહેરવામાં આવતી માલતીની માળા; જેનું ચિત્રણ ગુપ્તકળામાં જોવા મળે છે. (ચિત્ર. ૮); अंशुकोष्णीषपट्टिका અર્થાત્ અંશુક નામના મહીન વસ્ત્રની પાઘડી, જેના ઉપર એક પટ્ટિકા બાંધવામાં આવતી હતી. (ચિત્ર-૯) વિટના મસ્તક ઉપર બાંધવામાં આવતી લીલાલલાટિકા. વિટો અને વિદૂષકોના વેશ કંઈક મશ્કરાપણાને માટે હોય છે. એવું જણાય છે કે વિટ લોકો માથા ઉપર બોલ કે બેંદી (વેણી?) કે ટિકડી જેવું કોઈ આભૂષણ (લલાટિકા) પહેરતા હતા. વિદુષકોને માટે ત્રણ ચાંચવાળી (त्रिशिखण्डक) ટોપી ગુપ્તકાળમાં પ્રસિદ્ધ હતી. (ગુપ્ત આર્ટ, ચિત્ર-૧૦)."

વળી બાણે મન્દાકિનીને માટે સપ્તસાગર રાજમહિષીની કલ્પના કરી છે. વસ્તુતઃ ગુપ્તયુગ અને ઉત્તરગુપ્તયુગમાં દ્વીપાન્તચરોની સાથે ભારતીય સમ્પર્કોની વૃદ્ધિ થતા સપ્તસાગરના ઉલ્લેખો સાહિત્યમાં પણ આવવા શરૂ થયા છે. પુરાણોમાં, આ જ યુગમાં 'સપ્તસમુદ્ર મહાદાન' ની કલ્પના કરવામાં આવી છે (મત્સ્યપુરાણ ષોડશમહાદાન પ્રકરણ). વિદેશોની સાથે વ્યાપાર કરીને, ઘરે પાછી ફરીને ધનિક વેપારીઓ સવા પાશેરથી માંડીને સવા મણ સોનામાંથી બનાવેલા સપ્તસમુદ્ર રૂપી સાતકુંડોનું દાન કરતા હતા. મથુરા, પ્રયાગ કાશી જેવા મોટા કેન્દ્રોમાં, જ્યાં આ

પ્રકારનું દાન થતું હતું, તે જલાશય સપ્તસમુદ્ર કૂપ અથવા સમુદ્રકનપ કહેવાતા હતા. આ નામના કૂપ આજદિન સુધી એ ત્રણેય સ્થળોએ વિદ્યમાન છે. આમ મન્દાકિનીને માટે સપ્તસમુદ્રોની પટરાણીની કલ્પના ભારતના સાંસ્કૃતિક ઈતિહાસનું એક સુન્દર સમકાલીન પ્રતીક છે.

આ પછીની કથા, મર્ત્યલોકમાં શોણ નદી–મહાનદ–ના કિનારે શરૂ થાય છે. બાણે શોણને **ચન્દ્રપર્વત**નું અમૃતઝરણું, **વિંધ્યાચળ**ના ચન્દ્રકાન્તમણિઓનો નિચોડ અને **દંડકારણ્ય**ના કર્પૂરવૃક્ષોમાંથી ચૂએલો પ્રવાહ કહ્યો છે. શ્રીયુત પ્રબોધચન્દ્ર બાગચી નામના વિદ્વાને એક ચન્દ્રદ્વીપની ઓળખાણ દક્ષિણ બંગાળના બારીસાલ જિલ્લાના સમુદ્રતટની સાથે કરી છે. પરંતુ શોણની સાથે જોડાયેલ ચન્દ્રપર્વત વિન્ધ્યાચળનો એ ભાગ હોવો જોઈએ કે જ્યાં અમરકંટકના પશ્ચિમી ઢોળાવ ઉપરથી સોન નદીનો ઉદ્ગમ થાય છે. ભવભૂતિએ ઉત્તરરામચરિત (અંક-૪)માં સીતાવનવાસથી ખિન્ન થયેલા રાજા જનકે વૈખાનસ વૃત્તિ ધારણ કરીને ચન્દ્રદ્વીપના તપોવનમાં કેટલાંક વર્ષો વીતાવ્યાનો ઉલ્લેખ છે. સંભવ છે કે ભવભૂતિનો તે ચન્દ્રદ્વીપ વિન્ધ્યાચલની ભૂગોળનો જ ભાગ હોય, કે જે ઉત્તરરામચરિતની ભૌગોલિક પૃષ્ઠભૂમિની અન્તર્ગત આવતો હશે. બાણના સમયમાં શોણનું બીજું નામ 'હિરણ્યવાહ' પણ પ્રસિદ્ધ હતું. અમરકોશમાં પણ શોણનો તે પર્યાય 'હિરણ્યવાહ' આપ્યો છે; જેનાથી એ સિદ્ધ થાય છે કે ગુપ્તકાળ સુધીમાં એ નામ પ્રખ્યાત થયું હશે.

❋

સોન (શોણ)ના પશ્ચિમ તીરે અર્થાત્ ડાબી તરફના તટ ઉપર સરસ્વતીએ નિવાસ કર્યો અને જમણી તરફના કિનારે, સોન નદીની નજીકના ભાગથી થોડેક દૂર જતાં જ ચ્યવનાશ્રમ હતો.' (પૃષ્ઠ-૧૦૧, ૧૦૨)

1.9

एवमतिक्रामत्सु....अश्ववृन्दं संददर्श । मध्ये च ।

तस्य अष्टादशवर्षदेशीयं युवानमद्राक्षीत् ।.... मौलिं पुरुषम् ॥

આ ખંડમાં નીચે મુજબની કથા જોવા મળે છે: (૧) સરસ્વતી અને સાવિત્રીએ મન્દાકિનીના માર્ગે પૃથિવીલોક ઉપર અવતરણ કર્યા પછી વિન્ધ્યપ્રદેશમાં આવેલ હિરણ્યવાહ નામના મહાનદને કિનારે એક લતામંડપમાં નિવાસ શરૂ કર્યો છે. આ 'હિરણ્યવાહ' નામના મહાનદને, બાણના સમયમાં લોકો 'શોણ' નદી તરીકે ઓળખતા હતા) (૨) ત્યાં રહેતાં રહેતાં ઘણા દિવસો પસાર થઈ ગયા. પછી એક દિવસ સવારે તેમણે પહેલાં ઘોડાઓનો હણહણાટ સાંભળ્યો, અને પછી યુવાન પદાતિ વ્યક્તિઓ ઘોડેસ્વાર થઈને આવતા જોયા. (૩) ઘોડેસ્વારોની વચ્ચે એક

ભવ્યાતિભવ્ય પ્રભાવક વ્યક્તિત્વ અને સૌન્દર્યવાળા અઢાર વર્ષના યુવકને સરસ્વતીએ જોયો. (આ યુવક તે ચ્યવન ઋષિનો દધીચ નામનો પુત્ર છે; અને સરસ્વતીનો ભાવિ પતિ છે.) (૪) આ યુવકની સાથે બીજા એક પ્રૌઢ પુરુષને પણ તે સરસ્વતી-સાવિત્રીએ જોયો.

❋

एवम् अतिक्रामत्सु*...अश्ववृन्दं संददर्श । અહીં—याममात्रोद्गते—(સતિ સપ્તમી) યામ એટલે એક પ્રહર=૩ કલાકનો સમયગાળો उत्तरस्यां ककुभि—ઉત્તર દિશામાં, प्रतिशब्दपूरितवनगह्वरम्—પડઘાથી જંગલો અને કોતરોને પૂરી દેતો, तुरङ्गहेषितह्लादम् ઘોડાના હણહણાટ ધ્વનિને विकच—વિકસિત, ખીલેલાં °केतकी—गर्भपत्र—पाण्डुरम्—કેવડાના ગર્ભપત્ર (અંદરનાં પીળાં પાંદડાં) જેવા પાંડુ रजःसंघातम् રજકણોનાં સમૂહને (જોયો) शफरोदरधूसरे रजसि—(शफराः मत्स्याः) માછલીના ઉદર જેવા ધૂસરિત રજકણોમાં, पयसि इव मकरचक्रं प्लवमानं (अश्ववृन्दं संददर्श) પાણીની અંદર મગરોનો સમૂહ તરતો હોય તેમ રજકણોની વચ્ચે અશ્વવૃન્દને—ઘોડેસ્વારોના સમૂહને— જોયો. पुरः प्रधावमानेन....°जूटकेन....°भित्तिना,...°कञ्चुकेन...युवाप्रायेण सहस्रमात्रेण पदातिजनेन सनाथम् अश्ववृन्दं संददर्श એવી અન્વિતિ છે. અહીં બધાં તૃતીયાન્ત પદો पदातिजनेन નાં વિશેષણો છે. पदाति=પગપાળા, પગે ચાલતાં. શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે—ગુપ્તકાળમાં ઘણા પ્રયત્નો પછી પદાતિ સૈન્યનું જે રૂપ તૈયાર થયું હતું તેનું સુન્દર ચિત્ર બાણે અહીં રજૂ કર્યું છે. (પૃ. ૧૦૩) प्रलम्ब...घटितललाटजूटकेन લલાટ ઉપર જટા બાંધવાનો રિવાજ દાક્ષિણાત્યોમાં પ્રચલિત એવો વેષ છે. (સંકેત). બાણના સમયમાં લાંબા વાળ રાખવાનો રિવાજ હતો; પરંતુ ફોજી જવાનો લાંબા વાંકડીયા વાળને એકઠા કરીને તેનો અંબોડો માથા ઉપર બાંધતા હતા. (જુઓ શ્રી વા. શ. અગ્રવાલ ચિત્રઃ ૧૧) दन्तपत्रिका કાનમાં પહેરવાનું એક આભૂષણ. 'પદાતિઓ હાથીદાંતમાંથી બનાવેલાં પત્તાં પહેરતાં હતા, જે ઝુમખાની જેમ ગાલ ઉપર લટકતાં હતાં.' पिनद्धकृष्णा...कञ्चुकेन। આને સમજાવતાં ટીકાકાર શંકર લખે છેઃ कृष्णागुरुणः पङ्को निर्घृष्टं कृष्णागुरुः, तस्य शुष्कस्य सतः कल्कश्चूर्णः, तच्छुरणात् कृष्णेन गुणेन शबलं (કાબરચીતરું) कषायं साधिवासितं कञ्चुकं वारबाणं यस्य ॥ (અહીં 'કંચુક'નો અર્થ 'વારબાણ' કર્યો છે. આ શબ્દના કવચ, બખ્તર અને ઝભ્ભો એવા અર્થો થઈ શકે છે. स्पष्टहाटककटकेन-(તે પદાતિઓએ) સ્પષ્ટ સોનાનાં કડાં (પહેર્યાં હતાં). ડાબા હાથના કાંડા ઉપર સોનાનું કડું પહેરવાનો રિવાજ ગુપ્તકાળમાં સાર્વત્રિક હતો. કાલિદાસે પણ તેનો ઉલ્લેખ કર્યો છે. (कनकवलयभ्रंशरिक्तप्रकोष्ठः । मेघदूत-२१) આ કડું કંઈક નીકળી શકે તેવું, કે ઢીલું રાખવામાં આવતું હતું જે સંભવતઃ ચંચળતાની નિશાની હતી. આ વિશેષતાને કારણે તેને 'स्पष्ट—हाटक—कटक' કહેલ છે. असिधेनु—એક

પ્રકારની છરી (જુઓ : શ્રી. વા. શ. અગ્રવાલ, ચિત્ર-૧૨) 'પદાતિઓ હાથીદાંતમાંથી બનાવેલ પત્તાં પહેરતા હતા, જે ઝુમખાની જેમ ગાલ ઉપર લટકતાં હતાં, ०व्यायामकृतकर्कशशरीरने બદલે ०व्यायामकृशकर्कशशरीरे એવો પાઠ લીધો છે. કારણ કે વ્યાયામથી શરીર કર્કશ–પાતળું–પડી ગયું હતું એમ કહેવાને બદલે વ્યાયામથી શરીર પાતળું પડી જવા છતાંય કર્કશ–ખડતલ, મજબૂત, કસાયેલું થયું હતું એમ કહેવું જ ઉચિત છે. वानहरिणयूथेन—वातहरिणो यो वाताभिमुखं धावति । (સંકેત) समविषम—अवट—विटपेन—ઉબડખાબડ, સમતળ=સપાટ અને વિષમ=ખાડાટેકરાવાળા–अवट=उन्मार्गः (સંકેત), ઊંડા ખાડાવાળા विटप— ઝાડી ઝાંખરાવાળા (પ્રદેશોને ઓળંગી જનારા) कोणधारिणा(कोणो लगुडः)—દંડ, પરણોવાળા ડંડા (मुँगरी) વાળા कृपाणपाणिना—હાથમાં કૃપાણ–તલવાર–લીધેલા શ્રી વાસુદેવશરણ અગ્રવાલ કહે છે કે–'આવી પદાતિ સેના આગળ આગળ ઝડપથી, જતી હતી અને તેની પાછળ ઘોડેસ્વારોની ટૂકડી આવતી હતી.

❋

मध्ये च तस्य,...कृतच्छायम्,...अनुगम्यमानम्,...विराजमानम्,...अष्टादशवर्षदेशीयं युवानम् अद्राक्षीत् ॥ 'તે (અશ્વવૃન્દ)ની વચ્ચે તેણીએ (સરસ્વતીએ) લગભગ અઢાર વર્ષની ઉંમરના યુવાનને જોયો". અહીં બધાં જ દ્વિતીયાન્ત પદો युवानम्નાં વિશેષણો છે. (અનુવાદમાં તે દરેક દ્વિતીયાન્ત વિશેષણને એક પૂર્ણ વાક્ય બનાવીને રજૂ કરેલ છે.)

आतपत्रेण कृतच्छायम्— આતપત્ર (તડકો દૂર કરનાર છત્ર)થી તેને 'છાયા' કરવામાં આવી હતી. 'છાંયા' એટલે છાંયડો અને કાંતિ. બાણભટ્ટે અહીં જે છત્રનું વર્ણન કર્યું છે, તે નોંધપાત્ર છે; શ્રી વાસુદેવ શરણ અગ્રવાલ લખે છે કે- "સેનાનાયકના માથા ઉપર છત્ર હતું. બાણે છત્રોનું અનેક જગ્યાએ વર્ણન કર્યું છે. આવાં છત્રોની ત્રણ વિશેષતાઓ હતી. તેની છેક ઉપરની ટોચે અર્ધચન્દ્રની આકૃતિવાળી એક ગોળ કિનારી બનાવવામાં આવતી હતી. બંગડીદાર કે ચૂડીદાર સજાવટની પ્રભામંડળ સહિતની તે કિનારી (Scalloped border) કુષાણકાલથી મળતી આવી છે. પરંતુ ગુપ્તકાલના છાયા–મંડળોમાં આ કિનારીની સાથે બીજાં પણ અલંકરણો, જેવાં કે, કમળની પાંખડીઓ, મોર કે ગરુડ (ચિતરવામાં આવતાં હતાં એમ જોવા) મળે છે. આ છાયામંડળો હૂબહૂ છત્રીની ઢબે અલંકૃત કરવામાં આવતાં હતાં એવું કાલિદાસે લખ્યું છે (छायामंडललक्ष्येण... पद्मातपत्रेण ।— रघुवंशः (4-5). છત્રીઓની કિનારી ઉપર મોતીઓની ઝુલ પણ મૂકવામાં આવતી હતી (मुक्ताफलं नानमालिना) અને વચ્ચે વચ્ચે જાતજાતનાં રત્નોને પણ જડવાંમાં આવતાં હતાં." कृता छाया यस्य सः कृतच्छायः, तम् । અહીં ०चन्द्रेण, ०मालिना, ०खचितेन અને ०पाण्डुरेण એ ચારેય તૃતીયાન્ત પદો क्षीरोदेन (ઉપમાન) અને

आतपत्रेण (ઉપમેય)નાં સાધારણ વિશેષણો છે. ટીકાકાર શંકર પણ લખે છે કે– क्षीरोदस्यापि अर्धचन्द्रादि सर्वं योज्यम् । (सङ्केत:). અહીં 'क्षीरोद=ક્ષીરસાગર, स्वयम्—જાતે જ–જાણે લક્ષ્મી આપવા આવ્યા હોય. આ ઉત્પ્રેક્ષા स्वयंનો ગર્ભિતાર્થ આ પ્રમાણે છે : ઈન્દ્રને આપેલા દુર્વાસસ્‌ના શાપથી લક્ષ્મી ત્રણેય ભુવનમાંથી અદૃશ્ય થઈ ગઈ. આથી દેવોએ ભેગા મળીને લક્ષ્મી સહિતના રત્નો શોધી કાઢવા માટે સમુદ્રમંથન કર્યું હતું. સમુદ્ર જાતે લક્ષ્મીને આપવા આવ્યો ન હતો. પરંતુ આ ('દધીચ' નામના) યુવાનને તો જાણે કે સામેથી લક્ષ્મી આપવા સમુદ્ર આવ્યો હોય તેવું છત્ર ધરવામાં આવ્યું હતું. છત્રનાં ચાર વિશેષણ છેઃ (૧) सार्धचन्द्रेण— અર્ધચન્દ્રયુક્ત. (૨) मुक्ताफलजालमालीना । મોતીઓની સેર લટકાવેલા (૩) विधरत्नखण्डखचितेन । જુદાં જુદાં રત્નખંડોથી જડેલ, અને (૪) शङ्खक्षीरफेनपाण्डुरेण। શંખ અને દૂધના ફીણ જેવા પાંડુવર્ણના છત્રથી તે યુવાનને 'છાયા' કરવામાં આવી હતી.

—द्युतीनां निवहेन=ધુતિના સમૂહથી, चक्रवालेन=સમૂહથી, शिखण्डखपिण्डिका— चूडाभरणम्. अवष्टम्भ—ગર્વ. अभिनवयौवनारम्भ....शरदम् इव प्रवर्तयन्तम् । બાણભટ્ટે આ વિશેષણમાં યુવકની પ્રભાવક અને સૌન્દર્યયુક્ત આંખનું વર્ણન કર્યું છે : ગર્વીલી અને પ્રગલ્ભ નજરોથી તેણે ત્રણેય ભુવનને તૃણ જેવાં તુચ્છ બનાવી દીધાં હતાં. વળી, આવી પ્રભાવક આંખોની प्रथिम्ना=લંબાઈથી તે શરદ્ ઋતુને પ્રવર્તાવતો હતો. કોઈ સામાન્ય રીતે એમ કહે કે 'અમુકની આંખો સુન્દર છે.' તો તેમાં તે સુન્દરતા કેવી હશે તેનો અનુભવ કરાવવો મુશ્કેલ છે. આને માટે કવિઓ ઉપમાન* (objective co-relative) પ્રયોજે છે. જેમકે 'આંખો **કમળપત્ર** જેવી સુન્દર છે.' પરંતુ બાણભટ્ટ આથી પણ આગળ વધે છે; અને અદ્‌ભૂત ચમત્કૃતિપૂર્ણ એક કાવ્ય સર્જે છેઃ विकच—कुमुद—कुवलय कमल—सर:सहस्र—संछादितदशदिशम् (शरदम् इव प्रवर्तयन्तम्)। જાણે કે ખીલેલાં હજારો કુમુદ, કુવલય અને કમળ સરોવરોથી સારી રીતે છવાયેલી દશેય દિશાઓવાળી શરદ્ ઋતુને તે યુવાન પ્રવર્તાવતો હતો." અર્થાત્ શરદ્‌ઋતુમાં કુમુદ, કુવલય અને કમળો ખીલી ઊઠે છે. તો આ યુવાનની આંખો પણ કુમુદપત્ર જેવી હતી, કુવલયપત્ર જેવી હતી, કમળપત્ર જેવી હતી ! પરિણામે જાણે શરદ્‌ઋતુ આંગણે આવીને ઊભી હોય એવું લાગતું હતું !–ટૂંકમાં, 'તે યુવાનની આંખો સુન્દર હતી.' કે 'કમળપત્ર જેવી હતી' એવું કંઈ ન કહેતાં, કવિ બાણે જે વક્રોક્તિ–ઉત્પ્રેક્ષા પ્રયોજી છે તે એક મજાના કાવ્યને માણ્યા જેટલો આનંદ અર્પે છે.

કવિએ તે યુવાનની આંખનું વર્ણન કર્યા પછી, તેના લાંબા નાકનું પણ સુન્દર વર્ણન કર્યું છે. ત્યાર પછી, તે સુગન્ધીદાર પાન-મસાલા ખાતો હતો તેનું પણ, ઉત્પ્રેક્ષાની મદદથી, સુન્દર વર્ણન કર્યું છે : अतिसुरभिसहकार...वसन्तम् इव

अवतारयन्तम् । શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે–"તે યુવાનના મુખમાં વિશેષ પ્રકારનો સુગંધિત મસાલો હતો; જે સહકાર, કર્પૂર, કક્કોલ, લવીંગ અને પારિજાત– એ પાંચ સુગંધિત દ્રવ્યોમાંથી બનાવ્યો હતો. એવું લાગે છે કે તે સમયે આ મુખશોધક સુગંધિ (મુખામોદ)નો વધારે રિવાજ હતો. બાણે અન્યત્ર પણ તેનો ઉલ્લેખ કર્યો છે અને ઉપર લખેલાં દ્રવ્યો સિવાયનાં ચંપક અને લવલી પણ મુખશોધક મસાલામાં મેળવવાની વાત તેમણે લખી છે. (પૃ. ૨૧)." ટીકાકાર શંકર લખે છે કે-सहकार: सुगन्धद्रव्यभेद: सहकारफलेनैव क्रियते (કેરીમાંથી જ બનાવવામાં આવતું સુગન્ધીદાર ચૂર્ણ) । पारिजातकोऽनेक द्रव्यसंस्कृतो मुखवासविशेष: देववृक्षश्च । वसन्तश्चैवंविधेनैव मुखेन प्रारम्भेणोपलक्षितो भवति ॥ (સંકેત). તે યુવાનના મુખમાંથી આવા મસાલાઓની સુગન્ધ છુટતી હતી, તેથી તેના મુખની આસપાસ ભમરાઓ પણ ફરતા હતા ! અને પરિણામે ઈન્દ્રનો બગીચો –નન્દનવન– સહિતની જાણે કે વસન્તની ઋતુ જ અવતરી હતી ! અહીં કેટલીક હસ્તપ્રતોમાં वसन्तम् इव वमन्तम्। એવો પાઠ પણ મળે છે. શ્રી પી. વી. કાણે મહાશયે આવો જ પાઠ સ્વીકાર્યો છે અને આ પાઠનું સમર્થન કરતાં લખ્યું છે કે –"The reading अवतारयन्तम् is more striking than वमन्तम् but is probably an emendation. It means 'he made descend to the earth together with नन्दनवन'. The critics had laid down that the use of words like वमन्त (past p.p. of वम्) and उद्गीण in their literal sense was against good taste (ग्राम्य) and so the copyists thinking that the word वमन्तम् was so used here probably changed it to अवतारयन्तम्. But it is to be noted that Bana uses it only in a figurative sense.

निष्ठ्यूतोद्गीर्णवान्तादि गौणवृत्तिव्यपाश्रयम् ।
अतिसुन्दरमन्यत्र ग्राम्यकक्षां विगाहते ॥ See : (काव्यादर्श I—95)."

પ્રસ્તુત સંપાદકને अवतारयन्तम् પાઠ ઉચિત જણાય છે. કેમકે અગાઉ शरदमिव प्रवर्तयन्तम्માં કવિએ કોઈ શબ્દાનુપ્રાસ યોજવાનો પ્રયન્ત કર્યો જ નથી; તથા કાલિદાસે જેમ અકાલે વસન્તાવતારનું 'કુમારસંભવ'માં વર્ણન કર્યું છે તેમ બાણે પણ वसन्तम् इव अवतारयन्तम् લખ્યું હોય તેમ બનવા યોગ્ય છે. અન્યથા वमन्तम् લખીને શબ્દાનુપ્રાસ સિદ્ધ કર્યા પછી, ગ્રામ્યત્વ દોષ તો પ્રસ્તુત પ્રયોગમાં ઉપર આવી જ પડે છે. વળી: A. A. Führer મહાશયે પણ अवतारयन्तम् પાઠ સ્વીકાર્યો છે.

❋

આ યુવાને 'ત્રિકંટક' નામનું કર્ણાભરણ પહેર્યું હતું. શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે– "આ આભૂષણ બે મોતીઓની વચ્ચે (મરકત=) પન્નાને જોડીને બનાવવામાં આવતું હતું. તે સમયે ત્રિકંટક કર્ણાભરણનો વ્યાપક રિવાજ

હતો. સ્ત્રી અને પુરુષ બન્ને તેને પહેરતા હતા. હર્ષના જન્મ મહોત્સવ પ્રસંગે રાજકુલમાં નૃત્ય કરતી રાજરાણીઓએ તે ત્રિકંટક પહેર્યું હતું. (उद्धूयमानधवल-चामरसटालग्नत्रिकंटकवलितविकटकटाक्षाः). હર્ષના મામાનો છોકરો ભાઈ જ્યારે પહેલીવાર દરબારમાં ગયો હતો ત્યારે તેણે પણ ત્રિકંટક પહેર્યું હતું. સૌભાગ્યથી બાણના વર્ણનને મળતું એવું બે મોતીની વચ્ચે પન્ના જડેલું સોનાનું, કાનમાં પહેરવાનું એક ઘરેણું, જે વાળીના આકારનું છે તે મને (શ્રી અગ્રવાલને) પ્રાપ્ત થયું હતું. જે આજે રાષ્ટ્રિય સંગ્રહાલય, નવી દિલ્હીમાં સુરક્ષિત છે. તેને ત્રિકંટક તરીકે ઓળખાવી શકાય. (પૃ. ૨૧).''(જુઓ ચિત્ર–૧૩) ટીકાકાર શંકર કહે છે કે –रत्नत्रितयेन कृतं त्रिकोणकण्टकाख्यं कर्णाभरणम् । (સંકેત). બાણભટ્ટે તે યુવાનની બે ભુજાઓ, ધવલ યજ્ઞોપવિત, વિશાળ વક્ષઃસ્થળ, અધોવસ્ત્ર તરીકે નીલાંબર, ઊરુઓ (જાંઘ) આદિનું વિગતે સુન્દર વર્ણન કર્યું છે. તે યુવાનને બે પાર્શ્વચરો પવન ઢોળતા હતા, આગળ ચારણો (સ્તુતિપાઠકો) સુભાષિતોનો પાઠ કરીને તેનું મન બહેલાવતા હતા. સાથે રહેલા મિત્રવર્ગ જોડે તે પરિહાસ–મજાક મશ્કરી કરીને હાસ્ય ફેલાવતો હતો.

અહીં स्थूलभुजा–आयाम–पुञ्जितम् સ્થૂળ ભૂજાઓની લંબાઈમાં એકઠી થયેલ (દિશાઓના સમૂહને જાણે તે વિસ્તારતો હતો)–માં आयाम=दैर्घ्यम् । 'લંબાઈ' એવો અર્થ છે. –उरुदण्डाभ्याम् उपहसन्तम् इव ऐरावत–कर–आयामम्। બે (વિશાળ લાંબી) સાથળોથી તે જાણે કે ઈન્દ્રના ઐરાવત હાથીની સૂંઢની લંબાઈને હસી કાઢતો હતો. અહીં પણ आयाम = લંબાઈ એવો અર્થ થાય છે. અહીં ટીકાકાર શંકર એક નાની પણ સુન્દર સ્પષ્ટતા કરે છેઃ– आयामो दैर्घ्यम् । न केवलम् आयामम् शुक्लत्वम् अपि उपहसन्तम् । (सङ्केत) અર્થાત્ તે યુવાનના લાંબા ઊરુદંડો ઐરાવત હાથીની સૂંઢની માત્ર લંબાઈ જ હસી કાઢતા ન્હોતા, પણ તે ઐરાવત હાથીની સૂંઢની સફેદીને પણ હસી કાઢતા હતા ! એમ સાહચર્યના નિયમથી સૂચવાય છે. ખरखलीन–तीक्ष्ण અર્થાત્ કાંટાળી લગામ. शिञ्जान–રણકતી शातकौम्भ–સોનાની, आयानं=हयमण्डनमाला–અશ્વને શણગારનારી સોનાની માળા. गोलाङ्गूलः–કાળા મુખવાળો વાનર (ગુજરાતમાં જોવા મળતા કાળા મુખવાળા વાંદરા. મથુરા બાજું લાલ મુખવાળા જે વાનર જોવા મળે છે તેને આપણે માંકડાં કહીએ છીએ.) અહીં સંસ્કૃત શબ્દ गोलाङ्गूल માંથી જ હિન્દીમાં વપરાતો 'લંગૂર' શબ્દ ઊતરી આવ્યો છે તે સ્પષ્ટ છે.

છેલ્લે, કવિ બાણે તે યુવાનના સૌન્દર્યને વર્ણવવા અનેકાનેક ઉત્પ્રેક્ષાઓ પ્રયોજી છે. જેમકે, पुनर्जन्मदिवसमिव मन्मथस्य, एकराज्यमिव रामणीयकस्य, कीर्तिस्तम्भमिव रूपस्य, मूलकोशमिव लावण्यस्य વગેરે વગેરે. પરંતુ જ્યાં કહે છે કે सर्गाभ्यासफलमिव प्रजापतेः । ત્યાં નિરતિશયોક્તિ પરિપૂર્ણ થાય છે.

अष्टादशवर्षदेशीयं युवानम् अद्राक्षीत् । 'લગભગ અઢાર વર્ષની ઉંમરના યુવાનને (સરસ્વતીએ) જોયો.' અહીં ટીકાકાર શંકર લખે છે કે–ईषद् असमाप्तोऽष्टादशवर्षोऽष्टादशवर्षदेशीयः, तम् । જેણે અઢાર વર્ષ પૂરા કર્યા નથી; તેમાં હજી અમુક–થોડોક સમય ખૂટે છે–એવો અર્થ સૂચવવા અહીં देशीयर् પ્રત્યય લગાડવામાં આવ્યો. જુઓઃ ईषद् असमाप्तौ कल्पब्देश्यदेशीयरः । પા॰ સૂ॰ ५-३-६७.

આ યુવાનની બાજુમાં બીજો એક પ્રૌઢ ઉંમરનો માણસ હતો. તેનું પણ વિગતે ઝીણવટથી કવિએ વર્ણન કર્યું છે. જેમકે, शुक्तिखलितम्=છીપલા જેવી (ચળકતી) ટાલવાળો शुक्तिखलितं शुक्त्याकारखल्वाटम् (સંકેત). ईषत् तुन्दिलम्–થોડીક ફાંદવાળો. ટીકાકાર શંકર લખે છે કે तुन्दिलं लम्बोदरम् । अत एवास्य विकुक्षिरिति नाम । આ પ્રૌઢ પુરુષ થોડીક ફાંદવાળો હતો, તેથી જ આગળ ઉપર તેનું નામ 'વિકુક્ષિ' બતાવવામાં આવશે. जरामपि विनयमिव शिक्षयन्तम्–'તે પ્રૌઢ પુરુષ વૃદ્ધાવસ્થાને પણ જાણે વિનય શીખવતો હતો.' અહીં ટીકાકાર શંકર લખે છે કે-जरा किल सर्वविनयं शिक्षयति । અર્થાત્ વૃદ્ધાવસ્થા (સૌને) બધા જ પ્રકારનો વિનય શીખવી દે છે. માણસ યુવાનીમાં તો અવિનયી હોય, પણ ઘરડો થાય ત્યારે તે શાન્ત પડે છે, વિનયી થાય છે. આમ વૃદ્ધાવસ્થા વિનય શીખવનારી છે. પરંતુ આ પ્રૌઢ પુરુષ તો વૃદ્ધાવસ્થાને પણ વિનય શીખવતો હતો.

अनुल्बण–અનુદ્ધત તથા उदारः એટલે શ્રેષ્ઠ बलक्ष–धारबाणधारिणम्–बलक्षः शुक्ल એવો અર્થ 'સંકેત'માં આપ્યો છે. આથી આ પાઠ ટીકાકાર શંકર જેટલો તો જૂનો છે જ. વળી, A. A. Führer પણ આ પાઠ સ્વીકારે છે. તથાપિ શ્રી પી. વી. કાણે મહાશયે धवलवारबाणधारिणम् એવું (સંભવતઃ અર્થસૌકર્યાર્થે) પાઠાન્તર સ્વીકાર્યું છે. અહીં 'વારબાણ' એટલે ઝભ્ભો એવો અર્થ કરીશું.

1.10

अथ स युवा पुरोयायिनां.......स्निग्धतारका च इति । सा त्वावादीत्........संजहार दृशम् ॥

આ ગદ્યખંડમાં દધીચ અને સાવિત્રી સહિતની સરસ્વતીની પ્રથમ મુલાકાત વર્ણવાઈ છે. દધીચની સાથે આવેલા પેલા પ્રૌઢ પુરુષને સાવિત્રીએ દધીચને ઓળખાણ પૂછી. તે પ્રૌઢ પુરુષે ચ્યવન અને સુકન્યાથી જન્મેલા દધીચની ઓળખાણ આપી. પોતે દધીચના માતામહ શર્યાતનો આજ્ઞાકારી 'વિકુક્ષિ' નામનો દાસ છે એમ જણાવી સાવિત્રીને પોતાનો પરિચય આપવા કહ્યું. પરંતુ સાવિત્રીએ પોતાનો કે સરસ્વતીનો પરિચય ન આપ્યો. કેવળ 'સમય આવે જાણશો' એટલું જ કહ્યું. ત્યાર પછી દધીચ અને તે વિકુક્ષિ નામનો પ્રૌઢ પુરુષ ચ્યવનના આશ્રમમાં જવા ચાલી નીકળે છે.

प्रतूर्णतुरगः—ઝડપી વેગે જનારા ઘોડાવાળો, दिदृक्षुः—જોવાની ઇચ્છાવાળો, साधुना सह—સાધુ=વિનીત, સજ્જનની સાથે. (1.9 માં છેલ્લે જ પાર્શ્વચરનું વર્ણન કર્યું છે, તેને માટે અહીં સાધુ—શબ્દનો પ્રયોગ કર્યો છે. શ્રી અગ્રવાલ કહે છે કે—સંભવતઃ આ શાહ શબ્દનું સંસ્કૃત રૂપ તત્કાલીન બોલચાલની ભાષામાં વપરાતું હતું. આ પાર્શ્વચરના વર્ણનની પાછળ, શ્રી અગ્રવાલને સંભવતઃ પારસી સૈનિકનું ચિત્ર રહેલું હોય એમ જણાય છે.) कृतोपसंग्रहणौ—જે બેનું (પહેલાં) અભિવાદન કરવામાં આવ્યું છે તે. उपसंग्रहणं धीराः कथयन्त्यभिवादनम् । એવું વચન 'સંકેત' ટીકામાં ઉદ્ધૃત કર્યું છે. उपजग्राह=अनूजयत् । प्रवयसम्—મોટી ઉંમરના प्रवयाः स्यात्परिणतः । શંકરે અગાઉ કહ્યું છે કે— परिणतवयस्त्वेन सत्यवादिता, सावित्रीसरस्वत्यौ प्रति च विस्रम्भकारित्वमुच्यते ॥

सहजलज्जाधनस्य-લજ્જા રૂપી ધન સ્ત્રીઓને 'સહજ' હોય છે. સહજ=સાથે જન્મેલઃ જન્મજાત. अशालीनता=धृष्टता । वनमृगीमुग्धस्य—વનની ભોળી મૃગલી જેવી કુલીન કુમારિકા કોઈ અજાણી વ્યક્તિ સાથે પહેલાં વાતચીત શરૂ કરે તે ધૃષ્ટતા ગણાય. અહીં वनशब्देन मृगीसामान्येऽपि जनसंपर्काद्यभावमाह । (સંકેત). 'વનની મૃગલી' એમ કહ્યું છે એનો અર્થ કે આ સાવિત્રી અને સરસ્વતીને મનુષ્યોનો સંપર્ક નથી; તેમની જોડે વાતચીત કરવાનો હજી અનુભવ જ થયો નથી. आलोकनकृतार्थाय चक्षुषे स्पृहयन्ती=જોવામાત્રથી કૃતાર્થ થયેલી આંખોને વિષે સ્પૃહા કરતી. અર્થાત્ આંખો પાસેથી સાંભળવાની ઇચ્છા રાખતી. અહીં પાણિનિના स्पृहेरीप्सितः । ૧–૪–૩૬ સૂત્રથી 'જેની સ્પૃહા કરવાની હોય તે પદાર્થ—કારક-ની સમ્પ્રદાનસંજ્ઞા થાય છે.' માટે चक्षुषेમાં ચતુર્થી વપરાઈ છે. उदन्तश्रवणकुतूहलिनी उदन्त=પ્રવૃત્તિ, વાર્તા, સમાચાર श्रोत्रवृत्तिः=કર્ણેન્દ્રિય उपायन=ઉપહાર=ભેટ उपायनं ढौकनिका । उपनयति ढौकयति । (સંકેત) प्रणयम्—પ્રાર્થના, માંગણી, प्रश्रय—વિનય, નમ્રતા, આદર. मधु—મદ્ય, મદિરા वाचालयति किंचन जल्पयति—કંઈક અસંબદ્ધ બોલાવે છે; વાચાળ કરે છે. अतिनम्रे धनुषि इव गुणः । ખૂબ નીચે નમાવેલ ધનુષ્ય ઉપર જેમ ગુણ=પણછ જલ્દી ચઢી જાય. અહીં गुण અને कोटि શબ્દો શ્લિષ્ટ છેઃ— गुणो विनयादिः, ज्या च । कोटिः प्रकर्षः, धनुःशिखा च ।

देवानांप्रियस्य अतिभद्रता—આ યુવાન કે જે દેવોને (પણ) પ્રિય છે. તેની અતિભદ્રતા. અહીં ટીકાકાર શંકર એક સ્પષ્ટતા કરે છે કે 'देवानांप्रियस्य' इति पूजावचनम् । षष्ठ्या अलुक् ॥ અહીં देवानांप्रिय—એ ષષ્ઠી તત્પુરુષ સમાસ શબ્દમાં ષષ્ઠી વિભક્તિનો અલુક થયો છે.

વ્યાકરણના ગ્રન્થોમાં देवानांप्रियेति च मूर्खे । એવું એક વાર્તિકવચન જોવા મળે છે. (જુઓ षष्ठ्या आक्रोशे પાં. સૂ. 6-3-21 ઉપરની સિદ્ધાન્તકૌમુદીવૃત્તિ) સમ્રાટ્ અશોકે જે શિલાલેખો કોતરાવ્યા છે તેમાં "દેવાનાં પ્રિય રાજા પ્રિયદર્શી

अष्टादशवर्षदेशीयं युवानम् अद्राक्षीत् । 'લગભગ અઢાર વર્ષની ઉંમરના યુવાનને (સરસ્વતીએ) જોયો.' અહીં ટીકાકાર શંકર લખે છે કે–ईषद् असमाप्तोऽष्टादशवर्षोऽष्टादशवर्षदेशीयः, तम् । જેણે અઢાર વર્ષ પૂરા કર્યા નથી; તેમાં હજી અમુક–થોડોક સમય ખૂટે છે–એવો અર્થ સૂચવવા અહીં देशीयर् પ્રત્યય લગાડવામાં આવ્યો. જુઓઃ ईषद् असमाप्तौ कल्पब्देश्यदेशीयरः । पा॰ सू॰ ५-३-६७.

આ યુવાનની બાજુમાં બીજો એક પ્રૌઢ ઉંમરનો માણસ હતો. તેનું પણ વિગતે ઝીણવટથી કવિએ વર્ણન કર્યું છે. જેમકે, शुक्तिखलितम्=છીપલા જેવી (ચળકતી) ટાલવાળો शुक्तिखलितं शुक्त्याकारखल्वाटम् (સંકેત). ईषत् तुन्दिलम्—થોડીક ફાંદવાળો. ટીકાકાર શંકર લખે છે કે तुन्दिलं लम्बोदरम् । अत एवास्य विकुक्षिरिति नाम । આ પ્રૌઢ પુરુષ થોડીક ફાંદવાળો હતો, તેથી જ આગળ ઉપર તેનું નામ 'વિકુક્ષિ' બતાવવામાં આવશે. जरामपि विनयमिव शिक्षयन्तम्—'તે પ્રૌઢ પુરુષ વૃદ્ધાવસ્થાને પણ જાણે વિનય શીખવતો હતો.' અહીં ટીકાકાર શંકર લખે છે કે–जरा किल सर्वविनयं शिक्षयति । અર્થાત્ વૃદ્ધાવસ્થા (સૌને) બધા જ પ્રકારનો વિનય શીખવી દે છે. માણસ યુવાનીમાં તો અવિનયી હોય, પણ ઘરડો થાય ત્યારે તે શાન્ત પડે છે, વિનયી થાય છે. આમ વૃદ્ધાવસ્થા વિનય શીખવનારી છે. પરંતુ આ પ્રૌઢ પુરુષ તો વૃદ્ધાવસ્થાને પણ વિનય શીખવતો હતો.

अनुल्बण—અનુદ્ધત તથા उदारः એટલે શ્રેષ્ઠ बलक्ष—धारवाणधारिणम्—बलक्षः शुक्ल એવો અર્થ 'સંકેત'માં આપ્યો છે. આથી આ પાઠ ટીકાકાર શંકર જેટલો તો જૂનો છે જ. વળી, A. A. Führer પણ આ પાઠ સ્વીકારે છે. તથાપિ શ્રી પી. વી. કાણે મહાશયે धवलवारबाणधारिणम् એવું (સંભવતઃ અર્થસૌકર્યાર્થે) પાઠાન્તર સ્વીકાર્યું છે. અહીં 'વારબાણ' એટલે ઝભ્ભો એવો અર્થ કરીશું.

1.10

अथ स युवा पुरोयायिनां.......स्निग्धतारका च इति । सा त्वावादीत्.......संजहार दृशम् ॥

આ ગદ્યખંડમાં દધીચ અને સાવિત્રી સહિતની સરસ્વતીની પ્રથમ મુલાકાત વર્ણવાઈ છે. દધીચની સાથે આવેલા પેલા પ્રૌઢ પુરુષને સાવિત્રીએ દધીચને ઓળખાણ પૂછી. તે પ્રૌઢ પુરુષે ચ્યવન અને સુકન્યાથી જન્મેલા દધીચની ઓળખાણ આપી. પોતે દધીચના માતામહ શર્યાતનો આજ્ઞાકારી 'વિકુક્ષિ' નામનો દાસ છે એમ જણાવી સાવિત્રીને પોતાનો પરિચય આપવા કહ્યું. પરંતુ સાવિત્રીએ પોતાનો કે સરસ્વતીનો પરિચય ન આપ્યો. કેવળ 'સમય આવે જાણશો' એટલું જ કહ્યું. ત્યાર પછી દધીચ અને તે વિકુક્ષિ નામનો પ્રૌઢ પુરુષ ચ્યવનના આશ્રમમાં જવા ચાલી નીકળે છે.

प्रतूर्णतुरगः—ઝડપી વેગે જનારા ઘોડાવાળો, दिदृक्षुः—જોવાની ઇચ્છાવાળો, साधुना सह—સાધુ=વિનીત, સજ્જનની સાથે. (1.9 માં છેલ્લે જ પાર્શ્વચરનું વર્ણન કર્યું છે, તેને માટે અહીં સાધુ—શબ્દનો પ્રયોગ કર્યો છે. શ્રી અગ્રવાલ કહે છે કે–સંભવતઃ આ શાહ શબ્દનું સંસ્કૃત રૂપ તત્કાલીન બોલચાલની ભાષામાં વપરાતું હતું. આ પાર્શ્વચરના વર્ણનની પાછળ, શ્રી અગ્રવાલને સંભવતઃ પારસી સૈનિકનું ચિત્ર રહેલું હોય એમ જણાય છે.) कृतोपसंग्रहणौ—જે બેનું (પહેલાં) અભિવાદન કરવામાં આવ્યું છે તે. उपसंग्रहणं धीराः कथयन्त्यभिवादनम् । એવું વચન 'સંકેત' ટીકામાં ઉદ્ધૃત કર્યું છે. उपजग्राह=अनूजयत् । प्रवयसम्—મોટી ઉંમરના प्रवयाः स्यात्परिणतः। શંકરે અગાઉ કહ્યું છે કે– परिणतवयस्त्वेन सत्यवादिता, सावित्रीसरस्वत्यौ प्रति च विस्रम्भकारित्वमुच्यते ॥

सहजलज्जाधनस्य-લજ્જા રૂપી ધન સ્ત્રીઓને 'સહજ' હોય છે. સહજ=સાથે જન્મેલઃ જન્મજાત. अशालीनता=धृष्टता । वनमृगीमुग्धस्य—વનની ભોળી મૃગલી જેવી કુલીન કુમારિકા કોઈ અજાણી વ્યક્તિ સાથે પહેલાં વાતચીત શરૂ કરે તે ધૃષ્ટતા ગણાય. અહીં वनशब्देन मृगीसामान्येऽपि जनसंपर्काद्यभावमाह । (સંકેત). 'વનની મૃગલી' એમ કહ્યું છે એનો અર્થ કે આ સાવિત્રી અને સરસ્વતીને મનુષ્યોનો સંપર્ક નથી; તેમની જોડે વાતચીત કરવાનો હજી અનુભવ જ થયો નથી. आलोकनकृतार्थाय चक्षुषे स्पृहयन्ती=જોવામાત્રથી કૃતાર્થ થયેલી આંખોને વિષે સ્પૃહા કરતી. અર્થાત્ આંખો પાસેથી સાંભળવાની ઇચ્છા રાખતી. અહીં પાણિનિના स्पृहेरीप्सितः । ૧–૪–૩૬ સૂત્રથી 'જેની સ્પૃહા કરવાની હોય તે પદાર્થ–કારક-ની સમ્પ્રદાનસંજ્ઞા થાય છે.' માટે चक्षुषेમાં ચતુર્થી વપરાઈ છે. उदन्तश्रवणकुतूहलिनी उदन्त=પ્રવૃત્તિ, વાર્તા, સમાચાર श्रोत्रवृत्तिः=કર્ણેન્દ્રિય उपायन=ઉપહાર=ભેટ उपायनं ढौकनिका । उपनयति ढौकयति । (સંકેત) प्रणयम्—પ્રાર્થના, માંગણી, प्रश्रय—વિનય, નમ્રતા, આદર. मधु—મદ્ય, મદિરા वाचालयति किंचन जल्पयति—કંઈક અસંબદ્ધ બોલાવે છે; વાચાળ કરે છે. अतिनम्रे धनुषि इव गुणः । ખૂબ નીચે નમાવેલ ધનુષ્ય ઉપર જેમ ગુણ=પણછ જલ્દી ચઢી જાય. અહીં गुण અને कोटि શબ્દો શ્લિષ્ટ છેઃ– गुणो विनयादिः, ज्या च । कोटिः प्रकर्षः, धनुःशिखा च ।

देवानांप्रियस्य अतिभद्रंता—આ યુવાન કે જે દેવોને (પણ) પ્રિય છે. તેની અતિભદ્રતા. અહીં ટીકાકાર શંકર એક સ્પષ્ટતા કરે છે કે 'देवानांप्रियस्य' इति पूजावचनम् । षष्ठ्या अलुक् ॥ અહીં देवानांप्रिय—એ ષષ્ઠી તત્પુરુષ સમાસ શબ્દમાં ષષ્ઠી વિભક્તિનો અલુક થયો છે.

વ્યાકરણના ગ્રન્થોમાં देवानांप्रियेति च मूर्खे । એવું એક વાર્તિકવચન જોવા મળે છે. (જુઓ षष्ठ्या आक्रोशे पां. सू. 6-3-21 ઉપરની સિદ્ધાન્તકૌમુદીવૃત્તિ) સમ્રાટ્ અશોકે જે શિલાલેખો કોતરાવ્યા છે તેમાં "દેવાનાં પ્રિય રાજા પ્રિયદર્શી

અશોકની આજ્ઞા છે કે...'' એવું લખાણ આવે છે. આમ અશોકે પોતાના માટે દેવાનાંપ્રિય એવા ઉપનામને ધારણ કર્યું હતું. તેથી બ્રાહ્મણ સંસ્કૃતિના વૈયાકરણોએ જાહેર કરેલું કે દેવપ્રિય શબ્દનો અર્થ જ ''દેવોને પ્રિય'' એવો કરવો પણ જો કોઈ દેવાનાંપ્રિય એવો ષષ્ઠી અલુક્વાળો શબ્દ વાપરે તો ત્યાં અર્થ 'મૂર્ખ' કરવો. પરંતુ બાણભટ્ટે આ દેવાનાંપ્રિય—શબ્દનો પ્રયોગ સાવિત્રીના મુખે દધીચને માટે કરાવ્યો છે. તેથી એવું જણાય છે કે **બાણના સમયમાં પૂર્વોક્ત વાર્તિકવચન પ્રચલિત નહીં થયું હોય.** તથા ટીકાકાર શંકરે જ્યારે ખુલાસો કર્યો છે કે અહીં देवानांप्रियस्येति पूजावचनम् । ત્યારે એનાથી સૂચવાય છે કે શંકરની પૂર્વે તો ઉક્ત વાર્તિક પ્રચલિત થઈ ગયું હશે. ૧૪માં અંકોમાં સિદ્ધાન્ત કૌમુદી રચાઈ છે. આથી સંભવતઃ એવું બન્યું જણાય છે, કાત્યાયનના વાર્તિકમાં....इति च मुर्खे। એ અંશનો પાછળથી પ્રક્ષેપ થયો હશે. (શ્રી વાસુદેવશરણ અગ્રવાલે આ વિષે તેમના हर्षचरित : एक सांस्कृतिक अध्ययन પુસ્તકમાં કોઈ વિચાર કર્યો નથી.)

अनन्यजः— અનન્ય જન્મા કામદેવ (કામદેવ મનોજ=મનમાં જન્મનારા હોઈ તેમને 'અનન્યજ' કહ્યા છે.)

महतस्तेजसः—મોટા તેજવાળો = સૂર્ય, अभिख्या=નામ. प्रकटितश्रयः–જેણે વિનય–આદર–પ્રકટ કર્યો છે તે. દધીચ અને તેમના પિતા ચ્યવન ભાર્ગવના વંશમાં જન્મ્યા હતા. આથી બાણ તેમને 'ભાર્ગવવંશ'ના ભૂષણ કહે છે. भूर् इति रेफान्तो भूवाची । भुवर् इति रेफान्तः पातालवाची । भूश्च भुवश्च स्वश्च भूर्भुवः स्वः, एषां त्रयमिति समासः । (સંકેત) भूर्—भुवर्—स्वर्—એટલે પૃથિવી, પાતાળ અને સ્વર્ગલોક. આ ઉપરાંત બીજા ચાર લોક આ પ્રમાણે છે : महः, जनः, तपः અને सत्यम् । આમ કુલ સાત લોક છે. अदभ्र—અનલ્પ, મહાન્ जम्भारिः— ઈન્દ્ર. अदभ्रेण=प्रचुरेण प्रभावेण स्तम्भितः जम्भारे=इन्द्रस्य भुजस्तम्भः येन । વૈદિક કથાનુસાર અશ્વિનૌએ ચ્યવનનું વૃદ્ધત્વ અને અંધત્વ દૂર કરી દીધું હતું. આથી ચ્યવને યજ્ઞમાં સૌથી પહેલાં સોમ તે અશ્વિનૌને આપ્યો. આથી ગુસ્સે થયેલા ઈન્દ્રે વજ્ર ઉગામ્યું; પણ ચ્યવને પોતાના તપઃપ્રભાવથી તે ઈન્દ્રનો વજ્ર સહિતનો હાથ સ્થગિત (paralysed) કરી દીધો હતો.

शक्रं वज्रधरं दृष्ट्वा मुनिः स्वहननोद्यतम् ।
हुंकारमकरोद्धखमान् स्तम्भयामास तद्भुजम् ॥ પદ્મપુરાણ (૪-૧૬-૧૫,૧૬)

निजतेजः प्रसारेण प्लुष्टः (scorched) पुलोमा येन—तस्य । જેમણે પોતાના તેજપ્રસારથી પુલોમા નામના રાક્ષસને બાળી નાખ્યો હતો, તે ચ્યવનનો (આ પુત્ર છે). અહીં જે કથાનો નિર્દેશ છે તેને સ્પષ્ટ કરતાં ટીકાકાર શંકરે લખ્યું છે કે— સતત રડતી પોતાની દીકરીને જોઈને, તેની માતાએ પુલોમા નામના રાક્ષસને કોપથી કહ્યું 'ગ્રહણ કર આને' પુલોમાએ રડતી છોકરીને સ્વીકારીને, પછી ત્યાંને ત્યાં જ મૂકી દઈને, તે ક્યાંક જતો રહ્યો. પછી તે દીકરીને ભૃગુઋષિ સાથે પરણાવવામાં આવી. ત્યારે પછી તે ભૃગુથી સગર્ભા થઈ (ભૃગુ તે સગર્ભા પત્નીને

છોડીને દૂર ગયા ત્યારે) પુલોમાં રાક્ષસે પાછા આવીને, તેનું અપહરણ કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ભૃગુની તે સગર્ભા પત્નીએ च्यवनं गर्भम् अत्याक्षीत् 'ચ્યવન'=પડતા ગર્ભને ત્યજી દીધો. (આથી તે ગર્ભમાંથી જન્મેલા પુત્રનું નામ 'ચ્યવન' પડ્યું.) હવે 'ચ્યવન' એવા અન્વર્થ નામવાળા તે ઋષિપુત્રે પુલોમા રાક્ષસને જોવામાત્રથી જ બાળી નાખ્યો.

अन्तर्वत्नी=ગર્ભિણી, સગર્ભા પત્ની अन्तर्वत्पतिवतोर्नुक्। पा. सू. 4-1-32 अन्तरस्ति अस्यां गर्भ इति अन्तर्वत्नी । पतिवत्नी ॥

वैजनने मासि—જે મહિને બાળક જન્મવાની અપેક્ષા હોય તે (નવમો કે દશમો માસ). सूतिमासो वैजननः इत्यमरः ।

આમ—

શર્યાત

ભૃગુ

(વિષ્ણુપુરાણ મુજબ મનુનો પુત્ર તે રાજા શર્યાતિ છે.)

↓

ચ્યવન

↓

પુત્રી સુકન્યા

ચ્યવન (પતિ) – સુકન્યા (પત્ની)

↓

પુત્ર દધીચ (જે ભવિષ્યમાં સરસ્વતીને પરણવાનો છે.)

अनेहसा—परिपूर्णेन कालेन । પૂરા સમયે न आसेचनकदर्शनम् नप्तारम् मातामहः अमुञ्चत् । જેને જોવાથી તૃપ્તિ થતી નથી તેવા નપ્તા=(અહીં) ભાણાને માતામહે (=માતાના પિતાએ =શર્યાતે) તેના પિતાને = ચ્યવનને ઘરે જવા દીધો નહીં. અહીં आसेचनकदर्शनम् શબ્દ નોંધપાત્ર છે. तदासेचनकं तृप्तेर्नास्त्यन्तो यस्य दर्शनात् । (इत्यमरः). વળી, आचिन्त्यते आप्यायते दृग् अनेन आसेचनकं यस्य दर्शनात् दृग् न तृप्यति । क्षीरस्वामी साभिसारम्—ससहायम् મેં વિકુક્ષિએ આ દધીચને સાથ આપ્યો છે, મને તેનો સાથીદાર બનાવવામાં આવ્યો છે.

गव्यूतिमात्रम् —क्रोशद्वयम् બે કોશ જેટલે દૂર, पारेशोणम् —શોણ નદીને પેલે પાર. चैत्ररथकल्पं काननं च्यवानं नाम —કુબેરના બગીચાનું નામ 'ચૈત્રરથ' છે, તેના જેવું (=कल्पम्) જ ચ્યવનનું કાનન –ઉપવન– હતું. જેનું નામ 'ચ્યવન' હતું. अवहेलनम् — તિરસ્કાર न विमाननीयः — અનાદર કરવા યોગ્ય નહીં તેવી (પ્રાર્થના). સરસ્વતી विरोधिनां पदार्थानाम् समवाय इव—પરસ્પર વિરોધી પદાર્થોના મિશ્રણ–એકત્રસ્થિતિ– જેવી હતી. હવે પછીની પંક્તિઓમાં વિરોધાલંકારનો પ્રયોગ થયો છે. અહીં વિરોધ તે માત્ર શબ્દમૂલક જ છે અને શબ્દો શ્લિષ્ટ (દ્વિ–અર્થી) હોઈને; તે તે શબ્દોના બીજા અર્થોને ધ્યાનમાં લેતા વિરોધ શમી જાય છે. જેમકે,

(૧) सन्निहित बालान्धकारा भास्वन्मूर्तिश्च । અહીં सन्निहितः बालः अन्धकारः यस्याम् । 'જેમાં બાલ=નવો અન્ધકાર હાજર/નજીકમાં છે તેવી' પણ सन्निहितः बालः अन्धकारः यस्याम्। 'જેના વાળ (કેશ)માં અન્ધકાર = કાળો રંગ હાજર છે તેવી' એમ પણ અર્થ લઈ શકાય. આ જ રીતે– જેમાં સૂર્યની મૂર્તિ હાજર છે તેવી. તથા भास्वती मूर्तिः यस्याः પ્રકાશતી (=તેજસ્વી) છે મૂર્તિ જેની, તેવી. અહીં પ્રથમ-પ્રથમ અર્થો લેતાં વિરોધ આવે છે. પણ બીજો અર્થ લેતાં તેનું શમન થાય છે.

(૨) पुण्डरीकमुखी हरिणलोचना च । અહીં पुण्डरीकः=व्याघ्रः मुखे यस्याः। 'જેનાં મુખમાં વાઘ રહેલો છે– જેનું મુખ વાઘ જેવું છે તે –'(ટીકાકાર શંકરે पुण्डरीकનો અર્થ व्याघ्र નહીં, પણ 'સિંહ' કર્યો છે.) અમરકોશ મુજબ 'વ્યાઘ્ર' અર્થ થાય છે. અથવા पुण्डरीकम् श्वेतकमलम् इव मुखम् यस्याः सा । શ્વેત કમળ જેવું જેનું મુખ છે તે. એ જ પ્રમાણે, हरिणलोचना—हरिणः=मृगः लोचनयोः यस्याः જેની આંખોમાં હરિણ છે તેવી. અથવા हरिणस्य लोचने इव लोचने यस्याः अस्ति सा— હરણના લોચન જેવાં લોચન છે જેના–અહીં પણ બન્ને વાક્યોમાં બીજો અર્થ લેતાં વિરોધનું શમન થાય છે.

(૩) बालातपप्रभाधरा कुमुदहासिनी च । અહીં પ્રથમ અર્થ થશે : 'નવા ઉગેલા–બાલ–સૂર્યના જેવી કાન્તિવાળી.' बालातपप्रभः अधरः यस्याः सा । એવા વિગ્રહાનુસાર બીજો અર્થ છે : સવારના બાલ સૂર્યની કાન્તિ જેવા અધરવાળી. હવે कुमुदहासिनी નો પ્રથમ અર્થ છેઃ હસતાં રાત્રિ કમળો–કુમુદો–વાળી. બીજો અર્થ છેઃ જેનું હાસ્ય કુમુદો જેટલું તેજસ્વી/જેવું છે. અહીં કુમુદ તે રાત્રિમાં ખીલતું કમળ છે. તેથી જો સરસ્વતી સવારના સૂર્યની કાન્તિવાળી હોય તો તેની સાથે કુમુદનું હાસ્ય ન હોઈ શકે –એ વિરોધ છે. પણ જો એમ કહીએ કે 'તેનો ચહેરો સવારના સૂર્ય જેવો તેજસ્વી હતો અને હાસ્ય કુમુદ જેવું હતું–' ત્યારે વિરોધ શમી જાય છે. કાવ્યશાસ્ત્રીઓએ હાસ્યનો રંગ સફેદ માન્યો છે અને કુમુદ પણ સફેદ હોય છે તે અહીં નોંધપાત્ર છે.

(૪) कलहंसवना समुन्नत पयोधरा च । અહીં પહેલા શબ્દનો પહેલો અર્થ कलहंसाना इव स्वनः यस्याः જેનામાં કલહંસોનો અવાજ હોય છે. બીજો અર્થ कलहंसस्य इव स्वनः यस्याः 'જેનો અવાજ કલહંસના જેવો છે.' એ જ પ્રમાણે –બીજા શબ્દનો પહેલો અર્થ समुन्नताः पयोधराः=मेघाः यस्याम् । 'જેમાં વાદળો ચઢી આવ્યા છે.' બીજો અર્થ છેઃ समुन्नतौ पयोधरौ यस्याः । 'જેનાં સ્તનો ઉન્નત છે.' જ્યાં વાદળો હોય છે ત્યાં કલહંસોનો અવાજ સાંભળવા મળી શકે નહીં; (કેમકે તે વર્ષા ઋતુમાં માનસ સરોવર ચાલ્યા જાય છે.) આથી પયોધર=વાદળો ચઢી આવે ત્યારે કલહંસોનો અવાજ સાંભળવો તે શક્ય નથી–એ અહીં વિરોધ છે. પરંતુ જો 'કલહંસના જેવા અવાજવાળી અને ઉન્નત સ્તનોવાળી' એવો અર્થ કરીએ તો વિરોધનું શમન થઈ જાય છે.

(५) कमलकोमलकरा हिमगिरिशिलापृथुनितम्बा च । પહેલા શબ્દનો પહેલો અર્થ 'કમળનું કોમળ તેજ ધારણ કરનાર'. બીજો અર્થ 'જેના હાથ કમળ જેવા કોમળ છે'. તથા બીજા શબ્દનો પહેલો અર્થ='હિમાલયની શિલાથી જેના નિતમ્બ વિશાળ બન્યા છે'. બીજો અર્થ 'જેના નિતમ્બો હિમાલયની શિલા જેવા વિશાળ છે'. અહીં પહેલો–પહેલો અર્થ લેતાં જે વિરોધ આવે છે તે આ પ્રમાણે છેઃ હિમ=બરફની હાજરીમાં કમળ ટકી શકતાં નથી, તે બે સાથે કેવી રીતે હોઈ શકે ?* (ટીકાકાર શંકર લખે છે :- शिला वातवज्रीभूतं हिमम् । यत्र च हिमगिरिशिलाभिः पृथुमध्यभागस्तत्र कथं पद्मकोमलकान्तिः । हिमस्पर्शे पद्मनाशात्। —सङ्केतः ॥)

(६) करभोरुः विलम्बितगमना च । પહેલા શબ્દનો એક અર્થ='ઊંટના જેવી જાંઘવાળી.' બીજો અર્થ : 'હાથીની સૂંઢ જેવી જાંઘવાળી'; અથવા કરભ (=હથેળીની પાછળનો ભાગ)ના જેવી જાંઘવાળી'. જ્યારે બીજા શબ્દનો એક અર્થઃ 'ધીમી ગતિવાળી' અને તેનો બીજો અર્થ 'ધીમી અર્થાત્ વિલાસયુક્ત ગતિવાળી =ગજગામિની'. અહીં પહેલો પહેલો અર્થ લેવાથી વિરોધ જણાય છે, અને બીજો અર્થ લેવાથી તે વિરોધ દૂર થઈ જાય છે.

(૭) अमुक्तकुमारभावा स्निग्धतारका च । અહીં પહેલા શબ્દનો એક અર્થ છેઃ अमुक्तः कुमारे = स्कन्दे भावः भक्तिः यया । 'જેણે કુમાર=કાર્તિકેય ઉપરથી ભક્તિભાવ છોડ્યો નથી; બીજો અર્થ છેઃ– अनुक्तः कुमारभावः यया । જેણે કુમારભાવ–બાલભાવ–છોડ્યો નથી તે, બીજા શબ્દનો એક અર્થ છેઃ– स्निग्धः तारकः (तदाख्यः असुरः) यस्याम् । 'તારકાસુરનો પ્રેમ મેળવનારી.' પણ તેનો બીજો અર્થ છે : 'જેની કીકીઓ સ્નેહાળ છે.' અહીં 'જેને કુમાર કાર્તિકેય ઉપર ભક્તિભાવ છે, તેની ઉપર તારકાસુરનો પ્રેમ ના ઉતરે'–એ દૃષ્ટિએ વિરોધ છે. પણ 'જેણે કુમાર–કિશોર–ભાવ છોડ્યો નથી અને તેથી જેની કીકીઓ સ્નેહથી ભરેલી છે' એવો અર્થ કરતાં વિરોધ શમી જાય છે.

❋

સાવિત્રીને વિકુક્ષિએ તે બન્નેનો પરિચય પૂછ્યો, પણ સાવિત્રીએ કેવળ આટલું જ કહ્યું : आर्य, श्रोष्यसि कालेन । भूयसो दिवसानत्र स्थातुमभिलषसि नौ हृदयम् । 'સમય આવે જાણશો. અમે અહીં ઘણા દિવસ રહેવા ઇચ્છીએ છીએ.' આમ તેણે પોતાનો પરિચય ન આપ્યો. એનું રહસ્ય સ્પષ્ટ કરતાં ટીકાકાર શંકર લખે છે કે–विकुक्षि–प्रार्थितयापि सावित्र्या कौतुकनिवृत्तिर्मा भूदित्वारत्मस्वरूपं नोक्तम् । अत एवोत्तरत्र तदनुबन्ध एवोक्तः । भूयसो दिवसानित्यादिना । स्वरूपोक्तौ च शातसरस्वतीकत्वेन अपत्यजननकार्यभङ्गो भवेत् ॥ અર્થાત્ વિકુક્ષિએ પરિચય આપવા પ્રાર્થના કરી તો પણ, સાવિત્રીએ દધીચ અને વિકુક્ષિનું કૌતુક શમી ના

*સરખાવો हिमसेकविपत्तिरत्र मे नलिनी पूर्वनिदर्शनं मता । रघुवंशः (VIII. 45)

જાય એટલા માટે પોતાની ઓળખ ના આપી. ('ઘણા દિવસો અહીં રહેવાની ઇચ્છા છે' એમ વિશેષમાં સાવિત્રીએ ઉમેર્યું.) બીજું, જો સરસ્વતીનો પરિચય આપી દીધો હોય તો 'આ તો સાક્ષાત્ સરસ્વતી છે' એમ જાણ્યા પછી દધીચ તેનાથી દૂર રહે; અને સરસ્વતીને સંતાનપ્રાપ્તિનો પ્રસંગ જ ઊભો ન થાય (અને પરિણામે શાપમુક્તિ પણ વિલંબમાં મૂકાય.) એટલે બહુ વિચારીને સાવિત્રીએ પોતાનો પરિચય આપ્યો નથી.

આ સન્દર્ભમાં 'સંકેત'માં એક સુન્દર શ્લોક ઉદ્ધૃત કરવામાં આવ્યો છેઃ–

शापभ्रंशात्तु दिव्यानां तथा चापत्य लिप्सया ।
कार्यो मानुषसंयोगः शृङ्गाररससंश्रयः ॥

"દિવ્ય યોનિના આત્માઓ શાપને કારણે (સ્વર્ગમાંથી) ભ્રષ્ટ થાય છે ત્યારે, અથવા સંતાન મેળવવાની ઇચ્છાથી શૃંગાર રસને આશ્રયે મનુષ્યયોનિ સાથે સંયોગ કરે છે." તદનુસાર, સરસ્વતી પણ શાપથી ભ્રષ્ટ થઈ છે. હવે મનુષ્ય-દધીચ-જોડે સંયોગ થાય તો, તેનાથી સંતાનપ્રાપ્તિ થતાં તેના શાપની નિવૃત્તિ થાય એમ છે.

भुजंगभुजः मयूरान्, भुजग इव भुजौ अस्येति च । ભુજંગ એટલે સાપ. આ ભુજંગોને=સાપને મોર ખાઈ જતા હોય છે, તેથી મયૂરોને માટે भुजगभुजा શબ્દ વપરાય છે. બીજી તરફ 'સાપ જેવી ભુજાઓવાળો' એવો અર્થ પણ થઈ શકે. उत्तम्भितपक्ष्मणा— ઊંચી થયેલી પાંપણોવાળી (=વિસ્ફારિત કરેલી) અને निश्चलतारकेण— નિશ્ચલ કીકીઓ (तारका=कनीनिका= કીકીઓ) વાળી, चक्षुषा— આંખથી. कृच्छाद् इव— મહામુશ્કેલીએ.

1.11

अथ मुहूर्तमात्रमिव स्थित्वा स्मृत्वा च...सुष्वाप । इतरा तु मुहुर्मुहुर....मधुरकरकुलैः । अथ गणरात्रापगमे.... यथाभिलषितं देशमयासीत् ।

આ ગદ્યખંડમાં–(क) દધીચના ચાલ્યા ગયા પછી, સરસ્વતીને જે કામબાધાનો અનુભવ થવા લાગ્યો છે તેનું વર્ણન છે. તથા (ख) ચ્યવનના આશ્રમમાંથી ક્યાંક જવા નીકળેલો વિકુક્ષિ થોડોક સમય સરસ્વતીના નિવાસસ્થાને આવીને વિશ્રામ કરે છે. તેણે બે મહત્ત્વની સૂચનાઓ આપીઃ– (૧) કોઈક અગમ્ય કારણોસર દધીચ સૂકાવા લાગ્યો છે ! અને (૨) દધીચની એક દૂતી 'માલતી' ટૂંક સમયમાં જ સરસ્વતીને મળવા આવી રહી છે.

કાવ્યશાસ્ત્રીઓએ કામની દશ અવસ્થાઓ આ પ્રમાણે વર્ણવી છેઃ–

प्रथमे त्वभिलाषः स्याद् द्वितीये चिन्तनं भवेत् ।
अनुस्मृतिस्तृतीये तु चतुर्थे गुणकीर्तनम् ॥
उद्वेगः पञ्चमे प्रोक्तः प्रलापः षष्ठ उच्यते ।
उन्मादः सप्तमे चैव भवेद् व्याधिस्तथाष्टमे ॥
नवमे जडता प्रोक्ता दशमे मरणं भवेत् ॥

આમાંથી પહેલી ત્રણ–ચાર અવસ્થાઓ તો સરસ્વતી અનુભવવા લાગી જ છે. જેમકે, તેને દધીચને ફરી જોવાની ઈચ્છા થઈ છે. ક્ષણિક દર્શનથી તે તૃપ્ત થઈ નથી. તે દધીચને યાદ કરતી, રાહ જોતી, એ જે દિશામાં ગયો હતો તે દિશામાં જ જોતી જોતી ઊભી રહે છે. તેને મનુષ્યલોક ધન્ય લાગે છે. તે દધીચના અનેક રીતે વખાણ–ગુણકીર્તન–કરે છે. અરે–તેને તો હવે રાત્રે ઊંઘ પણ આવતી નથી! અને જો ઘડીક ઊંઘ આવે પણ છે, તો સ્વપ્નમાં પણ દધીચ જ આવીને ઊભો રહે છે!! આ અવસ્થાઓના સમર્થક કેટલાંક વાક્યો જોઈશું: अथ मुहूर्तमात्रमिव स्थित्वा **स्मृत्वा** च तां तस्य रूपसंपदं पुनः पुनः व्यस्मयत अस्या हृदयम् । भूयोऽपि चक्षुराचकाङ्क्ष तद्दर्शनम् ।..... निमीलितनयनापि न अलभत निद्राम् । सुप्ताऽपि च तमेव दीर्घलोचनं ददर्श ॥ વગેરે.

❋

अवशेष=अवशा इव જાણે કે પરવશ હોય તેવી, प्रहितम्—મોકલ્યું ન હોવા છતાંય, सालस्येव—જાણે सालस्या इव=अलस्येन सह—આળસ સહિતની બની હોય, प्रत्यक्पर्यस्तमण्डले— જ્યારે સૂર્યમંડળ પશ્ચિમ છેડે ઢળવા લાગ્યું (સતિ સપ્તમીવાળાં પદો છે). प्रत्यक् पर्यस्तं मण्डलं यस्य, तस्मिन् । कठोरसारस॰—વૃદ્ધ સારસપક્ષી. ॰शोणशोचिषि— લોહી જેવા લાલ રંગની દીપ્તિવાળું —कृतसंध्याप्रणामा... पल्लवशयने तस्थौ । સરસ્વતીએ સંધ્યાવંદન કર્યા પછી, સીધું પલ્લવ ઉપર શયન જ કર્યું. સંધ્યા અને રાત્રિએ અનેક કાર્યો કરવાનાં હોય છે. પણ સરસ્વતીએ બીજાં કોઈ કાર્યો કર્યાં જ નહીં. આનાથી તેના મનનો ઉદ્વેગ સૂચવાય છે. ટીકાકાર શંકર કહે છે:– 'कृत'—इत्यादिना 'तस्थौ' इत्यन्तेन क्रियान्तरत्यागेन वैमनस्यम् आवेद्यते । वेपते श्वसते चैव मनोरथविचिन्तनैः । प्रद्वेषेणान्यकार्याणामनुस्मृतिरपीष्यते ॥ (સંકેત) अङ्गस्य परभागोपकरणम्—અંગની શોભા વધારનારાં જે ઉપકરણ परभागो गुणोत्कर्षः । (क्षीरस्वामी) का प्रतिपत्तिः = किम् अनुष्ठेयम् = દધીચને ફરી મળવા શું કરવું જોઈએ ? मकरकेतुना - કામદેવ વડે. (કામદેવની કેતુ=ધજામાં મકર–મગરનું ચિહ્ન હોય છે, તેથી તેને માટે 'મકરકેતુ' શબ્દ વપરાય છે.) अरतिः आजगाम—વિરક્ત ચિત્તની અનવસ્થા स्वाभीष्टवस्तु—अलाभेन चेतसो याऽनव स्थितिः अरतिः सा । અહીં એક બીજો અર્થ પણ સ્ફુરે છે. જેમકે, રતિ તે મદનની પત્ની છે. તો અહીં સરસ્વતીને રતિની નહીં; પણ અરતિની પ્રાપ્તિ થઈ. अरतिर्दुःखासिका हि कामवधूप्रतिपक्षभूतेति तदागमनाभिधानम् ।.(સંકેત).

हंसपक्षतालवृन्तवातव्रातविततैः । 'હંસોની પાંખો જેવા/રૂપી તાલવૃન્ત (રૂપી વીંઝણા)ના પવનસમૂહથી ફેલાતાં.' ('શોણ નદીનાં શીકર=ફોરાં'–ઓનું વિશેષણ). અહીં ટીકાકાર શંકર हंसपक्षा इव तालवृन्तं व्यंजनम् । એવો ઉપમાપરક અર્થ કરે છે. પરંતુ પ્રો. પી. વી. કાણે મહાશય हंसापक्षाः एव तालवृन्तानि— એવો રૂપકપરક

અર્થ કરે છે. तालवृन्तैः वान्ताः वाताः, तैः विततः, तैः शोणशीकरैः कादम्बाः— કાળા હંસો श्यामता शृङ्गाररसाविष्कारिवैवर्ण्यम् । (સંકેત) કાવ્યશાસ્ત્રીઓએ 'શૃંગાર' રસનો રંગ શ્યામ કલ્પ્યો છે.

गणरात्रम् = ઘણી રાત્રિઓ. વિકુક્ષિએ સરસ્વતીને જણાવ્યું કે – तनीमसीमिव तनु बिभर्ति । 'તે અત્યંત કૃશ થઈ ગયેલા શરીરને ધારણ કરે છે' તથા मालती इति नाम्ना वाणिनी (दूती) वः युष्माकम् (तव-सरस्वत्याः) वार्ताम् प्रवृत्तिम् विज्ञातुम् अन्वक्षम् प्रत्यक्षम् (ટૂંક સમયમાં જ) आगमिष्यति एव । 'માલતી નામની પોતાની વ્યક્તિગત એક દૂતીને મોકલશે જ.'

उच्छ्वसितं हि सा कुमारस्य । આ માલતી દૂતી કુમાર દધીચના ઉચ્છ્વાસ સમી–પ્રાણ સમી હતી–कथमपि— મહામુશ્કેલીએ અથવા કોઈક અવર્ણનીય રીતે. कोऽपि એટલે પણ 'અવર્ણનીય' उच्चावचैः— (અવ્યય) વિવિધ પ્રકારના. विचित्रैः 'સંકેત'માં લખ્યું છે કે प्रकृतवस्त्वसंस्पर्शिभिः । મૂળ (દધીચ અને સરસ્વતીના અનુરાગ) સંબંધી કશી વાતને અડક્યા વિના = આડીઅવળી, બીજી જ કોઈક, 'જાતજાતની' વાતો કરીને પછી વિકુક્ષિ ચાલ્યો ગયો.

1.12

अपरेद्युः उद्यति भगवति ....सावित्रीसरस्वत्योर्मनसी । क्रमेण चातीते मध्यंदिनसमये .....तूष्णीम् अभूत् ॥

આ ગદ્યખંડમાં–૧. (વિકુક્ષિના કથ્યાનુસાર) માલતીનું આગમન, ૨. સરસ્વતી અને સાવિત્રી દ્વારા 'માલતીનો આતિથ્ય સત્કાર, ૩. સાવિત્રી બપોરે સ્નાન કરવા શોણ નદીએ ગઈ ત્યારે; એકાન્તમાં માલતીએ સરસ્વતીને દધીચની પ્રેમાવસ્થા કહી સંભળાવી-એટલી ઘટના આલેખાઈ છે.'

❋

"બીજે દિવસે સૂર્યોદય થયો ત્યારે માલતી દેખાઈ" આટલું કહેવા માટે બાણભટ્ટે એક પ્રલંબ વાક્યની રચના કરી છે. જેમ કે, शोणम् उत्तीर्य आयान्ती...तुरंगमे स्थिता....आकर्षयन्ती...शिञ्जानजघनस्थला....मालती समदृश्यत । અહીં આવેલાં બધાં જ પ્રથમા વિભક્ત્યન્ત પદો માલતીનાં વિશેષણો છે. (અનુવાદમાં તે દરેક વિશેષણને એક નાનું સ્વતંત્ર વાક્ય બનાવીને રજૂ કરેલ છે.)

अपरेद्युः— બીજા દિવસે; 'દધીચનો સંદેશો લઈને માલતી આવશે' એવું કહીને વિકુક્ષિ બીજા કોઈ ગામે ગયો, તેના બીજા દિવસે उद्यति भगवति....सहस्ररश्मौ — ભગવાન સૂર્ય ઉગ્યા; ત્યારે આ બધા સતિસપ્તમ્યન્ત પદો છે. द्युमणि— दिवि मणिः—આકાશનો મણિ = સૂર્ય. अभिद्रुत तारके —તારાઓ ઉપર આક્રમણ કરનાર (સૂર્યોદય થતાં આકાશમાંથી તારાઓ, ગ્રહો અને ચન્દ્ર વિદાય લે છે.) अभिद्रुता

— न्यक्कृता । तामरत—व्यास—व्यासनिनि (तामरसम् पद्मम्) तामरसानां व्यासः विकासः तस्य व्यसनं अस्ति अस्य इति व्यसनिन्, तस्मिन् ॥ કમળોનો વ્યાસ=ખીલવવાનું જેમને વ્યસન=ટેવ પડી છે તે સૂર્ય. व्यासो विकासः અહીં व्यसन એટલે 'આપત્તિ' એવો અર્થ લેવાનો નથી. પણ, 'અભ્યાસ, ટેવ' એવો અર્થ લેવાનો છે. બાણના સમયમાં વ્યસન શબ્દના અર્થમાં આવેલું આ પરિવર્તન નોંધપાત્ર છે.

शोणम् उत्तीर्य आयान्ती....मालती समदृश्यत ''શોણ નદીને પાર કરીને, તરીને **આવતી''** (વિશેષણો); માલતી (વિશેષ્ય). દેખાઈ. હવે પ્રથમાન્ત પદોથી માલતીનાં વિશેષણો શરૂ થાય છે :–

૧. तरल—देह—प्रभा—वितान—च्छलेन—अत्यच्छं सकलं शोण—सलिलम् इव आनयन्ती । બાણ અપહ્નુતિ અલંકારથી કહે છે કે શોણને પાર કરીને આવતી માલતી શોણના પારદર્શક જળસમૂહને લઈને આવતી હતી. તેની તરલ દેહપ્રભાના વિસ્તાર (વિતાન)ના બહાના હેઠળ આવું લાગું હતું. ૨. सयले महति मृगपतौ इव गौरी— ('ગૌરી શબ્દ શ્લિષ્ટ છે:– પાર્વતી અને ગૌર અંગવાળી) કેશવાળી વાળા મોટા મૃગપતિ–સિંહ–ઉપર જેમ ગૌરી બેઠી હોય તેમ આ ગૌર અંગવાળી માલતી કેશવાળી વાળા મોટા ઘોડા ઉપર બેઠી હતી. स्फुटितानां (expanded–ખીલેલાં) अतिमुक्तककुसुमानां स्तबकेन समा त्विट् (=कान्तिः) यस्य (तुरंगस्य), तस्मिन् । અહીં अतिमुक्तकम् — 'એક પ્રકારનું પુષ્પ,' કેટલાકના મતે 'માલતી લતાના કુસુમ' એવો અર્થ 'સંકેત'માં નોંધ્યો છે. ૩. चरणयुगलस्य प्रभाप्रवाहैः रक्ताशोकवनानि इव आकर्षयन्ती । 'ચરણયુગલના પ્રભાપ્રવાહોથી જાણે તે (માલતી) લાલ અશોકવૃક્ષોના વનોને ખેંચી લાવતી હતી.' અહીં चरणयुगलस्य આદિ ત્રણેય પદોનાં વિશેષણો આ પ્રમાણે છે : सलीलम्— लीलापूर्वक, उरोबन्धारोपितस्य— 'ઉરોબન્ધ' ઉપર મૂકેલા, (ઘોડાના છાતી–પેટ–ઉપર બાંધેલા ચામડાના પટ્ટાને અથવા પેંગડાને 'ઉરોબન્ધ' કહેતા હશે.) तिर्यग् उत्कर्ष°....रणितस्य— ત્રાંસા ઊંચા કરેલા કાનથી ઘોડો જેને સાંભળી રહ્યો હતો તેવા નૂપુર–ઝાંઝરના મધુર રણકારવાળા; વળી કહે છે पिण्डालक्तेन पल्लवितस्य— સઘન અળતો લગાડવાથી પલ્લવિત થયેલા पल्लवाः सञ्जाताः अस्य सः पल्लवितः । પગે અળતો લગાડવાથી તે લાલ પાંદડા જેવા લાગતા હતા. —पिण्डालक्तकः क्वंथितोऽलक्तक रसः –સંકેત) છેલ્લું વિશેષણ कुंकुमपिंजरितं पृष्ठस्य (चरणयुगलस्य)— કુંકુમથી ઘેરાયેલા તળિયાના ભાગવાળા ચરણયુગલના. હવે प्रभाप्रवाहै:નાં વિશેષણો છેઃ प्रसरद्भिः अतिलोहितैः—ચારે બાજુએ ફે...નાં અતિશય લાલ (પ્રભાપ્રવાહોથી). उभयतः—ઘોડાના પેટની બન્ને બાજુએ લટકતા. તે અળતો લગાડેલા લાલ પગ–ચરણયુગલ–જાણે કે (હવે કવિ ઉત્પ્રેક્ષા કરે છેઃ) ताडनदोहदलोभागतानि किसलयितानि रक्ताशोकवनानि इव । પગથી તાડન–લાત ખાવાના–દોહદ=ઇચ્છાના લોભથી આવેલા, કિસલય જેવાં લાલ થયેલાં, લાલ

અશોકવૃક્ષનાં વનોને (તે માલતી જાણે ખેંચી લાવતી હતી). સંસ્કૃત કવિઓમાં એવી માન્યતા=કવિસમય છે કે પદ્મિનિ સ્ત્રી લાલ અશોકને પગથી લાત મારે ત્યારે જ તે પુષ્પિત–પલ્લવિત થાય છે. (બાણે ઉપરના વિશેષણમાં આ માન્યતાનો ઉપયોગ કર્યો છે.) મલ્લિનાથે 'મેઘદૂત' (૨–૧૭) ઉપરની ટીકામાં આવા એક કવિસમયને નોંધ્યો છેઃ– स्त्रीणां स्पर्शात् प्रियङ्गुर्विकसति बकुलः सीधगण्डूषसेकात् पट्टमृदुहसनाच्चम्पको, पादाघाताद् अशोकस्लिलक कुरबकौ वीक्षणालिङ्गानीभ्यम् । मन्दाज्ञे नर्मवाक्यात् वक्त्रवाताच्चूतो गीतान्नमेरुर्विकसति च पुरो नर्तनास्कर्णिकारः ॥

(૪)...रशनया शिञ्जान–जघन–स्थला–તેણે (માલતીએ) કટિમેખલા બાંધી હતી. તેનાથી તેનું જઘનસ્થળ (સાથળનો ભાગ) શિંજાન=રણકતો હતો. शिञ्जानं शब्दायमानम् (સંકેત). (૫) कंचुकेन तिरोहिततनुलता–કંચુકથી તેની શરીરલતા ઢંકાયેલી હતી. કંચુકનાં ત્રણ વિશેષણઃ धौतधवलनेत्रनिर्मितेन, निर्मोक–लघुतरेण, आप्रपदीनेन । અહીં नेत्र =રેશમીવસ્ત્ર, અને 'નિર્મોક' એટલે સાપની કાંચળી (જેવા બારીક) અને आप्रपदं प्राप्नोति आप्रपदीनः, पादं यावत् । = પગ સુધી લંબાયેલા કંચુકથી, पादस्याग्रं प्रपदं तन्मर्यादीकृत्य आप्रपदम् । (૬) હવે, તે બારીક કંચુકમાં ઢંકાયેલું માલતીનું શરીર કોના જેવું લાગતું હતું ? તો કવિ બાણ ઉત્પ્રેક્ષા કરે છેઃ– ...अवयवैः...इव सरसी । સરોવરના સ્વચ્છ પાણીમાં જેમ મૃણાલદંડ દેખાય તેમ તે માલતીનું શરીર પણ બારીક કંચુકમાંથી દેખાતું હતું ! आश्यान–चन्दन–धवलैः (अवयवैः) સૂકા ચન્દનથી–ચન્દનના ચૂર્ણ (=પાવડર)થી ધવલ થયેલાં અવયવો વડે. (૭) कुसुम्भरागपाटलं–(कुसुम्भ=पद्मम्) કુસુમ્ભના રંગ જેવાં લાલ, पुलकबन्धचित्रम्– (બાંધણીમાં હોય છે તેવા) જુદા જુદા રંગની બિન્દિયાથી સુન્દર બનાવેલા; અથવા નાના મણિઓ (કે મણકાઓ) ભરેલા. ટીકાકાર શંકર કહે છેઃ– नानावर्णबिन्दुन्यासः पुलकबन्धः । मणिविशेषाश्च पुलका । (સંકેત). શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે-झीने कंचुकं के नीचे कुसुम्भी रंगका लाल लंहगा (कुसुम्भरंगपाटलं चंडातकं) झलक रहा था (अन्तः स्फुटं) जिस पर रंगबिरंगी बंदकियाँ पडी हुई थी (पुलकबन्धचित्रम्) । ज्ञात होता है कि बांधनू की रंगाई से ये बंदकियाँ उत्पन्न की जाती थी । इस तरह की रंगाई के लिए ''पुलकबन्ध–'' पारिभाषिक शब्द ज्ञात होता है (पृ. २३) ॥ આ બન્ને चण्डातक નાં વિશેષણો છે. તેણે (માલતીએ) 'ચંડાતક' (પેટીકોટ કે સુરવાલ?) પહેર્યો હતો. આ સમગ્ર વાક્યને સમજાવતાં પ્રો. પી. વી. કાણે લખે છે કે–wearing a petticoat (चण्डातक) red with safflower dye, variegated with spots (पुलकः) of different colours and gleaming inside (the gown), as though she were a crystal spot bearing a treasure (निधानं) of jewels. શ્રી વાસુદેવશરણ અગ્રવાલના પુસ્તકમાં ચંડાતકનું ચિત્ર જુઓ નં–૧૮. આ 'ચંડાતક'–

પેટીકોટ-માં રત્નો જડ્યાં હતાં. તેથી તે રત્નકોશ જેવો લાગતો હતો. (चण्डातकम् अर्धोरुकम् वासः— । આમ 'સંકેત'માં પણ અર્ધી જાંઘ સુધીનું વસ્ત્ર 'પેટીકોટ' એવો અર્થ કર્યો છે.) (૮) हारेण शारदी द्यौः इव હારથી શરદ્ ઋતુના આકાશ જેવી લાગતી હતી, आमलकीफल-निस्तल—मुक्ताफलेन (हारेण)—આમળાના ફળ જેવા, બેઠક વિનાના (તદ્દન ગોળ) મોતીઓના (હારથી) आमलकीफलवत् निस्तलानि मुक्ताफलानि यस्य (हारस्य), तेन । અહીં 'निस्तुल—'તુલના ના કરી શકાય એવા' એવું પાઠાન્તર છે, પરંતુ આમળાનું ફળ ગોળ હોઈને, તે પાઠાન્તર ઠીક જણાતું નથી. स्फुरित—स्थूल—ग्रह—गण—शारा = 'ચમકતા મોટા ગ્રહ-તારા-ઓના સમૂહથી વિચિત્ર બનેલી (शारा-કાબરચીતરા, રંગબેરંગી) शारदी द्यौः— શરદ્ઋતુની द्यौः = આકાશ (સ્ત્રીલિંગ શબ્દ) જેવી તે (માલતી) લાગતી હતી. (૯) कुचपूर्णकलशयोः उपरि बद्धां रत्नप्रालम्बमालिकाम् धारयन्ती । તેણે (માલતીએ) સ્તન રૂપી પૂર્ણકલશ ઉપર રત્નોની એક લાંબી માળા પહેરી હતી. જેવી રીતે કોઈક પુણ્યશાળીના હૃદયમાં પ્રવેશ કરાવનારી 'વનમાળા' પૂર્ણકલશ ઉપર બાંધવામાં આવે તેમ. ટીકાકાર શંકર કહે છેઃ- वनमाला पत्र—पुष्प—योजिता स्रक् । साऽपि पूर्णकलशयोः उपरि बध्यतत्र। (૧૦) प्रकोष्ठनिविष्टस्य एकस्य हाटककटकस्य—કાંડામાં પહેરેલા એક સુવર્ણના કડાના मरकत—मकर—वेदिका—सनाथस्य—પન્નામાંથી બનાવેલા મગરમુખી વેદિકાઓથી તે સોનાનું કડું સનાથ થયેલું હતું. प्रकोष्ठः प्रकुञ्चनकः । वेदिका रत्नप्रतिष्ठापीठिका । (સંકેત). मयूखसंततिभिः- તેજ કિરણોની શ્રેણીથી-હારમાળાથી अनुगम्यमाना તે (માલતી) અનુસરાતી હતી. હવે કવિ ઉત્પ્રેક્ષા કરે છેઃ हरितीकृतदिगन्ताभिः સુવર્ણકડામાં અગ્રભાગે જંડેલા પન્નામાંથી લીલા રંગનાં તેજકિરણો નીકળતાં હતાં; તેથી જાણે स्थलकमलिनीभिः लक्ष्मीशङ्कया अनुगम्यमाना સ્થલ કમલિનીઓ વડે 'આ (માલતી) જ લક્ષ્મી હશે' એવી શંકાથી અનુસરાતી હતી. (૧૧) अधरसंपुटेन तिमिरम् इव वमन्ती લાલકાળા અધરોષ્ઠથી તે જાણે અન્ધકારનું વમન કરતી હતી, ખૂબ પાન ચાવવાથી માલતીના હોઠ લાલકાળા પડી ગયા હતા તેથી જાણે मुखशशिपीतं मुखमेव शशी, तेन पीतम् ससंध्यारागं—મુખ રૂપી ચન્દ્રમાએ પીધેલા સંધ્યાના રાગ (રક્તિમા-લાલાશ) સહિતના તિમિર = અન્ધકારને તે કાળા અધરોષ્ઠથી બહાર ફેંકતી હતી. શંકર લખે છે : ताम्बूलकारणत्वेन लौहित्यमेव सम्भवतीति ससन्ध्यारागम् इत्युक्तम् । (સંકેત) विकचं नयनकुवलयं तस्मिन् कुतूहलेन आलीनया अलिकुलसंहत्या (સંહતિ=સમૂહ) વિસ્ફારિત થયેલાં નયનો રૂપી કુવલય (=શ્વેત કમળ)ના કુતૂહલમાં તલ્લીન/ભેગાં થયેલાં, ભમરા(અલિ)ઓના કુળના સમૂહથી; જાણે કે नीलांशुक—जालिकया इव નીલાંશુકની જાળીથી ઢંકાયેલું હોય તેમ તે (માલતી) निरुद्धार्धवदना હતી. (૧૩) वामश्रवणाश्रयिणा दन्तपत्रेण. ડાબા કાનમાં રહેલા 'દન્તપત્ર' (=હાથીદાંતમાથી

બનેલી બુટ્ટી)થી તે द्योतमाना—પ્રકાશતી—શોભતી હતી. नीलीरागेण निहितः नीलिमा यस्मिन् આ દન્તપત્રને 'નીલી' = ગળીના ભૂરા રંગથી રંગ્યું હતું. नील्योषधिभेदः । शितिर्जीलः। (સંકેત) આ ગળીનો ભૂરો રંગ કોના જેવો ભૂરો ? તો शिखिगलशितिना શિખિન્=મયૂરના ગળા (કંઠ) ડોકમાં જેવો 'શિતિ'—ભૂરો રંગ હોય છે તેવા ભૂરા રંગથી ! (બાણભટ્ટ રંગની જે ચોક્સાઈ દર્શાવે છે તે નોંધપાત્ર છે.) અહીં જો शितिगलशितिना એવું પાઠાન્તર લઈએ તો 'શિતિકંઠ=શંકરના ગળા જેવા નીલા રંગથી' એવો અર્થ કરવો પડે. (૧૪) वालिकायुगलेन अतिकोमले भुजलते सिञ्चन्ती इव । કાનમાં પહેરેલી બે વાળીઓથી પોતાની અતિ કોમળ ભુજલતાઓને તે સિંચતી હતી, वालिका कर्णोपवेधेऽलंकारः । (સંકેત). (૧૫) अवतंस— શોભા રૂપ, અલંકાર. માલતીએ જમણા કાનમાં જે શ્વેત કેતકી ગર્ભપત્રનું અલંકાર પહેર્યું હતું તે જાણે ચન્દ્રમાની જીભ રૂપી લતા હતી, અને તે માલતીના ગાલને ચાટતી હતી! (૧૬) मृगमदामोदनिष्यन्दिना—મૃગમદ=કસ્તૂરીના જેવી ગન્ધને ટપકાવતાં तिलकबिन्दुना— તિલકબિંદુથી; મનોભવ=કામદેવનું સર્વસ્વ જાણે મુદ્રિત કર્યું હોય તેવા વદનને उद्वहन्ती—તે વહતી હતી. (૧૭) ललाटलासकस्य—કપાળ પર હાલતા चटुलातिलकमणेः चटुलेन अंशुजालेन इव कृतशिरोवगुण्ठना । 'ચટુલા—તિલક'ના મણિના ચટુલ(=હાલતા અથવા સુન્દર) કિરણોના સમૂહથી, તેણે જાણે મસ્તક ઉપર અવગુંઠન રચ્યું હતું. ટીકાકાર શંકર 'ચટુલા—તિલક અલંકારનું સ્વરૂપ સમજાવતાં લખે છે કે—

सुवर्णशृङ्खलाबद्धो नानारत्नौघमण्डितः ।
ललाटलम्ब्यलङ्कारश्चटुला—तिलको मतः ॥

"સોનાના દોરાથી બંધાયેલ અને વિવિધ રત્નો જડેલ; લલાટ ઉપર લટકનાર અલંકારને 'ચટુલાતિલક' કહે છે." (સંકેત).

(૧૮) नीलचामरावचूलिनी इव—જાણે કે કાળી ચામરના ચિહ્નવાળી હોય તેવી अवचूलं चिह्नम् । (સંકેત). पृष्ठे प्रेङ्खन् अनादरसंयमेन शिथिलश्च जूटिकाबन्धः यस्याः सा। °शिथिलजूटिकाबन्धा—શિથિલ ચોટલાના બંધનવાળી તે (માલતી) હતી. (૧૯) चूडामणिमकरिकासनाथा—મકર (મગર)ના ચિહ્નવાળા આભૂષણ (મકરિકા)થી સનાથ થયેલા ચૂડામણિવાળી તે (માલતી) હતી. (૨૦) पुष्पधनुषः° =પુષ્પધન્વા. કામદેવનાં પાંચ પુષ્પ રૂપી બાણ આ પ્રમાણે છે:—

अरविन्दमशोकं च चूतं च नवमल्लिका ।
नीलोत्पलं च पञ्चैते पञ्चबाणस्य सायकाः ॥

પુષ્પધન્વા કામદેવને શંકરે ભસ્મીભૂત કરી દીધા પછી તેને ફરીથી સજીવન કરનારી સંજીવનૌષધિ હોય તેવી માલતી હતી. (૨૧) થી (૩૨) વિશેષણો રૂપક ગર્ભિત ઉત્પ્રેક્ષાલંકારથી બનેલાં છે. દા.ત. ज्योत्स्नेव यौवनचन्द्रोदयस्य । યૌવન રૂપી ચન્દ્રોદયની જાણે કે તે (માલતી) જ્યોત્સ્ના હતી. (૩૩) ताम्बूलकरण्डवाहिन्या

अनुगम्यमाना—ताम्बूल (પાન)નો કરંડિયો લઈને આવનારી સ્ત્રીથી અનુસરાતી (માલતી) (૩૪) चम्पक—अवदात—देहया कुसुममयी एव—ચમ્પક પુષ્પોના જેવા શ્વેત દેહવાળી અને જાણે પુષ્પમયી હોય તેવી (માલતી) અને (૩૫) कतिपय (કેટલાક) परिचारक—परिकरा—સેવકોથી વીંટળાયેલી. मालती समदृश्यत—માલતી દેખાઈ.

सा (માલતી) दधीचप्रेम्णा सरस्वत्या मनोरथैः लुण्ठिता इव....सविधम् उपययौ। તે માલતી, દધીચ ઉપરના પ્રેમને કારણે, સરસ્વતી વડે જાણે મનોરથોથી લૂંટાઈ હોય તેવી (માલતી) સરસ્વતીની सविधम्=समीपम् નજીક ગઈ. ટીકાકાર શંકર કહે છે કે—तया मनोरथैः उत्प्रेक्ष्य स्वीकृतनित्यतस्तैः लुण्ठिता इव इत्युक्तम्॥ सविधं समीपम् । आप च यः स्निग्धो दूरात्सविधमायाति, तस्य लुठनादिसर्वम् अर्चनावसानं क्रियते इति ध्वनिः ॥ (સંકેત).

सप्रश्रयं— नम्रतापूर्वक ताभ्यां संभाषिता—તે બે સરસ્વતી—સાવિત્રી વડે વાતચીત કરાયેલી, आत्मानं पुण्यभाजनम् अमन्यत—માલતીએ પોતાની જાતને પુણ્યશાળી માની अतिपेशलैः आलापैः—અતિ મધુર—હૃદ્ય—આલાપો (વાતચીત)થી તેણે (માલતીએ) સાવિત્રી—સરસ્વતીનું મન જીતી લીધું.

❋

कुसुमस्रस्तशायिनीम्—પુષ્પોના બિછાના ઉપર સૂતેલી (સરસ્વતી)ની (कुसुमप्रस्तर० એવું પાઠાન્તર પણ છે) समुपसृत्य—નજીક જઈને. अवधानदानेन—(અમારી વાત ઉપર) ધ્યાન આપીને प्रसादं क्रियमाणम् इच्छामि—કૃપા (મહેરબાની) કરવામાં આવે એમ હું (માલતી) ઇચ્છું છું. दन्तुरित—રોમાંચિત, निकर—સમૂહ, श्रोतुं—સાંભળવા માટે, श्रवणेन इव कुतूहलाद् धावमानेन જાણે કે કુતૂહલથી દોડતા કાન હોય, गलता अवतंसपल्लवेन (उपलक्षिता) गलता અને अवतंसपल्लवेन માં इत्थंभूतलक्षणा तृतीया વિભક્તિ વપરાઈ છે. માટે આ વાક્યમાં उपलक्षिता એવા પદનો અધ્યાહાર લેવાનો રહેશે. अनवरत— સતત, श्वाससंदोह શ્વાસનો સમૂહ તેમાં दोलयितां દોલાયમાન થયેલી, स्मर—शर—संज्वरिणी—કામદેવનાં બાણોના તાપવાળી સરસ્વતી—सा सरस्वती कुसुमशयनीयात् मन्दं मन्दम् उदगात्—કુસુમોની પથારીમાંથી ધીમે ધીમે ઊઠી उपांशु—ધીમેથી(બીજો ના સાંભળે તેમ) કાનમાં કહેવું.

काऽहम् अवधानदानस्य शरीरस्य प्राणानां वा । તારી વાત ઉપર ધ્યાન આપનાર, કે (મારા) શરીર અને પ્રાણો ઉપર પણ (ધ્યાન આપનાર) હું કોણ? અહીં Prof. Cowell and Mr. Thomas જે અનુવાદ કરે છે તેમાં તેઓએ शरीरस्य प्राणानां वा ને બીજા વાક્ય સાથે જોડ્યાં છે. પરંતુ તેમ હોય તો वा અવ્યયનું સ્થાન પછીના વાક્યમાં सर्वस्य ની પછી હોવું જોઈએ. सर्वस्य अप्रार्थितोऽपि બધુંય માંગ્યા વિના જ (અર્થાત્ સરસ્વતીનું મન, ધ્યાન, શરીર કે પ્રાણ તેનું તે કેવી રીતે દાન

કરી શકે ? કેમકે) તે બધા ઉપર તો अतिवेलं चक्षुष्यो जनः प्रभवति । કેવળ તે એક અનુકુળ–દર્શનીય–વ્યક્તિ જ માલિક છે. ટીકાકાર શંકર કહે છે કે चक्षुष्योऽनुकूलः । त्वमिव व्यक्तम् । चक्षुष्य इति भंग्या दधीच इति ध्वनति । (સંકેત).

त्वयि (मम) हृदयम् अवस्करम् (=गुह्यम्) आश्रवं (=वचसि स्थितम्) वर्तते। प्रतिसरा=અનુકૂલા विधेया=વશ્યા व्यावृणु=પ્રકટ કર. દધીચે જ્યારથી સરસ્વતીને જોયા છે ત્યારથી તેની શી સ્થિતિ થઈ છે ? તે વર્ણવતાં માલતીએ કહ્યું.....मृत्युः पार्श्ववर्ती—મૃત્યુ પાર્શ્વવર્તી છે. અર્થાત્ જો તું (સરસ્વતી) નહીં સ્વીકારે તો તેનું મૃત્યુ થશે. (સંકેત). रणरणकः संचारकः । બેચેની જાસૂસ છે. (જાસૂસો બે પ્રકારના હોય છે : સંસ્થા અને સંચારકો) વળી किंच विज्ञापयामि । એમ કહીને, માલતી પોતાના સ્વામીનો પ્રેમસંદેશ અતિરમણીય વક્રોક્તિથી રજૂ કરે છે. જેમકે, अनुरूपो देव इति आत्मसंभावना । ''અમારા દેવ તમારે–સરસ્વતીને–માટે ઉચિત=અનુરૂપ છે એમ કહીશ તો તે અમારી જાતના વખાણ કર્યાં ગણાશે'' વગેરે–નિપુણ દૂતીનું અને પ્રેમની અનન્ય જાહેરાતનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ટીકાકાર શંકર લખે છે : अनुरूपे इत्यादिना इदम् इदम् तत्र अस्ति इति वक्रोक्त्या सातिशयं मालती वैदग्ध्येन आह । (સંકેત).

1.13

अर्थः सरस्वती प्रीतिविस्फारितेन.....तरुणीषु इति । आजगाम च मधुमास.....जनयितुरेव जगामान्तिकम् ॥

આ ગદ્યખંડમાં–(૧) માલતી સમક્ષ સરસ્વતીએ દધીચ પ્રત્યે પોતાના પ્રેમનો એકરાર કર્યો. (૨) માલતી દધીચ્‌ને લેવા માટે ચ્યવનાશ્રમે ગઈ; અને સરસ્વતી પણ શોણનદીના પટમાં દધીચની પ્રતીક્ષા કરતી બેસી રહી. સૂર્યાસ્ત થયો, સાંજ પડી ત્યાં તો (૩) માલતી દધીચને લઈને આવી પહોંચી. (૪) ત્યાં દધીચ અને સરસ્વતીનું મિલન થયું. તે બન્નેએ એક વર્ષ કરતાંય અધિક સમય એક દિવસની જેમ સાથે રહીને વિતાવ્યો. (૫) સરસ્વતીએ ગર્ભ ધારણ કર્યો અને પુત્રને જન્મ આપીને તે (પુત્રદર્શનાવધિ) શાપ પૂરો થતાં બ્રહ્મલોકમાં પાછી ફરી. સરસ્વતીનો પુત્ર સારસ્વત કહેવાયો. (૬) દધીચે ભાર્ગવવંશના એક બ્રાહ્મણ ભાઈની પત્ની અક્ષમાલાને સારસ્વતને ઉછેરવા સોંપ્યો. અને પછી પોતે તપ કરવા માટે વનમાં ચાલ્યો ગયો. અક્ષમાલાને પણ એક વત્સ નામનો પુત્ર થયો હતો. (૭) સરસ્વતીની કૃપા–વરદાનથી સારસ્વતને વેદ, શાસ્ત્ર, કલાદિનું જ્ઞાન પ્રકટ થયું, જે એણે સહોદર તુલ્ય 'વત્સ' માં પણ સંક્રાન્ત કર્યું. (૮) સારસ્વતે વત્સને પરણાવ્યો અને તેને માટે પ્રીતિકૂટ નામનું નિવાસસ્થાન બનાવડાવ્યું અને પોતે પિતા દધીચની પાસે તપ કરવા વનમાં જતો રહ્યો–આટલી બધી મહત્ત્વની ઘટનાઓ વર્ણવાઈ છે.

ઉપર જણાવ્યું છે તેમ–આ ગદ્યખંડમાં દધીચ અને સરસ્વતીનું મિલન વર્ણવાયું છે. પરંતુ અહીં એ નોંધપાત્ર છે કે કવિ બાણે ખૂબ ટૂંકાણમાં તે મિલનને વર્ણવ્યું છે. તેમાં સંયોગશૃંગારની જમાવટ કરવાની પૂરી તક હોવા છતાંય; અહીં નાયિકા સરસ્વતી જ્ઞાનપ્રદાયિની દેવી હોઈને તેની પ્રેમલીલાઓ વર્ણવવાનું કવિ બાણે ટાળ્યું છે.

ટીકાકાર શંકરે પણ લખ્યું છે કે देवताविषयं सम्भोगशृङ्गारवर्णनम् अनुचितमिति न तत्र विस्तरः प्रवर्तते । कुमारीत्वे च गान्धर्वविवाहो विस्तरेण न तथा वर्णितः शापनिर्वाहणमात्रपरत्वाद् इति । (सङ्केतः) અર્થાત્ દેવતા–સંબંધી સંભોગશૃંગારનું વર્ણન કરવું તે અનુચિત છે; તેથી તેનો વિસ્તાર કર્યો નથી. વળી, સરસ્વતી કુંવારી હતી, એટલે તેનો (દધીચ સાથેનો આ) ગાન્ધર્વવિવાહ પણ વિસ્તારથી વર્ણવ્યો નથી. (દધીચ સાથેનું તેનું મિલન થયું એમ કહેવું પણ આટલા માટે જરૂરી છે કે તેનાથી જ સરસ્વતીના શાપની નિવૃત્તિ થવાની છે.) આમ તે બન્નેના મિલનની વાત શાપનિર્વહણ પૂરતી જ જરૂરી હોઈ, (ટૂંકમાં) તેની રજૂઆત કરી છે."

કાલિદાસે કુમારસંભવના આઠમા સર્ગમાં શિવ–પાર્વતીનો જે સંભોગશૃંગાર વર્ણવ્યો છે તેને આંલકરિકાએ પણ દોષ ગણ્યો છે. આ સન્દર્ભમાં બાણભટ્ટે જે સંયમ દાખવ્યો છે–સરસ્વતી અને દધીચના પ્રેમવર્ણનોને વિસ્તારથી રજૂ કરવાનો મોહ ટાળી શક્યા છે–તે પ્રશંસનીય છે. પ્રોફે. પી. વી. કાણે મહાશય.જણાવે છે કે–

It will be noticed how Bana very appropriately draws the veil of silence over the amorous sports of the meeting of सरस्वती and दधीच ।

It is a canon of rhetoricians that the love sports of divinities are not to be dwelt upon in a poem. In this respect Bana offers a pleasing contrast to Kalidasa who could not resist the temptation of describing the Srungara of Siva and Parvati in the Kumarasambhava. (VIII)

Vide ध्वन्यालोक (उद्द्योत III under. verse 14) तस्मादभिनेयार्थे च काव्ये यद् उत्तमप्रकृते राजादेरुत्तमप्रकृतिभिर्नायिकाभिः सह ग्राम्यसम्भोगवर्णन, तत्पित्रोः सम्भोगवर्णनमिव, सुतराम् असह्यम् । तथैव उत्तमदेवताविषयम् । न च सम्भोगशृंगारस्य सुरतलक्षण एवैकः प्रकारः, यावद् अन्येऽपि प्रभेदाः परस्परप्रेमदर्शनादयः सम्भवन्ति । ते कस्माद् उत्तमप्रकृतिविषये न वर्ण्यन्ते ।....यत्त्वेवंविधे विषये महाकवीनाम् अपि असमीक्ष्यकारिता लक्ष्ये दृश्यते स दोष एव ॥

❋

આમ કવિ બાણભટ્ટની વર્ણનશક્તિની પ્રશંસા કરવાની સાથે સાથે જે તે વર્ણનના ઔચિત્યનો વિવેક કરવાની શક્તિનો પણ મહિમા ગાવો જોઈએ. અસ્તુ.

❋

उत्कण्ठाभारभृता च ताम्यता चेतसा कल्पायितं कथंकथमपि दिवसशेष अनैषीत्।

સરસ્વતીએ માલતી આગળ પ્રેમનો એકરાર કર્યા પછી, માલતી દધીચને બોલાવવા ગઈ; પણ હવે સરસ્વતીને દિવસનો બાકીનો ભાગ પસાર કરવો મહામુશ્કેલ બની ગયો. તે દિવસના બાકીના કલાકો તેને એક કલ્પ જેટલા લાગ્યા: कल्पायितम् दिवसशेषम् । અહીં कल्प શબ્દ ઉપરથી નામધાતુ બનાવવામાં આવ્યો છે : कल्प इव आचरति इति कल्पायते । આની ઉપરથી કર્મણિ ભૂતકૃદન્ત कल्पायितम् રૂપ બનાવ્યું છે.

'કલ્પ'ની સમયગણના આ પ્રમાણે છે:– કૃતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ–એ ચારયુગનો એક મહાયુગ બને છે. (પ્રત્યેક મહાયુગમાં મનુષ્યલોકના ૪૩,૨૦,૦૦૦ વર્ષો છે.) આવા ૧૦૦૦ મહાયુગનો એક કલ્પ બને છે. આ એક કલ્પ બરાબર બ્રહ્મનો એક દિવસ. સરસ્વતીને દધીચની રાહ જોવામાં, દિવસનો બાકીનો ભાગ એક કલ્પ જેવડો લાગ્યો !

पौरंदरीं दिशम्—ઇન્દ્રની–પૂર્વ દિશા. (पुरंदरः इन्द्रः तस्य इयं पौरन्दरी ।) પૂર્વ દિશાનો સ્વામી ઇન્દ્ર છે.

तरङ्गिणि शोणसैकते—તરંગોના ચિહ્નવાળા શોણ નદીના પટ ઉપર (સરસ્વતી બેઠી). શંકર લખે છે કે तरङ्गिणी प्रतिदिनं क्षीयमाणेनं वारिणि कृतलेखे भङ्गियुक्ते च । (સંકેત). શોણનદીના પાણી પ્રતિદિન ઓછા થતાં તેમાં જાણે પંક્તિઓ દોરી હોય, તરંગોના ચિહ્નો પડ્યા હોય એવું લાગતું હતું. ललाटिकां दधाना (કપાળ ઉપર) લલાટિકા નામના અલંકારને ધારણ કરતી (સરસ્વતી). वालव्यजनीकृत°— વાળનો પંખો=ચામર કરેલા. वीजयन्ती—વીંઝણો નાખતી પવન ઢોળતી. चित्तभुवा– કામદેવ વડે–કામદેવને ચિત્તમાં જન્મનાર કહ્યો છે. अधिस्तनं=स्तनयोः इति । સ્તન ઉપર. અહીં સપ્તમી વિભક્તિના અર્થમાં અવ્યયીભાવ સમાસ થયો છે. स्तनयन्ती— અવાજ કરતી, ગણગણાટ કરતી માનસિક પરિતાપમાં ગણગણાટ કરતી.

स्तनिः शब्दार्थश्चौरादिकः । દશમાં ગણનો स्तन ધાતુ 'અવાજ કરવો' અર્થમાં જોવા મળે છે. ટીકાકાર શંકર મુજબ અહીં स्तनयन्ती પાઠ છે અને તેનો અર્થ कलयन्ती લેવાનો છે. વળી, ટીકાકાર શંકર નોંધે છે કે અહીં स्तनन्ती એવું પાઠાન્તર પણ મળે છે. પ્રોફે. પી. વી. કાણે લખે છે કે स्तनयन्ती, murmuring (to herself). If we read स्तनयन्ती the meaning is 'the lotus stalk on her bosom made a sound' (p. 221)

A. A. Fuhrer ની આવૃત્તિમાં स्तनन्ती પાઠ સ્વીકાર્યો છે અને પાદટીપમાં તેનો અર્થ આપ્યો છેં : मदनदाहेन क्वणन्ती । કામદાહથી કણસતી.

.....तत्र का गणना इतरासु तपस्विनीषु अतितरलासु तरुणीषु इति । સરસ્વતી વિચાર કરે છે : હું (જ્ઞાનપ્રદાયિની) સરસ્વતી હોવા છતાંય કામદેવ વડે પરવશ કરાઈ છું ! તો જે તપસ્વિની–'બિચારી' અતિ ચંચળ સ્વભાવની (અને પાછી) જે તરુણીઓ છે તેમની શી ગણના ?' શી વાત ?

અગાઉ કહ્યું તેમ, દધીચની પ્રતીક્ષામાં સરસ્વતીને તે દિવસનો અવશિષ્ટ ભાગ એક કલ્પ જેટલો લાગ્યો ! પરંતુ કવિ બાણભટ્ટ હવે પછીના ફકરામાં પહેલાં જ કહી દે છે : **आजगाम** च मधुमास इव सुरभिगन्धवाहः.....मालतीद्वितीयो दधीचः। અહીં કવિએ પહેલાં आजगाम—'આવી પહોંચ્યો' એવા ક્રિયાપદનો પહેલાં વિન્યાસ કર્યો છે તે નોંધપાત્ર છે. અન્યત્ર, બાણનાં વર્ણનોમાં ક્રિયાપદ પ્રાયઃ છેલ્લે જ આવે છે. ત્યાં તેમને ક્રિયામાં–ઘટનામાં રસ હોતો જ નથી. તે નામપદો અને તેનાં વિશેષણોની હારમાળા જ ગુંથવામાં રોકાયા હોય છે. જ્યારે અહીં તો, સરસ્વતી દધીચની પ્રતીક્ષા કરે છેઃ प्रतिपालयामास એમ કહ્યા પછી, કવિ ઉતાવળે જ બોલે છે કે आजगाम ।

અહીં 'આવી પહોંચ્યો......દધીચ' એમ કહીને દધીચનું જે વર્ણન કર્યું છે તે શ્લોક અલંકારપૂર્ણ છે. मलयानिल इव.....तनुलतोत्कम्पः । 'સ–રસ ચન્દન અને ધવલ વૃક્ષોને આશ્રયે રહેલી નાની નાની લતાઓમાં કંપન જન્માવનાર મલયાનિલ જેવો, તે (દધીચ) લગાવેલા ભીના ચન્દનલેપથી ઉજ્જવળ દહેલતાથી હાલતો હતો.' આને સમજાવતાં ટીકાકાર શંકર લખે છે કે–(દધીચ પક્ષે) सारसं सान्द्रं यच्चन्दनं तेन धवलया तनुलतया आहितत्रप उत्कम्पः कामधर्मो यस्य । મલયાનિલ પક્ષમાં– अन्यत्र चन्दनांश्च धवांश्च लान्ति श्रयन्ति याः तन्व्यो लताः, तासाम् आहित उत्कम्पः कम्पनं येन इति ॥ (સંકેત)

ग्रहपतिना—ચન્દ્રમા વડે, परिमलसंपातिना—પરિમલ (પુષ્પોની પરાગ)થી ભેગા મળેલા मधुप पटलेन—મધુ (પુષ્પ પરાગ) પીનારા=ભમરાઓના સમૂહથી.

દધીચે (आगत्य— આવીને हंसगद्गदया गिरा कृतसंभाषणो यथा मन्मथः समाज्ञापयति..... (હંસ જેવી ગદ્ગદ્ વાણીથી સરસ્વતી જોડે વાતચીત કરી–વિસ્રમ્ભ કથાઓ કરી અને પછી કામદેવે જેમ આજ્ઞા કરી (શંકર કહે છે : मन्मथस्य प्रभवनशीलत्वेन आज्ञादानम् उचितम् । 'મન્મથ કામદેવ અતિશક્તિશાળી હોઈને, એ આજ્ઞા કરે તે ઉચિત છે!).. યૌવને જેમ ઉપદેશ આવ્યો તેમ....तथा ताम् अभिरामां रामाम् अरमयत् । કવિ બાણભટ્ટે સરસ્વતી માટે 'અતિરમણીય' 'રામા' (જેને રમાડવામાં આવે તે, જે આનંદ આપે/પામે તે रामा (या रमयति, रमते वा) એવાં બે વિશેષણ વાપરીને, તેની સાથે अरमयत् । એક (વર્ણાનુપ્રાસવાળું) ક્રિયાપદ મૂકીને દધીચ અને સરસ્વતીની કેલીઓને इति दिक् । રૂપે સૂચવી દીધી. આમ ઔચિત્યવિવેક દાખવીને બાણભટ્ટે વર્ણનકલાનું ગૌરવ વધાર્યું છે. અગાઉ લખ્યું છે તેમ ટીકાકાર શંકરે પણ આ ઔચિત્યને બિરદાવ્યું છે.

બાણભટ્ટે અંતમાં નોંધ મૂકી છે કે तेम तु सार्धम्० । તે દધીચની સાથે એક સંવત્સર કરતાંય અધિક સમયને, સરસ્વતીએ એક દિવસની જેમ પસાર કર્યો.

उपजातविस्रम्भा चात्मानम् अकथयद् **अस्य** सरस्वती । "જેને વિશ્વાસ ઉત્પન્ન થયો છે તેવી સરસ્વતીએ આ (દધીચ)ને પોતાની જાતનો પરિચય કહ્યો." અહીં अस्मै અર્થમાં अस्यનો પ્રયોગ છે. પરંતુ તે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ ચિન્ત્ય છે.

❁

પછી, સરસ્વતીએ ગર્ભ ધારણ કર્યો અને પછી अनेहसा=પૂર્ણ સમયે, પુત્રને જન્મ આપ્યો. દુર્વાસાના શાપથી સરસ્વતીને પૃથિવીલોકમાં આવવું પડ્યું હતું. પરંતુ પિતામહ બ્રહ્માએ જણાવ્યું હતું કે–તારા પુત્રનું મુખદર્શન કરવા સુધી જ તારે પૃથિવીલોકમાં રહેવું પડશે. તદનુસાર સરસ્વતીએ 'સારસ્વત' પુત્ર જન્મ આપ્યા પછી पितामहादेशात् सगं सावित्र्या पुनरपि ब्रह्मलोकम् आरुरोह । "પિતામહ (બ્રહ્મા)ના આદેશ અનુસાર, સાવિત્રીની સાથે તે સરસ્વતી ફરીથી બ્રહ્મલોકમાં ઉપર ચઢી (પાછી ફરી)." કવિ બાણભટ્ટે पितामहादेशात् એમ કહીને જો જૂનો સન્દર્ભ યાદ ન કરાવ્યો હોય તો કોઈના મનમાં એવો કુવિકલ્પ ઊભો થઈ શકે કે સરસ્વતી પુત્રને જન્મ આપીને તરત જ પતિ દધીચને છોડીને બ્રહ્મલોકમાં શા માટે જતી રહી ? સરસ્વતીનું આવું પરાવર્તન દોષાવહ ના બની રહે એટલે કવિએ ઉપર્યુક્ત પદ મૂક્યું છે. ટીકાકાર શંકર લખે છે કે–वृत्तस्यान्यथा निजभर्तृत्यागो दोषावहः, तिमर्थं कृत इत्यादिकाः कुविकल्पा उत्पद्येरन् इति । (સંકેત).

દધીચ પણ हृदये ह्रादिन्येवाभिहतो॰ । હૃદય ઉપર વજ્રઘાત થયો હોય તેમ, સરસ્વતીના વિરહમાં આતુર થઈને તપ કરવા વનમાં જતો રહ્યો. ह्रादिनी—વજ્ર. आविर्भूतः अशेषाणां=सकलानां विद्यानां सम्भारः (समूहः) यस्मिन् । =आविर्भूताशेष-विद्यासंभारः—જેને (સારસ્વતને) અશેષ વિદ્યાઓનો સમૂહ આવિર્ભૂત થયો છે. कृतदारपरिग्रहस्य=જેણે દારા=પત્નીનું પાણિગ્રહણ કર્યું છે તેવા વત્સને માટે, सारस्वते प्रीतिकूट—नामानं निवासं चकार । 'પ્રીતકૂટ' નામનું નિવાસસ્થાન બનાવ્યું. પ્રીતિકૂટ એ બાણના પૂર્વજોના નિવાસસ્થાનનું નામ છે. (કે જ્યાં રહીને બાણે 'કાદમ્બરી' અને 'હર્ષચરિત'ની રચના કરી હતી.) સરસ્વતીના પુત્ર (सरस्वत्याः अपत्यं पुमान् इति) સારસ્વતે વત્સ ઉપરના પ્રેમને કારણે જે નિવાસ બંધાવ્યું તેને 'પ્રીતિકૂટ' એવું નામ આપ્યું.

ત્યાર પછી, સારસ્વત आषाढी, कृष्णाजिनी....जटी च भूत्वा પોતાના પિતાની પાસે, તપ કરવા વનમાં જતો રહ્યો. आषाढी = 'આષાઢ' નામનો દંડ ધારણ કરનાર બનીને आषाढ संज्ञो दण्डः स्यात् पालाशो व्रतचारिणाम् । (સંકેત) અર્થાત્ પલાશ (ખાખરા)ના વૃક્ષની ડાળીમાંથી બનાવેલા દંડને 'આષાઢ' કહે છે. અમુક વ્રત કરનારા લોકો તેને ધારણ કરે છે, તેથી એવો વ્યક્તિ 'આષાઢિન્' કહેવાય છે. कृष्णाजिनी—કાળીયાર મૃગનું અજીનં–ચર્મ–ઓઢનારો. अक्षवलयी—रुद्राक्षनी માળા પહેરનાર, वल्कली—વનનાં વૃક્ષોની છાલ પહેરનાર : वृक्षत्वङ्निर्मितं वस्त्रं

वल्कलं समुदाहृतम् । (સંકેત). मेखली—'મુંજ' નામના ઘાસ વગેરેમાંથી બનાવેલી કંદોરાની દોરી, જે કેડ ઉપર બાંધવામાં આવે છે; તેને ધારણ કરનાર जटी—જટાધારી चटा=रूक्षसंहतकेशाः । કોરા ભેગા કરી બાંધેલા કેશસમૂહને 'જટા' કહે છે.

1.14

अथ वत्सात्....प्रावर्तत विमलोवंशः ।.... यस्माद् अजायन्त वात्स्यायनो नाम गृहमुनयः.....असाधारणा द्विजातयः ।

આ ગદ્યખંડમાં કવિ બાણભટ્ટે પોતાના વાત્સ્યાયન વંશમાં જે પૂર્વજો થઈ ગયા, તે અસાધારણ દ્વિજ ગૃહમુનિ બ્રાહ્મણોનું વર્ણન કર્યું છે.

પરંતુ અહીં એક વિશેષ નોંધનીય મુદ્દો પણ છે. જેના તરફ વિદ્વાનોનું ધ્યાન કદાચ ગયું નથી.

કવિ બાણભટ્ટે પોતે જે ભાર્ગવગોત્રી વાત્સ્યાયન વંશમાં જન્મ લીધો છે, તેનું વર્ણન કરવાનો જે ઉપક્રમ સ્વીકાર્યો છે, તેમાં દધીચ અને સરસ્વતીના પુત્ર સારસ્વતની–સારસ્વતના અશેષ જ્ઞાનનિધિની–છાયા પડી છે. अथ सारस्वतः....तस्मिन् सवयसि भ्रातरि प्रेयसि प्राणसमे सुहृदि वत्से वाङ्मयं समस्तमेव संचारयामास ।) એટલું જ કહીને અટક્યા છે. તેમણે (બાણે) સારસ્વતની સંતાન પરંપરા ઊભી થઈ એમ કહ્યું નથી. **સારસ્વત તો પોતાના સહોદર જેવા વત્સને બધું જ્ઞાન આપીને, તેને** પરણાવીને, તેના માટે 'પ્રીતિકૂટ' નામક નિવાસસ્થાન બનાવડાવીને; પોતાના પિતા દધીચની પાસે જ તપ કરવા **જંગલમાં જતો રહ્યો**. આમ, સરસ્વતીનો સાક્ષાત્ પુત્ર-પૌત્રાદિવાળો વંશ તો સારસ્વત આગળ જ અટકી ગયો. પણ સરસ્વતીનો જ્ઞાનવંશ જ આગળ વધ્યો; અને તેમાં આપણા કવિશ્રેષ્ઠ બાણભટ્ટ અવતર્યા એવું નિરૂપણ હવે પછી રજૂ કરવામાં આવે છે. શાસ્ત્રકારોની દૃષ્ટિએ–વંશપ્રવર્તન બે રીતે થતું જોવા મળે છે :– वंशो द्विधा—विद्यया जन्मना च ।* સમાજમાં એક ગુરુ શિષ્યની પરંપરાવાળો વિદ્યાવંશ હોય છે; અને બીજો પુત્રપૌત્રાદિની પરંપરાવાળો જન્મ–સંતાન–વંશ હોય છે; કવિ બાણભટ્ટ જન્મની દૃષ્ટિએ ભાર્ગવ ગોત્રી 'વત્સ' નામના પુરુષની પુત્રપૌત્રાદિ સંતાનપરંપરામાં જન્મ્યા છે **એટલે કે તેઓ વાત્સ્યાયન–વંશમાં જન્મેલા છે અને વિદ્યાવંશની દૃષ્ટિએ સારસ્વતવંશોદ્‌ભૂત છે!** કવિ બાણભટ્ટે આની ગૌરવપૂર્ણ ભવ્ય રજૂઆત કરી છે.

'હર્ષચરિત'ના પ્રથમ ઉચ્છ્‌વાસનું નામ વાત્સ્યાયન વંશ-વર્ણન રાખવામાં આવ્યું છે. અહીં 1.14 અને 1.15 ગદ્યખંડોમાં તેની રજૂઆત કરવામાં આવે છે. કવિ બાણભટ્ટે પોતે જન્મથી-પુત્ર પૌત્રાદિની પરંપરાથી-વાત્સ્યાયન વંશમાં ઉત્પન્ન થયા છે એમ તો વિસ્તારથી અને અભિધામાં કહ્યું છે જ. પણ સાથે સાથે પોતે

---

* જુઓઃ संख्या वश्येन । पा. सू. २-१-१९ સૂત્ર ઉપર વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી.

વિદ્યાવંશની દૃષ્ટિએ સારસ્વત વંશના છે એ પણ બહુ કાવ્યાત્મક રીતે રજૂ કર્યું છે. ઉપલક દૃષ્ટિએ જોઈએ તો 'હર્ષચરિત'ની શરૂઆત પૌરાણિક પદ્ધતિથી કરી છે એવું લાગે.* પણ સરસ્વતીને શાપ મળવો, પૃથિવી ઉપર તેનું અવતરણ થવું અને દધીચના સમાગમથી સારસ્વત પુત્રને જન્મ આપવો—તે વિગતો બહુ સહેતુક અને સૂચક છે. **આમ કવિ બાણ એકી સાથે વાત્સ્યાયન પણ છે અને સારસ્વત પણ છે—એમ કહેવાનું તાત્પર્ય છે.** वाणी बाणो बभूव ह । "વાણી—સરસ્વતી—જ (પુરુષવિગ્રહમાં) બાણ રૂપે અવતરી છે" એમ જે કહેવાયું છે તે યથાર્થ જ કહેવાયું છે. અસ્તુ.

❋

अथ वत्सात् भागीरथीप्रवाह इव पावनः प्रावर्तत विमलो वंशः । હવે વત્સથી શરૂ કરીને, ભાગીરથી ગંગાનદીના પ્રવાહ જેવો પવિત્ર વિમલ વંશ પ્રવર્ત્યો. (અહીં विपुलो वंशः એવું પાઠાન્તર પણ મળે છે. પરંતુ ભાગીરથીના પ્રવાહનું ઉપમાન 'વિપુલ' કરતાં 'વિમલ' વિશેષણને વધુ યોગ્ય છે.)

અહીં 'ભાગીરથીના પ્રવાહ' (ઉપમાન) અને 'વિમલ વંશ' (ઉપમેય) બન્નેને લાગુ પડે એવાં શ્લિષ્ટ વિશેષણો રજૂ કરવામાં આવે છે: प्रवर्धमानादिपुरुषजनितात्मचरणोन्नतिः । ગંગાના પ્રવાહ પક્ષે—प्रवर्धमानः आदिपुरुषः (विष्णुः) तेन जनिता आत्मचरणात् उन्नतिः यस्य । વંશના પક્ષે:—प्रवर्धमानैः आदिपुरुषैः (भार्गवादिभिः) जनिता या आत्मचरणस्य उन्नतिः । ટીકાકાર શંકરે અહીં વામનાવતારની કથાનો ઉલ્લેખ છે એમ જોઈને આ વિશેષણને સમજાવવા પ્રયત્ન કર્યો છે. જેમકે, વિષ્ણુએ વામનાવતાર લઈને બલિરાજા પાસે સાડા ત્રણ ડગલાં જમીન માંગી. પછી બલિરાજાએ વચન આપતાં વામન (પ્રવર્ધમાન) વધતાં વધતાં વિરાટ્ બની ગયા અને ત્રણેય લોકને વ્યાપી વળ્યા. બ્રહ્મલોકમાં પહોંચેલા તે વિષ્ણુના પગનું બ્રહ્માએ પ્રક્ષાલન—પૂજન—કર્યું; અને ત્યારે તે જળમાંથી ગંગાનો જન્મ થયો : किल त्रैलोक्याक्रान्तिकाले ब्रह्मलोकप्राप्ताद् विष्णुपदाद्, ब्रह्मणा कमण्डलुजलक्षालितात् गङ्गा समभवदिति वार्ता, (सङ्केतः).

હવે અનેકાર્થક—શ્લિષ્ટ—શબ્દોના જે અર્થો બતાવવામાં આવે છે; તેમાંથી પહેલો અર્થ ગંગાના પ્રવાહ પક્ષમાં લેવાનો છે અને બીજો અર્થ વિમલ વંશ પક્ષમાં લેવાનો છે : प्रघोषः—પ્રકૃષ્ટ અવાજવાળો અને યશવાળો. परमेश्वरः—શંકર અને રાજા: स-कलकल° અને सकल—कला—आगम—कलकल અવાજ સાથે વહી

---

* . શ્રી વાસુદેવશરણ અગ્રવાલે પણ લખ્યું છે કે—बाणभट्ट ने अपने पूर्वजों का पौराणिक वर्णन किया है जिसमें लगभग पूरा पहला उच्छ्वास समाप्त हो जाता है ।

આમ, આ પૌરાણિક રજૂઆત પણ સહેતુક છે-કવિને પોતે વિદ્યાવંશમાં 'સારસ્વત' છે એમ કહેવું છે-એ મુદ્દો પણ સહૃદય વાચકના મનમાં ઊભો થવો જોઇએ.

આવતો અને સકળ કલાઓની પ્રાપ્તિથી ગંભીર બનતો. "(વંશ પક્ષે) सकलानां कलानां वृत्ताद्यानाम् आगमः, तेन । (પ્રવાહ પક્ષે) सहकलकलेन च सकलकलं यदागमनं तेन च । (સંકેત)" महामुनि—જહ્નુ અને મોટા મુનિઓ. विपक्ष—પાંખો કપાયેલા પર્વતો અને વિરોધી શત્રુઓ. क्षितितललब्धायतिःमां आयति—વિસ્તાર અને પ્રતાપ, ગૌરવ. अस्खलितप्रवृत्तः—અટક્યા વિના વહ્યા કરતો અને અસ્ખલિત વૃત્તાન્તવાળો.

यस्माद् (वत्सात् प्रवर्तितात् वंशात्) वात्स्यायना नाम गृहमुनयः । વત્સે પ્રવર્તાવેલા વંશમાંથી વાત્સ્યાયન નામના ગૃહમુનિઓ જન્મ્યા. હવે વિરોધ અલંકારથી વાત્સ્યાયનોને વર્ણવે છે : गृहमुनयः—ગૃહસ્થી હોવા છતાંય મુનિવૃત્તિ રાખનારા. ०बककाकवः—બગલાઓના કાકૂ=વાણી. विवर्जिता जनपङ्क्तिः यैः—તેમણે લોકપ્રસિદ્ધ વ્યવહારનો ત્યાગ કર્યો હતો. અથવા અન્ય લોકો સાથે પંક્તિ-ભોજનનો ત્યાગ કર્યો હતો. (पंक्तिः लोकप्रसिद्धो व्यवहारः, पाको वा । (સંકેત) Prof. Cowell and Mr. Thomas મુજબ averse to worldly pretence અનુવાદ કરવામાં આવ્યો છે. પરંતુ પ્રોફે. કાણેને આ વિવાદાસ્પદ જણાય છે.) परिहृतकपटकीरकूर्चाकूताः— અહીં कीर અને કૂચી શબ્દોના અર્થ દુર્બોધ છે. कपटो व्याजवृत्तिः । कूर्चाः स्फुरणाः=દંભી. પ્રોફે. પી. વી. કાણે લખે છે કે–that were free from thoughts (आकूतं) of fraud. bragging and hypocrisy (कूर्च). It is difficult to say what the words कीर and कुची mean. कीर means a parrot and so might stand for 'uttering words without understanding the meaning, bragging'.

गह्वरम्—પાપ, निकृतिः—શાઠ્યં प्रकृतिः—સ્વભાવ, परपरिवाद०—परेषां परिवादः (निंदा), तस्मात् पराचीनं (पराङ्मुखं) चेतः येषाम् । પારકી નિંદામાંથી જેમનું ચિત્ત પાછું વળ્યું છે તેઓ. अन्धस्— અન્ન वर्णत्रयस्य व्यावृत्त्या विशुद्धं अन्धः=अन्नम् येषाम् । ત્રણેય વર્ણોના લોકોને દૂર કરીને જે શુદ્ધ અન્ન ખાનારા છે. Cowell and Thomas મુજબ whose dankness i.e. delusion was corrected by sublating the three colours 'ત્રણ વર્ણો' (રંગો–શ્વેતાશ્વતરોપનિષદ્ મુજબઃ શુક્લ, લોહિત અને કૃષ્ણ, કે જે સત્ત્વ, રજસ્ અને તમસ્‌ના વાચક છે)ને દબાવીને જેમણે અન્ધકારને દૂર કર્યો છે તેવા. असङ्कसुकः स्थिरः मृदुर्वा । (સંકેત) संशीति=સંશય, શંકાઓ. ग्रन्थि=દુર્બોધ સ્થળો. ०परिहासवेदिनः—મજાક સમજનારા. ટીકાકાર શંકર કહે છે: परिहासं विदन्ति न तु स्वयं कुर्वन्ति (સંકેત). તેઓ બીજાઓની મશ્કરી નહોતા કરતા.

तथा सर्वगुणोपेता राजसेन अनभिभूता અથવા राजसेनया अनभिभूता । અહીંથી, ફરીથી વિરોધાલંકાર શરૂ થાય છે. અહીં પણ અનેકાર્થક શબ્દોનો ઉપયોગ કરીને આ વાત્સ્યાયન ગૃહમુનિઓને વર્ણવ્યા છે. જેમકે क्षमा—પૃથિવી અને ક્ષમા (ક્ષાંતિ), नन्दना—ઈન્દ્રનું નન્દનવન અને આંનદ આપનારા अनिस्त्रिंशा—ખડ્ગ વગરના અને અક્રૂર, विद्याधरा—વિદ્યાધરો (દેવયોનિ વિશેષ) અને વિદ્યાને ધારણ કરનારા પંડિતો, अजडा—ઠંડા નહીં તેવા અને મન્દબુદ્ધિના નહીં તેવા, कलावान्— ચન્દ્રમા અને ગીતાદિ કળાવાળા, अदोषाः— રાત્રિ વિનાના અને દોષ વિનાના तारकाः— તારાઓ અને તારનારા આચાર્યો, उपतापः— ઉષ્ણતા અને પીડા, भास्वान्— સૂર્ય અને તેજસ્વી उष्मा— દાહકશક્તિ અને અહંકાર हुतभुक्— હોમેલું ખાનારા, અગ્નિ અને આહિતાગ્નિ कुसृति (=कौ भूमौ सृतिः सरणम्) ભૂમિ ઉપર સરકનાર અને શાઠ્ય भोगिन्— સાપ અને ભોગવિલાસ કરનારા स्तम्भः— સ્તબ્ધતા, પ્રણામનો અભાવ અને થાંભલા=ગૃહધારણ કાષ્ઠ पुण्यालय— પુણ્યશાળા અને પુણ્યશાળીઓ दक्ष— દક્ષપ્રજાપતિ અને ચતુર, व्याल— સાપ અને શઠ कामजित— શંકર અને સંતુષ્ટ, કામનાને જીતનારા असाधारण— સાદૃશ્ય વિનાના અને સર્વોત્કૃષ્ટ द्विजाति— બે સ્વરૂપવાળા અને બ્રાહ્મણો. (આમાંથી પહેલો અર્થ લેતાં વિરોધ ઊભો થાય છે અને બીજો અર્થ લેતાં તે વિરોધનું શમન થાય છે.)

આ વાત્સ્યાયન વંશના ગૃહમૃનિનું વર્ણન બહુ ઉદાત્ત છે. સાતમી સદીના ભારતમાં બ્રાહ્મણો દ્વારા પંક્તિભોજનનો ત્યાગ, વેદની અન્ય શાખાઓના સંશયોને પણ દૂર કરવાની બૌદ્ધિક ક્ષમતા, અન્ય દર્શનોનો અભ્યાસ વગેરે લક્ષણો સાંસ્કૃતિક દૃષ્ટિએ ખૂબ નોંધપાત્ર છે.

1.15

तेषु चैवमुत्पद्यमानेषु...धाम्नि निजे । कृतोपनयादि..महतामुपहास्यताम् । अथ शनैः शनैः....मोक्षसुखमिवान्वभवत् ॥

આ ગદ્યખંડમાં (૧) કવિ બાણભટ્ટે પોતાનો વાત્સ્યાયન વંશના કયા પિતા, પિતામહ, પ્રપિતામહના ઘરે જન્મ થયો એનું વર્ણન કર્યું છે. (૨) ત્યાર પછી પોતાના બાળપણમાં જ માતાપિતાના સ્વર્ગવાસની વાત કરીને, (૩) પોતે ચૌદ વર્ષની ઉંમરે ઘરમાંથી નીકળી ગયા પછી, જે રખડુ—આવારા—જીવન શરૂ કર્યું તેની વિગતો રજૂ કરી છે. (૪) પોતાના ૪૪ જેટલા, સમાજના ભાતભાતના લોકો સાથે જે મૈત્રી અને સાહચર્ય માણ્યું તેમનાં નામોની યાદી આપી છે. (૫) છેલ્લે અનેકવિધ અનુભવો લઈને, પ્રકૃતિસ્થ થઈને, વિદ્વાન્ થઈને વર્ષો પછી પોતાના નિવાસસ્થાને પાછો ફર્યો અને જૂના મિત્રોને મળીને, તેમના દ્વારા આદરસત્કાર પ્રાપ્ત થતાં જે મોક્ષસુખનો અનુભવ કરે છે એની નોંધ સાથે પ્રથમ ઉચ્છ્વાસ પૂરો કરે છે.

..... अतिक्रारामति च काले प्रसवपरम्पराभिः अनवरतम् आपतति विकाशिनि वात्स्यायनकुले— યુગો, વર્ષો, દિવસો જતાં ગયાં....આમ કાલ અતિક્રમણ કરવા લાગ્યો ત્યારે પુત્રપૌત્રાદિની પ્રસવ–જન્મ–પરંપરાથી સતત વાત્સ્યાયન કુળ વિકસતું ચાલ્યું ત્યારે (સતિ સપ્તમી).

હવે બાણભટ્ટ પોતાનું **વંશવૃક્ષ** નીચે **મુજબ** વર્ણવે છે :-

ચ્યવન
↓
દધીચ - સરસ્વતી
↓
સારસ્વત

ભાર્ગવવંશનો બ્રાહ્મણ અને તેની પત્ની 'અક્ષમાલા'
પુત્ર
(સાથે ઉછેર) વત્સ
વાત્સ્યાયન વંશની પરંપરા
↓
કુબેર

અચ્યુત | ઈશાન | હર | પાશુપત

પાશુપત
↓
અર્થપતિ

ભૃગુ | હંસ | શુચિ | કવિ | મહીદત્ત | ધર્મ | જાતવેદસ્ | ચિત્રભાનુ | ત્ર્યક્ષ | અહિદત્ત | વિશ્વરૂપ

ચિત્રભાનુ (રાજદેવી)પત્ની
↓
બાણ

કુબેરનું ઉપમાન : वैनतेय इव गुरुपक्षपाती द्विजः । વિનતાનો છોકરો > વૈનતેય (=ગરુડ). તે ગુરુ=મોટી પાંખોથી ઉડનારો છે અને 'દ્વિજ' (ઇંડામાંથી જન્મનાર પક્ષીને પણ 'દ્વિજ' કહે છે.) વાત્સ્યાયન વંશમાં જન્મેલો કુબેર પણ ગુરુપક્ષપાતી ગુરુ પ્રત્યે ભક્તિભાવવાળો હતો અને ઉપનયનાદિ સંસ્કારથી દ્વિજ થયો હતો.

કુબેરને ચાર પુત્રો થયાઃ અચ્યુત, ઈશાન હર અને પાશુપત. આ ચાર પુત્રો ચારયુગના આરંભ જેવા હતા. (સત્યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ.) નારાયણ (વિષ્ણુ)ના ચાર બાહુદંડ જેવા હતા. સુદર્શન ચક્ર, નન્દક નામની તલવાર, (પાંચજન્ય શંખ અને કૌમોદકી ગદા) ચાર આયુધોવાળા વિષ્ણુના ચાર બાજુ જેવા

હતા. (અથવા સત્પુરુષોના સમૂહને આનંદ પમાડનાર). सच्चक्रस्य साधुवृन्दस्य नन्दकास्तोषयितारः । चक्रं सुदर्शनं च । नन्दकः खड्गश्च । बाहवोऽपि चत्वारः ॥ (સંકેત)

આ ચાર પુત્રોમાંથી પાશુપતને એક જ 'અર્થપતિ' નામનો પુત્ર થયો. જે પર્વત જેવો અને સમુદ્ર જેવો હતો. આ એક જ અર્થપતિને રુદ્રો જેવા અને सोमामृत-रसशीकरच्छुरितमुखान् पवित्रान् पुत्रान् अजनयत् । =સોમ રૂપી અથવા ચન્દ્રમાના (અહીં ટીકાકાર શંકર કહે છે કે સોમ એક પ્રકારનું તૃણ (ઘાસ) છે. सोमस्तृणभेदः इन्दुश्च । –સંકેત) અમૃતરસનાં ફોરાંઓથી ભીંજાયેલા મુખોવાળા પવિત્ર અગિયાર પુત્રો થયા : ભૃગુ, હંસ, શુચિ, કવિ, મહીદત્ત, ધર્મ, જાતવેદસ્, **ચિત્રભાનુ**, ત્ર્યક્ષ, અહિદત્ત, અને વિશ્વરૂપ–અગિયાર રુદ્ર જેવા આ પુત્રોમાંથી ચિત્રભાનુને 'રાજદેવી' નામની પત્નીથી 'બાણભટ્ટ' નામનો પુત્રશ્રેષ્ઠ પ્રાપ્ત થયો=अलभत च चित्रभानुः तेषां मध्ये राजदेव्यभिधानायां ब्राह्मण्यां **बाणम्** आत्मजम्॥ (કવિએ પોતાના માટે ત્રીજા પુરુષનો પ્રયોગ કર્યો છે.)

બાણ બાળક જ હતો ને તેની માતા મરી જતાં, તે માતાથી વિયુક્ત થયો. પછી પિતા ચિત્રભાનુએ જ બાણનું માતૃત્વ અને પિતૃત્વ કર્યું. પછી લગભગ તે ચૌદ વર્ષનો થયો અને તેના પિતા પણ મરણ પામ્યા. अदशमीस्थः— 'જીંદગીના દશમાં દશકે પહોંચ્યા પહેલાં' જ બાણના પિતા અવસાન પામ્યા. અર્થાત્ વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા પહેલાં. ટીકાકાર શંકર જણાવે છે કે दशामुपेतो दशमीस्थ उदाहृतः, न दशमीस्थः । अपूर्णायुरित्यर्थः ॥ (સંકેત)

❋

જો કે બાણભટ્ટના પિતા ચિત્રભાનુ મરી ગયા પછી, બાણભટ્ટની સગી ફોઈએ બાણને માતાનો સ્નેહ આપ્યો છે; અને તે **ફોઈનું નામ 'માલતી'** હતું એવો એક ઉલ્લેખ બીજા ઉચ્છ્વાસમાં જોવા મળે છે. બાણભટ્ટે ગૃહત્યાગ કરીને, દેશદેશાન્તરમાં પરિભ્રમણ કરીને, જ્યારે હર્ષના રાજદરબારમાં જવાની તૈયારીઓ કરી ત્યારે આ ફોઈએ બાણનું પ્રાસ્થાનિક મંગલ કર્યું હતું. અર્થાત્ આ ફોઈ બાણ ઘણો મોટો થયો ત્યાં સુધી જીવતી હતી અને બાણને માતાનો સ્નેહ આપતી રહી હતી, જેમકે, पितुः कनीयस्या स्वस्रा मात्रेव स्नेहाद्रिहृदयतया ... मालत्याख्यया कृतसकलगमनमङ्गलः। (2-3).

❋

પરંતુ આ વખતે=પિતાએ મરતાં પહેલાં બાણનાં कृतोपनयनादिक्रियाकलापस्य, समावृत्तस्य =ઉપનયન સંસ્કારાદિ કર્મો અને સમાવર્તન સંસ્કાર કરી નાખ્યા હતા. અહીં ટીકાકાર શંકરે 'ઉપનયન' અને 'સમાવર્તન' ના અર્થો આ પ્રમાણે કર્યા છે- मेखलादानम् । समावृत्तो निष्पादितवृत्तः । स्नातक इत्यर्थः। वेदवेदाङ्गपाठक इत्यन्ये। (સંકેત).

જ્યારે બીજા વિદ્વાનોના મતે उपनयन એટલે returned= '(ગુરુના ઘરેથી ભણીને) પાછો ફરેલો.' આવા ભણીને પાછા ફરેલા સ્નાતકને ગૃહસ્થી (વિવાહિત) બનાવવામાં આવતો હતો. મનુસ્મૃતિમાં લખ્યું છે કે–

गुरुणाऽनुमतः स्नात्वा समावृत्तो यथाविधिः ।

उद्वहेत् द्विजो भार्यां सवर्णां लक्षणान्विताम् ॥ मनुस्मृतिः (I)-4

આ દૃષ્ટિએ શ્રી વાસુદેવશરણ અગ્રવાલે જણાવ્યું છે કે–पिताने उपनयन आदि श्रुति स्मृति-निहित सब संस्कार यथा समय किए । बाण की आयु चौदह वर्ष की भी पूरी न होने पाई थी कि उसके पिता भी बिना वृद्धावस्था को प्राप्त हुए ही गत हो गए । उस समय तक बाण का समावर्तन—संस्कार हो चुका था । विवाह के साथ साथ दो एक दिन पहले ही समावर्तन—संस्कार कर लेने का जो रिवाज है, उसके अनुसार ज्ञात होता है कि बाण का विवाह भी पिता के सामने ही हो गया था। समावृत पद में ही विवाह का भी अन्तर्भाव है । हर्ष के साथ पहली भेंट में उसने आत्मसम्मान के साथ कहा था—स्त्री का पाणिग्रहण करने के बाद मे ही मैं नियमित गृहस्थ रहा हूँ (दारपरिग्रहाद् अभ्यागारिकोऽस्मि ।) (पृ. २६).

આમ, શ્રી અગ્રવાલના મતે બાણના પિતાના અવસાન અને તેના ગૃહત્યાગ પૂર્વે તેના લગ્ન થઈ ચૂક્યા હતા.

પ્રોફે. પી. વી. કાણે આ મુદ્દા વિષે લખે છે કે– Fourteen was rather an early age for समावर्तन but it contrasts most favourably with the unseemly haste with which समावर्तन is now performed. (p. 229)

❋

संस्थिते च पितरि—પિતા સ્વર્ગે સીધાવ્યા ત્યારે (સતિ સપ્તમી) आभीलम् (=कष्टम्) अनुप्राप्तः બાણ મહાકષ્ટને પામ્યો. પછી જેમ કે શોક ઓછો થતો ગયો તેમ, બાણના જીવનમાં એક અસાધારણ વળાંક–બલ્કે નવા જીવનનો આરંભ થયો. બાણના કેટલાક શબ્દો આ પ્રમાણે છેઃ कुतूहलबहुलतया च बालभावस्य—બાલ્યાવસ્થામાં ખૂબ કુતૂહલ હોવાથી; અને शैशवोचितानि अनेकानि चापलानि आचरन्— શૈશવને ઉચિત અનેક ચાપલ–તોફાનો–કરતો કરતો **इत्वरो बभूव ।** – રખડુ બની ગયો; આવારા થઈ ગયો !

અહીં બાણભટ્ટે વાપરેલા બન્ને શબ્દો ખૂબ નોંધપાત્ર છે. ટીકાકાર શંકરે इत्वरःનો અર્થ गमनशीलः । કર્યો છે. જેને માટે ગુજરાતીમાં 'રખડુ' શબ્દ વપરાય છે અને હિન્દીમાં 'आवारा' શબ્દ વપરાય છે. શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે–पिता के न रहने से एकांएक जो छूट मिली उससे नियमित जीवन में कमी आई और अविनय या अनुशासनहीनता बढ़ गई । फल यह हुआ कि वह "इत्वर" (आवारा) हो गया । इत्वर का अर्थ शंकर ने गमनशील किया है । मूल में यह

वैदिक शब्द था जो 'इण् गतौ' धातू से बनाया गया था । क्रमशः इसका अर्थ गमनशील से चंचल और उधमी हो गया । हिन्दी की इतहाना धातु ईसी से बनी है । लोक में इत्तरे बालक और ईतरी गाय ये प्रयोग दंगई, ऊधमी, उत्पाती (ઉધામો કરનાર, ઉત્પાત મચાવનાર) के अर्थ में चलते हैं । बाण का अभिप्राय यहाँ इत्वर से अपने आवारापन की ओर इशारा करने का है ॥ (पृ. २६)

इत्वरः । इण् गतौ—'જવું' અર્થવાળા આ ધાતુને इण्—नश्—जि—सर्तिभ्यः क्वरप् । पा. सू. ३-२-१६३ સૂત્રથી કૃદન્ત क्वरप् પ્રત્યય લગાવીને (जित्वर, नश्वरની જેમ) इत्वर શબ્દ સાધવામાં આવ્યો છે. અહીં wanderer, a wild man એવો અર્થ થશે. પ્રોફે. ટી. એસ. નાન્દીસાહેબ આને માટે યાયાવર—નિત્ય પ્રવાસી એવો અનુવાદ સૂચવે છે.

વળી, બાણભટ્ટે પોતાના માટે ત્રીજા પુરુષનો પ્રયોગ કરવા ઉપરાંત **बभूव** એવા પરોક્ષ ભૂતકાળના ક્રિયાપદનો પ્રયોગ કર્યો છે; તે પણ અત્રે વિચારણીય છેઃ બાણભટ્ટ જ્યારે આ હર્ષચરિત [=હર્ષનું જીવનવૃત્તાન્ત, biography of the king Harsa] ના એક ભાગ રૂપે, હર્ષચરિતના શરૂઆતના અઢી ઉચ્છ્વાસમાં પોતાનું આત્મવૃત્તાન્ત (auto-biography of Bana) લખી રહ્યા છે, ત્યારે તેમને પોતાની બાલ્યાવસ્થાનું તે રખડુ જીવન એક અતિ દૂરના ભૂતકાળનું—પૂર્વજન્મ જેવું—લાગી રહ્યું છે. બાણે ઉત્તરજીવમાં જે વિદ્વત્તા, યશ, સામાજિક પ્રતિષ્ઠાદિ પ્રાપ્ત કર્યાં છે. તેને જોતાં અનાથ બની ગયા પછી, પોતે જે રખડુ જીવન ગુજાર્યું તે આજે પરોક્ષ ભૂતકાળ જેવું લાગી રહ્યું છે ! આ સૂચવવા તેમણે અહીં યથાર્થ રીતે बभूव એવા ક્રિયાપદનો વિન્યાસ કર્યો છે. (-સંભવતઃ વિદ્વાનોનું આ પ્રયોગ તરફ ધ્યાન ગયું નથી. આ પ્રયોગ પણ इत्वरः શબ્દના પ્રયોગ જેટલો જ નોંધપાત્ર છે. અસ્તુ.)

પોતે રખડૂ બની ગયા પછી જે મિત્રો, સાથે સાથીદારોના સાહચર્યમાં જીવનના વિવિધ રંગો જુવે છે; તે ૪૪ મિત્રોની યાદી બહુ રસપ્રદ છે. શ્રી વાસુદેવશરણ અગ્રવાલે તેનું પૃથક્કરણ કરીને આ પ્રમાણે રજૂ કરેલ છે :-

(अ) કવિ અને વિદ્વાન્ મિત્રો

(૧) ભાષાકવિ ઈશાન, બાણનો પરમ મિત્ર હતો, ભાષાકવિનો અર્થ લોકભાષામાં ગીતોની રચના કરનાર એવો થાય છે. એવું જણાય છે કે બાણના સમયમાં 'ભાષા' પદ અપભ્રંશને માટે વપરાતું હતું. દંડીના મતે અહીર આદિ જાતિઓમાં કવિતાને માટે અપભ્રંશ ભાષાનો પ્રચાર હતો (आभीरादिगिरः काव्येषु अपभ्रंशतया स्मृताः । -કાવ્યાદર્શ). મહાકવિ પુષ્પદન્તે અપભ્રંશમહાપુરાણની ભૂમિકામાં ઈશાન કવિના નામનો ઉલ્લેખ કર્યો છે.

(૨) વર્ણકવિ વેણીભારત. 'વર્ણકવિ' શબ્દનો અર્થ સ્પષ્ટ નથી. શંકર મુજબ 'ગાથા' છન્દમાં ગીત લખનાર 'કવિ' એવો અર્થ થાય છે. સંભવતઃ 'આલ્હા જેવી લોકકવિતાઓ રચનારાઓ' તેવો તેનો અર્થ હશે. (શંકર લખે છે : भाषागेयवस्तुवाचस्तेषु वर्णकविः । गाथादिषु गीतिद इत्यर्थः । अपभ्रष्टगीतविद्यः)

(૩) પ્રાકૃત ભાષામાં રચના કરનારા કુલપુત્ર વાયુવિકાર.

(૪–૫) અનંગબાણ અને સૂચીબાણ નામના બે બંદીજનો. બન્દીજનોનું કામ સુભાષિતોનો પાઠ કરવો તે હતું. ઘોડા ઉપર સ્વાર થયેલા દધીચની આગળ આગળ બન્દીજનો સુભાષિત ગાતા ગાતા ચાલતા હતા.

(૬–૭) વારબાણ અને વાસબાણ નામના બે વિદ્વાન. સંભવતઃ દર્શન-શાસ્ત્રાદિ વિષયોના જ્ઞાતાને માટે અહીં 'વિદ્વાન' શબ્દ વપરાયો છે.

(૮) (પુસ્તકવાચક સુદૃષ્ટિ–જેનો કંઠ બહુ મધુર હતો. હર્ષને ત્યાંથી પાછા ફર્યા પછી બાણને તેણે 'વાયુપુરાણ'ની કથા (વાંચી) સંભળાવી હતી.

(૯) લેખક (=લોહિયો) ગોવિન્દક.

(૧૦) કથક જયસેન. पेशेवर कहानी सुनानेवाला વેતન લઈને (ધંધાદારી રીતે) કથા સંભળાવનારનું અસ્તિત્વ તે સમયે પણ હતું એમ સૂચવાયું છે.

(आ) કલાકાર મિત્રો

(૧૧) ચિત્રકાર વીરવર્મા.

(૧૨) સ્વર્ણકાર (કલાદ) ચામીકર.

(૧૩) હૈરિક સિન્ધુષેણ. શંકરે 'સોનીઓનો અધ્યક્ષ જે હોય તેને હૈરિક કહ્યો છે (स्वर्णकार: कलाद:– स्यात्तदध्यक्षस्तु हैरिक:।) પરંતુ અમારી (=શ્રી અગ્રવાલની) દૃષ્ટિએ 'હૈરિક' એટલે હીરા કાપનાર અથવા બેગડી.

(૧૪) पुस्तकृत् (=लेप्यकार:) કુમારદત્ત. તે સમયે આ શબ્દનો અર્થ માટીમાંથી રમકડા બનાવનાર હતો. બાણે અન્યત્ર કહ્યું પણ છે : पुस्तकर्मणां पार्थिवविग्रहा: । (2.7)

(इ) સંગીત અને નૃત્ય જાણનારા મિત્રો

(૧૫) માર્દંગિક જીમૂત. મૃદંગ કે પખવાજ વગાડનાર. રાજઘાટ ઉપરથી મળેલા રમકડામાં માર્દંગિકની કેટલીક મૂર્તિઓ મળી છે.

(૧૬–૧૭) વાંશિક અથવા વાંસળી વગાડનાર મધુકર અને પરાવત.

(૧૮) દાર્દુરિક-'દર્દુર' નામનું ઘટવાદ્ય વગાડનાર દામોદર.

(૧૯–૨૦) સોમિલ અને ગ્રહાદિત્ય નામના બે ગવૈયા.

(૨૧) ગાન્ધર્વોપાધ્યાય દર્દુરક.

(૨૨) લાસક યુવા (નર્તક) તાંડવિક 'યુવા'-इत्यादिना वयस: समानत्वम् उच्यते ॥ —સંકેત.

(૨૩) નર્તકી હરિણિકા.

(૨૪) શૈલાલિ યુવા (ભારતનાટ્યં કરનાર) શિખંડક. (શિલાલિ આચાર્ય નટસૂત્રના પ્રવર્તક હતા. પાણિનિમાં જેનો ઉલ્લેખ આવે છે. शिलालिना प्रोक्तं नटसूत्रम् अधीयते शैलालिनो नटा: (પા. સૂ. ૪–૩–૧૧૦) જેમનો સંબંધ ઋગ્વેદની શાખા સાથે હતો.) પણ શંકર કહે છે : शैलाली स्वयं यो नृत्यति नट: । (સંકેત)

(ડ) સાધુ-સંન્યાસી મિત્રો

(૨૫) શૈવ વક્રઘોણ.

(૨૬) ક્ષપણક (જૈનસાધુ) વીરદેવ.

(૨૭) પારાશરી સુમતિ. બાણે ઘણી જગ્યાએ આ પારાશરી ભિક્ષુઓનો ઉલ્લેખ કર્યો છે. પારાશરી વ્યાસે રચેલા ભિક્ષુસૂત્ર કે વેદાન્તદર્શનનો અભ્યાસ કરનાર ભિક્ષુ પારાશરી કહેવાતા હતા. पाराशर्य—शिलालिभ्यां भिक्षुनटसूत्रयोः । पा.सू. ४-३-११०, पाराशर्येण प्रोक्त—भिक्षुसूत्रं अधीयते पाराशरिणो भिक्षवः ॥

(૨૮) મસ્કરી (પરિવ્રાજક) તામ્રચૂડક.

(૨૯) કાત્યાયનિકા (બૌદ્ધભિક્ષુણી) ચક્રવાકિકા. ટીકાકાર શંકર લખે છે કે—

पञ्चाशद्वर्षदेशीयां वीरां संस्थितभर्तृकाम् ।
वदन्ति कात्यायनिकां घृतकाषायवाससम ॥

(એ) વૈદ્ય અને મન્ત્રસાધક મિત્રો

(૩૦) ભિષગ્પુત્ર મંદારક

(૩૧) જાંગલિક (વિષવૈદ્ય અથવા ગારુડી કીમિયાગર) વિહંગમ.

(૩૨) મંત્રસાધક કરાલ

(૩૩) ધાતુવાદવિદ્ (રસાયણ કે કીમિયાગર) વિરુંગામ.

(૩૪) અસુર–વિવર–વ્યસની લોહિતાક્ષ. અસુરવિવર–સાધનનો બાણે ઘણી વાર ઉલ્લેખ કર્યો છે. અસુરવિવરનું જ બીજું નામ પાતાલવિવર હતું. જેનો ઉલ્લેખ 'પુરાતન પ્રબંધ સંગ્રહ'ના વિક્રમાર્ક પ્રબન્ધમાં છે. આ પ્રકારની વાર્તાઓનો મુખ્ય અભિપ્રાય એ છે પાતાલમાં પેસીને કોઈ યક્ષ કે રાક્ષસને સિદ્ધ કરીને ધન મેળવવું.

(ઐ) ધૂર્ત લોકોની દોસ્તી

(૩૫) આક્ષિક (પાસા રમનાર) આખંડલ अक्षैर्दीव्यतीत्याक्षिको द्युतकारः। —જુગારી.

(૩૬) કિતવ (ધૂતારો) ભીમક

(૩૭) ઐન્દ્રજાલિક (જાદુગર) ચકોરાક્ષ

(ઓ) પારિચારક સાથીદારો

(૩૮) તામ્બૂલ આપનાર ચંડક

(૩૯) સૈરન્ધ્રી (પ્રસાધિકા) કુરંગિકા

(૪૦) સંવાહિકા કેરલિકા

प्रसाधनोपचारज्ञा सैरन्ध्रीं स्ववशा स्मृता ।
संवाहिका या पादादिमर्दनं विधत्ते ॥

(औ) પ્રણયી (સ્નેહી આશ્રિત)

(૪૧–૪૨) રુદ્ર અને નારાયણ.

(अ) પારશવ બન્ધુ–યુગલ

(૪૩–૪૪) ચન્દ્રસેન અને માતૃષેણ. પારશવ અર્થાત્ શૂદ્ર માતાથી ઉત્પન્ન થયેલા દ્વિજપુત્ર. આમાંથી જે ચન્દ્રસેન હતો, તે બાણનો અત્યંત પ્રિય અને વિશ્વાસ-પાત્ર હતો. કૃષ્ણના દૂત મેખલકને ઉતારો આપવા માટે અને તેની ભોજન વગેરેની વ્યવસ્થા કરવા માટે બાણે ચન્દ્રસેનને નિયુક્ત કર્યો હતો.

આ બધા લોકો બાણની મિત્રમંડળીનાં અંગ હતા. તેમનાં નામ પણ વાસ્તવિક જણાય છે. આમાંથી કેટલાકનો ઉલ્લેખ બાણે આગળ ઉપર કર્યો પણ છે. જેમકે, જ્યારે પુસ્તકવાચક સુદૃષ્ટિ વાયુપુરાણની કથા સંભળાવવા પોતાની પોથીનાં પાન બરાબર ગોઠવી રહ્યો હતો ત્યારે વાંસળી વગાડનાર મધુકર અને પારાવત તેની પાછળ કંઈક ખસીને બેઠેલા તેની મંડળીમાં હાજર હતા. (એવું બાણે જ નોંધ્યું છે). (પૃ. ૨૮ થી ૩૦).

''બાણના મિત્રોની આ યાદી તે સમયના એક સુસંસ્કૃત નાગરિકની બહુનુખી રુચિ અને સાંસ્કૃતિક સાધનોનો પરિચય આપે છે.'' (પૃ. ૨૭).

કવિ બાણભટ્ટ આટલા ૪૪ મિત્રો--સાથીદારોની યાદી આપ્યા પછી કહે છે કે–स (बाणः) एभिः अन्यैः च अनुगम्यमानः, बालतया निघ्नताम् उपगतः । ''આ સૌ (મિત્રો) તથા બીજાઓ વડે દોરવાયેલો અને બાલ્યાવસ્થાને કારણે એમના કહ્યામાં આવી ગયેલો (બાણ ઘરમાંથી ચાલી નીકળ્યો).'' निघ्नताम् = अस्वातन्त्र्यम्। निघ्न dependent. in the hands of others. 'अधीनो निघ्न आयत्तः' इत्यमरः।

એક તરફથી, તે (બાણ) બીજાઓના કહ્યામાં આવી ગયો હતો અને બીજા–ઓથી દોરવાઈ ગયો હતો, તો બીજી તરફથી, તે देशान्तरालोकनकौतुकाक्षिप्तहृदयः। દેશ–દેશાન્તર જોવાના કૌતુકથી જકડાઈ ગયેલા હૃદયવાળો' બની ગયો હતો. (અન્યત્ર પણ બાણે પોતાના માટે કહ્યું છે કે – अतिपरवान् अस्मि कुतूहलेन । 'હું કુતૂહલને પરાધીન છું!' જો કોઈ વાંધો ના હોય તો આ દર્પશાત હાથીને પહેલાં જોઈ લઉં, પછી રાજા હર્ષવર્ધનને મળીશ.–બીજો ઉચ્છ્વાસ) આમ બાણમાં કૌતુક પણ જબરજસ્ત હતું; તેથી सत्सु अपि (१) पितृपितामहोपात्तेषु ब्राह्मणजनोचितेषु विभवेषु અને (२) सति च अविच्छिन्ने विद्याप्रसंगे પિતા-પિતામહોએ એકઠો કરેલો બ્રાહ્મણજનોચિત વૈભવ હોવા છતાંય અને (પ્રીતિકૂટમાં જ) બધા જ વેદ–દર્શન–શાસ્ત્રાદિ જીવનભર ભણ્યા જ કરવાની અનુકૂળતા હોવા છતાંય, ઉપર્યુક્ત કૌતુકપરવશતાને કારણે બાણ गृहान् निहरगात्– ઘર છોડીને ચાલ્યો ગયો. (ચાલી નીકળ્યો.)

निरवग्रहः— સ્વચ્છંદી, ग्रहवान् इव— કોઈ (શનિ, રાહુ જેવા પાપ) ગ્રહની પકડમાં આવી ગયો હોય તેમ (પનોતી બેઠી હોય તેમ) શંકર મુજબ निरविग्रहः स्वतंत्रः, ग्रहवान् भूतगृहीतः । (સંકેત) नवयौवनेन स्वैरिणा मनसा— નવા યૌવનને કારણે અને સ્વૈરવિહારી મનને કારણે, महताम्— મોટા વડીલોની દૃષ્ટિએ, उपहास्यताम् अगात्— મશ્કરીનું–ઉપહાસનું પાત્ર બન્યો.

❁

ગૃહત્યાગ કરીને દેશ–દેશાન્તરમાં ફરતાં ફરતાં બાણે ઘણું જોયું, જાણ્યું, માણ્યું, તથા "જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ, અને જ્યાં ન પહોંચે કવિ, ત્યાં પહોંચે અનુભવી" એ કહેવત અનુસાર અમૂલ્ય વિપુલ અનુભવરાશિથી સમ્પન્ન થયેલો તે (બાણ), ફરીથી વાત્સ્યાયનવંશજોને શોભે તેવી વિદ્વત્તાને પામ્યો અને પ્રીતિકૂટમાં પાછો ફર્યો. ત્યાં જૂના મિત્રોએ તેનું પુનરાગમન–પ્રત્યાગમન–અભિનન્દ્યું અને બાણે મોક્ષસુખનો અનુભવ કર્યો. આની રજુઆત નીચેનાં વાક્યોમાં કરવામાં આવે છેઃ अथ शनैः शनैः अत्युदार....मोक्षसुखम् इवान्वभवत् ॥ બાણે પોતાના પ્રવાસ દરમ્યાન જે ચાર પ્રકારના સામાજિક સ્તરોનો અનુભવ લીધો હતો તે આ પ્રમાણે છે :–

(१) अत्युदारव्यवहृतिमनोहन्ति बृहन्ति राजकुलानि वीक्षमाणः । "અતિ ઉદાર વ્યવહારોવાળા અને મનોહર એવાં મોટા રાજકુળોને જોતો" કવિ બનવું હોય તો, 'લોકશાસ્ત્ર કાવ્યાદિનું નિરીક્ષણ' કરવું જોઈએ એમ મમ્મટે (કાવ્યપ્રકાશ : ૧.૩) કહ્યું છે. તેની જેમ જ બાણભટ્ટે પણ મોટાં મોટા રાજકૂળો જોયાં હતાં. તેમાં થતા પુત્રજન્મોત્સવ, વિવાહ, દિગ્વિજયયાત્રાઓ અને શાસ્ત્રચર્ચાના પ્રસંગો પ્રત્યક્ષ નીહાળ્યાં હતાં. ટીકાકાર શંકર કહે છે : **अत्युदारेत्यादिः** प्रकृतोपयोगी, यस्मात् कविना तथाविधवस्तुवेदिना अवश्यमेव भवितव्यम् । (જે કવિ હોય, તેણે આવા રાજકુળાદિ જોયાં જ હોવાં જોઈએ). **वीक्षमाण** इत्यनेनात्मनः किमपि प्रकृष्ट-मुत्कर्षातिशययोगित्वमाह । अथ च वीक्षमाणो, न तु गुरुकुलवत्—सेवमानः । (સંકેત). અહીં બાણે वीक्षमाणः 'જોતો' એવું લખ્યું છે, એનો અર્થ એ કે તેણે કોઈ રાજકુળમાં સેવા–નોકરી–નહોતી કરી; માત્ર તેનાં વ્યવહારો–ઘટનાઓ–વૈભવાદિ નીહાળ્યાં હતાં.

(२) निरवद्यविद्याविद्योतितानि गुरुकुलानि च सेवमानः । 'નિરવદ્ય=નિર્દોષ, વિદ્યાઓથી ચમકતાં ગુરુકુલોનું સેવન કરતો.' અહીં सेवमानः કહ્યું છે એનો અર્થ એ કે બાણે દેશ–દેશાન્તરમાં ભ્રમણ કરતાં કરતાં જ્યાં જ્યાં ગુરુકુળો જોયાં તે થોડો સમય રહી પડ્યો હશે અને ત્યાં વિદ્યાભ્યાસ પણ કર્યો હશે. શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે જો કે બાણે આ ગુરુકુળોનાં નામ આપ્યાં નથી; તો પણ સંભાવના એવી છે કે શ્રેષ્ઠ વિદ્યાથી પ્રકાશિત પોતાના જ પ્રાન્તના વિશ્વવિશ્રુત મહાન ગુરુકુળ નાલન્દામાં પણ તે ગયો હશે અને ત્યાંના વિદ્યાક્રમની વ્યવસ્થાનો અનુભવ લીધો હોય. 'દિવાકર મિત્ર'ના આશ્રમમાં જ્ઞાન–સાધનના જે પ્રકાર તેમણે બતાવ્યા છે. તે નાલન્દા જેવા વિદ્યાકેન્દ્રોમાં જ ચરિતાર્થ થતાં જોયા હશે..(પૃ. ૨૭).

(૩) महार्हालागम्भीरगुणवद्गोष्ठीः च उपतिष्ठमानः । 'બહુ મૂલ્યવાન ચર્ચાઓ કરનારા ગંભીર ગુણોવાળાઓની ગોષ્ઠિઓમાં હાજરી આપતો.' તથા–

(૪) धनानि विदग्धमण्डलानि च गाहमानः । ધનોમાં–લક્ષ્મીની રેલમછેલમાં અને વિદ્વાનોની મંડળીઓમાં ગળાડૂબ રહેતો. ટીકાકાર શંકર કહે છે : 'गाहमान' इत्यनेन तेजस्वित्वम् आह आत्मनः । (સંકેત). આમ, ભોગવિલાસમાં અને વિદ્વત્તામાં તે ગળાડૂબ રહેતો હોઈ તે પૂરેપૂરો વિદગ્ધ બની ગયો હતો.

વળી, તે સ્વભાવથી જ ગંભીર બુદ્ધિવાળો स्वभावगम्भीरधीः તો હતો જ; તથા પોતે જે વંશમાં જન્મ્યો હતો, તેની ગરિમા તો તેને સહજ હતી જ. આમ બાણનું વ્યક્તિત્વ વિશ્વતોમુખી અને સૂક્ષ્મદર્શી બન્યું.

બાણ ઘણા વર્ષો પછી, પોતાની મૂળ જન્મભૂમિ '–બ્રાહ્મણાધિવાસ'–માં પાછા ફર્યા. પ્રોફે. પી. વી. કાણેના મત મુજબ–કદાચ આ બ્રાહ્મણાધિવાસ એ બાણના ગામનું નામ હશે, જેમ 'પ્રીતિકૂટ' એ એમના ઘરનું નામ હતું. બાણ કહે છે કે પોતે ઘણા વર્ષે પાછો ફર્યો એથી જુના સ્વજનો, સ્નેહીઓનો પ્રેમ ફરી તાજો થઈ આવ્યોઃ अभिनवीभूतौ स्नेहसद्भावौ येषाम् । અને संस्तवेन प्रकटितं ज्ञातेयं (बन्धुता) यैः । સૌએ બાણના આગમનનું અભિનંદન કર્યું, અને પરિણામે બાણે બાળપણની મિત્રમંડળીમાં પહોંચીને મોક્ષસુખનો અનુભવ કર્યોઃ बालमित्रमण्डलमध्यगतो मोक्षसुखम् इव अन्वभवत् । જે આપ્તો–યોગિઓ હોય છે તેઓ જ્યારે મુક્ત થાય છે ત્યારે તેઓનો જીવાત્મા સૂર્યમંડળમાંથી પસાર થાય છેઃ मोक्षसुखमपि सूर्यबिम्बगतैः अनुभूयते इति । (સંકેત).

અહીં ''વાત્સ્યાયન–વંશ–વર્ણન'' નામનો પ્રથમ ઉચ્છ્વાસ પૂરો થાય છે. ટીકાકાર શંકરે અહીં એક મહત્ત્વની નોંધ મૂકી છેઃ :

अख्यायिकासु कविभिर्निजवंशवर्णनं, कानने यथा वंशः ख्यापितः स्यादिति । જેમ જંગલમાં વાંસનું ઝાડ (ઉગવું) હોવું જરૂરી છે અને તે જંગલ જ પ્રખ્યાત થાય છે તેમ; આખ્યાયિકામાં કવિઓએ (પોતાના) વંશનું વર્ણન કરવું જોઈએ.

વળી, આપણા કવિ બાણભટ્ટે, આ પ્રથમ ઉચ્છ્વાસમાં સ્વવંશ વર્ણન કરવા ઉપરાંત, પોતાના રખડુ જીવનની પણ વિગતો આપી છે, તે અંગે પણ ટીકાકાર શંકર લખે છે કે–आत्मनश्च विटवर्णनम् । सकलकलाकौशलं ममास्तीति हर्षस्य चरिते च वर्णयितव्ये न अप्रस्तुतम् च एतद् इति शिवम् ॥ (સંકેત).

અર્થાત્ –''(આખ્યાયિકામાં કવિએ) પોતાનું વિટપણું પણ વર્ણવવું જોઈએ.'' કેમકે ''જ્યારે હર્ષનું ચરિત (મારે) વર્ણવવાનું છે ત્યારે સકલ કલાઓમાં મારું બાણનું કૌશલ છે.'' (એમ વિટપણું પણ જાહેર કરવું જરૂરી છે.) માટે તે રખડુ જીવનની વિગતો પણ અપ્રસ્તુત નથી.

કવિ બાણભટ્ટ વિરચિત 'હર્ષચરિત' આખ્યાયિકામાં
વાત્સ્યાયન-વંશ–વર્ણન નામનો પ્રથમ ઉચ્છ્વાસ પૂરો થયો.

●●●

॥ શ્રીઃ ॥

દ્વિતીય ઉચ્છ્વાસની અભ્યાસનોંધ

કવિ બાણભટ્ટે 'રાજદર્શન' નામનો દ્વિતીય ઉચ્છ્વાસ શરૂ કરતાં પહેલાં, બે પ્રાસ્તાવિક શ્લોકો મૂક્યા છે. આ બે પ્રાસ્તાવિક શ્લોકોમાં કવિએ આ દ્વિતીય ઉચ્છ્વાસમાં આવનારી ઘટનાનો અણસાર આપી દીધો છે.

શ્લોક-૧ : (અન્વય) अतिगम्भीरे भूपे निरवतारस्य जनस्य समीहितसिद्धिं गुणवन्तः घटकाः पार्थिवाः दधति कूपे इव ॥ અર્થાત્ (यथा) गुणवन्तः पार्थिवाः घटकाः निरवतारस्य जनस्य (कृते) अतिगम्भीरे कूपे (कूपतः) समीहितसिद्धिं दधति । (तथा) पार्थिवाः गुणवन्तः घटकाः (संयोजकाः) निरवतारस्य जनस्य (बाणस्य कृते) अतिगम्भीरे भूपे (=भूपतः) समीहितसिद्धिं दधाति ॥

આ શ્લોક આર્યા છંદમાં છે. અહીં કેટલાક શબ્દો શ્લિષ્ટ (દ્વિ–અર્થી છે): गुणवन्तः=(કૂવા પક્ષે)–દોરી બાંધેલા, દોરીવાળા (आकर्षणरज्जवः); અને (બીજા પક્ષે)–ગુણશાળી, ગુણવાળા, (गुणा औदार्यादयः) पार्थिवाः—માટીમાંથી બનાવેલા; અને પૃથિવીલોકના. घटकाः—ઘડાઓ અને સંઘટન–સંયોજન કરનારા. घटयन्ति वांछितेन प्रयोजयन्तीति घटकाः कुम्भाश्च ॥ निरवतारस्य°— નીસરણી વિનાના, પ્રવેશ નહીં પામેલા. (अवतरणम् अवतारः, प्रवेशनम् । अवतरन्ति येन इति अवतारः, सोपानादिश्च ॥ સંકેત) अतिगम्भीरे—ખૂબ ઊંડા, અગાધ અને જેના ક્રોધાદિ ભાવો જાણી ન શકાય તેવા છે. ટીકાકાર શંકર લખે છે કે–જેના ક્રોધાદિ ભાવસમૂહ કોઈ ઈંગિત (મોં ઉપરની રેખાઓ વગેરે)થી બીજો માણસ જાણી જ ન શકે તે 'ગંભીર વ્યક્તિ' કહેવાય.

यस्य प्रसादादाकांरात्क्रोधहर्षभयादयः ।
भावस्था नोपलभ्यन्ते तद्गाम्भीर्यमुदाहृतम् ॥

અને अगाधश्च— 'જે ખૂબ ઊંડું હોય' તેને પણ ગંભીર કહે છે.

समीहितसिद्धि—કૂવામાંથી જળ રૂપ સમીહિત=ઇચ્છિત ફળની સિદ્ધિ=પ્રાપ્તિ; અને રાજા હર્ષવર્ધન પાસેથી બાણને ઇષ્ટ રાજ્યલક્ષ્મી–આદિની સિદ્ધિ=પ્રાપ્તિ. અહીં કૂવામાંથી જળની પ્રાપ્તિ કરાવનાર જેમ ઘડાઓ છે; તેમ બાણને હર્ષવર્ધન પાસેથી ઇષ્ટસિદ્ધિ કરાવી આપનારા, બાણ અને હર્ષવર્ધનનો સંયોગ કરાવનાર કૃષ્ણવર્ધન નામનો (હર્ષનો પિતરાઈ ભાઈ અને) બાણનો હિતેચ્છુ મિત્ર છે. આ કૃષ્ણનો આગળ ઉપર (૨.૩) ઉલ્લેખ આવવાનો છે. આમ **अनेन (श्लोकेन) तादृशे राज्ञि बाणस्य कृष्ण एवं समीहितसिद्धीरध्यास्यत इति सूचितम्** ॥ (સંકેત). અહીં શ્લેષ અલંકારથી, દ્વિતીય ઉચ્છ્વાસની કથાનો નિર્દેશ કર્યો છે.

શ્લોક-૨ (અન્વય) : दिवस: (कर्तृकारकपदम्) (यथा) दिनकरप्रभवाम् लक्ष्मीं रागिणि नलिने निदधाति । (तथा) अनपेक्षितगुणदोष: परोपकार: (कर्तव्य:) इति सतां (=साधुपुरुषाणाम्) व्यसनम् ॥

"જેવી રીતે દિવસ લાલ કમળને વિષે સૂર્યમાંથી પ્રગટેલી શોભાને સમર્પે છે, તેવી રીતે ગુણ–દોષની અપેક્ષા (વિના નો) પરોપકાર કરવો એ સજ્જનોનું વ્યસન–ટેવ–છે. (અન્યત્ર વ્યસન શબ્દ આપત્તિ અર્થમાં વપરાય છે.) આ શ્લોકમાં પણ रागिण्=લાલ અને અનુરાગી વ્યક્તિ; તથા लक्ष्मी=શોભા અને સમૃદ્ધિ–એવા બન્ને અર્થોનું ગ્રહણ થાય છે. જોકે અહીં नलिनादि પદો અપ્રસ્તુત છે અને बाणादि અર્થો જ પ્રસ્તુત છે. (એટલે કે અહીં અપ્રસ્તુતથી પ્રસ્તુતનો ઉપક્ષેપ કર્યો છે, તેવી અપ્રસ્તુતાલંકારવાળી આ શ્લોકરચના છે.) અર્થાત્ દિવસ જેમ સૂર્યની શોભા કમળને સમર્પે છે, તેવી રીતે કૃષ્ણવર્ધન રાજા હર્ષવર્ધનની લક્ષ્મી (સમૃદ્ધિ) બાણને પ્રાપ્ત કરાવવાનો છે તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે. અહીં વિશેષમાં, બાણભટ્ટે એ પણ સૂચવ્યું છે કે કૃષ્ણવર્ધને મારી ઉપર જે ઉપકાર કર્યો છે તે નિઃસ્વાર્થ કર્યો છે. કેમકે ખરો સજ્જન વ્યક્તિ સામા વ્યક્તિમાં (ઉપકાર્ય બાણમાં) ગુણ–દોષ છે કે નહીં ? એનો વિચાર કર્યા વિના જ, પોતાની પરોપકાર કરવાની ટેવ હોવાથી જ; સતત ઉપકાર કરે જાય છે. (અહીં गुण—दोष શબ્દથી, બાણે યુવાવસ્થામાં જે રખડુ–આવારા જીવન પસાર કરેલું તેના તરફ અંગુલિનિર્દેશ છે.) ટીકાકાર શંકર લખે છે કે –अत्र नलिनादिकम् अप्रस्तुतम् बाणाद्यास्तु प्रस्तुता: । अनेन (श्लोकेन) कृष्ण: ईदृशे बाणे राजप्रभवां श्रियं निधास्यतीत्युक्तम् । (सङ्केत).

❋

'આખ્યાયિકા'નાં લક્ષણો અનુસાર દરેક ઉચ્છ્વાસના આરંભે અપ્રસ્તુત પદોથી ભવિષ્યમાં આવનારી કથાનું સૂચન કરવામાં આવ્યું હોય છે : अन्यापदेशेन आश्वासमुखे भाव्यर्थसूचनम् ॥ ....that its divisions are styled आश्वासs and that it contains verses at the beginning of each आश्वास that suggests future events." साहित्यदर्पणम् ॥

હવે
'રાજદર્શન' નામનો દ્વિતીય ઉચ્છ્વાસ શરૂ.

અગાઉ જણાવ્યું છે તેમ–હર્ષચરિતના આરંભિક અઢી ઉચ્છ્વાસમાં બાણની પોતાની આત્મકથા (Auto–biography) રજૂ કરવામાં આવી છે, તે અહીં આગળ વધે છે. આ ઉચ્છ્વાસમાં બાણની રાજા હર્ષવર્ધન સાથેની પ્રથમ મુલાકાત વર્ણવાઈ છે. આથી આનું નામ 'રાજદર્શન' પાડવામાં આવ્યું છે.

2.1

अथ तत्रानवरताध्ययनध्वनिमुखराणि....बाणः सुखम् अतिष्ठत् ॥

દેશદેશાન્તરમાં પ્રવાસ કરીને બાણભટ્ટ ફરીથી બ્રાહ્મણાધિવાસ (નામના ગામ)માં, પોતાના પૂર્વજોના મૂળ નિવાસસ્થાન 'પ્રીતિકૂટ' માં પાછો ફર્યો છે એવી નોંધ પ્રથમ ઉચ્છ્વાસના અંતે આપણે જોઈ છે. હવે, આ ગદ્યખંડમાં–બ્રાહ્મણાધિવાસમાં પાછો ફરેલો બાણ, પોતાના બાંધવોના ભવનોમાં ફરતાં ફરતાં જે અનેક ક્રિયાકલાપ જુવે છે અને સુખપૂર્વક રહેવા લાગે છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ ગદ્યખંડમાં એક જ વાક્ય છે. તેનો અન્વય આ પ્રમાણે છેઃ बाणो बान्धवानां भवनानि भ्रमन् सुखम् अतिष्ठद् इति सम्बन्धः । (સંકેત). 'બાણ બાન્ધવોના ઘરો ફરતાં ફરતાં સુખપૂર્વક ત્યાં (બ્રાહ્મણાધિવાસમાં) રહેવા લાગ્યો." અહીં નપું. દ્વિ. વિ. બહુવચનમાં આવેલાં તમામ પદો ભવનાનિનાં વિશેષણો છે.

भस्मपुण्ड्रक°—ભસ્મનું (ત્રણ રેખાઓવાળું) તિલક कृशानुभिः—અગ્નિઓ વડે कपिलशिखा°—કપિલવર્ણી–પીંગલ વર્ણની જ્વાળાઓ (જ્યારે बटुभिःનું વિશેષણ લઈએ ત્યારે 'પીળી ચોટલી, જટાઓ' અર્થ કરવાનો રહેશે.) (सेक...प्रधानानि। केदारिका=નાના ક્યારાઓ, प्रघनानि=આંગણાઓ (प्रघाणप्रघणालिन्दा बहिर्द्वारप्रकोष्ठके इत्यमरः) सेकेन सुकुमारा सोमकेदारिका तया हरितायमानाः प्रघनाः येषाम् । कृष्णाजिन—કૃષ્ણમૃગનું ચામડું. नीवार—ખડધાન્ય. જંગલમાં અનાયાસે ઉગેલા ડાંગર. कुश—पूली—पलाश—કુશઘાસ, પૂળા અને પલાશ (ખાખરો) વૃક્ષના समिध्—યજ્ઞ માટેનાં લાકડાં. °कूटसंकटानि—ઈન્ધણ માટેના ગોમય=ગાયના મલમૂત્રાદિના પીંડોના कूट=ઢગલાઓથી संकटानि—ભરેલાં आमिक्षीय=आमिक्षायै हितम् इति आमिक्षीयम् । આમિક્ષા–યજ્ઞમાં હોમવામાં આવતો એક પદાર્થ. ગરમ દૂધમાં દહીં નાખીને તે બનાવવામાં આવે છે. આ આમિક્ષા વૈશ્વદેવને સમર્પવામાં આવે છે : 'तप्ते पयसि दध्यानयति सा वैश्वदेवामिक्षा । आमिक्ष सा शितोष्णे या क्षीर स्वाद्दधियोगतः इति ॥ (સંકેત). अजिर—આંગણું वितर्दिका—વેદિકા कमण्डलव्याः—કમંડલુને (સાફ કરવા માટે) ઉપયોગી મુનિઓના જળપાત્રને कमण्डलु કહે છે. तस्मै हिताः कमण्डलव्याः । उगवादिभ्यो यत् । 5.1.2 સૂત્રથી यत् પ્રત્યય લાગે છે.) वितान—યજ્ઞ तत्र भवा वैतानी यज्ञाग्निकार्यभूः । शङ्कव्यः—સ્તંભ માટે યોગ્ય. (शङ्कुः=कीलकः, तस्मै हितः इति ।) पवित्रितपर्यन्तानि—છેડાના ભાગ સુધી પવિત્ર થયેલાં (ભવનોમાં, ફરતો ફરતો બાણ સુખપૂર્વક રહ્યો). विटपि—ઝાડ. वत्सीयाः बालकाः—વાછરડાની સંભાળ રાખનારાં બાળકો वत्सेभ्यो हिताः वत्सीयाः,=वत्सपरिचर्यातूराः । (સંકેત) तर्णकाः—સદ્યોજાત વત્સ=તરતનાં જન્મેલાં વાછરડાં. બાણભટ્ટે कमण्डलव्य, शङ्कव्य, वत्सीय જેવા શબ્દોમાં यत् અને छ >

ઈવ પ્રત્યયોવાળા શબ્દ વધુ વાપર્યા છે. તેથી જાણે પાણિનિની 'અષ્ટાધ્યાયી'ના પાંચમા અધ્યાયના પ્રથમપાદમાં વર્ણવાયેલા પ્રત્યયોનાં ઉદાહરણો અહીં રજૂ થયાં છે. कृष्णसार—કાળા (ટીકાકાર શંકર કહે છે કે- कृष्णसारा मृगा इति केचित् । तत्तु न । तेषां तदानुपयुक्तत्वात् ॥ -સંકેત). छाग—માંસ, शावक—કોઈ પણ વન્ય પશુંનું બચ્ચું. पशुबन्ध=યજ્ઞ. शुकसारिका....विश्रान्तिसुखानि । પોપટ અને સારિકાએ શરૂ કરેલા અધ્યયન (અધ્યાપન)થી ઉપાધ્યાયોને વિશ્રામનું સુખ આપવામાં આવતું હતું' (તેવા ભવનોમાં). બાણભટ્ટે અહીં જે વિશેષણ આપ્યું છે તે ખૂબ રોચક છે. ઉપાધ્યાયો જ્યારે વેદાદિનું અધ્યયન કરાવતા હતા, ત્યારે ગુરુઓના 'રીસેસ'-વિશ્રામના સમયે તેઓ શિષ્યોને વેદાદિ શીખવતા હતા.

શંકરાચાર્ય જ્યારે શાસ્ત્રાર્થ કરવા માટે ભારતભ્રમણ કરી રહ્યા હતા ત્યારે 'મીમાંસક એવા મંડનમિશ્રનું ઘર ક્યાં આવ્યું છે ?' એવું ગામની પનિહારીઓને પૂછતાં, તેમને જે એંધાણી આપવામાં આવી હતી તે પણ આ પ્રકારની જ છે !

स्वतः प्रमाणं परतः प्रमाणं कीराङ्गना यत्र गिरं गिरन्ति ।
द्वारस्थनीडान्तरसंनिरुद्धा जानीहि तन्मण्डनपण्डितौकः ॥

— માધવાચાર્યકૃત 'શંકરદિગ્‌વિજય' (૮-૬).

2.2

तत्रस्थस्य चास्य कदाचित्.....प्रत्यदृश्यन्त दारुणा दावाग्नयः ॥

આ ગદ્યખંડમાં કવિ બાણભટ્ટે ગ્રીષ્મઋતુનું વર્ણન કર્યું છે. આ વર્ણનમાં, ગ્રીષ્મઋતુમાં ફુંકાતા પાગલ પવનો અને દારુણ દાવાગ્નિઓનું ભયાનક ચિત્ર ઉપસાવવાનો સફળ પ્રયત્ન કર્યો છે. આ વર્ણનને માટે કવિએ 'ઉત્કાલિકા' પ્રકારનું ગદ્ય પ્રયોજ્યું છે : भवेद् उत्कलिकाप्रायं समासाढ्यं दृढाक्षरम् । —छन्दोमञ्जरी । અર્થાત્-'ઉત્કાલિકા' એ ગદ્યરચનાનો એક પ્રકાર છે, જેમાં ઘણા સમાસ હોય છે અને તે સમાસમાં કઠોર વર્ણોની ગુંથણી કરી હોય છે.

પ્રસ્તુત ગદ્યખંડમાં-ગ્રીષ્મઋતુનું વર્ણન કરતા મુખ્ય ચાર વાક્યો છે:

(૧)....हिमालयाभिमुखी यात्राम् अदाद् अंशुमाली ।

(૨) अथ ललाटंतपे तपति तपने ....।

(૩) प्रतिदिशम् आटीकमाना.....प्रावर्तन्तोन्मत्ता मातरिश्वानः ।

(૪) सर्वतश्च.....प्रत्यदृश्यन्त दारुणा दावाग्नयः ।

અર્થાત્ (૧) સૂર્યે હિમાલય (=ઉત્તરના પ્રદેશો) તરફ યાત્રા શરૂ કરી. (૨) લલાટને તપાવી નાખનાર સૂર્ય તપવા લાગ્યો ત્યારે. (૩) પ્રત્યેક દિશામાં ભટકતા, લૂ વર્ષાવતા પાગલ પવનો ફુંકાવા લાગ્યા, અને (૪) ચારે બાજુએ દારુણં જંગલની આગનાં દૃશ્યો દેખાવા લાગ્યા.

શ્રી વાસુદેવશરણ અગ્રવાલ જણાવે છે કે–બાણે અહીં કઠોર નિદાઘકાલનું બહુ જ જ્વલંત ચિત્ર આલેખ્યું છે. સંસ્કૃત સાહિત્યમાં આની જોડનું બીજું ગ્રીષ્મવર્ણન ક્યાંય મળતું નથી. આનાથી બાણનું સૂક્ષ્મ પ્રકૃતિનિરીક્ષણ અને વર્ણનની અદ્‌ભૂત શક્તિનો પરિચય માંગે છે. (પૃ. ૩૨).

ત્યાં બ્રાહ્મણાધિવાસમાં સુખપૂર્વક બાણભટ્ટ રહેતા હતા, ત્યારે कदाचित्–ક્યારેક ग्रोष्माभिधानः=महाकालः अजृम्भत । 'ગ્રીષ્મઋતુ' નામનો મહાકાળ–ઉનાળાનો સમય. જડબું પહોળું કર્યું–બગાસુ ખાધું અર્થાત્ આળસ મરડીને ઊભો થયો–ઝઝુમવા લાગ્યો. कुसुमसमययुगम् उपहसंहरन्–પુષ્પોને ખીલવાનો સમય=વસન્ત–ઋતુના બે મહિનાનો ઉપસંહાર કરતો (ગ્રીષ્મઋતુનો સમય). समुत्फुल्लमल्लिकाभिः धवलाः अट्टाः=विक्रय-स्थानानि (દુકાનો), तेषां विकासो यत्र–ખીલેલાં મલ્લિકાપુષ્પો (white jasmine) થી સફેદ થયેલી દુકાનોનો જેમાં વિકાસ થયો છે તેવો (મહાકાલ-ગ્રીષ્મ સમય આવી પહોંચ્યો). અહીં એક બીજો અર્થ પણ ધ્વનિત થાય છે : समुत्फुल्लमल्लिकावत् धवलः अट्टहासः यस्य । सः महाकालः (=शिवः) ખીલેલાં મલ્લિકાપુષ્પોના જેવા સફેદ અટ્ટહાસ્યવાળા શંકર ભગવાન; જાણે युगम् उपसंहरन्–યુગનો સંહાર કરતા હોય તેમ.

આ ગદ્યખંડ (2.2)નું પહેલું જ વાક્ય અલંકારશાસ્ત્રમાં 'શબ્દશક્તિમૂલક અનુરણનવ્યંગ્ય રૂપ ધ્વનિ'નું ઉદાહરણ ગણાય છે. ટીકાકાર શંકર લખે છે કે–कुसुमसमयो वसन्तः, स एव युगं कल्पः, तल्लक्षणं वा युगं मासद्वयम् । समुत्फुल्ल–मल्लिकाभिः धवला अट्टा विक्रयस्थानानि, तेषां विकासो यत्र । अन्यत्र तद्वद् अट्टहास उद्वतं हसितं यस्य । **शब्दशक्तिमूलानुरणव्यङ्ग्यरूपो ध्वनिश्च । प्रकृतवर्णने ह्यन्यदप्यत्र प्रतीयते । न वाच्यतया** । तथा च महाकालः, साट्टहासः कल्पम् उपसंहरन् जृम्भते मुखं च विदारयति । महान्कालो ग्रीष्माख्यः भैरवश्च ॥ (सङ्केतः)

पयः पायिषु-શ્લિષ્ટ શબ્દ છે. बालापत्येषुનું વિશેષણ ગણીએ ત્યારે તેનો અર્થ 'દૂધ પીતાં' અને नवोद्यानेषुનું વિશેષણ લઈએ ત્યારે 'જળ સીંચવામાં આવતા.' °मृदुः–અકઠોર અને દયાવાન. °कुसुमबन्धनके°–પુષ્પનું વૃન્ત. प्रतपन् (उष्णसमयः)–(૧) शत्रुहृदयेषु प्रतापं जनयन्–શત્રુઓના હૃદયમાં પ્રતાપ જન્માવનાર. અને (૨) प्रकर्षेण तपन्–ખૂબ તપતો=ઉનાળાના સમયનો ગ્રીષ્મનો સૂર્ય. જેમ નવો ગાદીએ બેસતો રાજા, જૂના રાજાના કેદીઓને છોડી મૂકે, તેમ ગ્રીષ્મઋતુના પ્રતાપી સૂર્યે પણ બધાં જ પુષ્પોને તેમના વૃન્તમાંથી છૂટા પાડી દીધા. જૂના સમયમાં એવો રિવાજ હતો કે યુવરાજનો અભિષેક થાય, પારકા રાજ્ય ઉપર જીત થાય, કે રાજાને ઘરે પુત્રજન્મ થાય ત્યારે કેદીઓને છોડી મૂકવામાં આવે. જેમકે,

युवराजाभिषेके वा परचक्रावरोपणे ।
पुत्रजन्मनि वा मोक्षो बन्धनस्य विधीयते ॥

अभिषेकेन आर्द्राः—અભિષેક (ના જળ)થી ભીનાં થયેલાં, चामरकलापा इव—ચામરોના સમૂહ જેવા कामिनी—चिकुर—चयाः=કામિની સ્ત્રીના વાળનો સમૂહ, कुसुमायुधेन अगृह्यन्त—જાણે કામદેવે પકડ્યાં. ત્યાં વાળમાં નિવાસ કર્યો. ટીકાકાર શંકર કહે છે કે–કામિનીઓના ગુંથેલા ભીના વાળ સુન્દર લાગતા હોય છે અને તે શૃંગારનું ઉદ્દીપન કરે છે. વળી, ટીકાકારે બાણના આ વર્ણનની પાછળ કાલિદાસની પ્રેરણા અને રાજશેખરની સાથે સાદૃશ્ય રહેલું છે એમ પણ દર્શાવ્યું છે :- चिकुराः केशाः । ते हि तदा स्नानार्द्रतया संयमनात् सुन्दरतया विशेषतः शृंगारम् उद्दीपयन्ति । तथा च महाकवेः कालिदासस्य—

स्नानार्द्रमुक्तेष्वनुधूपवासं विन्यस्तसायतनमल्लिकेषु। कामो वसन्तात्ययमन्दवीर्य केशेषु लेभे बलमङ्गनानाम् ॥ रघुवंशः (१६-५०).

यथा वा राजशेखरस्य-'तदा ते स्नातानां दरदलितमल्लीमुकुरिणाम्' इत्यादि॥ (सङ्केतः).

છેલ્લે બાણભટ્ટ કહે છે કે–અંશુમાલી=સૂર્યે હિમાલય તરફની યાત્રા પકડી. કારણકે हिमेन दग्धानि यानि सकलानि कमलिनीपुष्पाणि तेषाम् कोपेन इव । હિમ (બરફ કે ઠંડી)થી બળી ગયેલી સકળ કમલિનીઓ (તરફ)ના (પક્ષપાતથી જન્મેલા) ગુસ્સાથી હિમાલયને ઓગાળવા માટે સૂર્યે, ઉત્તરભારત તરફ પ્રયાણ શરૂ કર્યું ! (આપણે જાણીએ છીએ કે ઉનાળામાં દિલ્હી તરફ ગરમી વધારે પડે છે.)

ટૂંકમાં, કવિ બાણભટ્ટે અહીં કહ્યું કે ગ્રીષ્મઋતુ નામનો મહાકાલ આવ્યો અને તેણે વસન્તઋતુના બે મહિનાના સમયગાળાનો ઉપસંહાર કર્યો. શરૂઆતમાં તો વસન્તઋતુમાં ખીલેલા નવા ઉદ્યાનો વિષે તે ગ્રીષ્મકાળ મૃદુ–કોમળ–રહ્યો, પણ પછી નવો રાજા ગાદીએ આવતાં પુષ્પો રૂપી કેદીઓને તેમના બન્ધન (વૃન્ત)માંથી છુટા કર્યાં! (પુષ્પો ખરી પડ્યાં !) કામિનીઓના ભીના વાળમાં કામદેવે નિવાસ કર્યો અને સૂર્ય હિમથી બળી ગયેલી કમલિનીને જોઈને, ગુસ્સે ભરાયો, અને હિમાલયની ઉપર વેર વાળવા, હિમાલયને ઓગાળી નાખવા માટે તેણે હિમાલય તરફ પ્રયાણ શરૂ કર્યું.

अथ ललाटंतपे तपति सति ।—'હવે લલાટને તપાવી દેનાર=સૂર્ય તપવા લાગ્યો ત્યારે'....(સતિસપ્તમી). અહીં ललाटं तपति इति । એ અર્થમાં ललाटंतपः। (असूर्यललाटयोर्दृशितपोः । पा. सू. ३–२–३६ સૂત્રથી) શબ્દ બન્યો છે. અહીં अरुर्द्विषद् अजन्तस्य मुम् । पा. सू. ६–३–६७ સૂત્રથી લલાટ શબ્દની પાછળ मुम्— આગમ થતાં, ललाटं–એવો અનુસ્વાર થઈને સાનુનાસિક પ્રયોગ થાય છે.

સૂર્ય તપવા લાગ્યો ત્યારે–चन्दन.....द्युतिभिः । ટીકાકાર શંકર કહે છે કે આ વાક્યમાં સર્વત્ર રૂપક અલંકાર જોવાં મળે છે. જેમકે, ललाटिका एव पुण्ड्रकं तिलकमिति सर्वत्र रूपकम् । (સંકેત). આથી 'લલાટિકા' રૂપી પુંડ્રક=તિલકવાળી;

अलकचीरचीवर°='વાળ રૂપી વલ્કલ વસ્ત્રથી ઢંકાયેલી;' स्वेदोदबिन्दुमुक्ताक्षवलय° ='પરસેવાના ઉપસી આવેલા બિન્દુઓ રૂપી મોતીઓની અક્ષમાળા પહેરેલી'; અને લલના ललाटेन्दुद्युतिभिः='લલનાઓના લલાટ રૂપી ચન્દ્રમાની દ્યુતિઓએ'-એવો રૂપકાત્મક અર્થ લેવાનો છે.

चन्दनधूसरा°...सुन्दरीभिः। આ બીજા વાક્યમાં કવિએ સુન્દર ઉપમા પ્રયોજી છે.

વિશેષણ	ઉપમાન	ઉપમેય
	कुमुदिनी	सुन्दरी
૧. चन्दनधूसराभिः	ચન્દન જેવી ધુસરિત	ચન્દનથી ધૂસરિત
૨. असूर्यंपश्याभिः	સૂર્યને નહીં જોનારી (કુમુદ રાત્રે ખીલે છે તેથી)	સૂર્યને નહીં જોઈ શકતી (તાપને કારણે)

(ટીકાકાર શંકરઃ– स्वभावात् आतपासहिष्णुतया ॥)

दिवसम् अमुप्यत । 'કુમુદિની દિવસે બીડાઈ રહી' અને 'સુન્દરીઓથી દિવસે પણ ઊંઘાયું.' स्वापो निद्रा, मुकुलता च । (સંકેત). અહીં પ્રકૃત ક્રિયાપદ 'સૂઈ જવું' અકર્મક હોઈને, તેમાં दिवसम् એવો કર્મણિ દ્વિતીયાન્ત પ્રયોગ કેવી રીતે થયો હશે? એ વિષે ચર્ચા કરતાં ટીકાકાર શંકર લખે છે કે–''दिवस इति द्रव्यकर्मणि लादिविधानात् कर्मणि द्वितीयैव । भावे लः । यदा तु कर्माप्याख्याततया विवक्ष्यते तदा ''दिवसः सुप्यत'' इति भाव्यम् इति निर्णीतम् ॥ (સંકેત).

रत्नालोकम्—રત્નનાં તેજકિરણોને. जरठम्—કઠોર, आतपम्—તાપને. अशिशिर—समयेन—ઠંડા નહીં તેવા ઉનાળાના ગરમ સમયે.

सोडुपाः सरितः इव— નાવડી સહિતની નદીઓની જેમ (ઉપમાન); सोडुपाः शर्वर्यः तनिमानम् आनीयन्त— ચન્દ્રમા સહિતની રાત્રિઓ (ઉપમેય), ટૂંકી થતી જતી હતી. (ઉનાળામાં આકાશ સ્વચ્છ હોઈને રાત્રિ ચન્દ્રમા સહિતની કહી છે તથા ઉનાળામાં તે ટૂંકી પણ હોય છે.) આવી ઉનાળાની ટૂંકી રાત્રિઓને ચક્રવાક પક્ષીઓ અભિનંદતા હોય છે. કેમકે ચક્રવાક પક્ષીઓનો રાત્રે વિયોગ થતો હોય છે (એવો કવિસમય છે). આથી જો રાત્રિ જલ્દી પૂરી થઈ જનારી હોય તો તેવી ટૂંકી રાત્રી ચક્રવાકને પ્રિય જ હોવાની ! रात्रौ किल चक्रवाकानां वियोगो भवति इति अलापतया तैः ताः अभिनन्द्यन्ते । (સંકેત). उडुपः=ચન્દ્રમાં અને નાવડી.

છેલ્લે બાણ કહે છેઃ जनस्य न केवलं जलं, पवनम् अपि पातुम् अभिलाषो अभूत्। 'માણસને માત્ર પાણી જ નહીં; પણ પવન પણ પીવાની ઇચ્છા થઈ' ! અહીં 'જળ' અને 'પવન' બન્નેને લાગુ પડે તેવું શ્લિષ્ટ વિશેષણ કવિએ પ્રયોજ્યું છે : अभिनव....सुरभिपाटलम् । અર્થાત્ अभिनवः पटुः पाटलानाम् आमोदः, तेन सुरभिः परिमलः यस्य । શ્રી કાણેના મતે પાટલપુષ્પ એટલે (trumpet flower) is a kind of fragrant summer flower: પાટલપુષ્પોની સુગન્ધથી સુગન્ધીદાર

થયેલા પવનોનું કાલિદાસે પણ વર્ણન કર્યું છે : सुभगसलिलावगाहाः पाटलसंसर्गसुरभिवनवाताः । (શાકુ० ૧—૩).

❋

હવે ગ્રીષ્મઋતુનું વર્ણન કરતું ત્રીજું એક વાક્ય આવે છે; જેમાં શરૂઆતમાં કેટલાક સતિસપ્તમ્યન્ત પદો છે અને ત્યાર પછી ઉનાળાના પાગલ પવનોનું વર્ણન કરતા પુંલિંગ પ્રથમા બહુવચનવાળાં પદો આવેલાં છે. (અગાઉ જણાવ્યું છે તેમ કઠોર ઉનાળાનું વર્ણન કરવા માટે અહીં બાણભટ્ટે "ઉત્કલિકા" પ્રકારનું ગદ્ય પ્રયોજ્યું છે; જેમાં સમાસનું પ્રાચુર્ય તો છે જ; પણ તે સમાસનું ઘટન પણ કઠોર વ્યજંનોથી કરેલું છે !)

વાક્યાન્વય આ પ્રમાણે છે:– **क्रमेण च खरखगमयूखे खण्डितशैशवे** (सति), शुष्यत्सरसि (सति) ....**निदाघकाले कठोरीभवति** सति, प्रतिदिशम् आटीकमानाः ....उन्मत्ताः **मातरिश्वानः प्रावर्तन्त** ॥ આમાં સતિસપ્તમ્યન્ત પદોમાં વિશેષ્ય છે : निदाघकाले (कठोरीभवति)— 'ગ્રીષ્મઋતુનો સમય કઠોર બનતો ગયો ત્યારે'; અને બીજા બધાં જ સતિસપ્તમ્યન્ત પદો વિશેષણો છે. એ જ પ્રમાણે, मातारिश्वानः='પવનો' તે વિશેષ્ય છે અને અન્ય સૌ પુંલિંગ પ્રથમા બહુવચનાન્ત પદો તેનાં વિશેષણો છે; (અનુવાદમાં બધાં જ વિશેષ્યવાચક પદોનો પહેલાં અનુવાદ આપીને, બાકીનાં વિશેષણોને સ્વતંત્ર વાક્ય બનાવ્યાં છે.)

खरखगमयूखे— (खं गच्छति इति खगः=सूर्य (અથવા પક્ષી). खर—तीक्ष्ण. मयूख— तीक्ष्ण. मयूख–કિરણ.) =આકાશમાં જતા તીક્ષ્ણ કિરણોવાળા=સૂર્યનો, खण्डितशैशवे= બાલ્યકાળ પૂરો થયો (છે), (ત્યારે); झिल्लिकाझांकारिणि— ઝિલ્લિકા પ્રાણીઓના ઝંકારો–ચીત્કારો–નીકળવા લાગ્યા (ત્યારે). શંકર લખે છે કે–झिल्लिका चीरीनामकः प्राणी, यो वर्षासु तरुषु सीत्कारम् उच्चैः करोति । (સંકેત). ઝિલ્લિકા એટલે ચીરિકા તિરિંરી=crickets] कातर कपोत०— ગભરાઈ ગયેલ કબૂતર. करीष—ગોમય–ગાયના મળમૂત્ર; वीरुत् (ध्)—ગીચ ઝાડી, धातकी—એક પ્રકારની વેલ, स्तम्बेरमः=હાથી. वमथुः—સૂંઢમાં ભરેલા પાણીનો છંટકાવ, तिभयन्तः—ભીના થતાં महीधर—पर्वत. ताम्यंत् स्तम्बेरमानां यूथं, तस्य वमथुः, तेन तिभ्यन्तः महामहीधराणां नितम्बाः, (તળેટી અથવા ઢોળાવ) यस्मिन्। दिनकर—सूर्य, द्विरद—બે દાંતવાળો=હાથી, आश्यान—થોડુંક સૂકાઈ ગયેલ. ગરમીથી હાથીની મદલેખા સૂકાઈ હતી અને તેની ઉપર બેઠેલા ભમરા પણ મૂંગા થઈ ગયા હતા. दिनकरेण दूयमानाः द्विरदाः, तेषां दीनेषु वदनेषु आश्याना दानस्य श्यामिका, तस्यां आलीनाः मूकाः मधुलिहः, यस्मिन् ॥ मन्दार—પારિભદ્ર ઝાડ, सिन्दूरित— સિન્દૂર જેવા લાલ सीमन्—સીમાડો (સ્ત્રીલિંગ) (ग्रामस्य ग्रामान्तरेण मर्यादा सीमा). लोहितायमानाः मन्दारैः सिन्दूरिताः सीमानः, यस्मिन् ॥ स्यन्द-ઝરવું, ટપકવું, सन्दोह—સમૂહ; महिषविषाण—પાડાનાં શીંગડા स्फाटिक—हषद्—સ્ફટિકના પત્થરો.

सलिलस्य=जलस्य सन्दोहस्य सन्देहेन मुह्यन्तः महामहिषाः, तेषां विषाणकोटिभिः विलिख्यमानाः स्फुटन्त्यः स्फाटिकदृषदः, यस्मिन् । કવિઓએ મૃગજળ–મૃગતૃષ્ણિકા–મરીચિકાની કલ્પના તો કરી છે; અને ગ્રીષ્મઋતુના સન્દર્ભમાં તેનું વર્ણન પણ અનેક જગ્યાએ છે. तृषितमृगाणां रविरश्मिखचितासु सिकतासु नीलत्वदर्शनात् जलबुद्धिः । (સંકેત). 'તરસ્યાં મૃગલાં રવિકિરણોથી ભરેલી–ચળકતી–રેતીમાં ભૂરાશ લાગવાથી 'ત્યાં પાણી હશે' એવી આશંકા સેવે છે, (અને રણમાં મિથ્યા દોડ્યા કરે છે).' આને 'મૃગજળ' કહે છે. પરંતુ આપણા કવિ બાણભટ્ટે તો એક નવી જ કલ્પના રજૂ કરી છે : "પાણીની ભ્રાન્તિથી મોહિત થયેલા મોટા પાડાઓ–ભેંસો–એ પોતાનાં શીંગડાની અણીઓથી સ્ફટિકની શિલાઓ ખોદવા માંડી છે !" घर्मेण–ગરમીથી मर्मरिताः– (शुष्कत्वेन शब्दायमानाः–સંકેત) (સૂકાઈ ગઈ હોવાથી) અવાજ કરતી गमृतः=creepers લતાઓ, यस्मिन् । कुकूलं =तुषाग्निः=તણખલાઓનો અગ્નિ विकिराः–કૂકડા વગેરે. विवरं शरणं येषाम् श्वाविधानाम्, यस्मिन् । 'શ્વાવિધો' બખોલનું શરણ લેવા લાગ્યા (ત્યારે). શંકર લખે છે કે–श्वाविधः शललाः सेहिकारव्या हिंस्राः प्राणिनः । (સંકેત) શ્વાવિધ એક હિંસક પ્રાણી છે. (શ્રી કાણે જણાવે છે કે સામાન્ય રીતે श्वाविध् શબ્દ છે; પણ બાણભટ્ટ श्वाविध– રૂપ જ વાપરે છે.) श्वाविध् (પું.) शूना आविध्यते । 'કૂતરાં જેને મારી નાંખે છે તે.' श्वन्+आ+विध्+क्विप्॥ तटार्जुन॰ તટ ઉપરના અર્જુન=કકુભવૃક્ષો, कुरराः—ક્રૌંચ પક્ષીઓ शफर—માછલું शारम्—કાબરચીતરું पल्वल-ખાબોચીયું-ખાડાનું (પાણી). कुररा: तटस्था: यदा कूजन्ति तदा मत्स्याः पीडिताः सन्तः उत्प्लवन्तीति । (સંકેત) "કિનારે ઊભેલા ક્રૌંચપક્ષી કૂજન કરે છે, ત્યારે માછલાં પીડા અનુભવીને ઉછળકુદ કરે છે." ॰वर्तमानाः उत्तानाः शफराः, तैः शारं पंकशेषं (पंकः शेषः यस्य) पल्वलाम्भः, यस्मिन् ॥ दाव—જંગલની આગ नीराजना–આરતી–એક પ્રકારનું શાન્તિકર્મ दावेन जनितं जगन्नीराजनं यस्मिन् । राजयक्ष्मा-(રાજરોગ=) ક્ષયરોગ.

प्रतिदिशम्—પ્રત્યેક દિશામાં, आटीकमानाः=उच्चैः भ्रमन्तः-ઊંચે ભટકતા. (मातारिश्वानः 'પવનો'નું વિશેષણ), प्रपा-પરબ, वाट—(ઉદ્યાનની) વાડ कूटी–નાની ઝુંપડી, पटल—છાપરું लुण्ठकाः—લુંટારા. ऊषरम्—રેતીથી ભરેલો રુક્ષ દેશ.

*

હવે પછી શરૂ થતાં ઉન્મત્ત–પાગલ પવનોનાં વિશેષણોમાંથી પાગલ વ્યક્તિનાં લક્ષણો પણ કેવાં હોય એ ધ્વનિત થાય છે. આથી ટીકાકાર શંકર કહે છે કે–**आटीकमाना** इत्यादि सर्वं वक्ष्यमाणयोग्यतया योजनीयम् ।...यो चोन्मत्तास्ते सिकताव्याप्ताः .....पूर्वोक्ताः क्रियाः प्रायेण कुर्वत इति । सर्वत्रात्र महावाक्ये ध्वनिच्छाया अन्वेष्या॥ અહીં, પવનોને માટે રજુ કરેલાં બધાં જ વિશેષણો પાગલ વ્યક્તિને પણ લાગુ પાડવાં. (અનુવાદમાં તે પાદટીપમાં દર્શાવ્યાં જ છે.) પાગલ

વ્યક્તિનું વર્તન વર્ણવતાં ટીકાકાર શંકરે નીચે પ્રમાણે લખ્યું છે : अनिमित्तहसित—रुदितोत्कृष्टा—प्रलापशयनो—त्थित—प्रधावित—वृत्त—गीत—पठित—स्मित—पांस्व—वधूनन—निर्माल्य—चीर—घट—वक्त्र—शरावा—भरण—स्पर्शनो—पभोगैः अन्यैः च अव्यवस्थितचेष्टानुकरणादिभिः अनुभावैः अभिनयेत् ॥ ઉન્માદમાં (પાગલપણામાં) માણસ અકારણ હસે છે, રડે છે....સૂવે છે....દોડે છે... ગાય છે...ધૂળમાં આળોટે છે....ચીંથરાં ઠીકરાં પહેરે છે વગેરે વગેરે. આવી અવ્યવસ્થિત ચેષ્ટાઓ રૂપ અનુભાવોનો અભિનય કરે છે. બાણભટ્ટે ગ્રીષ્મઋતુમાં લૂ વર્ષાવતા પવનોને એક પાગલ વ્યક્તિની વિવિધ ચેષ્ટાઓ સાથે સરખાવેલ છે !

❋

कपिकच्छू:—કૂવેચ, એક વનસ્પતિ, જેના સ્પર્શથી અતિશય ખંજવાળ ઉપડે છે. (कण्डूदायको द्रव्यभेदः ।). गुच्छच्छटा—ગુચ્છાઓના ઢગલા, छोटन—સ્પર્શ, अकाण्ड— એકાએક, शर्करा:—પથ્થરના ટૂકડા शर्कराः पाषाणकणिका विद्यन्ते यासु ताः शर्करिलाः । पिच्छादित्वादिलच् (સંકેત). कर्करस्थली:—કકરી—કાંકરીવાળી—જમીન=ऊषरभूः पाषाणभूः। दृषद्—પથ્થર, मुचुकुन्द—એક પ્રકારનું પુષ્પ, कन्दलम्=नवनालम्। ०दलनदन्तुराः—તોડી નાખવામાં ચતુર, तपन—સૂર્ય, चीरी—मुखशीकर—ચામાચીડીયું, મોંમાંથી ઉડતું થૂંક—शीक्यमानाः=सिच्यमानाः । तरुणतर=प्रौढ तरणि—આદિત્ય मृगतृष्णिका—तरङ्गिणीनाम्—મૃગજળની નદીઓના अलीकवारिणि—मिथ्या- આભાસિક જળવાળા तरङ्गिणि—તરંગોમાં, शमी-શમીવૃક્ષ=અગ્નિગર્ભિત એક વલ્લી मारवमार्ग—मरोः अयम् इति मारवः । મરુ ભૂમિના માર્ગો=રેતાળ માર્ગો. लाघवं नैपुणम् । जङ्घालाः=वेगवन्तः । रैणवायर्ताः=રેતી ઉડાડતા વંટોળીયાના મંડલો=ચક્રવાત પવનો रैणवावर्ताः पांसुसंबन्धिन आवर्तनरूपाः संनिवेशाः, तेषां मण्डली=समूहः । (સંકેત). ઉનાળામાં ચક્રવાત પવનોએ ગોળ ગોળ, ગરબે ઘુમીને રેચક, રાસરસ અને રભસ અથવા મંડલીનૃત્ત=હલ્લીશનૃત્ત) પ્રકારનાં વિવિધ નર્તનો શરૂ કર્યાં. આથી તે પવનો આરભટીનટો જેવા લાગતા હતા. रैणवावर्त....भट्टीनटाः ।ने સમજાવતાં ટીકાકાર શંકર લખે છે કે-रैणवावर्तमण्डल्या रचकं तथा रासे रसिते यो रसस्तेन यो सभसस्नद्वशे नारब्धं यन्नर्तनम् इव नर्तनंतदारम्भे विषय आरभटीनटा इव आरभटीनटाः (સંકેત). જ્યારે પ્રોફે. શ્રી પી. વી. કાણે લખે છે કે–

रेणूनाम् अयम् इति रैणवः । रैणवः आवर्तः, तेषां मण्डली (समूहः) तस्याः रेचकं रासे रसेन रभसारब्धं नर्तनं तस्य आरम्भे आरभटीनटाः ।

(winds) that were wild actors in beginning a dance commenced with violence through liking (रसः) for the circular dance (रासः), that नर्तनं purged (swept away) whirling columns of dust. The idea is that whirl-winds arose: raised moving columns of dust and carried the dust columns from place to place. (Ref. Kane. p. 241)

रैणवावर्तमण्डली....रभटीनटाः । વાક્યને સમજાવતાં શ્રી જીવાનન્દ ભટ્ટાચાર્યે લખ્યું છે કે–रैणवेति । रैणवी—रेणुमयी, धूलीसम्बन्धिनी इत्यर्थः । या आवर्त्तमण्डली—मण्डलाकारेण धूर्णनपरम्परा, तस्याः रेचकः—रेचयति-बहिः करोति यः तथीभूतः, अनुकार इत्यर्थः, यः लासकः,—नर्तकः, तस्य रसरभसेन रागवेगेन, [''लासकरसरभस'' इत्यत्र ''रासरसरभस'' इति पाठे,—रासे—रासाख्यक्रीडाविशेषे, यः रसः,—अनुरागः तत्र रभसः तेन] आरब्ध यत् नर्त्तनं, तस्य ? आरम्भे—अनुष्ठाने, आरभटीनटाः—अराश्च ते भटाश्चेति अरभटाः, तेषाम् इयम् आरभटी—वीररसप्रधानरचनाविशेषः, तत् प्रधानो नर्तनविशेषो वा, तत्र नटाः इव इत्यर्थः । ताण्डवावसाने निपुणाः नर्त्तकाः यथा समुद्धतं नृत्यमावेदयितुं भृशं परितः परिभ्राम्यन्ति, तथैव ते हि वात्यामयी रैणवभ्रमीं तदा नियतमुत्पादयमासुरिति तात्पर्यम्, तदुक्तम्—''प्लुष्टावपातप्लुतगर्जितानि छेद्यानि मायाकृतमिन्द्रजालम् । चित्राणि यूथानि च यत्र नित्यं तां तादृशीम् आरभटीं वदन्ति'' इति ॥ (जीवानन्द—आवृत्तिः पृ. १२३, १२४).

ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્ર'માં રૂપકોમાં પ્રયોજાતી ચાર વૃત્તિઓ ગણાવી છે: (૧) ભારતી, (૨) સાત્વતી, (૩) કૈશિકી અને (૪) આરભટી. આ આરભટી વૃત્તિનું લક્ષણ આ પ્રમાણે બતાવ્યું છે :

आरभटप्रायगुणा तथैव बहुकपटवञ्चनोपेता ।
दरम्भानृतवचनवती त्वारभटी नाम विज्ञेया ॥

प्रस्तावपातप्लुतलङ्घितानि छेद्यानि मायाकृतमिन्द्रजालम् । चित्राणि युद्धानि च यत्र नित्यं तां तादृशीमारभटीं वदन्ति ॥ (अ॰ 20/25/26)

સાહિત્યદર્પણકાર વિશ્વનાથ લખે છે કે–

मायेन्द्रजालसंग्रामक्रोधौद्भ्रान्तादिचेष्टितैः ।
संयुक्ता वधबन्धाद्यैरुद्धताऽऽरभटी मता ॥ (6/132, 133)

આ આરભટી–શૈલીના નર્તનમાં ચાર પ્રકારના નૃત્તનો સમાવેશ થતો હશે. જેમકે, (૧) મંડલીનૃત્ત, (૨) રેચક, (૩) રાસરસ અને (૪) રભસારબ્ધ.

(१) मंडलीनृत्त—ટીકાકાર શંકરે મંડલીનૃત્તને 'હલીમક' (=હલ્લીસક) કહેલ છે. જેમાં નેતા રૂપે એક પુરુષ વચ્ચે રહે છે અને આજુબાજુ સ્ત્રીઓનું મંડળ હોય છે. ભોજે આને માટે 'સરસ્વતીકંઠાભરણ'માં લખ્યું છે કે–

मण्डलेन तु यन्नृतं हल्लीसकमिति स्मृतम् ।
एकस्तत्र तु नेता स्याद् गोपस्त्रीणां तथा हरिः ॥
तदिदं हल्लीसकमेव तालबन्धविशेषयुक्तं रास एवेत्युच्यते ॥

આ 'હલ્લીસક'ને જ 'રાસ' કહે છે અથવા તે બન્ને પ્રકારો ક્યારેક ભેગા થઈ ગયા હશે; જેનો નિર્દેશ શ્રીમદ્ભાગવતપુરાણમાં કૃષ્ણની રાસલીલામાં જોવા મળે છે:

तत्रारभत गोविन्दो रासक्रीडामनुव्रतैः ।
स्त्रीरत्नैरन्वितः प्रीतैरन्योन्यावद्धबाहुभिः ॥ (१०-३३-२)

શ્રી વાસુદેવશરણ અગ્રવાલે 'હલ્લીસક'નું ચિત્ર બતાવ્યું છે (જુઓઃ ચિત્ર–૧૭). વળી, તેઓ લખે છે; 'હલ્લીસક' શબ્દનો ઉદ્‌ગમ યુનાની ઈલીશિયન નૃત્યમાંથી ઈ.સ.ની આસપાસ થયેલો જોવા મળે છે. કૃષ્ણનું રાસનૃત્ય અને હલ્લીસક નૃત્ય–એ બન્ને પરંપરાઓ કોઈક સમયે એકબીજામાં ભળી ગઈ લાગે છે.

(૨) **રેચક**–ટીકાકાર શંકરે રેચકના ત્રણ પ્રકાર બતાવ્યા છે. (૧) કટિરેચક (૨) હસ્તરેચક અને (૩) ગ્રીવારેચક. અર્થાત્ કમર, હાથ અને ડોક એ ત્રણેયને વિશેષ રીતે વાળવા/ફેરવવા. નાટ્યશાસ્ત્રમાં જણાવ્યું છે કે–

तत्राक्षिभ्रूविकाराश्च शृङ्गाराकारसूचकाः ।
सग्रीवा रेचको ज्ञेयो हावश्चित्तसमुत्थितः ॥ (२२—१०)

(૩) **રાસ**–આઠ, સોળ કે બત્રીસ વ્યક્તિઓ, ગોળાકાર બનીને જ્યારે નૃત્ય કરે ત્યારે તેને રાસનૃત્ય કહે છે. ટીકાકાર શંકર લખે છે કે–

अष्टौ षोडश द्वात्रिंशद् यत्र नृत्यन्ति नायकाः ।
पिंडीबन्धानुसारेण तन्नृत्तं रासकं स्मृतम् ॥

(હલ્લીસકમાં આજુબાજુ સ્ત્રીઓ અને વચ્ચે એક નાયક હોય છે, જ્યારે રાસમાં માત્ર પુરુષો હોય છે.) વળી, શંકર કહે છે કે આ રાસના જ હલીમક વગેરે વિશેષભેદો છે. (अस्यैव तु हलीमकाद्या विशेषाः ।).

(૪) **રભસારબ્ધ નર્તન**–અત્યંત વેગપૂર્વક નૃત્યમાં હાથ–પગને ફેરવવામાં આવે છે, જેનાથી ઉદ્દામ ભાવો અને ચેષ્ટાઓ સૂચવાય છે.

❋

આરભટી–નટોના ઉલ્લેખના અનુસંધાનમાં શ્રી વાસુદેવશરણ અગ્રવાલ જણાવે છે કે–આ પ્રકારે આ ચારેય (મંડલીનૃત્ય=હલ્લીસક, રાસ, રેચક અને રભસ)નો એકત્ર સમવાય થયેલી જે નૃત્યશૈલી તેનું નામ આરભટી હતું. અર્થાત્ હાથ, કમર અને ગ્રીવાને વિભિન્ન ભાવભંગીઓમાં ઉદ્દામ વેગથી ચલાવતાં ગોળાકારમાં સમ્પન્ન થનારા નૃત્તને આરભટી કહે છે. ઉછળકૂદ, મારવું, કાપવું, વઢવું–ફિટકારવું, મારફાડ, આગ લગાડવી વગેરે ઉપદ્રવ, માયા કે ઈન્દ્રજાલ (=જાદુ) વગેરેનાં દૃશ્ય, જે સમૂહમાં નૃત્ય દ્વારા પ્રદર્શિત કરવામાં આવે તેને આરભટી કહે છે. (ઉપર્યુક્ત નાટ્યશાસ્ત્રનો ૨૦–૨૬ શ્લોક જુવો.) યુનાન (ગ્રીકો)ના ઈલીશિયમ સ્થાનમાં થનારા નૃત્યોમાં પણ અંધકાર, વિપત્તિ, મૃત્યુસૂચક અનેક ભયસ્થાનો વગેરે ઉદ્દામ અને પ્રચંડ ભાવો તાલબદ્ધ અંગસંચાલનથી પ્રદર્શિત કરવામાં આવે છે અને અન્તમાં જ્યારે તે અંગવિક્ષેપ, જેને આપણે ત્યાં 'રેંચક' કહેવામાં આવેલ છે, તેના ભાવોની પરાકાષ્ઠા આવે છે, અને નાશ કે વિપત્તિની સીમા આવી જાય છે, ત્યારે એકાએક એક દિવ્ય જ્યોતિનો આવિર્ભાવ તે નૃત્યોમાં થતો હોય છે. આ પ્રકારે

હલ્લીસક અને રાસ–એ બન્નેના મિશ્રણથી આરભટી નૃત્યશૈલીની ઉત્પત્તિ થઈ હોય એમ જણાય છે.

"નાટ્યશાસ્ત્રના મતે ભારતી, સાત્વતી, કૈશિકી અને આરભટી–એ નૃત્યની ચાર વૃત્તિઓ કે શૈલીઓ હતી. આ નામોનો આધાર ભૌગોલિક હોય એમ જણાય છે. ભારતી ભરત જનપદ કે કુરુક્ષેત્રની, સાત્વતી ગુજરાત અને કાઠિયાવાડના સાત્વતો (=યાદવો)ની, કૈશિકી વિદર્ભ દેશ કે બહારની છે. (જે ક્રથકૈશિક કહેવાય છે). આથી સૂચવાય છે કે આરભટીનો સંબંધ પણ કોઈ દેશ–વિશેષની સાથે હોવો જોઈએ. **આરભટોની નિશ્ચત ઓળખાણ હજી સુધી થઈ નથી.*** પરંતુ યુનાની (ગ્રીસ) ભૂગોળ લેખકોએ સિન્ધુનદીની પશ્ચિમમાં અને બલુચિસ્તાનની દક્ષિણે Arabitee (આરબિટાઈ) કે Arbiti (આર્બિટી) નામક જાતિનો ઉલ્લેખ કર્યો છે; કે જે સોનમિયાનીની પશ્ચિમમાં હતી. તેમના દેશમાં અર્બિયસ (Arabius) નદી વહેતી હતી. અરિયન અને સ્રાબો બન્ને આ પ્રદેશને ભારત વર્ષના છેલ્લા ભાગ કહે છે. સિકન્દરની યુનાની સેના પાછી ફરતી હતી ત્યારે આ પ્રદેશમાંથી પસાર થઈ હતી. અમારા (શ્રી અગ્રવાલના) મતે આ જ પ્રાચીન આરભટ દેશ હતો. ત્યાંની નૃત્તપદ્ધતિ, (કે જેમાં ભારતીય રાસ અને યુનાની હલ્લીસકનું મિશ્રણ થયું હતું) તે આરભટી કહેવાઈ.

બાણે અન્યત્ર એમ પણ કહ્યું છે કે આરભટી શૈલીથી નાચનારા નટો ખુલ્લા વાળને આમતેમ ફેંકતા/ઉછાળતા નૃત્યનો આરંભ કરતા હતા. (चटुल–शिखानर्तनारम्भारभटीनटाः) આ પ્રકારે વાળ છુટ્ટા કરીને માથાને અને શરીરને પ્રચંડ અંગસંચાલન દ્વારા હલાવતાં હલાવતાં નૃત્ય કરવાની પદ્ધતિ બલૂચી અને કબાયલી લોકોમાં આજે પણ પ્રચલિત છે. (પૃ. ૩૪).

दावदग्ध०—વનમાં લાગેલી આગને 'દાવ' કહે છે. વનાગ્નિએ સળગાવેલા સ્થળોની મષી=મેશ=રાખોડી. અર્થાન્તરો–કાજળ કે શાહી ચોપડીને મલિન થયેલા. क्षपणक—જૈન સાધુ તેઓ શાસ્ત્રાજ્ઞાથી મોરના પીછાં ભેગાં કરીને સાથે રાખે છે. પાગલ માણસો પણ નિર્વિવેકને કારણે મોરનાં પીછાં ભેગાં કરતા ફરે છે. એ જ રીતે ઉનાળાના ઉન્મત્ત પવનો પણ પેલા જૈન સાધુઓની જેમ વનાગ્નિની રાખોડીથી મલિન થયેલા અને મોરનાં પીછાં ભેગાં કરીને/કરતાં ઉડતા હોય છે ! गुञ्जन्तीति गुञ्जा=ढक्काभेदः । નગારાનો એક પ્રકાર. शिञ्जान—અવાજ કરતા करञ्ज—એક પ્રકારનું ઝાડ जालक—જાળ, સમૂહ. प्ररोह—અંકુર, आतप—आतुर—પવનથી વ્યાકુળ બનેલા नासा—નાસિકા (નાક), सापत्या—અપત્ય સહિતનાં जवन—वातहरिण—વેગીલાં વાતહરણ परिपाटी—શ્રેણી, પંક્તિ, पेटक-યૂથ खलदान—ખળામાંનું ધાન્ય बुसकूट—(ઘાસના ભૂસાનો ઢગલો, कुटिल—વાંકીચૂકી सावीचिवीचयः—'અવીચિ' નામના નરકની વીચિ=જ્વાળાઓ સહિતના महोष्ममुक्तिभिः—મોટી

* જો કે ટીકાકાર શંકર લખે છેઃ इरयन्तीति अराः । अराश्च ते भटा अरभटाः तेषामियमारभटी नटजातिविशेषो वीररसप्रधानः ॥ (સંકેત).

ઊષ્મા=લૂ વર્ષા કરતા હોવાથી. लोमश=વાળવાળા, तूलतन्तु–કપાસના (રૂના) રેસાઓ दद्रुः—કુષ્ઠરોગ, दद्रुणः—સફેદ કોઢનો રોગી, शिराला–લોહીની શિરા નસોવાળા. શંકર મુજબ शिराला प्रकटस्नायवः । वेणी–पंक्ति श्मश्रु–દાઢીમૂછ उच्छ्मश्रव દાઢીમૂછ ઉગેલા (પવનો) धूयमान-હાલતી, नव—यव—નવા જવ शूकशकल—રુંછાઓના ટુકડા शङ्कु—અણીદાર ભાગ. दंष्ट्राला–દાઢોવાળા, (बहिर्निर्गता दन्ताः) शलल–શાહુડી. શંકર મુજબ–शललः श्वावित् । सूची दीर्घकण्टक—रुपाणि रोमाणि । अन्ये तु—दंष्ट्रालाः शललाः, श्वाविधः पक्षाश्च शलला उच्यन्ते । (संकेत) जिह्वाला–જીભવાળા सर्पकञ्चुक–સાપની કાંચળી, चूडाला–ચૂડા=મસ્તક ઉપરના ગુંથેલા વાળવાળા ब्रह्मस्तम्भ=બ્રહ્માણ્ડ, रसाभ्यवहरणम्— રસનું શોષણ. ભોજનમાં છ રસ છે : (૧) મધુર. (૨) અમ્લ (ખાટો), (૩) લવણ (ખારો), (૪) કટુ (તીખો) (૫) કષાય (તુરો) અને (૬) તિક્ત (=કડવો)* ઉન્મત્ત પવનોએ કમલવનના મધ, કે જેનો રસ મધુર હોય તેનાથી શરૂઆત કરી. (કે જેથી ક્રમશઃ બ્રહ્માંડના છએ રસ સ્વાદી શકાય.) कवल—કોળીયો. घर्म–ગરમી घोषणा–શ્રવણા, ઢંઢેરો, જાહેરાત पटह–ઢોલ. वेणु–વાંસ, विभीषिका–ડરામણી, બીક બતાવવી. चाषः किकीदिविः पथिभेदः । (संकेत) ચાષ પક્ષી शारितसृतयः—કાબરચીતરા કરી મૂકેલા માર્ગોવાળા, त्विषिमान्–સૂર્ય मयूखलता–કિરણોરૂપી લતા अलात–ઉલ્મુક (અગ્નિમય ચક્ર) प्लोष–બળવું, कल्माष–લાલ અને કાળાનું મિશ્રણ त्विषिमान् सूर्यः तस्य मयूखलता एव अलातं, तेन प्लोषः, तेन कल्माषं वपुः येषाम् ॥ गुञ्जा–ચણોઠી (જે લાલ હોય છે અને તેમાં કાળો ડાઘ હોય છે). स्फुलिङ्ग—અગ્નિકણો, તણખા. अङ्गार—અંગારો, દેવતા भुवनभस्मी—काणार्थं अभिचारः तस्य चरुः तस्य पचने चतुराः । अभिचार–મેલી વિદ્યાના મન્ત્રો, કર્મો=ઉચ્ચાટન चरुपचन-ચરુ પકવવો (લોહીના છાંટા નાંખવા વગેરે) पारिभद्रा निम्बाः । मदना इत्यन्ये । (संकेत). એક પ્રકારનું વૃક્ષ तारवान्–तरु ઝાડમાંથી પ્રગટેલા विभावसून्–અગ્નિઓને तपयन्तः– તૃપ્ત કરતા अशिशिरसिकता-ઠંડી નહીં તેવી, તપી ગયેલી રેતી तारकित–તારા ખચિત થઈ હોય તેમાં रंहसः-વેગવાળા शिलाजतु अशमसारः । लव–અંશ चटका– ચકલી (નાનું પક્ષી). तरुकोटर-ઝાડની બખોલ कीटपटल–કીડાઓનો સમૂહ दावदहनेन पच्यमानानि यानि चटकाण्डानि, तेषां विदारणवशात् स्फुटिता ये खण्डाः (=कपालानि), तैः (खण्डैः) खचितानि तरुकोटरकीटपटलानि, तेषां पुटपाकः, तेन गन्धः तेन कटवः । पुटपाक–બે કોડિયાની વચ્ચે ઔષધ મૂકીને તપાવવામાં આવતાં, અંદર જે પાક તૈયાર થાય તેને 'પુટપાક' કહે છે. उन्मत्ता; मातरिश्वानः– પાગલ પવનો मातरि=आकाशे श्वयति અથવા श्वसिति તે मातरिश्वन् । આકાશમાં જે ફરે છે, સૂવે છે તે मातरिश्वा=વાયુ.

❋

* કાલાન્તરે 'કટુ=કડવો' અને 'તિક્ત=તીખો' એવું અર્થપરિવર્તન થયું છે. મૂળમાં તો ઉપર્યુક્ત અર્થો જ હતા.

હવે ગ્રીષ્મઋતુમાં જે દારુણ વનાગ્નિઓ પ્રજ્વળી ઊઠે છે તેનું વર્ણન કરતું ચોથું અને છેલ્લું એક વાક્ય આવે છે : सर्वतः च दारुणाः दावाग्नयः प्रत्यदृश्यन्त॥ 'ચારે બાજુએ દારુણ–ભયાનક–જંગલની આગનાં દૃશ્યો દેખાવા લાગ્યાં.' આ આગના પ્રત્યેક દૃશ્યને દારુણ દાવાગ્નિના એક એક વિશેષણ તરીકે અહીં રજૂ કર્યાં છે.

भस्त्रा—ધમણ સંધુક્ષણ=ફુંકાવી (संधुक्षणम् उद्दीपनम्). जरठ अजगर—કવિએ વૃદ્ધ અજગરોના ઉચ્છ્વાસો રૂપી ધમણની કલ્પના કરી છે ! એક તો અજગર પ્રકૃતિથી જ વિપુલકાય હોય છે, તે વળી વૃદ્ધ થતાં ઘણો વિકરાળ બને. આમ બાણે સ્વભાવોક્તિના પાયા ઉપર અતિશયોક્તિને રજૂ કરીને વિશિષ્ટ ચમત્કૃતિ સાધી છે. જો કે ટીકાકાર શંકરે जरठाजगराः = वृद्धसर्पाः । એવો અર્થ કરીને ઉપર્યુક્ત ચમત્કૃતિને અજાણતાં ભૂંસી કાઢી છે, તે ચિન્ત્ય છે. गला एव गुहा इति गलगुहा। ગળારૂપી ગુફા.

હવે क्वचित्स्वच्छन्दतृणचारिणो हरिणाः । વગેરેથી શરૂ કરીને क्वचिज्जवलित–नेत्रदहन....कृतस्थाणुस्थितयः । સુધીનાં વાક્યોમાં **શ્લિષ્ટ રચના** હોઈને, 'स्वच्छन्द–तृणचारिणः'ને એકવાર 'હરિણ'નું વિશેષણ લેવાનું છે; તો બીજીવાર તે दावाग्नयःનું વિશેષણ લેવાનું છે. અહીં શ્લિષ્ટ–દ્વિઅર્થી–પદો આ પ્રમાણે છે. चरणम्— ચરવું, જવું અને ખાવું અર્થાત્ બાળી નાખવું. हरिणः—મૃગ કે શુક્લ बभ्रूवः– નકુલ=નોળીયો કે કપિલવર્ણના. जटावलम्बिनः कपिलाः-જટાધારી કપિલમુનિઓ કે કપિલવર્ણની જ્વાળાઓને ધારણ કરનારા. (कपिलाः पिङ्गलाः कपिलाख्य-मुनिव्रतग्रहणान्मनुष्या एव अभेदोपचारेण कपिलाः । एते च जटावल्कल—धारिणः॥ –(સંકેત). कुलायाः= नीडाः–પક્ષીના માળા श्येनाः—બાજપક્ષી કે સફેદ. लोहितच्छवयः– લાલ કાન્તિવાળા, अधराः–અધરોષ્ઠ કે धर्तुम् अशक्याः, अधोभवा वा। ધારણ કરવા અશક્ય અથવા નીચા નમેલા (સંકેત). शकुनिपक्षकृत પક્ષીઓની પાંખોને (બાણના છેડે ચોંટાડેલી હોઈને) पटुगतयः–ઝડપી ગતિવાળા. विशिखाः–વિવિધ શિખા કે બાણ અથવા જેમની જ્વાળાઓ જતી રહી છે તેવા, जन्महेतु—જન્મનું કારણ, જેમકે આ જન્મે કે જન્માન્તરમાં કરેલાં કર્મો અથવા અગ્નિને ફરી સળગવાનું કારણ. निर्वाण-મોક્ષ પામેલા મુનિ કે શાન્ત પડી ગયેલા અગ્નિ कुसुमवासित-પુષ્પની સુવાસથી કે ધૂમાડાની ગન્ધથી अम्बरं-વસ્ત્ર કે આકાશ रागिणः-શૃંગારિક લોકો કે લાલ રંગના. मन्दरुचि-મન્દ પડેલી ભોજનની ઇચ્છા કે ઝાંખી પડેલી જ્વાળા. घस्मरा-ખાવાની ઇચ્છાવાળા=ભક્ષણશીલ. सभस्मकाः-ભસ્મક અથવા ભસ્મભૂરિક નામનો અત્યશન વ્યાધિ (ખૂબ ખાવાનો વ્યાધિ) કે ભસ્મવાળા. भुक्तं क्षणाद्भस्म

करोति यस्मात्तस्मादयं **भस्मक**संज्ञकोऽभूत् ॥-યોગરત્નાકર. वेणु- વાંસ, अचल- પર્વત કે નહીં ખસનારો ક્ષયરોગ. (જેને સંસ્કૃતમાં यक्ष्मा પણ કહે છે.) क्षयिणः- ક્ષયના રોગીઓ કે ક્ષય પામેલા (અગ્નિઓ). ક્ષયરોગને દૂર કરવા 'શિલાજતુ'નો પ્રયોગ કરવામાં આવે છે. शिलाजतु रसायनं कटुकतिक्तमुष्णं कृमक्षयोदरभिदश्मरीश्वयथुपाण्डुकण्डुहरम् ।-યોગરત્નાકર. ટીકાકાર શંકર પણ લખે છે કે-शिलाधातुप्रयोगाद्वा प्रसादाद्वाथ शाङ्करात् अजामूत्रप्रयोगाद्वा क्षयः क्षीयेत नान्यथा॥ (સંકેત). रौद्राः-રુદ્રના ભક્તો કે ભયંકર ज्वलितनेत्रहन...मदनाः ।= नेत्राणां मूलानां दहनेन दग्धाः सकुसुमाः काण्डानि मदना (=वृक्षभेदाः) च, यैः । (સંકેત) स्थाणु= શાખા વિનાનું ઝાડ અથવા શિવ. स्थितिः=સ્થાન કે વ્યવહાર. (कृता स्थाणोः शिवस्य स्थितिः व्यवहारो यैः।) (શંકરે પણ ત્રીજા નેત્રના અગ્નિથી કુસુમનાં/રૂપી બાણે સહિતના કામદેવને બાળી નાખ્યો હતો.)

चटुलशिखानर्तनारम्भारभटीनटाः-આરભટી નટોના ચાર પ્રકારનાં નર્તનોનો ઉપર ઉલ્લેખ આવી ગયો છે. અહીં એક પાંચમા પ્રકારનો નિર્દેશ છે. શ્રીવાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે-આરભટી શૈલીથી નાચનારા નટો ખુલ્લા રાખેલા વાળને આમતેમ ઉછાળીને નૃત્યનો આરંભ કરે છે. આ રીતે વાળને ખુલ્લા રાખીને, મસ્તક તથા શરીરને પ્રચંડ અંગસંચાલન દ્વારા હલાવતાં હલાવતાં નૃત્ય કરવાની જે પદ્ધતિ છે, તે બલુચી અને કબાયલી લોકોની આજે પણ વિશેષતા છે. (પૃ. ૩૪).

कासाराम्-તળાવ, सृति-માર્ગ, लाज-લાજા યજ્ઞમાં હોમવામાં આવતાં ડાંગર, કે જળ घर्मघृणि-સૂર્ય, कमठ-કાચબો वसा-ચરબી, માંસ, विस्त्र-ખાટી गृघ्न-લોભી, લંપટ. अम्भोद-વાદળ समुद्भूति-भिया-ઊભા થવાના/બંધાવાના ભયથી, स-तिलाहुति-તલ સહિતની આહુતિ. श्वित्रिणः-સફેદ કોઢવાળા. प्लोष-દાહ, અગ્નિ शम्बूकाः सक्तिमन्तः प्राणिभेद्राः । (સંકેત) मधुपटलगोलः= माथिककरण्डः- મધપુડો. खलतय-खल्वाटाः=ટાલીયા. शिखासंहति-વાળનો ચોટલો/લી કે જ્વાળાઓનો સમૂહ. महोषरेषु-મોટી ઊષર=રેતાળ શુષ્ક ભૂમિ. शिला-कवल-પત્થરોનો કોળિયો सूर्यमणि-સૂર્યકાન્ત નામનો મણિ (એવો કવિસમય છે કે દિવસે સૂર્યકિરણોમાં 'સૂર્યકાન્ત' મણિ ઓગળે છે; અને રાત્રે ચન્દ્રકિરણોમાં 'ચન્દ્રકાન્ત' મણિ ઓગળે છે.) शिलोच्चयः-પર્વત. दावाग्निः दावः वनगतो वाग्निः, दावश्च वनमुच्यते । અર્થાત્ 'દાવ' એટલે વનમાં લાગેલી આગ, કે 'દાવ' એટલે વન. અહીં બાણભટ્ટે કરેલું ગ્રીષ્મઋતુનું બેનમૂન વર્ણન પૂરું થાય છે.

2.3

तथाभूते च तस्मिन्नत्युग्रे.....प्रीतिकूटात् निरगात् ॥

આ ગદ્યખંડમાં નીચે મુજબની કથા મળે છે :- ગ્રીષ્મઋતુના કોઈ એક દિવસે બાણને રાજા હર્ષવર્ધનના ભાઈ કૃષ્ણનો સંદેશ-લેખ-વાહક મેખલક મળવા આવે છે. કૃષ્ણે બાણને કહેવડાવ્યું હોય છે કે આમ તો હર્ષવર્ધનના મનમાં બાણ વિષે ઘણી ગેરસમજ ઊભી કરવામાં આવી છે. પણ પોતે (કૃષ્ણે) બાણ તરફના અકારણ સ્નેહને કારણે, રાજાને સમજાવ્યું છે કે બધા માણસોની બાલ્યાવસ્થા સહજ ચાપલથી ભરેલી હોય છે. માટે એ તરફ ધ્યાન ન આપતાં રાજાએ બાણને મળવું તો જોઈએ. રાજાએ પણ 'બરાબર' છે એમ બોલીને એ વાત સ્વીકારી પણ છે. માટે બાણે જરીકેય વિલંબ કર્યા વિના રાજાને મળવા આવવું. બીજું, રાજાને મળવામાં કોઈ સંકોચ કે ભય રાખવાની જરૂર નથી. આ રાજા તો અનેક ગુણોથી સંપન્ન અને ગુણજ્ઞ છે.

મેખલક પાસેથી કૃષ્ણનો આવો સંદેશો સાંભળીને બાણે રાતભર વિચાર કર્યો અને 'જવું જ' એવો સંકલ્પ કર્યો. બીજે દિવસે સવારે ઊઠીને બાણ તૈયાર થયા. ઈશ્વરપૂજન કરીને મુહૂર્ત અને શુભ શુકન જોઈને, તે રાજગૃહે જવા નીકળે છે.

❋

अपराह्णसमये—દિવસના અપર ભાગમાં-સાંજના સમયે, पारशव—શૂદ્રાથી જન્મેલો (બાણનો ભાઈ ચન્દ્રસેન), शाण:—मणि—कर्षणम्—મણિ ઘસવાનો પરીક્ષા પત્થર કોણ-ધાર, અણી धौरेय:—મુખ્ય धुरं वहतीति·धुय:, धौरेय: ।) प्रज्ञाततमोऽतिप्रतीत: । પ્રજ્ઞાતતમ એટલે 'જેને સારી રીતે ઓળખી લીધો છે તે' અર્થાત્ વિશ્વાસુ અથવા most famous. दीर्घाध्वग:—લાંબા માર્ગ ઉપર જનારો. द्वारम् अध्यास्ते—બારણે (રાહ જોતો) ઊભો છે.

कार्दमिकम् (कर्दमेन रक्तम् इति)—કાદવ (જેવા રંગ)થી રંગેલું चेलम्—વસ્ત્ર. चीरिका—ટૂકડો उच्चण्ड—चण्डातकम्—ઊંચો પાયજામો. જો કે શંકર કહે છે : चण्डातकम् अर्धोरुकं वास: । 'અર્ધી સાથળ સુધીનું વસ્ત્ર.' (સંકેત). पटच्चरम् જીર્ણ (વસ્ત્ર), कर्पट—કાપડ निम्नतम्—नमितम् નીચે નમેલ, લેખ=સંદેશો લખેલી ચીઠ્ઠીને દોરીથી બરાબર વચ્ચેથી બાંધી હતી. તેથી તે લેખ જાણે બે ભાગમાં વહેંચાઈ ગયો હતો. अतिनिबिडसूत्रबन्धे निम्नतं अन्तराल तेन कृत: व्यवच्छेद: (division) यस्या:. तया। 'લેખમાલિકા'નું વિશેષણ. लेखमालिकया—લેખમાળાથી. શંકર કહે છે કે 'લેખમાલિકા' એમ લખ્યું છે એનો અર્થ કે તે મેખલક બીજાઓના સંદેશા-ચીઠ્ઠીઓ લઈને આવતો જતો હશે: अन्यैरपि तद्धस्ते लेख: प्रहित: इति परागत: सम्बन्ध: । (સંકેત).

हे भद्र !—હે કલ્યાણકારી (સંબોધન), भद्रम्—કુશળ तत्रभवत:—તે શ્રીમાન્ (કૃષ્ણ)નું. પ્રત્યક્ષ રહેલી વ્યક્તિ તરફ આદર સૂચવવા अत्रभवान्; અને પરોક્ષમાં રહેલી વ્યક્તિ તરફ આદર બતાવવા तत्रभवान् શબ્દ વપરાય છે : पूज्ये तत्रभवान् अत्रभवांश्च भगवानपि ॥

एष खवलु स्वामिना माननीयस्य लेखः प्रहितः । 'સ્વામીએ (કૃષ્ણે) માનનીય (બાણ)ને (ઉદ્દેશીને) આ લેખ મોકલ્યો છે.' આ વાક્યમાં ચતુર્થીના અર્થમાં ષષ્ઠીનો પ્રયોગ નોંધપાત્ર છે.

❋

फलप्रतिबन्धी फलं प्रतिबध्नाति रुणद्धीति ॥ ફળમાં વિક્ષેપ પડાવનાર. कालातिपातः—સમયનો વિલંબ, બગાડ. લેખિત સંદેશમાં મુખ્ય એક જ મુદ્દો છે કે—સમય બગાડ્યા વિના જલ્દી આવવું. બાકીનો ખરેખરો સંદેશો તો મેખલક પાસેથી મૌખિક સાંભળવાનો છે.

समुत्सारितपरिजनः—'જેણે પરિજનો=સેવકોને દૂર ખસેડી દીધા છે તે' (બાણ) (બહુવ્રીહિ). प्रत्यासन्ने—નજીકમાં રહેલા. कुमुदाकरे—રાત્રિ કમળ (કુમુદ)નો સમૂહ. अपराचीन—અપરાઙ્મુખ=અભિમુખ. शिशुचापलेभ्यः अपराचीना चित्तवृत्तिः यस्य सः । ॰वृत्तिः तस्य भावः ॰वृत्तिता, तया ॥ उदीरितम्—બોલી કાઢ્યું. लोलानि—તરંગો, વમળો. अवकेशी इव—નિષ્ફળ વૃક્ષની જેમ, 'वन्ध्योऽफलोऽवकेशी च' इत्यमरः ।

❋

શ્લોક : स्वेच्छोपजातविषयोऽपि.....इवेश्वरदुर्विदग्धः ॥ આ શ્લોકમાં વપરાયેલાં પદો શ્લિષ્ટ છે અને ત્રણ અર્થો આપવા સક્ષમ છે. જેમાંથી (૧) એક અર્થ કામદેવને લાગુ પડે છે. (૨) બીજો અર્થ ખરાબ રાજા—સ્વામી—માલિકને લાગુ પડે છે. અને (૩) ત્રીજો અર્થ શંકરને પણ લાગુ પડી શકે છે. ટીકાકાર શંકરે જ जीव्यतेऽनेनेति जीवनम्, ग्रामादि, जीवितं च, ईश्वरो राजा हरश्च । (સંકેત) એમ કહીને, અહીં ત્રણ અર્થો સ્ફુરે છે એ તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. આમાંથી પહેલા બે અર્થો મુખ્ય અને પ્રસ્તુત છે. જેમકે, —स्वेच्छोपजातविषयः ! કામદેવ પક્ષે—स्वस्य इच्छया संकल्पेन उपजातः=उत्पन्नः विषयः यस्य सः । જે (કામદેવ)ની પોતાની ઇચ્છાથી, સંકલ્પમાત્રથી વિષયપ્રદેશ ઉત્પન્ન થાય છે તે. 'काम' जानामि ते मूलं संकल्पात्किल जायसे' इति । (સંકેત). (કોનામાં કોને માટે અનુરાગ ઉત્પન્ન કરવો ? એ જેની ઇચ્છાને અધીન છે). દુષ્ટ રાજા પક્ષે—स्वेच्छोपजाताः विषयाः यस्य सः । પોતાની ઇચ્છાથી ધારે એટલા પ્રદેશોને પોતાના શાસનમાં રાખનાર/જીતનાર. શંકરના પક્ષે—स्वेच्छायाः उपजाताः विषयाः यस्य सः । જે (શંકર)ની ઇચ્છામાત્રથી આ જગત્‌ના વિષયો—પદાર્થો—આવિર્ભાવ પામે છે તે.

न याति वक्तुं देहि इति । કામદેવના પક્ષે—'देही' इति वक्तुं न याति (=न पार्यते) એવો સન્ધિચ્છેદ કરવો પડશે. જે (કામદેવ)ને દેહી=શરીરધારી કહી શકાય એમ નથી. (કારણ કે શંકરે કામદેવને પોતાના ત્રીજા નેત્રથી ભસ્મીભૂત કરી દીધો હતો; અને ત્યારથી તે अनङ्ग—'અંગ(=શરીર) વિનાનો' બન્યો છે. ખરાબ રાજા પક્ષે—જેની આગળ જઈને (त्वं) देहि इति । 'તું આપ' એમ માંગી શકાતું નથી

તેવો રાજા–એમ અર્થ કરવાનો છે. स्वेच्छोपजाता विषयाः मण्डलानि यस्मात् तादृगवि देहि प्रयच्छेति वक्तुं न पार्यते । (સંકેત) શંકર પક્ષે-શંકર પણ સર્વવ્યાપક–સર્વગ–હોઈને 'देहि—શરીરધારી' એમ કહી શકાતા નથી. શંકરને જો દેહી કહીએ તો અસીમને સીમિત કરી દીધાનું પાપ લાગે.

मार्गणशतैश्च ददाति दुःखम् । કામદેવ પક્ષે–જે (કામ) વિરહીજનોને અનેક પ્રકારના કુસુમશર–પુષ્પ રૂપી/નાં બાણોથી દુઃખ આપે છે. અહીં मार्गणाः નો અર્થ બાણ કરવાનો છે, ખરાબ રાજાના પક્ષે–मार्गणाः નો અર્થ याचकाः—માંગનારા કરવાનો છે. શંકર પક્ષે–मार्गणाः—સત્યને શોધનારા (અથવા અનેક સ્તુતિઓથી શિવના દર્શનને માંગનારા, કે જે માર્ગે ઘણા દુઃખ આવી મળે છે.) मोहात् अकाण्डे जीवनम् अपि समाक्षिपति ।

કામદેવ પક્ષે–કામની મોહદશામાં- દશમી અવસ્થામાં–વિરહીઓનું જીવન પ્રાણ એકાએક જતા રહેતા હોય છે. અથવા જે કામ મોહથી વિરહી જનોના જીવનને મૂર્ચ્છિત પણ કરી દે છે. ખરાબ રાજા પક્ષે–રાજા ગુસ્સે થાય કે કોઈ ગેરસમજ (મોહ) ઊભી થાય તો દેશ કે ગામને મળતી રાજ્યની મદદ પાછી ખેંચી લે, કે વ્યક્તિગત અપાતાં વર્ષાસનો પણ બંધ કરી દે, આથી આવો રાજા પણ જીવનને એકાએક રુંધનારો ગણાય છે, શંકર પક્ષે–મોહ=તમોગુણનું આધિક્ય થાય ત્યારે તે પણ સૃષ્ટિનો એકાએક સંહાર કરે છે.

ईश्वरदुर्विदग्धः કામદેવ પક્ષે–ईश्वरेण શંકર દ્વારા ખરાબ રીતે બાળી નાંખવામાં આવેલો અથવા ईश्वरे दुर्विदग्धः । એમ અર્થ પણ લઈ શકાય. ખરાબ રાજા પક્ષે–ईश्वरश्चासौ दुर्विदग्धश्च ખરાબ એવા રાજા a conceited king. શંકર પક્ષે–दुर्विदग्धः=दुरुढः દુરારાધ્ય (જો કે આશુતોષ શંકરને માટે આ વિશેષણને ઘટાવવું મૂશ્કેલ છે. પરંતુ ટીકાકાર શંકરે આ વિષે કોઈ સંકેત કર્યો નથી ! તથા શ્રી કાણે મહાશયે પણ આ પદનો શંકરપક્ષે ત્રીજો અર્થ બતાવ્યો નથી).

❁

देहि=તું આપ दा ધાતુનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચન, અથવા देही=शरीरवान् मार्गण યાચક અથવા બાણ अकाण्डे એકાએક मनोभव મનમાં જન્મનાર કામદેવનું વિશેષણ दुर्विदग्ध दुरुढ, દુરારાધ્ય અથવા દુષ્ટ હોવાને કારણે दग्ध=બાળી મુકવામાં આવેલા कष्टम् અરે હાય ! (અફસોસ નિર્વેદસૂચક અવ્યય).

न्यक्कृत તિરસ્કારવામાં આવેલ, ઓળંગી જવામાં આવેલ. રાજા હર્ષે નૃગ નલ, નિષધાદો અનેક સુપ્રખ્યાત રાજાઓને પોતાના ચરિતથી પાછા પાડી દીધા છે. નૃગની કથા રામાયણના ઉત્તરકાંડ (૫૩)માં આવેલી છે. નલ નિષધ પ્રદેશનો રાજા હતો. આથી નિષધ પદથી બાણને શું અભિપ્રેત છે ? તે સ્પષ્ટ નથી. સંભવતઃ રામનો પ્રપૌત્ર હશે. નહુષ રાજા તે આયુનો પુત્ર છે અને યયાતિનો પિતા છે.

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જણાવ્યું છે કે રાજા અમ્બરીષે કામક્રોધાદિ ષડ્રિપુઓને જીતી લીધા હતા. દિલીપ રામના પૂર્વજ છે, અને રઘુના પિતા છે. નાભાગ (જેને પિતાની સમ્પત્તિનો ભાગ નહોતો મળ્યો)ની કથા વિષ્ણુ પુરાણ (૪–૧)માં તથા માર્કણ્ડેય પુરાણ (૧૩૩)માં આવે છે. ભરત રાજા તે દુષ્યન્ત અને શકુન્તલાનો પુત્ર છે. ભગીરથ રાજા જેણે ગંગાને પૃથિવી ઉપર અવતારી હતી. નહૂષના પુત્ર યયાતિએ પોતાની વૃદ્ધાવસ્થા, પોતાના પુત્ર પૂરુને આપી દીધી હતી–આ નૃગ, નલાદિને પોતાના ચરિતથી ભૂલવાડી દેનારા રાજા હર્ષને કવિ બાણભટ્ટે अमृतमय કહેલ છે. આથી તે રાજામાં અહંકારાદિ રૂપી ઝેર વગેરે પણ ન હોવું જોઈએ. (હવે તેનું નિરૂપણ શરૂ થાય છે). ટીકાકાર શંકર કહે છે કે–यस्मादहंकारादि कालकूटादिना रूपयति, अतश्चाहंकारादीनामत्यन्ताभावप्रकाशनेच्छयाऽमृतमयत्वमस्य दर्शयति ॥ (સંકેત).

दिग्ध–દાઝેલી, ભીની થયેલી गुरुगर–ભારે ઝેર गल–ગળું ग्रह–જકડી લેનાર गद–રોગ अतिस्मय–અતિ ગર્વ, ઘમંડ स्थानकानि स्थितयः । સ્થિત=રહેણીકરણી विकाराः–વ્યવહારો, अदित–વાતવ્યાધિનો એક પ્રકાર, જેમાં મોં વાંકુ થઈ જાય છે. શંકરે એક ઉદ્ધરણ આપ્યું છે–

वायुः प्रवृद्धस्तैस्तैश्च वातलैरूर्ध्वमाश्रितः ।
वक्रीकरोति वक्त्रामुक्तं हसितमीक्षितम् ॥

निष्ट्यूतानि–निर्गतानि–બહાર નીકળેલા शिलाशकल–પથ્થરના ટૂકડા. રાજા હર્ષ विमल–અપાપી સજ્જનોને જ રત્ન સમજતો હતો. એક સુભાષિતમાં પણ કહ્યું છે કે मूर्खैः पाषाणखण्डेषु रत्नसंज्ञा विधीयते । 'મૂર્ખાઓ જ પથ્થરના ટૂકડાને રત્ન' એવું નામ આપે છે.–दानवत्सु–દાન આપવું પડે તેવી ક્રિયાઓ અથવા દાન=મદ ઝરતા करिन्–હાથી कीट–અધમ, आशासु–દિશાઓમાં धर्मपुत्रिका–ધર્મની પુતળી=ધર્મપત્ની; गुणवति धनुषि–પણછવાળા ધનુષ્યને વિષે सहाय–જોડીદાર, સાથીદાર. (साहाय्य= મદદ), उपकरणम्–સાધન, મદદ, સહાયક, ઉપયોગી એવા વિવિધ અર્થોમાં તેનો અહીં પ્રયોગ છે.

રાજા હર્ષની પાદપલ્લવછાયા કે જે સર્વોચ્ચ સુખને જન્માવનારી છે, તે અલ્પ પુણ્યોથી મળતી નથી. અર્થાત્ અહીં ટીકાકાર શંકર કહે છે કેઃ–अभिप्रायेण पादयोः कल्पवृक्षतुल्यत्वम् अभिव्यज्यंते । पुण्यवशात्तदवाप्तेः । તે મુજબ હર્ષના ચરણો તે કલ્પવૃક્ષ છે એવું અભિવ્યંજિત થાય છે. મોટા પુણ્યથી જ તેની પ્રાપ્તિ થઈ શકે છે.

कृतकशिपुं જેને ભોજન અને આચ્છાદન આપવામાં આવ્યું છે તે भोजनाच्छादने सद्भिरुभे कशिपुरुच्यते । (સંકેત).

बाल–वायस–आस्य–अरुणे=કાગડાના બચ્ચાના મોં જેવો લાલ क्षामतां व्रजति ફિક્કો પડતો ગયો ત્યારે अपराह्णातपे-સાંજનો તડકો.जपापीड જપા પુષ્પોનો

(आपीडः=स्तबकः) ગુચ્છ. खञ्जति इव લંગડાતો હોય તેમ. पतङ्गे सूर्य (સતિ સપ્તમી). श्यामामुखे રાત્રિનું મુખ (લક્ષણાથી–'રાત્રિનો આરંભકાળ').

न सेवाकाकुकौशलम्—અહીં 'કાકુ'નો અર્થ ચાંપલાશભરી વાણી, ભાટાઈ કરનારી વાણી. પારકાની ખોટી પ્રશંસા કરવાની આવડત. શંકર લખે છે 'काकुः स्त्रियां विकारोः यः शोकमीत्यादिभिर्ध्वनेः । इह च लक्षणया वक्रोक्तिः । (સંકેત) वल्लभः> वल्लह> વ્હાલો (>અલા, અલી) ! ધ્વનિ પરિવર્તનથી 'વલ્લભ'માંથી વ્હાલો શબ્દ બન્યો છે.

❋

अथ अन्यस्मिन् अहनि उत्थाय....प्रीतिकूटात् सः बाणः निरगात् । એવો અન્વય છે. અહીં બધાં જ પ્રથમાન્ત પદો બાણનાં વિશેષણ છે. विरूपाक्षः त्र्यक्ष, શંકર. क्षीरस्नपनपुरःसराम् पूजाम्— દૂધથી સ્નાન કરાવવાપૂર્વકની પૂજા વિધાય કરીને, प्राज्यंभूरि ખૂબ आज्य (બકરીના દૂધનું) ઘી, आशुशुक्षणि=મન્ત્રથી પવિત્ર થયેલા હવિષાન્નને ગ્રહણ કરનાર અગ્નિ. આ શબ્દ વૈદિક છે અને પ્રશિષ્ટ સંસ્કૃતમાં પણ ક્યારેક વપરાય છે. द्युम्नं ધન, नैचिकीं वराङ्गीम् होमधेनुं वा, शुक्लां वा (इति सङ्केतः). પણ શ્રી વાસુદેવશરણ અગ્રવાલ (પૃ. ૩૬) જણાવે છે કે– હંમેશા દૂધ આપનારી, वर्षोवर्ष વીયાનારી ગાય, જેના આંચળની નીચે વાછરડા સદાય ધાવતા રહે છે. અથર્વવેદમાં તેને 'નિત્યવત્સા' કહી છે. તેનું જ પ્રાકૃત રૂપ તે 'નૈચિકી' છે. नैचिकी तूत्तमा गोषु । હેમચન્દ્ર ૪–૩૩૬.

અહીં બાણના પહેરવેશ માટે બે વાર કહ્યું છે : धृतधवल दुकूलवासाः અને शुक्लवासाः "તેણે 'સફેદ રેશમી વસ્ત્રો' અને 'શુક્લવસ્ત્રો' પહેર્યાં હતાં." આમ પુનરુક્તિ. થઈ જણાય છે.

गिरिकर्णिका—શંકર મુજબ 'અશ્વખુરી,' એક પ્રકારની માંગલ્યૌષધિ. શ્રી અગ્રવાલ મુજબ અપરાજિતા તરીકે ઓળખાતાં ફુલ पितुः कनीयस्या स्वस्रा પિતા (ચિત્રભાનુ)ની સૌથી નાની બહેન, **मालत्या 'માલતીએ** (બાણના પ્રસ્થાન સમયનું સઘળું મંગલ કર્મ કર્યું)–અહીં બાણભટ્ટની **ફોઈના** નામનો ઉલ્લેખ જોવા મળે છે. (જેનો પ્રથમ ઉચ્છ્વાસના વંશવર્ણનમાં નિર્દેશ નથી). બાણે પોતાની માલતી ફોઈને માટે 'ભગવતી મહાશ્વેતા'નું ઉપમાન પ્રયોજ્યું છે. આ મહાશ્વેતા તે દેવતાવિશેષ છે, અથવા 'સૂર્યસ્થ કોઈક દેવતા છે' એમ શંકર કહે છે. પ્રો. કાણેના મતે 'મહાશ્વેતા'થી કઈ દેવી અભિપ્રેત હશે તે વિવાદાસ્પદ છે કેમકે દુર્ગા અને સરસ્વતી દેવી બન્ને સફેદ મનાય છે. પણ કાણે માને છે કે અહીં 'મહાશ્વેતા' એટલે 'દુર્ગા' એવો અર્થ લેવો. આ દુર્ગાને 'ગૌરી' કે 'સર્વમંગલા' પણ કહે છે. દેવી ભાગવતમાં લખ્યું છે કે– श्वेतं शुक्लां शिवस्थानं यस्माच्चेह समागता ।

महाभावसमुत्पन्ना महाश्वेता ततः स्मृता ॥ ટૂંકમાં, બાણના ફોઈ માલતી પણ મહાશ્વેતા દેવી જેવા સફેદ હતા. कृतनक्षत्रदोहदम् प्रतिनक्षत्रप्राशनम्, नक्षत्रविषयोऽभिलाषः वा । —સંકેત हरितगोमय લીલું છાણ अजिरम्—આંગણું चूतपल्लवम्—આંબાનાં પાંદડાંથી अप्रतिरथं પ્રાસ્થાનિક મન્ત્ર.

2.4 प्रथमेऽहनि तु धर्मकालकष्टं....मार्गः प्राविशद् अभ्यन्तरम् ॥

આ ગદ્યખંડમાં પ્રીતિકૂટમાંથી નીકળીને બાણ રાજા હર્ષના રાજદ્વારે પહોંચે છે, તથા 'પારિયાત્ર' નામનો દૌવારિક તેમને રાજદ્વારની અંદર પ્રવેશ કરાવે છે તેનું વર્ણન આવે છે.

प्रथमेऽहनि....राजभवनस्य । આ પહેલા ફકરામાં નીચે મુજબની વિગતો છેઃ કૃષ્ણના સંદેશવાહક મેખલકને સાથે લઈને પ્રીતિકૂટમાં નીકળેલા બાણભટ્ટ પહેલે દિવસે (પાણી વિનાના, પાંદડાં વિનાના વૃક્ષોવાળા રીંછ અને વાંદરાઓથી ભરેલા,) ચણ્ડિકા દેવીનું જેમાં મંદિર હતું (અથવા 'ચણ્ડિકાયતન' નામના) તેવા વનને ઓળંગીને, 'મલ્લકૂટ' નામના ગામમાં પહોંચે છે. ત્યાં 'જગત્પતિ' નામના ભાઈ અને મિત્રને ઘરે રહે છે. બીજે દિવસે, ગંગા નદીને ઓળંગીને 'યષ્ટિગૃહ' નામના વનગ્રામમાં રાત્રિ વીતાવે છે અને ત્રીજે દિવસે રાજા હર્ષની સેના જ્યાં અજિરવતી નદીના કિનારે મણિપુર (કે મણિતાર) નામના ગામની નજીક–છાવણી નાખીને પડી હોય છે ત્યાં જઈને રાજભવનની નજીકમાં જ રોકાય છે.

શ્રી વાસુદેવશરણ અગ્રવાલે બાણભટ્ટે આલેખેલા રાજા હર્ષના સ્કન્ધાવારનો નકશો આ પ્રમાણે આપ્યો છે : उत्कीर्ण—(વૃક્ષના થડીયામાં) કોતરેલી, કંડારેલી कात्यायनी—દુર્ગા; प्रतियाचना પ્રતિમા, शुष्कमपि....सहस्रैः । (એક સુન્દર ઉત્પ્રેક્ષાનો નમુનોઃ) ચંડિકાયતન વન શુષ્ક હોવા છતાંય તરસ્યા હિંસ્ર પ્રાણીઓના ટોળાની લાંબી/લટકતી ચંચળ =લપકારા મારતી જીભ રૂપી હજારો લતાઓથી જાણે કે (તે વન) પલ્લવિત થયું હતું ! શંકર કહે છે : काननत्वात् पल्लवितम् इव इति उत्प्रेक्षा। मल्ल—भल्लुक—રીંછ गोलाङ्गूल—(ગુજરાતમાં જોવા મળતા) કાળા મોંવાળા વાંદરા; જેને 'લંગૂર' કહે છે. मधुगोलम्—माक्षिककरण्डः—મધમાખીનો મધપૂડો सरघा—મધુમક્ષિકા, अभीरु—શતાવરી, कन्दलानि नवनालानि—નવા અંકુરો.

तत्र च हृदयनिर्विशेषेण भ्रात्रा सुहृदा च जगत्पतिनाम्ना संपादितसपर्यः सुखम् अवसत् (बाणः) । 'ત્યાં હૃદયથી જુદા નહીં તેવા ભાઈ (=ચન્દ્રસેન) અને મિત્ર જગત્પતિ વડે પૂજા અર્થાત્ આગતાસ્વાગતા પામેલો (બાણ) સુખપૂર્વક રહ્યો.' અહીં भ्रात्राનો અર્થ ચન્દ્રસેન લેવાનો છે એવું ટીકાકાર શંકર કહે છે : भ्रात्रेति चन्द्रसेनेन। (સંકેત). (અને सुहृदाનો અન્વય जगत्पतिनाम्ना સાથે કરવાંનો છે). પરંતુ પ્રોફે. પી. વી. કાણે જણાવે છે કે भ्रात्राનો પણ અન્વય जगत्पतिनाम्ना સાથે કરી શકાય છે. કેમ કે બાણની સાથે એમનો ભાઈ ચન્દ્રસેન ગયો હતો એવું ક્યાંય કહ્યું નથી.



સ્કન્ધાવાર (આનું ચિત્ર ઉપર આપ્યું છે) ઉપમણિપુરમ્ મણિપુરની નજીક (a town) (એક પાઠાન્તર મુજબ મણિતારની નજીક) અજીરવતી નદીનું નામ છે.

अजिरवतीम् अन्वायतम् इति अन्वजिरवति । (નપું. એ. વ.) અવ્યયીભાવ સમાસ संनिवेशो गृहादिरचना । તંબુ વગેરે બાંધવા.

❋

બીજા ફકરાનું મુખ્ય વાક્ય આ પ્રમાણે છે:– निर्वर्तितस्नानाशनव्यतिकरो विश्रान्तश्च, मेखलकेन सह, याममात्रावशेषे दिवसे (सति) भुक्तवति भूभुजि (सति) प्रख्यातानां क्षितिभुजां बहूनं शिबिरसंनिवेशान् **वीक्षमाणः बाणः** वारणेन्द्रैः श्यामायमानम्.... तुरगैः तरंगायमाणम्.... क्रमेलककुलैः कपिलायमानम्..... श्वेतायमानम्.... दोलायमानम्... आसेव्यमानम्.... उपहास्यमानम् इत्यादि एवंविधम् **राजद्वारम् अगमत्** ॥

અહીં બાણભટ્ટે રાજા હર્ષનું જે રાજદ્વાર જોયું, એનું ૨૫ વિશેષણોથી વર્ણન કર્યું છે. કવિ બાણભટ્ટ હર્ષના રાજદ્વારે ઊભેલા હાથી, ઘોડા, ઊંટ, છત્રો, ચામરો, કેળવૃક્ષો, વિવિધ રત્નો, મણિઓ, ખંડિયા રાજાઓ–શત્રુમહાસામન્તો સાધુ–સંન્યાસીઓ, પરદેશીઓ, દેશદેશાન્તરના દૂતમંડળોનું વિગતપૂર્ણ (સ્વભાવોક્તિભર્યું) વર્ણન કરે છે; અને તે દરેક હાથી વગેરેના વર્ણનને અંતે, હાથી વગેરે પદાર્થોએ રાજદ્વારની શોભામાં જે વધારો કર્યો હોય છે તેને કવિ ઉત્પ્રેક્ષાથી ચિત્રિત કરે છે. દા.ત. (૧) वारणेन्द्रैः श्यामायमानम् राजद्वारम् अगमत् । 'ઉત્તમ ગજરાજોથી શ્યામ થઈ રહેલા રાજદ્વારે (બાણ) પહોંચ્યો.' (૨) तुरङ्गैः तरङ्गायमाणम् राजद्वारम्० । 'ઘોડાઓથી તરંગિત થઈ રહેલા રાજદ્વારે.' (૩) क्रमेलककुलैः कपिलायमानम्० । ઊંટોના સમૂહોથી કપિલ વર્ણના બની રહેલા રાજદ્વારે. (૪) आतपत्रखण्डैः श्वेतायमानम्० । તડકો દૂર કરનારાં છત્રોથી શ્વેત બની રહેલા રાજદ્વારે બાણ પહોંચ્યો વગેરે. અહીં કવિને માટે રાજદ્વારે ઊભેલા હાથી, ઘોડા, ઊંટ વગેરેનું વર્ણન કરવું તે જ પ્રધાન લક્ષ્ય છે. આ વર્ણનોના અંતે તેમણે જે ઉત્પ્રેક્ષાઓ પ્રયોજી છે તેમાં કોઈ ક્રમ, કે પરસ્પર અન્વિતિ, કે તાર્કિકતા જડતી નથી. કવિએ આ સૌ ઉત્પ્રેક્ષાઓનું કોઈ ચોક્કસ તાર્કિક આયોજન કર્યું હોત તો તેમાંથી એક ત્રીજી સૌન્દર્યસૃષ્ટિનું તેઓ નિર્માણ કરી શક્યા હોત એમ જણાય છે. અસ્તુ. याममात्रावशेषे दिवसे (याम=એક પ્રહર), દિવસનો એક પ્રહર અર્થાત્ છેલ્લો પ્રહર બાકી રહ્યો ત્યારે (સતિ સપ્તમી) भूभुजि भुक्तवति (सति) પૃથિવીને ભોગવનારે ભોજન કરી લીધું ત્યારે (વર્ણાનુપ્રાસનું ઉદાહરણ). प्रख्यातानां क्षितिभुजाम् પ્રખ્યાત એવા 'પૃથિવીને ભોગવનારા' (=રાજા)ઓની (શિબિરોને), वीक्षमाणः—જોતો જોતો (બાણ રાજદ્વારે પહોંચ્યો). અહીં હર્ષને માટે भूभुजि કહી દીધા પછી, અન્ય રાજાઓ માટે क्षितिभुजाम् શબ્દને અર્થની દૃષ્ટિએ વાપરવો ઉચિત જણાતો નથી. કારણ કે એમાં પુનરુક્તિ દોષ છે. (જોકે કવિએ, કેવળ વર્ણોનો પ્રાસ મેળવવા આવી રચના કરી લાગે છે.)

હવે રાજદ્વારનાં વિશેષણો જોઈશું .–(૧)....वारणेन्द्रैः श्यामायमानम् इति राजद्वारविशेषणम् (इति संकेतः) ''હર્ષનું રાજદ્વાર ઉત્તમ ગજરાજોથી શ્યામ (અથવા રાત્રિ જેવું) બની રહ્યું હતું.'' અહીં ટીકાકાર શંકર કહે છે કે–श्यामायमानं कालत्वम् आपद्यमानम् । अथ च दिवसः श्यामायति । रात्रिवद् आचरतीति वक्रोक्तिः ॥ સંકેત.

શ્યામ એટલે 'કાળું' અને શ્યામા એટલે 'રાત્રિ.' આમ શ્યામાયમાનં પદમાંથી બન્ને અર્થો સ્ફુરે છે. રાજા હર્ષને હાથીઓનો ભારે શોખ લાગે છે. અહીં અનેક પ્રકારના હાથીઓનો ઉલ્લેખ છે. (વળી, આગળ ઉપર (૨.૫)માં એક 'દર્પશાત' હાથીનું વર્ણન પણ આવવાનું છે.)

विक्षेपोपार्जितैः—કર રૂપે કમાયેલા નાગવીથી=હાથીઓનો પ્રદેશ, पल्ली=શબરોની વસ્તી परिवृढः-સ્વામી, आकारितैः–આહ્વાન પામેલા. પડકાર ઝીલવા આવેલા यामावस्थापितैश्च—પહેરો ભરવા ઊભા રાખેલા (ગજરાજોથી–) અથવા યામ=પહોર, દિવસનો સમય માપવાનાં નિશાનો કરી રાખ્યા હોય ત્યાં ઊભા રાખેલા. कल्पितैः તૈયાર કરેલા पुष्याभिषेकदिवसैः રાજાનો પુષ્યનક્ષત્રમાં સ્નાન કરવાનો દિવસ હોય તેવા (ગજરાજો)થી. શંકર કહે છે : यत्र दिने पुष्यनक्षत्रे राजा स्नाति तद्दिनं पुष्याभिषेकाख्यम् । સંકેત.

શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે–"હાથીઓનું વર્ણન કરતી વખતે બાણે કેટલીક રોચક વિગતો આપી છે....ત્રીસ હજારથી વધારે હાથીઓ તો અવશ્ય હર્ષની સેનામાં હતા. ચીની યાત્રી શ્યુઆન ચુઆઙ્ના લખાણ મુજબ હર્ષની સેનામાં હાથીઓની સંખ્યા ૬૦,૦૦૦ અને ઘોડેસ્વારોની સંખ્યા એક લાખની હતી. આના કારણે જ તેણે (હર્ષે) ૩૦ વર્ષ સુધી શાન્તિથી રાજ કર્યું હતું. આનો અર્થ એ થયો કે ઇ.સ. ૬૧૮થી પહેલાં હર્ષ સમ્રાટે મોટી સેનાનું નિર્માણ કરી નાખ્યું હતું. આના થોડાક સમય પહેલાં બાણભટ્ટ (હર્ષના) રાજદરબારમાં ગયા હશે. બાણે જણાવેલા અનેક અયુત નાગબળ અને શ્યુઆન ચુઆઙ્ના સાઠ હજાર હાથીઓની સેનાનો ઉલ્લેખ એકબીજાનું સમર્થન કરે છે. બાણે હર્ષને "મહાવાહિની-પતિ" કહ્યો છે. આ વિશેષણ પણ શ્યુઆન ચુઆઙ્ દ્વારા નિર્દિષ્ટ મોટી સેનાને જોતાં સત્ય લાગે છે. સેનામાં આટલી મોટી હાથીઓની સંખ્યા એ દર્શાવે છે કે હર્ષનું પોતાના ગજબળ ઉપર વિશેષ અધિક ધ્યાન હતું. બાણે પણ આ વાત બીજી રીતે સૂચવી છે : दानवत्सु कर्मसु साधनश्रद्धा, न करिकीटेषु જેનો વ્યંગ્યાર્થ એ જ નીકળે છે કે હર્ષની સાધનશ્રદ્ધા અથવા સેનાવિષયક આસ્થા હાથીઓ ઉપર વધારે હતી જ્યારે હાથીઓની આટલી વિશાળ સેનાનું નિર્માણ કરવામાં આવ્યું હતું, ત્યારે તેમને પકડવા અને મેળવવા માટે બધા જ સંભવિત ઉપાયો ઉપર ધ્યાન આપવું આવશ્યક હતું. બાણે આ વિષે પણ પ્રકાશ પાડ્યો છે. હાથીઓની ભરતીના સ્રોત આ પ્રમાણે હતા :

૧. નવા પકડેલા (अभिनवबद्ध)
૨. કરરૂપમાં મળેલા (विक्षेपोपार्जित)
૩. ભેટમાં પ્રાપ્ત થયેલા (कौशलिकागत)
૪. નાગવીથી કે નાગવનના અધિપતિઓ દ્વારા મોકલાવેલા (नागवीथीपालप्रेषित)

૫. પ્રથમવાર મુલાકાતે આવેલા લોકોએ આપેલા (प्रथमदर्शनकुतूहलोपनीत). એવું લાગે છે કે સમ્રાટે પ્રથમ મુલાકાતે આવનાર રાજા, સામન્ત વગેરેને માટે હાથી ભેટમાં લાવવો જરૂરી બનાવી દીધો હતો.

૬. દૂતમંડળોની સાથે મોકલેલા

૭. શબર વસ્તીના સરદારોએ મોકલેલ (पल्लीपरिवृढढौकित)

૮. ગજયુદ્ધની ક્રીડાઓ અને ખેલતમાશા માટે બોલાવેલા કે સ્વેચ્છાથી આપેલા.

૯. બળાત્કારપૂર્વક લઈ લીધેલા.

હાથીઓની આટલી મોટી સેના બનાવવાનું એક ઐતિહાસિક કારણ આ પ્રમાણે જોવા મળે છેઃ ગુપ્તકાલમાં સેનાનું સંગઠન મુખ્યતઃ ઘોડેસ્વારો ઉપર આશ્રિત હતું. (કાલિદાસે પણ તે નોંધ્યું છે). ગુપ્તોએ આ (ઘોડા મેળવવાનો) પાઠ સંભવતઃ પોતાના પૂર્વવર્તી શકો પાસેથી ગ્રહણ કર્યો હતો. શકોનો અશ્વપ્રેમ આખી દુનિયામાં પ્રસિદ્ધ હતો. હવે, ગુપ્તકાળમાં અશ્વબળની વૃદ્ધિ પરાકાષ્ઠાએ પહોંચી ગઈ હતી; તેની પ્રતિક્રિયા થવી જરૂરી હતી. ઘોડેસ્વારોની સેનાની સામે લઢવા માટે હાથીઓનો પ્રયોગ સફળ દેખાયો. બીજું કારણ એ પણ જણાય છે કે–ગુપ્ત સામ્રાજ્યનું વિસર્જન થયા પછી આ દેશમાં સામન્તો, મહાસામન્તો, માંડલિક રાજાઓની સંખ્યા ખૂબ વધતી ગઈ અને તે પ્રત્યેક પોતપોતાના દુર્ગો (કિલ્લાઓ)નું બાંધકામ કરાવતા હતા. આ દુર્ગોને તોડવામાં ઘોડા કરતાં હાથીઓ જ વધારે સફળ પૂરવાર થાય.'' (પૃ. ૩૮, ૩૯).

(૨) ....तुरङ्गैः तरङ्गायमाणम् (राजद्वारम् अगमत्) । 'ઘોડાઓથી તરંગિત થઈ ઊઠેલા રાજદ્વારે બાણ પહોંચ્યો.' अनवरतचलितखुरपुटप्रहतमृद्‌अङ्गैः (मृदङ्गै) राजलक्ष्मीम् नर्तयद्भिः इव । 'સતત પટકાતી ખરીઓના પુટથી ખોદાતા જમીનના ભાગો (રૂપી મૃદંગો)થી જાણે કે રાજલક્ષ્મીને નચાવતાં' [(અશ્વો) વડે જાણે તરંગિત થઈ રહેલા રાજદ્વારે બાણ પહોંચ્યો.] मृद्=માટી(નાં અંગો=જમીનના ભાગો). પરંતુ नर्तयद्भिः ના સાહચર્યમાં (શબ્દશક્તિથી) मृदङ्गैः=મૃદંગથી (એક પ્રકારનું વાદ્ય-મુરજ) એવો પણ અર્થ થઈ શકે છે. કવિની આ રચના નોંધપાત્ર છે. હવે, વ્યાકરણની દૃષ્ટિએ આ વાક્ય સમજવું હોય તો–

પદક્રમ	પદાવલિ		વ્યાકરણિક કોટિઓ
૧.	अनवरतचलितखुरपुटप्रहतमृदङ्गैः	–	કરણ તૃતીયા
૨.	राजलक्ष्मीम्	–	કર્મણી દ્વિતીયા
૩.	(क) नर्तयद्भिः इव	–	કર્તરિ તૃતીયા/વિશેષણ
	(ख) तुरङ्गैः	–	કર્તરિ તૃતીયા/વિશેષ્ય
૪.	(क) तरङ्गायमाणम्	–	કર્મણિ દ્વિતીયા/મુખ્ય વિશેષણ
	(ख) राजद्वारम्	–	કર્મણિ દ્વિતીયા/મુખ્યં વિશેષ્ય
૫.	(सः बाणः) अगमत्	–	ક્રિયાપદ

અહીં ૧ થી ૪ સુધીની પદાવલિ ઉત્પ્રેક્ષાપ્રપંચ માટે રજૂ થઈ છે. सक्वि–ઓષ્ઠના છેડાના ભાગ. फेन–ફીણ(નો રંગ સફેદ હોય છે.) અને અટ્ટહાસ્યનો રંગ પણ સફેદ મનાયો છે. તેથી રૂપકોક્તિઃ– ફીણ રૂપી અટ્ટહાસ્યથી आकारयद्भिः–આહ્વાન–પડકાર આપતા. संघट्टहेतोः–સંઘર્ષ કરવા માટે उच्चैःश्रवस्–ઇન્દ્રના ઘોડાનું નામ.

(૩) क्रमेलककुलैः कपिलायमानम् राजद्वारम् अगमत् । 'ઊંટોના સમૂહોથી જાણે કે કપિલવર્ણના થઈ રહેલા રાજદ્વારે તે (બાણ) પહોંચ્યો.' वराटिका–કોડીઓ. ઊંટનું ગળું પીળું હોય છે, તેમાં કોડીઓની માળા પહેરાવી છે. આથી જાણે સન્ધ્યા સમયના પીળા તડકામાં તારાઓ દેખાવા લાગ્યા છે (અને હવે સંધ્યા સમય પૂરો થઈને રાત્રિ આવી એમ સૂચવાય છે : सन्ध्यातपच्छेदैः) रक्तशालिशालेयैः–લાલ ડાંગરનાં ખેતરો વડે. शालीनां भवनं क्षेत्रं शालेयम् । व्रीहिशाल्योर्ढक् । સંકેત. ડાંગર ઉગે તે ખેતરને 'શાલેય' કહે છે. અહીં शालि+ढक् > एय પ્રત્યય લાગ્યો છે. चामीकर–સુવર્ણ, घुरुघुरुमालिका-ઘુઘરાઓની માળા श्रवणोपान्त–કાનના મૂળ/છેડાના ભાગ સુધી ऊर्णा–ઊન क्रमेलकः–ઊંટ (उत्कंठ > ઊંટ). શ્રી વાસુદેવ શરણ અગ્રવાલ જણાવે છે કે–સ્કન્ધાવારમાં ઊંટોની પણ મોટી જમાવટ કરવામાં આવી હતી. પરંતુ ઘોડાઓ–હાથીઓની જેમ તે મહત્ત્વપૂર્ણ નથી. ઊંટોની પાસે મોટે ભાગે ટપાલનું કામ લેવામાં આવતું હતું. (प्रेषित, प्रेष्यमाण, प्रतीपनिवृत्त, बहुयोजनगमन). ઊંટો પણ ખાસ રસ લઈને સજાવવામાં આવતાં હતા. તેમના મોં ઉપર કોડીઓની પટ્ટીઓ (કે માળા –वराटिकावलीभिः घटितमुखमण्डनकैः), ગળામાં સોનાની રણકે એવી ઘુઘરીઓની માળા. કાનોમાં પચરંગી ઊનનાં લટકતાં ફુમતાં તે તેને સજાવનારાં અંગો હતાં.

(૪) आतपत्रखण्डैः श्वेतायमानम् राजद्वारम् अगमत्। ''તડકો દૂર કરનારાં છત્રોથી રાજદ્વાર જાણે સફેદ બની રહ્યું હતું, ત્યાં બાણ પહોંચ્યા.''

અહીં श्वेतद्वीपायमानम् એવું એક પાઠાન્તર પણ મળે છે. તે મુજબ રાજદ્વારની આગળ રહેલા અનેક શ્વેત છત્રોથી જાણે કે તે પ્રદેશ શ્વેતદ્વીપ સમો બની રહ્યો હતો. પરંતુ આ પાઠાન્તર ટીકાકાર શંકરે નોંધ્યું નથી.

ટીકાકાર શંકરના મતે श्वेतायमानम् જ મૂળ પાઠ છે. એંને સમજાવતાં તેમણે લખ્યું છે કે–विशेषेण श्वेता इवाचरन्तः श्वेतायमानाः । तैस्तत्र तेषां स्वत एव श्वेतपदेन कथम् उपमानता इत्युच्यते । श्वेतगुणा इवाचरन्तः श्वेतायमानाः । तेन यथा श्वेतगुणयोगाद् अन्यत्किंचिच्छ्वेतते तद्वदेतद्योगात् राजद्वारमिति ॥

છત્રો સફેદ રેશમી વસ્ત્રનાં હતા, તેથી તેને માટે श्वेतायमाना એમ કહેવામાં જો કોઈને પુનરુક્તિ જણાય તો ટીકાકાર કહે છે કે श्वेताः स्फुटिका इत्यन्ये । કોઈકના મતે 'શ્વેત છત્રો સ્ફટિક જેવા બની રહ્યા હતા.' (સંકેત)

અહીં शरज्जल.... राजहंसोपसेवितैः સુધીનાં શ્લિષ્ટ પદમાં ઉપમા પ્રયોજી છે; અને ત્યારપછી अभिभवद्भिरिव થી शातक्रतवी श्रियम् માં ક્રિયાપદ સાથે इवनो પ્રયોગ હોઈને ઉત્પ્રેક્ષા જણાય છે. चन्द्रालोकमयमिवથી વિરોધ છે. पटः पटल– દૂધ અને પાણીનો સમૂહ, तनु–શરીર અને કૃશ. पुण्डरीक–શ્વેતકમળ. पुण्डरीकग्रहणेन आकार—सदृशत्वमप्युच्यते (સંકેત). गरुडपक्षाः–ગરુડ પક્ષીની પાંખો અને એક પ્રકારના રત્નો. क्षीरोद—उद्देश–સમુદ્રનો એક ભાગ, विकट–(વિકરાળ, ભયાનક) પણ પ્રકૃતમાં 'વિશાળ, મોટા.' राजहंसाः—મુખ્ય રાજાઓ, અને લાલ ચાંચ, લાલ પગવાળા રાજહંસ પક્ષીઓ. निदाघसमय—ઉનાળાનો સમય. विवस्वान्–સૂર્ય, आतपं–તડકો. જે જીવલોક છે તે ચન્દ્રલોક કેવી રીતે હોઈ શકે ? यश्च जीवानां लोकः तत्र कथं चन्द्रलोक इति विरोधः । (સંકેત). शातक्रतवीं श्रियम्–ઇન્દ્રની લક્ષ્મીને.

(૫) क्षणेत्यादौ चामराणां सहस्रैः दोलायमानम् राजद्वारम् इति अन्वयः ।

'.....હજારો ચામરોથી જાણે કે દોલાયમાન થયેલા (વિશેષણ), રાજદ્વારે (વિશેષ્ય), તે (બાણ) પહોંચ્યો. હર્ષના રાજદ્વારે સતત ચામરો ઢોળાતા હતા. તે ઊંચાનીચા થતા ચામરોથી ઘડીકમાં અંધકાર (રાત્રિ) છવાતો હતો અને ઘડીકમાં પ્રકાશ (દિવસ) ફેલાતો હતો. તેથી, કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે–જાણે કે તે ચામરો દિવસોને આવવા–જવાના સ્વભાવવાળા કરતા હતા ! कलेरियं कालेयी—કળિયુગ સંબંધી. विकच-ખીલેલાં॰ विशद–મોટાં शशिकर–ચન્દ્રનાં કિરણો. (૬ થી ૧૬) अपि च हंसयूथायमानं....... पुष्पराग—रश्मिभिः । અહીં 'અમુકનું જાણે અનુકરણ કરતાં' વાક્યોમાં ઉત્પ્રેક્ષા છે. हंसयूतायमानं–'હંસોના જૂથનું જાણે અનુકરણ કરતા', वनायमानं—'વનના જેવું અનુકરણ કરતા.' –वनम् इव आचरति आचरन्तम् इति । कदलिका-કેળ, मायूरातपत्रैः–(મોરની કળા જેવા) મોરનાં પીંછામાંથી क्षौम-રેશમી વસ્ત્ર, मरकत–પન્ના, मयूख–કિરણો, महानील–ગરુડમણિ, पूष्पराग–એક પ્રકારનો લાલ મણિ.

અહીં (૬ થી ૧૬) રાજદ્વારના વિશેષણ રૂપ ઉપવાક્યોમાં હાથીના કાન ઉપર દોરેલાં શંખો, કદલિકાઓ, મોરપીંછાનાં છત્રો, અંશુકો, રેશમી વસ્ત્રો; અને મરકત, પદ્મરાગ, ઇન્દ્રનીલ, મહાનીલ, કાલિન્દીમણિ, ગારુડમણિ અને પુષ્પરાગ મણિઓનું વર્ણન છે, જે હર્ષની સમૃદ્ધિના પરિચાયક છે.

(૧૭) **कैश्चित्......शत्रुमहासामन्तैः समन्ताद् आसेव्यमानम् राजद्वारम् अगमत।**

'કેટલાક શત્રુ મહાસામન્તોથી સેવાંતા' રાજદ્વારે બાણ પહોંચ્યો.

निभस्तु कथितो व्याजे पुंल्लिङ्गः सदृशे त्रिषु । મેદિનીકોશ. निभ=व्याज—

બહાને, अङ्गुलिलिखितायाः क्षितेः—આંગળીથી ખોતરેલી જમીનને સેવામાં (=જમીનની સેવા માટે). अनुयायिनः पुरुषान्—અનુયાયી પુરુષોને, पृच्छद्भिः—પૂછતા (સામન્તો) વડે. શ્રી વાસુદેવશરણ અગ્રવાલ જણાવે છે કે–

.....કૌટિલીય અર્થશાસ્ત્રમાં સામન્ત શબ્દ પડોશી રાજ્યના રાજા માટે વપરાયો છે... મધ્યકાલીન રાજ્ય વ્યવસ્થાને સામન્તશાહી પર આશ્રિત કહી શકાય. સંભવ છે કે કુષાણ-કાળમાં શક–કુષાણ રાજાઓની શાસનપ્રણાલીના વખતમાં આ પ્રથાનું પૂર્વરૂપ ઉદ્‌ભવ્યું હોય....શક શાસનમાં સમ્રાટ વિદેશી હોવાથી પ્રજાઓ સુધી તે સાક્ષાત્ સંપર્ક રાખી નહોતો શકતો. આથી તેમણે મધ્યસ્થ અધિકારીઓની કલ્પના કરી અને તેમને નાના-મોટા રજવાડાંનો સમસ્ત અધિકાર સોંપી દઈને શાહાનુશાહિ અર્થાત્ મહારાજાધિરાજ કે મોટા સમ્રાટ શાસનનો પ્રબંધ ચલાવતા હતા. (શક-કુષાણોની પછી ગુપ્તશાસનમાં આ પ્રણાલી ચાલુ રહી).

બાણે સામન્ત પ્રથાનું વિસ્તૃત વર્ણન કર્યુ છે.... સામન્ત, મહાસામન્ત, આપ્તસામન્ત, પ્રધાનસામન્ત, શત્રુમહાસામન્ત, પ્રતિસામન્તાદિનો તેમણે ઉલ્લેખ કર્યો છે.

સામન્તોની શાસિત ભૂમિમાં આવીને સમ્રાટ પોતે ગ્રાહ્યભાગ વસુલ નહોતો કરતો; બલ્કે સામન્તો પાસેથી પ્રતિવર્ષ કર ઉઘરાવી લેતો હતો. (આમ (પરદેશી) સમ્રાટ અને પ્રજા વચ્ચેનો જે મધ્યસ્થી અધિકારી તે સામન્ત હતો.) શુક્રનીતિ અનુસાર જેની વાર્ષિક આવક–ભૂમિમાંથી ૧ લાખ ચાંદીના કાર્ષાપણ (એક સિક્કો) થાય તે સામન્ત કહેવાતો હતો. (આવી આવકની દૃષ્ટિએ સામન્તની ઉપર માંડલિક, રાજા, મહારાજ, સ્વરાટ્, સમ્રાટ, વિરાટ્ અને સાર્વભૌમ આવે. સાર્વભૌમની પણ જે ઉપર હોય તે સપ્તદ્વીપા પૃથિવીનો સ્વામી ગણાતો.)–જિજ્ઞાસુએ શ્રી અગ્રવાલના हर्षचरित—एक सांस्कृतिक अध्ययन પુસ્તકમાં પરિશિષ્ટ–૨, પૃ. ૨૧૭–૨૨૦ જોવું.

हे भद्र=હે કલ્યાણકારી પુરુષ (સંબોધન), अद्य भविष्यति भुक्तास्थानं, दास्यति दर्शनं परमेश्वरः । શું આજે ભુક્તાસ્થાન રાજદરબાર=રાજાના ખાસ કૃપાપાત્ર અમુક પસંદગીના માણસોની સભા મળશે ? શું પરમેશ્વર–રાજા હર્ષ–દર્શન આપશે ? કે निष्पतिष्यंति वा बाह्यां कक्षाम्—બહારની અટારીએ (દર્શન આપવા) નીકળશે ? कक्षा—કમરો, ઝરુખો, અટારી. અહીં °भुक्त्वा स्थाने° એવું પાઠાન્તર પણ મળે છે. તે મુજબ આજે શુ ભોજન કરી લીધા પછી રાજા દર્શન આપશે ? એવો અર્થ કરવાનો રહેશે. મનુસ્મૃતિ (૭–૨૨૧) મુજબ પણ, રાજાએ ભોજન કરીને પછી રાજકાર્યો કરવાનાં હોય છે.

भुक्तवान् विहरेच्चैव स्त्रीभिरन्तःपुरे सह ।
विहृत्य तु यथाकालं पुनः कार्याणि चिन्तयेत् ॥

પ્રોફે. પી. વી. કાણે લખે છે કે – If we read the meaning is 'will he. after taking his dinner. grant an interview in the audience–hall ? (p. 263).

પરંતુ भुक्त्वा સ્થાને એવું પાઠાન્તર 'હર્ષચરિત'ના મુખપાઠની દૃષ્ટિએ 'આન્તર સંભાવના વિનાનું' છે, તેથી સ્વીકાર્ય બની શકે એમ નથી. જેમ કે, આ જ ઉચ્છ્વાસમાં (2.6 માં) भुक्तास्थानमण्डपस्य पुरस्ताद् अजिरे–"ખાનગીમાં રાજદરબાર –દીવાને ખાસ–ભરાતો હોય તે મંડપની આગળના આંગણામાં" એવો ઉલ્લેખ આવે જ છે. ત્યાં भुक्त्वा સ્થાને એવો પાઠ નથી. આમ भुक्तास्थाने (audience-hall) એ પારિભાષિક કે રૂઢ શબ્દ હોય એમ જણાય છે.

શ્રી વાસુદેવ શરણ અગ્રવાલ લખે છે કે "વસ્તુતઃ 'ભુક્તાસ્થાન–મંડપ' અર્થાત્ દીવાને ખાસમાં એ જ વ્યક્તિઓ સમ્રાટ્‌ને મળી શકતા હતા, કે જે એમના વિશેષ કૃપાપાત્ર બન્યા હોય. 'કાદમ્બરી'માં પણ રાજા શૂદ્રકના વર્ણનમાં બે આસ્થાનમંડપોનો ઉલ્લેખ છે. એક (આસ્થાનમંડપ) બહારનો હતો, કે જ્યાં આમ–દરબારમાં ચાંડાલ–કન્યા વૈશમ્પાયન (પોપટ)ને લઈને આવી હતી. ત્યાર પછી, સભાને વિસર્જિત કર્યા પછી સ્નાન–ભોજનથી પરવારીને, કેટલાક પસંદગીના રાજકુમારો, અમાત્ય અને પ્રિયજનોની સાથે શૂદ્રકે અંદરના આસ્થાનમંડપમાં બેસીને વૈશમ્પાયન પાસેથી કથા સાંભળી હતી. એને માટે અહીં હર્ષચરિતમાં 'ભુક્તાસ્થાન' શબ્દ વપરાયો છે." (પૃ. ૪૫).

શ્રી વાસુદેવશરણ અગ્રવાલે આ જ વાક્યના બીજા એક પાઠાન્તરને ચર્ચતાં લખ્યું છે કે–पाठों के सम्बन्ध में इस प्रकार के निजी सुझाव बहुत ही कम दिए जाते हैं; पर प्रामाणिक सम्पादनविधि के अन्तर्गत यह मान्य शैली अवश्य है, जैसा पूना से प्रकाशित होनेवाले महाभारत के संस्करण में भी कुछ स्थलों पर किया गया है । फिर भी यह लिखना आवश्यक है कि अधिकांश स्थलों में जो क्लिष्ट पाठ थे उनसे ही बाण का वास्तविक अर्थ ठीक—ठीक मिल सका । क्लिष्ट पाठों को सरल करने के लिए ही बाद में पाठान्तर कर दिए जाते हैं । वे मूल अर्थ से दूर हटते हैं और उनमें कवि या लेखक की अभिमत व्यंजना फीकी पड़ जाती है । उदाहरण के लिए '**भद्राद्यभविष्यति भुक्तास्थाने दास्यति दर्शनं परमेश्वरः निष्पतिष्यति वा बाह्यां कक्ष्याम्**' वाक्य में 'आद्यभविष्यति' (आद्यं भविष्यति) मूल पद का चमत्कारपूर्ण अर्थ यह था —भाई, क्या सजाए जाते हुए भुक्तास्थानमण्डप (दरबार खास) में सम्राट दर्शन देंगे, या बाह्यास्थानमण्डप (बाह्यकक्ष्या=दरबार आम) में निकलकर आएँगे ? किन्तु 'आद्यभविष्यति' इस क्लिष्ट पद को बदल कर "**अद्य भविष्यति**" पाठ कर दिया गया—'क्या आज सम्राट् से भेंट हो सकेगी ?' इत्यादि वाक्य में 'भविष्यति' और 'दास्यति' दो क्रियाएँ हो जाने से 'भविष्यति' पद निरर्थक हो जाता है । एवं भुक्तास्थान और बाह्यकक्ष्या की परिभाषाओं का भेद न समझने से मूल के अर्थ का घोटाला हो

गया । काश्मीरी संस्करण में 'भुक्तास्थाने' शुद्ध पाठ टिप्पणी में डालकर 'आस्थानं' अशुद्ध पाठ मूल में रख लिया गया । [''हर्षचरित—एक सांस्कृतिक अध्ययन'' की भूमिका (पृ. घ.) ઉપર આ ચર્ચા જોવા મળે છે.]* વળી કેટલીક હસ્તપ્રતોમાં भुक्तास्थाने પાઠને વધારે સરળ કરવા માટે 'भुक्त्वा स्थाने' એવું પાઠાન્તર પણ ઊભું કર્યું છે. અસ્તુ.

(૧૮) अन्यैश्च महामहीपालैः अध्यास्यमानम् राजद्वारम् अगमत् । 'બીજા મહામહીપાલોથી રોકી રાખવામાં આવતાં' રાજદ્વારે બાણ પહોંચ્યો. પરાજીત કરેલા સામન્તોનું વર્ણન કર્યા પછી, હવે હર્ષરાજાના પ્રતાપના અનુરાગથી પધારેલા મહામહીપાલોને વર્ણવે છે. આ મહીપાલો રાજાના દર્શનની રાહ જોતાં બારણે બેસી રહ્યા છે. नरपतिदर्शनकालम् प्रतिपालयद्भिः— રાજાના દર્શન સમયની પ્રતીક્ષા કરી રહેલા.

(૧૯) एकान्तोपविष्टैः च जैनैः.....दूतमण्डलैः उपास्यमानम् राजद्वारम् अगमत्। 'એકાન્તમાં બેઠેલા જૈનો (=બૌદ્ધો)....અને દૂતમંડલોથી ઉપાસતા' રાજ્યદ્વારે તે પહોંચ્યો. અહીં હર્ષના રાજદ્વારે કોણ કોણ રાજદર્શનની પ્રતીક્ષા કરતા ભેગા મળ્યા છે એની યાદી છે. તેમાં जैनः, आर्हतैः, पाशुपतैः, पाराशरिभिः, वर्णिभिः । વગેરેનો ઉલ્લેખ છે. ટીકાકાર શંકર કહે છે કે અહીં जैनैः शाक्यैः । आर्हतैः नग्नक्षपणकैः (સંકેત) અર્થાત્ 'જૈન' પદથી 'શાક્યો=બૌદ્ધો અને आर्हतैः= નગ્નક્ષપણક=જૈન (દિગમ્બર) સાધુ' એવા અર્થો લેવાના છે, આ 'જૈન' શબ્દનો 'બૌદ્ધો' એવો અર્થ કરવા બાબતે પ્રોફે. પી. વી. કાણે પણ લખે છે કે जैनैः आर्हतैः-We must understand the Bauddhas by जैनैः, as आर्हतैः follows. जिन and अर्हत् are epithets that are applied to the founders of both Jainism and Buddhism by their followers. But in the usage of Brahmanical writers आर्हत stands for the system of महावीर (as in आर्हतदर्शन in the सर्व दर्शनसंग्रह. So जैनैः is equal to बौद्धैः : Compare न जिनस्येवार्थवादशून्यानि below. (p. 263)

पाशुपतैः—પશુપતિ=શંકર. માટે શંકરના ઉપાસકો માહેશ્વર સમ્પ્રદાયના અનુયાયીઓ. આ મત મુજબ શંકર તે पाशुनां पतिः । પશુઓ=જીવાત્માઓના પતિ છે. આવા શિવ જ સમગ્ર બ્રહ્માંડના નિમિત્તકારણ છે.

પારાશરિન્—પરાશર મુનિએ 'ભિક્ષુસૂત્રો'ની રચના કરી હતી; તે પંથના અનુયાયીને 'પારાશરી' કહે છેઃ पाराशर्यशिलालिभ्यां भिक्षुनटसूत्रयोः । पा. सू. ટીકાકાર શંકર કહે છે : पाराशरेण प्रोक्तम् (=भिक्षुसूत्रम्) अधीयते पाराशरिणो यतयः, तैः । સંકેત.

* જીવાનન્દની આવૃતિમાં પણ आस्थानं પાઠ સ્વીકાર્યો છે.

वार्णिभिः–વર્ણિન્=બ્રહ્મચારી. અહીં वर्णाद् ब्रह्मचारिणि । पा. सू. 5-2-134 સૂત્રથી वर्ण શબ્દને તદ્ધિતનો इन् પ્રત્યય લાગ્યો છે.

सर्वदेशजन्मभिः जनपदैः–'સર્વસાધારણ જનતા' એવો અર્થ શ્રી અગ્રવાલે આપ્યો છે. सर्वदेशान्तरागतैः दूतमण्डलैः उपास्यमानम्–બધા જ દેશદેશાન્તરમાંથી 'હર્ષ'ના દરબારમાં દૂતમંડળો આવ્યા હતા. ઈતિહાસ કહે છે કે ભારતીય રાજદરબારોમાં પ્રાચીન સમયમાં પર્શીઆ, ગ્રીસ, રોમ વગેરેના દૂતો ambassadors મોકલવામાં આવતા હતા. અજન્ટાની ગુફામાં પણ પર્શીયન રાજદૂતોનું પ્રતિનિધિમંડળ દોરવામાં આવ્યું છે.

બાણભટ્ટ હર્ષના રાજદ્વારની શોભા, મહિમા અને અનેકવિધ સમૃદ્ધિને વિગતે વર્ણવ્યા પછીય વર્ણનની ઊણપને ઢાંકવા (કે છતી કરવા !) એક અતિશયોક્તિ કરી છે : महाभारतशतैरपि अकथनीय-समृद्धिसंभारम् । 'સેંકડો મહાભારતોથી પણ ન વર્ણવી શકાય એવા સમૃદ્ધિના ઢગલાઓ જેવું રાજદ્વાર.....'

कोटि=સો લાખ=૧ કરોડ, આવી દશકોટિ (=૧૦ કરોડ) ભેગા મળે ત્યારે એક 'અર્બુદ' થાય છે. લાખથી પરાર્ધ સુધીની સંખ્યાની ગણતરી દર્શાવતો શ્લોક આ પ્રમાણે છેઃ–

लक्षं च नियुतं चैव कोटिरर्बुदमेव च ।
वृन्दः खर्वो निखर्वश्च शङ्खपद्मौ च सागरः ।
अन्त्यं मध्यं परार्धं च दशवृद्ध्या यथाक्रमम् ॥

મેખલક બાણને રાજદ્વારે ઊભો રાખીને અંદર પ્રવેશ્યો, અને પછી એક મુહૂર્ત (=૨૪ મીનીટ) પછી 'પારિયાત્રા' દૌવારિકને લઈને પાછો ફરે છે.

प्राशूना–ઊંચા (પુરુષ)થી; અહીંથી શરૂ થતાં બધાં જ તૃતીયાન્ત પદો पुरुषेणનાં વિશેષણો છેઃ ईदशपुरुषेण अनुगम्यमानो निर्गत्य अवोचद् इति अन्वयः । वीध्रम्–निर्मल बन्धुरम्–સુન્દર, वस्तं सुवर्णपट्टिकाकटिसूत्रम् । तस्य बन्धेन निवशनेन कृशम् अवलग्नं मध्यं यस्य तेन । (સંકેત). हृषीकाणि–ઇન્દ્રિયો प्रश्रयम्–વિનય, નમ્રતા, अवनम्रेण मौलिना–નીચા નમેલા મસ્તકથી, उष्णीषम्-પાઘડી छुरणम्–જડેલ त्सरु–હાથો, મૂઠ ताडिनी–વિજળી शातकुम्भम्–સોનું, उन्मृष्टाम् उत्तंसिताम् । अनेन भास्वरता एव पोष्यते । (સંકેત)=ચળકતી, अनन्तरं–મુખ્ય, પ્રધાન चक्षुष्यः– પ્રિય कृतप्रसादो देवः । देवे=હર્ષે તમારી ઉપર 'પ્રસાદ' કર્યો છે. શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે–

અહીં **प्रसाद** શબ્દ પારિભાષિક છે. તેનો અર્થ એ કે સમ્રાટ્‌ની પોતાની ઇચ્છા કે પ્રસન્નતા અનુસાર પ્રાપ્ત થનારું સન્માન. કાલિદાસે લખ્યું છે કે જે લોકોને સમ્રાટ્‌નો પ્રસાદ પ્રાપ્ત થતો હતો. તે જ તેમનાં ચરણો સુધી પહોંચી શકતા હતા. (सम्राजश्चरणयुगं प्रसादलभ्यम्) બાકીના બીજા લોકોએ દરબારમાં દૂરથી જ સમ્રાટ્‌નાં દર્શન કરવાના રહેતા. (પૃ. ૩૭).

2.5

अथ वनायुजैः ...... 'पश्यतु तावद्वारणेन्द्रम्' इति । गत्वा च तं प्रदेशं ....दर्पशातम् अपश्यत् ॥

આ ગદ્યખંડમાં–(૧) રાજા હર્ષના સ્કન્ધાવારમાં અંદર પ્રવેશેલો બાણ પહેલાં વિવિધ ઘોડાઓ ભરેલી મન્દુરા (અશ્વશાળા)ને જુવે છે. અને (૨) ત્યાર પછી ઈભધિષ્ણ્યાગાર=હાથીખાનામાં રાજા હર્ષના વ્યક્તિગત **દર્પશાત નામના ગજશ્રેષ્ઠને જુવે છે તેનું વિગતે** ભવ્યતાપૂર્ણ વર્ણન રજૂ કરવામાં આવ્યું છે.

આ ગદ્યખંડનું પહેલું મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : अथ (वनायुजैः....शोणैश्च..) एवंविधैः तुरङ्गैः आरचितां मन्दुरां (=अश्वशालां) विलोकयन् दूराद इभ—धिष्ण्यागारम् अपश्यद् इति सम्बन्धः (=अन्वयः) । સંકેત. "હવે (વિવિધ દેશોમાં જન્મેલા અને વિવિધ રંગના) ઘોડાઓથી ભરેલી/રચેલી/ભૂષિત થયેલી અશ્વશાળાને જોતાં જોતાં (બાણે) દૂરથી જ એક મોટા હાથીખાનાને જોયું." ટીકાકાર શંકર જણાવે છે કે वनायुजैः...पारसीकैश्च । સુધીમાં જુદા જુદા દેશોના ઘોડાઓનો ઉલ્લેખ છે અને शौणैश्च થી तित्तिरिकस्माषैश्च । સુધીમાં જુદા જુદા રંગના ઘોડાઓનો ઉલ્લેખ છે. (वनायुजादीनि देशविशेषेणाश्वानां नामानि । शौणैरित्यादिवर्णविशेषवर्णनम् ॥)

શ્રી વાસુદેવશરણ અગ્રવાલે બાણે આપેલા આ ઘોડાના દેશોની ઓળખ વગેરે કરાવતાં લખ્યું છે કે– હાથીઓ ઉપરાંત ઘોડાઓ પણ રાજા હર્ષવર્ધનના સ્કન્ધાવારનું એક વિશેષ અંગ હતું. બાંસખેડામાંથી મળી આવેલા તામ્રપટ્ટ ઉપર 'हस्त्यश्व—विजय—स्कन्धावार' એવું પદ આવેલું છે. સ્કન્ધાવારમાં રાજકુળની બહાર સાધારણ ઘોડાઓનો પડાવ હતો. પરંતુ હર્ષના પોતાના ઘોડાઓની મન્દુરા (અશ્વશાળા) રાજદ્વારની અંદર હતી, જેનું એક વિશેષ ચિત્ર બાણે આલેખ્યું છે. આ ખાસ ઘોડાઓ ભૂપાલવલ્લભતુંરંગ, રાજવલ્લભ અથવા કેવળ વલ્લભ કહેવાતા હતા. હર્ષની મન્દુરામાં રાજવલ્લભતુરંગ અનેક દેશોમાંથી લાવવામાં આવ્યા હતા. જેમકે, તે વનાયુ', (વાનાઘાટી, વજીરિસ્તાન) આરટ્ટ (વાહીક અથવા પંજાબ), કમ્બોજ (મધ્ય એશિયામાં વંક્ષુ નદીનો પામીર પ્રદેશ), ભારદ્વાજ (ઉત્તરી ગઢવાલ, જ્યાંના 'ટાંઘન' ઘોડા પ્રસિદ્ધ છે) સિન્ધુદેશ (સિંધસાગર અથવા થલ દોઆબ) અને પારસીક (સાસાની ઈરાન) –આટલા ઉત્તમ ઘોડાઓની તે સમયે આયાત થતી હતી. રંગોની દૃષ્ટિએ રાજકીય ઘોડાશાળામાં શોણ (લાલકુમ્મૈત), શ્યામ (મુશ્કી), શ્વેત (સબ્જા), પિંજર (સમન્દ) [पिंजर=ईषत्कपिल । શંકરના મતે, અંગ્રેજીમાં તેને Bay કહે છે.], હરિત (નીલાસબ્જા) (હરિત=શુકનિભ–શંકર મુજબ, અંગ્રેજીમાં chestnut) અને તિત્તિરકલ્માષ (તીતરપંખી) (અંગ્રેજીમાં Dappled) આટલાં ઘોડાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (પૃ. ૪૧-૪૨)

શ્રી વાસુદેવશરણ અગ્રવાલે આ ઘોડાઓના સન્દર્ભમાં એક વિશેષ વાત પણ પાદટીપમાં લખી છે, જે અહીં નોંધપાત્ર છેઃ બાણથી લગભગ ૧૦૦ વર્ષ પછી ઘોડાઓનો વ્યાપાર અરબસ્તાનના સોદાગરોના હાથમાં જતો રહ્યો. રંગોના સંસ્કૃત નામોની જગ્યાએ ફારસી મિશ્રિત અરબી નામો; જેવા કે-વોલ્લાહ, સેરાહ, કોકાહ, ખોગાહ વગેરે ભારતીય બજારોમાં વપરાવા લાગ્યા. હરિભદ્રસૂરિ (૭૦૦–૭૭૦)કૃત સમરાઇચ્ચકહામાં 'વોલ્લાહ' કિશોરક પદમાં સૌથી પહેલાં 'વોલ્લાહ' એવા આ આરબી નામનો ઉલ્લેખ મળે છે. પછીથી તો સંસ્કૃત નામોનું પ્રચલન બિલકુલ બંધ થઈ ગયું. હેમચન્દ્ર 'અભિધાન ચિંતામણિ'માં ઘોડાઓના લગભગ ૨૦ અરબી નામોનું સંસ્કૃત શબ્દ માનીને તેની વ્યુત્પત્તિ આપે છે. કેવળ નકુલની 'અશ્વચિકિત્સા'માં (૪) જૂનાં સંસ્કૃત નામો ચાલુ રહ્યાં. (પૃ. ૪૨)

જુદા જુદા દેશોના અને રંગોના અશ્વોનો ઉલ્લેખ કર્યા પછી, બાણે पञ्चभद्रैः, मल्लिकाक्षैः कृत्तिकापिञ्जरैश्च જેવાં શુભ લક્ષણોવાળા ઘોડાઓનો પણ ઉલ્લેખ કર્યો છે. ટીકાકાર શંકરે આ ત્રણેય શબ્દોને સમજાવતાં લખ્યું છે કે–

(૧) स पञ्चभद्रनामकी नृपस्य राज्यसौख्यदः सिताश्च यस्य वाजिनः शफाः समस्तकं मुखम् ।

(૨) શુકલ ડોળામાં કાળી કીકીઓવાળી આંખો જેમની હોય તે 'મલ્લિકાક્ષ' ઘોડા કહેવાય છે. उक्तं च—

पृथुस्निग्धा समा चैव मल्लिकाकुसुमप्रभा ।
राजी यस्य पर्यन्ते परिक्षेप्ये तु लोचने ।
सह यो मल्लिकाक्षस्तु दृष्टिपर्यन्ततारके ॥

(૩) तारकाः कदम्बक—कल्पानेकबिन्दुकल्माषित त्वचः । कृत्तिकापिञ्जरा यतः ।

(સંકેત). અર્થાત્ જેની કોઈપણ રંગની ચામડી ઉપર સફેદ ટીપકીઓ હોય; જાણે સફેદ તારાઓ વીખરાયા હોય તેવું લાગે તે ઘોડો ઉત્તમ-શ્રેષ્ઠ જાતિનો ગણાય છે; અને ભાગ્યે જ મળે છે.

આ પછી आयतनिर्मांसमुखैः । વગેરે વિશેષણોથી જે વિભિન્ન પ્રકારના–શારીરિકચિહ્નો; ક્ષમતા; દેખાવ વગેરે વાળાં–ઘોડાઓ બાણે ઉલ્લેખ્યા છે, તે દરેકને ટીકાકાર શંકરે વિગતે સમજાવ્યા છે અને કોઈ અશ્વચિકિત્સાના ગ્રન્થમાંથી અનેક ઉદ્ધરણો પણ આપ્યાં છે. જિજ્ઞાસુએ તે સંકેત ટીકામાંથી અવગત કરવાં.

---

*૧. वनायुदेश्याः वाहाः । रघु॰ 5-73

૨. કમ્બોજ દેશને માટે કાલિદાસ લખે છે કે–सदश्वभूयिष्ठ॰ । रघु॰ 4-70

૩. पाश्चात्यैः अश्वसाधनैः । रघु॰ 4-60

૪. સંસ્કૃત રંગોના આ આધુનિક પર્યાયો શ્રીરામકૃષ્ણદાસજીએ આપ્યા છે.

अन्त्राणि–આંતરડા, द्रोणी=શોભાવિશેષ यदाह—पृष्ठोरः कटिपार्श्वस्थमांसोत्कर्षण निर्मिता । द्रोणिकेति प्रशंसन्ति शोभा वाजिनी पञ्चमी ॥ (સંકેત). अङ्घ्रि–પગ गण्डक–એક ઘરેણું, शबल–કાબરચિતરું कण्डु–ખણ, ચળ; सालस–આળસ સાથે; बालधिः–પૂંછડું खुरघरणी–खुराध; काष्ठपट्टाच्छादिता भूः (સંકેત) ઘોડો ઊભો રહે ત્યાં જમીન ઉપર જે લાકડાંના પાટીયાં મૂકવામાં આવે તેને ખુરઘરણી કહે છે; આની ઉપર ઘોડાઓની ખરીઓ પટકાયા કરે કે જેથી જમીન ખોદાય નહીં અને અમુક અવાજ આવ્યા કરે. चण्डाल=અશ્વપાલ प्रमृष्टि=પ્રમાર્જન; લેપન; नीराजना આરતિ, तुरङ्गैः=ઘોડાઓથી आरचितां=ભૂષિત થયેલી मन्दुरां–અશ્વશાળાને, विलोकयन्– જોતાં (જોતો)(બાણનું વિશેષણ, વર્તમાન કૃદન્ત) कुतूहलाक्षिप्तहृदयः '–કુતુહલથી જકડાઈ ગયેલા હૃદયવાળો' બાણ (બાણના વ્યક્તિત્વનું આ કેન્દ્રવર્તી લક્ષણ છે. તેને નવું નવું જોવા; જાણવા અને વર્ણવવાનો ભારે=દુર્નિવાર શોખ છે. તે કૌતુકની પાછળ સતત દોડ્યા કરે છે.)

બાણે હાથની જમણી બાજુએ મન્દૂરા જોઈ, અને हस्तवामेन–ડાબે હાથે ઈભધિષ્ણ્યાગાર = એક મોટું હાથીખાનું (=ગજશાળા) જોયું. (અહીં ટીકાકાર શંકરે એક સ્પષ્ટતા કરી છે : हस्तवामशब्दो भाष्यकृताः पतञ्जलिना वामहस्तमार्ग इत्यर्थे धृतः ।) इभ=હાથી; धिष्ण्यम्=મંડપ; औपबाह्यः–ક્રીડા હાથી, રાજા હર્ષવર્ધનનો જે હાથી છે તેનું "દર્પશાત" એવું યથાર્થ નામ છે. दर्पशात=One who destroys the pride (of other elephants) 'જે બીજા હાથીઓના દર્પનું ખંડન/શમન કરે છે તે દર્પશાત'–दर्पं शातयति इति ॥ પ્રોફે. કોવેલ અને થોમસે આ શબ્દનો અનુવાદ Keen (or perhaps attenuated and lacking) in pride આ પ્રમાણે કર્યો છે, તે ચિન્ત્ય છે.

वारणपतिः ગજપતિ, શ્રેષ્ઠ હાથી, દૌવારિકે આ રાજાનો 'દર્પશાત' નામનો હાથી છે એવી ઓળખાણ આપી, એટલે બાણે કહ્યું श्रूयते दर्पशातः । (મને) દર્પશાત વિષે સાંભળવા મળ્યું છે (પણ મેં એને હજી જોયો નથી). माम् अत्र प्रापयितुम् अर्हसि । મને તમે તેના સુધી પહોંચાડવા યોગ્ય છો.

अतिपरवान् अस्मि कुतूहलेन–હું કુતૂહલથી ખૂબ પરવશ છું. (બાણના વ્યક્તિત્વનું નોંધપાત્ર લક્ષણ).

હવે આ ગદ્યખંડનું બીજું મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : गत्वा च तं प्रदेशं, दूराद् एव....क्रियमाणाकालकोलाहलम्....दर्पशातमपश्यत् ॥ બાણે તે અશ્વશાળાના મંડપમાં પ્રદેશમાં જઈને, દૂરથી જ દર્પશાતને જોયો. અહીં બીજી વિભક્તિમાં આવેલા તમામ પદો 'દર્પશાત'નાં વિશેષણો છે. આમ બાણભટ્ટે અહીં રાજા હર્ષના દર્પશાત–હાથીનું વર્ણન રજૂ કર્યુ છે– ટીકાકાર શંકરે આ ગદ્યખંડ ઉપર ટીકા લખતાં એવો 'સંકેત' કર્યો છે કે–चलन्तमित्यादि दर्पाधिकरणसमुचितक्रियाप्रतिपादनसाभिप्रायं

व्याख्येयम् । શ્રી વાસુદેવશરણ અગ્રવાલને પણ એવું લાગ્યું છે કે કવિ બાણભટ્ટે આ 'દર્પશાત' હાથીના વર્ણન નિમિત્તે રાજા હષવર્ધનનું જ વર્ણન કર્યું છે. (કવિએ પોતે જ શરૂઆતમાં જ કહ્યું છે કે આ હાથી એ હર્ષનું બાહ્ય હૃદય, બીજી જાતિમાં અવતરેલો આત્મા જ છે.) જેમકે, The description of the elephant Darpasata by Bana in the second ucchvasa of his Harsacarita is organised deliberately to give the reader an intimate picture of the royal fort and the palace architecture on the one hand and on the other of king Harsa. his personality. traits of character, daily life and policy of war and peace. Dr. V. S. Agrawal.

❋

અગાઉ જણાવ્યું છે તેમ "गम्भीरगलगर्जितैः.....क्रियमाणाकालकोलाहलम्" (दर्पशातम्) अपश्यत् । ઈત્યાદિ દ્વિતીયા વિભક્તિવાળાં ઉપવાક્યો દર્પશાત (વિશેષ્ય)નાં વિશેષણો છે. તથા અનુવાદમાં ખંડાન્વય પદ્ધતિ અનુસાર તે દરેકને સ્વતંત્ર વાક્ય રૂપે મૂક્યાં છે.

गम्भीरगलगर्जितैः–દર્પશાત હાથીના ગળામાંથી નીકળતી ગંભીર ગર્જનાઓ (गर्जितम्=बृंहितम्)થી, વાદળોના ગડગડાટની ભ્રાન્તિ ઊભી થતી હતી. પરિણામે આકાશમાં ચાતક પક્ષીઓના कदम्ब=સમૂહો; અને ઘરમાં પાળેલા મોર–નીલકંઠ (ઘાટાં ભૂરા રંગના ગળાવાળા)ના કલકલ અવાજ અને ટહુકારથી તે હાથીખાનું ગાજી ઊઠ્યું હતું. તેમાં અકાળે (વર્ષાઋતુ આવી હોય તેમ) કોલાહલ મચી ગયો હતો.

विकच–ખીલેલાં, વિકસેલા, मदसुरा–મદ રૂપી સુરા=મદિરા, पद्मजालकिताम् सरसीम्–કમળોના સમૂહથી ભરેલા મોટા સરોવર જેવી (महत्सरः सरसी), अत्यवगाढम्–પરિણત થયેલી, चतुर्थीम् दशाम्–ચોથી દશા=ચાળીસ વર્ષની ઉંમરને उत्सृजन्तम्–છોડતા=એકતાળીસમા વર્ષમાં પ્રવેશ કરતા.

अवतंस–ઘરેણું, શોભા शङ्खैः='શંખોના અવાજથી' (સંકેત). पञ्चमी='પાંચમી' અવસ્થા(સંકેત), Führer તથા શ્રી જગન્નાથ પાઠકે સંપાદિત કરેલી 'સંકેત'ટીકામાં "पञ्चमी दशा त्रिपदी । एकपदोत्क्षेपे पादत्रयावस्थितिः ।" એવી રીતે શબ્દની પાછળ પૂર્ણવિરામ રૂપે દંડ મૂકવામાં આવ્યો છે. પરંતુ તે ઉચિત જણાતો નથી. पञ्चमी दशा । પછી જ દંડ મૂકાવો જોઈએ. આમ पञ्चमीનો અર્થ 'પાંચમી' દશા/અવસ્થા એમ સૂચવીને ટીકાકાર શંકર त्रिपदौ શબ્દનો અર્થ આપે છે : જેમકે, હાથી પોતાના ચાર પગમાંથી એક પગ ઊંચા કરીને બાકીના ત્રણ પગ ઉપર ભાર આપીને ક્યારેક ઊભો રહેતો હતો. કવિએ આ સ્થિતિ જોઈને ઉત્પ્રેક્ષા કરી કે પોતાના ભારથી ક્યાંક પૃથિવી તૂટી ના પડે એમ વિચારીને તે એક પગ ઊંચો કરી લેતો હતો (=त्रिपदी) અને એ રીતે પોતાના ભારને भारम् इव लघयन्तम् । लघु–ઓછો કરી રહ્યો હતો !

कण्डूयमानम्–જાણે કે ખંજવાળતો હતો. आह्वय=संग्रामाय–યુદ્ધ કરવા માટે उदस्तहस्ततया–ઊંચા કરેલા હાથથી दिग्वारणान्–દિશાઓના હાથીઓને आह्वयमानम्–જાણે બોલાવતો, પડકાર ફેંકતો હતો. ब्रह्मस्तम्भम्–બ્રહ્માંડ, (स्थूल–निशित–दन्तेन મોટા, (જાડા) તીક્ષ્ણ (અણીદાર) દાંત રૂપી करपत्रं–क्रकचं–કરવતથી तेन–તેનાથી पाटयन्तम्–વહેરતો (કાપતો) હતો. अमान्तम्=अवर्तमानम् ન માતો હોય તેમ, ईहमानम्–ઇચ્છતો હતો.

सरसकिसलय....वनैरिव....विक्षिप्तसशैवल...रानन्दम् । આ વાક્યમાં वनैः इवને બદલે धनैः इव એવું પાઠાન્તર પણ મળે છે. તે મુજબ Prof. E. B. Cowell and Shri F. W. Thomas આવો અનુવાદ કરે છે : While his drivers tried to show him every service which could alleviate the hot season, some (read लेशिकैः) like clouds with long accumulated stores, hurrying up with fresh juicy shoots and creepers, others like lakes whose waters are variegated with heaps of Vallisneria plants and lotus fibres scattered on them (p. 52). પરંતુ પ્રોફે. પી. વી. કાણે મહાશય જણાવે છે કે–If we read धनैः, the words चिर....चितैः can not be well-explained; clouds also cause creepers to dance when they pour water over them. આથી પ્રસ્તુત આવૃત્તિમાં वनैरिव પાઠને સ્વીકાર્યો છે.

लेशिकैः–હાથીના પરિચારકો (હિન્દીમાં–घसियारे) लेशिकैः=धासिकैः–(संकेत). (=ઘાસ નીરનાર, નવડાવનાર વગેરે). आधोरणैः गजारोहैः હાથી ઉપર ચઢનાર મહાવત बिस–विसर કમળડાંડલાના સમૂહથી शबलसलिलैः ડહોળાયેલા પાણીથી निदाघसमय–ઉનાળાનો સમય हस्तार्गलदण्डेन–હાથ=સૂંઢ રૂપી આગળો દેવાના દંડથી, ककुभां चक्रवालम्–દિશાઓના સમૂહને.

विसर्पन्त्या च......चात्मनः कलन्तम्' (दर्पशातम्) अपश्यत् । એ ઉપવાક્યમાં કવિ બાણભટ્ટે એક જ કરણકારકથી અનેક ઉત્પ્રેક્ષાની પરંપરા સર્જી છે તેનું ઉદાહરણ આવે છે. (અગાઉના વાક્યોમાં એક કારકથી એક ઊત્પ્રેક્ષા જ રજૂ કરવામાં આવતી હતી. અહીં બાણની રચનાનું એક વિશેષ નાવીન્ય જોવા મળે છે.) જેમકે,

दन्तकाण्डगलस्य विसर्पयु कान्त्या–બે દન્તશૂળોની પ્રસરતી કાન્તિથી (તૃતીયાન્ત પદ); જાણે કે (૧)....वमन्तम् (૨)....अर्पयन्तम् (અહીં दिशाम् પદની ષષ્ઠી ચતુર્થીના અર્થમાં લેવાની છે.) (૩)....उपहसन्तम् (૪)....कलयन्तम् । આમ એક જ કારકથી કવિએ ચાર ઉત્પ્રેક્ષાઓ કરી છે. છેલ્લી (ચોથી) ઉત્પ્રેક્ષા તો બાણની ઉત્તમ ગણાય એવી ઉત્પ્રેક્ષાઓમાં મૂકવી પડે તેવી છેઃ कल्पद्रुमदुकूलमुखपटमिव चात्मनः कलयन्तम् । બે દન્તશૂળની પ્રસરતી કાન્તિથી, તે જાણે કે કલ્પવૃક્ષમાંથી

મેળવેલા રેશમી વસ્ત્રનો મુખપટ=(મોં લૂંછવાનો) રૂમાલ બનાવતો હતો !–આના અનુસન્ધાનમાં શ્રી વાસુદેવશરણ અગ્રવાલ જણાવે છે કે હાથીને પાણી પીવડાવતી વખતે મુખ (સૂંઢ) ઉપર કપડાનું ગરણું/પડદો બાંધવામાં આવતો હતો. આનો ઉલ્લેખ બાણ અને કાલિદાસ બન્નેએ કર્યો છે. જેમકે, दुकूलमुखपट्ट (ट)–बाण અને कुर्वन् कामं क्षणमुखपटप्रीतिमैरावतस्य । મેઘ૦ (૧-૬૨) 'હે મેઘ ! ઐરાવત જ્યારે પાણી પીવે ત્યારે તું તેના મુખ ઉપર પટની જેમ ફેલાઈ જજે.' (પૃ. ૪૧).

લાલ કમળોના ભોજન પછી મુખવાસ=પાન–મસાલા રૂપે દર્પશાત चूत=આમ્રવૃક્ષ, ચમ્પક, લવલી, લવીંગ, કક્કોલ, ઈલાયચી, સહકાર અને કપૂરથી ભરેલાં પારિજાતક વનોનો ઉપભોગ કરતો હતો ! બાણના સમયમાં જે સુગન્ધીદાર પદાર્થો વપરાતા હતા તેનો આ યાદીથી પરિચય મળે છે. करटाभ्याम् गण्डाभ्याम्–બે ગંડસ્થલ વડે (લમણાનો ભાગ, કપાળના છેડાનો ભાગ). अहर्निशं विभ्रमकृतहस्तस्थितिभि:.... करिपतीनाम् ॥–આ વાક્ય ખૂબ મહત્ત્વનું છે. આ વાક્યમાં રાજા હર્ષવર્ધનના કલાત્મક હસ્તાક્ષરોનો વ્યંજનોથી નિર્દેશ કરવામાં આવ્યો છે. એવું ટીકાકાર શંકર સૂચવે છે. (અને શ્રી વાસુદેવશરણ અગ્રવાલ પણ તેવું જ માને છે). સંકેતમાં લખ્યું છે કે–

अर्धेत्यादिनेक्षुकाण्डकस्य **लेखनीसादृश्यमाह** । लिखितैः कृतलैखैरप्यलिकुलेषु सत्सु वाचालितशब्दयोगो येषामित्यनेन अलिकुलस्य **लिप्यक्षररूपतां** ध्वनयति । लिप्यक्षरेषु च सत्सु पाठ्यमानेषु वांचालता । दानपट्टकलिखितैः किंचिद्विलभ्यते । अरपाटिकैश्च तैषां हस्तस्थितिः न क्रियते । तानि च वाच्यन्ते । यद्वा स्वहस्त **स्तेनाक्षरकरणं** हस्तस्थितिः ॥

શ્રી વાસુદેવશરણ અગ્રવાલ નોંધે છે કે–દર્પશાતના વર્ણન પ્રસંગે બાણે રાજકીય દાનપટ્ટના વિષયમાં કેટલીક રોચક વાતો કહી છે. દાનપટ્ટોના અક્ષર કોતરવામાં (कण्डूयनलिखित) આવતા હતા. તેની ઉપર સમ્રાટ્‌ના હસ્તાક્ષર સજાવટપૂર્વક=કલાત્મક રીતે બનાવવામાં આવતા હતા. (विभ्रम–कृतहस्तस्थिति) (ચિત્ર-૨૧). (પ્રસ્તુત પુસ્તકની પ્રસ્તાવનામાં આ ચિત્ર છે.) અને અંતે તે દાન લેનારને વાંચી સંભળાવવામાં આવતા હતા (अलिकुलवाचालितैः).

(પાદટીપ)–हस्तस्थितिः=स्वहस्तेन अक्षरकरणं પોતાના હાથના દસ્તખત કરવા (શંકર). હર્ષના બાંસખેડામાંથી મળેલા તામ્રપટ્ટ ઉપર સૌથી છેલ્લી પંક્તિમાં "स्वहस्तो मम महाराधिराज श्रीहर्षस्य ।" એવું કોતરવામાં આવ્યું છે. તેના અક્ષરોની આકૃતિ વિભ્રમ=શોભનીય રીતે (કલાત્મક રીતે) કલમનાં પીંછાં ફેલાવીને કોતરવામાં આવતા હતા. (પૃ. ૪૧).

આ વાક્યમાંનું करिपतीनाम् એવું षष्ठ्यन्त પદ થોડુંક ચર્ચાસ્પદ છે. દર્પશાત હાથીના–પ્રસ્તુત વર્ણનના–અનુસન્ધાનમાં विलभमानम् પદને સાથે રાખીને અર્થ

કરીએ તો "ગજપતિઓના (षष्ठी) બધાં જ વનોને તે (હાથી) મેળવતો હતો." પરંતુ જ્યારે ધ્વનિથી તે વાક્ય હર્ષરાજાને લાગુ પાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે તેને ચતુર્થીના અર્થમાં સમજવું પડે એમ છે. એ મુજબ "હાથીઓના સ્વામીઓને (ચતુર્થી) બધાં જ કાનનોનું દાન કરતો હતો."

શ્રી કોવેલ અને થોમસ પણ લખે છે કે–

"He seemed to be busy. night and day, bestowing all the woods on the other elephants by royal inscriptions of donation.."(p. 53).

તેમણે પાદટીપમાં લખ્યું છે કે–

This sentence is very obscure. 'આ વાક્ય ઘણું ક્લિષ્ટ છે.'

પરંતુ આ વાક્યમાં (હર્ષના) કલાત્મક હસ્તાક્ષરોનો નિર્દેશ છે એવું ટીકાકાર શંકરે જે સુચવ્યું છે, તે ધ્યાનમાં લેતાં ક્લિષ્ટતામાંથી કોઈ માર્ગ કાઢવાનું પ્રાપ્ત થાય છે. અસ્તુ,

❋

पुण्ड्रेक्षु–એક ઊંચી જાતની શેરડી, कण्डूयनलिखितैः–ખંજવાળવાથી/કોતરીને લખવામાં આવેલી. विभ्रम–नक्षत्रमाला–સુંદર 'नक्षत्रमाला' (નામનું હાથીનું આભૂષણ). कर्णतालवृन्ताभ्यां (કરણ તૃતીયા), भर्तृभक्त्या (હેતુ તૃતીયા) दन्तपर्यङ्किकास्थितां राजलक्ष्मीम् वीजयन्तम् इव ॥ (એક સુન્દર ઉત્પ્રેક્ષાનું ઉદાહરણ), 'કાનના ફલકો રૂપી બે તાલવૃન્તોથી ભર્તા–રાજા હર્ષ–તરફની ભક્તિને કારણે, જાણે કે દન્તશૂળો રૂપી (હાથીદાંતમાંથી બનાવેલા) પલંગમાં બિરાજમાન રાજલક્ષ્મીને પવન ઢોળતો હતો.' पर्यङ्किका च दन्तमयः पर्यङ्कः आस्ते इति श्लेषः । (સંકેત).

आयतवंशक्रमागतेन०—પહોળા પૂંઠના ભાગમાં ઉગેલા वंशं पृष्ठनाभिः, कुलं च। क्रमः आनुपूर्वी, पारम्पर्यं च ॥ (સંકેત). वालधिः=પૂંછડું. आरोह–મહાવત अङ्गुली—करिकराग्रावयवः, करशाखा च । સૂંઢનો તદ્દન આગળનો ભાગ. कवलान्— કોળીયા अर्धजग्ध–અર્ધા ખાધેલા.

स्निग्धं नखेषु परुषं रोमविषये...वह्निवर्षं क्रोधमोक्षेषु । સુધીનાં વાક્યોમાં વિરોધાલંકાર છે. આ વિરોધ કેવળ શબ્દમૂલક છે. જેમકે, જે સ્નિગ્ધ હોય તે પરુષ કેવી રીતે હોય ? પણ તે બન્નેનાં આધારસ્થાનો–અધિકરણો–જુદાં છે એમ જોતાં/જાણતાં વિરોધ શમી જાય છે.

गरुडं नागोद्धृतिषु...થી अलातचक्रं मण्डलभ्रान्ति—विज्ञानेषु। સુધીનાં વાક્યોમાં શ્લેષમૂલક ઉપમા છે. नाग=સર્પ અને હાથી, कलह–ઝઘડો અને યુદ્ધ/રણ, अशनि–વજ્ર અને વીજળી, वाहिनी–નદી અને સેના, दशनकर्म–દંશ/ડંસ મારવાની ક્રિયા અને દન્તશૂળનો વ્યાપાર. हस्त–હાથ અને સૂંઢ वागुरा–જળ, अराति–શત્રુ, काल–સમય અને યમરાજ कर–કર (tax) અને तीक्ष्णकर=સૂર્ય लोहिताङ्ग–મંગળગ્રહ (=અંગારક) અને લાલ શરીરવાળો, भ्रान्ति–ભ્રમ (આભાસ) અને ભ્રમણ (ફરવું).

प्रतिमा दन्तकोशः, देवताकृतिश्च । (સંકેત). संचारिगिरिदुर्गम्–ફરતા પર્વત જેવો दुर्ग=કિલ્લો दुःखेन गम्यते यत्र सः दुर्गः । કૌટિલ્યે પણ કહ્યું છે કે हस्तिनो हि जङ्गमं दुर्गम् । शिलीमुख–ભ્રમર, नन्दन-ઇન્દ્રનું ઉપવન प्रावृट्काल–વર્ષાઋતુ, प्लव–પૂર (flood), निहार–ઝાકળ.

2.6

आसीच्चास्य चेतसि...इति अभिदीयमानः....उपदिश्यमानवर्त्मा (=बाणः)... भुक्तास्थानमण्डपस्य पुरस्ताद् अजिरे स्थितम्...परिवृत्तम्... समुपविष्टम्...चक्रवर्तिनं हर्षम् अद्राक्षीत् ॥

આ ગદ્યખંડમાં–(૧) 'દર્પશાત હાથીને જોઈ રહેલા બાણને પારિયાત્ર નામનો દૌવારિક રાજા હર્ષને જોવા–મળવા માટે આગળ લઈ જાય છે એનું આરંભે કથન છે. ત્યાર પછી (૨) "દૌવારિક વડે લઈ જવાતો બાણ આવા...આવા.... હર્ષને જુવે છે." એનું વિધાન છે. અહીં (बाणः) हर्षम् अद्राक्षीत् । એ મુખ્ય વાક્યાન્વિતિ છે. તેમાં દ્વિતીયા વિભક્તિમાં આવેલાં તમામ પદો 'હર્ષ'નાં વિશેષણો છે; અને તે દરેક દ્વિતીયાન્ત વિશેષણ પદસમૂહને સ્વતંત્ર વાક્ય રૂપે અનુવાદમાં મૂકેલ છે.

અહીં જે હર્ષને બાણે પહેલી દૃષ્ટિએ જોયા તેમનું ખૂબ વિગતોથી ભરેલું, વિસ્તૃત વર્ણન છે. જેમાં (૧) રાજા હર્ષની ચોપાસ ઉપસ્થિત અંગરક્ષકો, ઇષ્ટજનો; (૨) હર્ષનું આસન, બેસવાનો ઢંગ, પ્રભાવ, (ઉત્પ્રેક્ષાની મદદથી) ઉપસ્થિતિ (appearance); (૩) તેમના શરીરનું, શરીરનાં–વિવિધ અંગો–જેવાં કે, ચરણ, નખ, ઊરુદંડ, અધરોષ્ઠાદિ; (૪) શરીર ઉપરના અલંકારો; (૫) ચારે બાજુએ ઊભેલી વિવિધ વારવિલાસિનીઓ (૬) ગુણૈશ્વર્યની સમ્પત્તિ અને અન્તે (૭) શન્તનુ ભીષ્મ, દ્રોણ, યુધિષ્ઠિરાદિની તુલનામાં હર્ષનું ચઢિયાતાપણું વગેરેને વર્ણવ્યાં છે.

❋

દર્પશાતને જોઈને બાણ આશ્ચર્યથી ચકિત થઈ જાય છે અને વિચારવા લાગે છે કે આ દર્પશાતનું નિર્માણ કરવા માટે બ્રહ્માએ પર્વતોને પરમાણુઓ (ग्राहिताः=प्रापिताः) –બનાવી દીધા હશે. अन्यथा=નહીં તો, कुतः इदम् गौरवम्—ક્યાંથી આવું કદાવર–ગંજાવર શરીર હોઈ શકે ? ! બાણ કહે છે : आश्चर्यमेतत् । विन्ध्यस्य दन्तौ, आदिवराहस्य करः।– "(જાણે) વિન્ધ્યપર્વતને બે દાંત ફુટ્યા હોય અને આદિવરાહને સૂંઢ હોય તેવો આ દર્પશાત છે." It is indeed a marvel. — a Vindhya with tusks, the primeval Boar with a trunk !"—(Cowell & Thomas).

દૌવારિક શાર્દૂલવિક્રીડિત છંદમાં એક શ્લોક બોલીને દર્પશાતનો મહિમા ગાય છે : मिथ्यैवालिखतां.....आशागजेन्द्रानपि ॥ અન્વયઃ निःशेषनष्टां श्रियं मनोरथशतैः मिथ्या एव आलिखतां, चिन्ता–साधनकल्पना(याम्)–आकुलधियां, वने (पलायितानाम्),

शुन्यीभवच्चेतसाम्, विद्विषाम् (विशेष्य) स्मृतिपथं कथम् अपि आयातः अयं नागेन्द्रः भूयः (अपि), मानसगतान् आशागजेन्द्रान् न सहते ॥ [અહીં 'मिथ्यैवालिखितां' એવું પાઠાન્તર પણ મળે છે. પરંતુ Cowell લખે છે કે–The Kashmir edition rightly reads alikhatam. પ્રોફે. કાણેને પણ કહેવું પડ્યું છે કે– Read लिखताम् for लिखिताम् ।...आलिखताम् (adj. of विद्विषाम्).]

(अयं) नागेन्द्रः (दर्पशातः) मानसगतान् आशागजेन्द्रान् अपि न सहते । ''આ ગજશ્રેષ્ઠ (દર્પશાત હાથી) પરાજિત શત્રુ રાજાઓના મનમાં રહેલા આશા રૂપી ગજરાજોને પણ સહી શકતો નથી.'' ટીકાકાર શંકર લખે છે : मानस मनः सरोभेदोऽपि । आशाः दिशः, अभिलाषोऽपि । આમ અહીં શ્લેષવાળી રચના છે. તેથી ઉપર્યુક્ત પંક્તિનો એક બીજો અર્થ પણ કરવો પડશે. જેમકે, (આ નરેન્દ્ર હર્ષ, અથવા) નાગેન્દ્ર (દર્પશાત) માનસ સરોવરમાં પહોંચી ગયેલા દિગ્ગજોને પણ સહી શકતો નથી.

પારિયાત્ર નામનો દૌવારિક બાણને કહે છે કે– पुनरपि एनं द्रक्ष्यसि । पश्य तावद् देवम् ॥ 'આ દર્પશાતને તો તમે (બાણ) ફરી પણ જોશો (જોઈ શકશો); અત્યારે તો પહેલા દેવ–હર્ષ–ને જોવા આગળ વધો.' પરંતુ અગાઉ જણાવ્યું છે તેમ બાણનું હૃદય હંમેશા કૌતુકથી ઘેરાયેલું જ રહેતું. તેથી તેને–દર્પશાતને છોડીને, આગળ વધતાં કષ્ટ પડ્યું ! કવિ કહે છે : कथमपि तस्माद् दृष्टिम् आकृष्य– 'મહામુશ્કેલીએ તે દર્પશાત તરફથી દૃષ્ટિને પાછી ખેંચીને દૌવારિક દ્વારા બતાવાતા માર્ગે તે (બાણ) આગળ વધ્યો.'

રાજા હર્ષનો જે સ્કન્ધાવાર–રાજકુલ–(જુઓ નકશો અભ્યાસનોંધ પૃ. ૩૫૫) હતો, તેમાંના પહેલા ત્રણ કક્ષમાં તો હજારો ભૂપાલોનું જ રોકાણ હતું; તે ત્રણેય કક્ષોને ઓળંગીને–चतुर्थे भुक्तास्थानमण्डपस्य पुरस्ताद् अजिरे स्थितम् (हर्षम् अद्राक्षीत्) ॥''ચોથા ભુક્તાસ્થાન મંડપની આગળના આંગણામાં બેઠેલા શ્રીહર્ષને બાણે જોયા.'' भुक्तास्थानमण्डप ને સમજાવતાં ટીકાકાર શંકર લખે છે કે– भुक्ते सति आस्थानं लोकदर्शनम्, तदर्थं मण्डपस्तस्य ॥ શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે–વસ્તુતઃ ભુક્તાસ્થાનમંડપ અર્થાત્ 'દીવાને ખાસ'માં તે જ લોકો સમ્રાટ્ને મળી શકતા હતા કે જેઓ રાજાના વિશેષ કૃપાભાજન થયા હતા. 'કાદમ્બરી'માં રાજા શૂદ્રકનું વર્ણન કરતી વખતે પણ બે આસ્થાનમંડપોનો ઉલ્લેખ છે. એક બહારનો, જ્યાં 'આમ દરબાર'માં ચાંડાલકન્યા વૈશંપાયનને લઈને આવી હતી. સભાનું વિસર્જન કર્યા પછી સ્નાન–ભોજનથી પરવારીને, કેટલાક પસંદગીના રાજકુમારો, અમાત્ય અને પ્રિયજનોની સાથે બેસીને શૂદ્રકે અંદરના આસ્થાનમંડપમાં વૈશમ્પાયનની પાસેથી કથા સાંભળી હતી. તેને (અંદરના આસ્થાનમંડપને) માટે જ અહીં 'ભુક્તાસ્થાનમંડપ' પદનો પ્રયોગ થયો છે.

હવે બાણ (द्वितीयान्त પદોથી) હર્ષનું વર્ણન શરૂ કરે છે :- [આ વાક્ય-રચનાનો અન્વયની દૃષ્ટિએ ફરી એકવાર વિચાર કરી લઈએ તો–पुरस्ताद् अजिरे स्थितम्.... शरीरपरिवारक लोकेन परिवृतम्.... समुपविष्टम्... रममाणम्.... राजर्षिम्.... चक्रवर्तिनम् हर्षम् अद्राक्षीत् ॥ અહીં બધા જ द्वितीया વિભક્ત્યન્ત પદો हर्षम् નાં વિશેષણો છે.]

રાજા હર્ષની આસપાસ અંગરક્ષક લોકો ઊભા હતા. शस्त्रिणा मौलेन शरीरपरिवारक—लोकेन.... परिवृतम् (हर्षम् अद्राक्षीत्) । "શસ્ત્રધારી 'મૌલ' નામના સહાય–સાથે રહેનાર–શરીરરક્ષકથી વીંટળાયેલા (હર્ષ)ને (બાણે) જોયા." ટીકાકાર શંકર કહે છે કે રાજાની આસપાસ છ પ્રકારના 'સહાયો' હોય છે. જેમકે, मौलभृतक—श्रेणि—मित्र—अमित्र—आटविक—भेदेन षट्प्रकाराः सहाया भवन्ति । પંક્તિમાં ઊભેલા આ અંગરક્ષકો કેવા લાગતા હતા ? તો કવિ કહે છે કે कार्तस्वर-स्तम्भ-मण्डलेन इव परिवृतम् । જાણે કે સુવર્ણના સ્તમ્ભસમૂહથી વીંટળાયા હોય તેવાને (હર્ષને) જોયા.

હર્ષ જેને શિલાપટ્ટ ઉપર બિરાજમાન હતા તે हरिचन्दनरसप्रक्षालिते–હરિચન્દનના રસથી ધોવામાં આવેલ હતો. (તેની ઉપર); જે ચન્દનકાષ્ઠને ઘસવાથી કુંકુમ જેવો રાગ તથા સુગન્ધિ જન્મે છે તેને 'હરિચંદન' કહે છે (સંકેત). विग्रह–શરીર, धर्मसमय°–ગરમીના સમયમાં, सराजकम्–રાજાઓના સમૂહ સાથે.

अनिच्छन्तमपि बलादारोपयितुम् इव सिंहासनं सर्वावयवेषु सर्वलक्षणैर्गृहीतम् । હર્ષની તો રાજા થવાની ઇચ્છા નહોતી, પણ તેમની અનિચ્છાએ પણ બળજબરીથી તેમને સિંહાસન ઉપર બેસાડી દેવા માટે જાણે ચક્રવર્તીનાં સૌ લક્ષણ (સામુદ્રિકશાસ્ત્રાનુસાર શરીર ઉપરનાં ચિહ્નો)થી તેઓ જકડાયેલા હતા (–તેવા હર્ષને બાણે જોયા). ઇતિહાસ આપણને કહે છે કે રાજ્યવર્ધનનો વધ થયા પછી, તેના નાના ભાઈ તરીકે હર્ષવર્ધનને પરાણે રાજગાદી સ્વીકારવી પડી હતી.

गृहीतब्रह्मचर्यम्, आलिङ्गितं राजलक्ष्म्या । તેમણે (હર્ષે) આમ તો બ્રહ્મચર્યનું પાલન કરવાનું વ્રત લીધું હતું, પણ છતાંય રાજલક્ષ્મીએ તો તેમને આલિંગન આપ્યું (જ) હતું.–આ વાક્યમાં વિરોધ અલંકાર છે. આ સન્દર્ભમાં ટીકાકાર શંકર કેટલીક મહત્ત્વની વાત જણાવે છે : **गृहीतब्रह्मचर्यम् इति** स्वदारसंतुष्ट ऋतुकालगामी 'गृहस्थोचितव्यापारो ब्रह्मचार्येव' इति श्रुतेः । यत्तु एवम् अनुश्रूयते "यावन्मया न सकला जिता भूमिस्तावन्मे ब्रह्मचर्यम्" इति श्रीहर्षः प्रतिज्ञातवान् । (द्वादशभिः च वर्षैः जित्वा तां महिषीमब्रवीत्—प्रतिज्ञा मे निर्व्यूढा इति । ततो रोषात् 'अहमपि द्वादशवर्षं ब्रह्मचर्यं चरामि इति सा प्रतिज्ञामकरोत् । इति ब्रह्मचर्येणाज्ञाकालोऽतिवाहितः ॥) यश्च गृहीतब्रह्मचर्यः स कथं योषितालिङ्ग्यत इति विरोधः ॥ અર્થાત્ જે પોતાની પત્નીને વિષે સંતુષ્ટ હોય અને ઋતુકાલમાં (જ) પત્ની પાસે જતો હોય તે બ્રહ્મચારી જ ગણાય છે. 'ગૃહસ્થને ઉચિત એવો વ્યવહાર કરનારો બ્રહ્મચારી

જ ગણાય છે' એવું પરંપરાથી સાંભળવા મળે છે. જે આવું એક પરંપરાથી (=ઇતિહાસથી) સાંભળવા મળે છે કે–"જ્યાં સુધી હું સમગ્ર પૃથિવીને જીતી નહીં લઉં ત્યાં સુધી હું (હર્ષ) બ્રહ્મચર્યનું પાલન કરીશ" એવી હર્ષે પ્રતિજ્ઞા લીધી હતી. (બાણે ઉપર્યુક્ત વાક્યમાં તેનો નિર્દેશ કર્યો છે.) બાર વર્ષોમાં પૃથિવીને જીતીને તેણે પોતાની રાણીને જણાવ્યું કે–મેં મારી પ્રતિજ્ઞા પૂરી કરી છે; ત્યારે (રાણીએ) રોષથી પ્રતિજ્ઞા ઉચ્ચારી કે–"(હવે) હું પણ બાર વર્ષનું બ્રહ્મચર્ય પાળી રહી છું. (!)" [આમ હર્ષના આજ્ઞાકાળ (606-648 A.D.)નો મોટો ભાગ બ્રહ્મચર્યમાં પસાર થયો હતો (!)]

રાજ્યવર્ધનના મૃત્યુ પછી શ્રી હર્ષે જે ઉપર્યુક્ત પ્રતિજ્ઞા કરી હતી (અને તેના અનુસન્ધાનમાં તેની રાણીએ જે પ્રત્યાઘાત આપ્યો હતો) તે ઇતિહાસ ગ્રંથોમાં ઉલ્લેખ્ય છે. અસ્તુ.

વળી, બાણભટ્ટ કહે છે કે હર્ષે असिधाराव्रत લીધું હતું. (આ વાક્યમાં પણ વિરોધ અલંકાર છે.) असिधारा=ખડ્ગની ધાર અથવા વ્રતવિશેષ સ્ત્રી–પુરુષ કપટ વિના બ્રહ્મચર્યનું પાલન કરે તેને 'અસિધારાવ્રત' કહે છે :

यत्रैकशयनस्थापि प्रमदा नोपभुज्यते ।
असिधाराव्रतं नाम वदन्ति मुनिपुंगवाः ॥–मल्लिनाथः (रघु० 13-67)

सकलभूपालपरित्यक्तेन भीतेनेव लब्धवाचा सर्वात्मना सत्येन सेव्यमानम् । બધા જ રાજાઓએ છોડી દીધું હોવાથી; જાણે ડરી ગયું હોય તેમ, ("અમે તને=સત્યને છોડી દઈશું") એવી વાણી જેને પ્રાપ્ત થઈ છે તેવા, બધાના આત્મા સ્વરૂપ સત્યથી સેવાતા (હર્ષ)ને જોયા. ટીકાકાર શંકર કહે છે; सर्वैस्त्यक्तः सन्मीतः सस्त्वां त्यजामी''ति वाचं लब्ध्वा अन्यं सेवते । (सङ्केतः)

જો કે પ્રોફે. પી. વી. કાણે 'लब्धवाचा'ને બીજી રીતે સમજાવે છે: The idea is – all kings had given up truth; हर्ष alone stuck to it wholeheartedly. One who is abandoned by others becomes afraid and goes to another who would promise to protect him. लब्धा वाक् (रक्षणरूपा येन). Truth resorts to speech i.e. it is word that must be kept.

वारविलासिनी=શરીરોપચાર કરવામાં ચતુર એવી સ્ત્રીઓ (nautch girl) प्रतियातना=प्रतिबिम्ब. विग्रहावर्जिताभिः–(જાણે કે) શરીર ધારણ કરેલી દશેય દિશાઓથી, प्रणम्यमानम्–પ્રણામ કરાતા (હર્ષને જોયા). लोकपाल આઠ છે. જેમકે, सोमाग्न्यर्कानिलेन्द्राणां वित्ताप्पत्योर्यमस्य च । अष्टानां लोकपालानां वपुर्धारयते नृपः। (मनु० 5-96) પણ, પ્રોફે. કાણેના મતે બાણભટ્ટ 'દિક્પાલ' અર્થમાં 'લોકપાલ' શબ્દ વાપરતા લાગે છે. દિક્પાલો પણ આઠ છે. જેમકે, इन्द्रो वह्निः पितृपतिर्नैर्ऋतो वरुणो मरुत् । कुबेरः ईशपूः पतयः पूर्वादीनां दिशां क्रमात् ॥ (અમરકોશ).

मणिपादपीठ...करेण दिवसकरेण उपरिगमनाभ्यनुज्ञां मृग्यमाणमिव । मणिपादपीठ—पृष्ठे प्रतिष्ठिताः कराः (=किरणाः, हस्ताः) यस्य, तेन । મણિજડિત પાદપીઠ (=પગ મૂકવાનો બાજઠ)ની પીઠ ઉપર પડેલાં (પ્રથમ) કિરણ (રૂપી હાથ) વડે દિવસકર=સૂર્ય જાણે કે ઉપરના લોક (આકાશ)માં જવાની અનુજ્ઞા જેની પાસે માગી રહ્યો છે, તેવા (હર્ષ)ને બાણે જોયા. અહીં કવિએ ᐟकरेण દ્વ્યર્થક શબ્દ વાપર્યો છે. તેથી 'સંકેત'માં લખ્યું છે કે– करो हस्तोऽपि । તેમાંથી ઉપર્યુક્ત–કિરણો રૂપી હાથ વડે–રૂપકાલંકારની ચમત્કૃતિ સધાઈ છે.

अप्रणमद्भिर्गिरिभिरपि भूभृद्भिः दूयमानम्,—'પ્રણામ નહીં કરતા પર્વતો જેવા રાજાઓથી દુઃખી થતા (હર્ષને બાણે જોયો).' ત્યાર પછી शौर्योष्मणा फेनायमानमिव चन्दनधवलं... उद्वहन्तम् 'શૌર્ય રૂપી ઉષ્માથી જાણે કે ફીણવાળા થતા.....'

પ્રોફે. પી.વી. કાણે अप्रणमद्भिर्गिरिभिरपि दूयमानं शौर्योष्मणा, (અહીં અલ્પવિરામ મૂકે છે, અને ત્યાર પછી) फेनायमानमिव... उद्वहन्तम् । એવી રીતે પાઠની આયોજના કરે છે. તે મુજબ–"રાજા હર્ષ પોતાના શૌર્ય રૂપી ઉષ્માથી એટલા માટે દુઃખી થતો હતો કે પર્વતો તેને પ્રણામ નહોતા કરતા. તે (હર્ષ) એવું માનતો હતો કે તેની સામે પર્વતોએ પણ અચળ–ઉન્નત ઊભા ન રહેવું જોઈએ." (He was so brave that he could not endure that the mountains should remain stiff before him). શ્રી કાણે આગળ फेनायमानमिव... ને સમજાવતાં લખે છે કે– his personal grace being compared to the ocean, that white sandalwood paste applied to his body to alleviate heat is compared to the foam of the ocean. પરંતુ આવી આયોજના મુજબ 'લાવણ્ય રૂપી જલધિ(=સમુદ્ર) ફીણવાળો કેવી રીતે બન્યો?'–તે સમજાવી શકાતું નથી. જ્યારે ટીકાકાર શંકર કહે છે કે–फेनायमानमिति। जलं संतापेन सफेनं भवति । 'પાણી તાપથી ફીણવાળું બને છે.' આમ કાર્યકારણભાવનો વિચાર કરતાં शौर्योष्मणा फेनायमानम् इव । એવો પાઠ–આયોજન–જ યુક્તિસંગત જણાય છે. (शौर्योष्मणा પદમાં હેત્વર્થે તૃતીયા છે. તેથી–'ને કારણે' અર્થ કર્યો છે.)

सकलमिव चतुःसमुद्रलावण्यमादाय उत्थितया श्रिया समुपश्लिष्टम् । 'જાણે કે ચારેય સમુદ્રોના સકળ લાવણ્યને–સૌન્દર્યને–લઈને બહાર આવેલી લક્ષ્મી વડે આશ્લેષ પામ્યા હોય તેવા (હર્ષને બાણે જોયા). ટીકાકાર શંકર લખે છે કે–सकलपदेन चतुःशब्देन च शौरेरस्य विशेषमाह । एकस्माच्च समुद्राद् उत्थाय लक्ष्म्या शौरिः समुपश्लिष्टः । (સંકેત) શૌરિ=વિષ્ણુ ભગવાનને જે લક્ષ્મીએ આલિંગન આપેલું તે લક્ષ્મી તો એક જ સમુદ્રમાંથી નીકળી હતી. પણ રાજા હર્ષને જે લક્ષ્મી (=શોભા)એ આશ્લેષ આપ્યો હતો, તે લક્ષ્મી તો ચારેય સમુદ્રોમાંથી નીકળી હતી! આ રીતે; શંકર કહે છે તે મુજબ–રાજા હર્ષનું શૌરિ કરતાં ચઢિયાતાપણું બતાવ્યું છે !'

.....इन्द्रधनुः सहस्राणि इन्द्रप्राभृतप्रहितानि विलभमानमिव । હર્ષના અલંકારોનાં તેજકિરણોથી હજારો ઇન્દ્રધનુષ્ય સર્જાતા હતા; (કવિ ઉત્પ્રેક્ષા કરે છેઃ) જાણે ઇન્દ્રદેવે પ્રાભૃત=ભેટસોગાદ મોકલી હોય ! प्राभृतं=ढौकनिकम् । ભેટ, present. ક્ષીરસ્વામી લખે છેઃ प्रकर्षेण आराधनार्थं आभ्रियते ढौक्यते स्म प्राभृतम् । =કોઈને વધારે ખૂશ કરવા જે ભેટ મોકલવામાં આવે તેને 'પ્રાભૃત' કહે છે.

राज्ञां संभाषणेषु परित्यक्तमपि मधु वर्षन्तम् થી શરૂ કરીને श्रियं स्थाने स्थाने स्थापयन्तम् । સુધીનાં ઉપવાક્યોમાં વિરોધાલંકાર છે. उपांशु अप्रकटम्— એકાંતમાં/કાનમાં. अतिक्रान्त....स्नेहवृष्टिमिव....कृपाणे पातयन्तम् યુદ્ધ પૂરું થઈ ગયા પછી, સેનાપતિઓની યુદ્ધની વાતો દરમ્યાન જાણે 'સ્નેહ'વૃષ્ટિ હોય તેવી દૃષ્ટિ તેઓ (હર્ષ) પોતાના ઇષ્ટ કૃપાણ ઉપર નાખતા હતા. અહીં સ્નેહ શબ્દ દ્વ્યર્થક છેઃ પ્રીતિ અને તેલ. (૧) 'રાજા હર્ષ યુદ્ધની વાતો દરમ્યાન વિજયમાં સાધન રૂપ બનેલી કૃપાણ ઉપર પ્રેમભરી દૃષ્ટિથી જોતા હતા' અને (બીજો અર્થ) (૨)...'વિજયયુદ્ધમાં વપરાયેલી લોહી વગેરેથી ખરડાયેલી કૃપાણને જાણે કે તેલનો હાથ મારતા હતા'. ટીકાકાર શંકર કહે છેઃ अतिक्रान्ते कलहे रणे शस्त्राणां स्नेहो दीयते, रुधिरादिसलिलनिवारणाय ॥

હવે કવિ બાણભટ્ટ अरुणपादपल्लवेन... वपुषा सर्वदेवतावतारम् इव एकत्र दर्शयन्तम् । અહીંથી રાજા હર્ષના શરીરનું વર્ણન શરૂ કરે છે. अरुण, सुगत, वज्रायुध, वृष, भास्वद्, अवलोकित, कृष्ण આદિ શ્લિષ્ટ શબ્દોથી હર્ષના શરીરના વિવિધ અવયવોને વર્ણવીને, કવિ અન્તે કહે છે કે જાણે કે એક જ જગ્યાએ=એક જ શરીરમાં બધાજ દેવતાઓનો અવતાર થયો હોય (એમ બતાવતા હર્ષને બાણે જોયા). (ઉપર્યુક્ત શ્લિષ્ટ શબ્દોના અર્થો અનુવાદમાંથી સ્પષ્ટ થશે.)

वपुः શરીરનું વર્ણન કર્યા પછી, કવિએ પાદપીઠ (બાજઠ) ઉપર મૂકેલા વામ ચરણનું, પગના નખનાં તેજ કિરણોનું, બે ચરણોનું, બે ઊરુદંડોનું, અધર વસ્ત્રનું, બીજા ઉત્તરીય વસ્ત્રનું, વક્ષઃસ્થળનું, હારદંડનું—અલંકારનું—વર્ણન આપ્યું છે. આ વર્ણનમાં શ્લેષ અને ઉપમા અલંકારોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

जीवितावधिगृहीत सर्वस्व—**महादान**—दीक्षाचीरेण इव० । 'રાજા હર્ષે જાણે 'મહાદાન'નું વ્રત લીધું હોય.' શ્રી વાસુદેવશરણ અગ્રવાલ અહીં વપરાયેલા 'મહાદાન' શબ્દને સમજાવતાં લખે છે કે—જેમાં પ્રત્યેક પાંચમા વર્ષે તે (હર્ષ) બધું જ દાનમાં આપી દેતો હતો (તે 'મહાદાન'). આ પ્રકારના પ્રતિ પાંચ વર્ષે કરવામાં આવતા 'સર્વસ્વ દક્ષિણ દાનો'ની ગુપ્તકાલમાં અથવા તે પછી પણ પ્રથા હતી. દિવ્યાવદાનમાં તેને માટે 'પાંચવાર્ષિક' શબ્દ વપરાયો છે. કાલિદાસે પણ રઘુના સર્વસ્વદક્ષિણ યજ્ઞનો ઉલ્લેખ કર્યો છે (પૃ. ૪૬). અલબત્ત, ટીકાકાર શંકરે આ મહાદાન વિષે કશું જ લખ્યું નથી.

હર્ષ જે 'મહાદાન' કરતો હતો, તે દર પાંચ વર્ષે જ થતું એ કેવી રીતે જાણવા મળ્યું છે ? તે અંગે શ્રી અગ્રવાલે કંઈ જણાવ્યું નથી. પરંતુ હ્યુ–એન–ત્સાંગના પ્રવાસવર્ણનમાંથી નીચે મુજબની વિગતો મળે છેઃ–(ઇ. સ. ૬૪૩માં હર્ષવર્ધને કનોજમાં એક બૌદ્ધસભાનું આયોજન કર્યું હતું. જેમાં બૌદ્ધ ધર્મના પ્રચાર માટે હ્યુ–એન–ત્સાંગને અધ્યક્ષપદ આપવામાં આવ્યું હતું.)* આ ઇ.સ. ૬૪૩માં હર્ષવર્ધને બીજી એક પ્રયાગસભા કે મોક્ષપરિષદ્ પણ બોલાવી હતી. હર્ષના પૂર્વજોએ ૩૦ વર્ષથી શરૂ કરેલી આ પરિષદ્ (કે સભા) દર પાંચ વર્ષે ભરાતી હતી. ગંગા–જમનાના સંગમ ઉપર રેતીના પટમાં પ્રયાગમાં ભરાયેલી આ પરિષદ્‌માં રાજા હર્ષવર્ધનના ૧૮ મિત્ર રાજાઓ ઉપરાંત હ્યુ–એન–ત્સાંગ હાજર હતો; અને તેના કહેવા મુજબ આ પ્રકારની તે છઠ્ઠી પરિષદ્ હતી. તેમાં કુલ પાંચ લાખ લોકો હાજર રહ્યા હતા. તેમને રહેવા ૧૦૦ વિશાળ ભવનો અને ભોજનાદિની હર્ષ તરફથી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પરિષદ્‌માં હર્ષે પાંચ વર્ષ દરમિયાન એકત્રિત કરેલી સઘળી સમૃદ્ધિ દાનમાં આપી દીધી હતી." "ઇતિહાસના પાને આવો કોઈ દાનેશ્વરી રાજા નોંધાયો નથી; જેણે પોતાનું સર્વસ્વ દાનમાં આપી દીધું હોય." ડૉ. બૈજનાથ શર્મા Harsh & his times (પૃ. ૪૩૦).

अज—जिगीषया—વિષ્ણુ ભગવાન (अजो हरि: इति संकेत:)ને જીતવાની ઇચ્છાથી बालैः भुजैः० । –ચર્તુભુજ વિષ્ણુનો ત્રીજો અને ચોથો હાથ કોણીએથી ફુટેલો હોય તેવો અર્ધો હોય છે; તેથી 'बालैः' કહ્યું છે. શ્રી અગ્રવાલ લખે છે કે– "રાજા હર્ષના બાહુઓમાં (રત્ન) કેયુર જડેલા હતા. તેના રત્નોમાંથી ફુટતી તેજરેખાઓ એવી લાગતી હતી કે, જાણે વિષ્ણુની જેમ સમ્રાટ્‌ને વધારાની બે નાની ભુજાઓ ફુટી નીકળી હોય ! આ ઉત્પ્રેક્ષા ગુપ્તકાલીન વિષ્ણુની મૂર્તિઓમાંથી લીધી છે. જેમાં વિષ્ણુની બે વધારાની ભુજાઓ કોણી પાસેથી નીકળતી બતાવવામાં આવી છે. (ચિત્ર-૨૪). માટે પૂર્ણ ભુજાઓની અપેક્ષાએ તેમને બાલભુજ કહેવામાં આવ્યા છે." (પૃ. ૪૬).

ત્યાર પછી, હર્ષના બે બાહુઓ, અધર, સ્મિત, મુખચન્દ્ર, દંતપક્તિ, મુખામોદ, નાસિકા, આંખો, કપોલ, લલાટમુંડમાલાદિનું વર્ણન રજૂ કરવામાં આવ્યું છે.

તે પછી श्रमजलविलीन... ०ललाटेन्दु लेखाभि:,....अवष्टभ्यमानाभि:.... वारविलासिनीभि: विलुप्यमानसौभाग्यमिव सर्वत: । આ સુદીર્ઘ ઉપવાક્ય દ્વારા કવિએ કહ્યું છે કે "અનેક વારવિલાસિનીઓ (=શરીરનો ઉપચાર કરવામાં ચતુર સ્ત્રીઓ) વડે બધા જ પ્રકારના સૌભાગ્યને ઝાંખા પાડી રહેલા તેમને (હર્ષને) બાણે

---

*જુઓ : હ્યું–એન–ત્સાંગ (સિં–યુ–કી)

Travels of Hiuen Tsarg: Eng. Translation by Beal Thomas Watts.

જોયા.'' અહીં તૃતીયા વિભક્તિ બહુવચનનાં બધાંજ પદો 'વારવિલાસિની'નાં વિશેષણ તરીકે આપ્યાં છે.

❋

निःस्नेह इति धनैः, अनाश्रयणीय इति दोषैः ....शत्रुयोधैः, एकम् अपि अनेकधा गृह्यमाणम् ॥ આ ઉપવાક્યમાં રાજા હર્ષના ગુણૈશ્વર્યનું સુન્દર વક્રોક્તિથી (પરિસંખ્યાલંકારથી) વર્ણન કર્યું છે. પ્રો. પી. વી. કાણે લખે છે કે– We see that all the words in this clause convey some apparent defect, which, on being properly understood, turns out to be a merit.

❋

(ઉપર્યુક્ત ઉપવાક્યમાં તૃતીયાન્ત પદોથી હર્ષનું ગુણૈશ્વર્ય વર્ણવ્યા પછી,) હવે शन्तनोः, भीष्मात्, द्रोणात् વગેરે પંચમ્યન્ત પદોથી, કવિ સૂચવે છે કે, રાજા હર્ષ શન્તનુ વગેરે ઇતિહાસપ્રસિદ્ધ મહાપુરુષો કરતાંય અધિક ચઢિયાતા છે.

'અપાદાન–અમુક જગ્યાએથી છુટા પડવું–વિભાગ થવો' એ અર્થ સૂચવવા તો પંચમી વપરાય જ છે. પરંતુ અમુક વસ્તુ કરતાં અમુક વસ્તુ ચઢિયાતી છે એવો પ્રકર્ષ સૂચવવા પણ પંચમી વપરાય છે. આ મુદ્દાને સમજાવતાં ટીકાકાર શંકર લખે છે કે–पञ्चमी विभक्ते । 2-3-42 इति पञ्चमी ॥ આ સૂત્રને સમજાવતાં 'સિદ્ધાન્ત કૌમુદી'માં લખ્યું છે કે –विभागो विभक्तम् । निर्धार्यमाणस्य यत्र भेद एव तत्र पञ्चमी स्यात् । माथुराः पाटलिपुत्रकेभ्य आढ्यतराः ॥

ત્યાર પછી कारणमिव कृतयुगस्य, बीजमिव विबुधसर्गस्य.... । આદિ ષષ્ઠ્યન્ત પદોની મદદથી હર્ષનો મહિમા ગાયો છે, અને સૌથી છેલ્લે गम्भीरं च प्रसन्नं च, त्रासजननं च रमणीयं च । ઇત્યાદિ વિરોધની પ્રતીતિ કરાવનારાં પદોથી હર્ષનું વર્ણન પરિસમાપ્ત કરે છે !

2.7

दृष्ट्वा चानुगृहीत इव...लम्बमाने सवितरि विसर्जितराजलोकोऽभ्यन्तरं प्राविशत्॥

આ ગદ્યખંડમાં–(૧) રાજા હર્ષને જોયા પછી બાણના મનમાં જે વિચાર–પરંપરા શરૂ થઈ; અને બાણે તે રાજાની નજીક જઈને 'સ્વસ્તિ' શબ્દ ઉચ્ચાર્યો તેનું પ્રારંભે કથન છે. ત્યાર પછી–(૨) એક ગજપરિચારકે ગાયેલા અપરવક્ત્ર છંદોબદ્ધ શ્લોકનાં મિષે બાણને ચંચળતા છોડી, વિનયવ્રતનું આચરણ કરવાનું સૂચન છે. (૩) પછી, બાણ અને રાજા હર્ષ વચ્ચે થયેલો ઇતિહાસપ્રસિદ્ધ વાર્તાલાપ આવે છે; જેમાં બાણ 'પોતાની કોઈ ભુજંગતા નથી' એમ જણાવી, રાજાનો પ્રસાદ મેળવવાનો બુદ્ધિપુરસ્સરનો પ્રયત્ન કરે છે. આ ઘટના–બાણ અને હર્ષની પ્રથમ મુલાકાત – તે જ દ્વિતીય ઉચ્છ્વાસની મુખ્ય ઘટના છે; અને તેને આધારે જ આ બીજા ઉચ્છ્વાસને **'રાજદર્શન'** એવું શીર્ષક આપવામાં આવ્યું છે.

❋

निगृहीत इव—(રાજા હર્ષને જોઈને બાણ) જાણે જકડાઈ ગયો હોય, સ્તબ્ધ થઈ ગયો હોય તેવો થઈ ગયો. तृप्त इव—તેમને જોઈને તે જાણે કૃતાર્થ થઈ ગયો હોય. विस्मयस्मेर:—આશ્ચર્યથી ચકિત. (અથવા Smiling એવો પણ અર્થ કરવામાં આવે છે). चतुरुदधिकेदारकुटुम्बी=ચારેય સમુદ્રો સુધીના પ્રદેશોમાં જેના કુટુમ્બીજનો ફેલાયેલા છે તેવા (રાજા હર્ષનું વિશેષણ). અથવા ચાર સમુદ્રરૂપી પ્રદેશોને પોતાના કુટુમ્બ તરીકે જોનારો. પરંતુ શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે– આ શબ્દનો અર્થ – ''એવો ખેડૂત કે જેને માટે ચાર સમુદ્રો ચાર ક્યારાઓ હોય.'' (પૃ. ૪૭). પ્રોફે. પી. વી. કાણે જણાવે છે કે–चत्वार: उदधय: एव केदारं, तेन कुटुम्बी who is a house-holder of the field in the form of the four oceans i.e. who looks upon the whole world as his family. Compare : उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् । ब्रह्मस्तम्भं=जगत्. सकल—आदि—राजचरित॰=સકળ પ્રાચીન રાજાઓનો ચરિતને, ज्येष्ठमल्ल—પ્રધાન/મુખ્ય મલ્લ. રાજા હર્ષ થકી राजन्वती पृथिवी=પ્રશસ્ત (વખાણવા લાયક) રાજાથી યુક્ત પૃથિવી થઈ.

❋

હવે नास्य हरेरिव.... થી શરૂ કરીને न चन्द्रमस इव बहुलदोषोपहता श्रिय: । સુધીનાં ઉપવાક્યોમાં કવિ બાણભટ્ટે વિષ્ણુ, શંકર, ઇન્દ્ર, યમ, વરુણ, કુબેર, ભગવાન્ બુદ્ધ અને ચન્દ્રમા કરતાંય રાજા હર્ષ કઈ કઈ રીતે, કેવી રીતે ચઢિયાતા છે તેનું શ્લેષમયી ભાષામાં હૃદ્ય વર્ણન કર્યું છે. જેમકે, (क) न अस्य(=हर्षस्य) हरेरिव वृषविरोधिनी बालचरितानि । અહીં वृष=અરિષ્ટાસુર અને ધર્મ (આમાંથી પહેલો અર્થ હરિ=વિષ્ણુ પક્ષે લેવાનો છે અને બીજો અર્થ રાજા હર્ષના પક્ષે લેવાનો છે.) ટીકાકાર શંકર કહે છે કે–बाला हि विवेकहीनत्वाद् धर्मविरुद्धमाचरन्ति । अस्य (=हर्षस्य) तु तस्यामपि दशायां धर्मविरोधाभाव: ।

(ख) न पशुपतेरिव॰ । અહીં પશુપતિ–શંકર–પક્ષે दक्ष=(એક) પ્રજાપતિ; અને હર્ષ પક્ષે दक्ष=કુશળ વ્યક્તિ. વળી ટીકાકાર શંકર કહે છે કે महेश्वरपक्षे ऐश्वर्यशब्दो मुख्यवृत्ति:, इतरत्र गौण: । (સંકેત). અર્થાત્ ભગવાન શંકરનું 'ઐશ્વર્ય' એટલે 'આધિભૌતિક શક્તિ' એવો પ્રાથમિક–વાચ્યાર્થ લેવો, અને હર્ષને માટે ઐશ્વર્ય='ભૌતિક સમ્પત્તિ' એવો અર્થ લેવો.

(ग) न शतक्रतोरिव॰। અહીં ઇન્દ્રપક્ષે गोत्रविनाश એટલે કુલપર્વતોનો વિનાશ; અને હર્ષપક્ષે ગોત્ર=કુળ–એવો અર્થ લેવાનો છે. (પિશુન=અધમ, મિથ્યા) (घ) न यमस्य इव॰ । અહીં યમરાજપક્ષે दण्ड=યમનું એક આયુધ; અને હર્ષના પક્ષે दण्ड=કર Tax અર્થ લેવાનો છે. (ङ) न वरुणस्य इव॰ । અહીં વરુણપક્ષે निस्त्रिंशग्राह=મગર વગેરે જળચરો; અને હર્ષપક્ષે–ખડ્ગહસ્ત સૈનિકો તથા रत्नालया: =વરુણપક્ષે–સમુદ્રો; અને હર્ષપક્ષે– રત્નો ભરેલા ભંડારો (તિજોરી). (च) न

धनदस्येव० । ને સમજાવતાં ટીકાકાર શંકર લખે છે કે– निष्फला (કુબેરપક્ષે) ऐश्वर्यादिफलप्राप्तिशून्याः (હર્ષપક્ષે) दानादिविना कृताश्च सन्निधिः सन्निधानम् । एतस्य दर्शनं सर्वस्य फलदायि भवतीत्यर्थः ॥ (छ) न जिनस्य इव० । (સામાન્ય રીતે 'જિન' શબ્દ જૈન તીર્થંકર અને બૌદ્ધોને માટે વપરાય છે. પરંતુ પ્રકૃતમાં) 'જિન' એટલે બુદ્ધ એવો અર્થ કરવાનો છે. अर्थवादशून्यानि दर्शनानि । નો અર્થ અહીં બુદ્ધપક્ષમાં–મહાયાન, યોગાચાર, માધ્યમિક જેવાં દર્શનો કરવાનો છે.* તથા હર્ષપક્ષે–અર્થવાદ–ધનપ્રાપ્તિની વાતો. ટીકાકાર શંકર કહે છે કે–अर्थो धनं तस्य वादः, अनेनेदं लब्धमिति, तेन शून्यानि । सर्वे तद्दर्शिनोऽर्थेन युज्यन्ते ॥ (વળી 'અર્થવાદ' શબ્દનો એક પારિભાષિક અર્થ "પ્રાશસ્ત્યમૂલક વાક્ય" એવો પણ થાય છે.) (ज) चन्द्रमस इव० । અહીં ચન્દ્રપક્ષે बहुल-दोषाः નો અર્થ કૃષ્ણપક્ષની રાત્રિઓ કરવાનો છે તથા હર્ષપક્ષે–રાગદ્વેષાદિ અર્થ કરવાનો છે. વળી, श्रियः એટલે ચન્દ્રપક્ષે-શોભા; તથા હર્ષપક્ષે–સમૃદ્ધિ, રાજલક્ષ્મી.–આ વર્ણનનો ઉપસંહાર કરતાં કવિ કહે છે–चित्रम् इदम् अत्यमरं राजस्वम् । (अमरान्, देवान् अतिक्रम्य इति अत्यमरम् । (જુઓ : अत्यादयः क्रान्ताद्यर्थे द्वितीयया । ૧-૪-૭૯ ઉપરનું વાર્તિક. તેનાથી अत्यमरम् સમાસ સિદ્ધ થાય છે.) અમરો=દેવોને ચઢી જાય એવું હર્ષનું રાજત્વ છે.

❋

अपि चास्य त्यागस्यार्थिनः.... न पर्याप्तो विषयः । .....આ વાક્યમાં દરેક ઉપવાક્યમાં न पर्याप्तो विषयः પદસમૂહને જોડવાનું છે.

❋

अस्मिंश्च राजनि (शासति सति) यतीनां योगपट्टकाः । ઇત્યાદિ પદસમૂહમાં પરિસંખ્યાલંકાર વિલસી રહ્યો છે. यतीनां योगपट्टकाः । યતિ (ચતુર્થાશ્રમવાસી) જનો પાસે જ યોગપટ્ટકો હતાં; (ટીકાકાર શંકર કહે છે કે–योगपट्टका=यतीनाम्

---

* अर्थवादशून्यानि ને સમજાવતાં પ્રો. કાણે લખે છે કે not recognising the doctrine of the existence of (material) objects. બૌદ્ધોની સૌત્રાન્તિક અને વૈભાષિક શાખાઓ 'વિચાર' અને 'વસ્તુ'ને સત્ (real) માને છે. પરંતુ યોગાચાર અને માધ્યમિક શાખા મુજબ વિચાર અને વસ્તુ બન્ને અસત્ છે. આ ચારેય શાખામાં ક્ષણિકત્વનો સિદ્ધાન્ત એક સામાન્ય છે. The author here refers to the योगाचार school. That school holds that the only reality is विज्ञान (thought); there are no real entities (अर्थ or बाह्यार्थ) in the external world corresponding to the thoughts that a person is conscious of. This theory is called विज्ञानवाद. Vide वेदान्तसूत्र. (II.2–28). and शांकरभाष्य thereon.

उपकरणं पर्यङ्कबन्धनार्थम् ।)–''પણ બનાવટી દાનપત્રો પ્રચારમાં નહોતા.''* (શંકર કહે છે : न पुनर्योगेन युक्ताः पट्टकाः कूटप्रधानानि लेख्यपत्राणि केषांचित्। –સંકેત) આ પ્રમાણે અહીં નિષેધ ગમ્યમાન છે તે રીતે પરિસંખ્યાલંકાર જોવા મળે છે; જે અનુવાદથી સ્પષ્ટ થશે. वाक्यविदाम्=मीमांसकानाम् । अधिकरण=विश्रान्तिस्थानानि; राज्ञां च धर्मनिर्णयस्थानानि (સંકેત).

જૈમિનિકૃત પૂર્વમીમાંસા અને બાદરાયણકૃત 'ઉત્તરમીમાંસા'ના ગ્રન્થો અધ્યાય, પાદ અને અધિકરણોમાં વિભક્ત છે. પ્રત્યેક અધિકરણમાં એક કે એકથી અધિક સૂત્રો આવેલાં હોય છે; અને તેમાં કોઈ એક (જ) વિષયની ચર્ચા પ્રસ્તુત કરવામાં આવેલી હોય છે. પરંપરાથી અધિકરણનું લક્ષણ આ પ્રમાણે આપવામાં આવે છે:

विषयो विशयश्चैव पूर्वपक्षस्तथोत्तरम् ।
निर्णयश्चेति सिद्धान्तः शास्त्रेऽधिकरणं स्मृतम् ॥

હર્ષના પક્ષે–'અધિકરણ–વિચાર' શબ્દનો અર્થ धर्मनिर्णयस्थानानि થાય છે એમ કહ્યા પછી ટીકાકાર શંકર ઉમેરે છે કે–अधिकबलो वा रणः संग्राम इति केचित्।+ શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે–અહીં 'અધિકરણ' શબ્દના બે અર્થો છે. (૧) પહેલો અર્થ છે : મીમાંસકો (वाक्यविदाम्)ના શાસ્ત્રમાં જુદાં જુદાં પ્રકરણો (ટીકાકાર શંકર મુજબ વિશ્રાન્તિસ્થાન). અધિકરણોનો વિચાર કુમારિલ ભટ્ટની પૂર્વેના સમયથી જ શરૂ થઈ ગયો હતો. કુમારિલને ૮મી સદીના મધ્યભાગમાં તેઓ થયા હશે એમ માનીએ તો, બાણના પ્રસ્તુત ઉલ્લેખ ઉપરથી જણાય છે કે તેમના કરતાં એક સદી પહેલેથી જ મીમાંસાશાસ્ત્રમાં અધિકરણોની વિવેચના શરૂ થઈ ગઈ છે. (૧૪મી સદીના માધવકૃત 'જૈમિનીય ન્યાયમાલાવિસ્તરમાં' તો અધિકરણોના વિષયાદિ પાંચ અંગનો વિચાર ખૂબ પલ્લવિત થયેલો દેખાય છે.) (૨) અધિકરણ શબ્દનો બીજો અર્થ છે : ધર્મનિર્ણયસ્થાન (ફોજદારી અને દિવાની અદાલતો), જેનો વિકાસ (હર્ષ પૂર્વે) ગુપ્તકાળમાં ખૂબ થયો હતો. આ અધિકરણોમાં પ્રાડ્‌વિવાક અધિકારી મુકદમા ઉપર જે રીતે વિચાર કરતા હતા, તેનું એક સુન્દર ચિત્ર 'ચતુર્ભાણી'માંના એક 'પાદતાડિકમ્'માં જોવા મળે છે. તથા (૩) ગુપ્તકાળમાં અધિકરણ શબ્દનો એક ત્રીજો અર્થ સરકારી દફતર પણ થતો. (પૃ. ૪૮, ૪૯).

.....इति (चिन्तयन् बाणः) समुपसृत्य=આ પ્રમાણે વિચારતો બાણ, હર્ષની નજીક જઈને उपवीती स्वस्तिशब्दम् अकरोत् । જમણો હાથ ઊંચો કરીને, '(स्वस्ति

---

* રાજાએ આપેલાં દાનપત્રો/તામ્રપત્રો, રાજપરિવર્તન થયા પછીય, નવા રાજાઓ માન્ય રાખતા હતા. તેથી કાલક્રમે બનાવટી દાનપત્રો/તામ્રપત્રો પ અસ્તિત્વમાં આવતાં હતાં !

\+ સંકેત ટીકાકાર શંકરની પૂર્વે રચાયેલી કોઈક ટીકાનો અહીં નિર્દેશ છે. જે આજે અજ્ઞાત છે.

भवतु)' એવા શબ્દનો ઉચ્ચાર કર્યો. ટીકાકાર શંકર उपवीतीને સમજાવતાં લખે છે કે –उपवीती दक्षिणावीती करः । उक्तं च –'उद्धृते' दक्षिणे पाणौ, 'उपवीती' इति उच्यते द्विजः ॥ (સંકેત). અમરકોશ કહે છે : उपवीतं यज्ञसूत्रं प्रोद्धृते दक्षिणे करे । "જમણા હાથ તરફ નીચે જતું, અને ડાબા ખભા ઉપર ધારણ કરેલું યજ્ઞસૂત્ર (જનોઈ); તેને उपवीतं કહે છે."

❋

રાજા હર્ષની સામે ઊભા રહીને, બાણે જ્યાં જમણો હાથ ઊંચો કરીને 'સ્વસ્તિ' વચન કહ્યું; તે જ સમયે–राजधिष्ण्यस्य न अतिदूरे उत्तरे "રાજકુલથી બહુ દૂર નહીં તેમ ઉત્તર દિશામાં" એક ગજપરિચારક (મહાવતે) અપરવક્ત્ર છન્દમાં એક શ્લોક ઉચ્ચાર્યો : "હે करिकलभ–હે હાથીના બચ્ચા (મદનિયા), लोलतां विमुञ्च–ચંચળતા છોડી દે. अनताननः–નમાવેલા મુખવાળો (થઈને)=નતમસ્તકે. विनयव्रतम् चर–વિનય રૂપી વ્રતનું આચરણ કર. (કારણકે) मृगपति–नखकोटिभङ्गुरः- મૃગપતિ (=સિંહ)ના નખાગ્ર જેવું વક્ર, गुरुः–મોટું ભારે, अङ्कुशः–અંકુશ, ते उपरि न क्षमते–તારી ઉપર દયા ખાશે નહીં."

અગાઉ કહ્યું તેમ એક તરફ બાણ રાજા હર્ષ સામે આવી ઊભો છે; સ્વસ્તિ શબ્દોચ્ચાર કરે છે; અને બીજી તરફ થોડેક દૂર ઉત્તર દિશામાં એક મહાવત આ શ્લોક ગાય છે. – યુગપત્ બનેલી આ બે ઘટનાઓ ખૂબ મહત્ત્વની છે.* કારણ કે; ટીકાકાર શંકર કહે છે તેમ – अन्यगजपरिचारकस्य स्वजातिसमुचितं वस्तु राज्ञः प्रकृतस्मारकं जातम् । तत्र करिणां स्वभावत एव रागित्वाद् अस्य (=बाणस्य) अपि रागवत्त्वाद् भुजङ्गता स्मृतिः सञ्जातेति ॥ અર્થાત્ કોઈક મહાવતે હાથીને ઉદ્દેશીને જે કહેવું ઉચિત હોય તેવું ઉપદેશવચન (વસ્તુ) કહ્યું; પરંતુ તે રાજા (હર્ષ)ને માટે પ્રકૃત (=પોતાની સામે પ્રસ્તુત/ઉપસ્થિત વ્યક્તિ) બાણનાં ભૂતકાલિક ચાપલ, સ્વભાવાદિનું સ્મારક (=યાદ તાજી કરાવનારી વાક્ય બની રહ્યું ! જો કે હાથીઓ તો સ્વભાવથી જ મદમસ્ત–અડગ હોય છે; પણ આ (બાણમાં પણ તેવી જ

---

* રાજા હર્ષે બાણને 'ભારે ભુજંગ' કહ્યો અને બાણે પોતાનો પરિચય આપીને, સામો પ્રશ્ન કર્યો કે–'મારી કઈ ભુજંગતા છે ?' – એ સંવાદ વાસ્તવમાં થયો હોય, તો બાણ અને હર્ષની પરસ્પરનો સાક્ષાત્કાર કરવાની પ્રથમ ક્ષણે જ, અકસ્માત્ જ ઉપર્યુક્ત શ્લોક–કે તે મતલબનું વાક્ય–ઉચ્ચારાયા હોય –(હશે) કે કેમ ? –એની ઐતિહાસિકતા પણ ગવેષણીય છે. અન્યથા આખ્યાયિકાના એક લક્ષણ તરીકે જો આ અપરવક્ત્રનું–કૃતિમાં ચમત્કૃતિ આણવાં–ગુંથન થયું હોય તો આપણે બાણભટ્ટનો માત્ર કવિ તરીકે (તેમની કન્સ્ટ્રક્ટીવીટીનો) જ મહિમા ગાવાનો થાય. એટલે કે હર્ષ અને બાણ વચ્ચે થયેલા આ પ્રથમ સંવાદની ઐતિહાસિકતા જોખમાય !

"ભુજંગતા"(=લંપટ/જંગલીપણું) રહેલી છે એ સ્મૃતિ જાગી ગઈ ! અને એ (સ્મૃતિ)નું શું પરિણામ આવ્યું તે હવે પછી કવિ વર્ણવે છે. ટીકાકાર શંકરની વાતને જ શબ્દાન્તરે પ્રોફે. પી. વી. કાણે રજૂ કરે છે : This verse contains a veiled rebuke of Bana for his लोलता in his youth, when he was like करिकलभ. The words मृगपति and गुरुः (who teaches or chastises) refer to the king. The verse reminds the king of the presence of बाण, about whose चापल he had heard reports. (p. 299).

सिंहबृंहित॰–સિંહની ગર્જના, नभोभागम्–આકાશના ભાગ–પ્રદેશો–ને न तावद् एनम् अकृतप्रसादः पश्यामि–એણે જ્યાં સુધી મારો પ્રસાદ મેળવ્યો નથી, ત્યાં સુધી એને મળીશ નહીં. (પ્રસાદ=રાજાની પ્રસન્નતા, તેમને મળવા કરવાની અનુકૂળતા) અર્થાત્ "હું જ્યાં સુધી એ (બાણ)ની ઉપર ખૂશ નહીં થાઉં ત્યાં સુધી, એને જોઈશ નહીં." (I shall not see him without showing him favour.) અહીં अकृतप्रसादम् એવું પાઠાન્તર પણ મળે છે. પરંતુ તેનો અર્થ अकृतः प्रसादः यस्मिन् લઈશું તો કોઈ અર્થભેદ ઊભો થવાનો નથી. तिरस्करिणीम् इव–(કશુંક ઢાંકનારી) જવનિકા (પડદાં)ના જેવી. प्रेष्ठस्य=અતિપ્રિય, (પ્રિયનું શ્રેષ્ઠતાદર્શક રૂપ) पृष्ठतः निषण्णस्य–પાછળના ભાગે બેઠેલા मालवराजसूनोः–માલવરાજના પુત્રને (ચતુર્થી અર્થમાં ષષ્ઠીનો પ્રયોગ જણાય છે), अकथयत्–કહ્યું.

હર્ષના દરબારમાં, હર્ષના અતિપ્રિય એવા આ 'માલવરાજના પુત્ર'નું ચોક્કસ નામ બાણે આપ્યું નથી. શ્રી વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે–માલવરાજનો આ પુત્ર સંભવતઃ માધવગુપ્ત હતો. કુમારગુપ્ત અને માધવગુપ્ત એ બે ભાઈઓ માલવરાજપુત્રો હતા. જેમને રાજ્યવર્ધન અને હર્ષવર્ધનના પાર્શ્વવર્તી બનાવીને હર્ષના દરબારમાં મોકલવામાં આવ્યા હતા. (પૃ. ૪૯) આ મુદ્દા વિષે વધારે પ્રકાશ પાડતાં ડૉ. જે. એમ. શુકલ લખે છે કે–મૈત્રકોની જેમ ઉત્તરકાલીન ગુપ્તો અથવા ઉત્તર ગુપ્તો પણ શરૂઆતમાં ગુપ્તોના તાબામાં રહેલા રાજ્યકર્તાઓ હતા. ઉત્કીર્ણ લેખમાં જે આઠ ઉત્તરગુપ્તો (later Guptas) નાં નામો મળે છે, તેમાં એક મહાસેન ગુપ્ત છે... મહાસેનગુપ્તને 'હર્ષચરિત'માં માળવાનો રાજા કહ્યો છે. તેના રાજ્યનો વિસ્તાર માળવાથી માંડીને બંગાળ સુધી હોય તેવો સંભવ છે... મહાસેનગુપ્તના મરણ પછી પરિસ્થિતિ વિકટ બનવાને કારણે તેના બે પુત્રો કુમારગુપ્ત અને માધવગુપ્તે થાણેશ્વરના પ્રભાકરવર્ધનના દરબારમાં આશ્રય લીધો હતો. (ભારતના સાંસ્કૃતિક ઈતિહાસની રૂપરેખા પૃ. ૬૪; અભ્યાસ પુષ્પ–૪. ડિસે. ૬૩).

✸

રાજા હર્ષે 'આ જ તે બાણ છે' એમ પ્રશ્નપૂર્વક જાણીને, પોતાની પાછળ બેઠેલા માલવરાજના પુત્રને ઉદ્દેશીને કહ્યું કે–महान् अयं भुजङ्गः । "આ (બાણ)

ભારે ભુજંગ (જંગલી કે લંપટ) છે.''–રાજદરબારમાં ભારે સન્નાટો વ્યાપી ગયો. માલવરાજના પુત્રને તો (अगमितं नरेन्द्रवचः येन) રાજા શું બોલી ગયા એનો અર્થ જ ના સમજાયો; તથા બીજા રાજાઓનો સમૂહ પણ ચૂપ–સડક–થઈ ગયો. ત્યારે બાણે ધૈર્ય ગુમાવ્યા વિના, સ્વસ્થતાપૂર્વક નીચે મુજબ પોતાનો પરિચય આપવો શરૂ કર્યો : (हे) देव ! –હે રાજા હર્ષ ! नेय इव–(કોઈએ) ચઢાવ્યા હોય તેમ (नेयः = परवशः । સંકેત). અર્થાત્ પરપ્રત્યય–નેયબુદ્ધિ. लोकस्य स्वभावाः प्रवादाः च–લોકોના સ્વભાવો અને લોકમાં ચાલતી અફવાઓ, स्वैरिणः विचित्राः च–સ્વૈરવિહારી (સ્વચ્છંદી) અને વિચિત્ર (અનેક પ્રકારની) હોય છે. तु=પરંતુ, महद्भिः–મહાપુરુષોએ તો, यथार्थदर्शिभिः–યથાર્થનું દર્શન કરનારા થવું જઈએ–જેવું હોય તેવું જ જાણવા પ્રયત્ન કરવો જઈએ–બાણભટ્ટ ગૌરવપૂર્વક કહે છે કે–सोमपायिनां वात्स्यायनानां वंशे जातः–સોમ પીનારા વાત્સ્યાયનોના વંશમાં જન્મેલો, ब्राह्मणः अस्मि ।– હું બ્રાહ્મણ છું. વગેરે. साङ्गो वेदः– છ વેદાંગો (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, જ્યોતિષ, નિરુક્ત અને છન્દોવિચિતિ) સહિતનો વેદ, दारपरिग्रहाद्–પત્નીનું પાણિગ્રહણ કરવાથી આરંભીને, अभ्यागारिकः अस्मि–હું (સદ્)ગૃહસ્થ બની રહ્યો છું. **અથવા**–સમ્યગ્ વૃત્તિ સામો પ્રશ્ન પૂછે છે કે–का मे भुजङ्गता । ''મારામાં કઈ ભુજંગતા (જંગલીપણું કે લંપટતા) છે ?''–આ પ્રશ્નના ત્રણ અર્થો કરવામાં આવે છે : (૧) મારા જીવનમાં એવી કઈ બાબત છે કે જેને ભુજંગ–તા (–જંગલીપણું) કહી શકાય ? ભુજંગ–તા (=લંપટપણું) એ વ્યક્તિમાં રહેલી હોય છે કે જે કામી હોય, લંપટ હોય. (મારામાં તો તે નથી). (૨) અથવા મદન=કામદેવમાં લંપટપણું હોય છે. મારામાં તે નથી. (૩) મારી કઈ ભુજં–ગતા? અર્થાત્ મેં કઈ સ્ત્રીને મારી ભુજા (બાહુઓ)માં આલિંગન આપ્યું છે ? આ જ અર્થોને સ્પષ્ટ કરતાં ટીકાકાર શંકર લખે છે કે–**का मे भुजङ्गतेति।** (i) का मे भुजङ्ग-ता शृङ्गारित्वम् । (ii) कामे = मदने भुजङ्गता ज्ञेया, न मादृशेषु । (iii) न हि मे काचिद् भुजं(=बाहुं) गता प्राप्ता इत्यर्थः ॥

❋

અહીં કોઈને પ્રશ્ન થઈ શકે કે ''दारपरिग्रहाद् (પાંચમી વિભક્તિ) પત્નીના પાણિગ્રહણથી આરંભીને–'' બાણ ગૃહસ્થ બની રહ્યો છે તે સાચું હશે. પરંતુ તે પૂર્વેના તેના રખડુજીવનનાં વર્ષોમાં તો તેની કોઈ ભુજંગ–તા/ભુજં–ગતા હતી કે નહીં ?! તો અત્રે એ યાદ દેવડાવવું જોઈએ કે–બાણના પિતા જીવતા હતા ત્યારે જ તેમણે બાણના ઉપનયનાદિ સંસ્કારો કર્યા પછી 'સમાવર્તન' ક્રિયા પણ કરાવી દીધી હતી. (कृतोपनयनादिक्रियाकलापस्य **समावृत्तस्य*** चास्य चतुर्दशवर्षदेशीयस्य पितापि श्रुतिस्मृतिविहितम् कृत्वा द्विजजनौचितं निखिलं पुण्यजातं कालेनादशमीस्थ एवास्तमगमत्। I.15, પૃ. 76) શ્રી અગ્રવાલે ''સમાવર્તન ક્રિયા લગ્ન પૂર્વે થતી હોય

છે"–એમ (हर्षचरित–एक सांस्कृतिक अध्ययन પૃ. 26) ઉપર જણાવીને એ સ્પષ્ટ કરી આપ્યું છે કે, બાણના પિતાએ તેઓ મરી ગયા તે પહેલાંજ બાણના લગ્ન પણ કરાવી દીધા હતા. આ જોતાં એમ કહેવું જોઈએ કે પિતાના મૃત્યુ પછી બાણ ભલે इत्वरः–રખડુ/આવારા બની ગયો હોય પણ તે પરિભ્રમણનાં વર્ષો દરમ્યાન અનેક....અનેક ક્ષેત્રોના સ્ત્રીમિત્ર સહિતના વિવિધ મિત્રો સાથે હર્યોફર્યો હોવા છતાંય તેની કોઈ ભુજંગ–તા કે ભુજં–ગતા કોઈ નહોતી !

❋

રાજા હર્ષે આ બાણ મારા પ્રસાદને યોગ્ય છે કે નહીં તેની પરીક્ષા કરવા જ જાણે, આંચકો લાગે તેમ આ ભારે ભુજંગ છે એમ વાક્ય ઉચ્ચાર્યું. પરંતુ બાણ તેમની પરીક્ષામાંથી પાર ઊતરે એટલા આત્મગૌરવવાળા, ધીટ, ધીર અને વિદ્વાન છે જ. એટલે તેમણે भुजङ्ग શબ્દને જ, का मे भुजङ्–गता એમ વિશેષભંગી સાથે ઉચ્ચારીને પ્રશ્ન રૂપે રાજાને પાછો આપ્યો; અને રાજાની આંતરિક પ્રીતિ જીતી લીધી ! આમ બાણભટ્ટે જે પોતાનો વાગ્વિશેષ એક જ પ્રશ્નમાં છતો કરી દીધો તે સાહિત્યજગત્માં અમર અને સુપ્રસિદ્ધ બની ગયો છે.

❋

अनपलापः–निरपह्नवः। છુપાવવાપણું.. विप्रतीसारः=પશ્ચાત્તાપ. सुगतः= બુદ્ધ. समवर्ती:=યમરાજ. अविशङ्कः–શંકા વિનાનો, ડર્યા વગરનો. सर्वव्यसनैबन्धोः अविनयस्य–બધા જ વ્યસનો (કુટેવો)ના બન્ધુ સમા અવિનયનો, मनसा अपि–મનથી પણ, अभिनयं कल्पयिष्यति–(ખરેખર વર્તન તો નહીં જ,) પણ અભિનય કરવાનું ય કોણ વિચારે ? –સાહસ કરે ? – Even the *acting* of improper conduct is impossible; much more actual performance. (Kane) आसतां च तावन् मानुष्यकोपेताः । મનુષ્યોના સમૂહ (જાતિ)ની વાત તો જવા દો, त्वत् प्रभावात्–તમારા (હર્ષના) પ્રભાવથી તો, अलयः अपि–ભ્રમરાઓ પણ, भीता इव मधु पिबन्ति–જાણે ડરતાં ડરતાં મધ–પાન કરે છે. रथाङ्गनामा–ચક્રવાક પક્ષી, अभ्यनुवृत्ति–व्यसनैः–(પ્રિયાનું વારંવાર) અનુસરણ કરવાની ટેવોથી, અથવા પ્રિયા તરફની અતિ આસક્તિ રાખવાની ટેવોથી, शरारवः– હિંસ્ર પ્રાણીઓ. श्वापदगणाः–(જંગલી) પ્રાણીઓના સમૂહ पिशितानि–માંસના લોચાઓ अनापाचीन–અવિપરીત=જેવી હોય તેવી યથાર્થ. तूष्णीम्–મૌન (અવ્યય).

રાજાએ પણ એવો જ પ્રત્યુત્તર આપ્યો કે–एवम् अस्माभिः श्रुतम्– 'અમે પણ એવું જ સાંભળ્યું છે.' 'પરંતુ સંભાષણ, આસન, ધન વગેરેથી एनम्=बाणम्–આ બાણને प्रसादेन–કૃપા/પ્રસાદથી, न अन्वग्रहीत्–અનુગૃહીત ના કર્યો. કેવળ, अमृतवृष्टिभिः

---

* गुरुणानुमतः स्नात्वा समावृत्तो यथाविधि ।
उद्वहेत्त द्विजो भार्यां सवर्णां लक्षणान्वितताम् ॥ (મનુસ્મૃતિ III-4).

स्नपयन् इव–અમૃતની વૃષ્ટિ વડે જાણે કે સ્નાન કરાવતા હોય તેમ, अन्तर्गतां प्रीतिम् अकथयत्–આંતરિક પ્રીતિ કહી–સૂચવી. अस्ताभिलाषिणि च लम्बमाने सवितरि । (સતિ સપ્તમી) અસ્તાચળ (પર્વત) તરફ જવાની અભિલાષાવાળો સૂર્ય (પશ્ચિમ તરફ) લટકવા લાગ્યો ત્યારે. विसर्जितराजलोकः–જેણે રાજાઓના સમૂહને વિસર્જિત કરી દીધો છે તેવા = હર્ષ (બહુવ્રીહિ). अभ्यन्तरं प्राविशत् । નિવાસસ્થાનમાં, અથવા અન્તઃપુરમાં પ્રવેશ્યા.

2.8

बाणोऽपि निर्गत्य धौतारकूट.... निर्वाति वासरे (सति)...जगति प्रदीपप्रकरे निवासस्थानम् अगात् । अकरोच्च चेतसि–.... परां कोटिम् आनीयत नरेन्द्रेणेति ॥

આ ગદ્યખંડમાં–બાણને દર્શન આપ્યા પછી, રાજદરબાર વિખેરી નાખીને રાજા હર્ષ પોતાના મહેલમાં પાછા ફર્યા. પછી બાણ પણ પોતાના નિવાસસ્થાનમાં (=ઉતારાના સ્થળે) ગયો તેનું કથન છે. બાણ જ્યારે પોતાના નિવાસસ્થાને પાછો ફર્યો ત્યારે સંધ્યા થઈ ગઈ હતી.

આથી બાણભટ્ટનું કવિચિત્ત એ શહેરની–રાજમહેલની–આસપાસના સંધ્યા-સમયની શોભાને વર્ણવવાનો મોહ જતો કરી શકતું નથી. અગાઉ 1.6માં પણ આ કવિએ સરસ્વતીને શાપ મળ્યા પછી, દેવોની સભા વિખરાયા પછીની સંધ્યાનું વર્ણન કર્યું જ છે. તેના કરતાં આ સંધ્યાવર્ણન જુદું છે. આમ, કવિએ આપણને પહેલાં કુદરતમાં ફેલાયેલી સંધ્યાને બતાવી છે; હવે અહીં (બીજા ઉચ્છ્‌વાસના અંતે) શહેરી વાતાવરણમાં (પરિસરમાં) સંધ્યા, અને તેના પ્રભાવ નીચે થતી શહેરી પ્રવૃતિઓને બતાવવાનો સફળ પ્રયાસ કર્યો છે.

સંધ્યાવર્ણન કર્યા પછી, પોતાને (બાણને) રાત્રે સૂતા સૂતા જે વિચારો આવ્યા તેની નોંધ છે. તથા પ્રથમ મુલાકાત પછી ટૂંક સમયમાં જ રાજાની કૃપાથી જન્મેલા માન, પ્રેમ, વિશ્વાસ, ધન, પરિહાસ આદિની પરાકાષ્ઠાએ તે (બાણ) પહોંચી ગયા–એની નોંધ સાથે 'રાજદર્શન' નામનો દ્વિતીય ઉચ્છ્‌વાસ પૂરો કરે છે.

❋

बाणोऽपि निर्गत्य धौतारकूट कोमलातपत्विषि निर्वाति वासरे....अस्ताचलकूटकिरीटे... निवासस्थानम् अगात् । આ લાંબા વાક્યની અન્વિતિ સ્પષ્ટ કરતાં ટીકાકાર શંકર લખે છે કે–बाणोऽपि अस्मिन् सति निवासस्थानम् अगाद् इति सम्बन्धः । (સંકેત). ''બાણ પણ (ભુક્તાસ્થાનમંડપમાંથી) નિકળીને '....આવો આવો સંધ્યાસમય થયો **ત્યારે**' (સતિ સપ્તમીનાં પદો) પોતાના ઉતારાના સ્થળે ગયો.'' અહીં धौतारकूटनो વિગ્રહ આ પ્રમાણે છે : धौतः आरकूटः (પિત્તળ), तस्य इव कोमला आतपत्विट् यस्मिन् । આ પદ वासरे નું વિશેષણ છે. निर्वातिशाम्यति । कूट–શિખર, किरीट–મુકુટ. निचुल–વેતસ (નેતરનું) વૃક્ષ मरीचिमति–કિરણોવાળા–સૂર્ય. (मरीचिमालिनि

એવું પાઠાન્તર પણ છે. તેનો અર્થ કિરણો રૂપી માળાવાળા–સૂર્ય.) रोमन्थः– વાગોળવું. भुक्तोद्गीर्णाहारचर्वणं रोमन्थः (सङ्केतः) । म्रदिष्ठ–मृदुतमम् । गोष्ठीनम्– ગાયો બાંધવાનું સ્થળ=ગમાણ. उक्तं च– "गोष्ठं गोस्थानकं तत्तु गोष्ठीनं भूतपूर्वकम्" इति । (સંકેત). અહીં પાણિનિના गोष्ठात् खञ भूतपूर्वे । ૫-૨-૧૮ સૂત્રથી गोष्ठीन શબ્દની સિદ્ધિ થાય છે. कोक–ચક્રવાક પક્ષી. तरङ्गिणी–ચકલી, वासविटपेषु–માળાવાળા વૃક્ષો ઉપર वाचाट–વાચાળ, चटक–ચકલી, चक्रवाल–સમૂહ आलवालम्–ક્યારો. सेकजलकूटेषु–સિંચન માટેના જળકુંભો आवर्जितेषु (सत्सु)–ઠાલવવામાં આવતા હતા (ત્યારે). निष्कुटेषु=स्वगृहारामाः–પોતાના ઘરની આજુબાજુના બગીચાઓમાં/બગીચાઓ તેવા બન્યા ત્યારે. तर्णक–નાનાં વાછરડાં. धातु–ગૈરિક (–લાલ ચોક) જે પર્વતો ઉપર ઉપસી આવેલ હોય છે, અને પાણીની સાથે ઓગળીને વહી આવે છે. धुनी–નદી.

सन्ध्यासिन्धुयानपात्रे पातङ्गे मण्डले । આ બીજા ઉચ્છ્વાસની છેલ્લી સુન્દર ઉત્પ્રેક્ષાનું ઉદાહરણ છે. સન્ધ્યા(કાળ)રૂપી સમુદ્રમાં તરતું વહાણ હોય (यानापात्र= જહાજ, વહાણ, નૌકા) તેવું સૂર્યમંડળ=સૂર્યબિંબ, लोहितायमानमर्हसि मज्जति–લાલ લાલ થઈ રહેલા. (महसि=) પ્રકાશમાં (જાણે), ડૂબવા લાગ્યો ત્યારે આવી જ એક સુન્દર ઉત્પ્રેક્ષા (1.11) ઉપર જોવા મળે છે : मन्दं मन्दं मन्दाकिनीहंस इव समुत्सर्पति शशिनि गगनतलम् । "પેલો મન્દાકિનીનો (–નદીમાં તરતો) હંસ હોય તેવો ચન્દ્રમા હળવે હળવે ગગનતલમાં સરકી રહ્યો હતો ત્યારે.") शयः–હાથ. चैत्य–દેવમંદિર वषट्कुर्वन्ति–'વષટ્' એ દેવોને આહુતિ આપતી વખતે બોલવામાં આવતો એક અવ્યય છે. જેમકે, इन्द्राय वषट् । ટીકાકાર શંકર કહે છે કે वषडिति दानक्रियासु मौचनमन्त्रः वषट् कुर्वन्ति । जुह्वतीत्यर्थः । (સંકેત). પ્રો. કાણે લખે છે કે वषट्कृ to offer (an oblation) with the cry वषट्. वषट् is an exclamation on offering an oblation (the name of the deity being put in the dative). यायजूकः–अत्यर्थं यजनशीलः । (સંકેત). વારંવાર/ખૂબ યજ્ઞો કરનાર. यजजपदशां यङः । पा. सू. ३-२-१६६ સૂત્રથી यज् ધાતુને પૌનઃપુન્યાર્થક यङ् પ્રત્યય લાગીને यायजूकः શબ્દને સિદ્ધ કરવામાં આવે છે. निद्राविद्राण=હજુ સુધી નહીં સૂતેલા, द्रोणकुल–કાગડાઓનો સમૂહ, कलिल=આકુલ (કોલાહલ કરતા) (જેમાં હતાં) कुलायेषु તેવા માળાઓ હતા (ત્યારે); कुलायो नीडमस्त्रियाम् । कापेयं–चापलम्, आराम–तरुषु આવા ઉદ્યાનોમાંના વૃક્ષો હતાં (ત્યારે), तरुकोटर–વૃક્ષોની બખોલ, कुटी–(રૂપી) કુટિર. कौशिककुल–ઘુવડોના સમૂહ, वन्तुरयति–(કરવત જેવા) ખાંચાઓવાળો બન્યો (ત્યારે). स्थवीयसि– સ્થૂલતર, तारकानि–निकुरम्ब–તારાઓનો સમૂહ, शर्वरी–शबरी–शिखण्डे–રાત્રિરૂપી ભીલડીનો ચોટલો अम्बराश्रयिणि–આકાશ (અથવા વસ્ત્ર–સાડી)નું આશ્રયણ લઈ

રહ્યો હતો (ત્યારે), खण्डपरशु–શંકર, अरर–सम्पुट–કબાટ/દરવાજાની બે કમાડો. संक्रीडन–અવાજ आवृत्तिः–સ્થગિત થઈ જવું. गोपुरम्–નગરનો દરવાજો–પ્રવેશદ્વાર. उपजोषः–સુખ અથવા મૂંગા થવું जरतीकथितकथे–ઘરની ઘરડી સ્ત્રીઓ (=દાદીમાઓ) સૂતા બાળકોને કથાઓ–વાર્તાઓ–કહી રહી હતી (ત્યારે), शिसयिषमाणे–सुषुप्सति સૂઈ રહ્યા હતા (ત્યારે); जरन्महिष–ઘરડો પાડો मषी–(કાળી) શાહી, पुण्यजन–यक्ष, तमी–રાત્રી. शरनिकरम्–બાણોનો સમૂહ अशेष-संसार–शेमुषी–मुषि–અખિલ સંસારની શેમુષી–બુદ્ધિને ચોરી લેનાર, आकल्पः–વેશ शम्भली–कुट्टनी–વેશ્યા, भुजिष्या–દાસી. सैरन्ध्री–प्रसाधनोपचारज्ञा–સુશોભનના ઉપાયો જાણનારી સ્ત્રી, શણગાર કરી આપનારી દાસી. जनी–યુવતી, वशिक–विशिखा–શૂન્ય શેરીઓ, अनन्यजः–કામદેવ अनुप्लसवः सहायः । = સાથીદાર, अभिसारिका–પ્રિયતમને સંકેત સ્થળે/સમયે મળવા જતી નાયિકા कान्तार्थिनी तु या याति संकेतं साऽभिसारिका। (સંકેત). वरटा–હંસી (માદા હંસ), वेशन्त–પલ્લવ, ખાબોચિયું. मञ्जीरं–નુપુર (ઝાંઝર), भाविवासर–આગામી દિવસ. प्रदीपप्रकर–દીવાઓનો સમૂહ.

❁

अतिदक्षिणः खलु देवः–દેવ ખરેખર ખૂબ દક્ષિણ–ભલા–છે/ઉદાર છે. दक्षिणोऽनुकूलः । (સંકેત). कौलीन–જનાપવાદ. अक्षिगतः–જેને માટે ગુજરાતીમાં ‘આંખે ચઢી ગયેલો’ એવો રૂઢ પ્રયોગ છે. भर्तव्यः–જેનું ભરણપોષણ કરવું પડે તે (=સેવકજન). अपरेद्युः–બીજે દિવસે. प्रसादजन्मनः (=प्रसादात् जन्म यस्य)–(રાજાના) પ્રસાદમાંથી જન્મેલા, द्रविणस्य–ધનના, नर्मणः–परिहासस्य–મજાક મશ્કરીની, परां कोटिम्–પરાકાષ્ઠાએ आनीयत नरेन्द्रेण–રાજા વડે પહોંચાડી દેવાયો.

અગાઉ જણાવ્યું છે તેમ, બાણે ‘હર્ષચરિત’માં ચારેકવાર સન્ધ્યાનું વર્ણન કર્યું છે. ક્યારેક ખુલ્લી પ્રકૃતિમાં ફેલાયેલી સંધ્યાને વર્ણવી છે, તો ક્યારેક શહેરમાં ઊતરેલી સંધ્યાનું વર્ણન કર્યું છે. સંધ્યા–સમયનાં દશ્યો, પ્રભાવ અને તેમાં પશુ–પંખી કે મનુષ્યોની પ્રતિક્રિયાઓ કેવી કેવી હોય છે તેનું બહુ રોચક વર્ણન અહીં રજૂ થાય છે.

બીજા ઉચ્છ્વાસના અન્તે જે સંધ્યાનું વર્ણન છે તેમાં–એક તરફથી મરીચિમાન્–સૂર્ય–આકાશને છોડી રહ્યા છે, મૃગલાં વનસ્થલીઓ ઉપર વાગોળી રહ્યા છે, ચક્રવાક પક્ષીઓ નદીતટ ઉપર શોકાતુર બની કૂજન કરી રહ્યાં છે, વૃક્ષોના માળાઓમાં ચકલાં કલરવ કરી રહ્યા છે. દિવસે ઘાસચારા માટે ફરીને સાંજ સમયે ગોધણ ગામમાં પાછું ફરી રહ્યું છે. લાલ સાંધ્ય રંગરૂપી સમુદ્રમાં સૂર્યબિંબ રૂપી વહાણ ડૂબવા લાગ્યું (!), (સરખાવોઃ 1.11; પૃ. 218, 219ની છેલ્લી બે પંક્તિઓ). ઋષિમુનિઓ કમંડલુજલથી હાથપગ ધોઈ રહ્યા છે, પારાશરિઓ દેવમંદિરોમાં દર્શન કરી રહ્યા છે, યાજ્ઞિકો અગ્નિમાં વષટ્કારપૂર્વક આહુતિ આપી રહ્યા છે. વૃક્ષો ઉપર

હજુ કાગડા ઊંઘ્યા નથી અને અવાજ કરી રહ્યા છે, વાનરો શાન્ત પડી રહ્યા છે, ઘુવડો બહાર નીકળવા તત્પર બન્યાં છે, આકાશ તારકાંકિત થવા લાગ્યું છે, રાત્રિ રૂપી ભીલડીનો કાળો ચોટલો (અંધકાર) આકાશનું અવલંબન કરવા લાગ્યો છે, (અર્થાત્ અંધકાર ઊતરી રહ્યો છે), દીવાઓ ઝળહળવા લાગ્યા છે, નગરદ્વારના દરવાજા ભીડાવા લાગ્યા છે, બાળકોને તેમની દાદીમાઓ વાર્તાઓ કહીને સુવાડી રહી છે, કામદેવનું સામ્રાજ્ય ફેલાવા લાગ્યું છે, દાસીજનો કુટ્ટનીના ઉપદેશાનુસાર શરીરસુશોભન કરી રહ્યા છે, યુવતિઓને તેમની સૈરન્ધ્રીઓએ રણકતી કટિમેખલા બાંધી આપી રહી છે. સૂની પડેલી શેરીઓમાં કામદેવ જ જેમનો એકમાત્ર સાથીદાર છે એવી અભિસારિકાઓ પ્રિયતમને મળવા ચાલી નીકળી છે, તથા બીજા દિવસ (આવતીકાલના)ના પ્રભાતના બીજાંકુરો ફુટ્યા હોય તેવા દીવાઓ શહેરમાં ટમટમવા લાગ્યા!–આમ બહુ ઝીણી અને રસપ્રદ વિગતોભર્યું આ સન્ધ્યાવર્ણન છે.

બીજા ઉચ્છ્વાસના આરંભે આપણે જોયું છે કે બાણ હર્ષને મળવા માટે ભયંકર તાપવાળા ઉનાળા–ગ્રીષ્મઋતુ–માં જ રોકાયો હતો. ત્યાર પછી છેક (ચોમાસું વીત્યા પછી) શરદ્ ઋતુનો આરંભ થયો ત્યારે તે બાણ પોતાના બ્રાહ્મણાધિવાસ ગામમાં પાછો ફરે છે : शरत्समयारम्भे राज्ञः समीपाद् बाणो बन्धून् द्रष्टुम्, पुनरपि तम् ब्राह्मणाधिवासम् अगात् । ‘શરદ્ ઋતુનો આરંભ થયો ત્યારે રાજાની પાસેથી બાણ (પોતાના) સ્વજનોને મળવા માટે ફરી પાછો બ્રાહ્મણાધિવાસમાં ગયો.’ આ શરદ્ ઋતુના વર્ણનથી હવે પછી ત્રીજા ઉચ્છ્વાસનો આરંભ થાય છે.

આ પ્રમાણે મહાકવિ બાણભટ્ટ વિરચિત ‘હર્ષચરિત’માં “રાજદર્શન” નામનો દ્વિતીય ઉચ્છ્વાસ પૂરો થયો.

॥ शुभं भूयात् ॥

ग्रन्थसूचि

1. श्री हर्षचरितमहाकाव्यम् । (With संकेतटीका); Edited by A.A. Führer, Bombay Sanskrit & Prakrit Series No. LXVI, Bombay, A. D. 1909.
2. *The Harshacarita of Bana Bhatta* Edited by Prof. P. V. Kane, Motilal Banarsidass, Delhi, reprint: 1986.
3. हर्षचरितम् । श्रीशङ्करकविरचित 'संकेत' व्याख्यासहितम् । हिन्दी अनुवादक पं. श्री जगन्नाथ पाठक । चौखम्बा विद्याभवन, वाराणसी, पञ्चमं संस्करणम् 1986.
4. *The Kadambari*, Ed. by Kashinath Pandurang Parab, Nag Publishers, Delhi, 1985.
5. बाणभट्ट । (संस्कृत कवि आकलनमाला) ले॰ विजयलक्ष्मी त्रिवेदी, "ग्रन्थम्" कानपुर, 1986.
6. बाणभट्ट की कृतियों में वनस्पति । ले॰ डॉ. हितेष सिंह, त्रिसिंह पब्लिकेशन, अलीगढ़, 1987.
7. हर्षचरित—एक सांस्कृतिक अध्ययन। ले॰ श्री वासुदेवशरण अग्रवाल, बिहार राष्ट्रभाषा परिषद्, पटना, 1953.
8. *Alamkaras in the works of Bana-bhatta;* Dr. (Mrs) Rajakumari Trikha, Parimal Publications, Delhi, 1982.
9. *Bana* : by R. D. Karmarkar, Karnataka University, Dharwar, 1964.
10. *The Deeds of Harsha,* by Prof. Vasudeva S. Agrawala, Prithivi Prakashan, Varanasi, 1969.
11. *The Harsa-carita of Bana;* Translation in English by E. B. Cowell & F. W. Thomas, Motilal Banarasidass, Delhi, 1961.
12. શ્રીમદ્ બાણભટ્ટ વિરચિત **કાદમ્બરી**નું સટીક ગુજરાતી ભાષાન્તર, પંડ્યા છગનલાલ હરિલાલ, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, આવૃત્તિ ત્રીજી; ૧૮૯૪.
13. **પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ**, પ્રા. અમૃત મ. ઉપાધ્યાય, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ–૧૯૭૬.
14. **પ્રાચીન–સાહિત્ય** : લેખક–રવીન્દ્રનાથ ઠાકુર, અનુવાદકો : મહાદેવ હ. દેસાઈ, અને નરહરિ દ્વા. પરીખ, ગૂજરાત વિદ્યાપીઠ, ૧૯૭૬.
15. **ગુપ્તકાલીન ભારત**, લે. આર. જી. મજુમદાર, યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, અમદાવાદ–૧૯૭૪.
16. **શ્રી હર્ષચરિતમ્**, સંપાદક અને ટીકાકાર જીવાનન્દ વિદ્યાસાગર ભટ્ટાચાર્ય ચતુર્થ સંસ્કરણ, કલકત્તા, ૧૯૩૯.
17. **ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ** લે. પ્રોફે. ડૉ. તપસ્વી નાન્દી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, દ્વિતીયાવૃત્તિ : ૧૯૮૪.

Article :

18. Bana's account of Rajyasri's Rescue by Harsa in the Vindhyatavi by S. V. Sohoni, (pp. 195–217) Annals of BORI, Poona, 1986.

પરિશિષ્ટ–૧

કથા અને આખ્યાયિકાનાં લક્ષણો

1. भामहः (700-800 A. D.)

प्रकृतानुकूलश्रव्यशब्दार्थपदावृत्तिना ।
गद्येन युक्तोदात्तार्था सोच्छ्वासाख्यायिका मता ॥
वृत्तमाख्यायते तस्यां नायकेन स्वचेष्टितम् ।
वक्त्रं चापरवक्त्रं च काले भाव्यर्थशंसि च ॥
कवेरभिप्रायकृतैरङ्कनैः कैश्चिदङ्कितम् ।
कन्याहरणसंग्रामविप्रलम्भोदयान्विता ॥
न वक्त्रापरवक्त्राभ्यां युक्ता नोच्छ्वासवत्यपि ।
संस्कृतं संस्कृता चेष्टा कथाऽपभ्रंशभाक् तथा ॥
अन्यैः स्वचरितं तस्यां नायकेन तु नोच्यते ।
स्वगुणाविष्कृतिं कुर्यादभिजातः कथं जनः ॥
अनिबन्धं पुनर्गाथा श्लोकमात्रादि तत्पुनः ।
युक्तं वक्रस्यभावोक्त्या सर्वमेवैतदिष्यते ॥

- काव्यालङ्कारः (१२५-३०)

2. दण्डिन् (750 A.D.)

अपादः पदसन्तानो गद्यमाख्यायिकाकथे ।
इति तस्य प्रभेदौ द्वौ तयोराख्यायिका किल ॥
नायकेनैव वाच्याऽन्या नायकेनेतरेण वा ॥
स्वगुणाविष्क्रियादोषो नात्र भूतार्थशंसिनः ॥
अपि त्वनियमो दृष्टस्तत्राप्यन्यैरुदीरणात् ।
वक्त्रं चापरवक्त्रं च सोच्छ्वासत्वं च भेदकम् ॥

चिह्नमाख्यायिकायाश्चेत् प्रसङ्गेन कथास्वपि ॥
आर्यादिवत्प्रवेशः किं न वक्त्रापरवक्त्रयोः ।
भेदश्च दृष्टो लम्भादिरुच्छ्वासो वाऽस्तु किं ततः ॥
सत्कथाख्यायिकेत्येका जातिः संज्ञाद्वयाङ्किता ।
अत्रैवान्तर्भविष्यन्ति शेषाश्चाख्यानजातयः ॥
कन्याहरणसंग्रामविप्रलम्भोदयादयः ।
सर्गबन्धसमा एव नैते वैशेषिका गुणाः ॥
कविभावकृतं चिह्नम् अन्यत्रापि न दुष्यति ।
मुखमिष्टार्थसंसिद्धौ किं हि न स्यात्कृतात्मनाम् ॥

-काव्यादर्शः (२ : २३-३०)

3 रुद्रटः (825-900 A.D.)

श्लोकैर्महाकथायामिष्टान् देवान् गुरून् नमस्कृत्य ।
संक्षेपेण निजं कुलमभिदध्यात् स्वं च कर्तृतया ।
सानुप्रासेन ततो भूयोलघ्वक्षरेण गद्येन ।
रचयेत् कथाशरीरं पुनरेव पुखर्णकप्रभृतीन् ॥
आदौ कथान्तरं वा तस्यां न्यस्येत् प्रपञ्चितं सम्यक् ।
लघु तावत्संधानं प्रकान्तकथावतराय ॥
कन्यालाभफलां वा सम्यग्विन्यस्तसकलशृङ्गाराम् ।
इति संस्कृतेन कुर्यात् कथामगद्येन चान्येन ॥
पूर्वदेवनमस्कृतदेवगुरु नोंत्सहेत् स्थितेष्वेषु ।
काव्यं कर्तुमिति कवीन् शंसेदाख्यायिकायां तु ॥
तदनु नृपे वा भक्तिं परगुणसंकीर्तनेऽथवा व्यसनम् ।
अन्यद्वा तत्करणे कारणमक्लिष्टमभिदध्यात् ॥
अथ तेन कथैव कथा रचनीयाख्यायिकाऽपि गद्येन ।
निजवंश स्वं चास्यामभिदध्यान्न त्वगद्येन ॥
कुर्यादत्रोच्छ्वासान् सर्गवदेषां मुखेष्वनाद्यानाम् ।
द्वे द्वे चार्ये सुश्लिष्टे सामान्यार्थे तदर्थाय ॥

—काव्यालङ्कारः । (१६ : २०—३०)

4. अग्निपुराणम् :

कर्तृत्ववंशप्रशंसा स्याद्यत्र गद्येन विस्तरात् ।
कन्याहरणसंग्रामविप्रलम्भविपत्तयः ॥
भवन्ति यत्र दीसाश्च रीतिवृत्तिप्रवृत्तयः ।

उच्छ्वासैश्च परिच्छ्छेदो यत्र सा चूर्णिकोत्तरा ।
वक्त्रं चापरवक्त्रं वा यत्र साऽऽख्यायिका मता ॥
श्लोकैः स्ववंशं संक्षेपात्कविर्यत्र प्रशंसति ॥
मुख्यार्थस्यावतराय भवेद्यत्र कथान्तरम् ।
परिच्छेदो न यत्र स्याद्भवेद्वा लम्बकैः क्वचित् ॥
सा कथा..........(मता) ॥

5. (a) आनन्दवर्धनः (900 A. D.)

आख्यायिकायां तु भूम्ना मध्यमसमासाद् दीर्घसमासे एव संघटने । गद्यस्य विकटनिबन्धाश्रयेण च्छायावत्त्वात् । तत्र च तस्य प्रकृष्यमाणत्वात् । कथायां तु विकट—बन्धप्राचुर्येऽपि गद्यस्य रसबन्धोक्तमौचित्यमनुसर्तव्यम् ।.....गद्यबन्धेऽपि अतिदीर्घसमासा रचना न विप्रलम्भ—शृङ्गारकरुणयोराख्यायिकायामपि शोभते ।

—ध्वन्यालोकः (तृतीयोद्द्योतः का॰-8)

(b) अभिनवगुप्तः (1000-1100 A.D.)

आख्यायिकोच्छ्वासादिना वक्त्रापरवक्त्रादिना च युक्ता । कथा तद्विरहिता ॥

-लोचनः (तत्रैव)

6. विश्वनाथः

कथायां सरसं वस्तु गद्यैरेव विनिर्मितम् ।
क्वचिदत्र भवेदार्या क्वचिद्वक्त्रापरवक्त्रके ॥
आदौ पद्यैर्नमस्कारः खलादेर्वृत्तकीर्तनम् ।
आख्यायिका कथावत्स्यात् कवेर्वंशादिकीर्तनम् ॥
असामान्यं कवीनां च वृत्तं गद्यं क्वचित्क्वचित् ।
कथा हि सर्वभाषाभिः संस्कृतेन च बध्यते ।
कथांशानां व्यवच्छेद आश्वास इति बध्यते ॥
आर्यावक्त्रापरवक्त्राणां छन्दसा येन केनचित् ॥
अन्यापदेशेनाश्वासमुखे भाव्यर्थसूचनम् ॥

—साहित्यदर्पणम् (6-330)

7. बाणभट्टः (640-700 A.D.)

सुखप्रबोधललिता सुवर्णघटनोज्ज्वलैः ।
शब्दैराख्यायिका भाति शय्येव प्रतिपादकैः ॥

हर्षचरितम् (प्रास्ताविकश्लोक—20)

स्फुरत्कलालापविलासकोमला करोति रागं हृदि कौतुकाधिकम् ।
रसेन शय्यां स्वयमभ्युपगता **कथा** जनस्याभिनवा वधूरिव ॥

—कादम्बरी (प्रास्ताविकश्लोक—८)

8. श्री शङ्करकविः

आख्यायिकासु कविभिर्निजवंशवर्णनम् ।
कानने तथा वंशः ख्यापितः स्यात् ॥

—सङ्केतटीकायाम् (1.15 इत्यत्र)

9. अमरसिंहः (414 A.D. to 642 A.D.)

आख्यायिकोपलब्धार्था, प्रबन्धकल्पना कथा ॥

अमरकोशः (1 : 321, 322)

10. અલંકારસંગ્રહ

गद्यं तु कथितं द्वेधा, कथेत्याख्यायिकेति च ।
कथाकल्पितवृत्तान्ता सत्यार्थाख्यायिका मता ॥

●●●

પરિશિષ્ટ–૨

હર્ષચરિતના ટીકાકારો

(૧) હર્ષચરિત ઉપર સંકેત નામની પ્રાપ્ત થાય છે. આ ટીકાના કર્તા શંકરકવિ છે. તેમણે ઉદ્‌ભટ અને ધ્વન્યાલોક રાજશેખરનો ઉલ્લેખ કર્યો છે. તેને આધારે એમ જણાય છે કે તેમનો સમય ૯મી સદી પછી અને ૧૨મી સદીની પહેલાંનો હશે. મમ્મટ કે રુય્યક જેવા ઉત્તરવર્તી આલંકારિકોને ઉદ્‌ધૃત કરવાને બદલે કાશ્મીર પરંપરાના ભામહ, ઉદ્‌ભટ જેવા પ્રાચીનોને તે ઉલ્લેખે છે; આથી સંભવતઃ તેઓ ૧૨મી સદી પહેલાં થયા હશે.

'સંકેત' ટીકામાં કેચિત્, અપરે વગેરેથી અનેક પ્રાચીન ટીકાઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તથા 'હર્ષચરિત'ના અંતે 'સંકેત'માં જણાવ્યું છે કે આ ટીકા પ્રાચીન પરંપરા–'સંપ્રદાય'–ને અનુસરીને લખવામાં આવી છે. પરંતુ આજે તે પ્રાચીન ટીકાઓમાંથી કેવળ 'સંકેત'ની જ પ્રાપ્તિ થાય છે.

(૨) મહિમભટ્ટના 'વ્યક્તિવિવેક' ઉપર ટીકા લખનાર (સંભવતઃ) રુય્યક જણાવે છે કે–एतदस्माभिः **हर्षचरितवार्तिके** विस्तृत्य प्रतिपादितं, ततः एवावसेयम् । આથી સૂચવાય છે કે રુય્યકે હર્ષચરિત ઉપર વાર્તિકો લખ્યાં હશે. પણ દુર્ભાગ્યે તે હજુ સુધી ઉપલબ્ધ થયાં નથી. રુય્યકના 'અલંકાર સર્વસ્વ'માંથી એક ચર્ચા આ પ્રમાણે પ્રાપ્ત થાય છે : निर्मोकमुक्तिमिव गगनोरगस्य (1.8, પૃ. 114 - 115 અને અભ્યાસનોંધ) એવા હર્ષચરિતના એક વાક્યને મહિમભટ્ટ ઉપમા રૂપક ગણે છે. પરંતુ રુય્યક કહે છે કે તે વાક્યમાં इवનો પ્રયોગ છે. તેથી તેમાં મારી (રુય્યકની) દૃષ્ટિએ ઉત્પ્રેક્ષા માનવી જોઈએ. (પ્રસ્તુત સંપાદકને આ ચર્ચા વાંચવા મળી તે પૂર્વે આ વાક્યનો અલંકાર સમજવામાં થોડીક દ્વિધા અનુભવાઈ હતી એ ઉક્ત અનુવાદ અને નોંધ જોવાથી સ્પષ્ટ થશે.) જો કે રુય્યકના વાર્તિકો મળી આવે તો વિદ્યાજગત્‌ને કેટલો મહાન્ લાભ થાય તે ઉપરના એક વાક્યની ચર્ચા ઉપરથી જ જોઈ શકાશે. અસ્તુ.

●●●


ઈ.સ. ૬૪૮નું ભારત
ગાંધાર
કનોજ
શ્રી હર્ષનું સા...જ્ય
ચા લુ ક્યો
વલભી
પુલકેશી
ઐહોલ
પૂર્વના
ચા લુ ક્યો
શ્રી પર્વત
મૌખરિરાજ.
ગૌડ
નાલન્દા
કામરૂપ
ક લિં ગ
લંકા